Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

## શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક




પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી

# મોક્ષનો સ્વતંત્ર માર્ગ

## ભાગ – ૨

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

નમઃ સિદ્ધેભ્યઃ

# મોક્ષનો સ્વતંત્ર માર્ગ

## ભાગ – ૨

શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક

ઉપર પૂ. સદ્ગુરૂદેવશ્રી **કાનજીસ્વામી** નાં

૧લા, ૭મા, ૯મા અધિકાર ઉપર થયેલ

અક્ષરશઃ ૧૯ થી ૩૬ પ્રવચનો

શ્રી કુંદકુંદ - કહાન સત્ સાહિત્ય પ્રચાર - બોરીવલી

D - 16/205, યોગી નગર, એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઇ - 400 092

ફોન - 2863 1155 / 93228 90089

E-mail - gnayakforever@gmail.com

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઇ. સ. |
|---|---|---|---|
| ૩૪ | ૨૫૪૦ | ૨૦૭૦ | ૨૦૧૪ |

: પ્રકાશન :

પૂ. ગુરૂદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૫મી પાવન,
મંગલમય જન્મ-જયંતિના સુઅવસરે
સુવર્ણપુરી (સોનગઢ) ક્ષેત્રે
તા. ૧.૫.૨૦૧૪ વૈશાખ સુદ - ૨

પહેલી આવૃત્તિ : ૧૦૦૦ પ્રત

મુલ્ય : ધારાવાહિ સ્વાધ્યાય



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This electronic shastra has been donated in memory of ParamUpkari Gurudev Shree Kanjiswami on his 125th Janma Jayanti (1 May 2014) by Shree Kundkund-Kahan Sat Sahitya Prachar, D-16/205, Yogi Nagar, Eaksar Road, Borivoli (West), Mumbai 400 092 (Phone: 2863 1155/ 9322890089).

Our request to you:

1) This electronic version of MokshNo Svatantrata Marg Part 2 is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version No. | Date | Changes |
| --- | --- | --- |
| 001 | 01 May 2014 | First electronic version |

# Corrigenda

Pravachan numbers 34-36 are actually from 1967 and not 1962. They are incorrectly listed in the contents page.
The correct dates are listed at the start of each of these pravachans.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# "મોક્ષનો સ્વતંત્ર માર્ગ"

## પ્રાપ્તિ સ્થાન

**સોનગઢઃ**
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
સોનગઢ - 364 250
જી. ભાવનગર
ફોનઃ 02846 244334

**મુંબઇઃ**
**કાંદિવલીઃ**
**શ્રી કુંદકુંદકહાન સત્ સાહિત્ય પ્રચાર**
110, સોના શોપીંગ સેંટર,
સિનેમેક્ષ કોમ્પ્લેક્ષ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - 400 067
ફોનઃ 2863 1155 / 9322890089

**પાર્લાઃ**
**શ્રી કવિન્દ્ર ગાલા**
ચોથેમાળે, સિદ્ધિ દીપ,
રુઇયા સ્કુલની સામે,
મહંત રોડ, વિલેપારલે (ઇસ્ટ),
મુંબઇ-400 057
ફોનઃ 2610 2865 / 9892238006

**દાદરઃ**
**શ્રી રમેશભાઇ બુરિચા**
૩૦૧, સનશાઇન હાઇટસ,
જ્ઞાનમંદિર રોડ,
દાદર (વેસ્ટ),
મુંબઇ - 400 028
ફોનઃ 2438 8787 / 9820498454

**ઘાટકોપરઃ**
**શ્રી વિજયભાઇ બોટાદરા,**
B/27, મહાવિર - પ્રકાશ,
વલ્લભબાગ લેન,
ઘાટકોપર (ઇસ્ટ),
મુંબઇ - 400 077
ફોનઃ 2506 8790 / 98191 95353



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

શ્રી મોક્ષમાર્ગપ્રકાશક શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૩૬ પ્રવચનો છે, જે અક્ષરશઃ અહીં છાપવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર, બોરીવલીનુ આ 'મોક્ષનો સ્વતંત્ર માર્ગ' તે દસમું પુસ્તક છે.

આ પુસ્તક પ્રકાશનમાં અજાણતાં કાંઇ ક્ષતિ રહી ગઇ હોય તો તે બદલ અમો ક્ષમા માંગીએ છીએ અને મુમુક્ષુગણ પાસે માર્ગદર્શનની અપેક્ષા પણ રાખીએ છીએ.

અંતમાં આ પુસ્તકનાં સ્વાધ્યાયથી સૌ આત્માર્થીઓ પૂજ્ય આચાર્ય ભગવંત તથા પૂજ્ય ગુરુદેવશ્રીનું હ્રદય સમજીને પોતાના જ્ઞાન - શ્રદ્ધાનમાં અવધારીને ત્વરીત પોતાના ભગવાન આત્માના દર્શન કરી લ્યે તેવી મંગલ ભાવના....

## —: શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચારના પ્રકાશનો :-

૧. સ્વતંત્રતાનો ઢંઢેરો

૨. સ્વતંત્રતાની પરાકાષ્ટા

૩. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧

૪. જ્ઞાનનો સ્વતંત્ર સ્વયંવર

૫. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૨

૬. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧ (સુ. આ.)

૭. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૩

૮. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૪

૯. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૫

આ પુસ્તક http://www.AtmaDharma.com તથા http:/www.vitragvani.com પર ઉપલબ્ધ છે.



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# પ્રકાશકીય નિવેદન

## -દોહરા-

પરમ પદારથ પામવા, મંગલમય જિનવાણ;
વંદું નિજગુણ વૃદ્ધિકર, લહું સદા સુખખાણ.

## ગ્રંથકર્તાનું મંગલાચરણ

મંગલમય મંગલ કરણ, વીતરાગ વિજ્ઞાન,
નમો તેહ જેથી થયા, અરહંતાદિ મહાન;
કરી મંગલ કરૂં છું મહા, ગ્રંથકરણ શુભ કાજ,
જેથી મળે સમાજ સર્વ, પામે નિજપદ રાજ.

આગમ એને કહેવાય જે મોક્ષમાર્ગનો પ્રકાશ કરે. આ અર્થને સાર્થક કરતો આ મોક્ષમાર્ગનો પ્રકાશક ગ્રંથ છે જે આચાર્ય કલ્પ પંડિતપ્રવર શ્રીમાન ટોડરમલજીની અપૂર્વ મૌલિક ઢુંઢારીમાં થયેલ ગદ્યરચના છે. તેમાં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ તેમજ નવતત્ત્વો વિષેની જીવંત ભ્રાંતિ તથા તે તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ બતાવી સત્ સ્વરૂપ મોક્ષમાર્ગનું પ્રકાશન કર્યું છે.

આ ગ્રંથ ઉપર આત્મજ્ઞ સંત પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી એ અત્યંત માર્મિક હૃદયસ્પર્શ સ્પષ્ટીકરણ કરેલ છે. તેમાંથી વર્તમાનમાં ઉપલબ્ધ ઓડિયો પ્રવચનોનાં આ અક્ષરશઃ પ્રવચન છે. આ પ્રવચનોમાં પૂ. ગુરુદેવશ્રીએ મુખ્યત્વે આગમનું સ્વરૂપ, દુઃખ નિવૃત્તિના ઉપાય જીવ-અજીવ સંબંધી ભ્રાંતિ, નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તથા પુરુષાર્થથી જ મોક્ષપ્રાપ્તિ આ વિષયો ઉપર વિશેષ પ્રકાશ પાડ્યો છે.



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

આ ગ્રંથનું પ્રયોજન નીચેનાં સવૈયામાં બતાવ્યું છે કે –

શાશ્વત નિજાત્મ તત્ત્વ યર્થાથ સમજવાને,
મોક્ષમાર્ગ પ્રકાશક શ્રેષ્ઠ સુખદાયી છે;
અનાદિનું દુઃખ જાય આત્મસિદ્ધિ સદ્ય થાય,
આસ્રવ રોકાય ભાવ સંવર વરાય છે.
નમો નમો શુદ્ધ ભાવ સચ્ચિતિ સ્વરૂપ ગુરૂ,
જ્ઞાન-ધ્યાન આત્મ પુષ્ટિ સત્વર કરાય છે;
મંગળ કલ્યાણમાલા સુગંધ વિસ્તાર થાય,
મોહ ભાવ જાય શુદ્ધ સ્વભાવ પમાય છે.

મોક્ષમાર્ગનો પ્રકાશ કરનાર આ ગ્રંથના અધ્યયનથી જગતના સર્વ જીવો પરમશાશ્વત સુખરૂપ નિજ આત્મસિદ્ધિને વરો એજ અભ્યર્થના.

આ પ્રવચનોને પ્રાપ્ત સીડીમાંથી સાંભળી, અક્ષરશઃ લખવાનું તથા વારંવાર ચેક કરવાનું ઉમદા કાર્ય આત્માર્થી બેન શ્રીમતી ડૉ. વસુમતી દિપકભાઇ શાહ, (તારદેવ, મુંબઇ) તરફથી કરવામાં આવ્યું છે, જેનો સંસ્થા અંતઃકરણથી આભાર માને છે.

**શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર,**
**બોરીવલી**

**તા. ૧.૫.૨૦૧૪**
**પૂ. ગુરૂદેવશ્રીની ૧૨૫મી**
**પાવન જન્મ-જયંતિ પ્રસંગે.**
**સોનગઢ**



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભુતકાળના 'રાજેન્દ્ર', વર્તમાનના 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર' એવા

અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com



पंडित टोडरमलजी के स्वयं के हाथ से लिखे
हुए मोक्षमार्ग प्रकाशक का प्रथम पृष्ठ



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# ઉપોદ્‌ઘાત

આ નિકૃષ્ટ કાળમાં સંસ્કૃત-પ્રાકૃત ભાષાજ્ઞાનની અતિશય ન્યૂનતા તથા શ્રી નિર્ગ્રંથ વીતરાગ માર્ગના ગ્રંથોનાં પઠનપાઠનનો કોઇ પ્રકારે અભાવ થઇ રહ્યો હતો, તેવા સમયમાં (વિક્રમની ૧૮મી શતાબ્દિના અંતમાં અને ૧૯મી શતાબ્દિના પ્રારંભમાં ઢુંઢાહડદેશ (રાજસ્થાન)ના સવાઇ જયપુર નગરમાં આ મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથના રચયિતા, નિર્ગ્રંથવીતરાગમાર્ગના પરમ શ્રદ્ધાવાન, સાતિશય બુદ્ધિના ધારક અને વિદ્વજ્જનમનવલ્લભ આચાર્યકલ્પ પંડિતપ્રવર શ્રીટોડરમલજીનો ઉદય થયો હતો. પિતાનું નામ જોગીદાસ અને માતાનું નામ રંભાદેવી હતું. તેમનું ગૃહસ્થજીવન સાધનસંપન્ન હતું.

પં. ટોડરમલજીના શિક્ષાગુરુનું નામ બંશીધરજી હતું. તીવ્ર બુદ્ધિશક્તિના કારણે ટોડરમલજીના શાસ્ત્રપાઠ અને તેના અર્થનું શીઘ્ર અવધારણ કરી લેતા હતા, કુશાગ્ર મેધાને લીધે નાની ઉંમરમાં ને ટૂંકા સમયમાં જૈનસિદ્ધાંત ઉપરાંત વ્યાકરણ, કાવ્ય, છંદ, અલંકાર, કોષ આદિ વિવિધ વિષયોમાં દક્ષતા પ્રાપ્ત કરી લીધી હતી. હિન્દી સાહિત્યના દિગંબર જૈન વિદ્વાનોમાં તેમનું નામ ખાસ ઉલ્લેખનીય છે. હિન્દીના ગદ્યલેખક વિદ્વાનોમાં તેઓ પ્રથમ કોટિના વિદ્વાન ગણાય છે. વિદ્વતાને અનુરૂપ તેમનો સ્વભાવ પણ વિનમ્ર તેમ જ દયાળુ હતો; અને સ્વાભાવિક કોમળતા, સદાચારિતા વગેરે સદ્‌ગુણો

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

તેમના જીવનસહચર હતા. અહંકાર તો તેમને સ્પર્શી શક્યો જ નહોતો. સૌમ્ય મુદ્રા ઉપરથી તેમની આંતરિક ભદ્રતા તેમ જ વાત્સલ્યનો પરિચય સહજપણે પ્રાપ્ત થઇ જતો હતો. તેમની રહેણીકરણી ઘણી જ સાદી હતી. આધ્યાત્મિકતા તો તેમના જીવનમાં ઓતપ્રોત થઇ ગઇ હતી. શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યાદિ મહર્ષિઓના આધ્યાત્મિક ગ્રંથોનો – તેમનાં અધ્યયન, મનન તેમજ પરિશીલનથી–પંડિતજીના જીવન પર ઘણો સારો પ્રભાવ પડ્યો હતો. અધ્યાત્મતત્ત્વની ચર્ચા કરતાં તેઓ આનંદથી ઊછળી જતા હતા અને શ્રોતાગણ પણ તેમની વાણી સાંભળીને ગદગદ થઇ જતો હતો. સંસ્કૃત અને પ્રાકૃત–બંને ભાષાઓના તેઓ તે સમયના અદ્વિતીય તેમ જ સુયોગ્ય વિદ્વાન હતા. તેમનો ક્ષયોપશમ આશ્ચર્યકારી હતો અને તેઓ વસ્તુસ્વરૂપના વિશ્લેષણમાં અતિ દક્ષ હતા. તેમનો આચાર તેમ જ વ્યવહાર વિવેકયુક્ત અને મૃદુ હતો. તેમના દ્વારા રચિત ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર, ત્રિલોકસાર, આત્માનુશાસન અને પુરુષાર્થસિદ્ધ્યુપાય વગેરેની ભાષાટીકાઓ તથા આ મોક્ષમાર્ગપ્રકાશક નામની તેમની સ્વતંત્ર ગ્રંથરચનાનું અવલોકન કરતાં જણાય છે કે તે સમયમાં તેમના જેવા સ્વમત–પરમતના જ્ઞાતા જવલ્લે જ કોઇ હશે.



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

સ્વમત-પરમતના સેંકડો ગ્રંથોના પઠન-પાઠન સાથે તેમનું મર્મસ્પર્શી ઊંડું મનન પણ કર્યું છે. અને એ વાત તેમના રચેલા આ મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથનું મનન કરવાથી અભ્યાસીને સ્વયં લક્ષમાં આવી જાય તેમ છે. ગોમ્મટસાર વગેરે પર તેમણે લખેલા ભાષાટીકાગ્રંથ એટલા ગહન છે કે તેમનો અભ્યાસ માત્ર વિશેષ બુદ્ધિમાન કરી શકે છે; પરંતુ અલ્પ પ્રજ્ઞાવંત જીવો માટે રચેલો તેમનો આ સરળ દેશભાષામય મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથ એવો અદ્ભુત છે કે જેની રહસ્યપૂર્ણ ગંભીરતા અને સંકલનાબદ્ધ વિષયરચનાને જોઇ ભલભલા બુદ્ધિમાનોની બુદ્ધિ પણ આશ્ચર્યચકિત થઇ જાય છે. આ ગ્રંથનું નિષ્પક્ષ-ન્યાય દૃષ્ટિથી ગંભીરપણે અવગાહન કરતાં જણાય છે કે - આ કોઇ સાધારણ ગ્રંથ નથી પરંતુ એક અતિ ઉચ્ચ કોટિનો મહત્ત્વપૂર્ણ અનોખો ગ્રંથરાજ છે અને તેના રચયિતા પણ અનેક આગમોના મર્મજ્ઞ તથા અસાધારણ પ્રતિભાસંપન્ન વિદ્વાન છે. ગ્રંથના વિષયોનું પ્રતિદાન સર્વને હિતકારક છે અને મહાન ગંભીર આશયપૂર્વક થયું છે.

સાતમા અધિકારમાં જૈન મિથ્યાદૃષ્ટિનું સાંગોપાંગ વિવેચન કર્યું છે. તેમાં સર્વથા એકાંત નિશ્ચયાવલંબી જૈનાભાસ તેમ જ સર્વથા એકાંત વ્યવહારાલંબી જૈનાભાસનું યુક્તિપૂર્ણ કથન કરવામાં આવ્યું



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે, જે વાંચતાં જ જૈનદૃષ્ટિનું જે સત્ય સ્વરૂપ તે સામે તરી આવે છે, અને વિપરીત કલ્પના–વસ્તુસ્થિતિને અથવા નિશ્ચય–વ્યવહાર નયોની દૃષ્ટિને નહિ સમજવાથી થઇ હતી તે–નિર્મૂળ થઇ જાય છે. આ મહત્ત્વપૂર્ણ પ્રકરણમાં પંડિતજીએ જૈનોના અભ્યંતર મિથ્યાત્વના નિરસનનું ઘણું રોચક અને સૈદ્ધાંતિક વિવેચન કર્યું છે તથા ઉભય નયોની સાપેક્ષ દૃષ્ટિ સ્પષ્ટ કરીને દેવ–શાસ્ત્ર–ગુરુ સંબંધી ભક્તિની અન્યથા પ્રવૃત્તિનું નિરાકરણ કર્યું છે. અંતમાં સમ્યક્ત્વ સન્મુખ મિથ્યા દૃષ્ટિનું સ્વરૂપ તથા ક્ષયોપશમ, વિશુદ્ધ, દેશના, પ્રાયોગ્ય અને કરણ–એ પાંચ લબ્ધિઓનો નિર્દેશ કરીને આ અધિકાર પૂરો કરવામાં આવ્યો છે.

આ ગ્રંથની ખાસ વિશેષતા એ છે કે તેમાં ગંભીર તેમ જ દુરૂહ ચર્ચાને અતિ સરળ શબ્દોમાં અનેક દૃષ્ટાંત અને યુક્તિઓ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને પોતે જ પ્રશ્ન ઉઠાવીને તેનો માર્મિક ઉત્તર પણ દીધો છે, જેથી અધ્યેતાને પછી કોઇ સંદેહનો અવકાશ રહે નહિ. આ ગ્રંથમાં જે કાંઇ વસ્તુવિવેચન છે તે અનેક વિષયો પર પ્રકાશ પાથરનાર, સુસંબદ્ધ, આશ્ચર્યકારક અને જૈનદર્શનનું માર્મિક રહસ્ય સમજાવવા માટે એક અદ્વિતીય ચાવી સમાન છે, અર્થાત્ આમાં નિર્ગ્રંથ પ્રવચનનાં ઊંડાં માર્મિક રહસ્યો ગ્રંથકારે ઠામઠામ પ્રગટ કર્યાં છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

શ્રીમાન્ પંડિતપ્રવર ટોડરમલજી દિગંબર જૈનધર્મના પ્રભાવક વિશિષ્ટ મહાપુરુષ હતા. તેમણે માત્ર છ મહિનામાં સિદ્ધાન્તકૌમુદી જેવા કઠણ વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો. પોતાની કુશાગ્રબુદ્ધિના પ્રભાવથી તેમણે ષટ્દર્શનના ગ્રંથો, બૌદ્ધ, મુસ્લિમ તેમજ અન્ય અનેક મતમતાન્તરોના ગ્રંથોનું અધ્યયન કર્યું હતું, શ્વેતામ્બર-સ્થાનકવાસીનાં સૂત્રો તથા ગ્રંથોનું પણ અવલોકન કર્યું હતું, તથા દિગંબર જૈન ગ્રંથોમાં શ્રી સમયસાર, પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર, નિયમસાર, ગોમ્મટસાર, તત્ત્વાર્થસૂત્ર, અષ્ટપાહુડ, આત્માનુશાસન, પદ્મનંદિપંચવિંસતિકા, શ્રાવકમુનિધર્મનાં પ્રરૂપક અનેક શાસ્ત્રો તથા કથા-પુરાણાદિ ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. એ સર્વ શાસ્ત્રોના અભ્યાસથી તેમની બુદ્ધિ ઘણી જ પ્રખર બની હતી.

શાસ્ત્રસભા, વ્યાખ્યાનસભા અને વિવાદસભામાં તેઓ ઘણા જ પ્રસિદ્ધ હતા. આ અસાધારણ પ્રભાવકપણાને લીધે તેઓ તત્કાલીન રાજાને પણ અતિશય પ્રિય થઇ પડ્યા હતા, અને એ રાજપ્રિયતા તથા પાંડિત્યપ્રખરતાને કારણે અન્યધર્મીઓ તેમની સાથે મત્સરભાવ કરવા લાગ્યા હતા, કારણ કે તેમની સામે તે અન્યધર્મીઓના મોટા મોટા વિદ્વાનો પણ પરાભવ પામતા હતા. જોકે તેઓ પોતે કોઇ પણ વિધર્મીઓનો અનુપકાર કરતા નહોતા; પરંતુ બને ત્યાં સુધી તેમનો



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઉપકાર જ કર્યા કરતા હતા, તોપણ માત્સર્યયુક્ત મનુષ્યોનો મત્સરતાજન્ય કૃત્ય કરવાનો જ સ્વભાવ છે; તેમના મત્સર અને વૈરભાવના કારણે જ પંડિતજીનો અકાળે દેહાન્ત થઇ ગયો હતો.

પંડિતજીના જીવનનું મુખ્ય ધ્યેય એક સ્વ-પર કલ્યાણ જ હતું. અંતરંગમાં ક્ષયોપશમવિશેષથી તથા બાહ્યમાં તર્કવિતર્કપૂર્વક અનેક શાસ્ત્રોના અધ્યયનથી તેમનો વીતરાગ-વિજ્ઞાનભાવ એટલો બધો વધી ગયો હતો કે-સાંસારિક કાર્યોથી તેઓ પોતે પ્રાયઃ વિરક્ત જ રહ્યા કરતા હતા; અને ધાર્મિક કાર્યોમાં એટલા બધા તલ્લીન રહ્યા કરતા હતા કે-બાહ્ય જગતની તથા આસ્વાદ્ય પદાર્થોની તેમને કાંઇ પણ સુધ રહેતી નહોતી. આ વિષયમાં એક જનશ્રુતિ એવી પણ છે કે-જે કાળે તેઓ ગ્રંથ રચના કરી રહ્યા હતા તે કાળમાં તેમનાં માતુશ્રીએ ખાદ્ય પદાર્થોમાં છ મહિના સુધી મીઠાલુણ નાખ્યું નહોતું; છ મહિના પછી શાસ્ત્રરચના તરફથી તેમનો ઉપયોગ કંઇક ખસતાં એક દિવસ તેમણે માતુશ્રીને પૂછ્યું : માજી ! આજે આપે દાળમાં મીઠાલુણ કેમ નાખ્યું નથી? એ સાંભળી માજી બોલ્યાં : ભાઇ! હું તો આમ છ મહિનાથી મીઠાલુણ નાખતી નથી. આ બધું લખવાનું તાત્પર્ય એટલું જ છે કે તેમના સમયમાં તેઓ એક મહાન ધર્માત્મા, શ્રેષ્ઠ પરોપકારી, નિરભિમાની તથા અદ્વિતીય વિદ્વાન હતા. જૈનસમાજના

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

દુર્ભાગ્યથી જ આવા મહાત્માનો અસમયમાં વિયોગ થયો, પણ તેમણે તો પોતે જીવનપર્યંત જૈનસમાજ ઉપર અનન્ય ઉપકાર કર્યો છે અને તેથી જ સમાજમાં તેમનું સ્થાન અવિસ્મરણીય છે. મુમુક્ષુ આત્માઓ તો આજે પણ તેમનું અને તેમના ગુણોનું સ્મરણ કરી પરમ સંતુષ્ટ થાય છે.

પંડિત શ્રી ટોડરમલજી દ્વારા રચિત આ મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથ ઢુંઢારી તેમ જ હિન્દી ભાષામાં અનેકવાર પ્રસિદ્ધ થઇ ચૂક્યો છે. પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં કરકમળમાં આ ગ્રંથ સર્વપ્રથમ વિ. સં. ૧૯૮૨માં આવ્યો. તેમણે ખૂબ મનનપૂર્વક આ ગ્રંથનું ઊંડું અવગાહન કર્યું હતું. તેનું અવગાહન કરતી વખતે પૂજ્ય ગુરુદેવશ્રીની પરિણતિ એટલી બધી તલ્લીન હતી કે–ન ગમે ખાવું, પીવું કે વહોરવા જવું, ન ગમે અન્ય વાતચીત. સ્થાનકવાસી સાધુપર્યાયમાં તેઓ પુસ્તક સાથે રાખતા નહિ પરંતુ મોક્ષમાર્ગપ્રકાશકનો સાતમો અધિકાર વિશેષ સારો લાગવાથી (ઝીણા અક્ષરે હાથથી લખાવી પુનઃ પુનઃ સ્વાધ્યાય કરવા માટે સાથે રાખ્યો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્થાનકવાસી સાધુપર્યાયના ત્યાગરૂપ પરિવર્તન વિ. સં. ૧૯૯૧માં કર્યું. ત્યાર પછી વિ. સં. ૧૯૯૭માં કલોલનિવાસી શ્રી સોમચંદભાઇ અમથાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ (મોક્ષમાર્ગપ્રકાશકનો) પ્રકાશિત થયો.



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

પંડિત શ્રી ટોડરમલજીએ પ્રથમ અધિકારના અંતમાં આગમ-અભ્યાસની જે પ્રેરણા આપી છે તેનો ઉલ્લેખ કરીને આ ઉપોદ્ઘાત પૂર્ણ કરવામાં આવે છે - આ જીવનું મુખ્ય કર્તવ્ય તો આગમજ્ઞાન છે. એ થતાં તત્ત્વોનું શ્રદ્ધાન થતાં સંયમભાવ થાય છે અને તે આગમજ્ઞાનથી આત્મજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે, જેથી સહેજે મોક્ષની પ્રાપ્તિ થાય છે. ધર્મના અનેક અંગો છે તેમાં પણ એક ધ્યાન સિવાય આનાથી (આગમ-અભ્યાસથી) ઊંચું ધર્મનું અન્ય કોઇ અંગ નથી એમ જાણી હરકોઇ પ્રકારે આગમનો અભ્યાસ કરવા યોગ્ય છે. વળી આ ગ્રંથનું વાચવું, સાંભળવું અને વિચારવું ઘણું સુગમ છે. કોઇ વ્યાકરણાદિ સાધનની જરૂર પડતી નથી, માટે તેના અભ્યાસમાં અવશ્ય પ્રવર્તો. એથી તમારું કલ્યાણ થશે.

**શ્રી કુંદકુંદ-કહાન સત્ સાહિત્ય પ્રચાર,**
**બોરીવલી**

વિ. સં. ૨૦૭૦ વૈશાખ સુદ - ૨
પૂ. ગુરૂદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૫મો
મંગલમય, પાવનકારી જન્મોત્સવ.
તા. ૧.૫.૨૦૧૪
સોનગઢ



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# સાધક જીવની દૃષ્ટિ

અધ્યાત્મમાં હંમેશાં નિશ્ચયનય જ મુખ્ય છે; તેના જ આશ્રયે ધર્મ થાય છે. શાસ્ત્રોમાં જ્યાં વિકારી પર્યાયોનું વ્યવહારનયથી કથન કરવામાં આવે ત્યાં પણ નિશ્ચયનયને જ મુખ્ય અને વ્યવહારનયને ગૌણ કરવાનો આશય છે – એમ સમજવું; કારણ કે પુરુષાર્થ વડે પોતામાં શુદ્ધપર્યાય પ્રગટ કરવા અર્થાત્ વિકારી પર્યાય ટાળવા માટે હંમેશાં નિશ્ચયનય જ આદરણીય છે; તે વખતે બંને નયોનું જ્ઞાન હોય છે પણ ધર્મ પ્રગટાવવા માટે બન્ને નયો કદી આદરણીય નથી. વ્યવહારનયના આશ્રયે કદી ધર્મ અંશે પણ થતો નથી, પરંતુ તેના આશ્રયે તો રાગ–દ્વેષના વિકલ્પો જ ઊઠે છે.

છયે દ્રવ્યો, તેમના ગુણો અને તેમના પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઇ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારનયની ગૌણતા રાખીને કથન કરવામાં આવે, અને કોઇ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને તથા નિશ્ચયનયને ગૌણ રાખીને કથન કરવામાં આવે; પોતે વિચાર કરે તેમાં પણ કોઇ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને કોઇ વખતે વ્યવહારનયની મુખ્યતા કરવામાં આવે; અધ્યાત્મશાસ્ત્રમાં પણ જીવનો વિકારી પર્યાય જીવ સ્વયં કરે છે તેથી થાય છે અને તે જીવનો અનન્ય પરિણામ છે – એમ વ્યવહારનયે કહેવામાં–સમજાવવામાં આવે; પણ તે દરેક વખતે નિશ્ચયનય એક જ મુખ્ય અને આદરણીય છે એમ જ્ઞાનીઓનું કથન છે. શુદ્ધતા પ્રગટ કરવા માટે કોઇ વખતે નિશ્ચયનય આદરણીય છે અને કોઇ વખતે વ્યવહારનય આદરણીય છે – એમ માનવું તે ભૂલ છે. ત્રણે કાળે એકલા નિશ્ચયનયના આશ્રયે જ ધર્મ પ્રગટે છે એમ સમજવું.

સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયની જ મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ જ કરતા જાય છે, તેથી સાધકદશામાં નિશ્ચયની મુખ્યતાના જોરે સાધકને શુદ્ધતાની વૃદ્ધિ જ થતી જાય છે અને અશુદ્ધતા ટળતી જ જાય છે. એ રીતે નિશ્ચયની મુખ્યતાના જોરે પૂર્ણ કેવળજ્ઞાન થતાં ત્યાં મુખ્ય–ગૌણપણું હોતું નથી અને નય પણ હોતા નથી.

– 'ગુરૂદેવશ્રીના વચનામૃત' : ૧૬



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

आचार्यकल्प पण्डित टोडरमल

**ભૂતકાળના 'રાજેન્દ્ર' વર્તમાનના 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર' એવા**
**અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**

## (સંક્ષિપ્ત જીવન પરિચય)

**ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જીલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઇના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિ. સં.૧૯૪૬ વૈશાખ સુદ બીજ, (તા. ૨૧.૪.૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.**

**જે સમયે આ બાળ મહાત્મા આ ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઇ ગયો હતો. કોઇક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.**

**સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંત સ્વભાવ, સૌમ્ય ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઇ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

અભ્યાસથી તેમને સંતોષ થયો નહિં અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે, માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ, પિતાજીનો સ્વર્ગવાસ થતાં, સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતાં નહિં. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળ સ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે, ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીનું કાવ્યની રચના કરે છે:

''શીવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રીના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે અજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સ.૧૯૭૦, ઇ. સ.



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

૧૯૧૪) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઇક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી - કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે ગુરુદેવશ્રીને હજુ દિગંબર શાસ્ત્રો મળ્યા નહોતાં, છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દ્રઢતા પૂર્વક સિંહગર્જના કરે છે - ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિં. જીવ પોતાના ઉંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.''

વિ. સં.૧૯૭૮ (ઇ. સ.૧૯૨૨)માં મહાવીરપ્રભુના શાસન - ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સુચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઇ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ વિરચિત 'સમયસાર' નામનું મહાન પરમાગમ એક શેઠ દ્વારા મહારાજશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે - ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતી નિજ ઘર દેખે છે. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, મોક્ષમાર્ગપ્રકાશક, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાનદીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી તેઓશ્રીને નિશંક નિર્ણય થઇ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઇક અને બહારમાં વેષ કંઇક - એવી સ્થિતી તેમને અસહ્ય થઇ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતા કરતા, સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા'' નામના એકાંત મકાનમાં ''મહાવીર જન્મકલ્યાણક''ના દિવસે (વિ. સ.૧૯૯૧, ચૈત્ર સુદ તેરસ, ઇ. સ.૧૯૩૫) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિન્હ મુહ્પતિનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે: ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી; સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.'' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભૂત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઇન્ડિયા' માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન - પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યા મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં.૧૯૯૪ (ઇ. સ.૧૯૩૮) વૈશાખ વદ ૮ (આઠમ)ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના - મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઉંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા. જેમાં શ્રીસમયસાર ગ્રંથ પર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, સમયસાર કળશ - ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ઇ. સ.૧૯૬૦થી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ ગુરુવાણી દેશ - વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમ જ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર - ઘેર ગુંજતી થઇ ગઇ છે, તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ - વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં.૨૦૦૦ ના માગશર (ઇ. સ. ૧૯૪૩ ડીસેમ્બર) માસથી ''આત્મધર્મ'' નામની માસિક અધ્યાત્મ - પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઇ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઇ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું દૈનિક ''શ્રી સદ્-ગુરુ પ્રવચનપ્રસાદ'' સપ્ટેમ્બર, ૧૯૫૦થી નવેમ્બર, ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો - મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તકો છપાવવાનું કાર્ય વિ. સં.૧૯૯૯ (ઇ. સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ - વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઇ, જે આજે પણ અવિરતપણે ચાલી



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ પર અપાર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દશલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ - વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં.૧૯૯૭(ઇ. સ.૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થાય છે. વડિલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં.૨૦૦૩ (ઇ. સ.૧૯૪૭)ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવે છે.

સોનગઢમાં વિ. સં.૧૯૯૭(ઇ. સ.૧૯૪૧)ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઇ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર - પાંચ દિગંબર જિનમંદિરો હતાં અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં દરરોજ અડધો કલાક ભક્તિ થાય છે. જેમાં જિનવરભક્ત ગુરુરાજ હમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય – વ્યવહારની અપૂર્વ સંધીપૂર્વકનું હતું.

ઇ. સ.૧૯૪૧ થી ઇ. સ.૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર – ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નૈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઇ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઇ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક ૮૦૦ પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધીનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઇમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદ્શિખરજીની યાત્રા નિમિત્તે ઇ. સ.૧૯૫૭ અને ઇ. સ.૧૯૬૭માં – એમ બે વખત, સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૭ અને ઇ. સ.૧૯૬૭માં – એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાન્તકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઇ ગઇ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલાં અભિનંદન પત્ર અર્પણ થયા છે.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ.૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઇ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતાં, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

વિ. સં.૨૦૩૭ કારતક વદ ૭,(તા.૨૮.૧૧.૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ - દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી, અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ જ દૂર જન્મ લઇને



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહી દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું, તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; આવો પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેઓશ્રીના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એજ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, કર્મબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધસ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

દેશ - વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમપ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમ કે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતાં જ નહિં. દિવ્યભાવશ્રુતધારી આ પુરણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે:

: સિદ્ધાંતો :

૧. એક દ્રવ્ય, બીજા દ્રવ્યને અડે નહિં, સ્પર્શે નહિં.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે; વ્યય કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ, પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦ ધ્રુવનું આલંબન, પણ વેદન નહિં; અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિં.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# શાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ

વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ-કાર્યાદિકને કોઇના કોઇમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો. વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઇને કોઇમાં મેળવતો નથી તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રદ્ધાન કરવું.

પ્રશ્ન :- જો એમ છે તો જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવું છે, તેનું શું કારણ?

ઉત્તર :- જિનમાર્ગમાં કોઇ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેનો તો ''સત્યાર્થ એમ જ છે'' એમ જાણવું, તથા કોઇ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને ''એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે'' એમ જાણવું; અને એ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે. પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી, ''આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે'' એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

પ્રશ્ન :– જો વ્યવહારનય અસત્યાર્થ છે તો જિનમાર્ગમાં તેનો ઉપદેશ શા માટે આપ્યો? એક નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું?

ઉત્તર :– એવો જ તર્ક શ્રી સમયસારમાં કર્યો છે ત્યાં આ ઉત્તર આપ્યો છે કે – જેમ કોઇ અનાર્ય–મલેચ્છને મલેચ્છભાષા વિના અર્થ ગ્રહણ કરાવવા કોઇ સમર્થ નથી, તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે તેથી વ્યવહારનો ઉપદેશ છે. વળી એ જ સૂત્રની વ્યાખ્યામાં એમ કહ્યું છે કે – એ પ્રમાણે નિશ્ચયને અંગીકાર કરાવવા માટે વ્યવહાર વડે ઉપદેશ આપીએ છીએ, પણ વ્યવહારનય છે તે અંગીકાર કરવા યોગ્ય નથી.



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# આભારદર્શન

શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૩૬ પ્રવચનો સાંભળીને નિજ હિતનાં લક્ષે અક્ષરશઃ લખવાનું તથા પ્રુફ રીડીંગ કરવાનું સૌભાગ્ય જેમને પ્રાપ્ત થયું છે તેવા ભવ્યજીવોઃ

- શ્રી જસુભાઇ શાહ — બોરીવલી
- શ્રી વિજયભાઇ શેઠ — બોરીવલી
- શ્રી અમીતભાઇ શાહ — બોરીવલી
- શ્રી ધીરેનભાઇ વખારીયા — બોરીવલી
- શ્રીમતી સોનલબેન વખારીયા — બોરીવલી
- શ્રીમતી છાયાબેન વખારીયા — બોરીવલી
- શ્રીમતી પારૂલબેન કપાસી — બોરીવલી
- શ્રીમતી ઇંદિરાબેન શાહ — બોરીવલી
- શ્રીમતી વર્ષાબેન શાહ — બોરીવલી
- શ્રીમતી ભારતીબેન મહેતા — બોરીવલી
- શ્રીમતી રાની / સ્વીટી શાહ — બોરીવલી
- શ્રીમતી જ્યોતિબેન ડગલી — અંધેરી
- શ્રીમતી લક્ષ્મીબેન સાવલા — પાર્લા
- શ્રીમતી વીણાબેન નંદુ — પાર્લા (ચેમ્બુર)
- શ્રીમતી મંજુલાબેન ગાલા — શાંતાક્રુઝ
- શ્રી જયંતભાઇ ગાઠાણી — માટુંગા
- શ્રીમતી ઉર્વશીબેન ગાઠાણી — માટુંગા
- શ્રી તરૂણભાઇ રાંભિયા — દાદર
- શ્રી ધીરેન્દ્રભાઇ શાહ — દાદર
- શ્રીમતી શુશીલાબેન ભુપેન્દ્રભાઇ શાહ — દાદર
- શ્રી ભુપેન્દ્રભાઇ શાહ — દાદર
- શ્રી બિપીનભાઇ ગાલા — દાદર
- શ્રીમતી પુષ્પાબેન ગડા — દાદર
- શ્રીમતી નીતાબેન દેઢિયા — દાદર
- શ્રીમતી ભાનુબેન ગાલા — દાદર
- શ્રીમતી વસુબેન શાહ — તારદેવ
- શ્રીમતી ભારતીબેન કામદાર — ઝવેરીબજાર

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# “મોક્ષનો સ્વતંત્ર માર્ગ”

## ભાગ–૧ તથા ભાગ–૨ના

## પ્રકાશનમાં આવેલ દાનરાશી

| | | |
|---|---|---|
| ⊙ શ્રી વાધર પરિવાર | જામનગર | ૧,૫૦,૦૦૦ |
| ⊙ શ્રી વિજયભાઇ શેઠ | બોરીવલી | ૨૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી પારૂલબેન હિતેષભાઇ ચોવટીયા | બોરીવલી | ૨૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી જયશ્રીબેન કેદારભાઇ શાહ | બોરીવલી | ૨૧,૦૦૦ |
| ⊙ શ્રી પૂના મુમુક્ષુગ્રુપ | પૂના | ૨૦,૦૦૦ |
| ⊙ શ્રીમતી ભાવનાબેન શૈલેષભાઇ શાહ | દાદર | ૧૧,૦૦૦ |
| ⊙ શ્રી ટોકરશીભાઇ ડી. મારૂ | દાદર | ૧૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી પ્રભાવતી પોપટલાલ શાહ | તારદેવ | ૧૧,૦૦૦ |
| ⊙ એક મુમુક્ષુભાઇ | પાર્લા | ૧૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી વર્ષાબેન તુષારભાઇ શાહ | સાંતાક્રુઝ | ૧૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી મંજુલાબેન રમણીકભાઇ ગાલા | સાંતાક્રુઝ | ૧૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી લતાબેન બિપીનભાઇ ગાલા | લોઅરપરેલ | ૧૦,૦૦૦ |
| ⊙ શ્રી રમણીકભાઇ સાવલા | મીરારોડ | ૧૦,૦૦૦ |
| ⊙ શ્રીમતી પ્રવિણા કાંતીલાલ ગાલા | પરેલ | ૧૦,૦૦૦ |
| ⊙ શ્રીમતી સુશીલાબેન જેંતીલાલ ગાલા | વડાલા | ૧૦,૦૦૦ |
| ⊙ શ્રી ઔરંગાબાદ મુમુક્ષુગ્રુપ | ઔરંગાબાદ | ૫,૦૦૦ |
| ⊙ શ્રી હિંગોલી મુમુક્ષુગ્રુપ | હિંગોલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી રેખાબેન તરૂણભાઇ રાંભીયા | દાદર | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી નિલાબેન પ્રકાશભાઇ બારભાયા | કાંદીવલી | ૫,૦૦૦ |



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# " મોક્ષનો સ્વતંત્ર માર્ગ "

## ભાગ-૧ તથા ભાગ-૨ના
## પ્રકાશનમાં આવેલ દાનરાશી

| | | |
|---|---|---|
| ⊙ શ્રીમતી વર્ષાબેન નિરંજનભાઇ ડેલીવાળા | સુરેન્દ્રનગર | ૫,૦૦૦ |
| ⊙ શ્રી વિજયભાઇ મગનલાલ બોટાદરા પરિવાર | ઘાટકોપર | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી વર્ષાબેન પ્રફુલભાઇ શાહ | બોરીવલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી રીટાબેન જયેશભાઇ ભેદા | બોરીવલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રી જસુભાઇ એમ. શાહ | બોરીવલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રી બિપીનભાઇ વી. બારભાયા | કાંદીવલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી પિંકીબેન કિરણભાઇ શાહ | બોરીવલી | ૫,૦૦૦ |
| ⊙ કુ. ચિંતન (C. A.) ત્થા કુ. કૃપા રાંભીયા | દાદર | ૫,૦૦૦ |
| ⊙ શ્રી હસમુખભાઇ ગડા | દાદર | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી લીલાબેન નીસર | મુંબઇ | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી લાભુબેન નાથાલાલ ભાલાણી | બોરીવલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી ભારતીબેન કોઠારી | મુંબઇ | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી ભાનુબેન શાહ | બોરીવલી | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી પૂર્ણિમાબેન મહેતા | મુંબઇ | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી પુષ્પાબેન ઢાંકી | મુંબઇ | ૫,૦૦૦ |
| ⊙ શ્રીમતી ઉર્વષીબેન જયંતભાઇ ગાઠાણી | માટુંગા | ૫,૦૦૦ |
| ⊙ એક મુમુક્ષુભાઇ | ઘાટકોપર | ૩,૦૦૦ |
| ⊙ શ્રીમતી ભાનુબેન ગાલા | પરેલ | ૨,૫૦૦ |
| ⊙ શ્રી ધિરેનભાઇ શાહ | દાદર | ૨,૫૦૦ |



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# ‘‘મોક્ષનો સ્વતંત્ર માર્ગ’’
## ભાગ-૧ તથા ભાગ-૨ના
## પ્રકાશનમાં આવેલ દાનરાશી

| | | |
|---|---|---|
| ⊙ શ્રીમતી કલ્પનાબેન કોઠારી | દાદર | ૨,૫૦૦ |
| ⊙ શ્રીમતી નયનાબેન જયેશભાઇ શાહ | બોરીવલી | ૨,૦૦૦ |
| ⊙ શ્રીમતી નયનાબેન અરવીંદકુમાર દોશી | વસઇ | ૨,૦૦૦ |
| ⊙ શ્રીમતી મધુબાલા પી. શાહ | સાયન | ૨,૦૦૦ |
| ⊙ શ્રી અનિલભાઇ એમ. શાહ | બોરીવલી | ૧,૧૦૦ |
| ⊙ શ્રીમતી વૈશાલી વર્ધી મહેતા | એલફિસ્ટન | ૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી ભારતીબેન કામદાર | મુંબઇ | ૧,૦૦૦ |
| ⊙ શ્રી જયકુમાર ભાયાણી | બોરીવલી | ૧,૦૦૦ |
| ⊙ શ્રી દિલીપભાઇ મનસુખલાલ કામદાર | ઘાટકોપર | ૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી હેતલ અલ્કેશ મોદી | ઘાટકોપર | ૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી જયાબેન ગડા | પરેલ | ૧,૦૦૦ |
| ⊙ શ્રી બિપીનભાઇ દેવજી | પરેલ | ૧,૦૦૦ |
| ⊙ શ્રીમતી નલીનીબેન એન. શાહ | ગ્રાંટરોડ | ૧,૦૦૦ |
| ⊙ ગં. સ્વ. રમાબેન ગાંધી | મુંબઇ | ૧,૦૦૦ |
| ⊙ કુમારી પૂર્વીબેન દેઢીયા | બોરીવલી | ૫૦૦ |
| ⊙ શ્રીમતી ઇંદિરાબેન વિજયભાઇ શાહ | બોરીવલી | ૫૦૦ |
| ⊙ શ્રીમતી નીતાબેન | મુંબઇ | ૫૦૦ |
| ⊙ કુમારી પારૂલબેન કપાસી | બોરીવલી | ૩૦૦ |



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રૂચતાં જગતની રૂચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહિં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઇ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું સત્ સત્ જ્ઞાન જ્ઞાન ધબકે ને વજવાણી છૂટે,
જે વજે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો પૂરજો શક્તિશાળી!



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા


| પ્રવચન ક્ર. | અધિકાર | તારીખ | પાના નં. |
|---|---|---|---|
| ૧૯ | ૭ | ૧૭.૦૪.૧૯૬૨ | ૧ થી ૧૮ |
| ૨૦ | ૭ | ૧૮.૦૪.૧૯૬૨ | ૧૯ થી ૩૭ |
| ૨૧ | ૭ | ૨૦.૦૪.૧૯૬૨ | ૩૮ થી ૫૫ |
| ૨૨ | ૭ | ૨૦.૦૭.૧૯૬૨ | ૫૬ થી ૭૩ |
| ૨૩ | ૭ | ૨૨.૦૪.૧૯૬૨ | ૭૪ થી ૯૧ |
| ૨૪ | ૭ | ૨૩.૦૪.૧૯૬૨ | ૯૨ થી ૧૦૮ |
| ૨૫ | ૯ | ૦૭.૧૨.૧૯૬૨ | ૧૦૯ થી ૧૨૫ |
| ૨૬ | ૯ | ૦૮.૧૨.૧૯૬૨ | ૧૨૬ થી ૧૪૨ |
| ૨૭ | ૯ | ૦૯.૧૨.૧૯૬૨ | ૧૪૩ થી ૧૫૮ |
| ૨૮ | ૯ | ૧૦.૧૨.૧૯૬૨ | ૧૫૯ થી ૧૭૫ |
| ૨૯ | ૯ | ૧૨.૧૨.૧૯૬૨ | ૧૭૬ થી ૧૯૧ |
| ૩૦ | ૯ | ૧૫.૧૨.૧૯૬૨ | ૧૯૨ થી ૨૦૮ |
| ૩૧ | ૯ | ૧૬.૧૨.૧૯૬૨ | ૨૦૯ થી ૨૨૫ |
| ૩૨ | ૧ | ૧૧.૦૮.૧૯૫૪ | ૨૨૬ થી ૨૪૦ |
| ૩૩ | ૭ | ૨૦.૦૮.૧૯૬૨ | ૨૪૧ થી ૨૫૨ |
| ૩૪ | ૭ | ૧૨.૦૩.૧૯૬૨ | ૨૫૩ થી ૨૬૪ |
| ૩૫ | ૭ | ૧૪.૦૩.૧૯૬૨ | ૨૬૫ થી ૨૮૦ |
| ૩૬ | ૯ | ૧૬.૦૩.૧૯૬૨ | ૨૮૧ થી ૨૯૭ |




Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૧૯
## અધિકાર ૭મો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૧૭.૦૪.૬૨ મંગળવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

મોક્ષમાર્ગ પ્રકાશક સાતમો અધ્યાય છે. અન્ય જૈન સર્વજ્ઞના પંથના સિવાય બીજા પંથમાં જનમ્યા એને તો દૃષ્ટિમાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા હોય છે. એથી એને તો અહીંયા અન્યમતમાં ગણવામાં આવ્યા છે. જૈન સંપ્રદાયના નામે પણ જે કંઇ સંપ્રદાય વર્તે, એને પણ સનાતન દિગંબર નિગ્રંથ પંથના માર્ગ સિવાય બીજા બધાને અન્યમતમાં ગણવામાં આવ્યા છે.

હવે અહીંયા દિગંબર સનાતન જૈન સર્વજ્ઞનો કહેલો માર્ગ, એમાં જેનો જન્મ છે, ગર્ભ દિગંબર, ગર્ભ દિગંબર કહેવાય ને નવનીતભાઇ! જેમ ગર્ભશ્રીમંત એવાઓ પણ નિશ્ચય અને વ્યવહારની સંધિને સમજતા નથી, અને મિથ્યાત્વ ભાવ રહે છે. આ એનું કથન

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમાં કરવામાં આવ્યું છે. સમજ્યા કાંતિભાઇ? દિગંબર થઇ ગ્યાને જનમ્યા માટે એમ નહિ એમ કહે છે. 'અમે દિગંબર છીએ ને ઘણા વખતથી મંડળી છે ને અમે ભજન મંડળી કરીએ છીએ ને અમે નીચે' ક્યાં ગયા આ અમારા મુલચંદજી? સમઝે? નિશ્ચયનય ક્યા હૈ ઔર વ્યવહાર ક્યા હૈ, ઉસકી સંધિ સમજે બિના દોય બે નયનું કથન શાસ્ત્રમાં ચાલે છે. એક નિશ્ચયનું એટલે સાચું અને એક વ્યવહારનું એટલે આરોપિત-ઉપચારિત, જોડે નિમિત્ત કોણ હોય, તેનું જ્ઞાન કરાવવા, ઉપચારના કથનો હજારો લાખો શાસ્ત્રમાં ચાલે પણ તે ઉપચારના કથનો પણ સાચા, અને નિશ્ચયના કથનો પણ સાચા એમ માનીને ભ્રમણામાં પડયા છે તેને મિથ્યાદષ્ટિ કહે છે. સમજાય છે કાંઇ?

નિશ્ચયથી ભગવાન આત્મા, પરદ્રવ્યથી તદ્દન ભિન્ન એવું આત્મતત્ત્વ, એને પરના નિમિત્તની અપેક્ષાએ સમજાવવામાં આવ્યો હોય કે 'આ શરીર તે આત્મા, નારકી તે આત્મા, મનુષ્ય તે આત્મા', એવા કથનો બધા ઉપચારના-આરોપના છે. સમજાવવાનો હેતુ, કે જીવ તે નરદેહથી જુદો છે, નારકીથી જુદો એમ સમજાવવા માટે નિમિત્તની અપેક્ષાથી કથન ચાલ્યા એને એમ માની લે કે આ એ પણ કથન સાચાં છે તો એ દષ્ટિમાં મોટી ભ્રમણા સેવે છે. હવે અહીંયા આપણે હાલતો મોક્ષમાર્ગનો અધિકાર આવે છે જુઓ. બીજું વચમાંથી થોડું હાલ્યું જુઓ ૨૫૭ પાને. ''**પરદ્રવ્યનું નિમિત્ત મટવાની અપેક્ષાએ** શાસ્ત્રમાં **વ્રત, શીલ ને સંયમ આદિને મોક્ષમારગ કહ્યો....**'' શું કહયું? શાસ્ત્રને વિષે ''**પરદ્રવ્યનું નિમિત્ત મટવાની અપેક્ષાએ....**'' સંયોગ આ સ્ત્રી, કુટુંબ પરિવાર એનું જે પરલક્ષ જાય છે પાપમાં એમાંથી ખસીને વ્રતના પરિણામ થાય છે. તો પરદ્રવ્યના નિમિત્તોનો આલંબન ભાવ છૂટવા માટે એવા વ્રત, તપ, શીલના ભાવને મોક્ષ મારગ શાસ્ત્રમાં કહ્યો છે. ''**પણ ત્યાં તેને જ મોક્ષ મારગ ન માની લેવો....**'' લખ્યું છે એમ ન માનવું. આહાહા! સમજાણું કાંઇ?

ભગવાન આત્મા પર નિમિત્તના સંગમાં છે. શરીર અથવા સ્ત્રી, કુટુંબ પરિવાર રાજ-પાટ લીલોતરી આદિ ખાવાના ખોરાક આદિ, એના તરફનું વલણ, નિમિત્તનું મટવા માટે અને અંદરમાં રાગની મંદતા, વ્રત આદિમાં થાય, તેને વ્યવહારે ઉપચારે કથનથી એને મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો (છે), પણ એમ હેં? સમજાવવા માટે મોક્ષમાર્ગ એ નથી. એમ તો શેઠ સમજે જરી. પણ હજી ત્યાં અંદર એનો અંદર ત્યાં છે ને જરી દુકાન ને સંઘનું અગ્રેસરપણું છે ને હજી ઇ હાળું છોડયું ન જાય. કહો સમજાણું કાંઇ? દશરથભાઇ! ક્યાં ગયા બેન? આ કીધું છે એટલે મેં જોવા લ્યો ઠીક. કહો આમાં શું કહે છે? કે આ આત્મા, ભગવાન આત્મા એને પરદ્રવ્યનો સંગ છે ને! સ્ત્રી-કુટુંબ-પરિવાર - રાજપાટ આદિ કે એકેન્દ્રિય,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિયની હિંસાના પરિણામ વખતે એનો સંગ છે આમ. એના નિમિત્તને મટાડવા, નિમિત્તથી હઠવા એ નિમિત્તનું અવલંબન છે એનાથી હઠવા, નિમિત્તથી એટલે કંઇ પરવસ્તુને છોડવી કે મૂકવી એ આત્માના અધિકારમાં નથી. પરવસ્તુને છોડું,સ્ત્રીને છોડું, રાગને છોડું, પાપને છોડું, લીલોતરી ખાવી છોડું, હિંસા પંચેન્દ્રિયની થાય તેને હું છોડું ઇ કાંઇ અધિકાર આત્માનો નથી, એ તો એને કારણે થાય છે. પણ એ નિમિત્ત તરફના લક્ષ છૂટતાં જતાં રાગની મંદતા થાય છે, એવા વ્રત નિયમને અને નિમિત્તથી હઠે છે, એ અપેક્ષાએ તેને મોક્ષમાર્ગ વ્યવહારથી શાસ્ત્રમાં વર્ણન કરવામાં આવ્યું છે.

''**પણ તેને જ મોક્ષ મારગ ન માની લેવો....**'' જુઓ આ મોટા વાંધા! ''**એને મોક્ષમારગ ન માનવો....**'' એ મોક્ષમારગ નથી. કારણકે જો પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગ. જુઓ એ મુદ્દાની વાત. આ સ્ત્રી, પરિવાર, કુટુંબ, લીલોતરી છોડું, હરિતકાય છોડું, રાત્રે આહાર છોડું, ત્યાગ ચૌવિહાર કરું એટલે આહાર છોડું એ બધાં કથનો નિમિત્તના છે. અપવાસ કરું તો આહાર છોડું, આયંબિલ કરું તો ફલાણું છોડું એ પરદ્રવ્યના નિમિત્તની અવલંબન છોડાવવા જરી વાત કરે છે પણ છોડવું ને ગ્રહણ કરવું પરદ્રવ્યનું, આત્માના અધિકારમાં ત્રણકાળમાં છે નહીં. સમજાણું આમાં કાંઇ ? ચૌવિહાર થતાં એટલે રાત્રિઆહાર ન કરતાં રાગની મંદતા કરે ત્યારે એણે આહાર છોડયો એમ કહેવામાં આવે અને આહાર નહોતો છોડયો ત્યારે આહાર ગ્રહણ કરતો'તો રાગનો, રાગ હતો ખાવાનો એટલે આહાર ગ્રહણ કરતો એમ નિમિત્તથી કથન કરવામાં આવ્યા છે પણ ખરેખર આહારને છોડી શકે કે આહાર લઇ શકે, લીલોતરીને ખાઇ શકે, લીલોતરીને છોડી શકે, અપવાસમાં પચ્ચીસ કોળિયા ખાવા ને સાત કોળિયા ન ખાવા એમ કરી શકે એ આત્માના અધિકારમાં છે નહીં. સમજાણું કાંઇ ?

''**પરદ્રવ્યનો ત્યાગ....**'' જુઓ મહાસિદ્ધાંત છે. પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ. એક રજકણને પણ છોડવું અને મૂકવું એવી વાત શાસ્ત્રમાં... રાગને ઘટતાં, મંદ પડતાં એના નિમિત્તોમાં આને ગ્રહણ કરવું, છોડવું એવું કથન આવે, પણ એ ગ્રહણ અને છોડવું એ આત્મા કરી શક્તો નથી. આહાહા! મેં આ ચૌવિહાર કર્યા, મેં પાણી આ છોડયું, મેં લાડવા છોડયા, મેં અપવાસ આજ કર્યો એટલે કે પેટને ઊણું રાખ્યું ને આહાર છોડયો, બેય ગ્રહણ-ત્યાગ આત્મામાં નથી. સમજાણું કાંઇ ? બહુ મુદ્દાની વાત આવી છે.

આજ વીર ભગવાનનો આજ જન્મ કલ્યાણક દિવસ છે, લ્યો, વળી યાદ આવી ગયું આમાં, સમજાણું કાંઇ ? વીર ભગવાનનો જન્મ જયંતિ નહિ પણ જન્મ કલ્યાણક

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દિવસ છે. જન્મ જયંતિ તો સાધારણ પ્રાણીને માટે પણ કહેવામાં આવે છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા જે ભવમાં થવાના એ ભવમાં વીર ભગવાન જ્યારે જનમ્યા, ઇન્દ્રોએ આવીને મહોત્સવ કર્યો. એવા વીર, એની વાણીમાં વીરતા આવી છે. વીરતા એટલે વિ-વિશેષે, ર-પ્રેરતિ ઇતિ વીર! આત્માના સ્વભાવ તરફ વિશેષે વીર્યને પ્રેરે એવી વાણીને ને એવા ભાવને વીર કહેવામાં આવે છે. એવા વાણીના કથન ભગવાન વીર પરમાત્માએ કહેલા છે.

હે આત્મા! 'દૂરણું ચરૌ મગૌ વીરાણં અનિયત ગામીણં'... અહો! વીરોનો માર્ગ સમ્યગ્દ્રષ્ટિ અને ધર્માત્માનો માર્ગ, 'દૂરણું ચરૌ', ભારે અપૂર્વ પુરુષાર્થથી માર્ગ ચાલે છે. મહા અનંત પ્રયત્નથી ચાલે છે. 'દૂરણું ચરૌ મગૌ વીરાણં' વીરોના મારગ મહા પુરુષાર્થથી ચાલનારા છે. 'અનિયત ગામીણં', વીર પંથે પડયા તે અફરગામી છે... અફરગામી છે એ પંથે પડયા એ પડયા, એ કેવળજ્ઞાન લીધે છૂટકો કરે. સમજાય છે કાંઇ? એવો જે વીર પરમાત્મા એ અપ્રતિહત અફર, અનિયતગામી, પાછા ન ફરે એવો માર્ગ કહ્યો. એ 'વિરતી ઇતિ', ભગવાન ચૈતન્ય સ્વભાવ પૂર્ણાનંદની મૂર્તિ પ્રભુ! એને પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ તો નથી, પણ પરદ્રવ્યને છોડું-મૂકું એવો વિકલ્પ એ પણ ધર્મ નથી, એ પણ પુણ્યબંધનનું કારણ છે એમ વીર ભગવાન ફરમાવે છે. સમજાણું કાંઇ? આ તો 'આ મેં છોડયું, મને પાંચ ખપતા નથી, ફલાણા દૂધ-ખાંડ-સાકર સિવાય, ફલાણું આ ખપતું નથી.' હવે પણ પર ચીજ કે'દી ખપે ને ન ખપે, આત્મામાં આવી ગઇ છે? સમજાણું કાંઇ?

'આજ મારે પાંચ લીલોતરી ખાવી નથી, મારે આહાર કરવો નથી, મારે અપવાસ કરવો છે, મારે આટલી ચીજ ખાવી નથી' ઇ તો બધા પરદ્રવ્યના નિમિત્ત. આંહી ગ્રહણ-ત્યાગ વખતે જે રાગ હતો પાપનો, એમાંથી પુણ્યનો રાગ થયો 'ત્યારે આ મારે છોડવું છે' એવું નિમિત્તના કથનો લઇને એ વાત કરવામાં આવી છે પણ એ નિમિત્તને ગ્રહવું ને મૂકવું એમ જે માને એ મિથ્યાદ્રષ્ટિ જીવ અજ્ઞાની છે. આહાહા! સમજાણું કાંઇ? કહે છે જો પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ, આ વાત છે હોં અંદર. 'આ મેં છોડયું, આ મેં ગ્રહ્યું, મેં અવ્રત છોડયું', એટલે બાહ્યથી તો એના નિમિત્તની હતી એ છોડી 'મેં વ્રત ગ્રહણ કર્યું શુભ એટલે આટલું હવે મારે ખપે નહીં', એ બધા પરદ્રવ્યનાં ગ્રહણ ત્યાગના કથનો છે. એ આત્મા પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ કરી શક્તો નથી. ઓહોહો! સમજાણું કાંઇ?

''**જો પરદ્રવ્યનાં ગ્રહણ ને ત્યાગ-આત્માને હોય....**'' એ રોટલા છોડીને અપવાસ કરે અને પેટ ઊણુ રહે તો એને કાંઇ પોતે પેટ ઊણું કર્યું એમ થાય માને તો તો ''**આત્મા પરદ્રવ્યનો કર્તા હર્તા થાય....**'' અને પરદ્રવ્યમાં ઘૂસી જાય. ચૈતન્ય પોતે ભિન્ન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહે નહીં. સમજાણું કાંઇ? ''**આત્મા પરદ્રવ્યનો કર્તા હર્તા થઇ જાય....**'' લ્યો આંહી તો ક્ષણે ને પળે શાસ્ત્રમાં એ વાત આવે છે કે 'ધર્માત્મા સંતે કપડા ઉતાર્યા' લ્યો, નગ્ન થવા કાળે કપડાં ઉતાર્યા, નગ્નપણું અંગીકાર કર્યું. કહે છે 'એમ હોય નહીં'. એ વખતે રાગની મંદતા, પંચમહાવ્રત લેવા કાળે આવી એ વખતે કપડા ઊતરી ગયા નગ્નદશા થઇ. વિકલ્પ હતો, એમાં ગ્રહણ ત્યાગ સહજ એને કારણે થઇ ગયું. એણે આ છોડયું નગ્નપણું ગ્રહણ કર્યું ને કપડા છોડયા એમ કહેવામાં આવે પણ એમ માને કે નગ્નપણું 'મેં ગ્રહણ કર્યું અને કપડાં મેં છોડયાં', મૂંઢ મિથ્યાદૃષ્ટિ પરદ્રવ્યનો ગ્રહણ ત્યાગ કરનાર થાય છે. આહાહા! શેઠિયા! સમજાણું કાંઇ?

'મેં આ છોડયું, મેં આ છોડયું', મેં આ છોડયાનો અર્થ કે મેં (હું) એટલું ગ્રહણ કરી શક્તો હતો. પહેલા 'હું આહાર લઇ શક્તો હતો, પાણી લઇ શક્તો હતો, ફલાણી ચીજ ખાઇ શક્તો હતો, બદામ મેં આ છોડી, રસ મેં છોડયો, દૂધ મેં છોડયું, કેરી મેં છોડી' તે કે દિ' ગ્રહણ કરી'તી તે છોડી? સમજાય છે કાંઇ? ફક્ત એના નિમિત્તના સંબંધમાં તને થતો પાપ રાગ ઈ પાપ રાગ છૂટીને પુણ્ય રાગ થયો. આ એમાં ઓલ્યું ગ્રહણ ત્યાગનું સ્વરૂપ ભજ્યું એને શાસ્ત્રમાં એમ કહેવામાં આવ્યું કે ગ્રહણ ત્યાગ કરે છે એને ધર્મ અમે કહીએ, મોક્ષમાર્ગ કહીએ પણ એ મોક્ષમાર્ગ છે નહીં. સમજમેં આતે હૈ? સૌભાગ્યચંદભાઇ! બહુ વાત ઝીણી છે આ. ઓહોહો! દિગંબરમાં જનમ્યા એને સાંભળવો મુશ્કેલ પડશે, જનમ્યા એને કહે છે આંહી એને માટે તો વાત છે હોં. દિગંબરમાં જનમ્યા, સનાતન જૈનતત્ત્વ, સર્વજ્ઞનું કહેલું ત્રિલોકનાથ પરમાત્માનું. સનાતન દિગંબર પંથ અનાદિ વીતરાગ માર્ગ છે. એમાં જનમ્યા ને આવી ભૂલો રહે એને અહીંયા મિથ્યાદૃષ્ટિ કહે છે. સૌભાગ્યચંદભાઇ! બધા તમે દિગંબરમાં જનમ્યા છો ને પહેલેથી? ગર્ભશ્રીમંત હતા ઓલા ગર્ભશ્રીમંત શું, ગર્ભ દિગંબર!

કહે છે ઓહો! મારે મૌન રહેવું છે. હું અત્યારે... એનો અર્થ કે 'હું પહેલા બોલતો હતો' એને મૌન રહેવાનો ભાવ જે શુભ આવ્યો જરી એ વખતે વાણી મૌન સહેજે થઇ ગઇ અને બોલવાનો વિકલ્પ હતો ત્યારે વાણી સહેજે નીકળી પણ એને એમ કહેવામાં આવે કે આ વાણી આણે કરી અસત્ય બોલ્યો... અસત્ય બોલ્યો છોડીને સત્ય બોલે છે. એ બધાં કથનો રાગની મંદતા થતાં સત્ય બોલાય છે અને તીવ્ર હોય ત્યારે અસત્ય બોલાતું હતું. એના કથનમાં કે હવે અસત્ય મારે નહિ બોલવું ને સત્ય મારે બોલવું. એવા ગ્રહણ ત્યાગના કથન આવે પણ આત્મા સત્ય બોલી શક્તો નથી, અને આત્મા અસત્યને છોડી શક્તો (નથી). વાણીને છોડી શક્તો (નથી). કે હવે આ બોલવાનું બંધ કરી દઉં. કોણ કરે? શાંતિભાઇ!

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભારે કઠણ જગતને. વાણી જડની અવસ્થા ચાલે છે. મૌન થાય ત્યારે વાણી તેને થવાની નહોતી માટે નથી થઈ. આ એમ માની લે કે મેં વાણી કરી ને મેં વાણીમાં હવે મૌન રહ્યો. હવે મારે બોલવું નથી. હમ નહિ બોલેંગે, હમારા તરફસે તુમકો લાભ નહિ હોગા તો હમ નહિ બોલેંગે - ક્યા હૈ? બોલતે થે તુમ પહેલે? શેઠિયા! કહો સમજાય છે કાંઈ? 'એમ નથી'. આત્મા બોલી શકે છે એમેય નથી, અને આત્મા મૌન રહી શકે છે એમ પણ નથી. એવા ભણું ગણું ને હું મૌન રહું એ માન્યતા પરદ્રવ્યના ગ્રહણ ત્યાગની છે. એને ભગવાન મિથ્યાદષ્ટિ કહે છે. કહો સમજાણું કાંઈ?

છે તારાચંદજી! ઉસમેં હૈ? ક્યા હૈ દેખો. ''**પરદ્રવ્યનું નિમિત્ત મટવાની અપેક્ષાએ 'નિમિત્ત મટવાની....**'' જરી જોર છે આંહી. ''**નિમિત્ત મટવાની અપેક્ષાએ....**'' - હવે નિમિત્ત મટે કે ન મટે એ તો એને કારણે છે. વ્રત, અનુશીલ, શિયળ, સંયમ આદિકને મોક્ષમાર્ગ કહ્યો છે. કષાયની મંદતાના પરિણામ થતાં એને બહારના નિમિત્તનું ગ્રહણ ઓછું થઈ ગયું, અને ઘણું ગ્રહણ જે હતું લક્ષમાં એ ઓછું થયું, એવી અપેક્ષાએ ત્યાં તેને જ મોક્ષમાર્ગ કહ્યો પણ તેને મોક્ષમાર્ગ માની ન લેવો. એ વ્રતના ને ત્યાગના જે પરિણામ અને બહારના ગ્રહણ ત્યાગ બધું પરદ્રવ્યને આધીન છે, પરદ્રવ્યનો કર્તા હર્તા થઈ જાય.

દેખો, એક રજકણ પણ હું છોડું, 'આ દૂધ મારે ખાવું નથી' ઈ શું છે? દૂધને તું લઈ શક્તો'તો કે દૂધને છોડી શકે છો? ભ્રમણા તને થઈ છે મૂઢ. સમજાણું કાંઈ? ઈ પરદ્રવ્યને છોડવું ને મૂકવાનો અધિકાર આત્માનો નથી, ને છતાં માની લ્યે, મેં આટલા દ્રવ્ય છોડયા ને આટલું મેં છોડયું ને દુકાન-ધંધા બંધ કર્યા ને રાજપાટ છોડયા ને રાણીયું છોડી, ને એક એક દ્રવ્ય રોજ ઘટાડતાં જઈએ છીએ, પચ્ચીસ દ્રવ્ય છૂટશે એમાં એક એક દ્રવ્ય ઘટાડતાં મરતાં પછી એકેય દ્રવ્ય રહેશે (નહીં). મૂઢ છો. કયા દ્રવ્યને ઘટાડવું છે ને કયા દ્રવ્યને તારે છોડવું છે? આહાહા! સમજાણું કાંઈ? ઈ મિથ્યાદષ્ટિપણું 'પરદ્રવ્યને ગ્રહણ કરું ને છોડું' એવી માન્યતા જ મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? આત્મા, પણ હવે સિદ્ધાંત કહે છે. ''**કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધીન છે જ નહીં....**'' આત્માએ રાગ મંદ કર્યો, માટે આહાર, ચૌવિહાર કરવામાં આહાર પેટમાં ન આવ્યો એમ છે જ નહીં. આત્માએ અપવાસ રાગની મંદતાથી કર્યો, માટે દાળ-ભાત પડયા'તા થાળીમાં. આજના ખાવાના અમારે પચ્ચખાણ માટે નથી આવ્યા અને ઈ અટકી ગયા એમ છે જ નહીં. એ રજકણો ત્યાં આવવાના નહોતા એને કારણે ત્યાં અટક્યા'તા એને આ રાગની મંદતાનો ભાવ દેખી 'મેં આ છોડયા' એ પરદ્રવ્યનો કર્તા માનનાર મૂઢ મિથ્યાદષ્ટિ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાધુ નામ ધરાવતો હોય, શ્રાવક નામ ધરાવતો હોય તો પણ તેને જૈન ધર્મની કાંઇ ખબર નથી. ''**કોઈ દ્રવ્ય, કોઈ દ્રવ્યને આધીન....**'' અહીંયા રાગ મંદ કર્યો માટે આહાર અટકી ગયો, રાગ મંદ કર્યો માટે લીલોતરી ખાવી અટકી ગઈ? રાગ મંદ કર્યો, તીવ્ર કર્યો માટે લીલોતરી ખાવાની ક્રિયા થઈ? હેં? ક્યાંય નથી થાતું, મફતનો માળો માની બેસે (છે), એને કારણે અટકે ને એને કારણે થાય છે. પરદ્રવ્યના એક પણ રજકણને 'ગ્રહું-છોડું, મેં છોડયું ને મેં ગ્રહ્યું' એ માન્યતા વીતરાગમાર્ગની આજ્ઞાથી પૂરી વિરોધ છે. એ જૈન દર્શનને સમજતો નથી. જરી આ વાત સમજવા જેવી છે. જુઓ, આ વીરના દિવસે આ વાત આવી છે. સમજાણું કાંઇ? હજી તો વાસણ બનાવવા છે ને એને ફોડવા છે ને એક જણો કહેતો'તો. લ્યો, જુઓ કે ભગવાને એમ કીધું છે શાસ્ત્રમાં કે ગોશાળો ત્યાં આવ્યો ને ઓલ્યો હતો ને સકદાળ ઈ વાસણ બન્યા... ઈ વાસણ બન્યા એ પુરુષાર્થથી બન્યા છે. સમજ્યાને! ઓલો કહે કે એની મેળાએ બની ગયા. ભગવાન કહે કે પુરુષાર્થથી બન્યા છે. આ શાસ્ત્રના વાંચનારા એમાંથી આ કાઢે એમ ક્યાં હતી વાત! વાસણ તો વાસણને કારણે બન્યા ત્યાં વીર્યનું નિમિત્ત હતું ઈ ઓલ્યો માનતો નથી, એને કહ્યું કે ના આ વીર્યનું નિમિત્ત છે ત્યાં. વાસણ વાસણને કારણે બને છે, આત્મા એને બનાવી શક્તો નથી. સમજાણું કાંઇ?

એકમાં ઈચ્છા થઈ છે મારી, આવ્યું ને આ નેમનાથ ભગવાનમાં એ ઈ મુલચંદજી ક્યા આયા? 'તોડયા છે કંકણ...' શું આવ્યું તમારે? એવું આવ્યું કે નહિ કાંઇ? છોડયા છે નવસર હાર, આમ હાર છે ઉતારે હેઠે કે આણે તોડયા ને છોડયા. એ બધા પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ આત્મામાં ત્રણકાળમાં છે નહીં. સૌભાગ્યચંદભાઈ! આ તમારે બધું શીખવું પડશે આ બધા મંડળીના અધિપતિ છો તે. આ બધા આવા ગાયન બનાવવા પડશે હવે સરખા 'તોડયા છે કંકણ' બોલવામાં એમ આવે. બોલવામાં ભાષા આવે કે 'તોડયા કંકણ' હવે હું આ ત્યાગ કરું છું હું એક મુનિપણું અંગીકાર કરું છું. ભાષા એમ હોય પણ અભિપ્રાયમાં એમ માને કે 'આ મેં હારને આંહી પહેર્યા'તા ઉતારીને મૂક્યા' - મૂંઢ છો. શું તારા હાથની ક્રિયાથી એ ઉતરે? અને હાથની ક્રિયા તારાથી થાય? અને હેઠે ઉતર્યા અને છોડયા? એ આત્મા પરદ્રવ્યનો કર્તા આ રીતે માનનાર તે મૂંઢ ને મિથ્યાદષ્ટિ છે. સમજમેં આયા? રતનલાલજી! ક્યાં ગયા? આયા નહીં? અરે! ત્યાં ક્યું બૈઠા હૈ રૂપચંદજી? મંડળી ભેગા આવે છે તો સાંજે તો વયા જવાના છો. ક્યા કહ્યા સમજમેં આયા?

''**કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધીન છે જ નહીં....**'' આહાહા! મહા સિદ્ધાંત વ્રત નિયમમાં નિમિત્તપણે થતું એની વાત ખોલી ખુલાસો કરી નાંખ્યો. હેં? આહાહા!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્રતના પરિણામ કાળે, કોઇ નિયમના અભિગ્રહના કાળે, અભિગ્રહ એક લીધો કે 'મારે આવો લાડવો ને આવો હોય ને આવી બાઇ હોય તો મારે ખપે' સમજાય છે? મોતીચૂરનો લાડવો ને મોતી નામની બાઈ ને મોતી ઓલું શું કહેવાય, સાડલો, એવો આવે છે ને કાંઇ એમાં એ નામ આવે છે 'મોતી' હેં? મોતીચોકનો સાડલો, કોને આવડે? મોતીચોક ન આવડતું હોય કાંઇ ને કાંઇ કહે છે અને ઓલ્યું મોતીનું ખોળિયું ફૂટી ગ્યું હોય અને એ બાઇને છેડે બાંધ્યું હોય, એ મોતીચૂરનો લાડવો વહોરાવે તો ખપે, નહિ તો ખપે નહીં. એવો મુનિઓ અભિગ્રહ કરે. સમજાય છે કાંઇ? પણ એ અભિગ્રહના વિકલ્પ રાગની મંદતાની ત્યાં વાત હતી ને સહનશીલતા જુઓ! જ્ઞાતાદૃષ્ટાપણે કેટલો રહી શકું છું તે એની એક અજમાઇશ હતી. પણ પરદ્રવ્યને 'આ છોડું મૂકું છું અને આમ હોય તો લઉં ને આમ હોય તો ન લઉં' - એ આત્માના અધિકારની વાત નથી. આહાહા!

ઇ સીધી તરફ હી લિખા હૈ 'વ્યવહારો અભૂયત્થો', ઐસા બનાયા હૈ, એક શ્લોક બનાયા ક્યા? ચાર પૈસે શેર તો મણના અઢી એ એક કોરથી બતાડયું, પછી સાડી સાડત્રીસ શેરના ક્યું ન લિખા? ઊસમેં આ ગયા. ચાર પૈસે શેર તો મણના અઢી. સાડી સાડત્રીસ શેરનું સાડી સાડત્રીસ આના એ નવું લખવું પડે નહીં. સમજમેં આયા? શાસ્ત્રમેં લિખા હૈ કિ કોઇ મનુષ્ય મરીને પૃથ્વીકમેં હોતા હૈ. પૃથ્વીકાય હોતે હૈ ને પૃથ્વીકાય મનુષ્ય મરીને આ પૃથ્વીકાય જીવ. આ સચેત મીઠું, સચેત પથરા છે ને આ બધાં નીકળે ખાણના ને આ મકાન કરે ઇ જીવ છે એકેન્દ્રિય. માણસ મરીને આ શાસ્ત્રમાં એક્કે દાખલો નથી કે આ જીવ મરીને પૃથ્વીમાં ગયો. દાખલા કેટલા આપે? બધા દાખલા. સમજાય છે કાંઇ?

એક સિદ્ધાંત 'વ્યવહારો અભૂયત્થો.

**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**
**भूदत्थमस्सिदो खलु चरितं हवदि जीवो**
**भूदत्थमस्सिदो खलु शुक्ल ध्यान हवदि जीवो**
**भूदत्थमस्सिदो खलु केवलज्ञान हवदि जीवो**

એક સિદ્ધાંત શાસ્ત્ર અગિયારમી ગાથા, કુંદકુંદઆચાર્ય મહારાજની, આ એના બધા વિવેચન અને આ સ્પષ્ટીકરણ છે આ બધા. વ્યવહાર બધોય અભૂતાર્થ અથવા અસત્ય અર્થને કહેનારો છે એમ પોતે પહેલેથી કહ્યું છે. એ કહ્યું છે એના કથનમાં આ રીતે તમારે સમજવું એમ ત્યાંથી તેને વિચાર લઇ લેવો જોઇએ. પ્રેમચંદજી! ઇ તો બરાબર છે. ઇ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું છે સામે ત્યાં? આમ કેમ આચાર્યે લખ્યું પણ ઇ બીજો ઉપાય, બીજાને એમ કહે, 'ભાઇ! તમે આવતા રહો, સાંભળો', એમ કહે કે નહીં? ઇ આવતા રહો, શરીરનું આવવું જવું આત્માના અધિકારની વાત છે? સમજાય છે કાંઇ?

તમે આવો, સાંભળો, બેસો બાપુ! પાંચ, બે-પાંચ દિવસ પરિચય કરો. ભાષા શું બોલાય? પણ એનું આવવું-જવું આત્માને આધીન છે એમ ઓલો કહેવા માગે છે એમ અર્થ છે નહીં. સમજાણું કાંઇ? સમજમેં આયા? ઓહોહો! અને 'તમે સાંભળશોને તો હળવે હળવે સમજાશે' એમ બોલાય, લ્યો શું બોલાય? તમે સાંભળશો પાંચ-પંદર સાંભળશો તો તમને સમજાશે. એ સાંભળશો તો સમજાશે? એ તો વ્યવહારના કથન થયાં. સમજાણું કાંઇ? એને સમજવાની લાયકાતથી સમજશે ત્યારે સાંભળેલું, સાંભળ્યાથી સમજાણું એમ કહેવામાં આવે છે. કથન જ કોઇ એવી જાતના બધા. કહ્યું નહિ એક ફેરી પરમ દી' કહ્યું'તું ને! ધરમદાસ ક્ષુલ્લક કહે છે, 'આચાર્યોના કથનો ઇ હાથીના બહારના દાંત બીજા અને ચાવવાના બીજા' એમ વ્યવહારના કથનોના પાર નહીં. હાથીના બહારના સોનાના ખોળા ચઢાવવા જેવા. ચાવવાના બીજા છે અંદરના નિશ્ચય અભિપ્રાયના. એને ન સમજે અને વ્યવહારના કથનો બધાં આવે.

જુઓ ભાઇ! આ રાણીએ પ્રભાવના નહોતી થઇ ત્યાં સુધી રથ નહોતો હાલ્યો. જ્યાં ભાવ આવ્યો ને એને મદદ કરી કોઇ રાજાએ કે કોઇ દીકરાએ ફલાણું આમ રથ હાલ્યા. ભાવ આંહી આવ્યો ને રથ એના લઇને હાલતો હશે? પરદ્રવ્ય હાલતા હશે આને લઇને? ભાવ આવ્યો આને પ્રભાવનાનો એટલે ઊંડડ રથ હાલતા હશે? અરે સાંભળને! રથ તો એને કારણે હાલે(ચાલે) છે. સૌભાગ્યચંદજી! ભારે વાત ભાઇ! આમાં. એને એમ માની બેસે કે આ પ્રભાવનાનો ભાવ રાણીને આવ્યો માટે પ્રભાવના થઇ નહિતર અટકી થી. ઇ અટકી થી, ઇ વાતે ખોટી ને થઇ ઇ વાતે ખોટી. આહાહા! સમજાણું કાંઇ? પોપટલાલભાઇ! બહુ વાતું જુદીયું છે આ તો! સમજાય એવી છે. નથી સમજાય એવી નહીં. તો સમજાય એવી હોય ત્યારે આ તો વાત કહેવાય છે ને! ન સમજાય તો લાકડાને કહેવાય છે કાંઇ?

આત્માને કહેવાય છે કે સમજ! શું? પરદ્રવ્યના ગ્રહણ ત્યાગના કથનો શાસ્ત્રમાં આવે, અને ઇ રીતે ''**ગ્રહણ ત્યાગ જો આત્મામાં....**'' સાચી રીતે હોય, ''**તો આત્મા પરદ્રવ્યનો કર્તા હર્તા થઇ જાય....**'' તો આત્મા પરદ્રવ્યનો કર્તા હર્તા ત્રણકાળ ત્રણલોકમાં છે નહીં. સમજાણું? કોઇ દ્રવ્ય, ઇચ્છા થઇ કે આમ હળવે બોલવું, ઇચ્છા થઇ જોરથી બોલવું, કાલ બોલતા'તા કો'ક જોરથી બોલો, હળવે બોલો એમ કો'ક બોલતું'તું,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આંહી હું સાંભળતો'તો. એનો અર્થ કે એવી ઈચ્છા થાય, પણ ઈચ્છા થઈ માટે જોરથી બોલાય અને ઈચ્છા થઈ માટે હળવે હળવે બોલાય એવા કથનો શાસ્ત્રમાં આવે, એને એમ માની લ્યે, 'મારી ઈચ્છા થઈ માટે હળવે-ધીમેથી હું બોલું, તાણીને હું બોલું, ભાઈ મને સમજાય એવું તો બોલો.' ત્યાં ઓલો તાણીને બોલે એટલે ઈચ્છાને લઈને તાણીને બોલાણું હશે? ત્રણકાળ, ત્રણલોકમાં એમ બનતું નથી.

ભારે, ભારે ફેર ભાઈ આમાં! આ રીતે આમ ધબાક મારે છે, કેવી મારે છે જુઓને! શરીર પાતળું પણ આમ ધબાક આહા! કે હાલને આ છે શરીરની. તારાચંદજી! શરીર તો પતલા હૈ પણ ધમાલ બોલાવે આમ. ઈ તો એને કારણે છે. ઈચ્છા થાય, વૃત્તિ થાય પણ વૃત્તિ થઈ માટે ત્યાં આમ હાલે છે એ પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ આત્મામાં હોય તો આત્મા પોતાનું સ્વરૂપ ચૂકીને પરમાં પેસી જાય ને પરનો થતાં પોતે રહે નહીં માટે પરના ગ્રહણ ત્યાગ આત્મામાં છે નહીં. આવા તો બધા સવારથી સાંજ સુધી ઘણા દાખલા ને આટલું ખાય ને આ ખાધું ને આ પીધું ને આ મૂક્યું ને 'આજ મારે ચૌવિહારો અપવાસ કરવો છે, મારે પાણી રાખીને છૂટ કરવી છે, પાણીની છૂટ રાખીને કરવો છે. ઢીંકણું કરવું છે. આજ મારે બે જ કોળિયા ખાવા છે' ફલાણું પણ ખાય કોણ ને મૂકે કોણ? રાગની મંદતાની ક્રિયા કાળે આવું ભજી જાય છે તેથી કથન શાસ્ત્રમાં નિમિત્તના આવે એ બધા અભૂતાર્થ નયના કથન છે, ઈ સાચી દૃષ્ટિના કથનો નથી. ટૂંકા સમજવા માટે એવા કથનો આવ્યા વિના રહે નહીં.

કેમ કહ્યાં? કહ્યાં છે કોણે? કહ્યાં છે કોણે? એ ટાણે વાણીનો એવો જ યોગ હતો તે પ્રમાણે આવી જાય. આહાહા! સમજાણું કાંઈ? લ્યો, ''**વ્યવહારનય અસત્ય અર્થને કહે છે....**'' લ્યો, ચાલો ઈ તે નયનું જ્ઞાન, ઓલો અસત્ય અર્થને કહેતું હશે? ભાષા કરતું હશે? નયનું આંહી જ્ઞાન થયું એ અસત્ય અર્થ ભાષા નીકળતી હશે? નેમીચંદજી! વીર... વીર પરમાત્મા ત્રિલોકનાથ જેને સર્વજ્ઞ પદ થયું, જોયું કે કોઈ પરમાણુ કોઈને હાથને અધિકાર છે નહીં. અનંતા દ્રવ્યો પોતાના અસ્તિત્વમાં રહી પોતાના પર્યાયરૂપી કાર્ય કરી રહ્યા છે, એના પર્યાયના જવા આવવાના કાર્યમાં બીજા કોઈ દ્રવ્યનો અધિકાર, સ્વામીપણું હોય તો ઈ ચીજ જડની સ્વ થાય આત્મા તેનો સ્વામી થઈ જાય. એનો સ્વામી આત્મા થાય તે જડ થઈ જાય. સમજાણું કાંઈ? આત્મા... ''**કોઈ દ્રવ્ય-કોઈ દ્રવ્યને આધીન નથી....**'' જુઓ, કોઈકમાં પાછા તો દરેક લીધાં હોં! એક પરમાણુ, બીજા પરમાણુને આધીન નથી. આહાહા! એક વિચાર આવ્યો હતો આ લીમડો... કેર દેખીને ઉપર લીમડાની ટોચનો એક રજકણ નીચલા પરમાણુને આધારે નથી. એ રજકણ પોતાને કારણે આમ... આમ ફરે છે. પવન માટે આમ

ફર્યો કે નીચે પાંદડુ માટે છલ્લો રજકણ પણ પાંદડાનો એને આધારે રહ્યો (નથી). નિરાવલંબી તત્ત્વ કોઇ દ્રવ્યને કોઇને આધારે છે જ નહીં. સમજાય છે કાંઇ ?

એમાં ક્ષણે ને પળે ધર્મી નામ ધરાવે અને આ 'મેં મૂક્યા ને આ મેં છોડયા' - શાસ્ત્રમાં એમ આવે છે કે એક જણો કહેતો હતો લ્યો, 'ભગવાને કપડાં ઊતાર્યા છે' સમજ્યાને કથાનુયોગમાં આવે છે. કોણે ના પાડી પણ, ઊતાર્યા ને છોડયા, પહેર્યા ને છોડયા બેય આત્માના અધિકારની વાત નથી. શું આત્મા કપડું પહેરી શકે છે ? આત્મા પહેરી શકે તો ઊતારી શકે. ત્રણકાળમાં પહેરી શક્તો નથી ઊતારી શક્તો નથી. સમજાણું કાંઇ ? પણ જ્યાં પહેરવાનો વિકલ્પ હતો અને છોડવાનો વિકલ્પ હતો એમાં આ ગ્રહણ ત્યાગ ભજ્યું, 'એને છોડયા મૂક્યા' એમ વ્યવહારના કથનમાં અસદ્ ઉપચારથી કથન આવ્યા છે. એને એમ માની લ્યે કે નક્કી એણે ગ્રહણ ત્યાગ કર્યો છે, તો જૈનની આજ્ઞાથી બહાર વીતરાગનો વેરી ઊભો થયો છે. આહાહા ! સમજાણું કાંઇ ? ''**એ આત્મા તો પોતાના રાગાદિ ભાવ તેને છોડી વીતરાગ થાય છે....**'' દેખો... શું કહે છે ? અવ્રતનો તીવ્ર રાગ હોય ઇ છૂટે ને રાગ વ્રતનો મંદ રાગ થાય. મંદ રાગ થતાં આમ આમાં રાગની જરી સ્થિરતા પણ શુદ્ધતા થાય. એ રાગાદિ ભાવ દ્વેષાદિ ભાવ છે તેને છોડીને ઇ આંહી સમજાવવું છે એટલે ખરેખર તો એને છોડતો નથી.

એ તો સ્વરૂપમાં, ચિદાનંદ પ્રકાશની મૂર્તિનું ભાન થયું, કે એ આત્મા રજકણનો કર્તા-હર્તા ગ્રહણ ત્યાગ નથી. અને એમાં રાગ જરી દયા, દાન, ભક્તિનો, શ્રદ્ધાનો, વ્યવહારનો આવે, એ પણ એની ચીજને લાભદાયક નથી ને એની ચીજમાં એ નથી. એવું ભાન થયું પછી એમાં ઠરતાં રાગ છૂટી જાય છે. ઠરતાં રાગ છૂટી જાય છે 'એને છોડીને' એમ વ્યવહારના કથનો આવ્યા છે. પણ આંહી કેવું કહેવું છે ઓલા પરદ્રવ્યથી હઠાડવો છે એટલી અપેક્ષાએ કહ્યું કે પરદ્રવ્યનું ગ્રહણ ત્યાગ નથી, પણ તીવ્ર રાગ ઘટાડીને મંદ રાગ થયો, મંદ રાગ ઘટાડીને વીતરાગતા થઇ એ એના અધિકારની વાત છે, પણ મંદ રાગ તીવ્ર રાગ હતો એટલે ખાવાની ક્રિયા, હિંસાની ને વ્યાપારની ને ધંધાની ને લીલોતરી તોડવાની બાકીના ભોગની બધી હતી. માટે એ અશુભ રાગ ઘટાડે તો ઓલી ક્રિયા ઘટે એમ જે કથન આવે ઇ વ્યવહારના કથન છે. ઇ અશુભ રાગ હતો માટે એવી ક્રિયા હતી, અને અશુભ રાગ ઘટી ગયો એટલે બ્રહ્મચર્યની ક્રિયા દેહમાં થવા લાગી - એમ છે નહીં. સમજાણું કાંઇ ? બ્રહ્મચર્યનો શુભ ભાવ થયો માટે સ્ત્રીના સંગ છૂટયા એમ જે કહેવામાં આવે એ બધા વ્યવહારના કથન છે, એમ છે નહીં.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરદ્રવ્યનો ગ્રહણ ત્યાગ એ રીતે આત્માના અધિકારમાં ત્રણકાળમાં જ્ઞાની કે અજ્ઞાનીને છે નહિ. કરે શું? ભગવાન આત્મા પોતાના રાગદ્વેષ, વિષય વાસના એને છોડી વીતરાગ થાય. સ્વભાવની દ્રષ્ટિ કરીને સ્થિરતા થાય, ''**તેથી નિશ્ચયથી વીતરાગ ભાવ જ મોક્ષમાર્ગ છે....**'' ખરેખર તો પર વસ્તુનો ગ્રહણ ત્યાગ નહિ, અને ગ્રહણ ત્યાગ વખતે ઓલો રાગ તીવ્ર હતો અવ્રતનો છૂટીને મંદ થયો આ એ નહીં. આહાહા! વ્રત અહિંસા, સત્યદત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો વિકલ્પ એ મોક્ષમાર્ગ નહીં. ધર્મ માર્ગ નહીં. ધર્મનું કારણ નહીં. ઓહોહો! અત્યારે જગતને એટલો ફેરફાર પણ હવે દિશા મોડ થયો છે. એક પંડિત કહે છે કંઇ. હવે હળવે હળવે હવે લોકો વિચારમાં આવતા જાય છે. ઝૂકતા જાય છે કે માળી વાત સાચી લાગે છે, બાકી ગપ્પે ગપ્પા ચાલ્યા છે અત્યાર સુધી. ''**ખરેખર વીતરાગ ભાવ જ જુઓ....**'' 'ભાવ જ' એમ નહીં. કે 'વીતરાગ ભાવ એ મોક્ષમાર્ગ ને વ્યવહાર ને રાગભાવ એ મોક્ષમાર્ગ' તો અનેકાંત થાય એમ છે નહીં. ત્યાં વાંધો ઊઠાવે છે ને અનેકાંત માર્ગ છે. અનેકાંત માર્ગ અનેકાંત એટલે શું પણ? આ વીતરાગ ભાવ તે મોક્ષમાર્ગ છે અને ઓલો વ્રતનો રાગભાવ આવ્યો અશુભ રાગ છૂટયો ને રાગભાવ આવ્યો, એ પણ મોક્ષમાર્ગ છે નહીં. એને અનેકાંત કહેવામાં આવે છે.

વ્યવહારના, ક્યાં ગ્યા બાબુભાઇ? ગ્યા? ગ્યા. ઠીક. બાબુભાઇ ફતેહપુર! ગયા હશે. કહો સમજાણું કાંઇ? એ તો ગુજરાતમાં જરી પ્રચાર છે ને એનો ઘણો છે, અને ટાઢો માણસ છે, ત્યાં એને આ વ્યવહાર નિશ્ચયની શૈલીમાં આ શું હતું આમાં એ જરી કે આ એક કોર વ્રતાદિના પરિણામની વાત કરે છે ને એક કોર પરદ્રવ્યના ગ્રહણ ત્યાગની વાત કરે છે, પણ પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ વખતે જે પરિણામ વર્તતા હતા, શુભ અશુભના, એ પણ બંધ માર્ગ છે. અને ગ્રહણ ત્યાગ પરનું તો આત્મામાં છે નહીં. પછી લેશે કે વ્રતાદિ પરિણતિ તે કાંઇ મોક્ષમાર્ગ નથી. આગળ લેશે, પછીના પાને લેશે આગળ. સમજાણું કાંઇ? વ્રતાદિ પરિણતિ મટી કેવળ વીતરાગ થાય ત્યારે હા ઇ આગળ લેશે પહેલા પછી સમજાણું કાંઇ? પછીને પાને છે ભાઇ તે બસો ૨૫૮ જુઓ. ૨૫૮માં જુઓ ઓલો કહે છે ''**હું (અમે) વ્રતાદિ છોડી દઈશું. ત્યારે કહે, વ્રતાદિ પરિણતિ મટી કેવળ વીતરાગ ઉદાસીન તારો ભાવ થવું, બને તો ભલે તેમ કર....**'' એ ત્રીજો પેરેગ્રાફ અથવા ઉપરથી બીજા પેરેગ્રાફની ત્રીજી લીટી હેઠે જુઓ ''**વ્રતાદિ પરિણતિ મટી....**'' એટલા પેરેગ્રાફથી હેઠેથી ચોથી લીટી. ''**વ્રતાદિ પરિણતિ મટી કેવળ વીતરાગ ઉદાસીન થવું બને તો ભલે કર પણ નીચલી દશામાં એમ થઇ શકે નહીં....**'' સમજાણું કાંઇ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્રત અવ્રતના પરિણામ કાળે પરપદાર્થના સંયોગ-વિયોગનો કાળ બન્યો એને લઇને એનો ધણીપતિ થાય, કે મેં સંયોગ આટલો સેવ્યો ને આટલો વિયોગ સંયોગનો કર્યો, એ વાતમાં માલ કાંઇ નથી. મોટુ મિથ્યાત્વનું ભ્રમણાપણું છે. દિગંબરમાં જનમ્યા છતાં પણ આ શ્રદ્ધા એવી રાખે, તો એ મિથ્યાદ્રષ્ટિ ને મૂંઢ છે. એના વ્રત ને તપ ને ત્યાગ બધા એકડા વિનાના ચકરડા ગોળ ચકરડા છે. સમજાણું કાંઇ? ''**ખરેખર! વીતરાગ ભાવ જ મોક્ષમાર્ગ છે....**'' હવે વાત જરીક કરે છે. વીતરાગ ભાવોને, વીતરાગ ભાવ એટલે? આત્મા અખંડ શુદ્ધ ચૈતન્ય, પુણ્ય-પાપના રાગ રહિત વ્રત ને અવ્રતના રાગ રહિત, વ્રતનો ભાવ શુભ છે ને અવ્રતનો ભાવ અશુભ. બેયના વખતના સંયોગ - વિયોગના લક્ષ છોડી, અને જે વ્રત-અવ્રતના પરિણામ થયા, આ એ પણ મોક્ષમાર્ગ નથી, વ્રતના પરિણામ પણ. ઓહોહો! આંહી તો સાધારણ વ્રત જ્યાં હજી ઠેકાણા વિનાના ત્યાં તો હજારો રૂપિયા ખરચ્યા. પાંચ-પચાસ હજાર ખરચ્યા, લાખ ખરચ્યા, ધૂળ છે બધા પાપ છે. સમજાણું કાંઇ? દુર્ગાદાસજી ક્યા હૈ! આવી વાત છે લ્યો.

એકદમ સાધુ થઇ જાવું છે, સાધુ થઇ જાવ. લુગડાં ફેરવ્યા, હવે લુગડાં તો બધા ઓલા ચારણે ફેરવીને આવે છે. લુગડાં ફેરવવાનું ભગવાને કહ્યું નથી. ઇ તો વાત હાલી(ચાલી). લુગડાં ફેરવવાની વાત વીતરાગે કહી નથી. ફક્ત અશુભરાગ ફરતાં, શુભરાગ આવે ત્યારે લુગડાં ફરી જાય એને ફેરવે છે એમ કહેવામાં આવે છે. આહાહા શું થાય! સમજાણું? એમ કહેવામાં આવે 'ભગવાનની ભક્તિ વખતે અશાતના ન કરશો. કોઇ એવી નાકમાં મેલ ન કાઢશો, ફલાણું ન કરશો, ઢીંકણું...' એમ જ આવે ને વ્યવહારના કથનમાં ત્યાં 'અશાતના ન કરશો, આમ ન કરશો' તે કોણ મેલ કાઢી શકે છે? તે કોણ મેલ તોડી શકે છે? આરે! આ, પણ જ્યારે બહુમાન ભગવાનનું વર્તે છે એટલો ભાવ વખતે આવી ક્રિયા ન હોય એ આણે ન કરી એમ કહેવામાં આવે છે... પણ એણે ન કરી એમ માની લ્યે, કે મેલ મેં સાફ કરીને હું બીજો મેલ મેં સાફ કર્યો, મૂંઢ છે. ભારે વાતું પણ આ તો! સમજાણું કાંઇ?

પગરખાં કાઢીને જાવું અંદર, પગ ધોઇને જાવું એમ આવે કથન લ્યો. પગરખાં કાઢી શક્તો હશે આત્મા? અને પગ ધોઇ શક્તો હશે આત્મા આમ પાણી નાંખીને, ઇ તો જડની ક્રિયા પરની છે થવાની છે તે થાય છે, પણ ભગવાનના બહુમાનના કથનમાં જ્યારે એવું આવે, ભગવાન પાસે જતાં ધર્મીને આવું હોઇ શકે નહીં. જોડા નહીં, અધિકરણ નહીં, શસ્ત્ર-હાથમાં તલવાર કાઢી લઇને ભગવાન પાસે દર્શનમાં ન જવાય. એ ત્યારે તલવાર લઇને ન જવાય તો તલવાર છોડીને જવાય તેમાં અધિકાર હશે? સમજાણું કાંઇ? એનો અર્થ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે ભગવાનની ભક્તિ કાળે એના શુભ ભાવ એવા હોય કે આવી જાતના ઉપર લક્ષ ન હોય એવા જોડાં ને ચામડાં ને ફલાણાનું લક્ષ છોડાવવા આવા કથન કર્યા, પણ એણે ગ્રહણ ત્યાગ કર્યો છે આત્માએ, હથિયાર ઝાલતો હતો ને હથિયાર છોડયો એ આત્મામાં મિથ્યાદ્રષ્ટિપણું ઈ માને... ઈ માને. સમજાણું કાંઈ ? બહુ વાતું પણ ફેર.

આ લખાણ શાસ્ત્રમાં લખ્યા છે, ભઈ લખ્યા છે પણ કઈ નયના કથન છે ? એક એક ગાથાનાં પાંચ અર્થ થાય શાસ્ત્રમાં એમ કહે છે. કોઈ પણ વાક્ય હોય એનો શબ્દાર્થ થાય, એનો નયાર્થ થાય, કયા નયનું વાક્ય છે એમ આચાર્યે સાથે કહ્યું છે એમ જોવું જોઈએ, અને તે આગમાર્થમાં શું લાગુ પડે એમ જોઈએ. અન્ય મતાર્થમાં શું લાગુ પડે એમ જોઈએ અને તાત્પર્ય આનું શું છે એ લાગુ પડવું જોઈએ. એક એક શ્લોકના પાંચ પ્રકારે અર્થ થવા જોઈએ. એમ ને એમ વાંચ્યે જાય ને 'આ છે ને આ લખ્યા છે ને આ લખ્યા આ લખ્યા', બધા લખ્યા સાંભળને હવે ! સમજાણું કાંઈ ?

ઓલો દાખલો એક આપે છે ને ઓલો કે એક હતું શંકરનું દેવળ શંકરનું દેવળ ને શંકરના દેવળનું ઈંડુ હતું મોટું. એની જોડે એનો બાપ દીકરો અહીં રહેતા. પચ્ચીસ લાખ-પચાસ લાખ નાંખ્યા એમાં. છોકરો બહુ સાધારણ હતો એટલે પચાસ લાખ દાટયા ફળિયામાં લખ્યું કે શંકરના દેવળના ઈંડા હેઠળ મેં પચાસ લાખ દાટયા છે. છોકરો મોટો થાય તો અહીંથી કાઢવા. સમજાણું કે નહીં ? ને ચૈત્રસુદ આઠમના આઠ વાગે સૂર્યનો જ્યાં આવે ત્યાં મેં ત્યારે દાટયા છે. બાપ મરી ગયા, પૈસા ન મળે. શોધવા મંડયો એનું ફળિયું, પણ ઈંડુ, ઈંડુ શંકરનું દેવળ લઈ લીધું. શંકરનું આખું દેવળ લઈ લીધું. લાવને હવે પચ્ચીસ લાખમાં મળ્યું હોય તો પચાસ લાખમાં એને નીકળે ખોદયું એને હેઠે પણ કાંઈ ન મળે. ઈંડુને હેઠે ખોદયું, હેઠે કાંઈ ન મળે. આ શું ? એના મિત્ર પાસે ગયો કે 'બાપુજી તમે મારા બાપાના મિત્ર છો, એને આમ લખ્યું છે' 'એ બાપા, તું સમજ્યો નહિ એ ઈંડાની છાયા ચૈત્રસુદ આઠમની તારા ફળિયામાં જ્યાં પડે, એટલા હેઠે દાટયાં છે એમ લખ્યું છે.

નરભેરામભાઈ ! તારો બાપ એવો નહોતો ગાંડો કે કો'કના ઘરમાં દાટવા જાય. શંકરના દેવળમાં દાટવા જાય ત્યાં એના ઈંડાના હેઠે ?' 'ત્યારે આમાં લખ્યું છે ને ?' 'લખ્યું છે આ આશય છે'... કે એ શંકરનું દેવળ છે, આમ તારું ઘર આમ છે આઠ વાગે સૂર્ય આવે ફળિયામાં જે તડકો જેટલામાં પડે આ એને હેઠે જ્યારે ખોદયા ત્યાં પચાસલાખ નીકળ્યા. લખ્યાના આશય સમજ્યા વિના પોતાની મેળે એ અર્થ કરે, સૌભાગ્યચંદભાઈ ! અહીં આવું થાય. પચાસહજાર-લાખનું ઓલું લીધું ને બધું ગયું. કો'કના શંકરના દેવળ ખોદીને, ખોદવા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માટે. આંહી કહે છે. ખરેખર! વીતરાગના ચારે અનુયોગ શાસ્ત્રની અંદર, પુણ્ય ને પાપના, શુભ ને અશુભ ભાવ રહિત આત્માના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા, એવો વીતરાગ ભાવ તે એક જ ધર્મનો માર્ગ-મોક્ષનો માર્ગ એક જ સંસારને તોડવાનો ઉપાય છે, ''**પણ વીતરાગ ભાવોને અને વ્રતાદિને કદાચિત્ કારણ-કાર્યપણું છે....**'' શું કહે છે આ?

આત્મામાં રાગરહિત શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા થાય, ત્યારે હજી અધૂરો વીતરાગ ભાવ હોય, ત્યારે એને વ્રતાદિના પરિણામ નિમિત્તરૂપે કારણરૂપે હોય. અને પૂર્ણ વીતરાગ હોય ત્યારે હોઇ શકે (નહીં.) એટલે કહ્યું, ''**વીતરાગ ભાવો ને વ્રતાદિને કદાચિત્....**'' કદાચિત્ એટલે જ્યાં સુધી આત્માની વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન રમણતા ઓછી હોય, ત્યારે વ્રતાદિના નિમિત્તના પરિણામ હોય એને વ્યવહારે કારણ કરીને કથન કરવામાં (આવે), પણ જ્યારે વીતરાગતા પૂર્ણ થઇ ત્યારે તો એ રાગ ને મંદતા હોઇ શક્તી (નથી). એટલે વીતરાગ ભાવની પર્યાયને, આત્માના સ્વભાવની શુદ્ધતાની શ્રદ્ધા જ્ઞાન ને રમણતાને, અને નીચલી દશામાં કદાચિત્ વ્રતાદિના પરિણામ, રાગની મંદતાના પરિણામ એને વીતરાગ કાર્ય છે ને વ્રતાદિના પરિણામ કારણ નિમિત્તરૂપ છે. વ્યવહાર કારણરૂપ છે એમ કહેવામાં આવ્યું છે. કદાચિત્ સમજતે હૈ? વીતરાગ પૂર્ણ, વીતરાગ ભાવને અને એને નિમિત્ત હોય તો કેવળીને પણ વ્રતના પરિણામ હોવા જોઇએ, પણ નીચલી દશામા જ્યાં હજી વીતરાગ ભાવ પૂરો થયો નથી, એવે કાળે શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા પણ શુદ્ધ છે અને જરી વ્રતના, દયાના, દાનના શુભભાવ છે એને નિમિત્ત તરીકે કારણને કાર્ય ગણીને કથન કર્યું છે. ખરેખર! એ કારણ છે નહીં. એ તો પહેલા આવી ગયું છે. ''**બીજાના કારણે બીજાનું કાર્ય થાય ઈ વ્યવહારનયનું કથન, એમ માની લ્યે તો મિથ્યાત્વ લાગે છે....**'' કહો સમજાણું આમાં?

''**તેથી વ્રતાદિકને મોક્ષમાર્ગ કહ્યો....**'' તે નિમિત્ત દેખીને વીતરાગ શ્રદ્ધા જ્ઞાન ને રમણતા, વીતરાગ નામ અકષાય, આત્માનો અકષાય સ્વભાવ એની શ્રદ્ધા જ્ઞાન ને એકતા થઇ. પૂર્ણ એકતા નથી ત્યાં આગળ વ્રતાદિના પરિણામ, પંચ મહાવ્રતના મુનિને-સંતને આદિ હોય છે કે બારવ્રત આદિના પરિણામ શ્રાવકને હોય છે. ''**એથી તેને નિમિત્ત તરીકે, વ્યવહાર તરીકે વ્રતાદિને મોક્ષનો મારગ કહ્યો પણ તે 'કહેવા માત્ર છે' પણ તે કહેવા માત્ર છે....**'' એ મોક્ષમાર્ગ છે નહીં. ભાઇ, કહી નાંખ્યું પાછું, ઓલું કારણ કાર્ય ગણીને કીધું પણ ઈ ''**કહેવા માત્ર છે....**'' કારણ પણ ''**કહેવા માત્ર છે....**'' ભારે સંધિ કરી. 'કહેવા માત્ર છે' વસ્તુ તરીકે નહીં. આહાહા! પરદ્રવ્યનો ગ્રહણ ત્યાગ તો નહિ, પણ વ્રતના પરિણામ જે સમ્યગ્દષ્ટિને વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં સાથે હોય એને કારણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કીધાં વ્યવહારથી ઈ પણ કહેવા માત્ર. ખરેખર તો એ કારણ છે નહિ. વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રનું કારણ, કારણ પરમાત્મા છે પોતે. ઝીણી વાત. શ્રદ્ધાની ખબર ન મળે, સત્ય પરમેશ્વર ક્યાં પડયો છે, કઈ રીતે ખબર ન મળે ને એમને એમ હાંક્યે રાખે ને જૈન ધર્મ છે, જૈન ધર્મ છે એમ માને. સમજાણું કાંઈ ?

''**એ વ્રતાદિકને મોક્ષમાર્ગ કહ્યો, પણ તે કહેવા માત્ર જ છે....**'' ખરેખર વ્રતાદિ તે કારણ છે નહીં, એને કારણ કહેવા એ અભૂતાર્થ વહેવારનયના કથનો છે. આહાહા! કેટલું સ્પષ્ટ છે નવનીતભાઈ! આહાહા! ભારે સ્પષ્ટ. અધિકાર પણ બરાબર આજે જયંતિનો - ભગવાન કલ્યાણકનો દિવસ છે ને જુઓ આવ્યો છે લ્યો. ''**એ પરમાર્થથી બાહ્ય ક્રિયા કાંઈ મોક્ષમાર્ગ નથી....**'' બાહ્યક્રિયા એ રાગ વ્રતના પરિણામ પણ મોક્ષમાર્ગ નથી. એ તો રાગ છે વિકલ્પ છે. અહિંસા સત્યદત્ત બ્રહ્મચર્યનું પાળવું - એવી શુભ વૃત્તિ ઊઠે ઈ તો રાગ ઊઠે છે. સમજાણું કાંઈ ? કઠણ પડે હોં! નવા માણસને તો સાંભળવુંય કઠણ પડી જાય કદાચ. કોઈ દી' સત્ય વીતરાગ માર્ગ ચાલતો નથી અને આ વાત આવે એટલે એને એમ થાય કે અરર! આ તો બધું! ક્યૂં બાલચંદજી! ઈ પણ એમાં જ હતાં ને પહેલા તો. ''**બાહ્ય ક્રિયા કાંઈ મોક્ષમારગ નથી....**'' એ બાહ્ય ... બે વાત કરી. એક તો અશુભ ભાવ કાળે, હિંસા આદિની ક્રિયા જડમાં થતી તે પણ આત્માની નથી આત્મા કરતો નથી, અને દયાના પરિણામ વખતે સામો જીવ બચી ગયો અને ન મર્યો તે આત્માએ કર્યું નથી અને ભાવ જે દયાનો આવ્યો એ પણ ધર્મનું કારણ નથી. આહાહા! એ તો આસ્ત્રવ તત્ત્વ છે.

દયા ભાવ તે આસ્ત્રવ તત્ત્વ છે એ દયાભાવ, આસ્ત્રવ જો ધર્મતત્ત્વ હોય તો સિદ્ધમાં પણ હોવો જોઈએ. સિદ્ધમાં છે નહિ. એ તો પરમાત્મા થઈ ગયા. રાગ ઈ તો રાગ હતો. રાગનો અભાવ કરી સ્વરૂપથી વીતરાગ વિજ્ઞાનઘન થઈને સિદ્ધ થયા. ''**વ્રતાદિને મોક્ષમાર્ગ કહ્યો, પણ તે કહેવા માત્ર પરમાર્થથી....**'' જુઓ. ઓલો વ્યવહાર કહેવા માત્ર થયો. ''**પરમાર્થથી બાહ્ય ક્રિયાકાંડ મોક્ષમાર્ગ નથી એવું જ શ્રદ્ધાન કરવું....**'' આવી શ્રદ્ધા એણે પાકી કરવી. આનાથી વિરોધ કોઈ કહેતું હોય, કહેવડાવતું હોય, માનતો હોય, બધાની શ્રદ્ધા છોડી દેવી. ઓહોહો! સમજાણું કાંઈ ? એ વીરના મારગ વીરલા આદરી શકે. વીરના પંથ તો એ કાયરોને કંપાવી ઊઠે એવા છે. કાળજા કંપી ઊઠે વીરના આહાહા! હીજડા એ કાંઈ લડાઈમાં ન જઈ શકે. સમજાણું કાંઈ ? 'હીજડા' સમજતે હૈ ? વો પાવૈયા... પાવૈયા, હીજડા કહતે હૈ ને! નપુંસક પાવૈયા. શરીર બહુ ઓઢ્ઢું હોય હાળા હોં પણ એક છોકરો જો જુવાન મળ્યો રાડ નાંખી તો ભાગે. પાવૈયા તે ત્યાં કંઈ લડાઈમાં ઊભા રહી શક્તા હશે ? હીજડા.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ જેના વીર્ય ઊંધા છે બહાર 'પર પદાર્થને ગ્રહણ ત્યાગ કરી શકું છું' અને રાગની કંઇક ક્રિયા મંદ થાય તો ધર્મ થાય, એવા માનનારને હીજડા, નપુંસક શાસ્ત્રકારે કહ્યાં છે. સમજાણું કાંઇ ?

સમયસારમાં આવ્યું છે, સમયસારમાં આવ્યું. 'કલીબ', 'કલીબ' પાઠ સંસ્કૃતમાં કલીબ છે. શાસ્ત્રમાં તો બધા એકે એક બોલ છે કાંઇ ઘરથી આંહી વાત નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે 'કલીબ' વીર્ય તારું નપુંસક છે. તું પુણ્યના, દયા-દાનના પરિણામને ધર્મ માને છો હીજડો છો, પાવૈયો છો ધર્મને માટે, તને પુત્ર પ્રસવવાનું જનકપણું તને ભાન નથી. ચૈતન્યની પ્રજા જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ, એની પર્યાય પ્રગટ કેમ થાય એ તારી પાસે વીર્ય નથી, ઊંધુ વીર્ય છે તારું. સમજાણું કાંઇ ? કહે છે પરમાર્થથી વ્રત અને અવ્રત બેય પરિણામ બંધના કારણ છે. અવ્રતના પરિણામ પાપ છે અને વ્રતના પરિણામ પુણ્ય છે. બેય ધર્મ નથી અને એને ધર્મ કહે છે, કહેવડાવે, કહેતાને મદદ કરે, એ બધાં બહારવટિયાને રોટલા પૂરવા જેવા છે.

'બહારવટિયા' સમજતે હૈ ? ડાકુ, બહારવટિયા નહિ કહતે તુમ્હારે ? (શ્રોતા : ...) ડાકુ તુમ્હારે બહુ જોર છે ને અમારે દેવગઢ ગયા હતા ત્યારે હા તેત્રીસ પોલિસ હારે આવ્યા'તા. દેવગઢમેં ગયે થે ને દેવગઢમેં. આ હતાને અમારે શેઠ નેમચંદભાઇ, તેત્રીસ પોલીસ, કારણકે સંઘ મોટો, વળી ત્યાં ડાકુ મોટા, બહુ ડાકુ હતા સમજ્યાને ! પણ આહીં તો કોઇ નથી આવતા કોઇ નહિ હોં ! હેં ? (શ્રોતા : ...) હા, એમ જ હોય ને એ તો લૂંટે એ ડાકુ. આંહી પણ કોઇ નામ નથી લેતું. એક ડાકુની વાત ક્યાં કોઇ કરતા હતા ઓલા પણે ક્યાં દ્રોણગીરી.ત્યાંનો એક ડાકુ નીકળ્યો છે મહારાજ ! આપનું નામ સાંભળીને વેશ પલટીને દર્શન કરવા આવશે. આપણા સંઘનું નામ નહિ લ્યે. તમારું નામ એવું બહાર આવી ગયું છે કે વેશ પલટીને દર્શન કરી જશે પણ કોઇને લૂંટશે (નહીં). દ્રોણગીરી હતું ને દ્રોણગીરી ગયા હતા. સમજાણું કાંઇ ? પણ એવા કહે છે કે જૈન શાસનના ડાકુઓ રાગની ક્રિયા ને બહારની ક્રિયાને ધર્મ માને ને મનાવનારા એ જૈન શાસનના લૂંટારા છે. સમજાણું કાંઇ ?

આ એવું કહ્યું જુઓ ને ! ''**એવું જ શ્રદ્ધાન કરવું....**'' જો લખ્યું છે. ટોડરમલ તો પોકાર કરીને દાંડી પીટીને લખી ગયા છે જગત પાસે, એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ ... જુઓ હવે આવ્યું, ''**એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ વ્યવહારનયને અંગીકાર ન કરવો....**'' બીજે જ્યાં જ્યાં વ્યવહારના કથન આવ્યા હોય, ત્યાં ત્યાં પણ વ્યવહારનયને અંગીકાર ન કરવો એમ છાપ્યું છે ને ભાઇ ! ઇ... ઇ... ઠીક છે કરવો સમજી લેવું, લ્યોને એ આવી ગયું, વ્યવહારનયનો અંગીકાર કરવો સમજી એટલે વ્યવહારનયનું કથન કર્યું હોય ત્યાં એને જાણવું કે આ કથન એ જાતના ચાલે છે પણ આદરવું નહિ. કહો સમજાણું કાંઇ ? એ તો એમાં આવી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાય એમાં આવી ગયું ને. ''**અન્ય ઠેકાણે વ્યવહારનયનો અંગીકાર ન કરવો....**'' સમજી લેવું એનો અર્થ થઇ ગયોને, સમજી લેવું કે વ્યવહારનય અંગીકાર કરવા જેવી નથી. સમજાણું કાંઇ ?

આ તો જેને બાપા આત્માના ખેલ ખેલવા હોય અને સંસારના જન્મ મરણના દહાડા ટાળવા હોય, આ એની માટે વાત છે. બાકી બધી લહેરું કરે... કરે... બધા એકબીજા માખણ ચોપડે, હો...હો તમે ભારે ધર્મ કર્યા ઓલો કહે 'તમે બહુ ધર્મ સારો બતાવ્યો' ને એકબીજા માખણ એકબીજાને ચોપડે. 'માખણ' સમજતે હૈ ને ? 'માખણ' માખણ ક્યા ? મસકા, મસકા. આંહી તો કહે કે નહિ, ભગવાનની પાસે ભક્તિ ઇન્દ્રો આવીને કરે તો દેહની ક્રિયા. ઇન્દ્રો આવીને કરે એમ જે કહ્યું છે ખોટી વાત છે. શરીરની ક્રિયા આત્મા કરી શક્તો નથી ત્યારે તે વખતે ભક્તિનો રાગ હતો ને ! રાગ હતો પણ રાગ હતો માટે ક્રિયા થઇ છે એમ કહ્યું હોય તો એ વાત સાચી નથી અને રાગ હતો માટે અમારા જન્મ મરણના અંત થશે, હે નાથ ! 'તારી ભક્તિથી મુક્તિ થશે', એમ લખ્યું હોય તો સમજવું કે એમ છે નહીં. એ રાગ તો પુણ્યબંધનું જેમ વ્રતનાં પરિણામ પુણ્યબંધનું કારણ, એમ ભક્તિના પરિણામ પણ પુણ્યબંધનું જ કારણ છે. એમ અન્ય ઠેકાણે પણ વ્યવહારનયનું આ રીતે સમજવું લ્યો...

હવે બીજો પ્રશ્ન થશે કે ત્યારે આ વાત તો ઠીક પણ હવે પોતાને શું ? પરને ઉપદેશ કરવા માટે ત્યારે કાંઇ પોતાનું કાંઇ પ્રયોજન છે એમાં કાંઇ વ્યવહારમાં ? ઉપદેશ માટે તમારી વ્યાખ્યા થઇ, હવે પોતાના માટે વ્યવહારનય અંગીકાર કરવા ક્યાંય કાંઇ લાભદાયક છે કે નહીં ? એનો ખુલાસો કરશે...

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક

## પ્રવચન નં. ૨૦

## અધિકાર ૭મો

## સ્થળ:સુવર્ણપુરી તા.:૧૮.૦૪.૬૨ બુધવાર

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

સાતમો અધ્યાય છે આ. જૈનમાં જનમ્યા છતાં નિશ્ચય એટલે સાચું શું સ્વરૂપ અને વ્યવહાર એટલે આરોપિત કથન અને આરોપિત ભાવ શું છે એની ખબર વિના એકાંતમાં પોતાના મતને માને છે એ જૈનમાં રહ્યા સાધુ હો, ગૃહસ્થ હો તો પણ તે બધા મિથ્યાદષ્ટિ છે. મિથ્યા નામ પાપદષ્ટિ છે. એને ધર્મદષ્ટિની ખબર નથી એ વાત ચાલે છે. ત્રણ વાત આવી ગઇ. નિશ્ચય છે એ આત્માના મૂળ સ્વરૂપને બતાવે છે અથવા નિશ્ચય છે એ વીતરાગ ભાવને મોક્ષ માર્ગ તરીકે બતાવે છે. વ્યવહાર છે એ જીવને નારકી જીવ, મનુષ્ય જીવ આદિકથી નિમિત્તથી એને ઓળખાવે છે અને વ્યવહાર, નિશ્ચય મોક્ષમાર્ગ જે આત્માનો વીતરાગી અંતર જ્ઞાતા-દષ્ટાની દૃષ્ટિ એનું જ્ઞાન અને રમણતા એના સાથમાં વ્રત, નિયમ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ એને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવાય છે, પણ એ ખરેખર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોક્ષમારગ નથી. મોક્ષમાર્ગ તો અંતરનાં સ્વભાવમાં નિર્વિકલ્પ અનાકુળતાની પ્રતીત, જ્ઞાન અને રમણતા એવી અંતરદષ્ટિ અનુભવ સહિત સ્થિરતા એને જ ભગવાન એક સાચો મોક્ષમાર્ગ કહે છે, એમ વાત વર્ણવી.

ત્યારે શિષ્યનો **પ્રશ્ન** છે 'કે ''**વ્યવહારનય પરને ઉપદેશ કરવામાં જ કાર્યકારી છે કે પોતાનું પણ કાંઈક પ્રયોજન સાધે છે?**....'' એ તો તમે ઉપદેશવાની વ્યાખ્યા કરી. નારકી જીવ, મનુષ્ય જીવ આ વ્રત-નિયમનાં ભેદો, આ હોય ત્યાં વીતરાગ ભાવ અંદર હોય એમ સમજાવવાની વ્યાખ્યા તમે તો ઉપદેશની કરી. પણ આત્માને પોતાને કાંઈ વ્યવહારમાંથી પ્રયોજન સિદ્ધ થાય એવું કાંઈ છે? સમજાણું કાંઈ? વ્યવહારનય એટલે કે જે નિમિત્તથી સમજાવે, ભેદથી જીવને સમજાવે એવા એ વાત કાંઈ આત્માને પોતાને માટે કાંઈ વ્યવહારનય પ્રયોજનવાન, યોજનીય, કાર્યગત કાંઈ થાય એવું કાંઈ છે?

''**ઉત્તર: 'પોતે પણ જ્યાં સુધી નિશ્ચયનયથી પ્રરૂપિત વસ્તુને ન ઓળખે**....'' આમ વાત છે. નિશ્ચયથી કહેલો આત્માનો સ્વભાવ પરથી તદ્દન ભિન્ન છે. પોતાની જાત ત્રિકાળ શુદ્ધ ને આનંદ છે, એવા નિશ્ચય સ્વરૂપ કહેલી વાત, જ્યાં સુધી બરાબર ''**ન ઓળખે, ત્યાં સુધી વહેવાર મારગ વડે વસ્તુનો નિશ્ચય કરે**....'' વહેવાર માર્ગ વડે વસ્તુનો નિશ્ચય કરે એમ છે હોં. વહેવાર માર્ગ વડે નિશ્ચયની પ્રાપ્તિ થાય એમ નથી. જ્યાં સુધી પોતે નિશ્ચયનયથી આ આત્માની અંતર રૂચિ અને દૃષ્ટિની પરિપૂર્ણતા, શુદ્ધતા નિશ્ચયની ન પામે, ત્યાં સુધી વસ્તુને ઓળખવા માટે વ્યવહાર માર્ગ વડે વિકલ્પ દ્વારા વિચાર કરે. રાગ દ્વારા વિચાર કરે પણ વિચાર કરે કોનો? કે નિશ્ચય અભેદ છું તેનો. સમજાણું કાંઈ? નિમિત્ત દ્વારા નિશ્ચય કરે પણ નિમિત્તમાં સાંભળેલો નિશ્ચય કોનો? કે જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્ય અભેદ આનંદ છે એનો વહેવાર માર્ગ દ્વારા નિશ્ચય કરે તો તો એ વાત નીચલી દશા માટે કામની છે.

'**નીચલી દશામાં વ્યવહારનય પોતાને પણ કાર્યકારી છે**' આ માટે આ કારણે વહેવાર દ્વારા, વિકલ્પ દ્વારા, નિમિત્ત દ્વારા, ભેદ દ્વારા અખંડ જ્ઞાનમૂર્તિ શુદ્ધ એકલો ચૈતન્યપિંડ છે, એમ નિર્ણય વહેવારમાર્ગના  દ્વારા, દ્વારા કરે નિશ્ચય એનો. માટે ''**નીચલી દશામાં વહેવારનય પોતાને પણ**....'' આ રીતે વ્યવહાર દ્વારા, રાગ દ્વારા, વિકલ્પ દ્વારા, ભેદ દ્વારા નિશ્ચય જ્ઞાયકમૂર્તિ આનંદકંદ પરમાત્મા પોતે છે, એનો અનુભવ જ્યાં સુધી ન થાય, એ અનુભવ કરવાને નિશ્ચય કરવા માટે, વિકલ્પ દ્વારા તે મારગ ગ્રહણ કરે. ''**પરંતુ, જો વહેવારનયને ઉપચાર માત્ર માની જો તે દ્વારા વસ્તુનો બરાબર નિર્ણય કરે તો કાર્યકારી થાય**....'' એ વિકલ્પ આવે કે હું જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું, પરમાનંદ છું, પૂરણ છું, શુદ્ધ છું,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આનંદની નિત્યાનંદ મૂર્તિ છું. એવા વિકલ્પ દ્વારા, રાગ દ્વારા નિર્ણય કરે તો તો ઠીક પણ એ વ્યવહારને ઉપચાર માત્ર માને, એ રાગને તો ઉપચાર આરોપિત માત્ર માને, એનાથી નિર્ણય થાય છે અને અનુભવ થાય છે એમ નથી. સમજાણું કાંઇ ?

કષાયની મંદતા લોભ મંદ, માન મંદ આદિ રાગની મંદતા દ્વારા એનો અંતર્મુખમાં આ વસ્તુ એકલી જ્ઞાન ચૈતન્ય એક અભેદ પદાર્થ છે એના નિર્ણય કરવા માટે જો હોય તો તે એ અપેક્ષાએ વ્યવહારનય પ્રયોજનવાન એટલે કાર્યગત છે, પણ એને ઉપચાર માને, એમ નહિ કે એ રાગથી અને ભેદથી પણ એ વસ્તુ છે. રાગથી નિર્ણય કહ્યો એ રાગ પણ એક આત્માના સ્વભાવની ચીજ છે. ભેદ પાડતાં વિચાર કરે કે હું જ્ઞાન છું, દર્શન છું, આનંદ છું એવા ભેદ પાડીને નિર્ણય કરે, પણ ભેદને જ આખી ચીજ માની લે... સમજાણું કાંઇ ? એને જ સાધ્ય નિમિત્ત તરીકે સાધન છે એને જ ખરેખરું માની લે, ઉપચાર ન માનતાં, આરોપ ન માનતાં એ ખરેખર છે એમ માને તો, ''**વ્યવહારને ઉપચાર માત્ર માની તે દ્વારા વસ્તુનો નિર્ણય કરે....**'' બરાબર પાછો નિર્ણય હો જેવી વસ્તુ ચીજ છે સિદ્ધ સમાન એવો નિર્ણય કરે ''**તો કાર્યકારી થાય....**''

''**પણ જો નિશ્ચયની માફક વ્યવહારને પણ સત્યભૂત માની....**'' વસ્તુ તો સત્ય ત્રિકાળ આનંદકંદ સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ આત્મા છે એ સત્ય છે અને વિકલ્પ ઊઠે છે એને નિર્ણય કરવાનો એ ઉપચાર છે, ખરેખર ચીજ નથી પણ એને જ સત્યભૂત માને, એ રાગ આવે છે ને ? આવે છે ને ! હોય છે ને ! એના વિના થાય છે ? એમ માનીને રાગના ભાગ ઉપર બહુ જોર આપે એજ સત્ય છે અને એનાથી આત્માનો અનુભવ થઇ શકે છે એમ જો માને તો ઉલ્ટો અકાર્યકારી થાય. બહુ ઝીણી વાત ! સમજાણું કાંઇ ? ''**પણ જો નિશ્ચયની માફક વ્યવહાર....**'' નિશ્ચય સત્ય ત્રિકાળ અભેદ વસ્તુ તે સત્ય છે એનો આશ્રય કરાવવા માટે ભેદનાં કથનોથી એને સમજાવવા અને પોતે પણ ભેદ દ્વારા સમજવાનો પ્રયત્ન કરે, પણ ભેદને એ જ્ઞાન ને દર્શન ને આનંદ છું ને એવા ભેદો, વિકલ્પ આવ્યા એ પણ એક કાંઇક સત્ય છે, સત્ય પામવાને માટે એ પણ એક સત્યસાધન છે, એ પણ ખરું કારણ છે, ખરો ભાવ છે એમ માનીને રહે તો એને વ્યવહારનય સમૂળગો અકાર્યગત થાય. નિશ્ચયનો લાભ થાય નહિ ને પુણ્યબંધમાં અટકીને ચાર ગતિમાં રખડે.

ઓહોહો ! આ વાત તો ક્યાં અત્યારે ! આંહી તો હજી તો બહારનાં નિયમ ને વ્રત ઠેકાણાં વિનાના હોં ! અહિંસા, સત્યદત્તનાંય ઠેકાણા ન મળે એને માની બેસે કે અમે સાધન કરીએ છીએ અને અમે એનાથી નિશ્ચયને પામશું. અમે ધર્મને પામશું એમ છે નહીં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઇ ? સમજાય છે કે નહિ આમાં રમણીકભાઇ ? આમાં સમજાય છે કે નહિ કે પૈસામાં ? (શ્રોતા : ...) સમજાય છે કે નહિ પૈસા હારા(સારા) છે એવી મમતાનું એમ. સમજાણું આમાં નેમચંદભાઇ ? ભગવાન આત્મા ! એક સેકંડના અસંખ્ય ભાગમાં સિદ્ધ સમાન પૂરણ શુદ્ધ ચૈતન્યદળ છે. 'દેહ ભિન્ન, કેવળ ચૈતન્યનું જ્ઞાન'. દેહ ભિન્ન કેવળ ચૈતન્ય એકલો ગોળો છૂટો પડે એના ભાન માટે આ પહેલા વિકલ્પો અને ભેદ દ્વારા વિચાર થાય, સમજાય છે કાંઇ ? પણ એ ભેદને, વિકલ્પને પણ સાચું સત્ય માનીને ત્યાં અટકે, તો એને વહેવારનય એકલા બંધનું કારણ થઇને રખડાવે છે, એમાં કાંઇ આત્માનો લાભ થતો નથી. કહો નેમચંદભાઇ !

''**પણ જો નિશ્ચયની માફક વહેવારને પણ સત્યભૂત માની, વસ્તુ આમ જ છે**....'' એ વ્યવહારથી પણ અંદર પામી શકાય, એ વ્યવહાર પણ સાચો છે, ભેદ પણ સાચો છે, રાગ આવે વિકલ્પ દયા, દાનનો રાગ કે વિચારનો આંહી તો, એ વ્યવહાર પણ સાચો છે એમ માનીએ તો સમુચી મૂંઢતા વધી જાય. આહાહા ! સમજમેં આતા હૈ દુર્ગાદાસજી ! જુઓ આ ધર્મ, વ્રત, નિયમ તો ક્યાં હતા હવે ? હજી દર્શનની ખબર ન મળે, સમ્યગ્દર્શન કોને (કહેવાય ?) હાલો(ચાલો) દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, જાઓ સમ્યગ્દષ્ટિ છે આ બધા શેઠિયાને ભાન ન મળે સાંભળનારને, જય નારાયણ ! નરભેરામભાઇ ! (શ્રોતા : ...) ખરચ - બરચ તો હોતા હૈ ઓ હોતા હૈ ક્યા કૌન કર શક્તા હૈ ? શેઠિયા પાંહે (પાસે) ખરચ કરાવવો એમ. કોણ કરતે હૈ ખરચ-બરચ, ઓ તો હોતા હૈ... ઓ હોતા હૈ. અંદર રાગકી મંદતાવાળા જીવ હોય તો ઐસા પરિણામ ઉસકો આતા હૈ. બહારની પ્રભાવનામાં એ નિમિત્ત, એ પણ વસ્તુ નહીં. આહાહા ! સમજાય છે કાંઇ ?

અરે ! જેને જનમ-મરણના અંત લાવવા છે, જેને ભગવાન આત્માનો અનુભવના... અનુભવના પાતાળમાં જઇને તેની પ્રાપ્તિ કરવી છે. સમજાણું કાંઇ ? જેને જ્ઞાન અનુભૂતિ ચૈતન્ય આત્મા પૂર્ણાનંદ જેના ભાનમાં પરમેશ્વર રૂપ આવી જાય એવો જેને સાક્ષાત્કાર આત્માનો સમ્યગ્દર્શનથી કરવો છે, એને વહેવાર પહેલાં આવા આવે ખરા કહે છે વિકલ્પો, પણ એને જ સત્ય માનીને બેહી(બેસી) જાય અને એનાથી પમાશે તો ત્યાંને ત્યાં અટકીને ચાર ગતિ અનંતકાળથી રખડી રહ્યો છે. સમજાય છે કાંઇ ? સમજમેં આતે હૈ ? જામનગર. સમજાણું કાંઇ ? આ વસ્તુ છે પરમાણુ અને આ રજકણેય રજકણથી પાર, અસ્તિ તત્ત્વ છે ચૈતન્ય. અને એ તત્ત્વમાં અનંત અનંત બેહદ આનંદ, જ્ઞાન, શુદ્ધતા, સ્થિરતા એટલે ચારિત્ર એવી શક્તિઓ અનંત છે. એનું એકરૂપ આખું છે સામાન્ય. એવાના અનુભવને માટે, નિશ્ચયની પ્રાપ્તિ માટે, આવા વિકલ્પમાં પોતાના કાર્ય માટે વિકલ્પો આવે. ભેદનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિચાર પણ આવે. આ વસ્તુ જ્ઞાન છે, આ દર્શન છે, આનંદ છે પણ એના દ્વારા એને છોડીને અંતર, અનુભવનો નિર્ણય કરે તો એ વ્યવહાર કાર્યગત વ્યવહારથી છે એમ કહેવામાં આવે છે. વ્યવહારે કાર્યગત વ્યવહારથી છે એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઇ?

પણ એ બધી કષાયની મંદતાની ક્રિયા અને વિકલ્પ ને ભેદ એ પણ એક ચીજ છે. એ પણ એક ચીજ છે. આરોપિત અને ઉપચારિત પણ એક ચીજ છે એમ માનીને, કોથળાને ચોખા માની લે, ચાર મણ ને અઢી શેર ચોખા તોળાય ગુણ ભેગી ચાર મણ ચોખા અને અઢી શેર કોથળો ભેગા તોળાય એ કાંઇ ખાવામાં ન કામ આવે કોથળા. સમજાણું કાંઇ? કોથળા દ્વારા ચોખા છે આટલા એવો નિર્ણય કરી લે, તો તો ઠીક પણ કોથળો જ ચોખા છે. એમ ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ, એના પૂર્ણ આનંદના અનુભવને માટે, એના સાક્ષાત્કાર માટે, દેહ અને રાગથી ભિન્ન થવામાં, આવા ભેદના વિકલ્પ દ્વારા છૂટીને નિશ્ચય કરે, તો તો તે વ્યવહારને વ્યવહારથી પ્રયોજનવાન છે એમ કહેવામાં (આવે). પણ નિશ્ચયની માફક, એ સાચું છે ને વહેવાર સાચો છે ને! નથી... નથી! છે એ કોણ ના પાડે? પણ છે એ આત્માના અનુભવને માટે સાચો નથી લે કહે. સમજાણું કાંઇ?

ભગવાન જ્ઞાનની મૂર્તિ એકલો ચૈતન્ય કેવળજ્ઞાનનો પિંડ છે એ તો આત્મા. એવા કેવળજ્ઞાનમાં એનાથી વિરુદ્ધ જે વિકલ્પ, જે એ દ્વારા નિર્ણય કરવા જાય છે પણ એ દ્વારા ક્યારે કહેવાય? એને છોડીને અનુભવ કરે તો. પણ એને જ સાચું માને એ બસ કરો, આ કરો આ કરો, કરતાં કરતાં થશે એ રાગની મંદતા ક્રિયાભેદ એનો વિચાર આ અથવા ભેદ પાડતાં પાડતાં અભેદમાં જવાય. એમ ભેદને પણ સાચું માની લે, સત્ય માની લે, પરમાર્થ માની લે ... ''**એવું શ્રદ્ધાન કરે તો તો ઉલટો અકાર્યકારી થઇ જાય....**'' જુઓ ઓલામાં કાર્યકારી લખ્યું'તું. વહેવાર ને ભેદને અને આમાં એને સાચું માને એ પણ સાચું છે ને? એ પણ સાચું છે ને... ભેદ, કષાયની મંદતા, વિકલ્પ અને એ બધું સાચું છે ને? નથી સ્વરૂપ? સાંભળને હવે અત્યારે! ભેદ-બેદ વસ્તુમાં છે જ નહીં. રાગ-બાગ વસ્તુમાં છે નહીં. એ તો નિરાળો વીતરાગ વિજ્ઞાનઘન ચિદાનંદ આનંદકંદ છે. એમાં વિકલ્પને, શુભરાગને, પુણ્યભાવને એને સાધન માને, એ પણ સાચું સાધન છે, સાચો માર્ગ છે એમ માને, તો ઉલટો અકાર્યકારી થાય. માર્ગમાં અંતર જવું'તું એ પડયું રહે અને ન્યાં ને ન્યાં હલવાઇને બહિર્મુખ દૃષ્ટિ... પાછી દૃષ્ટિ થાય. રખડવાનું એનું ટળે ને મટે નહીં.

પોપટભાઇ! ભાઇ, વાત તો એવી છે આ શેઠિયા-બેઠિયા પાસે પૈસા - બૈસા ને કાંઇ આમ પૈસા કઢાવે અને હા, તે એનાથી ધર્મ થાય... ધૂળમાંય નથી અહીં કહે છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લે. લાખ મંદિર કર તારા, અને મંદિર તો મંદિરને કારણે થાય છે અને મંદિરના ભાવમાં જેને રાગની મંદતા સહેજ પ્રભાવના માટે આવી હોય... સહજ... શુભભાવ છે. સમજાણું ? પણ એ દ્વારા આત્મામાં બહુમાન આવતાં કે ઓહો ! આ તો સર્વજ્ઞ પરમાત્મા પૂરણ, એવો જ હું સર્વજ્ઞ પરમાત્મા પૂરણ છું. એમ વિકલ્પ દ્વારા બહુ માહાત્મ આવી આ વસ્તુ જ કોઈ ચમત્કારિક વસ્તુ છે જે ચમત્કાર મને કેવળજ્ઞાનની પર્યાયમાં લાગે છે, કે અનંત આનંદમાં સર્વજ્ઞની લાગે છે, એ ચમત્કારિક વસ્તુ જ હું છું એ વસ્તુ જ હું ચમત્કારિક છું. મારો ચૈતન્ય ચમત્કાર ભગવાન ભરેલો એ વિકલ્પ દ્વારા જો અહીં જાય નિશ્ચય કરવા, તો તો કાર્યગત કહેવાય વ્યવહારે પણ વ્યવહારે કાર્યગત છે ને ! સમજાણું કાંઈ ?

પણ જો એ વિકલ્પને જ સાચો માને પણ ઈ પણ છે ને... ઈ પણ છે ને... ઈ પણ છે ને... પણ છે તે શું છે પણ તે ? (શ્રોતા : એ સાધન છે) એ સાધન છે કારણ છે એમ નહોતું કહ્યું ન્યાં, કાર્યકારી કહ્યું'તું ને. કદાચિત્ કાર્યકારણ પણ છે. છતાં એ કહેવા માત્ર છે. વ્યવહારથી નિશ્ચય થાય એ કહેવા માત્ર કથન છે. આહાહા ! આ વ્યવહાર એટલે આ વ્રત પાળે ને અપવાસ કરે ને ઈ વ્યવહારની આંહી વાત નથી. ઈ તો હતો જ ક્યાં એને મિથ્યાદૃષ્ટિને ! એને તો વ્રતે ય કેવા, અને એ કેવા એની વાત આંહી છે (નહીં). અહીંયા તો ભગવાન અખંડ અભેદ ચૈતન્ય પ્રભુ, જેનામાં અનંત અનંત આનંદના કોળા પાકે એવો વેલો, અનંત અનંત કેવળજ્ઞાનનાં કોળા સાકરકોળા પાકે એવો વેલો ભગવાન આત્મા છે. એવા ચૈતન્યને પકડવામાં વિકલ્પ દ્વારા જો ત્યાં જાય અંદરમાં, તો તો એને વ્યવહારે કાર્યકારી કહેવામાં (આવે), પણ એ રાગને અને ભેદને સર્વસ્વ માની સાચું માની, સત્ય માની અટકીને રહે, ઉલટો કાર્ય કરવાનું રહી જાય અને ઉલટે રસ્તે ચડી જાય. સમજાણું કાંઈ ? સમજમેં આતે હૈ ?

આ બાત સમજનેકી હૈ, બાકી દૂસરી તો ઠીક જાનનેકી બાત હૈ. આ પ્રયોજનભૂત બાત હૈ. આહાહા ! જુઓ, એ વસ્તુ આમ જ છે. વ્યવહારથી જ સમજાય છે. વ્યવહારથી બેહે(બેસે) છે માટે વ્યવહારનું જોર આપ્યું. દોડ જો રાગની મંદતા ને વિકલ્પ ને શુભભાવ, અટકીને મરી જઈશ. હાથ આવશે નહીં. એ પગથીયું છોડીને અંદર જવા માટે વચ્ચે આ એક વાત આવે છે પણ આવે એને તું સાચું માની લે, તો તો ઊલટું બહિર્મુખ દૃષ્ટિ પુષ્ટિ થતાં, અંતર્મુખ દૃષ્ટિ થશે નહીં. ''**એ જ વાત 'શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય'માં કહી છે લ્યો....**'' પુરુષાર્થસિદ્ધિ, અમૃતચંદ્ર આચાર્ય મહારાજ. જે સમયસારના કર્તા કુંદકુંદઆચાર્ય દેવ નગ્ન દિગંબર સંત ભાવલિંગી, એમના પછી હજાર વર્ષે થયા અમૃતચંદ્ર આચાર્ય મુનિ સંત ભાવલિંગી પરમેશ્વર. પરમેષ્ઠી આચાર્ય પરમેશ્વર, એ વનમાં કળશો લખે છે એમાં એક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**પુરુષાર્થસિદ્ધિઉપાય** ગ્રંથ બનાવ્યો પોતે. એ એના છઠ્ઠા-સાતમા શ્લોકમાં પોતે અમૃતચંદ્ર આચાર્ય વ્યવહાર અને નિશ્ચયનો જરી ન્યાય સમજાવે છે.

**अबुधस्य बोधनार्थं मुनिश्वरा देशयन्त्यभूतार्थम् ।**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति ।।६।।**
**माणवक एव सिंहो यथा भवत्यनवगीत सिंहस्य ।**
**व्यवहार एव हि तथा निश्चयतां यात्यनिश्चयस्य ।।७।।**

બહુ શ્લોક ઊંચો છે જુઓ. મુનિરાજ-ધર્માત્મા-સમ્યગ્દષ્ટિ-અનુભવી-ચારિત્રવંત નિગ્રંથ મુનિ, અંતરમાંથી ગાંઠ ગળી ગઈ છે રાગની, અને બહારમાં પણ જેને તદ્દન નગ્ન નિગ્રંથદશા વર્તે છે એવા સંત ''**મુનિરાજ, અજ્ઞાનીને સમજાવવા અર્થે**....'' આંહી ભાઈ આ વાત છે અત્યારે. ઓલો વ્યવહારનય જુદો. આ શ્રદ્ધાની અપેક્ષા વાત છે અત્યારે. ધર્મીની ભૂમિકાનો ઓલો છે બારમી ગાથાનો, આંહી તો ફક્ત સમજાવવું છે આને આઠમી ગાથાનો જે લીધો હતો અનાર્ય, એ શૈલી આંહી લીધી છે. આ વાત પાછી બારમી ગાથામાં ખતવી નાંખે છે કેટલાક અત્યારે. સમજાણું કાંઈ? એમ કે બારમી ગાથામાં જે

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं ।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिया भावे ।।१२।।**

જ્યાં સુધી મિથ્યાદષ્ટિ, ત્યાં સુધી વ્યવહારનો ઉપદેશ એને કાર્યકારી છે એમ કેટલાક અર્થ કરે છે ન્યાં. એમ નથી ત્યાં. ધર્મ भूदत्थमस्सिदो खलु, ભગવાન પૂર્ણાનંદ સત્ સત્નું સત્વ આખું આનંદનું સત્વ આખું ચિન્હ છે સમજાય છે? એવા દેહ અને વાણી ને વિકલ્પથી ભાન થઈને પછી એની દશામાં પૂરણતા છે કે કાંઈ ખામી છે એ બતાવવા બારમી ગાથામાં વ્યવહારનયનો ઉપદેશ સમજાવ્યો એના ઊંધા અર્થ કરે છે માળા કેટલાક ક્યાંય! એ દષ્ટિ થયા પછી હજી એને શુદ્ધતાના અંશો વધે છે, અશુદ્ધતાના ઘટે છે. અશુદ્ધતાના વર્તે છે એને જાણવા માટે કહે છે, જુઓ, આ છે એમ બરાબર જાણજે.

વ્યવહારનયનો વિષય ક્યાં ક્યાં ચોથે, પાંચમે, છઠ્ઠે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શુદ્ધતાના અંશો વધે એને ઘણા અંશોને લક્ષમાં લેવું એ વ્યવહાર. અશુદ્ધતા ઘટે એને જાણવું અને અશુદ્ધતા દયા, દાન, દેવ,ગુરુ, શાસ્ત્રની ભક્તિનો રાગ વર્તે તેને જાણેલો પ્રયોજનવાન છે એમ ત્યાં કહેવામાં આવે છે. આંહી તો હજી સમજાવવું છે પહેલું. અજ્ઞાનીને

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાવવાની વાત છે. ત્યાં ઓલા બારમી ગાથા અજ્ઞાનીને સમજાવવા માટે લીધી એમ લખ્યું છે. એક નગ્ન દ્રવ્યલિંગી ય નથી ને એને એવો અર્થ કર્યો છે લ્યો અત્યારે. સમજાણું કાંઇ? અરે! ચૈતન્યની વાત ક્યાં? ક્યાં ગઇ ને શું થયું? ત્યાગી કરીને મરી ગયા સૂકાઇને માળા! નગ્ન થઈને મરી જાય, સૂકાઇ જાય ને ન્યાં ક્યાં ધર્મ હતો એમાં? અઠયાવીસ મૂળગુણ પાળતો હોય નગ્ન થઈને તોય એ ધર્મ નથી. એકવાર આહાર ઊભા ઊભા લે એ પણ ધર્મ નથી. એ તો રાગની ક્રિયા... પુણ્યની ક્રિયા છે. સમજાણું કાંઇ?

એના રહિત દૃષ્ટિનો અનુભવ થયો, અનંતકાળે નહિ થયેલા અપૂર્વ આત્માની પ્રાપ્તિની ઉપલબ્ધિ થઇ. પછી એને રાગની મંદતા આવ્યા વિના રહેતી નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પ્રભાવના, પૂજા, દયા, દાન એવા ભાવ આવે, એને જ્ઞાનીએ જ્ઞાન પોતાનું કરતાં એ છે એમ જાણવું... જાણવું જોઇએ તે પ્રયોજનવાન છે. આદરવું જોઇએ એ પ્રયોજનવાન છે એમ છે નહીં. આંહી બીજી વાત છે. આંહી તો કહે છે કે ''**મુનિરાજ અજ્ઞાનીને સમજાવવા અર્થે અસત્યાર્થ જે વ્યવહારનય તેને ઉપદેશે છે....**'' વ્યવહારથી એને ઉપદેશ (આપે છે) હે આત્મા! તું એકરૂપ છો પણ જો આ... તારી જો આ મૂડી. મોટા ગૃહસ્થ હોય તો હોય ને એને, કે ભઇ, આ કરોડનાં હીરા છે, પચાસલાખનું સોનું છે, પચાસલાખની ચાંદી છે, બે કરોડના માણેક છે એમ બધું ભેગું કરીને સમજાવે કે નહીં? આ એમ કરીને તું એક અબજપતિ છો. નરભેરામભાઇ! મોટા ગૃહસ્થની હોય ત્યાં કેટલુંય પડયું હોય હવે અબજોપતિને ન્યાં ક્યાં? પાંચ-પાંચ કરોડના કેટલાય હીરા-માણેક ને કંઇક ઢગલા પડયા હોય ન્યાં, ધૂળ.. જેમ આ ધૂળ છે તેમ આ ધૂળ પડી હોય ત્યાં, પણ એને સમજાવે કે જો આ બધાનો જો આ માલિક એક.

એમ ભગવાન આત્માને એકરૂપ વસ્તુ છે એ અજ્ઞાની સમજતા નથી એને સમજાવવા કહે છે જુઓ. આ જાણે તે આત્મા. આ જાણે તે આત્મા. વિશ્વાસ કોના અધિકારમાં છે? વિશ્વાસ... વિશ્વાસ ભલે ખોટો. વિશ્વાસ તો કરે તો છે કે નહીં? હેં? માલ લેવા જાય પાંચ હજારનો માલ દાગીનો લેવા જાય તે દાગીનો કાંઇ આમ જ લેતા હશે? અને દાગીનો આંહી મૂક્યો ને પાંચ હજાર આમ મૂકે એમ કરતા હશે? ન્યાં તો પહેલા બે, બેમાંથી એક ઓલો દાગીનો પહેલો આપે. કાં ઓલો રૂપિયા પહેલા આપે કે ના આમ રાખો બરાબર એ... એય એમ નહીં, આમ જેવો દાગીનો એવું આંહી એમ થતું હશે? એટલો તો અજ્ઞાનીને પણ પરમાં વિશ્વાસનો ભાગ વર્તી રહ્યો છે. સમજાણું કાંઇ? કેમ હશે મલૂકચંદભાઇ! કહો. આ નરભેરામભાઇને ખબર ન હોય મોટર વેંચતા હશે પચ્ચીસ-પચ્ચીસ હજારની તે આમ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાછા લ્યો આ મોટર... એ આ મોટર તને સોંપુ ને પચ્ચીસ હજાર લાવ હાથમાંય એમ થાતું હશે? કાં ઓલો પચ્ચીસ હજાર પહેલા આપે ને કાં પહેલી મોટર એને આપે. એટલો બે માંથી એકને એટલો તો વિશ્વાસ છે કે નહીં? એ વિશ્વાસ નામનો એનામાં ગુણ છે તે અત્યારે ઊંધામાં વર્તી ગ્યો છે. સમજાણું કાંઇ?

વિશ્વાસ તો છે, કહ્યું'તું ને એકવાર. એક જણ હતા તે પ્રશ્ન... તે પ્રશ્ન કરો મહારાજને પ્રશ્ન કરો. તે ઓલો માની માણસ જરી. શું અમને તમે શંકાવાળા માનો છો? અને તમે નિઃસંદેહ છો એમ વળી. સત્તાપ્રિય માણસ એટલે તમે નિઃશંક છો? નિઃશંક કોઇ દી' હોઇ શકે નહીં કહે. નિઃશંક કોઇ દી' હોઇ શકે નહિ ઠીક. સામા બેને વાત હાલતી'તી માંહોમાંહે. મેં કીધું સાંભળો એક વાત મારી, તમે નિઃશંક છો એક વાત કરું તમને. કીધું નવી પરણીને આવ્યા. કો'કની દીકરી હતી. મેળાપેય કોઇ દી' નહોતો. પહેલી રાતે શંકા પડી'તી કે આ મારી નાંખશે મને? અજાણી બાઇ કો'કને ઘરે જન્મી, ક્યાં આવી? પહેલા તો શું હવે આ બધા ફાટયા... ફાટી છે બધી. એકબીજા હારે ફરવા જાય ને ફલાણું થાય ને ઢીંકણું થાય. પહેલું તો હતું કે દી'... એનો બાપ અને મા જઇ આવે પછી બધું માન્ય હતું. મોઢુંય જોયું ન હોય કોણ હતી? સમજાય છે?

આ સત્યાસીની વાત છે, સત્યાસી. એલા પણ કીધું તમને શંકા પડી'તી? એ સોળ વર્ષની ને તમે વીસ વર્ષના. બેય અજાણ્યા અને શંકા પડી'તી કે આ... કેટલાકની રાણીઓ રાજાને મારી નાંખે છે હોં, ઝેર આપે છે એવી શંકા પડી'તી તમને? કેમ પડી નહોતી? તમને ભરોસો હતો કે આ સ્ત્રી મારી ખાસ છે અને મારા વિષયનું રમકડું છે મને મારે નહીં. આવી નિઃશંકતા ઝેરમાં વર્તે છે તમને. અને આત્માના ભાનમાં નિઃશંકતા ન વર્તે એ ક્યાંથી લાવ્યા આ વાત? સમજાણું કાંઇ? આ બહારમાં આવી નિઃશંકતા, જેની સામું જોયેલ નહિ, કોઇ દી' ખબર નહીં, કોણ જાણે આ કંઇ ઝેર આપી દેશે? શું કરશે? ફલાણું કરશે? આ કેવી હશે? ફલાણું હશે થયું'તું? તમને જેમાં રાગ તેમાં તમારો વિશ્વાસ ઊઠી નહોતો ગ્યો, વિશ્વાસ હતો. હેં? બરાબર છે કે નહીં?

એમ ભગવાન આત્મા જે રીતે વસ્તુની પ્રીતિ અને રૂચિ છે એમ ભાન થાય ને એને શંકા રહે, કેમ હશે? કેમ હશે? અરે! હાલ... હાલ. ઊંધા ભાવમાં પણ જ્યાં નિઃશંક જગત વર્તે છે, એ સવળા ભાનમાં તો વીર્ય સવળું અનંતગુણું પડયું છે. ઓલામાં તો ઊંધુ પડેલું આવી નિઃશંકતામાં વેદે છે. સમજાણું કાંઇ? ઊંધા વીર્યમાં તો વીર્ય ઘટી જાય છે, છતાં નિઃશંક થઇને વર્તે છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ, જ્યાં રાગ અને પુણ્ય વિનાની ચીજ, જેનું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિઃશંક તો એનું મૂળ સ્વરૂપ છે. કીધું નહિ આ બપોરે ? શું હાલે છે આ ? ઓલા નિઃશંક તો એનું ચિન્હ ને ગુણ છે, લક્ષણ છે એનો આચાર છે. આનંદ અને શુદ્ધ તે હું છું. જ્ઞાનમૂર્તિ હું છું. બાકી ત્રણ કાળ ત્રણ લોકમાં મારી કોઈ ચીજ છે નહીં. લાખ પ્રવૃત્તિમાં ઊભો હોય, ને પ્રૌઢ પ્રવૃત્તિમાં દેખાતો હોય, પણ એને સ્વભાવની નિઃશંકતા અંદરથી ખસતી ન હોય. સમજાણું કાંઈ ?

ભઈ, ઓલાએ દાંત કાઢયા હતા વકીલ જરી. વકીલ દાંત કાઢે કે મહારાજ. ઓહોહો ! તમે તો ભઈ ! અમે વકીલ નથી પણ અમે કાંઈક ન્યાયથી તો તમને કહી શકીએ કે નહીં ? હેં ? (શ્રોતા : ધર્મ) ધર્મ ! ક્યાં હવે આ માળા મહારાજે વકીલના જેવા કાયદા કાઢે છે કહે. અમને બોલતા બંધ કરે છે, પણ તમને... લાવો, ના...ના પાડો. તમારો પણ જગતનો અનુભવ છે કે નહીં ? આ તો વળી ભઈ શંકા છે કે નહીં ? નથી, એમ નથી એય વિચાર્યું છે કોણે ? કે એ વખતે શંકા હતી કે નિઃશંક હતા એય કોણે વિચાર્યું છે ? આ તમે વાત કરો છો ત્યારે ખ્યાલ આવે છે ભાઈ. વાત તો સાચી કે અમને શંકા - બંકા કંઈ હોતી નથી.

એમ ધર્માત્મા અને ધર્મના જીજ્ઞાસુઓ પણ જે વાતમાં નિઃશંક થયા હોય એમાં એને શંકા પડે એ ત્રણકાળમાં પડતી નથી. સમજાણું કાંઈ ? આંહી આચાર્ય કહે છે, અરે મુનિરાજ ! ધર્માત્મા સંત મુનિથી નિગ્રંથ મુનિથી વાત ઉપડે છે ને વધારે. ઉપદેશકનું પદ તો મૂળ કેવળીનું છે, અને એના પછી ઉપદેશકનું મૂળ પદ તો નિગ્રંથ વીતરાગી સંતોનું છે. સમજાય છે ? એના નીચે ગૌણપદ ચોથે ને પાંચમા ગુણસ્થાન માટે એને. આ તો નિગ્રંથ મુનિ આહાહા ! વીતરાગતામાં રેલમછેલ... વીતરાગ ભાવમાં તરબોળમાં વીતરાગના અમૃતના સ્વાદ લેવામાં, ઘડીકમાં વિકલ્પ અને ઘડીકમાં આનંદ અને ઘડીકમાં વિકલ્પ ને એકલો આનંદ, એવી દશામાં એ ''**મુનિરાજ જગતના અજ્ઞાની પ્રાણીને**....'' પાધરો સમજવા આવ્યો એને બિચારાને આત્મા શું ? કઈ ચીજ સમજતો ય પણ નથી. એને ''**સમજાવવા અર્થે, અસત્યાર્થ જે વ્યવહારનય**....'' જુઓ, એને અસત્યાર્થ ઓલાએય અસત્યાર્થ કહ્યો ત્યાંય ववहारोऽभूदत्थो બારમી ગાથામાં... અગિયારમાં.. આંહી અભૂતાર્થ કીધો છે. ત્યાં અભૂતાર્થ આશ્રય લેવા માટે નથી, માટે કહ્યો છે. આંહી વ્યવહાર અભૂતાર્થ સમજાવવા માટે કહ્યો છે. સમજાણું કાંઈ ? અગિયારમી ગાથા, સમયસારમાં કહ્યું કે વ્યવહાર અભૂતાર્થ.

ભગવાન દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ, તે ભૂત નામ સત્યનામ સત્ય પરમેશ્વર... સત્ય પરમેશ્વર પોતે છે. એનો આશ્રય કર તો ધર્મ થાય, સમ્યગ્દર્શન થાય, અનુભવ થાય, ચારિત્ર થાય ववहारोऽभूदत्थो. એક સમયની પર્યાય, રાગ, નિમિત્ત બધું અસત્ છે. અસત્

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલે અવિધમાન છે. અવિધમાન એટલે છે (નહીં) શેમાં? આમાં નથી. એમાં ભલે હો પણ આમાં નથી અને અભેદમાં ભેદ દેખાતો નથી. તેથી તેને એને અસત્યાર્થ કહીને નિષેધ કરાવ્યો છે. આશ્રય કરવા લાયક છે નહીં. આંહી તો ભગવાન આત્મા જે રીતે સ્વરૂપે છે, એ રીતે સમજતો નથી, એને સમજાવે છે. જો ભાઇ! આ માણસ તે જીવ હોં... આ વિચાર કોણ કરે છે? વિશ્વાસ કોને આવે છે? તને વિશ્વાસ કોઇ ચીજમાં છે? કહે હા. મારા દીકરા ઉપર બહુ વિશ્વાસ, મારી બાયડી ઉપર બહુ વિશ્વાસ. એ વિશ્વાસ કોની પર્યાય છે? શું છે ઇ? ઇ વિશ્વાસ જડમાં હોય? જડને હોય? જડને ન હોય વિશ્વાસ કે જડ છે એમ વિશ્વાસ હોય આત્માને. પણ જડમાં વિશ્વાસ ન હોય. વિશ્વાસની શક્તિ અને વિશ્વાસનું કાર્ય જડમાં હોઇ શકે નહીં. એને વિશ્વાસ ઓહો!

એમ જગતના પદાર્થો આ બાયડી છે, છોકરા છે, બહુ હારા(સારા) પાક્યા છે. મારા છોકરા આવા હારા(સારા) બાયડી હારી(સારી). બધાને ઘરે છે પણ મારા ઘર તો જુદી જાતના એમ વિશ્વાસ છે કે નહિ તને? કહે હા, કે ઇ વિશ્વાસ બહારનો છે? એ વિશ્વાસ ક્યાં રહે છે? કહે અંદરમાં. તો એ વિશ્વાસનો ધરનાર તે આત્મા છે. એ વિશ્વાસનો ધરનાર તે... એમ એને સમજાવવા, અજ્ઞાનીને નિશ્ચય સમજાવવા, આ વ્યવહાર ભેદ પાડીને સમજાવે છે. નેમચંદભાઇ! ''**મુનિરાજ અજ્ઞાનીને સમજાવવા અર્થે અસત્યાર્થ જે વ્યવહારનય તેને ઉપદેશે....**'' આ અસત્યાર્થ છે હોં મનુષ્યનું આદિ કહ્યું ને ભાઇ ઓલા ત્રણ બોલ. મનુષ્ય જીવ, નારકી જીવ... ખરેખર તો અસત્યાર્થ છે. એમ રાગ, વ્રતના નિયમને ભેદ પાડીને સમજાવ્યો મોક્ષ માર્ગ, એ પણ ખરેખર અસત્યાર્થ છે. સમજાણું કાંઇ? એમ એ... એ ખરી વસ્તુ નથી.

એમ જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણ-પર્યાય ભેદથી સમજાવ્યો ન્યાં ભેદ નથી. એ તો એકરૂપ વસ્તુ આ તો લગડી છે. ચૈતન્ય લગડી છે એકરૂપ. પણ એક લગડીને ક્યાંક બતાવવી કે જુઓ આ પીળી ધમરખ આ... આ આવા આકારવાળી તે આ... ગોળ આકારવાળી તે આ. ફલાણી છાપવાળી કાંઇ છાપે હશે કે નહિ લગડી-બગડીમાં? છાપ હોય અંદર. આવે છે ને હેં? છાપ હોય લ્યો એક રૂપિયાભારની આવે છે લગડી. રૂપિયાની આવે, પાંચ રૂપિયાની આવે, દસની આવે છે કે નહીં? આંહી રૂપિયા-રૂપિયાની લગડી આવે, ને આંહી મૂકે, ને પગે મૂકે, ને ત્યારે જોઇએ કે આ લાગે, લગડી લાગે છે. કહો સમજાણું કાંઇ? એક એ લગડીને ઓળખાવવી હોય તો ફલાણાની છાપ ને આવી પીળી ને આવી ફલાણું ઓળખાવાય, ન્યાં તો છે તે છે. એક હારે (સાથે) છે. એમ ભગવાન ચૈતન્ય લગડી એને સમજાવવા માટે જ્ઞાનીઓએ ભેદ પાડીને એને સમજાવ્યું મુનિરાજે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**પરંતુ જે કેવળ વ્યવહારને જાણે છે**....'' જુઓ હવે જરી... જે એકલા વ્યવહારને જાણે પણ ઓલા સમજાવવા માટે કહ્યો ન્યાંથી ખસેડીને પરમાર્થ સમજાવવા માટે હતો એને ઠેકાણે ''**કેવળ વહેવારને જાણે**....'' બસ મનુષ્ય તે જીવ, નારકી જીવ, જ્ઞાન એક ગુણ રૂપ આખો જીવ એમ ભેદને જ આખું સ્વરૂપ માની વ્યવહારને જાણે અથવા રાગ, વિકલ્પ આવે, જુઓ બરાબર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ સાચી આવે પહેલી, અને એ વિના આત્માનું ભાન થાય નહિ માટે વિશ્વાસ કર સાચા દેવને, ગુરુને ઓળખ. ત્યાં ઓલો માને કે ઇ જ કાંઇ સાચી વસ્તુ લાગે છે. ઇ જ કાંઇ સાચી વસ્તુ (લાગે છે), પણ એ તો માન્યતાનો રાગ પહેલો આવે છે એને તું માનીને બેસી જા. અજ્ઞાની વ્યવહારને જ માની બેઠા છે. કેવળ વ્યવહારને જાણે છે. જુઓ, આવી ગાથા કેવી ટોડરમલે ગોતીને મૂકી છે. હેં? આહાહા!

ઓલી વાત ન મૂકી, ववहारोऽभूदत्थो મૂકી ભાઇ, પણ બારમી ન મૂકી જરી. કારણ એને અત્યારે જરી વ્યવહાર સમજાવવા માટે પૂરતો એટલું એટલે કહેવું છે એને. ''**કેવળ વ્યવહારને જાણે છે**....'' એકલા નિમિત્તોને જ ઓળખે છે. એકલા દયા, દાનના રાગને ઓળખે છે કે ગુણ-ગુણી વસ્તુ અભેદ છે એના એકલા ગુણભેદને જ જાણીને બેહી(બેસી) રહ્યો છે એમ. ''**તેને તો ઉપદેશ આપવો જ યોગ્ય નથી**....'' આહાહા! ''**એને તો ઉપદેશ આપવો જ યોગ્ય નથી**....'' લાયક નથી. અમે સમજાવવા માંગીએ છીએ વ્યવહાર દ્વારા, એને ઠેકાણે તું વ્યવહારને જ સાચું સ્વરૂપ માનીને બેઠો છો, તને સમજવાની લાયકાત જ તારામાં નથી. સાંભળવાની લાયકાત નથી એમ કહે છે જુઓ. આહાહા! શ્રોતા કેવા હોય એ બતાવે છે શેઠિયા! હેં? અરે ભગવાન! પરમેશ્વર પદ તારું એ તને સમજાણું ન હોય એથી ભેદ પાડીને સમજાવીએ.

વિકલ્પ આવે, આવ્યા વિના રહે નહીં. જો જરૂરિયાત છે, જરૂરનો છે કે નહીં? જરૂરનો ઇ માથે જોર આપે. આંહી તો ઘણાં અનુભવ થાય છે ને ઘણાં માણસો ભણી ગ્યા છે ને! એક જણો કહે જરૂરિયાતનો છે કે નહિ? વિકલ્પ જરૂરિયાતનો છે, બાપા, આવે છે ભાઇ! શું તારે જોર દેવું છે, કેટલું દેવું છે? એ આવે છે ઇ અંદરમાં સમજવામાં જવા માટે લપસણું પગલું છે ઇ. સમજાણું? ન્યાંથી ખસીને આંહી જાય તો, નહિતર આંહીથી ખસીને ન્યાં ને ન્યાં પડયો લપસણું જાય ચોર્યાશીના અવતારમાં. સમજાણું કાંઇ? કહો ભીખાભાઇ! સત્ય છે? જુઓ ''**પણ કેવળ વ્યવહારને જાણે છે**....'' (શ્રોતા : આમાં તો એવી વાત આવી કે દ્દઢ થાય છે) ના...ના કેવળ વ્યવહારને જાણે છે કે ઇ સમજાવવાની વાતથી આ મને વિકલ્પ આવ્યો, અને આ સમજાવે માટે સમજી જઇશ. કહો સમજાણું કાંઇ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વસ્તુ તો એવી નિરાલંબી ચીજ છે. આવ્યું છે ને આપણે સમોવશરણમાં નથી આવતું? નથી આવ્યું? મૂક્યું છે ને ભાઇએ પંડિતે આ, 'જેવું નિરાલંબ આત્મદ્રવ્ય એવો નિરાલંબ જિનદેહ'. આમ ભગવાન સમોવશરણમાં નિરાલંબ શરીર સહિત નિરાલંબ હોં. નિરાલંબન બધાએ પરમાણુ અને બધા આત્માઓ. કોઇ કોઇને આધાર ક્યાંય (નહિ), પણ ઓલો નજીકતા પણ દૂર થઇ ગઇ આમ. સિંહાસનથી એમ નજીકતા પણ આમ દૂર થઇ ગઇ. નિરાલંબ ભગવાન બિરાજે સમોવશરણમાં અદ્ધર હોં, સિંહાસનને અડે નહિ ન્યાં શરીર એનું. દંડકોટિનું છે અદ્ધર આમ પડ્યું હોય, દેહ છતાં અદ્ધર. 'જેવું નિરાલંબી આત્મદ્રવ્ય તેવો નિરાલંબી જિનદેહ', એ સમોશરણની સ્તુતિમાં આવે છે. એવા નિરાલંબી સબ દ્રવ્ય, પણ આ તો પ્રગટ થયેલી દશાનું વર્ણન કરતાં એમ કહ્યું.

આંહી કહે છે ભગવાન આત્માને આલંબન વિકલ્પનો આવે સમજાવવા માટે, સમજાણું? આમ ભગવાન આમ બિરાજતા હોય મૂર્તિ ...... જો ભાઇ! ધ્યાન કર, તું લક્ષ કર. કેવળજ્ઞાનની મૂર્તિ આમ થંભી ગઇ છે ઇ ભગવાન છે આ. હલતા નથી, ચાલતા નથી જેમ જ્ઞાતા-દૃષ્ટા લોકાલોકને જાણવાના પર્યાયમાં ઘૂંટાઇ રહ્યા છે, પરિણમી રહ્યા છે એમ કહે એમ તું જો. ત્યાં ન્યાંય જ બેહી(બેસી) રહે કે આનાથી પમાશે અને આનાથી પમાશે. સમજાણું કાંઇ? તો એ વ્યવહારને સમજનારા ''**એકલા વ્યવહારને જ જાણે છે તે તો ઉપદેશ આપવાને યોગ્ય જ નથી....**'' ઓહોહો! આચાર્યો આટલા નિષ્ઠુર! કોઇ એમ કહે લ્યો. કેટલા પ્રશ્નો ઉઠયા'તા બધા કે આટલા બધા આચાર્ય બેદરકાર જગતના? કાંઇ કરૂણા નહિ જગતના જીવની? કે વ્યવહારને જે માનનારા ઉપદેશને લાયક નથી. જે વ્યવહાર છોડાવી વ્યવહાર દ્વારા નિશ્ચય સમજાવવા માંગીએ છીએ, ત્યાં તું વ્યવહારને જ પકડીને બેઠો એ વ્યવહાર... એ વ્યવહાર આવે છે કે નહિ વચ્ચે કહે છે કે નહીં? તું સમજવાને લાયક જ નથી. નિશ્ચય વસ્તુ શું છે? એ પરમાર્થે ભગવાનનો સત્ય માર્ગ શું? એ સમજવાને લાયક નથી. વ્યવહારના ઉપદેશને લાયક નથી.

આંહી તો ના પાડી. ''**ઉપદેશ આપવો યોગ્ય નથી....**'' લે. ''**ઉપદેશ આપવો યોગ્ય નથી....**'' આહાહા! જે વાત ખસી જવાની છે એના ઉપર જોર દેનારા, વ્યવહારને જ એકલા માનનારા, વસ્તુ આખી અખંડ પ્રભુ ચૈતન્ય ભિન્ન નિર્વિકલ્પ આનંદકંદ છે. એમાં જવા માટે વિકલ્પ આવે, આવ્યા વિના રહે નહીં. એ દ્વારા જા-સમજ એમ કહેવામાં આવે. પોતાને પણ એ દ્વારા પ્રયોજનમાં આવ્યા વિના રહે નહીં. પણ એને જ માનીને બેહે (બેસે) કે જો આવ્યું કે નહીં... આવ્યું કે નહીં. એના વિના હાલે(ચાલે)? એના વિના હાલે?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકલ્પ વિના થાય નહિ ને વિકલ્પ વિના વિકલ્પથી થાય નહિ, એમ કહીને જોર ત્યાં આપે. વિકલ્પ વિના થાય નહીં. હવે સાંભળને ! એ તો વિકલ્પ ન્યાં હોય છે ખરો, પણ એના વિના થાય નહિ એનો અર્થ ? એને છોડીને ન્યાં જા એ માટે કીધું કે એ આવે ને એ દ્વારા થાય છે. બાકી થાય છે તો એના વિના. બાલચંદજી ! વિકલ્પ દ્વારા નહીં. આહાહા ! આંહી તો હજી દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા, બ્રહ્મચર્ય પાળ્યાં અને એનાથી ધર્મ થઇ ગયો, અને એનાથી હળવે હળવે થાશે. ધૂળમાંય નહિ થાય. સમજાણું કાંઇ ? માથા ખાંડણીયામાં બિલકુલ કૂટાઇ જશે.

ભગવાન ચૈતન્યનું તત્ત્વ જે અખંડ છે, એને સમજાવવા સંતોએ અજ્ઞાનીને ભેદ પાડીને સમજાવ્યો, એને ઠેકાણે એ ભેદને જ આખી વસ્તુ માની લે, રાગને જ આખી ચીજ માની લે, નિમિત્તથી જ થાય એમ આખું સર્વસ્વ આરોપિતમાં અણારોપ માની લે એને તો ઉપદેશ આપવો જ યોગ્ય નથી. આહાહા ! એટલે એ નહિ સમજે. આવ્યું'તું ને એક ફેરી. મુનિઓ ઉપદેશ આપતા હોય કે वचनगुप्ति एणंभंत्ते जीवे किं जणी વચનને ગોપવાથી શું થાય લાભ ? કે એક તો બહારથી વિકલ્પ હટી જાય. અંતરમાં ધ્યાન કરવા તરફ એનું વલણ વધારે જાય. એમ જ્યાં ઉપદેશ ચાલતો હોય ત્યાં ઓલો આવે તો ... 'મહારાજ, તમે વચનગુપ્તિનો લાભ બતાવો અને તમે તો બોલો છો માટે તમે...' આ તો પોથી માંયલા રીંગણા લાગે છે.

પોથી માંયલા સમજતે હૈ કે નહીં ? શેઠિયા ઓ બ્રાહ્મણની વાત નથી આવતી ? એક બ્રાહ્મણ છે એક બ્રાહ્મણ કોઇ, એમ કે રિંગણા ન ખવાય, સમજાય ને રીંગણામાં આમ થાય. હેં ? કથામાં આવી'તી વાત. રીંગણા ન ખવાય. એના ટોપ હોય ને રીંગણાનો ટોપો ઉપર એમાં જીવાત બહુ હોય. ટોપો હોય છે ને ઇ ધોળો કાળો ને સમજાણું ? એ રીંગણા હોય છે ને રીંગણા, બેંગન... એ એમાં ટોપો હોય છે. વિચારમાં અટક્યો એટલે કારણ હશે બીજું સમજાણું ? એ રીંગણા સંબંધીનું કારણ હતું. એમાં ઓલો ટોપો છે. એમાં ઓલા જીવાત હોય છે. એટલે ઓલો કહે ખવાય નહીં. રીંગણા ખવાય નહિ એમ કહેતો'તો ઓલો. સવારે જ્યાં એની ગોરાણી આવી એની સ્ત્રી એ રીંગણા લઇ આવજે શેર-સવાશેર... પંડિતજી કાલ ના પાડતા'તા ને ? એ પોથી માંયલા રીંગણા. પોથીમાં લખ્યા એ રીંગણા ન ખવાય, આ રીંગણા ખવાય. સમજાણું કાંઇ ? કહો સમજાણું ?

''**કેવળ વ્યવહારને જાણે....**'' સમજાણું ? આ ''**એને તો ઉપદેશ આપવો જ યોગ્ય (નથી)....**'' તમે કહેતા'તા ને વ્યવહાર નહોતો તમે ના પાડતા, આ વચનગુપ્તિનું કહ્યું પણ સાંભળને બાપા, એ પોથીમાંના રીંગણા નથી. એ સમજાવવા ટાણે, એના સ્વરૂપને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ સમજાવાય, એને એવો વિકલ્પ આવે, પણ અભિપ્રાયમાં એમ છે કે વાણી પણ બંધ થાય એટલે વાણી બંધ કરવી નથી પણ એના તરફનો વિકલ્પ પણ ઘટીને સ્વરૂપમાં ઠરે, અને ધ્યાન અંતર થવાનું સાધન બને, માટે વચનગુપ્તિનું આ ફળ એનું સ્વરૂપ સમજાવા માટે આ કહ્યું. ત્યાં ઓલો વળગે... એમ વ્યવહાર સમજાવવામાં આવે ત્યાં ઓલો વળગે કે જુઓ વ્યવહાર આવ્યો કે નહીં? આવ્યો કે નહીં? દીપચંદજી! સમજમેં આતા હૈ? આયા કે નહિ વ્યવહાર? ભઇ આયા હવે શું તારે જોર કેટલું દેવું છે તારે? સમજાણું?

કેવળ વ્યવહારને જાણે તેને તો ઉપદેશ આપવો યોગ્ય નથી. કેટલી વાત કરે છે ઊંચી જુઓ. અમૃતચંદ્ર આચાર્ય મુનિ જંગલમાં વસતા આનંદકંદમાં ચારિત્રમાં ઝૂલતાં શાંતિના શેરડે એ સ્વાદ લેતા. શેરડીને ચૂસે ને જેમ રસ આવે ને! એમ ભગવાન આત્માને ચૂસે એકાગ્ર દ્વારા આનંદના સ્વાદમાં લખ્યું. અરે જીવો! વ્યવહારથી અમે તમને સમજાવીએ અને જો વ્યવહારને પકડશો ને વ્યવહાર કેવળ એક તમને સર્વસ્વ થઇ જશે, અમારા ઉપદેશમાં જે વસ્તુ કહેવાની છે એ રહી જશે. અમારે વ્યવહારને વ્યવહાર તરીકે સમજાવવો નથી વ્યવહાર દ્વારા નિશ્ચયને સમજાવવો છે એને ઠેકાણે તમે વ્યવહારને સમજીને બેસી જશો (તો) સમ્યગ્દર્શન નહિ થાય, ધર્મ નહિ થાય અને વ્રત ને તપ તો ત્રણકાળમાં સમ્યગ્દર્શન વિના હોઇ શકે નહીં. સમજાણું કાંઇ?

''**વળી જેમ કોઇ**....'' દાખલો આપે છે જુઓ આચાર્ય ''**જેમ કોઇ સાચા સિંહને ન જાણતો હોય**....'' સાચો સિંહ હોય ને સિંહ! એને ન જાણતો હોય ''**તેને તો બિલાડું જ સિંહ છે**....'' કોઇક ઓળખેને આ એની મા ઓળખાવતી હોય, મીંદડી નીકળી ને ઓલા ટપકાં-બપકાં હોય ને આ ચટ્ટા પટ્ટા. જો એ છોકરા, જો આ જો સિંહ આવો સિંહ હોય, જો આ સિંહ... જો આ સિંહ એમ કહે. આવો સિંહ હોય એમ કહે હોં, આમા હોયને ઓલા રૂંવાટા પણ હોય મૂંછોના એના જેવો સિંહ આવ્યો. ચટ્ટા પટ્ટા મોટો મિંદડો હોય સરખો જંગલનો. જુઓ આ સિંહ જુઓ, સિંહ જેવું છે એ મિંદડાને સિંહ માની લે, છોકરાએ જોયો ન હોય. કીધુ'તું ને એક ફેરી કુવાડિયામાં, કુવાડિયા... કુવાડિયા છે ને કુવાડબાગ ન્યાં નિશાળમાં ઊતરેલા. એક મગરમચ્છ... આ મગરમચ્છ શું? આ મચ્છર છોકરાને સમજાવવા મચ્છર ચીતરેલો માસ્તરે. અમે ન્યાં જોયેલો હતો મચ્છર... મચ્છર હોય ને? તે આ મોટો આવડો... આવડો કાઢેલો આવડો. મચ્છર આમ ટાંગા, પગ, મોઢું મચ્છરનું.

એમાં એક છોકરાને સમજાવ્યું જો મચ્છર આવો હોય, એમાં એક આવ્યો ગામમાં હાથી. એટલે એ માસ્તરે આ તે દી' નહોતો સમજાવ્યો ઇ આ મચ્છર. ઓલા ટાંગા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લાંબા, અરે ભગવાન ! અરે બાપુ! તને તો મચ્છરનું નાનું રૂપ... નાનું રૂપ પકડાય નહિ એથી લાંબા ટાંગા બતાવી મોઢું પહોળું બતાવી ને એના રૂંવાટા આમ ઝીણાઝીણા અંદર હોય એને એ મોટા કરી કરીને તને એનું રૂપ બતાવવા કહ્યું'તું. એનું ... સમજાણું કાંઇ ? એને તું પકડી બેઠો કે આ તો આ... ત્યાં ઓલો હાથી ચાર પગ ને સૂંઢ ને પૂંછડું ને આમ આહા! અરે છોકરા એ મચ્છર નહીં. ત્યારે ? આ તો હાથી. પણ સાહેબ તમે આવડા પગ ચીતર્યા. એ તો તને નાનામાંથી મોટો સમજાવીને એના અવયવોનો ખ્યાલ માટે સમજાવ્યું'તું પણ ત્યાં પકડયો અવયવો જ આવડા હશે હાથીનાં જેવા.

નેમચંદભાઇ! એમ સિંહને જાણતો ન હોય તેને તો મિંદડું... મિંદડુ સમજતે હૈ ને ? બિલ્લી... બિલ્લી ઇતની હોય ''**તેનેતો બિલાડો જ સિંહ છે**....'' મિંદડીને સમજાવવા ગ્યા એમ અજ્ઞાનીને સમજાવવા ગ્યા. કીધું હવે આ રાગની મંદતા, જ્ઞાન, દર્શન, ચારિત્ર એવા ભેદ પાડીને તને સમજાવીએ છીએ કે આ આત્મા. ત્યાં એ મિંદડી જેમ સિંહ થઇ ગઇ, એમ અજ્ઞાનીને વ્યવહાર સાચો થઇ ગયો. એ વ્યવહારમાં અટક્યો ને પરમાર્થમાં ગ્યો નહીં. સમજાણું કાંઇ ? ક્યાં કોણ પણ આ માથાકૂટ કહે છે કરે ? આપણે તો કરવા માંડોને મુઠ્ઠીયું વાળીને કંઇ ધર્મ... પણ ક્યાં હજી ધર્મ ક્યાં કરાય ? કઇ ચીજમાં કરાય ? એ ચીજ ક્યાં છે ? કેવી છે અને કેવી રીતે સમજાય ? એના ખબરું વિના ક્યાં ઠરીશ ને ક્યાં ગરીશ સમજાણું ? ક્યાંય ક્યાં ગૂમ થાઇશ ? કારણ ગૂમ થવાની ચીજ અંદર બીજી છે. એને ખબર ન મળે અને એકલા વ્યવહાર-વિકલ્પ ને બહારમાં આમ... આમ ફાંફા માર્યા કરે, ગોત્યા કરે ન્યાં હાથ લાગે એવું (નથી).

''**જેમ કોઇ સાચા સિંહને ન જાણતો હોય તેને તો મિંદડું જ સિંહ છે તેમ જે નિશ્ચયને ન જાણતો હોય**....'' જ્ઞાનાનંદ મૂર્તિ અભેદ અખંડાનંદ સ્વરૂપ છે એને તો ન જાણે ''**તેને તો વ્યવહાર નિશ્ચયપણાને પ્રાપ્ત**....'' એ વ્યવહારથી થાશે... વ્યવહારથી થાશે. વ્યવહાર કારણ છે નિશ્ચય કાર્ય... એમ કરીને સાચું કારણ માનીને, વ્યવહાર પણ એક સાચું કારણ (છે). જેમ નિશ્ચય સાચું કારણ ને વ્યવહાર પણ સાચું કારણ છે એમ માનીને બેહે(બેસે), તો એ નિર્વિચારી પુરુષ છે, એને ધર્મનું ભાન નથી. ''**વ્યવહાર જ નિશ્ચયપણાને પ્રાપ્ત થાય છે**....'' સમજાણું કાંઇ ? આ ફેરે વળી આ અધિકાર આવ્યો. આ ઝાઝા મહોત્સવમાં. વ્યવહાર-નિશ્ચયનો અધિકાર બહુ સરસ હતો. સમજાણું ? વસ્તુ સ્થિતિ.

પરમ સર્વજ્ઞ પ્રભુ જૈન પરમેશ્વર પરમ ઇશ્વરતા જેને પૂરણ પ્રગટી એવા જૈન પરમેશ્વર. વાણીમાં વ્યવહાર દ્વારા નિશ્ચયને સમજાવે એવું એને દિવ્યધ્વનિમાં પણ આવે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાણું ? આવે એક હારે(સાથે) પણ ઓલા સમજનારની યોગ્યતા પ્રમાણે સમજાય તો એવું એમાં બધુંય આવે, ચારેય અનુયોગ આવે એમાં. એમાં સમજનારને એમ થઇ જાય કે જુઓ, ભગવાન કહે છે કે દિવ્યધ્વનિથી ધર્મ સમજાય. દેશનાલબ્ધિ પામે એ સમજાય એ સમજે. દેશના સાચા જ્ઞાની પાસેથી મળવી જોઇએ અને એ મળે તો એને આત્માનું જ્ઞાન થાય. ત્યાં સમજી જ બેહે(બેસે) કે દેશના મળી એટલે જ્ઞાન થઇ ગ્યું. સમજાણું કાંઇ ? એમ માની બેહે(બેસે) તેને વ્યવહાર જ નિશ્ચય થઇ પડયો. મિંદડું સિંહ થઇ પડયું. સાચો સિંહ તો એકકોર ! ''**એમ વ્યવહાર જ નિશ્ચયપણાને પામ્યો**....'' સમજાણું આમાં કાંઇ ? મોટો અત્યારે ગોટો. શાસ્ત્રનાં નામે, વ્રત ક્રિયાને નામે, એવા ઊંધા અર્થો ને ઊંધી કથનપદ્ધતિ ચાલી છે, કે સત્ય તો ક્યાંય એકકોર પડી રહ્યું.

આંહી આચાર્ય કહે છે જુઓ, આ વાત નવસો વર્ષ પહેલા અમૃતચંદ્ર આચાર્ય મહારાજ, 'પુરુષાર્થસિદ્ધિઉપાય' એટલે કે પુરુષ એવો આત્મા એની સિદ્ધિનો ઉપાય, એને બતાવવામાં આ લીધું, કે વ્યવહારથી અંદર જાય તો એ વ્યવહારભેદથી સમજાવ્યું... સમજ્યું એમ કહેવામાં (આવે) એ પુરુષાર્થસિદ્ધિ એટલે આત્માની સિદ્ધિનો ઉપાય છે. પણ વ્યવહારને જ આખું માની લે તો પુરુષાર્થસિદ્ધિ ઉપાય એને હાથ આવતી નથી. સમજાણું કાંઇ ? ઘણીવાર કર્મ જેમ આવે, એકકોર વાત આવે. આત્મા ધર્મ સમજે, સમ્યક્ પામે ત્યારે ત્યાં દર્શનમોહનો ઉદય સ્વયંમેવ મટે. સ્વયંમેવ મટે, દર્શનમોહ મટે એટલે આંહી જ્ઞાન થાય. ઓલો વજન શું આપે ? ન્યાં કર્મ સ્વયંમેવ મટે ત્યારે આંહી જ્ઞાન થાય પણ આંહી કહે છે કે આંહી... આંહી થાય એટલે ન્યાં સ્વયંમેવ મટી ગયેલો હોય એમ સમજાવા માંગે ત્યાં ઓલા અર્થ ઈ લઇને બેહે(બેસે). મોટા વાંચનારા હો, સેંકડો વરસથી. એ સેંકડો એટલે ઘણા વરસથી. સમજાણું કાંઇ ? વાંચી વાંચીને કાઢે જુઓ, આમાં કે કર્મ ઉપશમ, ક્ષય, પામે તો ધર્મ પામે. કર્મમાં ઉઘાડ કાંઇક થાય તો જ્ઞાન ઉઘાડ થાય. એલા, એમ ઊંધુ રહેવા દે ને ! એ તો નિમિત્તથી સમજાવ્યું હતું. ત્યાં એમને કે એનામાં કાંઇક થાય તો મારામાં... પણ તારામાં ઉઘાડ થાય તો ત્યાં એ થયા વિના રહે નહીં. આહાહા !

એની પ્રભુતા સમ્યગ્દર્શનમાં કઇ રીતે છે એને સમજાવવા ભેદ પાડીને કથન કર્યા (છે) આંહી તો ઈ કર્યા. ઓલો વ્રત ને નિયમ ને દયા ને દાન એ વ્યવહાર છે ત્યાંથી સમજાવશે. એનાથી સમજાવ્યું છે એમે ય આંહી નથી. એ તો છે ય નહીં. કે ના, તારા દયા, દાન, વ્રત ને ભક્તિના પરિણામ થયાં માટે હળવે હળવે ન્યાં સમકિતી એના વડે થાય, એમ તો છે જ નહીં. આ તો અંદર વસ્તુને સમજણની એકતા થવા પહેલાં, સમજણની એકતા થવા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પહેલાં, સમજણના ભેદના વિકલ્પો દ્વારા તેને સમજાવાય છે. ભારે વાતું!

ધીરૂભાઇ! એકવાર સત્ય કેમ છે એની એના લક્ષમાં, નિર્ણયમાં, વીર્યમાં, શ્રદ્ધા શક્તિમાં, જ્ઞાનશક્તિમાં, વીર્યશક્તિમાં યથાર્થતા ન આવે તો યથાર્થ વસ્તુની પ્રાપ્તિ તરફ જશે શી રીતે? સમજાણું કાંઇ? હજી યથાર્થશક્તિ શું છે, એનું કાર્ય કેટલું છે શ્રદ્ધાનું, જ્ઞાનનું, વીર્યનું કાંઇ ખબર ન મળે અને અમે સમકિતી છીએ ને આ વ્રત-તપ કર્યા એટલે સમકિત હોય તો જ વ્રત-તપ થાયને! બાલચંદજી! એ વ્રત, તપ કોને હોય? સમકિત પછી. ત્યારે વ્રત, તપ અમારે વ્રત ને તપ તો છે અને સમકિત તો આવી ગયું હેઠે જ હોય. (શ્રોતા : ...) હેઠે હોય એટલે ન હોય એમ. હતા કે દી' તને! હજી ભાન સમ્યક્ થયું એટલે તો એનું ભાન થઇ ગ્યું. પરમેશ્વર થવાની તૈયારી થઇ ગઇ. પરમેશ્વરના ભણકાર વાગ્યા. ભવના ભણકાર ગ્યા. સમજાણું કાંઇ? એવા તત્ત્વના ભાન માટે, વ્યવહાર સમજાવવા માટે આવે એને એમ કહેવાય, બાપુ સમજો. પરિચય કરો થોડો, એમ ને એમ તમે...

શ્રીમદ્ એક ફેરી બેઠા'તા. શરીરને બરાબર ઠીક નહોતું. વૈદે કહેલું બહુ બીજા હારે બોલવું નહીં. એકલા બેઠા ને એક જણો આવીને બેઠો. કહે એમ તમે વ્યવહારને ઉથાપો છો? પાધરો પ્રશ્ન કર્યો આવીને. તમે વ્યવહાર... મહાવીરે કહેલા વ્યવહારને તમે ઉથાપો છો? ભાઇ! મહાવીરે કહેલા વ્યવહારને અમે ઉથાપતા નથી. જરી પરિચય કરો તો સમજાય આટલું બોલ્યા. લાલચંદભાઇ! ઓલા કહે તમે વ્યવહારને ઉથાપો છો? ઇ ઘણું કરીને આ જ હતા ત્યારે ઓલા નહીં, બારોટ આવે છે બારોટ ગુજરી ગ્યા ને ન્યાં ઓલા ભગવાન પાંહે(પાસે) વાત કરતા, વડવામાં નહોતા વૃદ્ધ ગિરધર... ગિરધર, હા ગિરધર. ઘણું કરીને ઇ જ હતા, ઘણું કરીને ઇ જ ગયેલા ઇ જ. ઓલા કઠોર કઠોર કેવું હા એક જ ગામ ન્યાં ગયેલા. (શ્રોતા : ...) ન્યાં ગયેલા એટલે ઓલાએ પૂછયું. એ તો ગુજરી ગયા ને ગુજરી ગયા? એણે શ્રીમદ્‌ને ... પેલા તો ભડકીને બધા ગયેલાને કે આ બધો વ્યવહારની વાત કરે છે. વ્યવહાર ઉથાપે છે... વ્યવહાર ઉથાપે છે, વ્યવહાર ઉથાપે.

તમે વ્યવહારને ઉથાપો છો? એટલે કહે ભાઇ, ભગવાન મહાવીરે કહેલો વ્યવહારને અમે ઉથાપતા નથી. છે એમ અમે જણાવીએ છીએ, પણ કંઇ નહીં. થોડો પરિચય કરો તો સમજાય. લ્યો, બીજું શું કહેવું ત્યારે એને? એ બધા વ્યવહાર વાક્ય થયા. પરિચય કરો તો સમજાય છે પણ એ કથન આવ્યા વિના રહે નહીં. પણ એને જ માની લે કે જો નક્કી અમને એમના પરિચયથી પમાશે એવું એ કહેવા માંગે છે અને બીજાના પરિચયથી નહિ પમાય એમ કહેવા માંગે છે. ભાઇ, વ્યવહારના કથનોની પદ્ધતિ તો એવી જ આવે,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ એને જો નિશ્ચય માને, તો વ્યવહાર જ મિંદડું જેમ સિંહ થઇ ગયું એમ ''**એને વ્યવહાર નિશ્ચયપણાને પ્રાપ્ત થાય. હવે નિર્વિચાર પુરુષ આવું સાંભળીને પ્રશ્ન કરે....**'' વિચાર વિનાનો માણસ સમજ્યા વિનાના આ તત્ત્વોની વાતને પકડયા વિના, ''**એકદમ તમે વ્રત, તપ ને નિયમને વ્યવહાર કહો છો તો અમે છોડી દેશું. એ તો તમે હેય કહો છો....**'' સમજાણું? એને અમે છોડી દેશું એમ... તમે તો કાંઇ કહેતા નથી એમાં લાભ-બાભ અરે! સાંભળને હવે! લાભ તો કોણ કહે છે જ્ઞેયમાં? પણ શી રીતે અમે કહીએ છીએ એને તું સમજતો નથી. આ એને પ્રશ્ન કરશે અને ઉત્તર આપશે.

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
# પ્રવચન નં. ૨૧
# અધિકાર ૭મો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૨૦.૦૪.૧૯૬૨ શુક્રવાર

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

૨૫૮ પાનું. નિશ્ચય અને વ્યવહારની વાત ચાલે છે. વ્યવહાર તે અસત્યાર્થ છે, હેય છે એમ કહ્યું, માથે કહ્યું ને ત્યારે ''**શિષ્યને પ્રશ્ન થયો....**'' એ પ્રશ્નથી ચાલશે. ''**તમે વ્યવહારને અસત્યાર્થ ને હેય કહો છો....**'' વ્યવહાર એટલે ? એ એમ માને છે કે આ વ્રતના પરિણામ સંયમના, ઇન્દ્રિયદમનના શીલના જે ભાવ થાય ને શુભ એને તમે અસત્યાર્થ કહો છો, હેય કહો છો, ''**તો અમે તો વ્રત, શીલ, સંયમાદિ વ્યવહાર શા માટે કરીએ ?....**'' શિષ્યનો પ્રશ્ન. અમે તો આ વ્રત પાળવા, શિયળ પાળવા, આ ઇન્દ્રિયદમન કરવું, સંયમાદિ પાળવું, છકાય હિંસાદિના ભાવ છોડવા, અને અહિંસાદિના થવા, એ બધા વ્યવહાર કાર્યને તો તમે જૂઠ્ઠો કહો છો. વીતરાગ કહે છે એ તો કાંઇ માર્ગ છે (નહિ) એ અસત્યાર્થ, વ્યવહાર અસત્યાર્થ છે અને હેય છે, છોડવા જેવો છે, તો પછી અમે વ્યવહાર કાર્ય શા માટે કરીએ ?

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**સર્વ છોડી દઈશું**, વ્રત ને નિયમ ને સંયમના ભાવ શુભ થશે એ છોડી દઈશું. એમ શિષ્યનો પ્રશ્ન છે.

''**ઉત્તર : કાંઈ વ્રત, શીલ, સંયમાદિનું નામ વ્યવહાર નથી....**'' વ્રતના પરિણામ શિયળના, બ્રહ્મચર્યના પરિણામ, ઈન્દ્રિયદમનના પરિણામ, છકાયને નહિ મારવાના પરિણામ, એ પરિણામ છે એનું નામ વ્યવહાર નથી. આંહી કહે છે કે એ તો એક શુભ પરિણામ છે, એનું નામ વ્યવહાર નથી. ''**તેને મોક્ષમાર્ગ માનવો તે વ્યવહાર છે....**'' આંહી વાત એમ છે. સમજાણું કાંઈ? વ્રત, શીલ, સંયમ, ઈન્દ્રિયદમન, ભક્તિ, પૂજા વિગેરે શુભભાવ એ કાંઈ વ્યવહાર નથી, એ તો જીવની વિકારી એક પર્યાય છે પણ એને મોક્ષમાર્ગ માનવો, એ મોક્ષમાર્ગ નથી. વ્રત, નિયમ, બ્રહ્મચર્ય આદિના પરિણામ, છકાયની દયાના ભાવ, પૂજા, ભક્તિ એ તો શુભભાવ છે. શુભ પરિણામ છે. પુણ્યબંધના ભાવ છે એ કાંઈ મોક્ષમાર્ગ નથી. એને મોક્ષમાર્ગ નથી એને માનવો એનું નામ વ્યવહાર છે. સમજાણું કાંઈ? પણ તેને મોક્ષમાર્ગ માનવો એટલે કે એ મોક્ષમાર્ગ નથી. શુભભાવ થાય આત્માના પરિણામમાં એ પુણ્યનો ભાગ છે, રાગ છે, વિકલ્પ છે, ઉપાધિ છે.

જેમ પાપનો ભાવ ઉપાધિ ને મલિન રાગ છે તેમ પુણ્યનો ભાવ, શુભભાવ મલિન છે, ઉપાધિ છે. પણ એ ઉપાધિને મોક્ષમાર્ગ માનવો, એનું નામ વ્યવહાર કારણકે એ મોક્ષમાર્ગ છે નહીં. એ છોડી દે. મોક્ષમાર્ગ માનવું છોડી દે. વ્રત નિયમ શિયળના પરિણામ ક્યાંથી છૂટશે? શુદ્ધ ઉપયોગ થયા વિના અંતર ગયા વિના શુદ્ધ આત્મા ભાન સહિત થયા વિના એ પરિણામ છૂટશે નહિ. શ્રદ્ધા છોડી દે એ ભાવ થાય છે મોક્ષમાર્ગ છે એ વાત શ્રદ્ધા છોડી દે. ''**વળી એવા શ્રદ્ધાનથી....**'' એવા શ્રદ્ધાનથી એટલે આત્મામાં વ્રત, શિયળ, બ્રહ્મચર્યના પરિણામ, ઈન્દ્રિય દમનના પરિણામ શુભભાવ થાય એ મોક્ષમાર્ગ નથી, એમ શ્રદ્ધા છોડી દે એ માર્ગ નથી. એવી શ્રદ્ધા છોડ તો ''**એવા શ્રદ્ધાનથી તેને તો બાહ્ય સહચારી જાણી ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો....**'' એની શ્રદ્ધા મોક્ષમાર્ગની છોડી દે અને વ્રત નિયમના જે કંઈ પરિણામ શુભ થાય આવી શ્રદ્ધા થાય તે મોક્ષમાર્ગ નથી એને તો બાહ્ય સહકારી જાણી, એ પુણ્યના પરિણામ શુભભાવને આત્મા અખંડ આનંદ શુદ્ધ ચૈતન્ય એની અંતર અનુભવની દ્રષ્ટિ ને રમણતા એ ખરો મોક્ષમાર્ગ, એ ધર્મ માર્ગ. એની જોડે આવા વ્રત આદિના, નિયમ આદિના આ શુભ ભાવ થાય એને સહકારી જાણી ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. સમજમેં આતે હૈ કિ નહિ બાલચંદજી!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ તો બધા કહે વ્યવહાર ... એના ઠેકાણાં ન મળે એના નિશ્ચયના અને વ્યવહાર વ્રત ને નિયમ ને તપ આ બધા માળા મોક્ષમાર્ગ ને ધર્મ માર્ગ છે, આ જૈનમાં રહેલાની વાત ચાલે છે હોં! જૈનમાં જનમ્યા છતાં નિશ્ચય સ્વરૂપ શું અને વ્યવહાર શું? બેના ભાન વિનાના એ વ્યવહારને જ મોક્ષમાર્ગ માની અને એને આદરે છે. તો કહે છે કે એ મોક્ષમાર્ગ છે નહિ. શુભભાવ એ વ્રત, નિયમ, પૂજા, ભક્તિ, દાન, દયા, જાત્રા એ શુભભાવ છે એ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ નથી એમ, શ્રદ્ધા મોક્ષમાર્ગની છોડી દે, અને શ્રદ્ધા છોડ, તો તેને બાહ્ય સહકારી તરીકે એને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવાય, શ્રદ્ધા છોડ તો. સમજાણું કાંઇ? બહુ ઝીણું માણસને લાગે આ.

જૈનમાં જનમ્યા પણ જેને નિશ્ચય ને વ્યવહાર શું એની એને ખબર નહિ, અને માની બેસે આ વ્યવહાર છે ને. વ્યવહાર તો છે ને... વ્યવહાર તો છે ને. વ્યવહાર એટલે શું? વ્યવહાર છે? શું વ્યવહાર મોક્ષમાર્ગ છે? વ્યવહાર ધર્મ છે? કે વ્યવહાર પરિણામ છે? શું છે ઇ? સમજાણું કંઇ? એ વ્રત, શીલ, સંયમાદિ, છકાયના જીવને ન મારવા, સત્ય બોલવું, ચોરી ન કરવી વિગેરેના જે ભાવ એ તો શુભરાગ છે. ચૈતન્યની એક વિકારી પરિણતિ નામ અવસ્થા છે. એને તું મોક્ષમાર્ગ માને છે કે આ મોક્ષમાર્ગ વ્યવહારે તો છે ને? માર્ગ છે ને? મોક્ષમાર્ગ તો છે ને? એ શ્રદ્ધા છોડી દે. વ્યવહારે મોક્ષમાર્ગ કહ્યો એટલે કે મોક્ષમાર્ગ નથી, શ્રદ્ધા છોડી દે. સમજાણું કાંઇ આમાં? અને તેવા શ્રદ્ધાનથી એ મોક્ષમાર્ગ નથી એવું શ્રદ્ધાન છોડી દે અને ત્યારે આત્મામાં એ રાગથી રહિત શુદ્ધ ચૈતન્ય નિર્મળ વિકલ્પ ભગવાન આત્મા એનું વિકલ્પ રહિત, રાગ રહિત આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન, આત્માની રમણતા-ચારિત્ર એ જેટલે અંશે પ્રગટ થયું એટલા અંશને મોક્ષમાર્ગ નિશ્ચયથી કહેવામાં આવે છે.

એવું છે એની હારે જો આવા શુભભાવ વ્રત, નિયમ, સંયમ, શીલ ના હોય તો ઉપચારથી સહકારી જાણીને સાથમાં નિમિત્તપણાનું લક્ષ કરીને એને ઉપચારે મોક્ષમાર્ગ કહ્યો છે. મોક્ષમાર્ગ છે નહિ. ભારે ઝીણું ભાઇ! સમજાણું કાંઇ? અહીં તો હજી વ્યવહારનાય ઠેકાણા નહિ ને એને બધું માની બેસે કે અમે ધર્મ કર્યો ને નિશ્ચય મોક્ષમાર્ગ, સાચો મોક્ષમાર્ગ સાધીએ છીએ. નિષ્ક્રિય રાગ વિનાની ચીજ, વિકલ્પ જે વ્રત, નિયમ, શીયળ, પૂજા, ભક્તિનો ઊઠે એ રાગ છે, રાગની ક્રિયા છે અંદરમાં એ. રાગની ક્રિયા રહિત એકલો જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વભાવ, શુદ્ધપિંડ ચૈતન્યમૂર્તિ, એની અંદરની શક્તિની પ્રતીત, એના શક્તિનું ધ્યેય કરીને જ્ઞાન, એ શક્તિને ધ્યેય કરીને સ્થિરતા. એ નિશ્ચય ને સાચો ધર્મ ને મોક્ષમાર્ગ છે. એને તું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યવહાર માર્ગ, મોક્ષમાર્ગ માનવું છોડી દે, તો ઓલા નિશ્ચયની સાથે બાહ્ય સહચારી જાણી, બાહ્ય સહચારી પાછું હોં એમ પણ ''**બાહ્ય સહકારી જાણી ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે આ પણ એ તો પરદ્રવ્યાશ્રિત છે....**''

એ બધા વ્રત, શીયળ, તપ આદિ તો પરદ્રવ્યને લક્ષે, આશ્રયથી ઉત્પન્ન થએલા શુભભાવ છે. પરદ્રવ્યને આશ્રિત ભાવ એ આ મોક્ષમાર્ગ હોઇ શકે નહિ. અહિંસા, સત્યદત્ત આમ પરને આ જીવને ન મારું, આ ભગવાનની ભક્તિ કરું, આ ભગવાનનું જ્ઞાન કરું, આ ભગવાનનું ઉત્થાપન સમજાય છે? એમ એ પરદ્રવ્યને લક્ષે થયેલા ભાવ એ મોક્ષમાર્ગ હોઇ શકે (નહિ) એ ધર્મ નહિ. સમજાણું ભીખાભાઇ? પરદ્રવ્યને આશ્રયે ધર્મ ને મોક્ષમાર્ગ નહિ એમ કહે છે લ્યો! ઓહોહો! વીતરાગ કહે છે તું મારું સામુ જોઇને જે ભાવ કર એ પરદ્રવ્ય આશ્રિત ભાવ છે, એ મોક્ષમાર્ગ નથી. સ્વદ્રવ્ય ચૈતન્યમૂર્તિ ભગવાન એકલો સહકારી છે આ, પણ ક્યારે ઓલો નિશ્ચય હોય ને આને વ્યવહારે મોક્ષમાર્ગ, આને મોક્ષમાર્ગ ન માને, આને મોક્ષમાર્ગ ન માને, ધર્મ માર્ગ ન માને તો તેને નિમિત્તને સહકારી ગણીને ઉપચારથી મોક્ષમાર્ગ છે. આટલી શરતે. કહો સમજાણું કાંઇ? આહાહા!

એવી શ્રદ્ધા હોય કે આ તો વ્યવહાર છે તે ખરેખર મોક્ષમાર્ગ નથી, આ વ્યવહાર છે તે ખરેખર ધર્મ માર્ગ નથી. ધર્મ માર્ગ ને મોક્ષમાર્ગ તો આત્મા સ્વચૈતન્યમૂર્તિ પ્રભુ, અખંડ જ્ઞાનનો કંદ છે, એમાં એકાકાર થઇને, જેટલી નિર્મળ નિર્વિકારી રાગરહિત શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા પ્રગટ થઇ, એટલો મોક્ષમાર્ગ છે. અને ઓલા વ્યવહારને મોક્ષમાર્ગની શ્રદ્ધા છોડી દીધી છે એથી એને બાહ્ય સહકારી જાણીને ઓલા નિશ્ચય મોક્ષમાર્ગની સાથમાં, આવા વ્યવહારના પરિણામ દેખીને ઉપચાર આરોપે નિમિત્ત દેખીને, સહકારી દેખીને, સાથમાં રહેલો દેખીને કોથળાને ચોખા કીધા. (શ્રોતા : ...) ચોખા તોળ્યા ચાર મણ ને અઢી શેર, સમજાણું? આ કેસર બેસર તોળતા હશેને? પહલાં ન્યાં આખા ડબ્બા તોળતા હતા. આ ડબ્બો કેસરનો હતો પણ આ કેસર ફૂટે ડબ્બાના પ્રમાણમાં તે આ ડબ્બો કાંઇ કેસરનો કામ આવે?

એમ જેટલા આત્મામાં અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય કે બીજાને ઉપદેશ દેવાનો ભાવ, વિકલ્પ, રાગ એ બધાય પરદ્રવ્ય આશ્રિત પુણ્યબંધના કારણ શુભભાવ છે. ભારે કઠણ પણ! ઓલા તો કહે ઉપદેશ દેવો એ ધર્મ છે, નિર્જરા છે. ક્યોં દુર્ગાપ્રસાદજી! ક્યોં દૂર બૈઠે હૈ? (શ્રોતા : થોડું પુણ્ય છે) હેં? થોડું પુણ્ય છે, આ છે ને શેઠીયાને! શેઠીયાના ગામમાં એ બહુ છે. ધર્મની હારે પુણ્ય હોય, પુણ્યની હારે નિર્જરા હોય, પુણ્યની હારે નિર્જરા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય જ. નિર્જરા હારે પુણ્ય હોય જ એ બહુ છે એ લોકોને. ક્યોં બાલચંદજી! સબ ખબર હૈ ઉસકી. ઉસકા બાવન બોલ હૈ ન, બાવન બોલ, વો સબ દેખા હૈ બહોત વરસ પહેલે, બાવન બોલ હૈ વો હૂંડી હૈ, એકસો આઠ બોલ ને કાંઇ પાઠમેં હૈ. હૈ? પાઠમેં હૈ. સબ દેખા હૈ, સબ વાંચ્યા હૈ, તે'દી ઘણા વર્ષ પહેલા, ત્યાંસીની સાલ પહેલા, લીલાધરજી પાસે. ઓ લીલાધરજી થા ને, તેરાપંથી સાધુ થા, ચાર ઠાણા થા. લીલાધરજી, કસ્તુરચંદજી, સાકરચંદજી અને એક હતા ચાર, ઉત્તમચંદજી. ચાર ઠાણા થા, ચારે મળ્યા'તા અમને પંચોતેરમાં નાગ્નેશ છે ને વો. આયે થે મેરે પાસમેં, સુનનેકો આયે થે, બહોત પ્રેમ થા હમારે પર. લીલાધરજીને તો બહુ પ્રેમ થા. વો કહતે થે. કૈસા કહતે હૈ ઉસકે પાસ સબ લખાણ થા, તેરાપંથકા. સબ હમ દેખા હૈ. ચાલીસ બરસ પહલે હોં, સબ દેખા હૈ. ક્યા વસ્તુ?

હજી તો બહારની ... આ ઉપદેશ બીજાને દઇએ તો એનાથી ધર્મ થાય. બીજાને બચાવવાનું ન કહીએ પણ અમે ઉપદેશ દઇએ તો ધર્મ થાય. ઉપદેશ પણ આ વાણી તો જડ છે. જડને દે કોણ, બોલે કોણ? વાણી કરે કોણ? આ તો માટી અજીવ તત્ત્વ છે. ઉપદેશ દેવાનો વિકલ્પ આવે એ શુભભાવ અને એ શુભભાવ પરદ્રવ્ય આશ્રિત છે માટે પુણ્યબંધનું કારણ છે, એમાં નિર્જરા સંવર ફંવર છે (નહિ). બાલચંદજી! નવા માણસને તો ઓલું લાગે હોં! ક્યા હૈ? આ માર્ગ આવો કઇ જાતનો? વીતરાગનો માર્ગ આવો જ હોય? અમે તો બધુ સાંભળ્યું છે આ બધું આ વ્રત ને નિયમ ને દયા ને દાન ને પૂજા ને ભક્તિ ને આટલા બધા સબમેં ધર્મ હૈ.

ભાઇ! ધર્મ ચીજ કોઇ અપૂર્વ છે બાપુ! એ એક સેકંડ પણ અનંત કાળમાં નવમી ગ્રૈવેયકે ગયો, જૈન દિગંબર સાધુ થઇને તેના અઠયાવીસ મૂળગુણ જંગલવાસી, વનવાસી, પણ ચૈતન્યનો સ્પર્શ એણે કર્યો નહિ. ચૈતન્ય પોતે વસ્તુ એ શુભ ને અશુભ રાગરહિત છે. ઉસકા ઉસને સ્પર્શ કિયા નહિ. વો સ્પર્શ બિના કદી ધર્મ હોતા નહિ. આહાહા! શું ચાલે જૈનને નામે ને બહાને? અત્યારે આ છે ને માથે જૈન મતાનુયાયી મિથ્યાદષ્ટિઓનું સ્વરૂપ. માથે લખાણ છે ને? જૈનમાં જનમ્યા છતાં એને નિશ્ચય અને વ્યવહારનું ભાન નથી અને વ્યવહારના વ્રત નિયમ આદિને મોક્ષમાર્ગ માનીને હળવે હળવે એનાથી કલ્યાણ થાશે આગળ આવતાં આવતાં, કહે છે કે તને વ્યવહારની ખબર નથી. એ વ્યવહાર ને વ્યવહાર ત્યારે કહીએ કે ભગવાન આત્મા એ પુણ્ય પાપના ભાવ રહિત નિર્વિકલ્પ આત્માના અનુભવની દૃષ્ટિ કરે, અને એમાં સ્વરૂપની સ્થિરતામાં વીતરાગી પરિણતિ પ્રગટ થાય અંશે, એની સાથે આવા શુભ ભાવ હોય, ''**એને ઉપચારથી સહકારી દેખીને મોક્ષમાર્ગ....**''

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કોથળાને ચોખામાં તોળ્યો એમ આને તોળ્યો નિમિત્તને, વ્યવહારથી પણ કોથળો કાંઈ ખાવામાં કામ આવે નહિ. કોથળો ખાવામાં કામ આવે? ચાર મણ ને અઢી શેર. ચોખા તોળ્યા ચાર મણ ચોખા ને અઢી શેર કોથળો. ચોખા ચોખામાં જ રહ્યા છે, વાત આમ છે. ચોખો કોથળામાં ગયો જ નથી, કહો ચોખાનો એક-એક કણ, અરે! ચોખાના અંદરનો એક-એક પરમાણુ, એક-એક પરમાણુમાં આધાર નામનો એનામાં એક ગુણ છે. પરમાણુમાં આધાર નામનો અનાદિ અનંત એક ગુણ છે. એ આધાર ગુણની પર્યાયે પરિણમતો પોતાને આધારે ત્યાં રહ્યો છે. આહાહા! આ વીતરાગ માર્ગ! (શ્રોતા : આ તો બધી નિશ્ચયની વાત કરી વ્યવહાર?) વ્યવહાર શું પણ? એ તો ચોખો એને લઈને રહ્યો, કથન માત્ર કહેવાનું છે. એ કાંઈ ચોખો ગુણને લઈને, ગુણને લઈને ચોખો રહ્યો. એ ગુણનું નિમિત્ત દેખીને ઉપચારથી કથન કરવામાં આવ્યું એટલે કે અસત્યાર્થ છે, એમ છે નહિ.

વ્યવહાર કારકો જેટલા કહેવાય કે આના આધારે આ, આને કારણે આ, એ વ્યવહાર કારક બધા અત્યાર્થ છે, જૂઠ્ઠા છે. નિશ્ચય કારક એ સાચા છે. આહાહા! ભારે જગતને તો! સમજાય છે કાંઈ આમાં? એક-એક પરમાણુ, એક રજકણ, પોઈંટ એક ચોખાનો એક રજકણ, ચોખા તો અનંતા રજકણનો અનંતા સ્કંધ, અનંતા સ્કંધનો એક ચોખાનો પિંડ. એમાં એક રજકણ પોતાના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન અપાદાન અધિકરણ એટલે આધાર, પોતાના આધાર ગુણની પર્યાયે પરિણમતો તે ક્ષેત્રે, તે કાળે, તે ભાવે ટકી રહ્યો છે. આહાહા! જગતને વીતરાગ દર્શન, જૈન સર્વજ્ઞદર્શન શું છે? સાંભળવા મળે નહિ ને માની બેસે પોતાની કલ્પનાએ. સમજાણું કાંઈ? એ કોથળાને લઈને ચોખા નથી રહ્યા. ચોખા કોથળાને લઈને રહ્યા એમ કહેવું એ વ્યવહારનયનું અસત્યાર્થ, અસદ્ભૂતનયનું કથન છે, (શ્રોતા : ...) કહો, સમજાણું કાંઈ? બોલવામાં તો એમ જ આવે ને? આહાહા!

''**પણ એ તો પરદ્રવ્યાશ્રિત છે....**'' જેટલો સંયમનો ભાવ, મહાવ્રતનો ભાવ, અહિંસાનો ભાવ એ બધો વિકલ્પ રાગ છે. એ પરલક્ષે ઉત્પન્ન થાય છે. એ કાંઈ આત્માના સ્વલક્ષે ઉત્પન્ન થએલો ભાવ નથી, ''**અને સાચો મોક્ષમાર્ગ વીતરાગ ભાવ છે....**'' જુઓ આવ્યું. ''**સાચો મોક્ષમાર્ગ વીતરાગ ભાવ છે એ સ્વદ્રવ્યાશ્રિત છે....**'' સ્વદ્રવ્ય, એકલો ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પ્રભુ એને આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય તે સ્વદ્રવ્યાશ્રિત તેને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. પરદ્રવ્યાશ્રિત જેટલો વ્રત, સંયમ, તપ, ઈન્દ્રિયદમન મહાવ્રતના પરિણામ એને બંધનો માર્ગ છે એ. પણ નિમિત્ત દેખીને તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો. નથી, તેને તેમ કહેવું તેનું નામ વ્યવહાર, હોય તેને તેમ કહેવું ને જાણવું એનું નામ નિશ્ચય. ઓહોહો! ક્યાંના ક્યાં દૃષ્ટિ અને ક્યાંનું ક્યાં?

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મનુષ્ય દેહ મળ્યા, વાડામાં જનમ્યા, જૈનનું શું તત્ત્વ છે સત્ય, સાંભળે નહિ, વિચારે નહિ, અરે ! આમ શું ? શું આના વિના રહ્યું હશે ? આના વિના રહ્યું હશે ? કહ્યું નહોતું આધારનો દાખલો આપણે પહેલા કહ્યો તો એક વખત આપણે કૈંચીનો કૈંચી ત્યાં ચડાવી છે ને પ્રવચન મંડપમાં ? સો ફૂટ ને પચાસ ફૂટ છે ને હોલ ? ક્યાંથી ? હવે એકલાયે ન ચડે, દસ જણાથી ઉંચી ચડે. દસ જણા ભેગા થાય ત્યાં ઉંચી થાય પાટનીજી ! હેં ? પણ દસ ભેગા કે'દિ થયા છે. એ કહેને તું પહેલો એમ કહે. એક છે એ બીજો છે એ ત્રીજો છે. કોઇ એ દસ તો ભેગા થયા નથી તો એકને લઇને ઉંચુ ન થાય અને દસને લઇને ઉંચુ થાય ? પણ ઇ દસે જુદે જુદા છે. એ કાંઇ દસ ભેગા થયા નથી. (શ્રોતા : ...) કોને કરે છે ?

એ રતીભાઇ ! શું આ તમારે આવતું હશે કાગળિયામાં એમાં ? કાગળમાં ? કાગળ અનુસાર ન થાય. એમ કહે છે અહીં કાપે ને આમ, કાપે ને આમ છરીથી. કહે છે છરીથી કપાય નહિ એ ? કોણ માને ? એ તો પોતાની તે પર્યાયનું છૂટા પડવાનું પરિણમન છે માટે છૂટા પડે છે. છરીથી કપાણાં એ ઉપચાર અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે અસત્યાર્થનયનું... જગતને દ્રવ્ય ને ગુણ ને પર્યાય સ્વતંત્ર છે એ વાત વીતરાગ માર્ગની જગતને ખબર નથી. વીતરાગ માને નામે અજ્ઞાનીનો રાગદ્વેષનો માર્ગ ફેરવી નાંખ્યો છે. સમજાણું કાંઇ ? સાચો મોક્ષમાર્ગ, એ ઉપદેશ દેવો કે આ દયા પાળવાનો ભાવ થવો એ બધો આત્માના અધિકારની વાત, ધર્મનો અધિકાર નથી એમાં સમજાણું કાંઇ ?

ઉપદેશ આપીએ, લાખો માણસ તરે, સમજે ને એનો અમને લાભ મળે એમ છે કે નહિ કાંઇ ? નહિ બાલચંદજી ! ઇતના ઇતના ધર્મ પામે ઉસકા ઉપદેશકકો કુછ લાભ નહિ ? શું છે ખેમચંદભાઇ, નહિ ? એનો અર્થ શો ? વ્યવહારે નિમિત્ત દેખીને એવા કથન કરવામાં આવે (છે) લાભ-બાભ પરને લઇને ત્રણ કાળમાં છે નહીં. લાભ તો પોતાની પર્યાયનો પોતાના દ્રવ્યાશ્રિત થાય તે લાભ. જેટલો પર દ્રવ્યાશ્રિત રાગ થાય એ પણ અલાભનું, ગેરલાભનું કારણ છે પણ પૂરણ વીતરાગ ન હોય ત્યાં સુધી, એવા શુભભાવ આવ્યા વિના રહે નહિ પણ એ શુભભાવને મોક્ષમાર્ગ માનવો છોડી દે, સાચું માનવું છોડી દે. ઉપચાર છે એમ કે(કહે). એમ કીધું ને ભાઇ ! સાચો મોક્ષમાર્ગ છે એને છોડી દે, માનવું છોડી દે, પછી વ્યવહાર છે એમ જાણ. વ્યવહાર છે એને મોક્ષમાર્ગ છે એમ જાણ. સમજાણું ? ''**એ સાચો મોક્ષમાર્ગ વીતરાગભાવ છે તે સ્વદ્રવ્યાશ્રિત છે....**'' સાચો વીતરાગ આત્માનું સ્વરૂપ, આત્મા, આત્મા પોતે જ વીતરાગી વિજ્ઞાનઘન છે એના પર્યાયમાં, અવસ્થામાં દયા, દાન, પુણ્ય-પાપના વિકલ્પો શુભાશુભ ઊઠે, એ તો વિકાર છે એ સંસાર છે, ઉદયભાવ છે. એના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહિત એકલો આત્મા એ તો વીતરાગ વિજ્ઞાનઘન છે. અકષાય જ્ઞાનનો પિંડ છે, અવિકારી જ્ઞાનનો પિંડ છે, અકષાય કહો, અવિકારી કહો કે વીતરાગ વિજ્ઞાનઘન કહો. ભાઇ શું હશે આ? સમજાણું?

એવા અવિકારી વિજ્ઞાનઘન ચૈતન્યપિંડની, અંતર્મુખ થઇને પ્રતીત જ્ઞાન ને રમણતા, જેમાં શુભભાવનો આશ્રય ને સહારો પણ નથી, એને તું સાચો મોક્ષમાર્ગ જાણ, બાકી મોક્ષમાર્ગ સાચો હોઇ શકે નહીં. સમજાણું કાંઇ? ''**એ પ્રમાણે વ્યવહારને અસત્યાર્થ-હેય સમજવો....**'' જુઓ શું કીધું? ''**એ પ્રમાણે વ્યવહારને અસત્યાર્થ-હેય સમજવો....**'' આ પ્રમાણે એટલે? કે નિશ્ચયની આત્માની શ્રદ્ધા વ્યવહાર મોક્ષમાર્ગ વ્રતાદિ નથી, મોક્ષમાર્ગ તો આત્માને આશ્રયે, શુદ્ધ ચિદાનંદ પરમાત્મ સ્વરૂપ પોતાનું, એને આશ્રયે પોતાનો એટલે અપના ઇતની ભાષા તો સમજે ને હિંદી થોડી થોડી? પણ આંહી તો હિન્દી થોડી થોડી સમજી ને ગુજરાતી આવે તો સમજાય એવું છે. સમજાય છે કાંઇ? એ સ્વચૈતન્યને આશ્રયે જેટલો મોક્ષમાર્ગ થયો, એમાં આવા વ્યવહારના વ્રતના શુભાદિના પરિણામ આવ્યા, એને મોક્ષમાર્ગ ઉપચારથી કહ્યો, એવા વ્યવહારને અસત્યાર્થને હેય આ રીતે સમજવો. કે ઓલો વ્યવહાર મોક્ષમાર્ગ અસત્યાર્થ છે, હેય છે, એ આદરણીય નથી. આદરણીય નિશ્ચય મોક્ષમાર્ગ છે. સમજાણું આમાં કાંઇ?

તકરાર... તકરાર... તકરાર! આ તે કાંઇ તકરારનો વિષય છે આ? કામ થવાનો વિષય માર્ગ છે જ્યાં! વિકલ્પોને પણ છોડીને નિર્વિકલ્પ થઇને ઠરવાનાં માર્ગ છે આ તો. હેં? એ કાંઇ ઝઘડા, વાદ-વિવાદ ને આમ આમ આમ આ. પ્રભુ, એ મારગ તારા નિરાળા છે પ્રભુ. આહાહા! સમજાણું કાંઇ? કેટલી એણે મહેનત કરી છે જુઓને! ગૃહસ્થાશ્રમમાં રહીને ટોડરમલજીએ હજારો શાસ્ત્રમાંથી નિચોડની સંધિ કરીને કહ્યું હવે આવું ગુજરાતી સહેલું. હિન્દીયે સહેલું છે ને હિન્દી તો. આંહી તો ગુજરાતી થઇ ગયા હવે. એનો વાંચવાનો વિચાર કરીને ... અમુક આ કહે છે કે તમે વાંચો આંહી, એમ કહે છે ઓલા. અરે ભગવાન! આહાહા! એમાં નિશ્ચયના માર્ગને નિશ્ચયાભાસી કહ્યો છે. વ્યવહારથી થાય એમ કહ્યું છે આમાં એમ. એમ માને છે. વો અજીતકુમાર હૈ ને? ભલામણ કરતે હૈ મોક્ષમાર્ગ પ્રકાશક વાંચો તમે કાનજીસ્વામી. તમે વાંચો એમ. એના મનમાં તો એમ કે અરર! આ તો બીજે માર્ગે છે. બેય આવે છે બેય. આખા મોક્ષમાર્ગ પ્રકાશક તો વાંચી લીધા. શું છે આ? કેટલીય વાર વંચાઇ ગયું ને.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઓલામાં ઘણું આવી ગયું છે ઓલામાં શું કહેવાય? 'પ્રવચન પ્રસાદ' આવી ગયું છે કે નહિ? પ્રવચન પ્રસાદમાં બધું લખાણ આવી ગયું છે. ... આફ્રિકામાં પહોંચે છે ફૂલચંદભાઇ તો એમ જ કહેતા, અમે તો કહીએ પ્રવચન પ્રસાદ વાંચીને અમારે એમાં જ બધું છે. બધું એમાં આવી ગયું છે અમારે તો ફૂલચંદજી. ફૂલચંદભાઇ છે ને આપણા? વો આફ્રિકામાં મંડળ હૈ ન વહાં ઉનકા, મંડળ હૈ નૈરોબીમેં, વો ફૂલચંદભાઇ ઉસકા અગ્રેસર હૈ, ગૃહસ્થ હૈ માણસ. પંદર લાખ રૂપિયા આપ્યા છે એણે. વહાંકા મંડળકા વો પ્રમુખ હૈ, નૈરોબી. વો કહતે થે કે અમે તો પ્રવચન પ્રસાદમેં સબ હમકો આ ગયા હૈ. વો જીસને ત્રેસઠ, પાંસઠ હજાર નહિ દીયા ઉસને? વો જામનગર. જામનગરકે મંદિરમેં, ભગવાનજીભાઇ. પચાસ હજાર દોસે(દોસો) એક્યાવન દીયા ઔર ફૂલચંદજી પાંસઠ હજાર દિયા. આ જેઠ માસમેં મંદિર હુઆ ને વો જામનગર તો દો હોકર એક લાખ પંદર હજાર દિયા થા. મંદિર તો હોગા વહાં, શું કીધું? હાં ઇ તો સાંભળે છે ... કહો સમજાણું કાંઇ? આ રહ્યો ભાણીયો છે ને જુઓ, આ તમારો આવ્યો કાંતિભાઇનો, ઇ બે જણા નહિ? ઇ ભગવાનજીભાઇ ને ઇ ફૂલચંદ ભાઇ. કહો સમજાણું?

એ પ્રમાણે, એ પ્રમાણે એટલે? કે સ્વદ્રવ્ય આશ્રિત સાચો મોક્ષમાર્ગ છે અને પરદ્રવ્યાશ્રિત જેટલા વ્રત, નિયમ, શીલના પરિણામ થાય એ મોક્ષમાર્ગ નથી, એ સાચો મોક્ષમાર્ગ નથી. સહકારી દેખીને વ્યવહારથી એને મોક્ષમાર્ગ કહ્યો એમ માન. આ સાચો મોક્ષમાર્ગ છે એમ શ્રદ્ધા છોડી દે. એમ વ્યવહાર ને નિશ્ચયને જાણ. આમ તારી દૃષ્ટિ કલ્પનાથી માનીને વ્યવહાર આ, ને નિશ્ચય આ એમ છે નહિ. આ તો લોકોને, સાધુનેય સાંભળીને સમજવા જેવું છે. નામ ધરાવે છે. અરે! પણ શું થાય?

હવે મોટું પદ નામ ધરાવે એને હેઠે ઉતરવું, હેં? મોટી ડીગ્રી મોટી મેળવી લીધી હોય એને હેઠે ઉતારે પરીક્ષા લેવા આવ્યો હોય એલા પણ આ ચોથી ચોપડીના પણ પાઠાંતર નથી ને સાતમીમાં કોણે બેસાડયો? તલકચંદભાઇ કહેતા નહિ? આ તલકચંદભાઇ, આપણા લાઠીવાળા નહિ? શેઠીયાના દીકરા રખડે બહુ. બુદ્ધિ સાધારણ, પછી નારાયણશેઠ જાય. એના બાપનો બાપ ઇ પછી અહીં ચડાવી ધ્યે(દે), ચઢાવા કરીને... ચઢાવા કરીને ચડાવે. છઠ્ઠી, સાતમી ઓલો પરીક્ષા લેનારો આવે તો કહે કોણે બેસાડયો આ સાતમીની અંદર? ચોથીના પાઠના તો જવાબ આપતા આવડતા નથી આને. એ શેઠના દીકરાને. દેખો રખડ હોય, બહુ રખડે બહુ ને ખાવાપીવાના ને લહેર કરે, શેઠના દીકરા, નગરશેઠના દીકરા, નારાયણ શેઠના સમજાણું? એમ આ રખડો બહિર્બુદ્ધિમાં ધર્મ માનીને રખડો. એને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કો'કે ચઢાવી દીધો કે તું સમકિતી છો ને તું સાધુ છો. બર્હિબુદ્ધિની વૃત્તિઓ બધી દયા, દાન, વ્રતાદિના પરિણામ કદાચિત શુભ કોઇક હોય તો, અને એ બર્હિબુદ્ધિમાં ચઢાવી દીધો કે ઇ તારે ધરમ છે ને ઇ તારે , સાધુપણું છે અને એમાં તારું સમ્યગ્દર્શન છે.

દેવ-ગુ–શાસ્ત્રને સાચા માને છે ને? ના, ના. સાંભળને. આનંદઘનજીએ નથી કહ્યું ''**દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો. શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ કિરિયા(ક્રિયા) કરી, ખાર પણ લીંપણું તેહ જાણો....**'' આતે હૈ ને? વો આનંદઘનજીમેં આતે હૈ. સમજાણું? ખાર પર લીંપણું, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો. શુદ્ધ શ્રદ્ધા વિના આ દેવ, ગુરુ, શાસ્ત્રને તો બતાવવું છે તો ઇ. એની તો તને શ્રદ્ધા કરતા આવડી નહિ. તને દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા છે ક્યાં? અને દેવ, ગુરુ ને શાસ્ત્રે બતાવવો છે આત્મા વીતરાગી ભાવ, રાગથી, નિમિત્તથી ખસેડી અને સ્વભાવ ઉપર આરૂઢ કરાવવો, એ આખા દેવ, ગુરુ, શાસ્ત્રનું કથન છે અને એ શ્રદ્ધાની તને ખબર નથી શુદ્ધની તો તને દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા ક્યાંથી લાવ્યો તું આ?

અને શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ કિરિયા(ક્રિયા) કરી એ વ્રત ને નિયમ ને દમન આ થોથા-બોથા ... અપવાસ મહિના-મહિનાના અપવાસ બે મહિનામાં અપવાસ ને સંથારા બબ્બે મહિનાના કરીને મરી જાય. શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ કિરિયા(ક્રિયા) કરી, ખાર પણ લીંપણું, એ રાખોડી, રાખ... રાખ... રાખ કહેતે હૈ કિ ક્યા કહતે હૈ તમારે? બૈરા ગાર કરતે હૈ કિ નહિ, હવે તો ગાર ક્યાં રહી પથરા નાંખ્યા તમારે તો બધે. બંગલામાં પથરા છે કે નહિ શેઠીયા લાદી, ત્યાં શેઠીયા ને લાદી, લાદી ક્યો(કહો)લ્યોને, લાદી હવે થઇ ગઇ, ગાર ક્યાં? ઓલી બાઇયું ગાર કરતી ને આમ થાપો મારીને સરખી કરીને ગાર કરતી'તી, હેં? પણ હેઠે રાખ આટલી ભરી હોય રાખ એના ઉપર ગાર કરવા જાય, કાચું આમ ને આમ પોપડાં ઉખડે એમ ખાર પર લીંપણું. સમ્યક્ સાચી શ્રદ્ધા ભાન વિના એ તારા વ્રત ને નિયમ ને તપ બધા એ ખાર પર, તે રાખ ઉપર લીંપણાં છે. આહાહા!

આંહી તો કહે છે કે વ્યવહાર ને નિશ્ચયને આ રીતે અમે કહ્યું છે અને એમ છે એમ જાણ. જ્યારે નિશ્ચય સ્વદ્રવ્યાશ્રિત, સ્વદ્રવ્યાશ્રિત શ્રદ્ધા જ્ઞાન પ્રગટે ત્યારે વ્યવહારે પરદ્રવ્યાશ્રિત જે રાગાદિ હતો તે સાચો માર્ગ નથી. નિમિત્ત દેખીને ઉપચારે કહ્યો છે એમ વ્યવહારનું સ્વરૂપ છે અને આ નિશ્ચયનું સ્વરૂપ છે. હેં? સમજાણું કે નહિ? સમજાય છે કે નહિ રતિભાઇ? આ કાગળીયામાં સમજાય છે કે નહિ, આ કાગળીયા છે ને તમારે શું છે? કાગળનો ધંધો. કેળવણી ખાતા ખોટી કેળવણી ખાતા ઘણાં ઘર જોયા એટલે ક્યાંય કેટલા ઘર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાકી જતા એટલા ઘર આવતા. ઉપરા ઉપર...ઉપરા ઉપર...ઉપરા ઉપર...ઉપરા ઉપર એક, બે, ત્રીસ, ચાલીસ-પચાસ, ચાલીસ-પચાસ એમાં વળી દાદરા પાછા તમારા આ ઊંચા ચઢવા ને હેઠે ઉતરવા. કહે છે કેટલી શરતો! આ પ્રમાણે જુઓ, આખો સિદ્ધાંત આંહી છે. **એ પ્રમાણે વ્યવહારને** અસત્યાર્થ - હેય... આ પ્રમાણે એટલે શું કીધું? સમજાણું કાંઇ?

સ્વદ્રવ્યને આશ્રયે, ચૈતન્યને આશ્રયે સમ્યગ્શ્રદ્ધા જ્ઞાન થયું કે સ્થિરતા અંશે થઇ હવે એટલા એ ભૂમિકામાં જેટલો વ્રત, નિયમ, શીયળ, બ્રહ્મચર્ય આદિ કે દયા-દાનનો ભાવ કે પૂજાનો ભાવ આવે એવા શુભભાવને વ્યવહારે ઉપચારથી મોક્ષમાર્ગ નથી, પણ નિમિત્ત દેખીને કહ્યું કે આ એને વ્યવહાર જાણ. આ રીતે વ્યવહાર જાણ. આ રીતે નિશ્ચય જાણ. આ સિવાય આડોઅવળો જાણે એમાં તારી શ્રદ્ધાના કાંઇ ઠેકાણાં નથી. સમજાણું કાંઇ? ''**એ પ્રમાણે વ્યવહારને જૂઠો અને હેય સમજવો....**'' એક તો એ મોક્ષમાર્ગ નથી, વ્રતાદિના પરિણામ બધા પરદ્રવ્ય આશ્રયે વિકલ્પ, અને તે આ પ્રમાણે હેય સમજવો કેમ કે બંધ માર્ગ છે માટે જૂઠો છે એમ માનીને એને હેય સમજવો, ''**પણ વ્રતાદિને છોડવાથી તો કાંઈ વ્યવહારનું હેયપણું થતું નથી?....**'' શું કહે છે જુઓ. તારામાં શુભ ભાવ આવે, વ્રતના, નિયમના, પૂજા-ભક્તિ આદિના એ શુભભાવ છોડવાથી કાંઇ હેયપણું થતું નથી. છોડવાથી કંઇ હેયપણું થતું હોય તો ... ઓલો કહે ને અમે તેને છોડી દઇશું, છોડી દઇશું. વ્યવહાર શા માટે કરીએ? અમે છોડી દઇશું.

''**એનો ઉત્તર છે. વળી અમે પૂછીએ છીએ કે વ્રતાદિને છોડી તું શું કરીશ?....**'' શુભભાવ વ્રત નિયમ આદિને તેને છોડીને કરીશ શું? જો ''**હિંસાદિરૂપ પ્રવર્તીશ....**'' હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના ''**તો ત્યાં તો મોક્ષમાર્ગનો ઉપચાર પણ સંભવતો નથી....**'' ત્યાં તો મોક્ષમાર્ગનો ઉપચાર, આરોપ પણ સંભવતો નથી. હિંસામાં તો ઉપચારેય નથી, ઓલામાં તો નિશ્ચય હોય તો આમાં ઉપચાર પણ આવે. ભારે ઝીણું આમાં! વાત પકડાય નહિ આમાં, પકડાય છે કે નહિ એ પન્નાલાલજી! સમજમાં આતે હૈ કિ નહિ ખીમચંદ ભાઇ? ક્યાં ગયા મદનલાલજી! સમજમેં આતા હૈ કિ નહિ? એકદમ થઇ જાઓ, મૂંડી જાઓ, સાધુ થઇ જાઓ. લ્યો, આવો અમારી પાસે પાટે બેસી જાઓ. શું છે પાટે? પાટે તો કૂતરાયે બેસે, નથી બેસતા? ખાલી પાટ હોય તો કૂતરો આવીને બેસી જાય. (શ્રોતા : ...) પરમેશ્વર ક્યાં હતો હજી પરમેષ્ઠીનું ભાનેય નથી. પરમેષ્ઠીને શું કહેવું છે.

ઓલા નવા ખાટલા, નવા ખાટલામાંયે કૂતરાને બેસાડે છે ખબર છે? હવે તો ક્યાં રહ્યું છે, શહેરમાં કૂતરાય મળે નહિ, ન્યાં(ત્યાં) શહેરમાં મારી નાંખે. નવા ખાટલા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરેને ખાટલા, ત્યાં વળી કાથી ભરીને એટલે પહેલો માણસ ન સૂવે, વળી પાછું ઠાઠડી જેવું થઇ જાય તો! એટલે પહેલો રોટલો થોડો નાંખે ને કૂતરો ઉપર ચઢે ને બેસે, સૂવે પછી એ ખાટલો વપરાઇ ગયો કહેવાય. પછી બીજા માણસ સૂવે તો વાંધો નહિ. આવું બધું નાની ઉંમરમાં બધુ જોએલું છે આપણે હોં. અમારા ઘરમાં ને ફળિયામાં ને બધા. પેલો કહે આ શું આ નવો કાથીનો ભર્યોને કૂતરાને કેમ પણ? કે એ બધો વહેમ છે લોકોને. નવી કાથીના ખાટલે સૂવે તો, મરી જાય તો, કોઇ'દી ઠાઠડીમાં નાંખ્યો એમ કહેવાય તો? એટલે જરી રોટલો ઉપર નાંખીએ, ત્યાં કૂતરો આવે ઉપર. પાછો ઉપર વચમાં નાંખે હોં? એક કોર નાંખીને ઓલો ખાશે એમેય નહિ, ખાટલાના વચમાં રોટલો નાંખે એટલે ઓલો ઉપર ચઢીને ખાય. લ્યો, વટલાઇ ગયો ખાટલો હવે. ભ્રમણા તે જગતની કેટલી? સમજાણું કાંઇ?

''**વળી અમે પૂછીએ (છીએ કે) તું હિંસાદિરૂપ પ્રવર્તીશ તો ત્યાં તો મોક્ષમાર્ગનો ઉપચાર પણ સંભવતો નથી. ત્યાં પ્રવર્તવાથી શું તારું ભલું થશે?....**'' આ ઉલટો ''**નરક આદિ પામીશ....**'' હિંસા, જૂઠું, ચોરી, ભોગ આદિ વાસનાની તીવ્રતા થશે તો નરકમાં જઇશ ''**માટે એમ કરવું એ તો નિર્વિચારપણું છે....**'' માથે તો કહ્યું હતું ને એણે? નિર્વિચાર પુરુષ એમ પ્રશ્ન કરે છે એમ કહ્યું હતું એણે. પોતે ને પોતે એમાં આંહી એણે સરવાળો કર્યો છે. ''**અહીં કોઇ નિર્વિચાર પુરુષ એમ પ્રશ્ન કરે....**'' એમ માથે મથાળું બાંધ્યુ હતું એને આહીં ઠેકાણે લાવ્યું કે ''**એમ કરવું એ તો નિર્વિચારપણું છે....**'' વિચાર વિનાના તારા કાર્ય છે સમજણ વિનાના છે. તને ખબર નથી સત્ય-અસત્યની. નિશ્ચય, વ્યવહાર શું છે એની ખબર નથી. જુઓ વ્રતાદિ પરિણતિ મટી, પરિણતિ આવી છે. ''**વ્રતાદિની પરિણતિ....**'' પર્યાય શુભભાવની પરિણતિ ''**મટી, કેવળ વીતરાગ ઉદાસીનભાવ રૂપ થવું બને તો ભલે એમ કર....**'' વ્રત નિયમાદિના પરિણામ શુભ છૂટી અને શુદ્ધ ઉપયોગ થઇ જાય, અને વીતરાગ ભાવ થઇ જાય, તો તો બહુ સારી વાત છે. તેની કોણ ના પાડે છે તને.

શુભ પરિણતિને છૂટી કેવળ વીતરાગ જો મટી, મટી, મટવું, મટવું એનાથી મટવું એટલે મોક્ષમાર્ગ એમ. ઓલું નિમિત્ત મટવાની ભાઇ આવી છે ને વાત, નિમિત્ત મટવું. મટવું એટલે છૂટવું, છૂટવું એટલે વ્યવહારથી છૂટવું એમ કહ્યું અહીંયા નિમિત્તથી. આમ નિમિત્તના (શ્રોતા : ...) મટે, મટે એ તો આંહી કહે આમ ત્યારે નિમિત્ત હો એનો આરોપ કહેવાય ન્યાં(ત્યાં) પરદ્રવ્યનું ગ્રહવું અને મટવું હતુ કે'દી! મટવું એટલે છૂટવું, છૂટવું છે કે'દી પરદ્રવ્યથી. સમજાણું કાંઇ? પરદ્રવ્યથી છૂટો જ પડયો છે, પણ એના વલણમાં છૂટવું, નિમિત્તનું છૂટવું. છૂટવું એમ બોલાય ને? આણે બાયડી છોડી આણે આ છોડયા ને આ છોડયા, છોડયું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલે એટલો મોક્ષમાર્ગ થયો એમ. મોક્ષમાર્ગ તો નિમિત્તના કથનથી કહ્યો છે. ગ્રહણ-ત્યાગ આત્મામાં છોડવું અને ગ્રહવું હતું જ કે'દી! સમજાણું કાંઇ? ... ભારે પણ એવી વાત કરી છે ને? એક-એક આમ તોળી તોળીને શાસ્ત્રોને બરાબર એના હૃદય છે એવું ત્યાં કહ્યું છે.

વ્રતાદિ પરિણતિ મટી, વ્રત, નિયમ, ઇન્દ્રિયદમન, સંયમ એવા શુભભાવ છે એની પરિણતિની અવસ્થા મટી કેવળ વીતરાગ ઉદાસીન ભાવરૂપ થાય. આહાહા! એકલો વીતરાગ ઉદાસીન જ્ઞાતાદૃષ્ટામાં રમી જાય. અલૌકિક વાત બાપુ! એ તો એનું શું કહેવું? સમજાણું કાંઇ? ''**એમ બને તો ભલે એમ કર પણ નીચલી દશામાં એમ થઇ શકે નહિ....**'' ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને એમ ન થાય. એને શુભભાવ આવ્યા વિના રહે નહિ. સ્વરૂપમાં સ્થિર ન હોય, નિર્વિકલ્પ ઉપયોગપણે ત્યારે ચોથે, પાંચમે ને છઠ્ઠે ભક્તિ, વ્રતના પરિણામ પાંચમે છઠ્ઠે, ચોથે ભક્તિ આદિના શુભ રાગ પૂજા દાન એવા શુભભાવ આવ્યા વિના રહે નહિ, એને તું કહે કે હું છોડી દઉં, ક્યાંથી છોડ?

એ પરિણતિ છૂટીને શુદ્ધ ઉપયોગ થઇ જાય તો છૂટી જાય પણ એ પરિણતિને મોક્ષમાર્ગ માને છે એ માન્યતા છોડી દે, પરિણતિ છોડી નહિ, પરિણતિ છોડી નહિ જાય એ તો શુદ્ધ ઉપયોગ થશે તે'દી છૂટશે? સમજાણું કાંઇ? આજ તમારો કો'ક ભાઇબંધ મળ્યો હતો વીરચંદ, વીરચંદ વાઘજી. ભાઇ એ મોટો થઇ ગયો બરાબર મોટર હાલી જતી'તી છેટેથી જોયોતો હેઠે ઉતર્યા. કોણ? રાજકોટ લાલચંદભાઇના ભાઇબંધ એમ કીધું. ... લાલચંદભાઇ મારા ભાઇબંધ થાય એમ બોલ્યા હતા. લાલચંદભાઇના નામે ઓળખાય છે ને આંહી બધું. રાજકોટ લાલચંદભાઇ પ્રસિદ્ધ છે મહારાજ સાથે, એમ ખબર છે ને એમને. લાલચંદભાઇ આતે હૈ ને, નામ તો આમ ... કહો સમજાણું આમાં? ''**વ્રતાદિ પરિણતિ મટી કેવળ વીતરાગ....**'' સમ્યગ્દૃષ્ટિ સહિત શુભ પરિણતિ જે થઇ, છૂટી જાય અને સ્વરૂપમાં ઠર તો તો બહુ સારી વાત, ''**પણ નીચલી દશામાં ન થઇ શકે....**'' એ નિશ્ચય શુદ્ધ પરિણતિની સાથે એવા શુભ પરિણતિના ભાવ આવ્યા વિના રહે નહિ, ''**માટે વ્રતાદિ સાધન છોડી સ્વચ્છંદી થવું યોગ્ય નથી....**''

શુભ પરિણામ છોડીને અશુભ પરિણામ કરવા એમ કહેવામાં આવ્યું નથી, સ્વચ્છંદી થવું યોગ્ય નથી. ''**એ પ્રમાણે શ્રદ્ધાનમાં....**'' એ સરવાળો આવ્યો, હેં? વ્યવહાર સાધન, જેને હોય એને. પાંચમે ને છઠ્ઠાને વ્રતાદિ અને જેને નીચેવાળાને ચોથા, પહેલાની બીજી વાત. અહીં સમ્યગ્દૃષ્ટિ સમજાવે છે પહેલાને પણ સમ્યગ્દૃષ્ટિ છે એ. કહો સમજાણું? સમ્યગ્દૃષ્ટિ થઇને પણ વ્રતાદિ સાધન છોડી સ્વચ્છંદી થવું યોગ્ય નથી ''**એ પ્રમાણે શ્રદ્ધાનમાં**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નિશ્ચયને....**'' એ આવ્યો સરવાળો બે પાના પહેલાનો બસ્સો પંચાવનમાં (એ બસ્સો પંચાવનમું પાનું, બસ્સો એકસઠ પાનું છેલ્લો પેરા). ''**શ્રદ્ધાન તો નિશ્ચયનું રાખીએ છીએ તથા પ્રવૃત્તિ વ્યવહારરૂપ રાખીએ છીએ....**'' પહેલી લીટી હતી બસ્સો પંચાવનમાં. ''**શ્રદ્ધાન તો નિશ્ચયનું રાખીએ છીએ, પ્રવૃત્તિ વ્યવહારની રાખીએ છીએ એ પ્રમાણે બન્ને નયોને અમે અંગીકાર કરીએ છીએ....**'' પહેલી લીટી બસ્સો પંચાવનમાં પહેલી લીટી, એ ચાલતા ચાલતા આંહી પૂરું કરી દીધું બધુય.

પ્રવૃત્તિમાં કેહેતો'તો ને ઓલો, પ્રવૃત્તિ અમે રાખીએ છીએ. પ્રવૃત્તિમાં વ્યવહાર ક્યાં? પ્રવૃત્તિના પરિણામ આવે એને મોક્ષમાર્ગ માનવો છોડી દે. ''**એ પ્રમાણે શ્રદ્ધાનમાં નિશ્ચયને અને પ્રવૃત્તિમાં વ્યવહારને ઉપાદેય માનવું તે પણ મિથ્યાભાવ જ છે....**'' મિથ્યાદૃષ્ટિપણું છે. કો(કહો) સમજાય છે કાંઇ આમાં? ઓલા સાકરમાં દૂધ નાંખીને નથી બુરું કરતા, બુરું એટલે ચોખ્ખુ. મૂળ તો બુરું નામ પાડયુ છે. દૂધ કોઈને સાટુ નથી બનાવતા ચોખ્ખું? એમ આ નિશ્ચય વ્યવહારમાં ક્યાં મેલ, ઊંધાઇ છે એને આ બતાવીને સાફ બનાવે છે. ચોખ્ખુ કર, ચોખ્ખુ કર, ઉંધુ રહેવા દે. તારી શ્રદ્ધા નિશ્ચય વ્યવહારની. એ થયું લ્યો.

''**હવે તે જીવ બન્ને નયોને અંગીકાર કરવા જીવ....**'' એનો એ લીધો. ઓલો વ્યવહારલંબી, નિશ્ચયાલંબી, બેય ત્યાંથી ઉપાડયું છે ને? વ્યવહારલંબી, નિશ્ચયાલંબી. (પાનું ૨૬૫થી) ''**હવે તે જીવ બન્ને નયોનો અંગીકાર કરવા અર્થે કોઈ વેળા પોતાને શુદ્ધ, સિદ્ધ સમાન....**'' શુદ્ધ સિદ્ધ સમાન પર્યાય, સમજ્યાને? શુદ્ધ સિદ્ધ સમાન છું એમ વિચારે છે. ક્યાં સિદ્ધ છો અત્યારે? અત્યારે સિદ્ધ હોય તો પછી આ સાધન ક્યાં કરવું રહ્યું? રાગાદિ રહિત. સિદ્ધ સમાન લીધો પર્યાય ન્યાંથી(ત્યાંથી) ઉપાડયું છે ને? સાતમામાં ન્યાંથી(ત્યાંથી) જ ઉપાડયું છે કેવળજ્ઞાનની શક્તિ બધા કેવળજ્ઞાનવાળા. જુઓ ''**રાગાદિ રહિત....**'' પોતાને માને છે નિશ્ચયથી ''**અને કેવળજ્ઞાનાદિ સહિત....**'' કેવળજ્ઞાનાદિ સહિત લ્યો, ઠીક. ''**આત્મા અનુભવે....**'' છે. અમે તો શુદ્ધ સિદ્ધ સમાન છીએ, રાગાદિ રહિત છીએ, કેવળજ્ઞાનાદિ સહિત છીએ. કેવળજ્ઞાન આદિ એટલે અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ સહિત છીએ એવા આત્માને અનુભવે છે.

ધ્યાનમુદ્રા ''**ધારણ કરી....**'' ધ્યાન ધારણ કરી એમ નહિ. પણ ધ્યાન શેના? હજી વસ્તુના ભાન વિના? શેના ધ્યાન કરીએ ને આમ બેસી જાય. ઓલું તો બફમ થાશે. સમજ્યાને? ઘણા એવું શીખ્યા છે હમણાં હવે કે આ મહારાજ આવું કહે છે ને હવે આપણે બસ આત્મા. શું પણ આત્મા સમજ્યા વિના હજી? મોઢું બંધ કરીને, આંખો બંધ કરીને ... બફમ થાય ને જીંદગી હાલી જાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વસ્તુનું જ્ઞાન શું? ચૈતન શું? પર્યાય શું? શક્તિ શું? ગુણ શું? એના જ્ઞાનમાં ભાસ આવ્યા વિના એ જ્ઞાન કોનું ધ્યાન કરે? શેમાં એકાગ્ર કઇ રીતે થાય? એથી આંહી કહે છે કે ધ્યાનમુદ્રા એમ. ધ્યાનની મુદ્રા, ધ્યાન નહિ. ''**ધ્યાનમુદ્રા ધારણ કરી....**'' એવા વિચારોમાં લાગે છે. કેવા વિચારો? કે હું તો શુદ્ધ સિદ્ધ સમાન છું, વિકાર રહિત છું, રાગાદિ રહિત, કેવળજ્ઞાનાદિ સહિત, ''**આ પોતે એવો નથી છતાં ભ્રમથી, નિશ્ચયથી હું આવો જ છું એમ માની સંતુષ્ટ થાય છે....**'' કહો સમજાણું? પોતે એવો નથી અત્યારે સિદ્ધ સમાન ક્યાં છે? છે સિદ્ધ સમાન પર્યાય? રાગાદિ રહિત છે તો વીતરાગ, વીતરાગ હોવો જોઇએ. કેવલજ્ઞાન સહિત છે? તો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન કોના છે આ? ''**પોતે એવો પર્યાયમાં નથી છતાં ભ્રમથી, નિશ્ચયથી હું આવો જ છું એમ માની સંતુષ્ટ થાય છે....**'' પોતે એવો નથી છતાં ભ્રમથી, નિશ્ચયથી, ભ્રમથી, નિશ્ચયથી હું આવો છું એમ. ભ્રમથી, નિશ્ચયથી હું આવો છું એમ, પર્યાય મારી સિદ્ધ સમાન છે પણ ક્યાંથી આવી સિદ્ધ સમાન?

મતિ શ્રુતનો પ્રકાર દેખાય છે ને? મતિ શ્રુત ટાણે કેવળ ને કેવળ ટાણે મતિ શ્રુત એમ બે હોય? એક સમયમાં બે પ્રકાર પૂર્ણ પર્યાય અને અધૂરી પર્યાય ન હોય. અધૂરી પર્યાય કાળે હું પૂર્ણ પર્યાયવાળો છું એમ ક્યાંથી લાવ્યો? ''**ભ્રમથી, નિશ્ચયથી હું આવો જ છું એમ માનીને સંતુષ્ટ થાય છે તથા કોઇ વેળા વચન દ્વારા નિરુપણ એવું જ કરે છે....**'' એવું એટલે? સિદ્ધ સમાન અમે છીએ, વિકાર રહિત આત્મા છીએ, કેવળજ્ઞાન સહિત છીએ એમ પ્રરૂપે કથનમાં પણ શું સમજે? સમજતો નથી કઇ અપેક્ષાએ કથન છે ઇ. ''**પણ પ્રત્યક્ષ પોતે જેવો નથી તેવો પોતાને માનવો ત્યાં નિશ્ચય નામ કેવી રીતે પામે?....**'' સિદ્ધની પર્યાય નથી ને પર્યાય માનવી એ નિશ્ચય કેમ નામ પામે? વિકાર રહિત દશા નથી ને વિકાર રહિત પર્યાય માનવી નિશ્ચય કેમ નામ પામે? મતિજ્ઞાનમાં અધૂરી પર્યાયમાં પૂર્ણ પર્યાય માનવી એને નિશ્ચય કઇ રીતે નામ પામે? સમજાણું? ''**પોતે જેવો નથી તેવો પોતાને માનવો ત્યાં નિશ્ચય નામ કેવી રીતે પામે?....**'' નથી એવો માનવો, એનું નામ નિશ્ચય ક્યાંથી પામે?

''**કારણકે વસ્તુને યથાવત્ પ્રરૂપણ કરે તેનું નામ નિશ્ચય છે. લ્યો....**'' લાવીને મૂક્યું, પહેલેથી કીધું હતું એ. વસ્તુને જેવી છે દ્રવ્યે, શક્તિએ, પર્યાયે એવી છે એમ જાણે અથવા કહે એને નિશ્ચયનય કહેવામાં આવે છે. ''**કારણકે વસ્તુને યથાવત્ પ્રરૂપણ કરે એનું નામ નિશ્ચય છે તેથી જેમ કેવળ નિશ્ચયાભાસ વાળા જીવનું અયથાર્થ પ્રરૂપણ પહેલા કહ્યું હતું તેમ જ આને પણ જાણવું....**'' નિશ્ચયાભાસ વસ્તુ સમજે નહિ, પર્યાયની યોગ્યતા કેટલી છે? દ્રવ્યગુણ પૂર્ણ છે પણ પર્યાયની યોગ્યતા કેટલી છે એને તો જાણે નહિ અને માની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બેસે કે અમે ભગવાન થઇ ગયા અને સિદ્ધ થઇ ગયા, પરમાત્મા પર્યાયમાં થઇ ગયા. પરમાત્મા વસ્તુએ પરમાત્મા દ્રવ્યગુણની શક્તિ પરમાત્મ સ્વરૂપ છે, પણ પર્યાયમાં પરમાત્મા હોય તો પછી રહ્યું બાકી શું રહ્યું? સમજાણું કાંઇ? ''**કેવળ નિશ્ચયાભાસવાળા જીવનું અયથાર્થપણું, પહેલા કહ્યું હતું તેમજ આને પણ જાણવું....**'' નિશ્ચયનું કહ્યું હતું ને?

કેવળજ્ઞાન સહિત માને છે અને ફલાણું માને છે, ઘણું લીધું હતું પહેલા, નિશ્ચયાભાસવાળાને પહેલો સાંભર્યો છે, વ્યવહારભાસવાળાને પછી કીધો છે ન્યાં(ત્યાં) કથનની શૈલીમાં. ''**અથવા તે એમ માને છે, કે આ નયથી આત્મા આવો છે અને આ નયથી આવો છે લ્યો, પણ આત્મા તો જેવો છે તેવો છે....**'' તેમાં નયનું શું કથન કહેવાણું તેને તું સમજતો નથી. આ નયથી આત્મા આવો છે. નિશ્ચયનયથી સિદ્ધ સમાન પર્યાય છે, અને વ્યવહારનયથી મતિપર્યાયસ્વરૂપ છે. નિશ્ચયનયથી આત્મા તો રાગરહિત છે અને વ્યવહારથી રાગસહિત છે. એમ કયાં બે રૂપ એના હતા? સમજાણું કાંઇ? નિશ્ચયનયથી આત્મા તો સિદ્ધ સમાન, રાગરહિત કેવળજ્ઞાન સહિત. વ્યવહારથી સંસારી, વ્યવહારથી સંસારી છે, રાગ સહિત છે અને મતિજ્ઞાન પર્યાય સહિત છે. મતિજ્ઞાન આદિની અપૂર્ણ પર્યાય એમ બે એક જ આત્માને બે નયે આવો માનવો ભ્રમ છે તને ખબર નથી. ''**પણ આત્મા તો જેવો છે તેવો જ છે....**'' એ પર્યાયમાં એમ માને છે એક હારે બે હોં! એની વાત ચાલે છે ''**પરંતુ ત્યાં નય વડે નિરૂપણ કરવાનો જે અભિપ્રાય છે તેને તો આ ઓળખતો નથી....**''

નિશ્ચયથી શું કહ્યું હતું દ્રવ્યનું? ને વસ્તુ પોતે સિદ્ધ સમાન છે. શક્તિ એની આત્માની પરમાત્મા સમાન છે નિશ્ચયથી પણ કંઇ પર્યાય નિશ્ચયથી કેવળજ્ઞાન સમાન છે કે સિદ્ધ સમાન છે એમ કાંઇ કહ્યું નથી. સમજાણું કાંઇ? ''**જેમ ત્યાં નય વડે કથન કરવાનો જે અભિપ્રાય તેને તો આ ઓળખતો નથી. જેમ આત્મા નિશ્ચયનયથી તો સિદ્ધ સમાન....**'' જુઓ એ પોતે માને છે હોં. કીધુતું'ને આ નયથી આત્મા આવો છે માટે. નિશ્ચયથી સિદ્ધ સમાન એમ માને છે. ''**કેવળજ્ઞાનાદિ સહિત દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મ રહિત, એમ માને છે....**'' પણ એમ છે નહિ. ''**વ્યવહારનયથી સંસારી....**'' જુઓ ''**મતિજ્ઞાનાદિ સહિત દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મ સહિત છે એમ તે માને છે. હવે એક આત્માને એવા બે સ્વરૂપ તો હોય નહિ....**'' પર્યાયમાં એક આત્માના બે સ્વરૂપ! પર્યાયની વાત ચાલે છે હોં અહીંયા અત્યારે. પર્યાયમાં અવસ્થામાં કાંઇ એક આત્માના બે રૂપ હોય? સિદ્ધરૂપ હોય અને સંસારી હોય? રાગરહિત હોય અને રાગસહિત હોય? કેવળજ્ઞાન સહિત હોય અને મતિજ્ઞાન સહિત હોય? એવા બે રૂપ પર્યાયમાં છે? સમજાણું કાંઇ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

''**હવે એવા એક આત્માને એવા બે સ્વરૂપ તો હોય નહિ કારણ કે જે ભાવનું સહિતપણું....**'' આંહી તો ભાવ લેવો છે ને પર્યાય! જે પર્યાયનું સહિતપણું, ''**તે જ ભાવનું (પર્યાયનું) રહિતપણું એક જ વસ્તુમાં કેવી રીતે સંભવે?....**'' સમજાણું આમાં? સમજમાં આતે હૈ ને? ભાવ નામ પર્યાય લેની અહીંયા. જે પર્યાયનું સહિતપણું, તે જ પર્યાયનું રહિતપણું? સંસાર પર્યાયનું સહિતપણું તે જ પર્યાયનું રહિતપણું સંસાર પર્યાયમાં? એમ હોઇ શકે નહિ. સમજાણું? ''**જે પર્યાયનું સહિતપણું, તે જ પર્યાયનું રહિતપણું? એક જ વસ્તુમાં કેવી રીતે સંભવે? માટે એમ માનવું તારો ભ્રમ છે....**'' પર્યાયની વાત ચાલે છે ને આ? શાસ્ત્રમાં આવ્યું છે ઓલા દ્રવ્યની વાત સિદ્ધ સમાન પરમાત્મા શુદ્ધ અને ત્યાં એક નયે એમે કીધું જેવા સંસારી સિદ્ધના ગુણ છે એવા સંસારીના પણ એ તો બધા શક્તિની અપેક્ષાએ કહ્યા છે. સમજાણું કાંઇ?

નિયમસારમાં આવે છે ને! સંસારીના, સંસારી જીવ પણ સિદ્ધ સમાન જ છે. આઠ ગુણવાળો છે એ તો શક્તિના સ્વભાવની અપેક્ષાએ વાત છે પર્યાયવત્. પર્યાયમાં આઠ ગુણ સિદ્ધના હોય તો પછી બાકી શું રહી ગયું હવે? સમજવું શું? વિચારવું શું? ધ્યાન શું? એને કાંઇ રહ્યું નહિ હવે એને એમ. એક સમયમાં આત્માને બે દશા હોય, બે દશા, એમ હોઇ શકે નહિ. બે દશા એટલે? સંસાર દશાય હોય, સિદ્ધ દશાય હોય એમ વિકાર દશાય હોય, અવિકાર દશા હોય એમ સંભવે નહિ. સમજાણું કાંઇ? ''**માટે એમ માનવું એ ભ્રમ છે. તો કેવી રીતે છે?....**'' ત્યારે હવે છે કઇ રીતે પણ? અમે ક્યાંક સમજ્યા છીએ આમ શાસ્ત્રમાંથી સાંભળીને, પણ ત્યાં કીધું તો છે તમે કહો છો તેમ, સિદ્ધ સમાન ને રાગરહિત કીધું તો છે ક્યાંક હોં અને કીધું છે એ માનીએ છીએ પણ છે કઇ રીતે?

''**એ રાજા ને રંક મનુષ્યપણાની અપેક્ષા સમાન છે. રાજા ને રંક મનુષ્યપણાની અપેક્ષાએ સમાન, એમ સિદ્ધ અને સંસારી બન્ને જીવપણાની અપેક્ષાએ સમાન કહ્યા....**'' જુઓ કાંઇ પર્યાયની અપેક્ષાએ સમાન? પર્યાયની અપેક્ષાએ સમાન હોય તો ક્યાં સંસારપર્યાય ને ક્યાં મોક્ષપર્યાય? આહાહા! ક્યાં અશુદ્ધ અને ક્યાં પૂર્ણ શુદ્ધ? સિદ્ધ અને સંસારી બન્ને જીવપણાની અપેક્ષાએ સમાન બેય જીવ હતા. સિદ્ધનો જીવ અને સંસારીનો જીવ બેય સરખા છે. જીવમાં કંઇ ફેર છે? શક્તિ, સ્વભાવ, ભાવમાં? ''**કેવળજ્ઞાનાદિ અપેક્ષાએ સમાનતા માનીએ, પણ એમ છે નહિ....**'' કેવળજ્ઞાન છે ને સિદ્ધ પર્યાય છે ને રાગરહિત છે એમ પર્યાયમાં માની લઇએ એમ છે નહિ? કહો બરાબર છે આ વાત? ''**કારણ કે સંસારીને નિશ્ચયથી મતિજ્ઞાનાદિ જ છે....**'' લ્યો! મતિજ્ઞાનની પર્યાય નિશ્ચયથી

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વપર્યાયમાં નિશ્ચય ખરેખર છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનપર્યાય વગેરે તે. સમજાણું? કર્મના નિમિત્તથી છે. નિમિત્તપણું છે ને એટલું જરી એટલે અપૂર્ણતા પોતાનામાં ... કર્મના નિમિત્તથી છે લ્યો! આમાં એમ આવ્યું. મતિજ્ઞાન કર્મના નિમિત્તથી છે. નિમિત્ત... નિમિત્ત ના પાડતે હૈ કિ નહિ? આંહી તો કહે છે કે પૂરણ ક્ષાયિક પર્યાય નથી, એટલે તેમાં જરી કર્મનું નિમિત્ત છે ને નૈમિત્તિક થાય પોતાની તે પ્રકારની યોગ્યતાની પર્યાય છે. એમ મતિજ્ઞાનની અપૂર્ણ પર્યાય કેમ? ત્યાં કર્મનું હજી નિમિત્ત છે નૈમિત્તિક થાય એટલી અપૂર્ણતા છે. પૂર્ણતા હોય ત્યાં નિમિત્ત હોતું નથી. એનાથી થાય ન થાયનો પ્રશ્ન જ નથી. ''**કર્મના નિમિત્તથી છે....**''

''**તેથી સ્વભાવ અપેક્ષાએ....**'' સ્વભાવ અપેક્ષાએ કે હું સ્વભાવ નથી આ અપૂરણ એ મતિજ્ઞાનાદિનો સ્વભાવ એનો કાયમી સ્વભાવ નથી. ''**સ્વભાવ અપેક્ષાએ સંસારીને કેવળજ્ઞાનની શક્તિ કહીએ તો કાંઇ વાંધો નથી....**'' કેવળજ્ઞાન શક્તિ છે આત્મામાં એ પણ ત્રિકાળ શક્તિ છે કેવળજ્ઞાન. પર્યાયમાં તું કેવળજ્ઞાન માન એને બાકી શું રહ્યું હવે? મતિ ઠેકાણે તું કેવળજ્ઞાન માન, તને નયની કથનની પદ્ધતિની, સ્વરૂપની ખબર નથી. ''**જેમ રંક મનુષ્યમાં રાજા થવાની શક્તિ હોય છે....**'' લ્યો, ''**તેમ આ શક્તિપણે જાણવી....**'' રાંક હોય ને રાજા થાય, નથી કથા? આ સયાજીરાવ બકરા ચારતા હતા તેઓ કાંઇ કે ભેંસુ કાંઇ ચારતા'તા આ સયાજીરાવ ગાયકવાડ સરકાર. ગુજરી ગયા, એ ભેંસો ચારતા હતા ત્યાં. એમાં આ મલાવડાને લઇ જાયને સરકાર? રાણી હતી એની રાણી મલાવડા બધા કુટુંબના માણસોને ત્યાં એ ત્રણ ભાઇઓ હતા એ સયાજીરાવને ત્યાં ઢોર ચારતા'તા લઇ ગયા. ચાલો રાણી સાહેબ બોલાવે છે. ચાલો. શક્તિ હતી કે નહિ એને.

એક જણાને પૂછયું કેમ આવ્યા? સાહેબ આપે બોલાવ્યા માટે આવ્યા. પછી આ સયાજીરાવને પૂછયું કેમ આવ્યા? આવ્યા રાજ્ય લેવા, પણ ભેંસુ ચારો છે. ત્યારે રાણીને કહે આ માળો પુણ્યવંત લાગે છે. પુણ્યવંત છે ને પુણ્ય, પુણ્યની વાત છે હોં. ધર્મની બર્મની ક્યાં? કે અમે રાજ લેવા આવ્યા છીએ. ઓહોહો! કાલ ખબર મલાવડાને આને લઇ ગ્યા(ગયા) સરકાર પાસે લઇ ગયા. રાજ માટે. આને સોંપો રાજ મોટા ને ન આપ્યું, મોટો કહે શું કરવા આવ્યા? તમે બોલાવ્યા માટે આવ્યા. ઓલાને કહો તમે કેમ આવ્યા? કે રાજ લેવા. શક્તિ છે કે નહિ એ અપેક્ષાએ કહેવાય રંકમાં. રંકમા રાજાની શક્તિ એમ સંસારીમાં કેવળજ્ઞાનની શક્તિ કહેવામાં આવે છે, પણ પ્રગટ માને તો ભ્રમણા છે.

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૨૨
## અધિકાર ૭મો
## સ્થળ:સુવર્ણપુરી તા.: ૨૦.૦૭.૧૯૬૨ શુક્રવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

કે નિશ્ચયને માનીએ છીએ, અને વ્યવહારનેય માનીએ છીએ એમ માને છે, પણ એની એને ખબર નથી. વ્યવહાર શું કહેવાય? નિશ્ચય શું કહેવાય? એની ખબર વિના મિથ્યાદષ્ટિપણું ધારે છે. સમજાણું? અહિંયા તો અધિકાર એ આવ્યો છે કે કેટલાક પોતાના આત્માને સિદ્ધ સમાન અત્યારે માને છે. શાસ્ત્રમાં સિદ્ધ સમાન તો શક્તિ અપેક્ષાએ કહ્યું છે. આત્માની શક્તિ સિદ્ધ થવાની છે. એનો સ્વભાવ સામર્થ્ય સિદ્ધ થવાનો છે. એને ઠેકાણે વર્તમાન પર્યાયમાં, અવસ્થામાં, સિદ્ધ સમાન માને એ મોટો ભ્રમ છે. હા, એમ કહ્યું કે એમાં સિદ્ધ ને કેવળજ્ઞાન, કેવળજ્ઞાનની મારામાં શક્તિ છે, ને સિદ્ધ થવાની મારામાં લાયકાત છે, એમ માને તો તે યથાર્થ છે. સમજાણું કાંઇ?

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા સિદ્ધ થવાને લાયક છે. સ્વભાવ અને કેવળજ્ઞાનની શક્તિ પણ અંદર પડી છે. બહારમાં તો મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન આદિ અલ્પ જ્ઞાનની દશા છે. એવી દશામાં કેવળજ્ઞાન માની લે, ભ્રમણામાં પડયો છે. હા, એ મતિજ્ઞાન આદિ અલ્પ છે. એ કર્મનો ત્યાં સંબંધ જરી નિમિત્તનો છે તેથી કેવળજ્ઞાન એમાં પર્યાયમાં નથી. ''**સ્વભાવ અપેક્ષાએ સંસારીને કેવળજ્ઞાનની શક્તિ કહીએ તેમાં દોષ નથી....**'' સ્વભાવની અપેક્ષાએ કેવળજ્ઞાન આત્મ દ્રવ્યમાં, સ્વભાવમાં શક્તિ કેવળજ્ઞાનની પૂરી પૂર્ણ દ્રવ્યમાં પડી છે એમ માને તો એ વિરોધ નથી. બીજી રીતે હવે કે આ જેમ રંક અને રાજામાં ફેર કેવો? કે રંકમાં રાજા થવાની શક્તિ છે. રંક અને રાજા મનુષ્યમાં ''**જેમ રંક મનુષ્યમાં રાજા થવાની શક્તિ હોય છે તેમ આ શક્તિ પણ જાણવી....**'' સમજાણું કાંઇ? પણ રંક અને રાજાની પર્યાયોને સરખી માની લે અત્યારે, ક્યાં રંક ને ક્યાં રાજા? ક્યાં મતિજ્ઞાનની પર્યાય ને ક્યાં કેવળજ્ઞાન? ભ્રમણામાં પડયો છે.

બીજી વાત. ''**વળી દ્રવ્યકર્મ....**'' - જડકર્મ છે માટી આઠ કર્મ જ્ઞાનવરણાદિ, નો કર્મ - આ શરીર, મન, વાણી, દેહ ''**એ પુદ્ગલથી ઉપજ્યા છે....**'' આ આઠ કર્મ ને શરીર, વાણી તો પુદ્ગલથી નીપજેલા છે, આત્માએ નીપજાવ્યા નથી, ને આત્મા એને નીપજાવી શક્તો નથી. કહો સમજાણું કાંઇ? ''**તેથી ખરેખર સંસારીને પણ તેનું ભિન્નપણું છે....**'' સંસારીને પણ કર્મ પુદ્ગલ છે, જડની અવસ્થા છે. શરીરની પણ જડ અવસ્થા છે તેથી જીવને અને એને બે ભિન્નપણું છે, જુદાપણું છે ''**પરંતુ સિદ્ધની માફક તેનો કારણ કાર્ય સંબંધ પણ ન માને તો ભ્રમ જ છે....**'' એટલે શું? શરીર અને આઠ કર્મનું નિમિત્તપણું વ્યવહાર કારણ અને આત્મામાં એ જાતની શરીર કાળે યોગ્યતા પોતાની હલનચલન ગતિઓ આદિમાં અને કર્મનું નિમિત્ત ને રાગદ્વેષની નૈમિતિકતા પોતામાં યોગ્યતા, એવું કારણ કાર્ય વ્યવહાર કારણ - નિશ્ચય કાર્ય, એ રીતે ન માને તો પણ ભ્રમણા છે.

શેઠીયા! ક્યા કહતે હૈ? દેખો. ''**દ્રવ્યકર્મ અને નોકર્મ તો પુદ્ગલથી નીપજ્યા છે,** જડ જ એનાથી. આત્મા એને નીપજાવી શક્તો નથી. ''**તેથી ખરેખર સંસારીને પણ....**'' તેનાથી આત્માથી શરીર ને વાણી ''**જુદા તદ્દન છે....**'' એટલે એને તો કાંઇ કર્તાહર્તા આત્મા છે જ નહિ, ''**પણ સિદ્ધની માફક તેને કારણ કાર્ય સબંધ ન માને....**'' નિમિત્ત નૈમિત્તિક સબંધ છે કારણ એટલે નિમિત્ત. સમજાણું કાંઇ? નિમિત્ત નૈમિત્તિક સબંધ છે. વ્યવહાર સબંધ છે એટલો વ્યવહાર સબંધ પણ જીવને અને શરીરને, જીવને અને કર્મને વ્યવહાર નિમિત્ત-નૈમિત્તિક સબંધ પર્યાયમાં છે, તો ''**એટલો ન માને તો ય ભ્રમણા છે...**'' લ્યો, આ સબંધ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સિદ્ધ કિયા. અબદ્ધ સ્પૃષ્ટ આત્મા ચૈતન્ય પદથી નિરાળો એ વસ્તુની દ્રષ્ટિ, પણ પર્યાયમાં રાગાદિ છે ને કર્મનું નિમિત્ત છે. પર્યાયમાં શરીરની જેવી અવસ્થા થાય, તેવી પોતામાં પણ તે પ્રકારની અવસ્થા પોતાને કારણે થાય છે. એટલો ત્યાં નિમિત્ત નિમિત્ત સંબંધ છે. એટલો પણ ન સ્વીકારે તો એ પણ ભ્રમણા છે. કહો સમજાણું કાંઇ આમાં ? સ્થાપ્યું આ કારણ કાર્યમાં ચીમનભાઇ ! વસ્તુ નથી ?

આત્મા વર્તમાન પર્યાયમાં અલ્પજ્ઞ છે એમાં નિમિત્ત જ્ઞાનાવરણનું નિમિત્ત છે. અલ્પજ્ઞ નૈમિત્તિક પોતાની પોતાને કારણે પર્યાય છે, પણ એમાં કર્મ જ્ઞાનાવરણ નિમિત્ત છે. એમ દર્શન ઉપયોગની હીણતારૂપી પર્યાય, ચક્ષુ, અચક્ષુ દર્શનની પર્યાય, એ પોતાની પોતામાં છે પણ એમાં નિમિત્ત તરીકે દર્શનાવરણીયનું નિમિત્ત છે. નિમિત્ત છે માટે આ છે એમ નહિ, તો તો નિમિત્ત ન રહ્યું. સમજાણું કાંઇ ? અને આંહી હીણી દશા થાય છે, માટે ઓલાને નિમિત્તપણે આવવું પડે છે એમ પણ નથી. તો તો કર્તા-કર્મ થઇ ગયું. અલ્પ અવસ્થા કર્તા અને નિમિત્તને આવવું એ એનું કાર્ય થઇ ગયું. પણ એક ચીજ છે. જ્ઞાનની પર્યાયમાં હીણતા એ નૈમિત્તિક કર્મ જ્ઞાનાવરણનું નિમિત્ત બસ, એ નિમિત્ત - નિમિત્ત સબંધ છે, ન હોય તો કાંઇ કેવળજ્ઞાન હોય, પૂર્ણ સિદ્ધ દશા હોય એવું તો વર્તમાન છે નહિ.

એમ આઠે કર્મનું નિમિત્તપણું તો છે. નિમિત્તનું કાંઇ ના પાડી નથી. શેઠીયા ! ઓલામાં, તમારા આવે કે નિમિત્ત-નિમિત્ત સબંધ સ્વીકારો, ઉપાદેય સ્વીકારો એ વાંધા હતા. ઉપાદેય સ્વીકારો તો પછી ચર્ચા હોગી. ક્યોં ? બાલચંદજી ! એ બાત હૈ, ઉપાદેય કહાંસે માને ? નિમિત્ત એ જ્ઞાન કરનેકી ચીજ હૈ. ઉપાદેય અંગીકાર કરને કી ચીજ હૈ નહિ. કહો સમજાય છે કાંઇ ? કહે છે કે સિદ્ધની માફક જેમ સિદ્ધ પરમાત્મા, એને તો શરીર અને કર્મનું નિમિત્ત પણ છે નહિ, તેથી પોતામાં પોતાની નૈમિત્તિક પર્યાય હીણી આદિ પણ સિદ્ધને નથી.

''**તથા ભાવકર્મ**....'' હવે આવ્યું. એ પુણ્યને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, તપ ને જપ એવો જે વિકલ્પ ઊઠે છે. રાગ, રાગ એ ભાવકર્મ છે એ પુણ્યભાવ છે, એ શુભભાવ છે. અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસનાનો ભાવ એ પાપભાવ કર્મ છે. પાપભાવ, અરૂપીભાવ કાર્ય જીવમાં છે. ''**ભાવકર્મ એ આત્માનો ભાવ છે**....'' આંહીતો એની પર્યાય પરથી જુદી બતાવવી છે ને ? અત્યારે ઓલો અધિકાર નથી સમયસારનો ? ભાવકર્મ જડ એ જડનો. હા, પહેલો દ્રવ્ય ને પરથી જુદો ન પાડે. હજી દ્રવ્ય પોતે આત્મા છે એની શક્તિઓ છે અને એની પર્યાય છે. વિકારી કે અવિકારી સ્વયં સિદ્ધ પોતાને લઇને છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરને લઈને (નથી). પરવસ્તુ એક નિમિત્ત માત્ર છે, એટલો જ્યાં સ્વીકાર પરથી પૃથક ન કરે, એને ભગવાન આત્મામાં જ્ઞાન-દર્શન-આનંદ છે. એના સ્વભાવમાં વિકાર છે જ નહિ. તો સ્વભાવની દ્રષ્ટિ કરાવવા સ્વભાવની દ્રષ્ટિ થઈ, એ વિકાર મારો નથી અને મારામાં છે નહિ. સમજમેં આયા? પણ પહેલેસે ઐસા સ્વીકાર કરલે કે વિકાર કર્મકા હૈ... વિકાર કર્મકા હૈ... વિકાર કર્મકા હૈ, તો ઉસકો જુદે પાડના તો કર્મ તો ભિન્ન ચીજ હી હૈ તો પહેલે કહ્યુંને! સમજાણું? એ તો નિશ્ચયથી સંસારીને દ્રવ્યકર્મ, નોકર્મ ભિન્ન જ છે. ભિન્ન છે એને ભિન્ન શું કરવું? સમજમેં આયા? ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાન-દર્શન-આનંદના પિંડ સ્વરૂપ છે. એની પર્યાયમાં, અવસ્થામાં, વિકાર, પુણ્ય, પાપ આદિ શુભ-અશુભ ભાવ છે. એ જીવના અસ્તિત્વમાં છે, જીવનો છે, એ આત્માનું કાર્ય છે. આત્મા કર્તા થઈને પરિણમે છે. સમજમેં આયા?

દર્શન અધિકારમાં, સમ્યગ્દર્શન અધિકારમાં તો વસ્તુ તો પોતે અભેદ અને નિર્મળાનંદ છે. એ દ્રષ્ટિનું ભાન થયું છતાં એ દ્રષ્ટિની સાથે જે સમ્યગ્જ્ઞાન થયું, એ જ્ઞાનના અંશમાં એક જ્ઞાનનો અંશ આત્માને પૂર્ણ જાણે છે અને એક જ્ઞાનનો અંશ વર્તમાનમાં મારામાં રાગ પરિણમન છે, પરિણમન છે ભાવકર્મનું મારામાં મારે લઈને પરિણમન છે, એમ વ્યવહારનય એમ એક જ્ઞાનનો અંશ એને જાણે છે. સમજાણું કાંઈ? વો સુડતાલીસ નય આયીને? સુડતાલીસ. આ પ્રવચનસાર તો કતૃત્વનય આત્માનો ધર્મ છે. રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ, દયા ને દાન, પાપના પરિણામ એ બધો આત્માની પર્યાયનો ધર્મ એટલે સ્વભાવ છે. એ આત્માની પર્યાય પોતે એ રીતે પરિણમી છે, થઈ છે. એમ સમ્યગ્દ્રષ્ટિ પણ પોતાના કતૃત્વ ધર્મને મારામાં આ છે એમ જાણે છે. આહાહા! સમજમેં આયા? દ્રષ્ટિનો વિષય અભેદ છે એ તો એકરૂપ ચૈતન્ય દ્રવ્ય છે. જ્ઞાયક માત્ર વસ્તુ, જ્ઞાત જ્ઞાયકભાવ પણ એવી દ્રષ્ટિ હુઈ, તબ લગ ભી જ્યાં સુધી કેવળજ્ઞાન સિદ્ધપદ ન હો, તહાં લગ ઉસકો ભી રાગ દ્વેષ તો હૈ, અને રાગ દ્વેષકા કતૃત્વ ભોકતૃત્વ ધર્મ મેરા હૈ. સુડતાલીસ નયમેં, દીપચંદજી! સમજમેં આયા?

કતૃત્વરૂપ પરિણમન ઔર હર્ષ શોકકા સ્વરૂપકા ભોકતૃત્વરૂપ પરિણમન, વો મેરા મેરેમેં ધર્મ, ધર્મ નામ મેં ધારી રાખ્યો છે ભાવ. આત્મા એ ધારી રાખ્યો છે એ અપેક્ષાસે આત્મા જ્ઞાનસે જાણતે હૈ કે મેરેમેં કતૃત્વ-ભોકતૃત્વ હૈ. આદરણીય હૈ કે નહિ? વો પ્રશ્ન અહીંયા નહિ. એ જાનને લાયક ચીજ હૈ. ભાવકર્મ એટલે કે પંચમહાવ્રતના ભાવ, અવ્રતના ભાવ, હિંસા, જૂઠું, ચોરીના ભાવ, કામ ક્રોધના ભાવ, દયા, દાન, અનુકંપા,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સેવા, કરૂણા, જાત્રા, ભક્તિના ભાવ એ આત્માનો ભાવ છે. આત્માનો પર્યાય છે. આત્મામાં અવસ્થાનું પરિણમન છે, અને તે ખરેખર આત્માનો જ છે. ''**નિશ્ચયથી આત્માનો છે** કેમ કે સ્વનો છે. સ્વ તે નિશ્ચય અને પર તે વ્યવહાર. અત્યારે એટલી વાત ચાલે છે. કહો પાટણજી! એક કોર સમયસારમાં કહે કે કર્મ વ્યાપક હોકર પુણ્ય-પાપકા વ્યાપ્ય અવસ્થા વો કર્મકી વ્યાપ્ય અવસ્થા હૈ. આત્માકી વ્યાપ્ય નહિ, વો કઇ અપેક્ષાસે?

દૃષ્ટિ ચૈતન્ય ઉપર જ્ઞાયક ઉપર પરિણમન હુઆ, તો દૃષ્ટિકા વિષય દ્રવ્ય હૈ, અને દ્રવ્યકા પરિણમન સ્વભાવકી પર્યાય હૈ, દ્રવ્યકા પરિણમન સ્વભાવકી પર્યાય હૈ. ઐસે ગિનકર વિભાવકા પર્યાય કર્મમેં ડાલ દિયા. સમજાય છે કાંઇ? આમ ખેંચે ત્યાં આમ ખેંચે ને આમ તાણે ત્યાં આમ તાણે. ''**ભાવકર્મ એ આત્માકા ભાવ હૈ ઔર ખરેખર આત્માના જ હૈ, કર્મના નિમિત્તથી થાય છે. તેથી વ્યવહારથી તેને કર્મનો કહીયે**....'' જુઓ નિશ્ચયથી આત્માનો વિકાર ભાવ છે, સ્વનો છે માટે, અને કર્મનું નિમિત્ત છે ઉપચાર છે. આરોપીત એ ચીજ છે એથી એનાથી થયું એમ કહેતાં તેથી તેને વ્યવહારથી કર્મનો પણ વિકારી ભાવ વ્યવહારથી કર્મના કહીયે, વ્યવહારથી એટલે? ઓલું નિમિત્ત દેખીને એના છે એમ વ્યવહારથી કહે છે. ખરેખર એના (નથી) ખરેખર એના નથી, ખરેખરતો જીવનો સંસાર જીવમાં છે. જીવની પર્યાય વિકારી દશા, રાગ, દ્વેષ, દયા, દાન વિકલ્પો, બધી આત્માની પર્યાયમાં, અવસ્થામાં નિશ્ચયથી છે. કહો સમજાણું કાંઇ?

એ કર્મના નિમિત્ત નામ નૈમિત્તિક તો અપની નિજી પર્યાય રાગ દ્વેષ, પુણ્ય, પાપ આદિ છે અને કર્મનું એમાં નિમિત્ત છે. નૈમિત્તિકની પોતાની અપેક્ષા તે નિશ્ચય છે પણ નિમિત્તની અપેક્ષા તે વ્યવહાર, વ્યવહારે એના છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઇ? ''**બીજું આ સિદ્ધની માફક સંસારીને પણ રાગાદિક ન માનવા**....'' સિદ્ધને જેમ સંસાર અને રાગદ્વેષ નથી, પુણ્ય-પાપ નથી, એમ સંસારી જીવને નથી કે રાગાદિ ન માનવા ''**અને કર્મના જ માનવા**....'' લ્યો. કર્મના જ રાગ દ્વેષ છે. પુણ્ય, પાપ, દયા, દાન, કામ, ક્રોધ, ''**કર્મના જ છે એ માનવા એ પણ ભ્રમ જ છે**....'' ભ્રમણા છે, કહો સમજાણું કાંઇ? જ્ઞાનની આંહી જ્ઞાન પ્રધાન કથન છે ને આમાં? જ્ઞાન પ્રધાન સ્વપર પ્રકાશક જ્ઞાન છે. તો જ્ઞાન થયું તે પોતાની પર્યાય પોતામાં પરિણમે છે, એમ જાણે છે. નિમિત્તપણું કર્મનું છે તેથી કહેવામાં આવ્યાં કે એના છે તેથી કાંઇ એના થઇ જતાં નથી. સમજાણું કાંઇ?

સંસારીને રાગ દ્વેષ, પુણ્ય-પાપ ન જ માનવા, મેરા નથી એ તો જડના છે. આ લ્યો, પંચોતેરમી ગાથા નહિ? હતી ને એનો પ્રશ્ન થ્યો તો નહીં? તે'દી પ્રશ્ન થયો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

રાજકોટમાં. સોમચંદભાઈએ પ્રશ્ન કર્યો હતો કે શું આ ખરેખર શું છે કહે કે બેનું આ? પંચોતેરમી ગાથા આવી ત્યારે ખરેખર વ્યાપ્ય-વ્યાપક કર્મના છે. અંતરંગમાં રાગ દ્વેષ હો કે તો બહારના કર્મની પર્યાય તે જડની હો એ બધું કર્મનું છે, આત્મામાં નથી. નિશ્ચયથી ત્યાં કહ્યું હતું. આંહી એમ કહ્યું કે નિશ્ચયથી આત્માના રાગ દ્વેષ છે. આ નિશ્ચય એટલે સ્વનું છે એટલી અપેક્ષાએ સ્વ અશુદ્ધતામાં પરિણમન એનું છે ને, એના અસ્તિત્વમાં છે ને? ઓલું શુદ્ધ ઉપાદાન ત્રિકાળ શુદ્ધ ઉપાદાનની દ્રષ્ટિમાં એ વિકાર એનો (નથી) છે જ નહિ. આ શુદ્ધ ઉપાદાનની પર્યાયમાં પોતાનું છે માટે એનો કહ્યો છે. સમજાણું કાંઈ?

આ કહે એના છે કે નહિ? એના છે કે નહિ? ભઈ જૂના પંડિતો હતા એ હારા(સારા) હોં જૂના પંડિતોની વાત બરાબર એમ કહે છે. આ નવા જાગ્યા, આ નવા થયા એમ કહેતા'તા. ખબર છે અમને બધી ખબર છે. એકવાર બોલ્યા હોય અને એ કાને આવ્યો હોય એ શબ્દ ન્યાં વાતું કરતા'તા ન્યાં શરણારામજીને બધા વાતું કરતા'તા, એ, એ જૂના પંડિતોનો જે સિદ્ધાંત છે એ બરાબર છે હમણાંનો નહિ કહે. આ મગનભાઈ જેવા ન્યાં બેઠા હોય આમા સાંભળતા હતા મગનભાઈને ખબર ન હોય. હોય એ ખરું. એય લાલચંદભાઈ! હેં? જૂના પંડિત શું કહે છે? ને અત્યારે શું કહે છે? એનો વિવેક વિના જૂના પંડિત કહે છે ને એ બરાબર કહે છે. વ્યવહારથી થાય આત્મામાં ધર્મ, વ્યવહારથી થાય, વ્યવહારથી આત્માના છે, પણ વ્યવહારથી છે એટલે શું? છે નહિ, પણ કર્મનું નિમિત્ત દેખીને વ્યવહાર કહેવામાં આવ્યો છે.

બાલચંદજી! બહોત ગડબડી ચલતે હૈ શાસ્ત્ર કે નામ પર. ઓહો! વો પ્રશ્ન ઉઠયા થા કે નહિ વો શેઠીયાકો. કે આસ્ત્રવ જીવ હૈ કે અજીવ? આસ્ત્રવ જીવ હૈ કે અજીવ? આસ્ત્રવ તો જીવ હૈ, ઓય માળા! આસ્ત્રવ તો જીવ ભઈ અમારા ગુરુ પરંપરાસે કહે ગયા હૈ, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, અવ્રતકા વિકલ્પ જો હૈ, આસ્ત્રવ, વો જીવ હૈ. વો જીવ હૈ તો અભેદ હૈ કે ભેદ હૈ? બાલચંદજી! શેઠીયાએ પ્રશ્ન કીયા થા. હેં? આહાહા! કિયા થા ને વો ખબર હૈ નામ નહિ લેતે. પણ ભેદ હૈ કે અભેદ હૈ આત્માકે સાથ? વિચાર કરતે જો ભેદ કહી દિયે તો જીવકા નહિ ઠરતા, અભેદ કહી દિયે તો સિદ્ધ મેં નહિ હૈ તો કરના ક્યા? આહાહા! નય દ્રષ્ટિ તો હૈ નહિ. સમજાય છે કાંઈ? હજારો માણસનો પ્રશ્ન હતો, આસ્ત્રવકા પરિણામ. કારણ કે શાસ્ત્રમાં એમ આવે છે આ શ્વેતાંબરના. જીવના પરિણામ, જીવના પરિણામ, જીવના પરિણામ. પરિણામ એ તો આ બધા સ્પષ્ટ છે એમ આ બધા જીવના પરિણામ રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, કામ, ક્રોધ બધા જીવના પરિણામ. જીવના પરિણામ તો

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય દૃષ્ટિની અપેક્ષાએ છે. સમજાય છે કાંઈ? દ્રવ્ય દૃષ્ટિની અપેક્ષા એ જીવના પરિણામ છે નહિ. એમ બે નય લાગુ પાડયા વિના વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન ખરું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? સમજમેં આતા હૈ કે નહિ?

આંહી કહતે હૈ દેખો પર્યાયમેં ઉઠતા હૈ, પર્યાય દૃષ્ટિસે પર્યાય ઉસમેં હૈ. પર્યાયકા અંશ રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, આસ્ત્રવભાવ, પુણ્ય-પાપકા દો એકરૂપ, એ આત્મામેં હૈ પર્યાયસે, દ્રવ્યદૃષ્ટિસે હૈ નહિ. સમજમેં આયા? તો પર્યાયદૃષ્ટિસે અભેદ હૈ, દ્રવ્યદૃષ્ટિસે ભેદ હૈ. ક્યા કહા? પર્યાયદૃષ્ટિસે અભેદ હૈ એક સમયકી દૃષ્ટિમેં આસ્ત્રવભાવ અભેદ હૈ, પણ દ્રવ્યદૃષ્ટિસે ભેદ હૈ. વસ્તુમેં આસ્ત્રવ પરિણામ હૈ નહિ વસ્તુ દૃષ્ટિસે. દો કા મિલાનકે બિના ઉસકા સચ્ચા દ્રવ્યકા જ્ઞાન પ્રમાણ જ્ઞાન સચ્ચા હોતા નહિ. સમજાય છે કાંઈ? બીજું, ''**એ સંસારીને પણ રાગદ્વેષ પુણ્ય-પાપ ન માનવાને કર્મના જ માનવા એ તો ભ્રમ છે**....'' પહેલેથી જ કર્મના માનવા અશુદ્ધ ઉપાદાન એનામાં થાય એના અસ્તિત્વમાં ખરેખરતો તેનો તે કાળ છે માટે તે વિકાર એના સત્‌માં થાય છે. એ સત્ છે, પર્યાય સત્ છે.

'ઉત્પાદ-વ્યય-ધ્રુવ, યુક્તં સત્' તીનોં સત્ હૈ તો વિકાર કી ઉત્પત્તિ, ઔર પૂર્વકા વિકાર કા વ્યય ઔર દ્રવ્ય તીનોં સત્ હૈ. અપનેમેં હૈ અપને કારણસે અપના સત્ હૈ, સમજમેં આયા? પણ વો કર્મકા જ માન લેના ઔર સ્વચ્છંદી હો જાના, કર્મકા હૈ ત્યાં તબ લગ રાગ હોગા હમારે ક્યા હૈ? આત્માનુશાસનમેં કહેતે હૈ, આત્માનું શાસન ક્યું? આત્મઅવલોકન, આત્મઅવલોકનમેં કહેતે હૈ કી જબ લગ પુદ્‌ગલ રહેગા તબ લગ વિકાર રહેગા. વિકાર રહેગા તબ લગ પુદ્‌ગલ રહેગા ઐસા નહિ ઐસા હૈ. આત્મઅવલોકન કેવું કહેવાય? દીપચંદજી સાધર્મીકૃત. અનુભવ પ્રકાશમાં, ચિદ્‌વિલાસને આત્મઅવલોકન કિયા હૈ ને? વો આત્મઅવલોકનમેં લિયા હૈ કિ જબ લગ પુદ્‌ગલ હૈ તબ લગ વિકાર હૈ. કી યું ન કહો. તો ક્યું ન કહો કી જબ લગ વિકાર હૈ તબ લગ પુદ્‌ગલ હૈ ઐસા ક્યું ન કહો? કે નહિ, સુન જબ લગ પુદ્‌ગલ હૈ તબ લગ વિકાર ક્યું કહા? વિકાર કો અનિત્ય સિદ્ધ કરને કો વિકાર અનિત્ય હૈ.

આત્મા હૈ ત્યાં વિકાર હૈ, તો આત્મા તો દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ હૈ. તો ત્રિકાળ વિકાર હો, તો તો વિકાર કભી નિકલ સક્તે નહિ, પણ જબ લગ પુદ્‌ગલ હૈ તબ લગ વિકાર ઐસે વિકારકો અનિત્ય સિદ્ધ કરનેકો, ક્ષણિક સિદ્ધ કરનેકો ઐસા કહા આત્મઅવલોકનમેં હૈ. નાંખ્યું છે કે નહિ તમે? નાખ્યું હશે તમેય આત્મઅવલોકનનું ઓલા નિમિત્તના સંબંધમાં નહિ? કાંઈ ફુટનોટમાં નાંખ્યું છે. ફુટનોટમાં નાખ્યું છે યાદ આવ્યું તમારી સામે જોયું એટલે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોં. (શ્રોતા : ...) સમજાણું ? સમજમેં આયા ? ભગવાન આત્મા, આ શરીર, વાણી, મન, કર્મ તો જડ પર, એની સાથે એ તો ભિન્ન જ છે. સર્વથા ભિન્ન છે. લે, ઇ સર્વથા ભિન્ન ત્યારે નિમિત્ત-નિમિત્ત સંબંધ કહેવાય, પણ વિકાર પરિણામથી સર્વથા ભિન્ન નથી. કથંચિત્ ભિન્ન અને કથંચિત અભિન્ન છે. સમજાણું ?

એ વિકારના પરિણામ પર્યાય-અવસ્થા-હાલતની દૃષ્ટિએ, દૃષ્ટિસે તો અભિન્ન હી હૈ, અભિન્ન હી હૈ. ઉસકી પર્યાયમેં હૈ. સ્વચતુષ્ટમેં હૈ, સ્વચતુષ્ટમેં હૈ. બરાબર હૈ ? કે આ સમયસાર અત્યાર સુધી કહ્યું કે નહિ, નહિ ઇ કઇ અપેક્ષા ? આ નક્કી કર્યા પછી વસ્તુ સ્વસંવેદન ચૈતન્યમૂર્તિકા હુઆ, સ્વભાવકા કાર્ય સ્વભાવ હોતા હૈ, સ્વભાવકા કાર્ય વિભાવ હૈ હી નહિ. વિભાવ કાર્ય તો અજ્ઞાનભાવમેં થા. સમજમેં આયા ? મૈં તો શુદ્ધ ચૈતન્ય હૂં, જ્ઞાતા દૃષ્ટા હૂં. મૈં હૂં. આતમરામ આવે છે કે નહિ ? ઓલા નહિ સહજસ્વભાવી જ્ઞાતા દૃષ્ટા, પછી ચેતન મેરા નામ. ઓલો બોલતો હતો ને રાજેન્દ્ર ? ઓ ચલ ગયા ઉસકે પિતાજીકે ઘરે ગયા, આંહી મોટા પિતાજીને ઘરે હતા આંહી. કહો સમજાણું કાંઇ ? મૈં હૂં આતમરામ, સહજ સ્વભાવી જ્ઞાતાદૃષ્ટા, ચેતન મેરા નામ. ઓ દૃષ્ટિકી અપેક્ષાસે બાત હૈ. જેઠાભાઇ ! આમા ક્યાં માનવું ? આ માનવું એટલે આ જ્યાં માનવા જાય ત્યાં સમયસારનું ખોટુ પડે, ને સમયસાર માનવા જાય તો આ ખોટું પડે. (શ્રોતા : ...) ટાણાં આવે તો બોલે ઇ. એ પ્રમાણે જો સમજવાની પર્યાયની લાયકાત ન હોય તો કોણ સમજે ? કહો સમજાણુ કાંઇ ?

સિદ્ધની માફક સંસારીને પણ ઇ પુણ્ય, પાપ, દયા, દાન, રાગાદિના પરિણામ વિકારી છે એના, એને કર્મના જ માનવા કર્મમાં હશે એમ થાશે... કર્મમાં હશે એમ થાશે... કર્મમાં હશે એમ અમારે તો કર્મમા દયા માંડી હશે તો થાશે, વ્રત પણ કર્મમાં માંડયા હશે તો થાશે, પાપના ભાવ કર્મમાં માંડયા હશે તો (થાશે), કર્મમાં શું માંડે ? ધૂળ માંડે ? એ તો જડ છે. તારામાં માંડયા છે. પર્યાયમાં તારી અવસ્થામાં એ વિકાર છે. કહો સમજાણું ? એ પ્રમાણે બન્ને નયથી એક જ વસ્તુને, એક ભાવ અપેક્ષાએ આમ પણ માનવી અને આમ પણ માનવી એ તો મિથ્યાબુદ્ધિ છે. સમજાણું કાંઇ ? એકની એક પર્યાય. સંસારની, એને સંસારની પર્યાય પણ માનવી અને એને સિદ્ધની પર્યાય પણ માનવી. એકની એક પર્યાય રાગવાળી, એને રાગવાળી પણ માનવી અને અરાગવાળી પણ માનવી. એકની એક પર્યાય મતિજ્ઞાન, એને મતિજ્ઞાનવાળી માનવી એને કેવળજ્ઞાનવાળી માનવી. સમજાણું કાંઇ ?

એક ભાવને બે પ્રકારે માનવા એમ હોઇ શકે નહિ. ''**એ પ્રમાણે બન્ને નયથી એક જ વસ્તુ ને એક ભાવ અપેક્ષાએ 'આમ પણ માનવી....**'' આમ ભાવ એટલે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયની વાત છે ને આંહી. ''**તથા આમ પણ માનવી' એ તો 'મિથ્યાબુદ્ધિ' છે**....'' એ ત્રણેય બોલ લીધા, મનુષ્યપણું અહીંયા વર્તમાન છે એમાં ગતિની યોગ્યતા પણ જીવમાં છે અને ગતિની યોગ્યતા મનુષ્યની યોગ્યતા પણ માનવી, અને સિદ્ધની પર્યાય પણ વર્તમાન માનવી ભ્રમણા છે. એક પર્યાયમાં બીજી પર્યાય હોઈ શકે નહિ. જે પર્યાય અપેક્ષાએ તે છે તે જ પર્યાય અપેક્ષાએ છે. બીજી પર્યાય એમાં છે જ નહિ. રાગના પરિણામની પર્યાય છે તે કાળે વળી અરાગની પર્યાય પણ છે એમ છે નહિ. અશુદ્ધ પર્યાય છે એ કાળે વળી શુદ્ધ પર્યાય છે એમ બે હોઈ શકે નહિ. ''**પણ જુદા જુદા ભાવોની અપેક્ષાએ એ નયોની પ્રરૂપણા છે**....'' દ્રવ્યપણું ત્રિકાળ ભાવ છે. એ શુદ્ધ છે. વર્તમાન પર્યાય અશુદ્ધ છે. બીજા બે ભાવની જુદા જુદાની અપેક્ષાએ કથન છે. એક જ ભાવ ને એક નયે આમ ને બીજી નયે આમ એમ છે નહિ, કહો એ પ્રમાણે તો ''**એમ માની વસ્તુને યથાસંભવ માનવી**....''

જેવી વસ્તુની પર્યાય છે, ગુણ છે, દ્રવ્ય છે. દ્રવ્ય નામ કાયમી વસ્તુ, ગુણ નામ શક્તિ અને પર્યાય નામ અવસ્થા. જેવી છે તેવી યથા સંભવ, સંભવ એટલે એમાં સંભવે તેવી, એમાં હોય તેવી યથાસંભવ, યથા નામ જે કાળે ત્યાં તેમાં તે હોય તે કાળે એ રીતે જાણવી. સમજાણું કાંઈ? ''**યથાસંભવ માનવી, યથાસંભવ માનવી**....'' જેવી પર્યાય જ્યાં છે તેમ તેને માનવી. ''**એ જ સાચું શ્રદ્ધાન છે**....'' લ્યો, ''**એ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ પણ અનેકાંતરૂપ વસ્તુને**....'' જુઓ અનેકાંત માને, અમે પણ અનેકાંત માનીયે, સિદ્ધ સમાન પણ છીએ અને સંસારી પણ છીએ, રાગવાળા પણ છીએ અને અરાગવાળા પણ છીએ. કેવળજ્ઞાન પણ છે અને મતિજ્ઞાન પણ છે આ અનેકાંત એનું એમ અનેકાંત હોય નહિ. મતિજ્ઞાન પર્યાયપણે મતિજ્ઞાન છે અને કેવળજ્ઞાનપણે એ નથી. રાગની પર્યાયપણે રાગ છે અને અરાગપણે તે નથી, એમ અનેકાંત છે. કહો સમજાણું કાંઈ? ''**તે પ્રમાણે મિથ્યાદૃષ્ટિ પણ અનેકાંતરૂપ વસ્તુને માને છે**....'' આ પ્રમાણે અનેકાંત હોં! એટલે જૂઠું અનેકાંત. આહાહા!

આ બધા અનેકાંત કહે છે ને અત્યારે! અનેકાંત કરો. કથંચિત ઉપાદેય કથંચિત હેય એની એ ચીજ ને. સમજાણું કાંઈ? ઓહોહો! એની એ ચીજ ને કથંચિત ઉપાદેય વ્યવહારથી તો ઉપાદેય કહો પણ એનો અર્થ શું થયો? વ્યવહારથી ઉપાદેયનો અર્થ અભૂતાર્થ દૃષ્ટિથી ઉપાદેય, વ્યવહાર ખરી દૃષ્ટિથી ઉપાદેય છે નહિ. બે નયનો તો વિરોધ છે. નિશ્ચય કહે છે કે હું સત્ય છું. વ્યવહાર કહે છે કે સત્યથી વિરોધ અસત્ય કહેનાર વ્યવહાર છે. બેને ઉપાદેય ને એકરૂપ કેમ માની શકાય? જાણવા યોગ્ય બીજી ચીજ છે એમ માની શકાય પણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આદરણીય માની શકાય નહિ. સમજાણું કાંઈ? ''**પરંતુ તે યથાર્થભાવને ઓળખી માની શક્તો નથી....**'' પર્યાયને ઓળખી ભાવ એટલે વાસ્તવિક પર્યાય શું છે? દ્રવ્ય ગુણ ત્રિકાળ શું છે? એને ઓળખીને માની શક્તો નથી માટે તે જૈનમાં જનમ્યો છતાં, જૈન સાધુ હોવા છતાં અને જૈનનો ત્યાગી શ્રાવક હોવા છતાં, આ રીતે અનેકાંતને સમજતો નથી અને પોતાની દૃષ્ટિ અનેકાંત સ્વીકારે છે, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ આમાં? લ્યો, એ અધિકાર ત્યાં થયો હવે વળી બીજું આવ્યું.

''**વળી આ જીવને વ્રત, શીલ, સંયમ આદિકનો અંગીકાર હોય છે....**'' વ્રત, શીલ, સંયમ આદિ ક્રિયા ''**તેને વ્યવહારથી આ પણ મોક્ષના, મોક્ષમાર્ગના કારણ છે....**'' એમ જોઈએ લખ્યું છે એમાં? પહેલામાં મોક્ષના કારણ છે એમ લખ્યું છે શું ઈ બરોબર છે? શું કીધું? વળી એમ માને છે અજ્ઞાની, કે અમારે વ્રત છે, શીયળ છે, સંયમ છે, છકાયની હિંસાનો ત્યાગ છે, ફલાણું છે, ઢીકણું છે. એ અંગીકાર કરે છે ''**તેને વ્યવહારથી આ પણ મોક્ષમાર્ગના કારણ છે. મોક્ષમાર્ગના કારણ છે એવું માની તે ઉપાદેય માને છે....**'' આંહી ઉપાદેય માને છે. હેયને ઉપાદેય માને છે. અહીંયા શરીરની ક્રિયા લેવી છે પહેલી છે. સમજાણું કાંઈ? ગ્રહણ-ત્યાગ શુભ ઉપયોગ પછી અંદર આગળ લેશે. આ શરીરઆદિથી ગ્રહણ-ત્યાગ થાયને? આ અવ્રતનો ત્યાગ ને આ સ્ત્રીનો ત્યાગ અને આ બ્રહ્મચર્યનો અંગીકાર, ફલાણું નો ત્યાગ ને ફલાણું અંગીકાર, એવી જે દેહાદિની જે ક્રિયા પરના કર્તાપણાની એવી વ્યવહાર ક્રિયા પણ મોક્ષમાર્ગના કારણ છે. લ્યો, વ્રતાદિ મોક્ષના કારણ ખરેખર મોક્ષમાર્ગના કારણ જ નથી. સમજાણું કાંઈ? એમાં શુભરાગ આવે એ કારણ નથી, અને બહારની ક્રિયા શરીર આશ્રિત છે એ તો બિલકુલ કારણ છે જ નહિ. સમજાણું?

હિંસાથી શરીરને હઠાવ્યું અને દયામાં શરીરને ક્રિયામાં જોડયું, એ તો પરની ક્રિયા છે, આત્મામાં ક્યાં હતી એ? સમજાણું કાંઈ? જૂઠું બોલવું છોડયું, સત્ય બોલવું અંગીકાર કર્યું. બોલે કોણ? જડ ભાષા એ તો કીધું ભિન્ન છે પહેલેથી કીધું. કર્મ ને નોકર્મ એટલે શરીર, વાણી તો જુદા છે. એને ગ્રહણ-ત્યાગ આત્મામાં ક્યાં છે? એને ઉપાદેય માને છે, જોયું? મોક્ષમાર્ગના કારણ વ્રત, શીલ, સંયમ પાળો બરાબર ક્રિયા કરો સારી કરો. દેહાદિમાં બરાબર કોઈને અડવા ન દયો, ફલાણું ન થવા દયો, આ ન થવા દયો, પણ અડે ન અડે એ ક્યાં તારી ક્રિયા છે? સમજાણું? સ્ત્રીનો છેડો અડવા ન દેવો, ફલાણું ન થવા દેવું, નવ વાડે બ્રહ્મચર્ય પાળવા શરીરથી, સ્ત્રી બેઠી હોય ત્યાં બેસવું નહિ, પેટમાં ખૂબ વધારે આહાર ખાવો નહિ, અમારે બ્રહ્મચર્ય પાળવા એ બાહ્યની ક્રિયાથી બ્રહ્મચર્ય પળાતા હશે? સમજાણું કાંઈ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ વળી મોક્ષના કારણ. માર્ગના, માર્ગના કારણ હોં! લ્યો, એ વ્રત આદિ મોક્ષમાર્ગ જે નિશ્ચય છે એનું એ કારણ માને છે, એ ઉપાદેય માને ''**એ તો જેમ પહેલા કેવળ વ્યવહારાલંબી જીવને અયથાર્થપણું કહ્યું હતું તેમાં આને પણ અયથાર્થપણું જાણવું....**'' લ્યો, વ્રતાદિની એ વ્રતાદિની ક્રિયા શરીરાશ્રિત છે, એ ક્યાં આત્માને આદરણીય છે? ઓહોહો! ભારે કઠણ ભાઇ! મોટા મોટા સાધુ નામ ધરાવે, આચાર્ય નામ ધરાવે હવે એને હેઠે ઉતરવું. આ આટલા છોડો ને, આ ખાવ, આ છોડો ને આ ખાવ, આ છોડોને આ ખાવ, આટલું હાલવું બંધ કરો, ને આ ઠેકાણે હાલો ને આટલું બંધ કરો હાલવાનું, એ દિશામાં ન જવું અને આ દિશાએ જવું, એટલા વ્રત દેશાવગાસિકના આવે છે ને? એ મુનિઓ આ અભિગ્રહ ધારણ કરે કે આટલામાં ન જવું. આટલામાં બેસવું વહોરવા જઇએ ત્યાં આ શેરીમાં જાવું અને ઓલી શેરીમાં ન જાવું. નગ્ન મુનિ હોં, દિગંબર નગ્ન મુનિની વાત છે, એ પણ આવી વ્રતાદિની ક્રિયાને ગ્રહણ-ત્યાગ માને, મિથ્યાદ્રષ્ટિ છે. ઓહોહો! સમજાણું?

અહીં તો જૈનના મતાનુયાયીની વાત લીધી છે ને? ઓલા બેને તો જૈન મતાનુયાયી કહ્યા જ નથી. ક્યા? શ્વેતાંબર ઔર સ્થાનકવાસી તો જૈન મતાનુયાયીમેં લિયા હી નહિ. વો તો પાંચમે અધ્યાયમેં આ ગયા હૈ, પહેલે આ ગયા વો બાત. યહાં તો દિગંબર જૈન ધર્મમેં જન્મે, જિન આજ્ઞા માને છતાં તેને નિશ્ચય વ્યવહારની સંધિની ખબર નથી એવા મિથ્યાદ્રષ્ટિની સંભાળ, સંભાળ લીધી છે. કહો સમજાણું કાંઇ? આ જુઓને, એ જ બધા કહે કે બસ આ આદરવું, આ છોડવું. ઐસા આંહી પટ્ટા જો ચામડાકા બંધા હો તો નહિ લઇએ આહાર નહિ લેંગે આહાર, ઐસા આહાર હો તો લેંગે. હવે! એ તો બહારની ક્રિયા જડ આશ્રિત હોય એમાં તારે શું છે? (શ્રોતા : ...) ધૂળેય નથી. એમાં કદાચ રાગની મંદતાનો શુભભાવ થયો હોય, તો પુણ્ય બંધનું કારણ છે સમજાણું કાંઇ? એમાં જો બસ ઐસા નહિ ચોકામાંય ચીજ હોય તો નહિ લેંગે, ચોકા બહાર નીકળે તો નહિ લેંગે. એ જોર બધું ગ્રહણ - ત્યાગ બહારનું.

હોતા હૈ કી નહિ શેઠીયા? આ તો એના ગર્ભ છે ગર્ભ દિગંબર, દિગંબરાભાસ. બરાબર? એને જ કહે છે આહીં તો એની વાત નથી. આહીં દિગંબર તો એ વસ્તુ, વસ્તુનું સ્વરૂપ છે. એ કાંઇ દિગંબર ધર્મ એટલે વસ્ત્ર વિનાના સાધુ એટલો જ દિગંબર એમ નથી, એને દિગંબરનું નામ આપ્યું મુનિની અપેક્ષાએ આપ્યું, બાકી એનું નામ નિગ્રંથ માર્ગ છે. નિગ્રંથ માર્ગ છે. ભ્રાંતિથી નીકળ્યો છે અને રાગથી પણ નીકળીને નિભ્રાંત થઇને સ્થિર થયો છે, એવો માર્ગ વીતરાગનો. વીતરાગ માર્ગની વસ્તુની સ્થિતિ જ આવી છે એ કાંઇ કોઇની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરી કલ્પેલી, કરી કલ્પેલી નથી. સમજાણું કાંઇ? લ્યો, યથા પછી બોલે છે, ''**વળી તે આમ પણ જાણે છે કે યથાયોગ્ય વ્રતાદિ ક્રિયા તો કરવી યોગ્ય છે....**'' એ શરીરમાં ગ્રહણ-ત્યાગ કરવો, વાણી આમ ન બોલવી, ફલાણું આમ ન કરવું, આમ રહેવું, તેમ કરવું સમજાણું? ''**પરંતુ તેમાં મમત્વ ન કરવું....**'' ક્રિયા કરવી જડની, મમતા ન કરવી. લીલોતરી છોડ દેના ઔર કંદમૂળ છોડ દેના, એકેન્દ્રિય પ્રત્યેક વનસ્પતિ લેના. કોણ લે સક્તે હૈ? કોણ છોડ સક્તે હૈ? ખબર હૈ એ તો જડ શરીર કી ક્રિયા હૈ, જડકી જડકી ક્રિયા હૈ, પરકી ક્રિયા હૈ. સમજમેં આયા?

પંચ રસ નહિ ખાના, ઐસા નહિ ખાના. માલ મલીદા તો ખાતે હૈ પણ તપ કરકે ઉડાતે હૈ, માલ મલીદા કોણ ખાતે હૈ? ધૂળ ભી ખાતે નહિ આત્મા. એ ખાતે હૈ એ માનના મિથ્યાદષ્ટિકા લક્ષણ હૈ ઐસા કહતે હૈ યહાં, અને પીછે આહાર છોડકર તપસ્યા કરના. ઓ શરીરકી ક્રિયા હુઇ એ તો આહાર છૂટયા, અને શરીર ઐસા પડે એ તો અજીવ માટી હૈ, ધૂળ હૈ આ તો. ''**એવી વ્રતાદિ ક્રિયા તો કરવી યોગ્ય છે** શરીરાદિ, **પરંતુ તેમાં મમત્વ, હવે જેનો પોતે કર્તા થાય તેમાં મમત્વ કેવી રીતે ન કરે?....**'' કર્તા થઇને એમ કહે કે મેં આ શરીરથી છોડયું ને વાણીથી આ છોડયું, આટલા આહાર છોડયા ને આટલું મેં મૂક્યું ને આટલું મેં લીધુ ને મારા આટલા દ્રવ્ય ખપે છે ને આટલા દ્રવ્ય ખપતા નથી. બાલચંદજી! છે કે નહીં? છ દ્રવ્ય ખપે. એક વર્ષે એક એક દ્રવ્ય છોડ દેના, છોડતે છોડતે સંથારાકા ટાણા. ક્યા તેરા સંથારા ને એ ક્યા તેરા દ્રવ્ય છોડના? પણ દ્રવ્ય છોડના ગ્રહના તો જડકી ક્રિયા હૈ. ક્યા આત્મા વો કર સક્તે હૈ? આહાહા! ભારે કઠણ ભાઇ આ! સમજાણું?

''**વળી એમ કે કર્તા તો થાવું, મમતા ન કરવી, કેવી રીતે ન કરે? જો પોતે કર્તા નથી તો મારે 'કરવી યોગ્ય છે' એવો ભાવ કેવી રીતે કર્યો?....**'' મારે આ ખાવું છોડી દેવું જોઇએ. મારે આ ખવાય નહિ આ મારે લેવાય આ મારે ન લેવાય, આમ મારે હલાય આમ મારે ન હલાય, આમ મારે બોલાય અને આમ મારે ન બોલાય એ ક્યાંથી આવ્યું? તારામાં એ ક્યાં હતું? બોલવું, ન બોલવું, હાલવું, ચાલવું એ તો જડનું છે. આરે આ! સમજાણું કાંઇ? કેવી રીતે એ ભાવ તે કર્યો? ''**કર્તા નથી તો મારે કરવા યોગ્ય છે એ કેવી રીતે તે માન્યું? અને જો પોતે કર્તા છે, તો તે ક્રિયા પોતાનું કર્મ થયું....**'' એ શરીરની અવસ્થા, વાણીની અવસ્થા બહાર પદાર્થ છૂટયો એવી અવસ્થા સમજાય છે? એ તું કર્તા હૈ, ને એ તારું કાર્ય. એ તું કર્તા, અને એ તારું કાર્ય. તો તું મિથ્યાદષ્ટિ થયો. ''**એટલે કર્તા કર્મ સબંધ સ્વયંસિદ્ધ થયો....**'' એ તો કર્તા કર્મ સંબંધ થયો. આ મેં છોડયું, આજે આઠમ હતી તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મેં આહાર છોડયો, આજ નહિ ખાના, શામકો ખા લેના બરાબર પેટ ભરકે કલના ઉપવાસ કરના હૈ મૂંઢ હૈ, ક્યા ખા લેના તેરી ક્રિયા હૈ? ઔર કલ મૈં છોડ દીયા પર, તો પરકા છોડના તેરી ક્રિયા હૈ? પર વો તો પર જડકી હૈ. સમજાય છે કાંઇ?

અપવાસ પેલો સાંજે કરવો હોય ને સંવત્સરી તો સાંજે રોટલો ને દહીં ખાઇ લઇએ, દહીં... દહીં... દહીં... દહીં કહતે હૈ ને? ક્યા કહતે હૈ? દહીં, તૃષા ન લાગે અને રોટલો સારી રીતે ખવાય ભેગો. ખાટું મીઠું દહીં, ખરુંને! એ બીજે દિવસે વાંધો નહિ, આજે મેં છોડયું ને સાંજે મેં ગ્રહ્યું. એ બધી જડની ક્રિયા પરના અજીવની છે, ભિન્ન દ્રવ્યની છે. એને કર્તા થઇને એ મારા કાર્ય માને મૂંઢ છે. ભારે વાત ભાઇ આ. આમ ઇશ્વરને કર્તા માને તો મિથ્યાદૃષ્ટિ માને, ઇશ્વર કોઇ કર્તા છે અને એના બધા કામ છે, તો કહે ના. અને આ પોતે આત્મા પોતે ઇશ્વર અને શરીરના છોડવા ગ્રહવાના કામ મારા, ઇ તો ઇશ્વરનો બાપ થયો પાછો ઇ નો ઇ. દુર્ગાદાસજી! બીજી રીતે ઇશ્વરને લાવીને બેસાડી દીધો. આ કર્તા શરીરનો ત્યાગ કરું, ફલાણું ત્યાગ કરું, ફલાણું છોડી દઉં, પર દ્રવ્ય છોડી દઉં, પર દ્રવ્ય લઉં, એટલા એક એક ખપેગા એક એક છૂટેગા... એક એક છૂટેગા. સમજમેં આયા?

‘‘**જો પોતે કર્તા છે તો એ ક્રિયા પોતાનું કાર્ય થયું એટલે કર્તા કર્મ સંબંધ સ્વયં**.......’’ (સિદ્ધ થયો). કોની હારે? ઓલા જડની હારે, ત્યાગ-ગ્રહણ હારે, જડની હારે એમ ત્રણ કાળમાં આત્મા કર્તા ને પરનું કાર્ય આત્મામાં છે નહિ. ‘‘**હવે એવી માન્યતા તો ભ્રમ છે**....’’ શરીર વાણીની ક્રિયાઓ થાય બહાર આહાર પાણીનો ત્યાગ-ગ્રહણ થાય વિગેરે. સમજાણું? આટલા દ્રવ્ય ખપે, આ શેરી ખપે, આ શેરી નહિ આ કાળે એવું હોય છે ને? બસ આઠ વાગે દસ વાગે જવું, એ પછી નહિ. પણ એ બધી ક્રિયા તો જડને આધીન છે. તારા આધીનની ક્રિયા ક્યાં હતી? એને કર્તા થઇને એ ક્રિયા પોતાની માનવી તો ભ્રમણા છે, મિથ્યાત્વ છે.

‘‘**તો કેવી રીતે છે?**....’’ ભાઇ સાહેબ હવે તો ખુલાસો તો કરો અમને તો મુંઝવ્યા, કાંઇ અમને તો મુંઝવ્યા આમ કહે તો આમ, ને આમ કહે તો આમ, અમારે હવે કરવું શું? પાપ કરીએ દુકાને તો કહે પાપ કરો, દુકાન છોડીને આંહી બેસીએ તો છોડયું એનું પાપ તમને લાગે, કર્તા થાવ છો એના. સમજાણું કાંઇ? હેં? જો ભેગા આમ રહીએ તો કહે પાપ, તો દુકાન છોડયું અમે અને હવે નિવૃત્તિથી બેઠા છીએ, અમે છોડયું એને હવે સ્વાધ્યાય મંદિર અંગીકાર કર્યું તો કહે કર્તા ક્રિયા થઇ. તું કર્તાને એ ક્રિયા, મારે કરવું શું પણ આમાં હવે? આહાહા! બાલચંદજી! બહુ સરસ વાત આવી. એક રજકણ પણ આ વાણી બોલાય છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એની પર્યાય આત્માથી નથી, એ તો જડ ભિન્ન તત્ત્વની વાત છે, ભિન્ન છે અજીવ. આમ બોલે કે અજીવ ને જીવ માને તો મિથ્યાત્વ. જીવ ને અજીવ માને તો મિથ્યાત્વ આવે છે ને મિથ્યાત્વ? પચ્ચીસ પ્રકારકા મિથ્યાત્વ આતે હૈ એ દસ પ્રકારના કહો કે પચ્ચીસ પ્રકાર ઉસમેં આતે હૈ, સ્થાનકવાસીમાં પચ્ચીસ પ્રકાર આતા હૈ ઓલામાં દસ આવે. સમજાય છે કાંઇ? માર્ગને કુમાર્ગ માને તો મિથ્યાત્વ, કુમાર્ગને માર્ગ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુમાને મિથ્યાત્વ આતા હૈ કે નહિ? ખબર નહિ કાંઇ, (શ્રોતા : ...) શ્વેતાંબર હતો કે'દી સાધુ ઇ? હજી તો શ્રદ્ધા દષ્ટિની ખબર ન મળે, કે આ આત્મ દ્રવ્ય જે પરના એક પરમાણુની ક્રિયાનો ગ્રહણ-ત્યાગ તે ચૈતન્યમાં છે નહિ. સમજાણું કાંઇ?

આ તો કહે અમે ઉપદેશ દઇ શકીએ અમે હાલી શકીએ, વિહાર કરી શકીએ, બીજાને સમજાવી શકીએ, અમારાથી બીજા સમજે એનો અમને લાભ બધી મૂંઢતા, મિથ્યાદષ્ટિપણું છે. હેં? આખો ક્રિયા માર્ગ ઉથાપ્યો ભઇ વયો ગયો લ્યો. કહો ઘરે આવે આમ મુનિ, નગ્ન મુનિ. આહાર આપે આ આહાહા! આજ આહાર દાન છે અમારે ત્યાં જાઓ, પાંચસો એક આહારદાનની ખુશાલીમાં આપીએ. પુસ્તકાલયમાં ક્યાંય પુસ્તક છપાવતા હોય તો છપાવજો, સમજાણું કાંઇ? દીક્ષા હોય મોટી, શેની મોટી એટલે શું? માણસ ઘણાં ભેગા થાય. હમણાં થયા હતાને આગ્રામાં, બહુ માણસ એ વાત બહુ માણસ ભેગા થાય હો હા નગ્ન થાય છે બાપા, દીક્ષા લે છે બાપુ કોની દીક્ષા? દખ્યા લે છે. વધારે દખીયો થાય છે, દખીયા સમજતે હૈ? દુઃખીયો. શરીરની ક્રિયા મારીને આ ક્રિયા જડની. ઇશ્વર પોતે કર્તા થઇને પોતાના કામ મારા માને એ છકાયની દયા મેં પાળીને, છકાયની હિંસા હું કરતો હતો, ને એ બધું ભ્રમણા અને મિથ્યાદષ્ટિપણું છે.

તો કરવું શું? પણ ત્યારે હવે અમારે કેવી રીતે તો કાંઇ ખુલાસો તો કરો? હવે વ્રત પાળીએ તો કહે મિથ્યાદષ્ટિપણું, આ વ્રત ન પાળીએ તો કહે અવ્રતના પાપ, અત્યાગના પાપ. બાયડી પાસે બેસીએ તોય કહે પાપ અને છોડીએ તોય કહે પાપ, સમજાણું? બોલીએ તોય કહે પાપ બોલવાનો અધિક માન્યતા થઇ તારી, મૌન રહીએ તો કહે પાપ એ મૌન જડની પર્યાય છે. આ કહે હું મૌન રહ્યો, અજીવનો સ્વામી થઇ ગયો. ''**બાહ્ય વ્રતાદિ તે તો શરીરાદિ પરદ્રવ્યાશ્રિત છે**....'' એ ત્યાગ અત્યાગ બહારના આચરણમાં જે જડ છૂટયું, ને મળ્યું, અમુક રહ્યું ટળ્યું એ તો શરીર ને વાણી પરદ્રવ્ય આશ્રિત છે. એ સ્વદ્રવ્ય આશ્રિત નથી ''**અને પરદ્રવ્યનો પોતે કર્તા નથી**....'' પર દ્રવ્યનો કર્તા તો આ રજકણો છોડયા ને મેં મૂક્યા, ક્યાં તારામાં હતા? તું એનો ધણી છો તે છોડે ને મૂકે? સમજાણું? બાહ્યવ્રત છે,

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવ્રત આદિ છે એના જે નિમિત્તના આચરણ થાય ને શરીરના? એ શરીરાદિ પરદ્રવ્યાશ્રિત છે. ''**પર દ્રવ્યનો પોતે કર્તા નથી માટે તેમાં કતૃત્વબુદ્ધિ પણ ન કરવી અને તેમાં મમત્વ પણ ન કરવું....**'' મેં કર્યું. આ દેહનો ત્યાગ, આ ફલાણી ચીજનો **ત્યાગ, ને** મેં ગ્રહણ કર્યું. એ કર્તા છોડ ને મમત્વ પણ છોડ. એ વ્રતાદિમાં ગ્રહણ-ત્યાગરૂપ પોતાનો શુભઉપયોગ થાય તે પોતાને આશ્રિત, લ્યો! એટલી વાત થઈ.

એટલી વાત લાવ્યા કે જે કાંઈ બાહ્ય પદાર્થને પાસમાં નિમિત્તો છે તેને છોડે છે. એમાં ઓલો ભાવ છે ને શુભભાવ, એ તારામાં છે, એ તારી ક્રિયા છે. ઓલી જડની ક્રિયા તારી (નથી). છૂટી ને મૂકી ને રહી ને ગઈ એ તારી ક્રિયા નહિ જડની. સમજાણું કાંઈ? શાંતિથી વાંચન નહિ, સ્વાધ્યાય નહિ, પોતાને માટે શું સત્ય છે એ જાણવું નહિ, એમ ને એમ કાંઈ વસ્તુ મળી જાય એવી છે? કહે છે કે વ્રતાદિમાં વ્રત લીધો, નિયમ લીધો, અભિગ્રહ લીધો, આજ મારે આ ખપે ને આ ન ખપે વગેરે ''**એમાં ગ્રહણ-ત્યાગરૂપ પોતાનો શુભઉપયોગ થાય તે પોતાના આશ્રયે છે....**'' શુભઉપયોગ પોતાના આશ્રયે છે. આંહી અત્યારે એ લેવું. સમજાણું કાંઈ? ''**અને તેનો પોતે કર્તા છે....**'' કર્તા નામ પરિણમન છે એમ. પરિણમન એનું છે. રાગનું પરિણમન જીવનું છે, કતૃત્વ જીવનો ધર્મ છે. રાગનું પરિણમવું એ કતૃત્વ જીવનો ધર્મ એટલે ધારી રાખેલી ક્રિયા છે. એ એની ક્રિયા ખરી.

શરીર વાણી મનને આમ થયું ને આમ થયું ને આમ થયું ને આમ લાગ્યું ને શરીર આદિ અને હેઠે(નીચે) જીવ હોય, પગ ઊંચો કર્યો મેં કર્યો મૂંઢ છો, એ તો જડની ક્રિયા છે. મેં બરાબર શરીર એૈસા રાખ્યું, આમ પગ રાખ્યો, આમ પગ હોય ને પગની એડી નીચે મૂકો તો આમ રાખવી શાસ્ત્રમાં એવું આવે બહુ, સમજાય છે? ચરણાનું યોગમાં એવું આવે પગની એડી આમ રાખવી, આમ રાખવી, વચ્ચેથી જીવ બચી જાય. કહે છે કે એમાં આ પગ આમ થયો એ મેં કર્યો અને આમ આડો રાખ્યો, આમ કર્યો તો મને જીવ બચી ગયો એ માન્યતા છોડી દે. એ ક્રિયા તારી નથી. એમાં જે રાગની મંદતાનો ભાવ થયો એ શુભઉપયોગ છે એ તારે આધીન. સમજાણું કાંઈ? આ બધા ભેગા થાય તો ક્યાંય મેળ ખાય નહિ, ઓલો આમ તાણે(ખેંચે) ને ઓલો આમ તાણે(ખેંચે). આવ્યું છે ને કાંઈ નહિ હમણાં ઓલા વેલસા કર્યું હતું ને! પત્ર આવ્યો હતો પોર વેલસા નહોતા ગયા અમે? બધા પંડિતો ભેગા થયા હતા. આ ફેરી મંગાવે છે સૌને મહિનો દોઢ મહિનો ભેગો આ છે ને પ્લાન? પંડિતો ભેગા થાઓ, એક બીજા ભાષણ કરો, બધાને બોલાવ્યા હતા. આવો બીજાને પણ અમે આમંત્રણ આપ્યા છે હારે ફૂલચંદજી ને બધા.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

(શ્રોતા : ...) ના, ના એ નહિ, વેલસામાં ગુના નહિ, ગુના નહિ એ તો ઓલી સાલ પુષ્કર એ તો સોળમી સાલમાં, આ તો સત્તરની સાલમાં બધા ગયા હતાને, ફૂલચંદજી ને બધા ગયા હતાને લક્ષ્મીચંદ છે ને શેઠ વેલસાના અને ન્યાંથી પછી ગુના આવ્યા હતા. સમજાણું કાંઇ? એ પોરની વાત, ઓલી ... ની વાત. સમજાણું કાંઇ? આ બધાને બોલાવે છે. ક્યારે જાવું છે તમારે? લ્યો! ઓલા ડોક્ટર કહે સૂઇ રહો ખાટલે, એમ કહે છે ને? હવે લોકો માગે છે કે તમારા કોઇ ડાહ્યા હોય પંડિતો એને મોકલો અમારી પાસે એમ કહે છે, (શ્રોતા : ...) કહો સમજાણું? એ કાગળ કો'કને આવ્યો છે. નહિ? તમને નહિ મળ્યો હોય કો'ક સવારે વાત કરતું હતું. આપણે હિંમતભાઇ સવારે વાત કરતા હતા કાગળ આવ્યો છે વેલસા. સમજાણું કાંઇ?

આંહી કહે છે કે શુભભાવ થયો, એ દયાના ભાવમાં, એ તારા આશ્રિત છે પણ એ શરીર ઊંચુ નીચું રહ્યું કે આ છે આ મારું કાર્ય ને કર્તા હું, મૂંઢ છો, અજીવની ક્રિયા અજીવની પર્યાયનો સ્વામી થયો, અજીવ ને જીવ માન્યો હેં? ''**શુભ ઉપયોગ થાય છે તે પોતાના આશ્રયે અને તેનો પોતે કર્તા છે માટે તેમાં કતૃત્વબુદ્ધિ પણ માનવી....**'' પરિણમન છે ને એમ આંહી સિદ્ધ કરવું છે ને? રાગનું પરિણમન એનું છે ને એમ કતૃત્વબુદ્ધિ એટલે જ્ઞાનમાં બરાબર જાણવું, કે શુભ ઉપયોગ મારું પરિણમન છે. મારામાં છે એમ એણે જાણવું જોઇએ. ''**તથા ત્યાં મમત્વ પણ કરવું....**'' મમત્વ એટલે મારામાં છે એમ જાણવું એમ. પુદ્ગલથી થયું છે, અને જડથી થયું છે શુભ ઉપયોગ એમ નથી. ''**પરંતુ....**'' હવે આવ્યું, ''**એ શુભ ઉપયોગને બંધનું જ કારણ જાણવું....**'' લ્યો! બંધનું કારણ, બંધનું જ કારણ જાણવું. આ તો ધર્મીની વાત કરે છે.

ઉદ્યએ શુભ ઉપયોગ જે થાય દયાનો કે ત્યાગનો કે અમુકનો સમજ્યાને? આ સંથારો ગ્રહણ કર્યો કે આમ કરું એમ કહેવાય ને કે મેં આ વ્રત... અંશે સંવર નથી ને અંશે નિર્જરાય નથી જરીએ. એ બધું લાંબે હાલશે હમણાં આમાં... એ શુભ ઉપયોગ પુણ્ય છે. દયાનો ભાવ, પરને નહિ મારવાનો, વ્રત આદિ, ''**બંધનું જ કારણ જાણવું....**'' એને બંધનું જ કારણ જાણવું. એને મોક્ષનું કારણ... ''**પણ મોક્ષનું કારણ ન જાણવું....**'' જુઓ અસ્તિ-નાસ્તિ કરી. આ તો અસ્તિ-નાસ્તિ કરી છે. આમ નથી કહ્યું કે કથંચિત શુભ ઉપયોગ બંધનું કારણ ને કથંચિત શુભ ઉપયોગ મોક્ષનું કારણ, અનેકાંત આમ લગાવે છે માળા. કોણ જાણે શું થયું છે? આભ ફાટયા આભ મોટા. કોણ દેશે શિક્ષા, શેઠીયા! આ લોકો માગે છે કે અમારે ત્યાં કોઇ ઉપદેશક આવવા જોઇએ, ફલાણા આવવા જોઇએ, બહુ કહે તો કહે અમારે

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અમારું કરવું છે ત્યારે ઓલા કહે કો'ક આવવું જોઈએ. શેઠીયા જેવા હોંશિયાર માણસ હોય તો કહે કામ કરે કે નહિ કેટલું? કેમ હિંમતભાઈ! ઈ કહે છે કે અમારે પોતાનું (શ્રોતા : ...)

લ્યો! બે વાત કરી કે શરીરાશ્રિત જે ત્યાગ ગ્રહણ પરમાણુનું મંદપણું થવું, છૂટવું, આવવું એ તો બધી જડની ક્રિયા છે. એ જડની ક્રિયા નો કર્તા ન માનવો અને મમતા ન કરવી કે એ મારામાં છે અને હું હતો તો આ થયું, હું હતો તો આ થયું. એ તો જડને લઈને થાય છે. હા! તે કાળે તને શુભ ભાવ દયાનો હોય કે શુભ ઉપયોગ કોઈ આહાર છોડવાનો, કોઈ અપવાસના વિગેરે સમજ્યાને? અપવાસ આજ કર્યો છે, આજ ખાધુ નથી પણ ખાધુ નથી એ ક્રિયા તારી ક્યાં હતી? એ તો જડની છે. ન ખવાણું અને પેટ મંદ રહ્યું એ તો જડનો પર્યાય થયો છે, એમાં શુભ ઉપયોગ રહ્યો એટલું તારું એમાં મમત્વ કરવું કે મારામાં છે. બસ પણ માનવું એ શુભ ઉપયોગ ને બંધનું કારણ. સમજાણું કાંઈ? ''**એ શુભ ઉપયોગ ને બંધનું જ કારણ જાણવું પણ મોક્ષનું કારણ ન જાણવું, કારણ કે બંધ ને મોક્ષને તો પ્રતિપક્ષપણું છે**....''

લ્યો! કેટલી વાત સ્પષ્ટ કરી છે આ તો. બંધ અને મોક્ષ તો વિપક્ષ ઝાંપા છે, બે ઝાંપા. ઝાંપા કહતે હૈ ને? ઝાંપા આતા હૈ ને, વાડા હોતા હૈ ને વાડા હોતા હૈ ને ઉસમેં ઝાંપા-દરવાજા બેય તરફ ઝાંપા જુદા. ઓલીકોર પેસવાનું બાગમાં અને ગામમાં પેસવાના બે ઝાપા જુદા હોય. દરવાજા આ બંધનો ઝાપો, બંધનો ભાવ, મોક્ષનો ભાવ, બેય બિલકુલ પ્રતિપક્ષ છે. ''**તેથી એક જ ભાવ પુણ્યબંધનું પણ કારણ થાય અને મોક્ષનું પણ કારણ થાય એમ માનવું એ ભ્રમ છે**....'' લ્યો! એ શુભ દયાનો ભાવ અભિગ્રહમાં કંઈ વિકલ્પ ઉઠયો શુભનો ભાવ, તપનો ભાવ એ શુભભાવમાં ભાવ એક જ ભાવ પુણ્ય બંધનું પણ કારણ થાય, અને સંવર નિર્જરા પણ મોક્ષનું પણ કારણ એટલે સંવર નિર્જરા પણ થાય, એમ મોક્ષનું પણ કારણ એટલે સંવર-નિર્જરા પણ થાય એમ માનવું એ ભ્રમ છે. લ્યો! મોક્ષનું પણ કારણ છે એમ કહ્યું ને? કારણ એટલે સંવર નિર્જરા, શુભઉપયોગથી થોડો સંવર નિર્જરા થાય ને શુભ ઉપયોગથી તો ... હૈ કિ નહિ? ઉસમેં તો હૈ હી ધર્મ. હૈ? ત્યાં પુણ્ય હૈ હી, ઐસે કહતે હૈ કે નહિ? ધર્મ હૈ ત્યાં પુણ્ય હૈ હી, પુણ્ય હૈ ત્યાં નિર્જરા હૈ હી થોડી. (શ્રોતા : ...)

ગુરુદેવ : એ પુણ્ય હોય તે નિર્જરા ધર્મ (શ્રોતા : ...) નહિ, ધર્મ વિના પુણ્ય હોતા હી નહિ કહતે હૈ. એકેન્દ્રિયમેં, એકેન્દ્રિયમેં, કહાં સે એકેન્દ્રિયવાળા પુણ્યભાવસે તો બહાર આતે હૈ. ધર્મ તો હૈ નહિ કોઈ નિગોદમેં (શ્રોતા : ...) કિધર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(શ્રોતા : નિર્જરા હોતી હૈ)

ગુરુદેવ : અશુભ કી નિર્જરા કહે પણ ધર્મ ક્યાં રહા? એ એક જ પુણ્યભાવ શુભભાવ ને બંધનું પણ કારણ માનના ઔર મોક્ષકા કારણ, ઐસા ભ્રમ હૈ. ત્યારે ક્યા હૈ? ધર્મ ક્યા હૈ વો બાત કરતે હૈ.

વિશેષ કહેશે......

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
# પ્રવચન નં. ૨૩
# અધિકાર ૭મો
# સ્થળ:સુવર્ણપુરી તા.:૨૨.૦૪.૬૨ રવિવાર

## મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

પાનું ૨૬૦ સાતમો અધિકાર મોક્ષમાર્ગ પ્રકાશક. ‘‘**જૈન મતાનુયાયી મિથ્યાદષ્ટિનું સ્વરૂપ....**’’ જૈન સંપ્રદાયમાં ગર્ભથી પહેલેથી જનમ્યા છતાં એને નિશ્ચયનયનું શું? ને વ્યવહારનય શું? એની સંધિનું ભાન નથી અને વ્યવહારનો વિષય જે અંદર શુભ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે એને મોક્ષનું કારણ માની લે, ને મોક્ષ નિર્જરા માને તો એ મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઇ? ઇ છેલ્લે એ કહ્યું. જુઓ! ‘‘**એક જ ભાવ પુણ્યબંધનું પણ કારણ થાય ને મોક્ષનું પણ કારણ થાય એમ માનવું ભ્રમ છે....**’’ એ ઉપરથી આઠ લીટી હેઠે... આત્મામાં જેટલો અંતર શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એની શ્રદ્ધા જ્ઞાન ને નિર્વિકલ્પ રમણતા, એટલો તો અંતરમાં સાચો નિશ્ચય મોક્ષમાર્ગ છે, પણ એની સાથમાં જેટલો શુભ ઉપયોગ હોય વ્રતનો અહિંસા, સત્યદત્ત, બ્રહ્મચર્યનો ભાવ વ્રતનો એ શુભઉપયોગ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એ શુભઉપયોગ પુણ્યબંધનનું કારણ છે, પણ એ શુભઉપયોગ પુણ્યબંધનનું પણ કારણ થાય અને સંવર નિર્જરાનું પણ કારણ થાય એમ માનવું એ ભ્રમણા ને અજ્ઞાન છે. કહો સમજાય છે કાંઈ?

ઈ છેલ્લી વાત આવી છે. એક જ ભાવમાં બે ફળ આવે એમ હોઈ શકે નહીં. અવ્રતના ભાવ એ પાપ છે અને વ્રતનો ભાવ એ પુણ્ય છે સંવર નિર્જરા નથી. પંચમહાવ્રત હો, અહિંસા આદિ હો, અઠયાવીસ મૂળગુણ હો કે બાર શ્રાવકના વ્રત હો કે અગિયાર પડિમાનો વિકલ્પ હો શ્રાવકનો એ બધું પુણ્યબંધનનું કારણ છે, શુભઉપયોગ છે. એનાથી પુણ્ય પણ બંધાય, એનાથી મોક્ષમારગ એટલે કે સંવર નિર્જરા પણ થાય એમ કોઈ દી' બની શકે નહીં. જૈનમાં જન્મીને પણ આ રીતે માનતા હોય તે જૈન નથી, એને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. ''**(તેથી) વ્રત, અવ્રત બંને વિકલ્પરહિત જ્યાં પરદ્રવ્યના ગ્રહણ ત્યાગનું કાંઈ પ્રયોજન નથી**....'' પણ વ્રત એ શુભ પરિણામ છે, શુભઉપયોગ છે, ને અવ્રત એ અશુભઉપયોગ છે. એ બંને રાગરહિત, બંનેના રાગરહિત, ''**જ્યાં પરદ્રવ્યના ગ્રહણ ત્યાગનું કાંઈ પ્રયોજન નથી**....'' અવ્રતના પરિણામમાં આમ ગ્રહવું અને વ્રતના પરિણામમાં આમ છોડવું, પરની હિંસા છોડું વિગેરે વિગેરે. વિકલ્પ, એ બધા પુણ્યબંધના કારણ એનાથી રહિત આત્મામાં ગ્રહણ ત્યાગ, જ્ઞાતા-દૃષ્ટાપણું, શુદ્ધ ચૈતન્યની પરિણતી જ્ઞાતા-દૃષ્ટાપણે ગ્રહણ - પરના ગ્રહણને ત્યાગ વિનાની જેટલી શુદ્ધ પરિણતી રહે એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. કહો સમજાણું કાંઈ?

''**જ્યાં પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ**....'' એટલે હિંસા ન કરું અને દયા પાળું અથવા હિંસા કરું એવો ભાવ કે હિંસા ન કરું એવો ભાવ બેય વિકલ્પ ને રાગ છે. જૂઠું બોલવાનો ભાવ રાગ, જૂઠું ન બોલવાનો સત્ય બોલવાનો ભાવ પણ રાગ છે. એ પંચે મહાવ્રતના પરિણામ રાગ, એના રહિત પરને ગ્રહણ ત્યાગ વિનાની ચીજ અંતરદૃષ્ટિમાં, શુદ્ધ પરિણતિ, જ્ઞાતા-દૃષ્ટાના ભાન સહિત સ્થિરતા રાગ રહિતની વર્તે, એને મોક્ષના કારણરૂપ મારગ કહેવામાં આવે છે. કહો સમજાણું? ''**એવો ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ છે**....'' ઉદાસીન વીતરાગ જ્ઞાતા-દૃષ્ટાપણાનો, પુણ્યપાપના રાગની વૃત્તિ વાસના વિનાનો એકલો ચૈતન્ય સ્વભાવ, જાણગ્ અને દેખન્ શક્તિને પ્રગટ કરવા જ્ઞાતા-દૃષ્ટાપણાનો પ્રયત્ન જેટલો અસ્તિરૂપ છે, તેટલો જ વીતરાગ શુદ્ધોપયોગ છે, ''**તેજ મોક્ષમાર્ગ છે**....'' ઈ એક જ મોક્ષમાર્ગ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વચમાં વ્રતાદિના પરિણામ એ મોક્ષમાર્ગ નથી. સમજાય છે કાંઇ ? અત્યારે એ જ માને છે બધાં. ઘણાં કહે વ્રત પાળવા એ ધર્મ છે. વ્રત પાળવા એ સંવર ને નિર્જરા છે. શેઠિયા ! કહતે હૈ ને. બાલચંદજી ! તમારે તો બહોત ચાલતે હૈ એ બાજુમેં, યહી બાત હૈ. બસ ભૈયા, અહિંસા, સત્યદત્ત, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ પંચમહાવ્રત પાળો. બસ વો ધર્મ હો ગયા. યે અધ્યાત્મ ધર્મ હૈ. વળી એમ ચાલ્યું કે હવે અધ્યાત્મ ભાષા આવી છે. ઇ અધ્યાત્મ છે કેમ કે નિવૃત્તિ છે, પણ નિવૃત્તિ તો પાપથી નિવૃત્તિના પરિણામ પણ પુણ્યની તો પ્રવૃત્તિના પરિણામ ઇ છે. સમજમેં આયા ? વો અધ્યાત્મ કહેતે હૈ કેટલા. જૈન દર્શન અધ્યાત્મ માર્ગ હૈ. સાધુ અધ્યાત્મ સાધતે હૈ. ક્યા અધ્યાત્મ સાધતે હૈ ? હિંસા, જૂઠું, ચોરીના પરિણામ છોડકર અહિંસા, સત્યદત્ત, બ્રહ્મચર્યના પરિણામ એ અધ્યાત્મ પરિણામ છે. અધ્યાત્મ નથી એ તો પુણ્ય પરિણામ છે. પંચમહાવ્રતના ભાવ પણ વિકલ્પનું ઉત્થાન રાગનો ભાગ છે. એ આત્માનો સ્વભાવ નથી. પણ એ આવ્યા વિના નીચે રહેતો નથી. એ મોક્ષમાર્ગ નથી. ઇ પંચમહાવ્રતના પરિણામ સંવર નિર્જરા નથી. ઇ પંચમહાવ્રતના પરિણામ એ આસ્ત્રવના ભાવ છે. એને કોઇ ધર્મ ને સંવર માને એ જૈન નથી પણ મિથ્યાદ્રષ્ટિ છે. કહો સમજાણું કાંઇ ?

''**નીચલી દશામાં... હા ! શુદ્ધોપયોગ એક જ મોક્ષમાર્ગ છે....**'' આત્મામાં પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ વિનાની ઉદાસીન જેટલી અંતર જ્ઞાતાદ્રષ્ટાની દશા, તેટલી અકષાય પરિણતિ, વીતરાગ ઉપયોગ એ એક જ મોક્ષનો માર્ગ છે. ''**નીચલી દશામાં કોઇ જીવને શુભોપયોગ, એને શુદ્ધોપયોગ પણ હોય છે....**'' નીચલી દશામાં ચોથે ગુણસ્થાને, પાંચમે કે આદિ મુનિને શુદ્ધોપયોગ નામ અંતરઆત્માની શુદ્ધ પરિણતિ વીતરાગ દશા પણ હોય છે અને એની હારે પંચમહાવ્રત આદિના કે બારવ્રતના શુભરાગના ઉપયોગ ભાવ પણ શુભ હોય છે. સમજાણું કાંઇ ? તેથી વ્રતાદિ શુભોપયોગને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. જુઓ શુદ્ધાત્માની નિર્વિકલ્પ આત્માની શ્રદ્ધા સ્વસંવેદન જ્ઞાનનું જ્ઞાન વેદન અને એ જ્ઞાન સ્વરૂપમાં રમણતાની લીનતા એ એક જ શુદ્ધ પરિણતિ એ એક જ મોક્ષનો માર્ગ, પણ નીચલી દશામાં એ શુદ્ધ પરિણતિની સાથે પંચમહાવ્રત આદિના શુભઉપયોગરૂપ પરિણામ પણ હોય છે. સમજાણું ? તેથી એને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો. લ્યો, આ ઉપચારથી કહ્યો. ઓલા શુભ ઉપયોગ પંચમહાવ્રતના મુનિના અઠયાવીસ મૂળગુણ, દિગંબર મુનિના વિકલ્પ અઠયાવીસ પ્રકારના એ બધો આસ્ત્રવભાવ છે. શુભઉપયોગ છે. પણ અંતર શુભ ઉપયોગના અભાવ સ્વભાવરૂપ, ચૈતન્યની અનુભવની દ્રષ્ટિ જ્ઞાન ને રમણતા વર્તતી હોય, તેથી તેને શુભઉપયોગને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો, ઇ ખરેખર મોક્ષમાર્ગ છે નહીં. સમજાણું કાંઇ ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દષ્ટિને પણ શુભઉપયોગ મોક્ષનો માર્ગ નથી. ''**પણ વસ્તુ વિચારથી**....'' વસ્તુનો વિચાર કરીએ તો ''**શુભઉપયોગ મોક્ષનો ઘાતક જ છે**....'' એ પંચમહાવ્રતના પરિણામ એ વૃત્તિનું ઉત્થાન છે. આને ન મારું, આને દુઃખ ન દઉં, આમ સત્ય બોલું, બ્રહ્મચર્ય પાળું એ બધીય રાગની વૃત્તિ છે. એ રાગ છે તે મોક્ષનો ઘાતક છે. પંચમહાવ્રતના અઠયાવીસ મૂળગુણના મુનિનો રાગ અને બારવ્રતના પરિણામ ઓલા શ્રાવકના કે અગિયાર પડિમાના વિકલ્પો દર્શન પડિમા, વ્રત પડિમા, સામાયિક પડિમા, પૌષધ પડિમાનો જે વિકલ્પ ઉઠે શુભરાગ એ બધો મોક્ષનો ઘાતક છે. (શ્રોતા : ...) યે વિના હોતા નહિ? યે વિનાહી હોતા હૈ શુદ્ધ પરિણતિ. ભારે વાત! આમાં આખી અટકી ગઇ જગતને. હજુ તો દૃષ્ટિ મિથ્યાત્વ ત્યાં પરિણામ શુભ કરે ને ધર્મ માને. ભક્તિ, પૂજા, જાત્રા, દાન, દયા, પંચમહાવ્રત એ બધા શુભ પરિણામ છે. એ ધર્મ નથી. એ ધર્મનો ઘાતક પરિણામ છે. એ ભારે કઠણ જગતને! (શ્રોતા : ...) હેં? શું? ખોટું થતું હોય? વાત તો ઢંઢેરા પીટીને બહાર આવી છે એમાં કાંઇ ગુપ્ત છે નહીં.

પરમાત્મ સ્વરૂપ ભગવાન આત્મા ઇ શુભ ને અશુભ વિકલ્પને પુણ્ય - પાપના ભાવથી રહિત છે. એમણે અંતરમાં અંતર્મુખ થઇને દૃષ્ટિ જ્ઞાનને રમણતા, એક જ મોક્ષમાર્ગ છે. પણ નીચલી દશામાં એકલી શુદ્ધ પરિણતિ પૂરી હોઇ શકે નહીં તો શુદ્ધ પરિણતિના કાળમાં, એને દયા, દાન, વ્રતના પરિણામ શુભ હોય એને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. ઉપચારથી એટલે મોક્ષમાર્ગ નથી, પણ તેને ઉપચારથી કહેવો એટલે કે તે મોક્ષમાર્ગનો ઘાતક છે. મોક્ષમાર્ગનો ઘાતક તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવો એ વ્યવહારના કથન જ એવા છે. આહાહા! જુઓને! આ કેટલું સ્પષ્ટ છે. ઉપચાર તો એને માટે કહ્યો. સમજાણું કાંઇ? (શ્રોતા : ...) હેં? સંવર નિર્જરા કહો કે મોક્ષમાર્ગનો ઘાતક કહો એક જ થયું. શું થયું? શું કીધું? જુઓને મોક્ષનો ઘાતકનો અર્થ મોક્ષના પરિણામનો ઘાતક કારણનો એ પ્રશ્ન કર્યો એમકે મોક્ષનો ઘાતક છે પણ સંવર નિર્જરામાં ઘાતક છે? એ મોક્ષના માર્ગનો ઘાતક છે એટલે મોક્ષનો જ ઘાતક છે.

વ્યવહાર મોક્ષમાર્ગ એ બંધનું જ કારણ છે, મોક્ષનું કારણ નથી. શું થાય? આખો પલટો ખાઇ ગયો છે. અત્યારે પ્રરૂપણા અને કથનને એ બધાં વ્રત પાળો, વ્રત પાળો તો ધર્મ થાશે ને સંવર નિર્જરા થાશે ને હળવે હળવે મોક્ષ થાશે, ત્રણકાળમાં નહિ થાય. વ્રતના પરિણામ ઇ અજ્ઞાનીને તો હોય નહીં સાચા, પણ જ્ઞાનીને ય વ્રતના પરિણામ જે આવે ઇ ઘાતક મોક્ષમાર્ગનો છે. સમજાણું કાંઇ? ''**આ રીતે જે બંધનું કારણ છે**....'' દેખો જેને

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો હતો. સમ્યગ્દ્રષ્ટિને આત્માના વેદનના ભાનમાં સ્થિર રહી શક્તો નથી તેથી એવા પંચ મહાવ્રત આદિના કે બારવ્રતના કે ભક્તિના ભાવ આવે, પણ તે ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો ''**તે મોક્ષમાર્ગનો ઘાતક છે....**'' બીજી રીતે કહીએ તો એ બંધનું કારણ છે... એ બંધનું જ કારણ છે . આ તે જ મોક્ષનું ઘાતક છે. જે બંધનું કારણ છે તે જ મોક્ષના માર્ગનું તે જ મોક્ષનું ઘાતક છે, પણ મારગ કહ્યો'તોને એટલે કહ્યું છે ઈ. મોક્ષનું ઘાતક કેમ કહ્યું ? કે ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો હતો ને મોક્ષમાર્ગ. રાગને શુભઉપયોગને મોક્ષમાર્ગ કહ્યો હતો, એટલે મોક્ષનું કારણ એનાથી મોક્ષ થાય, એમ કહ્યું હતું ઉપચારથી. તેથી તેને કહ્યું કે મોક્ષનો ઘાતક છે. સમજાણું ?

જેને વ્યવહારથી મોક્ષમાર્ગ વ્યવહાર શ્રદ્ધા જ્ઞાન અને પંચ મહાવ્રતના પરિણામ એ તો રાગભાવ છે, એને જે મોક્ષમાર્ગનો ઉપચાર આવ્યો'તો તો કહે છે કે ના. એ કારણ જે હતું મોક્ષનું એ કેમ કહ્યું હતું ? એ જ મોક્ષનો ઘાતક છે એ જ બંધનું કારણ છે પાછું એમ ઠરાવે છે. ''**એ બંધનું જ કારણ છે....**'' સમજાણું કાંઈ ? આ તો કેટલા વરસ પહેલા થઈ ગયું છે. આ મોક્ષમાર્ગ પ્રકાશક - ટોડરમલે, હજારો શાસ્ત્રમાંથી સંધિ, સર્વજ્ઞના શાસ્ત્રમાં આચાર્યોએ કુંદકુંદઆચાર્ય, પૂજ્યપાદ સ્વામી, સમંતભદ્રાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, નેમિચંદ સિદ્ધાંત ચક્રવર્તી વિગેરે મહામુનિઓ ધર્માત્મા જેણે વાસ્તવિક તત્ત્વને પ્રસિદ્ધ કર્યું છે એની આંહી સંધિ કરી છે એણે. ક્યાંક એને 'સમાધિ સુદાણં સમ્મતે' પંચાસ્તિકાયમાં આવ્યું છે. ધર્માસ્તિ આદિની શ્રદ્ધા તે સમકિત છે, આ શાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન છે, છકાયની દયા તે ચારિત્ર છે એમ જો કહેવામાં આવ્યું હોય, તો કહે છે કે એ ખરેખર વાત સાચી નથી આહા ! ત્યારે ઓલા કહે છે આપ્તના વચનોમાં મોક્ષમાર્ગ કહ્યો છે અને ટોડરમલે કેમ એમ કહ્યું ?

ટોડરમલે આપ્તના વાક્યનો વિવેક કર્યો છે કે વ્યવહાર અભૂતાર્થ છે. ઈ આપ્તે અગિયારમી ગાથામાં કહ્યું હતું કે વ્યવહાર અભૂતાર્થ છે. જ્યાં આગળ પરાશ્રિત કથન કરાય અને શુભરાગમાં મોક્ષમાર્ગ સ્થપાય, એ વ્યવહાર અભૂતાર્થ છે માટે એનો મેળ કરીને વાત કરીએ છીએ. સમજાણું કાંઈ ? ઓહોહો ! ઘરની વાત એકેય નથી માળા પણ જાણે ઓલો મૂળ વાતની ખબર ન મળે. વ્યવહાર અભૂતાર્થ, જૈનદર્શન, સર્વજ્ઞ ત્રિલોકનાથના મર્મમાં એ વાત આવી. એ વાત ભગવાન કુંદકુંદઆચાર્યે (સમયસાર ગાથા) અગિયારમાં પ્રસિદ્ધ કરી. કહો સમજાણું કાંઈ ? એ એક જ ગાથાનો સ્પર્શ બધે છે. વ્યવહાર તે અભૂતાર્થ અસત્યાર્થ. વ્યવહાર બધો અસત્ય વાતને કરે છે, જેવું છે તેવું એ કહેતો નથી. માટે જે શાસ્ત્રમાં જૈન શાસ્ત્રમાં પણ વ્યવહારને મોક્ષમાર્ગ કહ્યો હોય તો અભૂતાર્થ દ્રષ્ટિએ કહ્યો છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમ જરી આગળ આવો. ભગવાન કુંદકુંદઆચાર્યે કાંઇ ઘરની વાત નથી કરી ત્યારે કહે એમણે કહ્યું છે ને તો કહ્યું છે ને, કીધું છે ને! એ કઇ નયનું કથન છે? નિશ્ચયનું કથન છે? છ દ્રવ્યને શ્રદ્ધવા એ સમકિત નિશ્ચયનું કથન છે? નિશ્ચયે તો સ્વઆશ્રયે આત્માને શ્રદ્ધે તે સમ્યગ્દર્શન છે.

(શ્રોતા : નિયમસારમાં આવે છે દાન ને પૂજા), દાન ને પૂજા એ શુભભાવ... દાન ને પૂજા એ શુભભાવ... એ પરંપરા એટલે કે એને છોડીને સ્થિર થશે તે દી' મુક્તિ થાશે. સમજાણું કાંઇ? આ પંચાસ્તિકાયમાં કહ્યું નથી? ઓલું દૂરતરમ્ ... પાઠમાં દૂરતર કર્યું પછી અમૃતચંદ્રઆચાર્યે પરંપરા અર્થ કર્યો. એમાં જુઓને પરંપરા છે. દૂરતર એટલે શુભપરિણામવાળાને હજી મોક્ષ દૂર છે આઘો છે. કારણ શુભ છોડીને સ્થિર થશે ત્યારે થાશે, એનો અર્થ કર્યો અમૃતચંદ્રાચાર્યે ટીકામાં કે એ પરંપરા મોક્ષનું કારણ એટલે આને છોડીને આગળ શુદ્ધમાં જશે ત્યારે મોક્ષ થશે. દૂરતરનો અર્થ એવો કર્યો. બરાબર કર્યો છે તેમાં શું છે? આહાહા!

આચાર્યોએ તો ઘણું સ્પષ્ટ હથેળીમાં આમળો વર્તાય એવું બતાવ્યું છે. હથેળીમાં આમળો વર્તાય એમ, લ્યો આમ. આમળા સમજતે હૈ ને! આમળા નહિ હોતા હૈ? હથેળીમાં આમળા એમ અમારે કહેવાય એમ હાથમાં... હાથમાં આમળું બતાડયું છે. જોઇ લે તું આમ કરીને. (શ્રોતા : ...) પ્રત્યક્ષ આહાહા! આ તો પ્રત્યક્ષ દિખાના આમ લ્યો. લ્યો, જોઇ લ્યો ભાઇ, એ પાછું દેખાય તો હાથ આમ થાય... આમ થાય, હાથમાં આમળું ખરુંને! હેઠે પડયું હોય તો તો પાછું પોતાને આમ આમ કરવું પડે. હાથમાં જેની કોર પ્રકાશ પડે જેની કોર બરાબર સૂઝે એમ બરાબર સૂઝે એવું પ્રત્યક્ષ છે. એમ આચાર્યોએ નિશ્ચય અને વ્યવહારની સંધિના ન્યાય મહાસંતોએ દિગંબર મુનિઓએ યથાર્થ વસ્તુ વર્ણવી છે. એમાં ક્યાંય ફેરફાર એક અક્ષરનો પણ નથી. એને સમજવામાં ફેર પડે ઇ પડે. કહો સમજાણું કાંઇ?

કહે છે જે ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધ સ્વરૂપ છે એ નિર્વિકલ્પને પુણ્યપાપના ભાવ રહિત છે એનું ભાન કરીને અંદર ઠરે તેને મોક્ષમાર્ગ કહેવાય છે. એની સાથે જેટલો શુભઉપયોગ થાય તે મોક્ષમાર્ગનું ઘાતક, ''**તે બંધનું કારણ....**'' (છે તે જ) આ ચીજ ''**મોક્ષનું ઘાતક એવું શ્રદ્ધાન કરવું....**'' એવું શ્રદ્ધાન કરવું. ભારે કઠણ જગતને. હૈ ને ઉસમેં? એવું શ્રદ્ધાન કરવું કે ભગવાન આત્મા વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા જૈન પરમેશ્વરે જે આત્માનો વીતરાગી વિજ્ઞાનઘન સ્વભાવ બતાવ્યો, એવા વીતરાગી વિજ્ઞાનઘનમાં ઠરવું અનુભવ કરીને એ એક જ મોક્ષમાર્ગ છે. વચમાં એ પંચમહાવ્રત આદિના ભાવ આવે,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોક્ષના ઘાતક બંધના કારણ એમ શ્રદ્ધા કરવી. એમાં જરીયે સંવર નિર્જરા થાશે એમ માનવું નહીં.

બીજા દેશમાં થાતું હશે ક્યાંય? લોટને ઠેકાણે આટાને ઠેકાણે ધૂળની સુખડી થાતી હશે? બીજા દેશમાં થાતી હશે ક્યાંય? સુખડી સમજતે હૈ ને! સુખડીમાં તીન ચીજ હોય આટા, ઘી ઔર શક્કર. દેખો, આ તીનમેં તો દૂસરી ચીજ હોતી હૈ? શક્કર નિકાલકર કોઈ ચીરોડી નાંખે? આટા નિકાલકર કોઈ ધૂળ નાંખે? ઔર ઘી નિકાલકર કોઈ પાણી નાંખે? પાણી કીધું મેં લ્યોને એની કાંઈ સુખડી બનતી હશે? સુખડી તો આટા, ઘી અને ગોળ-શક્કર એની સુખડી બને. બીજાની સુખડી ક્યાં? તમારે ક્યા કહેતે હૈ પકવાન! વો સુખડી નહિ હોતી? ગોળની ઠારીને કરે છે નહીં? પકવાન કહે છે ને કહો. મિઠાઈ - મિઠાઈ તો ત્રણ ચીજની બનતી હશે? ચોથી કોઈ આવતી હશે આમાં? કે ત્રણને બદલે બીજી નંખાતી હશે લાખ વરસ પહેલા અને પછી મહાવિદેહમાં? બધે સુખડી ત્રણની થાય. એમાં બીજી ચીજ એમાં હોય નહીં. એમ ત્રણેકાળે ''**એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ....**''

ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞદેવ જૈન પરમેશ્વરે જે ત્રણકાળ ત્રણલોક જોયા અને જાણીને કહ્યું તેમાં આત્મામાં અશુભભાવ અવ્રતના હોય તો પાપ અને શુભભાવ વ્રતના હોય તો પુણ્ય, બેથી રહિત આત્માનો અનુભવ ને સ્થિરતા કરે તો ધર્મ ને મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? દીપચંદજી! ક્યા હૈ? આ તો બહોત લોગ તો કહે અરેરે! એકાંત હો જાતે હૈ. એકાંત કાંઈ કુછ આપણા માર્ગ જૈનદર્શનકા સ્યાદવાદ હૈ અનેકાંત હૈ કુછ તો કુછ તો થોડી છૂટ આપો. કોણ આપે? વસ્તુમાં વસ્તુ વિચારથી એમ કહ્યું છે ને? એમ ક્યાં કે...

''**વસ્તુ વિચારથી જોતાં....**'' વસ્તુનો સ્વભાવ ને વિભાવ જોતાં તે ''**શુભ ઉપયોગ....**'' દયા, દાનનો, પાંચમહાવ્રતનો ''**મોક્ષનો ઘાતક છે....**'' જો વસ્તુ વિચારથી એમ કહ્યું છે. ''**વસ્તુ વિચારથી જોતાં શુભ ઉપયોગ મોક્ષનો ઘાતક જ છે....**'' ઘાતક જ છે. ઘાતક જ છે એટલે ઘાતક-ઘાતનો કરનારો (શ્રોતા : ...) નક્કી એક જ છે. વળી બે હોય? એક જ છે અને મોક્ષમાર્ગ નથી અને મોક્ષનો ઘાતક છે. ''**આ રીતે જે બંધનું કારણ છે તે જ મોક્ષનું ઘાતક છે આનું શ્રદ્ધાન કરવું....**'' આવા શ્રદ્ધાન વિના બીજી શ્રદ્ધા કરીશ તો મરી જઈશ. ચોરાશીના અવતારમાં રખડી મરીશ. એ વ્રતને, દયાને, દાનને પાળે તોય. શ્રદ્ધા જેની ઊંધી એના મૂળિયા ઊંધા, મૂળિયા ઊંધા એના ફાલ ઊંધા બધા થાય. ફાલ સમજતે હૈ? આ ફસલ હોતી હૈ ને, ઝાડ હોતા હૈ લ્યો. મૂળ હોય એવા ઝાડ થાય કે નહીં? આંબો અંદર હોય તો માથે કાંઈ લીંબોળી પાકતી હશે? લીંબોળી! અને હેઠે લીંબોળી બીજમાં હોય તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માથે આંબો કેરી પાકતી હશે? એમ જેવું એનું બીજ એવા એના ફળ.

એમ શ્રદ્ધા શક્તિનું જે સત્યબીજ એના ફળમાં પણ સ્વરૂપમાં રમણતા કરતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય, પણ મિથ્યાશ્રદ્ધા રાખશે તેની શક્તિમાં નિગોદમાં જવાની તાકાત છે. પછી વ્રત-બ્રત પાળતો હોય તો ભલે આ ભવમાં કદાચ સ્વર્ગમાં એકાદ જાય, પછી નર્કમાં જાશે. મનુષ્ય થઈને, ઢોર થઈને ક્રમે ક્રમે નિગોદની ગતિને પ્રાપ્ત કરશે કેમ કે શ્રદ્ધા શક્તિનો વિરોધ છે. શ્રદ્ધા શક્તિ કોની કહેવી યથાર્થ એનું એને ભાન નથી. સમજાણું કાંઈ?

''**શુદ્ધ ઉપયોગને જ ઉપાદેય માની તેનો ઉપાય કરવો....**'' શુદ્ધ ઉપયોગ આત્મામાં શુદ્ધતામાં રમણતા... ''**એને જ ઉપાદેય માનીને....**'' જુઓ. ઉપાદેય એટલે આદરણીય - આદરણીય એટલે એમાં એકાકાર થાવું ''**તેનો ઉપાય કરવો....**'' શુદ્ધઉપયોગનો ઉપાય કરવો. અંદરમાં જ્ઞાતા-દૃષ્ટામાં રમણતામાં ઉપયોગ, ઉપાય કરવો. ''**શુભ ઉપયોગ-અશુભ ઉપયોગને હેય જાણી....**'' લ્યો, એ શુભ નામ વ્રત આદિના પરિણામ, અશુભ નામ હિંસા આદિના પરિણામ હેય, બેયને હેય જાણવા. ઓલાને ઉપાદેય આને હેય. હેય જાણવા એટલે એનો આદર કરવો નહીં. આદર ન કરવો એટલે પોતાના સ્વરૂપમાં તેની એકતા કરવી નહીં. સમજાણું કાંઈ? તેના ત્યાગનો ઉપાય કરવો. ઓલાને ઉપાદેય માની એનો ઉપાય કરવો. આને હેય જાણી તેના ત્યાગનો ઉપાય કરવો. લ્યો! શુભ ને અશુભ ઉપયોગના અભાવનો ઉપાય કરવો, અને શુદ્ધના ઉપયોગનો ઉપાય કરવો. સમજાણું કાંઈ? ત્યાગનો એટલે કે શુભ પરિણામ થાય છે, હોય છે પણ એ આદરણીય નથી, એમાં એકાકાર થવા જેવું નથી. એકાકાર તો ચૈતન્યના અંતરસ્વભાવમાં થવા જેવું છે એમ ઉપાય શુદ્ધનો કરવો. પણ અશુભનો હેય જાણીને અભાવ કરવાનો ઉપાય કરવો. એનો અભાવ કરવાનો ઉપાય કરવો પણ એનાથી મોક્ષમાર્ગ માનશે એમ ભાવ કરીને બેસી રહેવું નહીં શ્રદ્ધા વિપરીત થશે. કહો સમજાણું કાંઈ?

''**જ્યાં શુદ્ધ ઉપયોગ ન થઈ શકે....**'' હા, અંદર શુદ્ધની શ્રદ્ધા જ્ઞાન હોવા છતાં, શુદ્ધ તે જ મોક્ષનો મારગ છે, શુભઉપયોગ થાય તે મોક્ષનો મારગ નથી. એમ શ્રદ્ધા જ્ઞાનમાં આવવા છતાં... ''**જ્યાં શુદ્ધ ઉપયોગ ન થઈ શકે....**'' અંતરમાં રમણતા એકાકાર ન થઈ શકે. ''**ત્યાં અશુભઉપયોગને છોડી શુભમાં પ્રવર્તવું....**'' ત્યાં અશુભ પરિણામને છોડી... કથન પદ્ધતિ તો એમ જ આવેને? ''**અને શુભમાં - શુભ ઉપયોગમાં પ્રવર્તવું કારણકે શુભ ઉપયોગથી અશુભ ઉપયોગમાં અશુદ્ધતાની અધિકતા છે....**''

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુભ પરિણામમાં રાગની મંદતા, દયા, દાન, કષાય મંદ એમાં એનાથી અશુભ ઉપયોગ હિંસા, જૂઠું, તૃષ્ણા, મમતા એના પરિણામમાં અશુદ્ધતાની વિશેષતા છે. અશુભમાં અશુદ્ધતા વધારે છે, શુભમાં અશુદ્ધતા થોડી છે. છે તો બેય અશુદ્ધ... ઓહોહો! સમજાણું? હજી એ કહે કે ન્યાં(ત્યાં) ચોથેથી છઠ્ઠા સુધી શુભ ઉપયોગ છે. માટે શુભ ઉપયોગમાં જુઓ, સમકિત દર્શન ને સંવર નિર્જરા આવી ગઈ. લ્યો આવું કહે છે. ઈ તો ઉપયોગના પ્રકાર પાડીને ગુણસ્થાનના ભેદ ઉપયોગની અપેક્ષાએ કર્યા. એમાં એથી એને લઈને સંવર નિર્જરા છે એમ ક્યાં કહ્યું છે? સમજાણું કાંઈ?

જ્ઞાન ચૈતન્યની જાત એકલો નિષ્ક્રિય ચૈતન્યબિંબ પ્રભુ! એને અંતરમાં પકડયા વિના એ તારા વ્રતાદિના પરિણામ બધાય થોથા છે. એ બંધનું કારણ છે. સંસારમાં રઝળવાનું કારણ છે. સ્વર્ગ-બર્ગ મળશે ને પાછો મરીને ચાર ગતિમાં રખડશે. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો ફેર પીછે પટક્યો' એવું આવે છે સજ્ઝાયમાં. એમ આમાં આવે છે ને કે 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો', અનંતવાર મુનિપણું લઈને મિથ્યાદ્દષ્ટિ શ્રદ્ધામાં ભૂલ - એ ક્રિયા પુણ્યની દયા, દાનની ક્રિયામાં ધર્મ માની અનંતવાર ઉપર - જૈનનો સાધુ થઈ ઉપર ગયો અનંતવાર - એમ દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો ફેર પીછો પટક્યો. એ સજ્ઝાય માળા ચાર છે એમાં આવે છે. સજ્ઝાય માળા ચાર છે એમાં આવે છે. સમ્યગ્દર્શન વિના આત્મા અને વિકારના ભેદજ્ઞાનની શ્રદ્ધા વિના એવા દ્રવ્યસંયમ પંચમહાવ્રત આદિ પાળ્યા એને લઈને નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો પણ ફેર પીછો પટક્યો. નીકળ્યો ત્યાંથી ને ચારગતિમાં પડયો. સમજાણું કાંઈ?

''**માટે શુભ અને અશુભને હેય જાણી શુદ્ધ ઉપયોગની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાનો વધારો કરવો....**'' હા, ''**શુભ ઉપયોગથી અશુભ ઉપયોગમાં અશુદ્ધતાની અધિકતા છે....**'' શુદ્ધ ઉપયોગ હોય ત્યારે તો તે પરદ્રવ્યનો સાક્ષી પોતે રહે છે. ગ્રહણ ત્યાગ કાંઈ છે નહીં. ઓલામાં ગ્રહણ ત્યાગનો વિકલ્પ છે. અવ્રતમાં ગ્રહણનો હિંસાદિનો, ઓલામાં ત્યાગનો - વ્રતમાં હિંસા છોડું આદિ. ''**આ શુદ્ધ ઉપયોગમાં પરદ્રવ્યનો સાક્ષી પોતે રહે છે એટલે ત્યાં તો કાંઈ પરદ્રવ્યનું પ્રયોજન જ ન રહ્યું....**'' પરદ્રવ્યની સામે લક્ષ જ ન રહ્યું. એકલા ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદની મૂર્તિ પ્રભુ! એમાં એકાકાર થઈને શુદ્ધ ઉપયોગ જામ્યો અંતરમાં એને તો પરદ્રવ્યમાં આ હિંસા છોડું અને દયા પાળું, અસત્ય છોડું, સત્ય બોલું એવું કાંઈ છે નહીં, એ તો વિકલ્પ રહિત દશા છે. કહો સમજાણું કાંઈ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**વળી શુભ ઉપયોગ હોય ત્યાં બાહ્યવ્રતાદિની પ્રવૃત્તિ થાય છે**....'' જુઓ! વ્રતાદિની દેહની ક્રિયાની વાત કરે છે. જ્યાં આત્મામાં શુદ્ધ શ્રદ્ધા જ્ઞાન હોય અને શુભ ઉપયોગ હોય ત્યાં બાહ્ય વ્રતાદિની પ્રવૃત્તિ દેહમાં ... કોઇ એની કોઇ દેહથી કોઇ જીવ મરે એવી પ્રવૃત્તિ તેની ન હોય. જીવની દયા આદિની પ્રવૃત્તિ શરીરમાં એ જાતની પ્રવૃત્તિ હોય શરીરને કારણે હોં! નિમિત્ત-નિમિત્ત સબંધથી વાત કરી. શુભ ઉપયોગ હોય ત્યાં બાહ્ય વ્રત આદિની વ્રત, જાત્રા, ભક્તિ, પૂજા આદિની દેહમાં પ્રવૃત્તિ હોય દેહને કારણે.

''**અશુભ ઉપયોગ હોય તો બાહ્ય અવ્રત આદિની પ્રવૃત્તિ થાય**....'' અંદર અશુભ અવ્રતના પરિણામ હોય પાપના તો અવ્રત, હિંસા, જૂઠું આદિની બાહ્યની દેહની ક્રિયામાં પણ એવું નિમિત્તપણું ભજે. જડને લઇને જડમાં ભજે. ''**કારણકે અશુદ્ધ ઉપયોગને**....'' છે ને સુધાર્યું છે ને! હેં? આહાહા! પહેલા અશુદ્ધ ઉપયોગ લીધો. ''**અશુદ્ધ ઉપયોગને અને પરદ્રવ્યની પ્રવૃત્તિને નિમિત્ત નૈમિત્તિક સબંધ હોય છે**....'' શું કહે છે? શુભ ભાવ વ્રતનો અશુભભાવ અવ્રતનો એ પરિણામ એને અને દેહની ક્રિયામાં નિમિત્ત-નિમિત્ત સબંધ હોય છે. શુભભાવ હોય તો વ્રતની ક્રિયા દેહમાં હોય, અશુભ હોય તો અવ્રત આદિની ક્રિયા હોય.

''**એ અશુદ્ધ ઉપયોગ**....'' - શુભ અને અશુભ બે થઇને અશુદ્ધ એને **અને પરદ્રવ્યની પ્રવૃત્તિ** દેહાદિની ''**એને નિમિત્ત-નિમિત્ત સબંધ હોય**....'' હિંસાનો ભાવ છોડયો એને ભાષામાં એવું ન આવે કે હિંસા કરવા જેવી છે એવું આવે? એવી પર્યાયનો એવો બેનો જડનો અને શુભરાગનો સંબંધ છે. દેહથી વિષય એ છે. વિષયની વાસના ગઇ અશુભ, શુભ થઇ, તો દેહથી પણ વિષયની ક્રિયા થાય એવું બને નહિ, અને શુભભાવ થયો બ્રહ્મચર્યનો તો દેહથી ઓલી વિષયની વાસના ન હોય પણ અશુભભાવમાં જ વિષય દેહની ક્રિયામાં વિષય આદિની પ્રવૃત્તિ હોય. અને શુભભાવ હોય, તો દયા આદિની પ્રવૃત્તિ દેહમાં દેખાય એવો અશુદ્ધ ઉપયોગને એટલે શુભાશુભ ભાવને, બેયને અશુદ્ધ કહેવાય.

દેહની પ્રવૃત્તિને નિમિત્ત-નિમિત્ત સંબંધ હોય છે. સમજાય છે કાંઇ? ''**નિમિત્ત-નૈમિત્તિક સબંધ છે**....'' કહો, નિમિત્ત જ્યારે શુભને અશુભ પરિણામનું હોય, ત્યારે જડમાં પણ એ જાતની પ્રવૃત્તિના નૈમિત્તિક પર્યાય ક્રિયા જડમાં ભજે. કહો સમજાણું કાંઇ? પણ પરદ્રવ્યનું ગ્રહણ ત્યાગ આત્મામાં નથી પણ પરિણામ વખતે આવી પ્રવૃત્તિ સહેજે દેહમાં હોય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**તેથી પહેલાં અશુભ ઉપયોગ છોડી**....'' (છૂટી) એ સમ્યગ્દર્શન થયાં છતાં પણ પહેલો અશુભ ઉપયોગ છોડી, ''**શુભ ઉપયોગ થાય** અને **પછી શુભ ઉપયોગ છૂટી શુદ્ધ ઉપયોગ થાય, એવી ક્રમપરિપાટી છે**....'' આત્માની શ્રદ્ધા પુણ્ય-પાપ રહિત શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ એ જ સ્વભાવ આત્મા. એવી ભાન પ્રતીતિ થાય છતાં પહેલા અશુભ ઉપયોગને છોડી શુભમાં આવે. પછી ક્રમે ક્રમે શુભને છોડી એટલે શુદ્ધમાં આવે એટલે શુભ છૂટી જાય. એ તો શૈલીની કથન પદ્ધતિ એમ જ હાલે. સમજાણું કાંઇ ? શું છે આ બધું બફમ જેવું લાગે લ્યો એય ! દાસ ! શું થયું વળી .... યાદ આવ્યું. અરે ! શું થાય ? આ વસ્તુ શું છે એ સાંભળવામાં ન આવે, એને મેળ કરવામાં ન આવે, એટલે માણસને ધડકન ઊભી થાય ધડકન.

વીતરાગ ત્રિલોકનાથ જૈન પરમેશ્વર, અનંતકાળમાં જે સમ્યગ્દર્શન પામ્યો નથી એને સમ્યગ્દર્શન કેમ પમાય ? અને એની શ્રદ્ધા પહેલી સાચી કેમ થાય ? એની વાત કરી રહ્યા છે. પહેલી શ્રદ્ધામાં જ ગોટા હશે કે આ શુભથી ધર્મ થાશે ને પુણ્યથી ધર્મ થાશે ને આ વ્રતથી ધર્મ થાશે ને સંવર નિર્જરાથી થાશે, એની શ્રદ્ધા જ ખોટી એને સમ્યગ્દર્શન કોઇ દી' થાય નહિ ત્રણકાળમાં ત્રણલોકમાં ભગવાન પાસે જાય સમવશરણમાં તોય નહિ થાય. સમજાણું કાંઇ ? ''**માટે પહેલાં અશુભઉપયોગને છોડી શુભ ઉપયોગ થાય**....'' એમ અવ્રતને છોડીને વ્રતના પરિણામ મુનિને આવે પહેલાં ''**પછી શુભ ઉપયોગ છોડીને શુદ્ધ ઉપયોગ થાય એવી ક્રમ પરિપાટી છે**....'' લ્યો, એવો ક્રમ છે એક પછી એક થવાનો એટલી વાત ત્યાં રાખી.

હવે ઇ શુભને શુદ્ધ ઉપયોગનું કારણ માને એની જરી વાત અહીં કરે છે. ''**વળી કોઇ એમ માને કે શુભ ઉપયોગ છે તે શુદ્ધ ઉપયોગનું કારણ છે**....'' વળી એમ કેટલાક કહે ભાઇ ! શુભ કરો, કરતાં કરતાં શુદ્ધ થાશે. શુભ કારણ ને શુદ્ધ કાર્ય. ડુંગળી ખાય ડુંગળી ક્યા કહેતે હૈ ? પ્યાજ. પ્યાજ કહતે હૈ ને ! પ્યાજ ખાતે હૈ ઔર કસ્તુરીકા ડકાર આતા હૈ. કોઇ દેશમાં આ તો ન આવે પણ આમાં આવે કોઇ દેશમાં. શુભ ઉપયોગથી શુદ્ધ થાય એવી માન્યતા.

''**કોઇ એમ માને કે શુભ ઉપયોગ જે છે**....'' રાગની મંદતા દયા, દાન, વ્રત, પરિણામ, ભક્તિ, પૂજા ''**તે શુદ્ધ ઉપયોગનું કારણ છે**....'' ઇ અંતરના નિર્મળ પરિણામ નિર્મળ વીતરાગી થવાનું આ શુભ ઉપયોગ રાગભાવ તે કારણ છે એમ કોઇ માને એ વાત ખોટી છે. એ વાત સમજાવે છે. સમજાણું કાંઇ ? ભઇ શુભ કરો... શુભ કરો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકવાર, શુદ્ધ પીછે હોગા. શુભ કરતે નહિ ઉસકો ક્યા શુદ્ધ હોગા? કહતે હૈ કે નહિ? જૂઠ હૈ, શુભ તો રાગ હૈ ઓ રાગમેંસે અરાગ પરિણામ કહાંસે આયેગા? બિલકુલ નહિ આવે.

હવે ત્યાં જેમ અશુભ ઉપયોગ છૂટી શુભ ઉપયોગ થાય છે. જુઓ શું કહે છે? જેમ અશુભ હિંસા જૂઠું ચોરી વિષયના પરિણામ 'છૂટી' અને શુભ ઉપયોગ થાય છે એ ઉપર વજન છે. અશુભ પરિણામ હિંસા જૂઠું ચોરી વિષયના છૂટી અને શુભઉપયોગ થાય છે કે અશુભને કારણે શુભ થાય છે? અશુભ કારણ અને શુભ કાર્ય એમ છે? અશુભ ઉપયોગ છૂટી હિંસાના, જૂઠાના, ચોરી, વિષય, રાગ તીવ્રતા એને છૂટીને શુભ ઉપયોગ થાય "**તેમ શુભઉપયોગ છૂટી શુદ્ધઉપયોગ થાય છે....**" એમ શુભઉપયોગ છૂટી શુદ્ધ થાય છે.

"**એમ જ જો કારણ કાર્યપણું હોય તો શુભનું કારણ અશુભ પણ ઠરે....**" ઓલો તો છૂટીને થાય છે છતાંય એને કોઇ એમ કહે કે અશુભ કારણ - શુભ કાર્ય, એમ શુભ કારણ શુદ્ધ કાર્ય એમ છે નહિ. તો તો અશુભ ઉપયોગ પણ શુભ ઉપયોગનું કારણ ઠરે. કારણ અશુભ છૂટીને શુભ થાય છે ને તો અશુભને કારણ... જો તમે શુભ છૂટીને શુદ્ધ થાય અને શુભને કારણે કહો, અને શુદ્ધને કાર્ય કહો, તો અશુભ છૂટીને શુભ થયું અશુભને કારણ કહો અને શુભને કાર્ય કહો એમ તો બને નહીં. અશુભ પાપ કારણ ને શુભ પુણ્ય કાર્ય એનું એમ બની શકે નહીં. સમજાણું કાંઇ? શું કીધું?

"**એમ જ જો કારણકાર્યપણું હોય....**" એમ. વજન તો આંહી છૂટીને છે છતાં પણ કારણ કાર્ય જો તું એને લાગુ પાડ "**તો શુભ ઉપયોગનું કારણ અશુભ પણ ઠરે એમ....**" શુભને છૂટીને શુદ્ધ થાય ઇ અપેક્ષાએ શુભને કારણ ને શુદ્ધને કાર્ય કહે તો અશુભ છૂટીને શુભ થાય તો અશુભને પણ કારણ કહેવામાં આવે, "**અશુભ ઉપયોગ પણ ઠરે....**" એમ કહે છે ને અહીં તે પણ એમ તો છે નહીં, હિંસાના પરિણામ કારણ ને દયાના પરિણામ કાર્ય એમ હશે? કહો સમજાણું કાંઇ? એક તો આ વાત સિદ્ધ કરી માટે શુભ પરિણામ એ શુદ્ધનું કારણ છે એમ કહેતા હોય એ વ્યાજબી નથી કેમ કે જો એમ હોય તો અશુભ છૂટીને શુભ થાય તો અશુભને કારણ ને શુભને કાર્ય ઠરે. એને પણ કાર્ય કારણ ઠરે શુભનું પણ અશુભ કારણ ઠરે. શુભ ભાવનું પણ અશુભ ભાવ કારણ ઠરે પણ એમ તો બને નહીં. જો એમ બને કે શુભ છૂટીને શુદ્ધ થાય તો શુભ કારણને શુદ્ધ કાર્ય એમ પણ બને નહીં. સમજાણું કાંઇ? કેટલી વાતમાં સ્પષ્ટ કર્યું છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેટલી સાદી ભાષામાં અને અત્યારે તો આ હિંદી સાદી ભાષામાં આવી ગયું છે. ગુજરાતી થઇ ગયા છે. અનેક હજાર મોક્ષમાર્ગ પ્રકાશક છપાઇ ગયા છે. વાંચવાનો મોકો ન મળે, નિવૃત્તિ ન મળે પોતાનો આગ્રહ માન્યો છે. પોતાની કલ્પનાનો આગ્રહ હોય એ પ્રમાણે વાત નીકળે તો સાચી ને બીજી વાત નીકળે તો કહે નહીં. એટલે પોતાની વાત તો સાચી માનીને બેઠો, હવે હોય ખોટી. અયથાર્થતત્ત્વ ને યથાર્થ માનતો હોય. હવે એ ગમે એવું વાંચે પણ એમાં કાંઇ બીજું બેસે નહીં. આગ્રહ છે ને એટલે.

એક વાત એ કરી કે કારણ કાર્ય જો તમે ઠરાવો શુભ ઉપયોગને કારણ ને શુદ્ધને કાર્ય ઠરાવો તો અશુભને કારણ ને શુભને કાર્ય ઠરાવવું પડશે. તેમ તો બને (નહીં) તો શુભ કારણ ને શુદ્ધ કાર્ય એમ પણ બને નહિ, એમ કીધું, પછી ઉપચારથી વાત કરશે.

‘‘**દ્રવ્યલિંગીને શુભઉપયોગ જ હોય....**’’ જુઓ આ સિદ્ધાંત મુક્યો. નવમી ગ્રૈવેયક દિગંબર જૈન મુનિ અનંતવાર થયો. અનંતવાર માસ-માસખમણના પારણા, જંગલમાં વનવાસી, શરીર જીર્ણ થઇ જાય, બીજા દેવલોકની ઇન્દ્રાણી આવે તો ચળે નહિ એને માટે આહાર-પાણી એક કણ પણ પાણીનો બિંદુ આપે કરીને, લ્યે નહિ કેમ કે એકન્દ્રિય જીવ છે પાણી. એને માટે કરીને આપે તો હિંસા છે એ આહાર લ્યે (નહીં). એવી જેને દયા, એવું જેનું બ્રહ્મચર્ય, એવી જેની ક્રોધની મંદતા માયા કપટ નહીં.

એવા ‘‘**દ્રવ્યલિંગીને શુભઉપયોગ તો ઉત્કૃષ્ટ હોય છે....**’’ નવમી ગ્રૈવેયક જાય એને શુભ ઉપયોગ તો બહુ ઊંચો હોય છે. સમજમેં આયા? દુર્ગાદાસજી! અંતિમ ગ્રૈવેયક તક જાતે હૈ ને સાધુ જૈન હોકર, અન્યમતિ નહિ જા સકે ઉપર. જૈનના સાધુ એવી ક્રિયાકાંડ એવા શુક્લ લેશ્યા શરીરના ખંડ ખંડ કરે તો ક્રોધ ન કરે. હેં? (શ્રોતા : અન્ય ફિરકાના સાધુ જાયને!) એક જ ફિરકામાં જાય. દિગંબર મુનિ હોય એ જ ઉપર જઇ શકે બાકી કોઇ ન જઇ શકે. એ દ્રવ્યલિંગી કહેવાય છે બીજાને દ્રવ્યલિંગી કહેવાતા (નથી) વસ્તુ આમ છે. કઠણ પડશે ... આજ આવ્યા છે ભાઇ! સમજાણું કાંઇ? કઠણ પડે એવું છે. દ્રવ્યલિંગી ખરેખર તો એને કહેવાય પણ પ્રભુ! આકરું તો પડે એવું છે શું થાય? વસ્ત્ર પાત્ર રાખે એ તો દ્રવ્યલિંગી સાધુય નથી જૈનદર્શનના માર્ગની અંદર, પણ જે દ્રવ્યલિંગ નગ્નપણું હોય, ઉત્કૃષ્ટ શુભભાવ હોય, શુક્લલેશ્યા હોય, નવમી ગ્રૈવેયક જાય. તો શુભ ઉપયોગથી જો શુદ્ધ થાય, આવો શુભઉપયોગ તો અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે થયો છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રદ્ધામાં બેસવું આકરું. જીવને આખો ફેરવી નાંખવો. જીવને ફેરવી નાંખવો. આહાહા! ભગવાન આત્મા ધીરજથી જો ભાઇ! કોઇ પક્ષની વાત આ નથી. આ તો વસ્તુ વિચારની વાત છે. આ કહ્યું હતું ને વસ્તુ વિચારથી જોઇએ વસ્તુનો આવો સ્વભાવ છે. હવે બીજો પોકાર કરે તો કરો પણ વસ્તુમાં બીજું નથી તેમાં શું કરવું? સમજાણું કાંઇ? ભગવાન આત્મા! એમ કોઇ કહે કે શુભ કરતાં કરતાં શુભ કારણથી શુદ્ધતા ધર્મની થશે તો શુભઉપયોગ તો નવમી ગ્રૈવેયક દ્રવ્યલિંગી જૈન સાધુ અનંતવાર થઇને ગ્યો. એના જેવો શુભઉપયોગ તો અત્યારે કોઇને (નથી). અત્યારે તો કોઇને હોય જ નહીં કારણકે અત્યારે નવમી ગ્રૈવેયક જાય એવી સ્થિતિ છે નહીં. સમજાણું કાંઇ? ''**દ્રવ્યલિંગીને શુભઉપયોગ તો ઉત્કૃષ્ટ નામ....**'' ઘણો ઉંચો ''**હોય છે....**'' ત્યારે ''**શુદ્ધઉપયોગ તો હોતો જ નથી....**'' તો શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શનની પરિણતિ પણ નથી જો શુભથી શુદ્ધ થતું હોય તો તો શ્રદ્ધા ખોટી છે મહા માટે શુભઉપયોગ કારણ નથી. એ શુદ્ધતા થવામાં શુભઉપયોગ કારણ નથી. એ શુભની રૂચિ છોડીને સ્વભાવની રૂચિને સ્થિરતા કરે એ કારણ દ્રવ્ય કારણ છે. આહાહા! બહુ વાત આ. સમજાણું કાંઇ?

''**તેથી વાસ્તવિકપણે એ બંનેમાં કારણકાર્યપણું નથી....**'' યથાર્થપણે તો વ્યવહાર કારણ ને નિશ્ચયકાર્ય જુઓ અથવા શુભઉપયોગ કારણ ને નિશ્ચયકાર્ય એવું હોતું નથી. તો આનો અર્થ એ થઇ ગયો કે વ્યવહાર કારણ ને નિશ્ચયકાર્ય એ પણ હોતું નથી. આવી ગયું એમાં. વ્યવહાર રત્નત્રય કારણ ને નિશ્ચય રત્નત્રય કાર્ય ખરેખર નથી. સમજાણું કાંઇ? એ સત્યને સત્યપણે ઊભું રાખ તારી ઘાલમેલ ન કર ઘરની. ઘરની ઘાલમેલ કરી તો મરી જઇશ. વીતરાગ માર્ગ છે આ. આ કાંઇ પોપાબાઇના રાજ નથી કે બીજો માને ને મનાવી દયે એમ હાલે એમ માર્ગ નથી. ભગવાન આત્મા સર્વજ્ઞ વીતરાગ થયા એ અંદર સર્વજ્ઞ વીતરાગતા અંતરમાં પડી એમાંથી પ્રગટ કરી છે. કાંઇ પુણ્ય-પાપના ભાવને આશ્રયે કંઇ પ્રગટ કરી નથી. સમજાણું કાંઇ?

સત્યને સત્ય રાખે, સત્યને સત્ય ઊભું રાખે શ્રદ્ધામાં તો તો ઘણું અસત્ય નીકળી જાય. સમજાણું? એવા લાકડા નાંખ્યા હોય એવા અંદરથી આમ કે અનુકૂળ લાગે આ તો બરાબર આ ખોટું લાગે છે. વ્યવહાર કારણને કારણ જ કહેતા નથી. નિશ્ચય સ્વતંત્ર કાર્ય છે, વ્યવહાર હતો તો નિશ્ચય થયો કે ના, તો તો અશુભ હતો ને શુભ થયો એમ કહે તું. સમજાણું કાંઇ? પાછી ના ન પાડે કે ના વિષયસેવનના ભાવ હતા તો બ્રહ્મચર્યના ભાવ આવ્યા એના કારણે એમ હશે? (શ્રોતા : કોઇ કાળે ન બને) એમ ના બને પણ શુભભાવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય તો શુદ્ધ થાય ઇ બને, એ લાકડું ત્યાં નાખ્યું તો શુભ તો દ્રવ્યલિંગી નવમી ગ્રૈવેયક ગયો ત્યારે મોટો ઊંચો હતો એને શુભથી શુદ્ધ થયું? કહો સમજાય છે કાંઇ?

જરી શાંતિથી(વિચારવું) બાપુ. આવા મનુષ્યદેહ છે. આંખ્યુ મિંચાઇ જશે ક્યાંય કોઇ પત્તો નહિ ખાય. આહાહા! ક્યાંય શરણ નહીં. ઘણાંને રાખ્યા હશે, ઘણાંને રાજી રાખ્યા હશે ને ઘણાં રાજી એનાથી થયા હશે ને તેથી એમાં આત્માને કાંઇ છે નહીં. ખોટી શ્રદ્ધાથી રાજી રાખ્યા ઘણાંને. આ બરાબર તમારી વાત છે, બરાબર તમારી વાત. ઓલો એને કહે કે વાહ વાહ તમે પણ બરાબર માનનારા છો હોં.

(શ્રોતા : શ્રાવક તો એવા જ હોયને) એવા હોય શ્રાવક માખણિયા? શ્રાવક કહેવાય એને? શ્રાવક કહે કોણ એને? વાસ્તવિક આત્મા એનો શુદ્ધ ને શુભને અશુભ ઉપયોગ એ ચારેયની વિવેકતા જેને પ્રગટી હોય, શ્રવણ કરી વિવેકતા પ્રગટી હોય એને શ્રાવક કહીએ. વાડામાં શ્રાવક ને શ્રાવક તો કરિયાતાની કોથળીમાં ભરે કરિયાતા ને માથે લખે સાકર એટલે કંઇ કરિયાતું કડવું મટી જાય સાકર નામ લખે એટલે? ક્યોં દુર્ગાદાસજી? નહીં. નામ લખે તો! હેં? લિખા હૈ, ધૂળમાંય પોટલું ઉઘાડે ત્યાં સુધી સખ આવે, થોડીવાર. સાકર છે... સાકર છે ઉઘાડે નહિ ત્યાં સુધી એમ અને શાહુકાર હોય અને કોઇ લખે કે તમે દીવાળુ કાઢયું. કહો, દીવાળું નીકળી જતું હશે?

શેઠિયાનો દાખલો નહોતો આપ્યો એક ફેરે? માળા મામા ને કહ્યું ઉસકા મામા, પૈસા બહુત થા ઉસકે પાસ ઔર દૂસરા કોઇ કહે કે ઓ મોહનલાલ શેઠે દીવાળું કાઢયું, મોહનલાલ શેઠે દીવાળું કાઢયું. દીવાળું કાઢયું. (શ્રોતા : ભીંત ઉપર લખ્યું) ભીંત ઉપર લખ્યું. ઓલ્યો કહે કે પણ હવે અહીં મારા દાદરા પાસે લખી જાને, અહીં મને ખબર છે ને મારી પાસે કેટલા છે ઇ. ઇ કહે મારા પૈસા કાંઇ કોઇ લઇ ગયું નથી. લખી ને તું તારે જાને આખી ભીંત ચીતરજે લે, હેં? (શ્રોતા : ભરોસો છે ને) ભરોસો છે ને! ખબર છે કે મારી પાસે પૂંજી આટલી મૂડી છે. તમે લખો કે દીવાળુ કાઢયું મોહનલાલ શેઠે. કાંઇ વાંધો નહીં. (શ્રોતાઃ દેવું જ ન હોય એ દીવાળું કાઢે. હોય તો દીવાળું કાઢે ને!) કીધું નહિ એક ફેરે દેવાવાળો નીકળે તો કોઇ લેવાવાળો નીકળે ને! કોઇ દેવાવાળો ય નથી ને કોઇ લેવા વાળોય નથી આંહી તો. એ વાત કરીતી શેઠે એક ફેરે. સમજાણું કાંઇ? માથે લખે કે આટલું દેવાળું કાઢયું આણે લ્યો, કાંઇ હરકત નહીં. અમને ખબર છે અમારી અમે કેટલી મૂડીવાળા છીએ. એ કૂંચી આંહી છે મારી પાસે અને એક ગોપવીને ગોઠવ્યાં છે ત્યાં તિજોરીમાં બધું પડયું છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ કોઈ ખોટાને સાચું મનાવે તો તે સાચું થાય નહિ ને સાચાને કોઈ ખોટો કહે તો કાંઈ સાચું ખોટું થાય નહીં. એ તો છે એ રહેશે, વસ્તુ તો છે એ રહેશે. એમ કોઈ શુભ ઉપયોગથી શુદ્ધ મનાવે તો હાલશે નહિ, દીવાળા કાઢશે. તો તો પછી અશુભ ઉપયોગથી શુભ ઉપયોગ એમ કારણ-કાર્યને લગાવી દે કે અશુભ પરિણામ કારણ છે ને શુભ કાર્ય છે. ના એમ નહિ... એમ નહિ ત્યારે ઓલું એમ નહીં. ઓલું પણ બીજું કાઢી નાંખને, એ પણ લપસણું પગથીયું છે. શુભ ઉપયોગને કારણ માનવો ને કાર્ય... તો તે ત્યાં પડયો જ રહીશ કારણમાં, પણ એની રૂચિ છોડી સ્વભાવની રૂચિ ને દ્રષ્ટિ ને સ્થિરતા કરશે તો કાર્ય પ્રગટ થશે, એ વિના પ્રગટ થશે નહીં. સમજાણું કાંઈ?

''**તેથી વાસ્તવિકપણે બંનેમાં કારણકાર્યપણું નથી....**'' લ્યો, ખરેખર તો નથી વાસ્તવિક પણે. ''**જેમ કોઈ રોગીને ઘણો રોગ હતો અને પાછળથી અડધો રોગ રહ્યો....**'' રહ્યો હોં. રહ્યો લખ્યું છે ને! આમાં અલ્પ રોગ થયો એમ લખ્યું છે, રહ્યો જોઈએ જરી સુધારી લેવું. ઘણો પાંચ ડીગ્રી તાવ આવ્યો હોય એમાં પછી નવ્વાણુ રહી જાય નવ્વાણુ. ''**એ અલ્પરોગ કાંઈ નિરોગ થવાનું કારણ નથી....**'' નવ્વાણુ ડીગ્રી નીરોગ થવાનું કારણ છે? પણ છતાં એમ કહે માણસ. કેમ છે ભાઈ? કાલથી સારું છે. કાલે જે પાંચ હતો તે કરતાં આજ નવ્વાણું છે. સારું છે એમ કહે, પણ એ રોગ નીરોગ થવાનું કારણ છે નવ્વાણુ? ''**ત્યાં એ અલ્પરોગ કાંઈ નીરોગ થવાનું કારણ નથી. હા, એટલું ખરું કે અલ્પ રોગ રહે ત્યારે નીરોગ થવાનો ઉપાય કરે તો થઈ જાય....**'' નવ્વાણુ આવ્યો હોય ને એ ઉપાય વૈધનો લાગુ પડે ને રોગ મટવાનો હોય તો મટી જાય... મટવાનો હોયતો મટી જાય હોં!

આ તો સિદ્ધાંત છે ને દાખલો આપ્યો છે ને, નવ્વાણુનો નવ્વાણુ કાયમ રહે, છ મહિનામાં જીથરી આવવું પડે, ફોટો લેવા. ભઈ છ મહિનાથી થયું કાંઈક (શ્રોતા : આપના દર્શનનો લાભ મળેને) અહીં એવા ઘણાં આવે છે આંહી જીથરી છે ને? દોઢ ફર્લાંગ, દોઢ શું ફર્લાંગ કહેવાય? ફર્લાંગ નહિ દોઢ માઈલ, બાર ફર્લાંગ ઘણાં આવે, કેમ આવ્યા'તા, શરીરમાં કાંઈ? છ મહિનાથી ઝીણો ઝીણો...ઝીણો ઝીણો તાવ રહ્યા કરે છે. એ પણ ચાર વાગ્યા પછી રહે છે. પહેલો ઉતરી ચાર વાગે ઝીણો એટલે શંકા પડી છે. ફોટો લેવા આવ્યા છીએ આંહી. એમાં ફેફસામાં જરી જરી કાણાં દેખાય, દાક્તર કહે ગોઠવાઈ જાઓ અહીં ખાટલે, હા, એક ખાટલો ખાલી છે તો ગોઠવાઈ જાઓ આંહી. હેં? હજી પહેલે નંબરે છે, જો બીજે ને ત્રીજે ગયો લાગુ નહિ પડે એમ નવ્વાણુ લાંબો કાળ હાલે તો ક્ષય લાગુ પડે. એમ શુભરાગમાં લાંબો કાળ રહે એની રૂચિમાં તો મિથ્યાત્વનો ક્ષય લાગુ પડયો છે એને. શુભને

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સારો માને છે. શુભભાવને સારો (માને) ક્ષય લાગુ પડયો છે એને. સમજાણું કાંઇ?

ઓલું ન કહે હોં નવ્વાણુંમાં હોં. એ તો કાઢી નાંખે તો ઠીક જુવાન છોકરા ઓ કેટલાક બચારા પચ્ચીસ-પચ્ચીસ વર્ષના હોં. એ ન્યાં બધા જુવાન જ માળા ક્ષયમાં ઘણાં આવે છે. કો'ક કો'કે જ બાકી તો કોઇ વીસ ને પચ્ચીસ બાઇયું ને છોડીયું ને ઓહોહો! ઇ તો જુઓ તો પાંજરાપોળ જુઓ ન્યાં ખાટલે પડી હોય. કોઇ આમ કરતું ને હેં કરતું ને આ કરતું ને... આહાહા! દેહના રોગ ઇ થોડો રોગ પણ કાઢી ન નાંખે તો એને ક્ષય લાગુ પડી જાય. એમ શુભ પરિણામને પુણ્ય ધર્મ ગણીને જો રહે પણ આ કાઢી નાંખવા જેવો છે એનાથી ધર્મ નથી એમ ન માને તો એને મિથ્યાત્વનો ઊંધી માન્યતાનો ક્ષય લાગુ પડયો છે. તો જ્ઞાની પાસે એનો ફોટો પડાવવો જોઇએ કે આ શું છે ભાઇ! અમારી શ્રદ્ધા સાચી કેમ થાતી નથી? સમજાણું કાંઇ?

ભારે કઠણ વાત જગતને! જાત્રા થઇ ગઇ જાઓ તમારે પાલીતાણાની ધર્મ (થઇ ગયો) આંહી કહે છે કે હરામ ધર્મ હોય તો. સમ્મેદશિખરની જાત્રા... આવે છે ને તમારે નથી આવતું? એકવાર વંદે જો કોઇ હવે નરક પશુગતિ ન હોય એમાં શું થઇ ગયું પણ?(શ્રોતાઃ મોક્ષ થાય) મોક્ષ થાય? થઇ રહ્યા. હવે લાખવાર સમ્મેદશિખર જાય તો એ શુભભાવ છે એ તો. પરદ્રવ્યના તરફના લક્ષવાળો શુભભાવ ત્રણકાળમાં સંવર નિર્જરા અને મોક્ષમાર્ગ થાય નહીં. સમ્મેદ્શિખરથી થાય અને સિદ્ધગિરીથી થાય (શ્રોતા : થાય નહીં.) જગતને કઠણ ભારે! સાક્ષાત્ સમોસરણમાં ત્રિલોકનાથ બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં અત્યારે સીમંધર પ્રભુ (બિરાજે છે) ક્રોડપૂર્વનું આયુષ્ય ને પાંચસો ધનુષનો દેહ. આંહી ભગવાન બિરાજતા'તા મહાવિદેહમાં. એના સમોસરણમાં બેઠો હોય છતાં કાંઇ પરના લક્ષે ને પરની શ્રદ્ધાના ભાવે કલ્યાણ થાય એ ત્રણકાળમાં બનતું નથી. લ્યો ભગવાનના સમોસરણમાં ગ્યો ને! ગ્યો તે શું છે? ભગવાન આ ઠીક છે, સાચાં છે પણ ભગવાન કહે કે તારો મારા લક્ષ છોડીને અંતરની દ્રષ્ટિ કર તો તને સમ્યક્ થાય એમ ભગવાન કહેતા'તા ઇ તો માન્યું નહીં. ઇ તો ભગવાનની કૃપા ને ભગવાનની દયા. આપણે સમોવસરણમાં ગયા એટલે સમકિત હોય જ.

એક જણો તો કહેતો'તો ઘણાં વરસ પહેલા, સમવસરણમાં જાય ઇ સમકિત હોય જ. અરે! સમોસરણમાં મિથ્યાદ્રષ્ટિ હોય સાંભળને! એટલું તો એને તીવ્ર મિથ્યાત્વ ન હોય કારણ અંદર પેઠો છે ખરો ને એટલી યોગ્યતા તો એની હોય. ભગવાનને ખોટા ઠરાવવા કે એવી વાત એને ન હોય ન્યાં. પણ અંદર અગૃહિત મિથ્યાત્વ ભગવાનના સમોસરણમાં અગૃહિત એ વિકલ્પ શુભરાગને ધર્મ માને, એના કરતાં કરતાં થાશે એવી માન્યતાવાળા પણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાનના સમોસરણમાં બેઠા હોય છે તેથી કાંઇ સમોસરણથી આત્માને લાભ થઇ જાય એવું ત્રણકાળમાં નથી. સમજાણું કાંઇ?

હા, ''**અલ્પરોગ રહે ને નિરોગ થવાનો ઉપાય કરે તો થઇ જાય પણ જો કોઇ એ અલ્પરોગને ભલો જાણે....**'' રાખવાનો યત્ન કરે, હાલો ભાઇ નવ્વાણુ પણ લોકોને શંકા છે કે ક્ષય છે, જો બધા પૂછવા આવશે? વળી ક્ષયમાં માખણ ખવરાવશે. ક્ષયવાળાને માખણ આપે, ઘીનો ખાખો આપે ને માખણ આપેને હેં? ભેંસનુ દૂધ આપે એને એટલે સારો હશે રોગ? માટે રોગ રાખવો? ''**તો નીરોગ કેવી રીતે થાય? એ રોગ રાખવાનો ઉપાય યત્ન કરે તો નીરોગ કેવી રીતે થાય?....**'' કોઇ દી' નીરોગ થાય નહીં. **તેમ કોઇ કષાયને તીવ્રકષાયરૂપ અશુભ હતો, તીવ્રકષાયરૂપ હિંસા જૂઠું અશુભ હતો, પાછળથી મંદકષાયરૂપ શુભઉપયોગ થયો**, શુભ અહિંસા સત્ય દત્ત બ્રહ્મચર્ય જાત્રા ભાવ. હવે ઇ શુભ કાંઇ નિઃકષાય શુદ્ધ સ્વરૂપ થવાનું કારણ નથી. એ શુભ ઉપયોગ જે પરિણામ છે પુણ્યના એ કાંઇ અકષાય શુદ્ધ ઉપયોગ થવાનું કારણ નથી. હા, **એટલું ખરું શુભ ઉપયોગ થતાં શુદ્ધ ઉપયોગનો જો યત્ન કરે તો થઇ જાય લ્યો.** એ શુભ ઉપયોગ કાળે એને છોડીને સ્વરૂપમાં ઠરવાનો પ્રયત્ન કરે તો થઇ જાય બાકી શુભને કારણે શુદ્ધમાં થાય એમ કોઇ બનતું નથી.

વિશેષ કહેશે.....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
# પ્રવચન નં. ૨૪
# અધિકાર ૭મો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૨૩.૦૪.૬૨ સોમવાર

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર છે. સાતમો અધ્યાય. ''**જૈન મતાનુયાયી મિથ્યાદષ્ટિઓનું સ્વરૂપ....**'' અહીંયા શુભ ઉપયોગની વાત આવી. શું આવ્યું જુઓ, રોગનો દાખલો આપ્યો ને! ''**કોઈને અલ્પ રોગ હોય અને ઘણો રોગ મટયો હોય, તેથી કાંઈ અલ્પ રોગ કાંઇ નીરોગ થવાનું કારણ નથી....**'' કોઈને ઘણો રોગ હોય અને એમાંથી થોડો રોગ થાય, તે થોડો રોગ તે કંઇ ઘણા નીરોગતાનું કારણ નથી. ''**એમ કોઈ કષાયી જીવને તીવ્ર કષાયરૂપ અશુભ ઉપયોગ હતો**'' ....'' તીવ્ર કષાયરૂપ હિંસા, જૂઠું, મિથ્યાત્વભાવ વિગેરે મહા અશુભ હતો. ''**પાછળથી મંદકષાયરૂપ શુભ ઉપયોગ થયો....**'' એમાંથી પાછળથી રાગની મંદતા લોભની મંદતા એવો એને શુભ ઉપયોગ હોય, થાય. ''**હવે એ શુભ ઉપયોગ કંઇ નિ:કષાય શુદ્ધ ઉપયોગ થવાનું કારણ નથી....**'' જેમ અલ્પ રોગ નીરોગતાનું કારણ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. રોગ તો ટાળવાનું... રોગ ટળે ત્યારે નીરોગતા થાય. કંઇ અલ્પ રોગ છે એ નીરોગતાનું કારણ છે? એમ શુભ ઉપયોગ આત્મામાં દયા, ભક્તિ, પૂજા, કષાય, મંદભાવ તે કાંઇ નિષ્કષાય એવો આત્માનો શુદ્ધ ઉપયોગ એનું કારણ નથી. ઓલું નીરોગતાનું કારણ અલ્પ રોગ નથી, એમ શુભ રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, જાત્રા એવો શુભ રાગ કાંઇ નીરોગતા એવી આત્માની નિઃકષાય શુદ્ધ ઉપયોગ દશા એનું કારણ કાંઇ શુભ ઉપયોગ થતું નથી. કહો સમજાણું કાંઇ?

હા, એમાં આવ્યું હતું ને કે અલ્પ રોગ થાય અને રોગ મટાડવાનો ઉપાય કરે નીરોગ થવાનો તો ત્યાં ઉપાય કરવાથી થાય. ''**એમ હા એટલું ખરું કે શુભ ઉપયોગ થતાં....**'' રાગની, લોભની મંદતા, કષાયની પાતળાઇ એવો દયા, દાન, ભક્તિ, પૂજા વિનય વિવેક વ્યવહાર એવો શુભ ભાવ હોતાં ''**શુદ્ધ ઉપયોગનો જો યત્ન કરે તો થઇ જાય....**'' એને છોડી અને આત્માના આનંદના શુદ્ધ ઉપયોગરૂપી આચરણનો ભાવ કરવા માંગે તો થાય. (શ્રોતા : ...) એ શુભ ઉપયોગ છોડે તો... શુભ ઉપયોગ છોડે તો શુદ્ધ ઉપયોગ થાય. અલ્પ રોગ મટે, મટવાનો ઉપાય કરે તો નીરોગતા થાય. અલ્પ રોગ મટવાનો ઉપાય કરે તો નીરોગતા થાય. એમ શુભ ઉપયોગ મટવાનો ઉપાય કરે તો શુદ્ધ ઉપયોગ થાય. કહો સમજાણું કાંઇ? રાતે દાખલો આપ્યો નહોતો! ''**અલ્પરોગથી નીરોગ થવાનો ઉપાય નથી પણ અલ્પ રોગ વખતે નીરોગ થવાનો ઉપાય કરે તો થાય....**'' નીરોગનો ઉપાય કરે તો થાય, ''**પણ કોઇ અલ્પ રોગને જ ભલો જાણી તેને રાખવાનો પ્રયત્ન કરે તો નીરોગ કેવી રીતે થાય?....**''

એમ કષાયની મંદતા પુણ્ય ભાવ ''**શુભ ઉપયોગ એને ટાળી શુદ્ધ ઉપયોગનો જો યત્ન કરે....**'' ચૈતન્ય, જ્ઞાન આનંદ, શુદ્ધ આચરણ, અંતરમાં એકાકાર થવાનો ઉપયોગ કરે તો થઇ જાય પણ એ શુભ ઉપયોગને છોડીને યત્ન કરે તો થાય. અશુભ ઉપયોગને છોડીને શુદ્ધ ઉપયોગ ન થાય એટલી વાત સિદ્ધ કરવા વાત કરી છે. સમજાણું કાંઇ? (શ્રોતા : ...) પ્રયત્ન ઓલા શુદ્ધ ઉપયોગના કરે તો થાય. મંદ યત્ન પુરુષાર્થ, મંદ ભાવના કાળે નહીં. (શ્રોતા : ...) એ છોડીને થઇ રહ્યું એટલે એ કાળ ગયો. સમજાણું કાંઇ? ''**શુભ ઉપયોગ થતાં શુદ્ધ ઉપયોગનો જો યત્ન કરે એમ....**'' યત્ન કરે શુદ્ધ ઉપયોગનો, તો શુદ્ધ ઉપયોગ જ્ઞાન, દર્શન અને આનંદનો આચરણરૂપ ઉપયોગ થાય.

પણ ''**કોઇ શુભ ઉપયોગને ભલો જાણી....**'' લ્યો આવ્યું હવે મગનભાઇ! કે ભઇ રોગ જ સારો, નવ્વાણુ રોગ સારો... નવ્વાણુ રોગ સારો, ક્ષય લાગુ પડશે. ''**એમ**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**કોઈ શુભ ઉપયોગને જ....''** ને જ જુઓ ''**ભલો જાણી....''** એ છે માટે આ થાશે. એ છે માટે આ થાશે તો એને ભલો જાણ્યો એણે. રાગની મંદતા, કષાયની પાતળાઈ એવો શુભ પુણ્યનો ભાવ, શુભ ઉપયોગ હોય એ વખતે શુદ્ધ ઉપયોગનો એને છોડીને કરે પણ બે ય યત્ન હારે(સાથે) કાંઇ હાલે(ચાલે)? શુભનો ય યત્ન હાલે અને શુદ્ધનો ય હાલે?

''**પણ શુભ ઉપયોગ થતાં શુદ્ધ ઉપયોગનો જો યત્ન કરે તો થઈ જાય....''** પણ કોઈ શુભ ઉપયોગને ભલો જાણી ઈ કારણ છે, ઈ સાધન છે, ઈ ભલો છે એનાથી થશે, એમ એમાં વળગ્યો રહે, તો એનો અર્થ ભલો થયો ને! (શ્રોતા : પહેલા મંદ કષાય હોય) મંદ કષાય હોય એટલું, પણ એને મંદ કષાયનો ભાવ છોડીને શુદ્ધ ઉપયોગ કરે તો થાય. એના પહેલા તીવ્ર કષાય ન હોય એટલી વાત જણાવવી છે. અને તે પણ એને ભલો જાણે, જો ભલો જાણે તો ન્યાં રૂચિ થઈ ગઈ એની, એનું જ સાધન સાધ્યા કરશે મરતા સુધી ને ઠેઠ સુધી. કષાય મંદ સાધો, કષાય મંદ કરો, કષાય મંદ કરો, કષાય મંદ કરો, ભક્તિ કરો, જાત્રા કરો, પૂજા કરો, દયા કરો, દાન એ તો ''**શુભ ઉપયોગ....''** છે પુણ્ય છે, એમાં ને એમાં ઉપયોગ કર્યા કરશે ''**ભલો જાણીને, તેનું સાધન કર્યા કરે તો શુદ્ધ ઉપયોગ ક્યાંથી થાય?....''** તેનું જ સાધન કર્યા કરે, તેનું જ, શુભ ઉપયોગના જાતનું કષાયમંદનુ સાધન કર્યા કરે તો ''**શુદ્ધ ઉપયોગ ક્યાંથી થાય?....''** લ્યો, કેટલી સ્પષ્ટ વાત તો છે. સમજાણું કાંઈ?

હવે એવી વાત માણસને આમ બેઠી છે ને બહારની, બધા એને પ્રરૂપકો એવા એને મળે. જેવું કૂવામાં અંદરિયા હવાડામાં આવે ને ઓલો પીએ. કૂવામાં પાણી હોય તો હવાડામાં આવે ને પછી પીવે ઈ. એમ ઉપદેશક પણ તેહવા. ''**દ્રવ્યક્રિયા રૂચિ જીવડાં, ભાવધર્મ રૂચિ હીણ ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવીન?....''** કરો, આ... કરો, આ... કરો આ ભક્તિ કરો, નવ્વાણુ જાત્રા કરો, પૂજા કરો, ગીરનારની જાત્રા કરો, શત્રુંજયની જાત્રા કરો તમારું કલ્યાણ થશે. સમજાણું કાંઈ? એ શુભ ઉપયોગ છે. પુણ્યબંધનું કારણ છે પણ એને છોડીને શુદ્ધ ઉપયોગનો યત્ન કરે તો થવા સંભવ છે. શુદ્ધનો પ્રયત્ન કરે તો. સમજાણું કાંઈ? અને ધર્મ છે કંઈ શુભ ઉપયોગ પોતે ધર્મ નથી અને તે ધર્મનું ખરેખર કારણ પણ નથી, ખરેખર સાધન પણ નથી. તેથી કહ્યું ને?

જુઓને ''**શુભ ઉપયોગને જ ભલો જાણી તેનું જ સાધન કર્યા કરે....''** એમાં જ વળગ્યો રહે, રાગની મંદતા, ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત પાળો, આચરણ કરો, આ કરો ને આ કરો અને જાત્રા કરો, શેત્રુંજયની જાત્રા કરો, ઓલા સમ્મેદ્શિખરની કરો, ગીરનારની કરો, આખા હિંદુસ્તાનના તીર્થસ્થળની કરો અને કલ્યાણ થાશે. (શ્રોતા : જાત્રા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઘણી કરી) કરી એ તો શુભ ભાવ હતો, કરી એમાં શું છે? (શ્રોતા : ........) આશા ધૂળનીય બંધાય નહિ. એનો શુદ્ધનો પ્રયત્ન કરે તો, આશા શું બંધાય? શુભ ઉપયોગ થાય તો આશા બંધાય એ તો કારણ થયું એ તો. અનંતવાર એવો શુભ પહેલી તો વાત કહી ગયા છે, એવો શુભ ઉપયોગ નવમી ગ્રૈવેયકે દ્રવ્યલિંગી ગયો. અનંતવાર એને શુભ ઉપયોગ ઉત્કૃષ્ટ હતો છતાં શુદ્ધ થયો (નહીં), શુદ્ધની આશા થઈ નહીં. સમજાણું કાંઈ?

ભારે શલ્ય પડયા છે ને! એવા લાકડા ત્યાં અંદરથી એને નડે હા પાડવામાં ઓલો જરી ઓહો! પણ એ શુભ હોય તો શુદ્ધ થાય ને? શુભને ટાળે શુદ્ધ થાયને ... કે શુભ થયો એમાં પ્રયત્ન જો એને છોડીને અંતરમાં ચૈતન્યનો શુદ્ધ નિરૂપયોગ નિર્વિકલ્પ ઉપયોગ કરવા માગે, યત્ન કરે તો થાય, પણ તીવ્ર કષાય હોય, અને જ્યાં શુદ્ધ ઉપયોગનો પ્રયત્ન કરે, એમ બની શકે નહીં. સમજાણું કાંઈ? પણ જે જીવ ત્યાં જ એને ભલો જાણીને બસ સાધન ઈ છે, સાધન ઈ છે તો કરો સાધન. સાધન થશે તો સાધ્ય થશે. સાધન થશે તો સાધ્ય... એમ કરીને ''**શુભ ઉપયોગનું સાધન કર્યા કરે તો શુદ્ધ ઉપયોગ ક્યાંથી થાય**....'' હવે એમાંથી ખસીને, આત્મા શુદ્ધ ચિદાનંદનો નિર્વિકલ્પ આમ ઉપયોગ એ શુદ્ધ આચરણના આનંદનો ઉપયોગ એ એને થાય નહીં. કહો સમજાણું કાંઈ?

બીજું ''**મિથ્યાદષ્ટિનો શુભ ઉપયોગ**....'' જેની દૃષ્ટિ મિથ્યા છે, એને રાગની મંદતાનો શુભ ઉપયોગ હોય. એને હોય. (શ્રોતા : ...) હોય વાત છે આંહી, નથીની ક્યાં વાંચો તો ખરા. ''**શુભ ઉપયોગ તો શુદ્ધ ઉપયોગનું કારણ છે જ નહીં**....'' એમ. શુભ ઉપયોગ છે (શ્રોતા : ...) એને તો ક્યાં એને હતી દૃષ્ટિ ખોટી છે. એને તો એ પુણ્યના પરિણામને ધર્મ માનીને એના જ કારણમાં પડયો, નિમિત્તના કારણમાં પડયો, દેહાદિની ક્રિયા મારે આશ્રયે થાય છે એવી બહિર્બુદ્ધિ... બહિર્બુદ્ધિ... બહિર્બુદ્ધિ. બહિરના વીર્યનો વેગ બધો બહારમાં જાય છે. એવા મિથ્યાદષ્ટિને શુભ ઉપયોગ હોય ખરો, કષાય મંદ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિ હોય, પણ એ શુદ્ધ ઉપયોગનું કારણ છે જ નહીં. એ કાંઈ શુદ્ધાત્માના ધર્મનું કારણ છે નહીં.

અનંતવાર શુભ થયો પણ ''**સમ્યગ્દષ્ટિને**....'' જેની દૃષ્ટિમાં એ શુભ ઉપયોગ પણ ધર્મ નથી, સંવર - નિર્જરા એમાં કિંચિત્ નથી, બંધનું કારણ છે એવી દૃષ્ટિવંતને શુભ ઉપયોગ તો શુદ્ધ ઉપયોગનું કારણ ''**શુભ ઉપયોગ થતાં નિકટ શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ થાય છે**....'' આટલી વાત લેવી જરી. એને ભાન છે દૃષ્ટિમાં કે આ કષાય મંદ એ શુભ છે એ ભલો નથી. ખરું સાધન (નથી) એ હેય છે. એવા જીવને જ્યાં સમ્યગ્દર્શન છે એને શુભ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપયોગ હોય તો ઇ થતાં નિકટ શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ થાય છે. એને છોડીને તરત જ દૃષ્ટિમાં સ્વભાવદૃષ્ટિ વર્તે છે, રાગનો આદર વર્તતો નથી માટે શુભને છોડીને તેને નિકટમાં શુદ્ધ ઉપયોગ થાય એવા મુખ્યપણાથી... ''**આવા મુખ્યપણાને કારણે કોઇ ઠેકાણે શુભ ઉપયોગને પણ શુદ્ધ ઉપયોગનું કારણ કહીએ છીએ....**'' શુભ ઉપયોગને શુદ્ધ ઉપયોગનું વ્યવહાર કારણ તરીકે દૃષ્ટિમાં એ રાગ કારણ સ્વભાવનું નથી, એવી દૃષ્ટિ છે તેથી શુભ ઉપયોગને શુદ્ધ ઉપયોગનું વ્યવહાર કારણ સમ્યગ્દૃષ્ટિને મુખ્યપણે ત્યાં કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઇ? ''**શુભ ઉપયોગ થતાં નિકટ શુદ્ધ ઉપયોગ....**'' છે ને ઉપકંઠે? તે ત્યાંય ઓલામાં નાંખે ને ઉપકંઠે છે આવ્યું'તું છાપામાં. સમકિત દૃષ્ટિને શુભ ઉપયોગ થાય એ શુદ્ધના ઉપકંઠે છે, સમીપમાં છે. અરે! પણ સાંભળતો ખરો હવે (શ્રોતા : ...) હેં? એ આ પણ બધું સમુચ્ચય એણે નાંખ્યું, ન્યાં તો સમ્યગ્દૃષ્ટિની વાત છે ત્યારે એણે વળી એમ લગાવી દીધું છે. તારી જીત છે?

અરે! જુઓ, પણ પોતાના તત્ત્વનો નિર્ણય પણ યથાર્થ ન મળે, યથાર્થ તત્ત્વના નિશ્ચયની ખબરું ન મળે એને ક્યાં કરવું ભેદજ્ઞાન! અને ક્યાં લાવવો આત્મા પ્રાપ્ત! અને એના વિના ધર્મ ક્યાંય ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય થતો નથી. ''**કહેતાને શુભઉપયોગને પણ શુદ્ધ ઉપયોગનું કારણ કહીએ છીએ એમ સમજવું....**'' લ્યો એટલી વ્યાખ્યા. શુદ્ધ અને શુભના કારણ કાર્યની વ્યાખ્યા કરી. કોઇ વખતે સમ્યગ્દૃષ્ટિને શુભ ઉપયોગથી તરત છૂટીને શુદ્ધ ઉપયોગ થવાનું નિકટ કારણ હોય એવા ગણીને મુખ્યપણે તેને કારણ કહેવામાં આવે વ્યવહારથી, પણ ખરેખર કારણ છે નહીં. ખરેખર કારણ નથી. ખરેખર તો શુદ્ધ ઉપયોગ શુભનું કારણ છોડી સ્વભાવનું સાધન કરે ત્યારે શુદ્ધ ઉપયોગ થાય છે. કહો સમજાણું કાંઇ?

હવે બીજી વાત કરી જરી, ''**વળી આ જીવ પોતાને નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગનો સાધક માને છે....**'' કેટલાક અજ્ઞાની ખબર નથી કે નિશ્ચય શું કહેવાય અને વ્યવહાર શું કહેવાય? પોતાને નિશ્ચય એટલે સાચું, વ્યવહાર એટલે ઉપચારી એવા બે માર્ગનો સાધક પોતાને માને છે. ''**ત્યાં પૂર્વે કહ્યા પ્રમાણે આત્માને શુદ્ધ માન્યો તે તો સમ્યગ્દર્શન થયું....**'' એ સિદ્ધ સમાન શુદ્ધ એ સમ્યગ્દર્શન. સિદ્ધ સમાન શુદ્ધ માન્યો આત્માને પર્યાયમાં એ સમ્યગ્દર્શન. આ અજ્ઞાનીની માન્યતા. સમજાણું કાંઇ? ક્યાં હતો શુદ્ધ અત્યારે? નથી અને શુદ્ધ સિદ્ધ સમાન માન, એ નિશ્ચય સમ્યગ્દર્શન હોઇ શકે નહીં. છે ને નિશ્ચય એટલે સ્વ. મારો આત્મા બસ પર્યાયમાં શુદ્ધ છે...શુદ્ધ છે...શુદ્ધ છે એમ. બસ એ શુદ્ધ છે એ નિશ્ચય સમ્યગ્દર્શન. અજ્ઞાનીએ એમ માન્યું છે. સમજાણું કાંઇ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે જ પ્રમાણે જાણ્યું તે સમ્યગ્જ્ઞાન. આત્મા પર્યાયે શુદ્ધ છે, નિર્મળ છે, નિર્વિકાર છે, નિર્દોષ છે એવું જાણ્યું તે સમ્યગ્જ્ઞાન. એ અજ્ઞાનીનું નિશ્ચય જ્ઞાન. અહીં નિશ્ચયનયની વાત છે ને સ્વની અપેક્ષાએ. આત્મા બસ શુદ્ધ એકલી પર્યાય નિર્મળ છે, એવું સિદ્ધ સમાન આત્મા છે એમ માન્યું એ સમ્યગ્દર્શન. આ એમ જાણ્યું એ સમ્યગ્જ્ઞાન અજ્ઞાનીને. સમજાણું કાંઇ? પણ સિદ્ધ સમાન છે નહિ પર્યાયમાં તો માન્યતા તારી ને તારું જ્ઞાન બેય ખોટાં છે. પેલો નિશ્ચય આવ્યોને, સ્વઆશ્રય નિશ્ચય. પોતાની પર્યાય શુદ્ધ સ્વઆશ્રય તે નિશ્ચય એમ. પર્યાય શુદ્ધ છે તે સ્વઆશ્રય નિશ્ચય માટે એ માન્યું અમે સમ્યગ્દર્શન, 'એમ નથી' ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે, પવિત્રાનંદ છે. એમાં એકાકાર થતાં જે નિશ્ચય પ્રગટ થાય તેને સાચું સમ્યગ્દર્શન કહે છે. આ તો કલ્પનાની વાત એણે કરી, શુદ્ધ અમે. એમ આત્મા શુદ્ધ ત્રિકાળ છે એનું અંતર્મુખ થઇને સ્વવેદનનું જ્ઞાન થવું, એ નિશ્ચયજ્ઞાન છે (ત્યારે) આ કહે છે કે સિદ્ધ સમાન આત્માની પર્યાય જાણી, આત્મા સિદ્ધ સમાન છે અત્યારે એમ જાણ્યું એ સમ્યગ્જ્ઞાન, સાચી નથી જૂઠી છે.

એ પ્રમાણે વિચારમાં પ્રવર્ત્યો... લ્યો, રોકાણો જરી રમત આમ. સિદ્ધ સમાન પર્યાય શ્રદ્ધામાં જ્ઞાનમાં એ વિચારમાં કે અહો! હું તો સિદ્ધ જ છું, પર્યાયે નિર્મળ છું તદ્દન શુદ્ધ પૂર્ણ શુદ્ધ એવા વિચારમાં રોકાણો. એ વિચારમાં રોકાણો એ અજ્ઞાનીનું ચારિત્ર. સમજાણું કાંઇ? ત્રણે વાત ખોટી. ''**એ જ પ્રમાણે વિચારમાં પ્રવર્ત્યો તે સમ્યક્ચારિત્ર થયું**....'' એમ અજ્ઞાની માને છે. વસ્તુનું સ્વરૂપ એમ નથી. ''**એ પ્રમાણે પોતાને નિશ્ચય રત્નત્રય થયું માને છે**....'' અમને સાચાં રત્નત્રય પ્રગટયા એને લઇને અમને મોક્ષ થશે. અમે તો આત્માને શુદ્ધ માનીએ છીએ, પર્યાયે શુદ્ધ જાણીએ છીએ અને એમાં અમારું પ્રવર્તન છે, એના જ વિચારમાં જ અમે લીન થઇ જઇએ છીએ. લીન થઇ જઇએ છીએ એ અમારું ચારિત્ર. સમજાણું કાંઇ?

શુભાશુભ પરિણામની વાતો તો બીજા ઘણાં એ કરે છે બધાયમાં તે. શુભાશુભ પરિણામનો નાશ તે આત્માનું પરમ બ્રહ્મ સ્વરૂપ, પણ પરમ બ્રહ્મ છે કોણ? એ તો નાસ્તિથી વાત કરી, છે કોણ આત્મા? એક સમયમાં અનંત અનંત શક્તિઓનો ભંડારરૂપ એ સ્વરૂપ નિધિ એવા આત્માની અંતરદ્રષ્ટિ વિના આ શુભાશુભ વિકલ્પ તૂટે નહિ. એમ તો વાતું ઘણાંય કરે અન્યમતમાં છે કરનારા ઘણાંય. સમજાણું કાંઇ? ભગવાન આત્મા નિરંજન નિરાકાર સિદ્ધ સમાન શુદ્ધ આત્મા પવિત્ર પરમબ્રહ્મ આત્મા. પરમ આનંદ આત્મા. બસ એનો વિચાર કરવા રોકાવું એ એનું ચારિત્ર અને એ ધર્મ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(શ્રોતા : વેદાંતમાં.....) હોયને પણ વેદાંતમાં વાતો ત્યાં તદ્દન શુદ્ધની વાત કરી છે. તદ્દન પરમબ્રહ્મ શુદ્ધ જ છે. એ જીવભાવ શુભાશુભ ભાવ મલિન ભાવ એ બધો જીવભાવ છે. એ આત્મભાવ નહીં. કાઢી નાંખો એને, હેં? લ્યો છે, શું કાઢે પણ, કાઢીને જાવું ક્યાં? એને કઢાય શી રીતે? ક્યાં જાવું ને કઢાય ઈ ખબર છે કાંઈ? અને હતું ક્યાં? મલિન પર્યાયમાં શુભાશુભ ભાવ હતા તારા અસ્તિત્વમાં, એ તારા અસ્તિત્વમાં પૂર્ણ શુદ્ધતા છે એનો આશ્રય લઈને એ ટળી શકે છે, બાકી બીજો કોઈ ઉપાય નથી. આશ્રય લેવા યોગ્ય ચીજ કેવડી, કેવી, કેમ છે એને જાણ્યા વિના શુભાશુભ ભાવ અટકે નહીં. સમજાણું કાંઈ? જરી આવી જાઓ આમ. હવે તો થોડા થઈ ગયા છે. મહેમાન બહેમાન વયા ગ્યા છે સૌ (શ્રોતા : રાજકોટ) હવે રાજકોટ આવવાનું છે. આંહી આવવાનું છે. આ રીતે એકલો આત્મા જાણે સિદ્ધ સમાન શુદ્ધ...શુદ્ધ...શુદ્ધ...શુદ્ધ બસ થઈ રહ્યું એ અમારું સમ્યગ્દર્શન. એને જાણ્યો કે આ સિદ્ધ સમાન શુદ્ધ એ અમારું જ્ઞાન, એ એમાં વિચારમાં રોકાણો, એના વિચારમાં રોકાય ખૂબ. એ અમારું ચારિત્ર એમ નિર્વિકલ્પ અમારો ઉપયોગ. એમ મિથ્યાદૃષ્ટિને ભ્રમણામાં આ નિશ્ચય-રત્નત્રય માને છે. કહો સમજાણું કાંઈ?

''**એ પોતાને નિશ્ચય અને વ્યવહારનો સાધક માને છે**....'' આ નિશ્ચયનો સાધક, હું આ. હવે વ્યવહાર હજી એની વાત ખોટી પાડશે પહેલી. ''**પણ હું પ્રત્યક્ષ અશુદ્ધ છતાં શુદ્ધ કેવી રીતે માનું, જાણું, વિચારું (છું)?**....'' આ પ્રત્યક્ષ અશુદ્ધ પર્યાયમાં મલિનતા છે, પણ હું આ પ્રત્યક્ષ અશુદ્ધ હોં. અશુદ્ધ કોઈ જીવ અને આત્મા શુદ્ધ ને એમ નહીં. હું પ્રત્યક્ષ અશુદ્ધ એમ ભાષા છે પાછી. એમ ન બોલે કોઈ જીવભાવ અંતઃકરણભાવ કોઈ મલિન છે અને આત્માની પર્યાય... પર્યાય ફર્યાય ક્યાં ન્યાં છે પણ આત્મા બસ શુદ્ધ જ છે... આત્મા બસ શુદ્ધ જ છે, એમ નહીં. ''**પણ હું પ્રત્યક્ષ અશુદ્ધ છતાં**....'' મલિન દશા પર્યાયમાં પ્રત્યક્ષ પ્રગટ છે છતાં ''**હું શુદ્ધ કેવી રીતે માનું? કેવી રીતે જાણું? કેવી રીતે વિચારું છું? ઈત્યાદિ વિવેક રહિત માત્ર ભ્રમથી સંતોષાય છે**....'' એ વિવેકની ખબર નથી. ભ્રમણાથી બસ જાણે એય આપણને અંદર આત્માનું ધ્યાન ચડી ગયું, અને આત્મા નિર્વિકલ્પ ઉપયોગનો આનંદ, શુદ્ધ અનુભવ થઈ ગયો એમ અજ્ઞાનીઓ ભ્રમમાં પડે છે. સમજાણું કાંઈ? વિવેક રહિત માત્ર. વિવેકની ખબર ન મળે પર્યાય શું? વિકાર શું? અવિકાર શું? ત્રિકાળ શું? શક્તિ શું? શક્તિવાન શું? સંયોગ શું? સંયોગનો અભાવ શું?

''**એના વિવેક વિના માત્ર ભ્રમણાથી સંતોષ**....'' કાંઈક રાગ મંદ થતો દેખાય, અને એમાં બફમ જેવું થઈ જાય. હવે આ ન હાલે અંદર માર્ગ, ન હાલે બહારના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણપણાનો માર્ગ, બફમ થઈને પ્રમાદની ઇ પણ એક પ્રમાદની જાત છે. સમજાણું કાંઇ? ''**એ વિવેક રહિત માત્ર ભ્રમથી સંતુષ્ટ થાય છે**....'' ભ્રમણાથી સંતોષ માને છે એ નિશ્ચયની વાતમાં ખોટો પડયો એણે. ''**વિવેક રહિત માત્ર**....'' એટલે પર્યાયમાં પ્રત્યક્ષ અશુદ્ધતા છે એમ તું શુદ્ધ શી રીતે માને છે? પ્રત્યક્ષ અશુદ્ધતા જ્ઞાનમાં આવે છે, એને શી રીતે જાણે અને એમાં વિચાર પલટે તો અશુદ્ધનો વિચાર પ્રવર્ત્યો, અશુદ્ધમાં વિચાર પ્રવર્ત્યો તો એમાં ચારિત્ર ક્યાંથી આવી ગયું? હવે વ્યવહારની વાત કરે છે. એ અજ્ઞાની નિશ્ચયને આમ માને છે એ ભ્રમણા છે, અને વ્યવહારને આમ માને છે એ પણ એની ભ્રમણા છે. શું? ''**અરહંતાદિક વિના અન્ય દેવાદિકને હું માનતો નથી**....'' અમારે તો અરિહંત, સિદ્ધ પરમાત્મા એ ગુરુ એટલે સર્વજ્ઞદેવ અને આચાર્ય, ઉપાધ્યાય આદિ અમારા ગુરુ, નગ્ન દિગંબર અમારા ગુરુ, આચાર્ય એ ગુરુ અમારા ઉપાધ્યાય એ નગ્ન મુનિ અમારા સાધુ, એ વિના અન્ય દેવાદિ અન્ય દેવ અને અન્ય ગુરુ અને અન્ય શાસ્ત્ર. સમજાય છે? અરહંતાદિ વિના, અરિહંત પાંચ પદ એમાં આવ્યા ગુરુ અને દેવ બેય, અને શાસ્ત્ર સર્વજ્ઞના કહેલા, એના વિના અન્ય દેવને અને અન્ય ગુરુને અને અન્ય શાસ્ત્રોને એ માનતો નથી. એને વ્યવહાર સમ્યગ્દર્શન માને છે. સમજાણું?

ક્યાંથી વ્યવહાર આવ્યો? હજી નિશ્ચય વસ્તુના ભાન વિના વ્યવહાર એને વ્યવહાર કહે કોણ? પણ ઓલા નિશ્ચયમાં આમ માને, ને વ્યવહારમાં આમ માને, અને બેયના અમે સાધક. નિશ્ચય અને વ્યવહારના આલંબનવાળાની વાત ચાલે છે ને? બેયનો સાધન સાધનારો આવો છું હું તો. અમે તો બેય સાધન સાધીએ છીએ. ભગવાનનો માર્ગ બે નયનો છે ને? એક નયનો ક્યાં છે? અમે નિશ્ચયમાં આવો માનીએ. વ્યવહારમાં અરિહંત દેવ, ગુરુ, શાસ્ત્ર સિવાય અન્ય દેવ, ગુરુ, શાસ્ત્રને વંદન ન કરીએ, એને માનતા નથી. એ એનું વ્યવહાર સમ્યગ્દર્શન થયું. ''**જૈન શાસ્ત્રાનુસાર જીવાદિના ભેદ શીખી લીધા છે તેને માનું છું, અન્ય માનતો નથી એ સમ્યગ્દર્શન થયું**....'' લ્યો. અન્ય દેવાદિને માનતો નથી અને જૈન શાસ્ત્રાનુસાર જીવાદિ ભેદ શીખી લીધા. જીવ, અજીવ, પુણ્ય આદિ ભેદ શાસ્ત્ર અનુસાર હોં, શાસ્ત્ર અનુસાર પાછું. એ તો જૈન શાસ્ત્ર અનુસાર શીખ્યો તો પણ તેને જ માનું છું. અન્યને માનતો નથી, તો પણ એ મિથ્યાદૃષ્ટિ છે. એને ભાન નિશ્ચયનું નથી એટલે તત્ત્વ શીખે છે એમાં પણ આ વ્યવહાર શ્રદ્ધા સાચી નથી. સમજાણું કાંઇ?

જૈન શાસ્ત્ર અનુસાર જીવ, અજીવ, મોક્ષ અને ભેદ શીખી લીધા તેને જ માનું છું અન્યને માનતો નથી. એ તો અમારું વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર સમ્યગ્દર્શન.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યવહાર! નિશ્ચયના સાધન વિના વ્યવહાર કહેવું કોને? ક્યાંથી તું વ્યવહાર લાવ્યો આવો. સમજાણું કાંઇ? નિશ્ચયનું સાધન થયું હોય, શુદ્ધ દ્રવ્યના ભાનની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તો આવા વ્યવહારને વ્યવહાર તરીકે... આ તો તારો નિશ્ચય ભ્રમ છે, અને એમાં આ વ્યવહાર આવ્યો ક્યાંથી? ''**જૈન શાસ્ત્રોના અભ્યાસમાં ઘણો પ્રવર્તુ છું**....'' લ્યો, શાસ્ત્રનો અભ્યાસ **એ** અમારું ''**સમ્યગ્જ્ઞાન થયું**....'' એમ માને છે. જૈન અભ્યાસમાં ઘણાં અભ્યાસમાં ઘણો પ્રવર્તુ છું, સ્વાધ્યાય, જૈન શાસ્ત્રના એ તો પર વસ્તુ છે. એના તરફનો વિકલ્પ તો જ્યારે અહીં નિર્વિકલ્પ જ્ઞાન થયું હોય, આત્માનું સ્વસંવેદન જ્ઞાન થયું હોય તો શાસ્ત્રના જ્ઞાનના વિકલ્પને વ્યવહાર કહેવામાં આવે. તારા નિશ્ચયના ઠેકાણાં નથી ને વ્યવહાર ક્યાંથી લાવ્યો? ''**જૈન શાસ્ત્રના અભ્યાસમાં ઘણો પ્રવર્તુ છું એ સમ્યગ્જ્ઞાન થયું**....'' લ્યો, ઓલામાં આત્માના જ્ઞાનને જ્ઞાન કહેતો હતો. આમાં જૈન શાસ્ત્રનું જ્ઞાન. ઓલ્યા આત્માની શ્રદ્ધાને શ્રદ્ધા કહેતો હતો પર્યાયની શુદ્ધતાને. સમજાણું?

''**આ વ્રતાદિરૂપ ક્રિયાઓમાં પ્રવર્તુ છું**....'' એક અહિંસા, સત્યદત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, ભક્તિ, પૂજામાં પ્રવર્તુ છું. ''**આ તે મારું સમ્યગ્ચારિત્ર થયું**....'' એમ અજ્ઞાનીનો વ્યવહાર. નિશ્ચય ખોટો માટે એનો વ્યવહાર પણ ખોટો. માને છે હું બેયનું સાધન કરું છું. ''**એ પ્રમાણે પોતાને વ્યવહાર રત્નત્રય થયું માને છે**....'' આ રીતે અજ્ઞાની, જૈનમાં પડયા છતાં વીતરાગના નિશ્ચય વ્યવહારના મૂળ મર્મને રહસ્યને જાણ્યા વિના, નિશ્ચય અને વ્યવહારના મૂળ મર્મ ને રહસ્યને જાણ્યા વિના, ભ્રમણાથી આ રીતે નિશ્ચય અને વ્યવહાર બેયનો સાધક છું, સાધનાર છું, બેય નયને અમે અવલંબ્યા છે. ભગવાને બેય નય કીધી છે માટે બેયને અમે સાધીએ છીએ એમ માનીને વ્યવહાર રત્નત્રય સાધક છે એમ માને છે. ''**પણ વ્યવહાર તો ઉપચારનું નામ**....'' જુઓ આવ્યું, ''**વ્યવહાર તો ઉપચારનું નામ**....'' ઓલા નિશ્ચય સાચું હોય તો આને ઉપચાર કહેવાય. એકલો તારો વ્યવહાર નિશ્ચય ખોટો માને તો વ્યવહાર ક્યાંથી આવ્યો તારી પાસે? સમજાણું કાંઇ?

''**પણ વ્યવહાર તો ઉપચારનું નામ** અને (તે) **ઉપચાર પણ ત્યારે જ બને, કે જ્યારે સત્યભૂત નિશ્ચય રત્નત્રયના કારણાદિક થાય**....'' જુઓ એ કહ્યું. એ વિકલ્પ જ વ્યવહાર શ્રદ્ધા જ્ઞાન અને વ્રતાદિના પરિણામ, એને છોડી નિશ્ચયનું સાધન કર્યું હોય - સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર તો ઓલા વ્યવહારને વ્યવહાર કારણ તરીકેનો આરોપ દેવામાં આવે. સમજાણું કાંઇ? શું તોળી તોળીને લખ્યું છે, ''**પણ વ્યવહાર તો ઉપચાર આરોપનું નામ છે, અને તે પણ આરોપ અને ઉપચાર ત્યારે જ બને કે જ્યારે સત્યભૂત**....'' જુઓ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ સદ્ભૂત. ઓલા વ્યવહાર રત્નત્રય તો અસદ્ભૂત, અભૂતાર્થ દૃષ્ટિથી છે. પણ અભૂતાર્થ દૃષ્ટિના કથનોની માન્યતા વ્યવહાર, નિશ્ચય ''**સદ્ભૂત નિશ્ચય રત્નત્રયના કારણાદિરૂપ**....'' થાય. કારણ, નિમિત્ત સહચરરૂપ હોય, તો તેને વ્યવહાર કહેવામાં આવે છે કહો. ''**અર્થાત્ જેમ નિશ્ચય રત્નત્રય સધાય તેમ તેને સાધે**....'' તેને કોને ? વ્યવહારને. ''**નિશ્ચય રત્નત્રય સધાય તેમ તેને સાધે તો, તેમાં વ્યવહારપણું સંભવે**....'' હવે આવ્યું કે નહીં ? શું કહે છે ? (શ્રોતા : ...) વ્યવહારના વિકલ્પો છે એનું સાધન છોડી, નિશ્ચય કરે તો એના સાધનને વ્યવહાર સાધનનો આરોપ અપાય એમ કહે છે. વ્યવહારને સાધે એટલે ? કે વ્યવહારના રાગાદિની રૂચિ છોડી ભલાપણું છોડી નિશ્ચયનું સાધન કરે તો વ્યવહાર સાધે એને વ્યવહારનો આરોપ આપવામાં આવે. લ્યો, ''**સત્યભૂત નિશ્ચય રત્નત્રયના કારણાદિરૂપ**....'' કારણ, સાધન વિગેરે. કેમ છોટાભાઇ નથી આવ્યા ? સમજાણું ?

સાચા નિશ્ચય ભૂતાર્થ, સત્યભૂત એટલે છતો આત્મા, જ્ઞાનાનંદ પૂર્ણ એને આશ્રયે નિશ્ચય રત્નત્રય પ્રગટ કરે અને એનું નિમિત્તપણું ઓલાને કહેવાય તો તેને વ્યવહાર રત્નત્રય કહેવાય નહીંતર વ્યવહાર રત્નત્રય પણ કહેવાય નહીં. વ્યવહાર રત્નત્રય આરોપ પણું છોડી, નિશ્ચય રત્નત્રય કોઇ સાધે તો વ્યવહાર રત્નત્રયને કારણ અને નિમિત્ત અને સહચરનો આરોપ અપાય પણ આંહી ન મળે મૂળમાં ચોખા ન મળે અને કોથળાને શી રીતે કહેવો ? કાર્ય કરે તો ઓલાને કારણ તરીકે નિમિત્ત તરીકે કહેવાય વ્યવહાર તરીકે. ''**જેમ નિશ્ચયરત્નત્રય સધાય, 'જેમ નિશ્ચયરત્નત્રય સધાય'**....'' એમ વજન છે. એ શુભરાગના ભાવનું સાધન છોડી જેમ નિશ્ચય રત્નત્રય સધાય... એમ વિકલ્પમાં ઊઠેલો ભાવ પણ અંતરમાં જઇને આ સ્વભાવ શુદ્ધ છે, રહિત છે, અખંડ છે ''**એમ સાધે તો તેમાં વ્યવહાર**....'' તેમ સાધે ''**તેમ, તેને સાધે તો તેમાં વ્યવહારપણું સંભવે.પણ આને તો સત્યભૂત નિશ્ચયરત્નત્રયની પિછાણ જ થઇ નથી**....'' નિશ્ચય શું છે એનું તો ભાનેય નથી.

સત્યભૂત નિશ્ચય રત્નત્રય भूयत्थंऽस्सिदो खलु ભૂતાર્થ ભગવાન ત્રિકાળ સત્ય સ્વરૂપ પરમેશ્વર, સત્ય પરમેશ્વર ! સત્ય પરમેશ્વર ! એવા સત્ય પરમેશ્વરનો આશ્રય લઇને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય એવી તો એની પિછાણેય થઇ નથી. પિછાણે નથી. ઈ તો જાણે આ છે સાધન. આ છે તો, આ થયું છે અમારે સિદ્ધ સમાન અમે માનીએ એ વ્યવહારથી નિશ્ચય થયો. સમજાણું કાંઇ ? (શ્રોતા : ...) એને ઓલો રાગને આરોપ આપવામાં આવે છે. એને કહ્યું ને ? નિશ્ચય રત્નત્રય સધાય તેમ તેને સાધે, વ્યવહાર રત્નત્રય સધાય તેમ સાધે એમ નહીં. નિશ્ચય રત્નત્રય કોને ? આશ્રયનું સાધન સાધે તો તેને ઓલા વ્યવહાર રત્નત્રયને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આરોપથી કહેવામાં આવે. કહો સમજાણું કાંઇ? ''**પણ આને તો સત્યભૂત નિશ્ચયની પિછાણ....**'' ખબરેય નહિ કે નિશ્ચય શું કહેવાય ભગવાનનું નામ જાણે. જાણે! તુંબડી સમજતે હૈ? વો તુંબડીમાં હોતા હૈ ને બીયા તો ખડખડ થાય તો કહે રૂપિયા પડયા છે કે આ તે કાંકરા છે કે બીયા સૂકા છે ખબરેય ન મળે કાંઇ.

એમ નિશ્ચય વ્યવહારનું જ્ઞાન જ ન મળે, કોને કહેવો નિશ્ચય? કોને કહેવો વ્યવહાર? કોને કહેવો ઉપચાર? કોને કહેવો સહચર? સહચર. પણ એ સહચર તો નિશ્ચય વસ્તુનું સાધન સાધે તો સહચરને વ્યવહારનો આરોપ અપાય પણ એ તો અને નિશ્ચયે શુદ્ધ સમાન, સિદ્ધ સમાન અમે સિદ્ધ એ સાધન સાધ્યું. લ્યો, અને આ વ્યવહાર સાધન સાધીએ છીએ. બેય તારા સાધનના વાતમાં માલ નથી. સમજાણું કાંઇ? ''**તે પ્રમાણે કેવી રીતે સાધી શકે?....**'' શું કીધું? નિશ્ચય રત્નત્રય આ જ્ઞાયકમૂર્તિ આત્મા એકરૂપ પ્રભુ આત્મા, જ્ઞાન સ્વભાવનો એ સત્ય પરમેશ્વર છે એની ખબરુંય નથી. ખ્યાલમાં મહાત્તમ આવ્યું નથી. ખ્યાલમાં મહત્તા આવતી નથી અને વ્યવહાર સાધન અને નિશ્ચય અમારું આ સાધ્ય. બેય તારા રખડવાના માર્ગ છે. કહો સમજાણું કાંઇ? વાત તો બહુ સારી આવી છે આમાં. કહો સમજાણું આમાં? છે તો સત્યભૂત...સત્યભૂત. ઓલો અસત્યભૂત વ્યવહાર આરોપ. આરોપ કહો કે ઉપચાર કહો કે અસત્યભૂત કહો. આ લોકોને ત્યાંય વાંધા ઉઠાવ્યા છે, ઉપચાર નહીં. ઉપચાર અસત્ય નહિ, અસત્ય નહિ ત્યારે વળી સત્ય બે સત્ય થાતાં હશે?

એક જ ભૂતાર્થ ધર્મ છે. શુદ્ધ ચૈતન્ય પ્રભુ એ જ્ઞાનના અંતર સ્વભાવમાં અવલંબી અને જેટલો શુદ્ધ ઉપયોગ થાય કે શુદ્ધ પરિણતિ થાય તેટલો ધર્મ છે. એટલો સાચું છે અને વચમાં આવો આવે એને અસદ્ભૂત, અસત્ય, અભૂતાર્થ, જૂઠાં રત્નત્રય કહેવામાં આવે છે. કહો સમજાણું કાંઇ? ''**માત્ર આજ્ઞાનુસારી બની દેખાદેખી સાધન કરે....**'' લ્યો નિશ્ચય આ અને વ્યવહાર આ. દેખાદેખી આ કરે ને મારે કરવું, ઓલા કરે અને મારે... ''**આજ્ઞાનુસારી બની દેખાદેખી સાધન કરે....**'' તેને કંઇ આત્મા શું ચીજ છે? નિશ્ચય શું? વ્યવહાર શું? એની સંધિની કાંઇ ખબર નથી. માને કે આપણે બેયને સાધન કરીએ છીએ. કહો સમજાણું? ''**તેથી તેને નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગ પણ થયો નહીં....**'' દેખાદેખી સાધન કરે, એમાં કાંઇ સાચાં તત્ત્વની ખબર નથી અને સાચાં વિના વ્યવહારનો ખોટો પણ કોને કહેવું એની પણ ખબર નથી. ''**નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું નિરૂપણ આગળ કરશું....**'' પણ રહી ગયું. આંહી ઇ વાત લીધી છે. લ્યો હજી આ તો શરૂઆત કરી છે ને! આંહી સાતમો ચાલે છે હજુ નવમામાં એ શરૂ કરશે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગનું કથન આગળ કરશું તેનું સાધન થતાં જ મોક્ષમાર્ગ થશે**....'' એ વિના એકલો તું નિશ્ચય માની લે સિદ્ધ સમાન અને વ્યવહારમાં ને આ શાસ્ત્રના અભ્યાસને, બીજાને માનવું નહિ એ બેય તારી વાત સાચી નથી. નિશ્ચય ખોટો એટલે તારો વ્યવહારે ખોટો છે એમ કહે છે અહીં તો. એ પ્રમાણે આ અનાદિનો અજ્ઞાની જીવ, જૈનમાં જન્મેલા દિગંબર શ્રાવકના નામ ધરાવનારાને પણ આ રીતે મિથ્યાદૃષ્ટિપણું વર્તે છે એમ કહે છે. સમજાણું કાંઇ? આ જૈન એટલે દિગંબર જૈન બીજાને જૈન કહેવામાં આવતાં નથી. એમાં જન્મેલાઓને નિશ્ચય વ્યવહારના ભાન ન મળે. ઓઘે ઓઘે આ અમારો નિશ્ચય અને આ અમારો વ્યવહાર, ને એ તો નિશ્ચય વ્યવહાર કરતાં કરતાં આવશે અને આ વ્યવહાર છે. ક્યાંથી આવ્યો પણ? નિશ્ચયનું સાધન નથી ત્યાં વળી વ્યવહારનો આરોપ આવ્યો ક્યાંથી?

''**આ જીવ નિશ્ચયાભાસને**....'' નિશ્ચય નહિ પણ નિશ્ચય જેવો લેબાસ. શ્રાવક નહિ પણ શ્રાવક જેવો લેબાસ. એમ શાહુકાર નહિ પણ શાહુકાર જેવો લેબાસ. બરાબર આમ દેખાય ઓહો! આ તો શાહુકાર છે મોટા. બોસ્કીના લૂગડાં - બૂગડાં પહેરે ઊંચા અને આમ સફાઇ કાંઇક બોલે ઘડિયાળ બડિયાળ અહીંયા રાખે કાંડે. આ કાંડુ કહેવાય કે શું કહેવાય? હાથ કહેવાય? કાંડે...કાંડે...કાંડે નાંખે એ અહીં બાંધે ઓહો! આ તો કોઇ મોટો શેઠ લાગે છે પણ ઠગ હોય મોટો. આવ્યો'તોને અમારે આંહી, ઠગી ગ્યોતો'ને ''**એક નિશ્ચયાભાસને જાણે**....'' નિશ્ચય નહિ પણ નિશ્ચય જેવો દેખાવ...દેખાવ, નિશ્ચય જેવો દેખાવ. નિશ્ચય શું છે એને જાણતો નથી પણ નિશ્ચય જેવો દેખાવ (કરે). એવો દેખાવ કરે જાણે કે ઓહોહો! ''**પરંતુ વ્યવહાર સાધનને ભલા પણ જાણે**....'' જુઓ આવ્યું. ''**પરંતુ વ્યવહાર સાધનને પણ ભલાં જાણે છે**....'' લ્યો, માટે તેનો નિશ્ચય પણ સાચો નથી. વ્યવહાર સાધનને ભલા જાણે છે એમ. છે ને! ''**વ્યવહાર સાધનને ભલા જાણે છે તેથી સ્વચ્છંદી બનીને અશુભરૂપ પ્રવર્તતો નથી**....'' ઓલા વ્યવહાર સાધનને ભલા જાણે છે ને એથી સ્વચ્છંદી બની અશુભ ભાવને કરતો નથી.

પણ ''**વ્રતાદિ શુભ ઉપયોગરૂપ પ્રવર્તે છે**....'' વ્રત, નિયમ, સંયમ,ઇન્દ્રિયદમન બરાબર શુભ ઉપયોગમાં પ્રવર્તે છે. એ ''**અંતિમ ગ્રૈવેયક સુધીના પદ પામે**....'' લ્યો. એ નવમી ગ્રૈવેયક સુધી જાય શુભ ઉપયોગ વાળો. આવી ક્રિયા વ્યવહારનું સાધન એવું કરે વ્રત પાળે, નિયમ પાળે વિગેરે આકરા તપ પાળે એને લઇને ''**પ્રવર્તે છે તેથી અંતિમ ગ્રૈવેયક સુધીના પદને પામે છે**....'' અંતિમ ગ્રૈવેયક નવમી ગ્રૈવેયક. એકત્રીસ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાગરોપમ. ''**તથા જો નિશ્ચયાભાસની પ્રબળતાથી અશુભ પ્રવૃત્તિ થઈ જાય....**'' બીજી વાત લીધી. શુભમાં પ્રવર્તે ને સ્વચ્છંદી થઈને પ્રવર્તે ને ભલો જાણીને તો તો સ્વર્ગાદિ મળે. પણ ''**નિશ્ચયાભાસની પ્રબળતામાં....**'' કુછ હૈ હી નહિ હમારે, રાગ બાગ શુભ ભાવ ક્યા કરના? શુભ ભાવ શું કરવો? શુભ તો પુણ્યબંધનું કારણ છે એમ નિશ્ચયાભ્યાસમાં ચડી જાય અને એની પ્રબળતા થઈ જાય તો દેવ, ગુરુ, શાસ્ત્ર, ભક્તિ, વિનય, વાંચન, સ્વાધ્યાય પણ છોડીને એકલો અશુભમાં પ્રવર્તે છે. ''**નિશ્ચયાભાસની પ્રબળતાથી અશુભરૂપ પ્રવૃત્તિ થઈ જાય તો તેનું કુગતિમાં પણ ગમન થાય....**'' કહો, નિશ્ચય પામે નહિ, સમજ્યો નથી અને વ્યવહાર છોડીને બેસે. કાં વ્યવહાર સાધન ભલું જાણીને કરવા માંડે તો સ્વર્ગમાં જાય, અને નિશ્ચય પામે નહિ અને વ્યવહાર છોડી દે તો મરીને નરકમાં જાય. સમજાણું કાંઈ?

..... થઈ જાય. જોર ઊંધુ એટલું બધું આવી જાય કે શું આમાં દયા પાળવી પરની! સમજાય છે? પડિલેહણ કરવું એ તો દયા પાળવી ઈ શું? ઈ ક્રિયા આત્માની હોય? એય અંદર સ્વચ્છંદનું અશુભ પરિણામ મિથ્યાત્વનું ઘૂંટે. શું આ શાસ્ત્ર બોલવા? શું આ શાસ્ત્ર વાંચવા? શું આ ગાથાઓ બોલાવી? એમાં શું છે? એમ નિશ્ચયાભાસની પ્રબળતામાં શુભ પરિણામ છૂટી જાય અને અશુભ ભાવ અંદર થાય જ. પછી નિશ્ચય તો છે નહિ વ્યવહાર છૂટી જાય. કહો દુર્ગાદાસજી! સમજમેં આયા કે નહીં? ક્યાં ગયા મદનલાલજી? હાં, આંહી નિશ્ચયાભાસની પ્રબળતા થઈ જાય તો શુભને ગણે નહીં. શુભ શું? શુભ શું? એ શુભ શું? નહીં, પેલો કહેતો હતો એક જણ આવ્યો હતો તે આ વાંચીને મોક્ષમાર્ગ પ્રકાશક નિશ્ચય હવે એને પછી આ શું? અશુભ પરિણામ હોય કે ફલાણું હોય એને શું છે? નડે છે જ ક્યાં અંદરમાં? બહુ સારુ કીધું. જાશો હેઠે, ત્યાં આગળ પત્તોય નહિ ખાય. દુર્ગતિ, ધર્મ તો નહિ થાય, ગતિયે સારી નહિ થાય. ''**નિશ્ચયાભાસની પ્રબળતાથી અશુભરૂપ પ્રવૃત્તિ થઈ જાય....**'' સમજાણું?

લ્યો, આ જીવાતઆદિમાં હવે તો આપણે ક્યાં કોઈને મારી શકીએ છીએ, અને ક્યાં આમ કરી શકીએ માટે પછી ગમે તેમ ઉપયોગ રાખીને, ગમે તેમ હાલે, માંકડો મારે,કીડીઓ મરે, મકોડાં મરે, દેડકાં મરે, શું કહેવાય? ઓલા? પૂજામાં ફૂદા ને ઓલા પંચેન્દ્રિય કાનકડિયા, કાનકડિયા આદિ આ દીવા-બીવા સૌ કરે ને ઓલા માથે મરે જીવાત જીવ જંત મરી જાય પંચેન્દ્રિય એની પણ દરકાર ન હોય. ક્યાં આપણે ક્યાં મારી શકીએ છીએ? નિશ્ચયાભાસમાં એમ વર્તતો જ વયો જાય, અને વ્યવહારના શુભ પરિણામના ઠેકાણાં ન રાખે, ''**તો કુગતિમાં પણ ગમન થઈ પરિણમાનુસાર ફળ પામે....**''

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**પરિણામ અનુસાર ફળ પામે**....'' ચાર ગતિના ફળ પામે એમાં કંઇ ધર્મ-બર્મ થાય નહિ. કહો સમજાણું કાંઇ? ''**પરંતુ સંસારનો જ ભોક્તા રહે**....'' સંસાર જ રહે ચાર ગતિના પરિભ્રમણનો જ ભાર એને રહે છે. ''**સાચો મોક્ષમાર્ગ જાણ્યા(પામ્યા) વિના**....'' એ સાચો મોક્ષનો માર્ગ નિશ્ચય શું છે એને સમજ્યા વિના, પ્રગટયા વિના એ ''**સિદ્ધ પદને પામી શક્તો નથી**....'' તેને મોક્ષ કોઇ દી' થતો નથી. ''**એ પ્રમાણે નિશ્ચયવ્યવહારાભાસ**....'' માથે શરૂ કર્યું'તું ને પહેલેથી. ''**બંને નયાવલંબી મિથ્યાદષ્ટિનું નિરૂપણ કર્યું**....'' અમે તો બેય નયને આવલંબીએ છીએ. બેયને ધર્મ કરીએ (છીએ). નિશ્ચયને સાધીએ અને વ્યવહારને પણ સાધીએ, પણ નિશ્ચય વ્યવહારનું શું સ્વરૂપ છે એની ખબર નથી. કહો એ પૂરું થયું. આંહીથી શરૂ કર્યું હતું ને જુઓને ક્યાંથી?

''**એ નિશ્ચય વ્યવહારલંબી મિથ્યાદષ્ટિનું નિરૂપણ**....'' કેટલી વાતો એમાં તો નાંખી ઓહોહો! ચાર, સાડાત્રણ પાનામાં. સમજાણું? એક નિશ્ચયાભાસની કરી પછી વ્યવહારભાસની કરી પછી નિશ્ચય વ્યવહારાભાસ બેયના અવલંબનારની કરી. હવે ચોથી કરે છે. ''**હવે સમ્યક્ સન્મુખ જે મિથ્યાદષ્ટિ છે તેનું નિરૂપણ કરીએ છીએ**....'' સમજાણું કાંઇ? ત્રણ વાત થઇ, કઇ ત્રણ? પહેલા નિશ્ચયાભાસ પછી વ્યવહારાભાસ પછી બેય આભાસ. હવે ચોથું. ''**સમ્યક્ત્વ સન્મુખ જે મિથ્યાદષ્ટિ છે**....'' પણ સમકિત સન્મુખ પુરુષાર્થ કરી રહ્યો છે ''**તેનું નિરૂપણ કરીએ**....'' તે કેવા જીવ હોય? સમકિત સન્મુખ મિથ્યાદષ્ટિ કેવા હોય? એની વ્યાખ્યા અને એનું પ્રરૂપણ કરે છે. (શ્રોતા : ...) નંબર તો પોતે લગાડે તો લાગે કે કોઇ કહે તો લાગે!

## સમ્યક્ત્વ સન્મુખ મિથ્યાદષ્ટિનું નિરૂપણ

ધર્મની પ્રથમ સમ્યગ્દર્શન દશા એના સન્મુખના, પામેલ નથી પણ મિથ્યાદષ્ટિ છે એનું શું સ્વરૂપ છે એનું કથન હવે કરે છે. કેટલી વાતો કરી જુઓને! માણસની આંખો ઊઘડી જાય જરી પણ વાંચે નહીં વિચારે નહીં ને સ્વાધ્યાય નહીં અને એમ ને એમ જરી વાંચે તો શું પણ બે લીટી આમ અને બે લીટી ચાર આમ જાઓ, ધૂળેય સમજાય નહિ એકેય લીટી. સમજાણું કાંઇ? સન્મુખ એવો મિથ્યાદષ્ટિ જીવ કેવો હોય એની વાત શરૂ કરે છે.

''**કોઇ મંદ કષાયનું કારણ પામી**....'' કષાય મંદ તો પહેલો થયો હોય. કષાય મંદ શુભભાવ, કોમળતા, કરૂણા વિનય એવો કષાય મંદ કોમળ નમ્ર...નમ્ર... નરમ...નરમ...નરમ...નરમ વાળ્યું વળે જેમ હેમ. હેમ સમજાય છે? સોનું...સોનું જેમ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાળ્યું આમ વાળ્યું તો વળે આમ વળ્યું વળે, લોઢા હોય એ વળે એવા? એમ. યશોવિજયજી કહે વાળ્યુ વળે જેમ હેમ. એમ જેને સાચો ઉપદેશ મળતાં તો વાળ્યો વળી શકે, સન્મુખ થઈ શકે એવા જીવની પહેલી કષાય મંદતા હોય, કષાય મંદ હોય પહેલો. હજી કષાયના મંદના ઠેકાણાં ન મળે, અને તીવ્ર વેગ હોય અને એ સમ્યક્નો પુરુષાર્થ કરે એમ બની શકે નહીં. સમજાણું કાંઈ? જેની ભૂમિકામાં મંદ... આવે છે ને શ્રીમદ્માં! મંદ કષાય અને સરળતા. કષાય મંદ હોય, સરળ હોય, વિશાળ બુદ્ધિ હોય. સમજાય છે? વિગેરે જિતેન્દ્રિયપણું, આમ ચાર બોલ લીધા છે ને? મંદ કષાય ઘણી કોમળતા, નરમાશ, અંદર નરમાશ આમ કડકાઈ નહીં, સત્તાપ્રિય પ્રકૃત્તિ નહીં.

કષાય મંદ પહેલો હોય એ આદિ, આદિ એટલે જ્ઞાનાવરણીયનો પણ એને લઈને ક્ષયોપશમ થાય એમ કહેશે. ''**મંદ કષાય આદિનું કારણ પામીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષયોપશમ થવાથી**....'' જ્ઞાનાવરણ, અંતરાય, દર્શનાવરણ આદિનો ઉઘાડ થયો હોય. મંદ કષાય થયો અને ઓલો ઉઘાડ થયો હોય, જ્ઞાનાવરણીનો ઉઘાડ થયો હોય એ વિના તત્ત્વવિચાર ક્યાંથી કરશે? સમજાણું? બફમ બફમ થાશે. ''**તત્ત્વવિચાર કરવાની શક્તિ પ્રગટ થઈ**....'' તત્ત્વને અંદર મેળવવાની આત્મા શું? વીતરાગ શું? પર શું? આ શું આજ્ઞા કહે છે? ''**એવા તત્ત્વવિચાર કરવાની શક્તિ પ્રગટ થઈ**....'' ઉઘાડને લઈને અને કષાયની મંદતાને કારણે અને ઉઘાડ થયો જ્ઞાનાવરણીયનો અંદર. કહો, તત્ત્વવિચાર કરવાની શક્તિ પ્રગટ થઈ છે. હજી સમ્યગ્દર્શનને સન્મુખ મિથ્યાદૃષ્ટિ, તત્ત્વનાં વિચારો નવ તત્ત્વો સંવર નિર્જરા બંધ મોક્ષ આદિ પર્યાય કેને કહેવી? ક્યાં, કેમ, કેવી રીતે? કેવળજ્ઞાન શું કહેવાય એનો વિષય શું?

''**એવા તત્ત્વ વિચાર કરવાની શક્તિ પ્રગટ થઈ હોય અને મોહ મંદ થયો હોય**....'' પાછો... સમજાણું? મોહ એટલે દર્શનમોહનો પણ રસ મંદ થયો. ઓલો મંદ કષાયમાં તો નાંખ્યું'તું પહેલું શુભ પરિણામમાં મંદ કષાયમાં નાંખ્યું. મોહ મંદ એટલે દર્શનમોહ પણ રસ મંદ પડયો હોય. લ્યો, સમજાણું કાંઈ? કર્મની પ્રકૃત્તિ છે, એમાં તત્ત્વના વિચાર આદિ આગળ એ દર્શનમોહનો રસ મંદ પડયો હોય, દર્શનની પ્રકૃત્તિ મિથ્યાત્વની એનો રસ મંદ પડયો હોય, (તેથી) ''**તત્ત્વ વિચારમાં ઉદ્યમી થયો**....'' એ તત્ત્વના વિચારમાં સાચા તત્ત્વો શું? નવ તત્ત્વો શું? છ દ્રવ્ય શું? એના દ્રવ્ય ગુણ પર્યાય શું? એના ત્રિકાળીભાવ શું? ક્ષણિક ભાવ શું? એવા બધા તત્ત્વોના વિચારમાં ઉદ્યમી... હજી સમ્યક્ સન્મુખ મિથ્યાદૃષ્ટિની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? ''**એ તત્ત્વ વિચારમાં ઉદ્યમી થયો હોય**....'' સાચાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તત્ત્વનો વિચાર કરવાની શક્તિ થઇ છે, ઉઘાડ છે, મંદ કષાય છે, રસ મિથ્યાત્વનો મંદ પડયો છે અને તત્ત્વવિચારમાં જેનો ઉદ્યમ પ્રયત્ન ચાલે છે. કેવી રીતે કહેશે હોં હજી આગળ.

''**બાહ્ય નિમિત્ત દેવ, ગુરુ, શાસ્ત્ર....**'' બાહ્ય નિમિત્ત મળ્યા હોય સાચા દેવનું, સાચા ગુરુનું, સાચા શાસ્ત્રનું ''**એ નિમિત્ત બાહ્ય થતાં એ વડે સત્ય ઉપદેશનો લાભ થયો હોય....**'' જુઓ આ વાત કરી. પહેલી એની વાત કરી. આટલી બાહ્ય નિમિત્તમાં સાચાં દેવ, ગુરુ, અને શાસ્ત્ર વિગેરેનું એ વડે સત્ય ઉપદેશનો લાભ થયો હોય જુઓ પાછો ઇ. સાચો ઉપદેશ એને સાંભળવામાં આવ્યો હોય, આવું હોવા છતાં એને સાચો ઉપદેશ સાંભળવામાં આવ્યો હોય. ''**સત્ય ઉપદેશ એનો તેને લાભ થયો હોય....**'' આમ ડોળા મારતા હોય આડાઅવળા એમ નહીં. સમજાણું કાંઇ? સંવર-નિર્જરા કોને કહેવી? પુણ્ય-પાપ કોને કહેવા? આત્મા કોને કહેવો? મોક્ષ કોને કહેવો? કેવળજ્ઞાન કોને કહેવું? મતિશ્રુત કોને કહેવાય? એકબીજામાં તત્ત્વનો એક બીજામાં અભાવ. નિમિત્ત-નિમિત્ત સબંધ એ પ્રયોજન ભૂત ચીજો, એનો સાચા તત્ત્વનો ઉપદેશ એને મળ્યો હોય. આગળ કહેશે. એ બધા બોલો આગળ કહેશું સમજાણું કાંઇ? લ્યો આ આગળ કહે છે જુઓ તરત જ છે. ''**બાહ્ય નિમિત્ત દેવ, ગુરુ, શાસ્ત્ર આદિનું થતાં એ વડે સત્ય ઉપદેશનો લાભ થયો હોય....**'' સાચાં ઉપદેશ એને કાને પડયા હોય.

''**ત્યાં પોતાના પ્રયોજનભૂત....**'' હવે આવ્યું જુઓ. હજી તો સમ્યગ્દર્શન સન્મુખ પણ પ્રયોજનભૂતનું એને જ્ઞાન હોય. એ ''**મોક્ષમાર્ગના....**'' લ્યો. ''**મોક્ષમાર્ગના ભાવોના ઉપદેશથી એ સાવધાન થાય....**'' મોક્ષ પોતાના મોક્ષમાર્ગના કહો! ભાવ. સમ્યગ્દર્શનનો ભાવ શું? સમ્યગ્જ્ઞાનનો ભાવ શું? સમ્યગ્ચારિત્રનો ભાવ શું? એવો બધો ઉપદેશ કાને પડયો. સમ્યગ્દર્શનનો ભાવ-પર્યાય, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર એનો એને ઉપદેશ મળ્યો હોય, દેવ-ગુરુ-ધર્માદિના ભાવ મળ્યા હોય. સાચા સર્વજ્ઞ પરમાત્મા એનું શું સ્વરૂપ? ગુરુનું શું સ્વરૂપ? અહીં આત્માના ધર્મનું શું સ્વરૂપ વિગેરે એનો એને ઉપદેશ મળ્યો, અને એનું એને જાણપણું થયું હોય એમાં સાવધાન થાય. ''**ઉપદેશ મળ્યો એમાં સાવધાન થાય. દેવ-ગુરુ-ધર્માદિના....**'' અરે! નવ તત્ત્વોનું લ્યો! ''**જીવાદિ તત્ત્વોના....**'' એ નવ તો હવે આવે છે. ''**દેવ-ગુરુ-ધર્માદિકનો અને હવે જીવાદિ તત્ત્વોનો....**'' જીવાદિ તત્ત્વોનો એને ભાવ મળ્યો હોય. જીવનો ભાવ શું? પુણ્યનો ભાવ શું? પાપનો ભાવ શું? સંવર - નિર્જરાનો ભાવ શું? મોક્ષનો ભાવ શું? બંધનો ભાવ શું? ને અજીવનો ભાવ શું? એવા ઉપદેશ એને મળ્યા હોય. ત્રણ બોલ થયા.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**સ્વ-પરનો....**'' ચોથો બોલ. સ્વપરના ભાવનું ભાન એને ઉપદેશ મળ્યો હોય, ઉપદેશ મળ્યો હોય હજી તો. સ્વનો ભાવ શું? પરનો ભાવ શું? પાંચમું, ''**વા પોતાને અહિતકારી, હિતકારી ભાવો....**'' એ પાંચમો બોલ. સમજાણું કાંઇ? આમાં સંવર ને નિર્જરા ને આસ્ત્રવ અને બંધ બધું આવી ગયું. તત્ત્વોનો એને સાચો ઉપદેશ કાને મળ્યો હોય, સાંભળ્યો હોય. મળ્યો નથી અને સાંભળ્યો નથી, અને વિચારમાં લીધો નથી, એની તો વાત છે નહીં. એ તો કાંઇ બીજે રસ્તે ચડી ગયો છે. સમજાણું કાંઇ? જુઓ આટલા બોલ લીધા. પ્રયોજનભૂત મોક્ષમાર્ગ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, દેવ, ગુરુ, ધર્મ એ પ્રયોજનભૂત છે. જીવાદિ તત્ત્વો સાત એ પ્રયોજનભૂત છે, સ્વપરનો ભેદ એ પ્રયોજનભૂત છે. અહિતકારી હિતકારી ભાવ. સંવર-નિર્જરા હિતકારી, આસ્ત્રવ બંધ અહિતકારી, મોક્ષ હિતકારી પરમ હિત. ''**એવા ભાવોના ઇત્યાદિના ઉપદેશથી....**'' ઉપદેશ મળ્યો હોય, ''**સાવધાન થઇ....**'' એમાં સાવધાન થયો. ''**એવો વિચાર કર્યો. સાવધાન થઇ, એવો વિચાર કર્યો (કે)!....**''

''**અહો! મને તો આ વાતની ખબર જ નથી....**'' મોક્ષમાર્ગના પર્યાયનો ભાવ શું? દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ શું? સાત તત્ત્વોના ભાવો શું? સ્વપરના ભાવ શું? જીવાદિ નવ તત્ત્વોના ભાવ શું સમજાણું? અને હિતકારી, અહિતકારી કોને ભાવ કહેવા? ''**મને તો આ વાતની ખબર જ નથી. હું તો ભ્રમથી ભૂલી પર્યાયમાં જ તન્મય થયો....**'' એ ભ્રમણાથી શરીર...શરીર...શરીર...શરીર...શરીર અને શરીરના સાધન એમાં જ મૂંઢતાપણે અનાદિ કાળ મેં ગાળ્યો પણ મેં મારા કાર્યને સિદ્ધ કરવા કાંઇ પ્રયત્ન કર્યો નહીં એમ વિચાર કરે છે. સમજાણું? હજી સમ્યગ્દર્શન સન્મુખ મિથ્યાદૃષ્ટિ... ''**અરે! મને તો આ વાતની ખબર જ નથી....**'' અરે! હું તે કોણ? દેવ-ગુરુ-શાસ્ત્ર શું?

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૨૫
## અધિકાર ૯મો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૦૭.૧૨.૬૨ શુક્રવાર

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

## પુરુષાર્થથી જ મોક્ષપ્રાપ્તિ

નવમો અધિકાર છે. એમાં મોક્ષનો ઉપાય પુરુષાર્થની મુખ્યતાથી મોક્ષનો ઉપાય થાય છે ... સમજાય છે કાંઈ ? ... ''**માટે જે પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે, તેને તો સર્વ કારણો મળે છે....**'' આત્માનો મોક્ષ થવાનો જિનેશ્વર દેવે જે ઉપદેશ કહ્યો કે આત્માના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા કર એ જિનેશ્વરનો ઉપદેશ. આત્મ પદાર્થ વસ્તુ એક સમયમાં શુદ્ધ છે. તારી રૂચિ જે વિકારને નિમિત્તની છે એને છોડ એમ ન કહેતાં આત્માના સ્વભાવની શુદ્ધ જ્ઞાનાનંદ મૂર્તિ એની રૂચી, જ્ઞાન અને રમણતા એ નિશ્ચય રત્નત્રયનો ઉપદેશ જિનેશ્વરની વાણીમાં આવ્યો. એવો જે ઉપદેશ સાંભળીને પોતાનો પુરુષાર્થ

જે કરે છે, ''**પુરુષાર્થ પૂર્વક મોક્ષનો ઉપાય કરે છે તેને તો સર્વ કારણો મળે....**'' એક કારણ બાકી ન રહે. પહેલી લીટીમાં આવ્યું'તું ''**એક કાર્ય થાય ત્યાં અનેક કારણો મળે છે....**'' અનેક કારણો હોય છે પહેલી લીટી હતી. એક કાર્યમાં અનેક કારણો હોય છે, મળે છે, હોય છે એમ. એક કારણ મળે અને બીજું કારણ ન હોય એમ બની શકે નહીં. હેં! (શ્રોતા : ન્યાયના શાસ્ત્રની વાત) વ્યવહારના શાસ્ત્રની વાત કરી, પરમાર્થ શાસ્ત્રની વાત કરી. કહો સમજાણું કાંઇ?

રૂચિ છે એને રાગની અને નિમિત્તની અને સંયોગની. એ તું કર્તા થઇને રૂચિ કર ભગવાનનો ઉપદેશ છે કે તું કર્તા થઇને રૂચિ પરની છોડીને સ્વની કર. તારું કાર્ય છે ને, આત્માનું એ કાર્ય છે કે કોઇનું કર્મનું કે કોઇનું કાર્ય છે? આત્મા આનંદ નિત્યાનંદ છે એની રૂચિ છૂટીને, અનાદિ કાળથી પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, સંયોગમાં રૂચિ, વિશ્વાસ, ભરોસો એ હું છું એમાં જે માનીને પડયો છો તે તું કર્તા થઇને પડયો છો. કોઇએ કાર્ય બીજાએ કરાવ્યું નથી. તું કર્તા થઇને એ કાર્ય કર, તો હવે વીતરાગનો ઉપદેશ તો એમ છે કે આત્મા અંતરમૂર્તિ આનંદ શુદ્ધ સ્વરૂપ પવિત્ર છે એની રૂચિ કર. એ કર્તાનું કાર્ય એ છે. કર્મને ઘટાડવા કે નવીન પ્રાપ્ત કરવા એ કાંઇ આત્માનું કાર્ય નથી.

કાળ લબ્ધિ અને ભવિતવ્ય તો તે સમયે થવાના પણ અંતર તારું કાર્ય શું? શેઠી! (શ્રોતા : ...) કાર્ય નથી. જડ એને કાળે થાય છે. એનો અર્થ કરવું એક જ વાત છે આંહી તો. વીતરાગના ઉપદેશમાં જિનેશ્વર દેવ ત્રિલોકનાથ... અમે સર્વજ્ઞ થયા એ સર્વજ્ઞનું લક્ષ કરી અને સ્વભાવનું ભાન કરી અને એમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી સ્વરૂપમાં ઠરી રાગ દ્વેષ ટાળી કેવળજ્ઞાનને પામ્યા. એવો જે ઉપદેશ એનો અનાદિથી તીર્થંકરો જૈન પરમેશ્વરો આપી રહ્યા છે. (શ્રીજિનેશ્વરના) ''**એ ઉપદેશને અનુસાર....**'' ઉપદેશને અનુસાર. આ ઉપદેશમાં એ કરવાનું કહ્યું કે જેમ તેં સ્વભાવની રૂચિ અનાદિથી છોડી છે, સ્વભાવની રૂચિ કર.

ચૈતન્યમય આત્મા આનંદનું ધામ છે. આત્મામાં આનંદ છે બહારમાં આનંદ (નથી). શરીર વાણીમાં નથી અને પુણ્ય-પાપના ભાવમાંય આનંદ નથી. રાગમાં આનંદ નથી સંયોગમાં આનંદ (નથી) માટે તારું સાધન સ્વભાવમાં આનંદ છે એ સાધન પ્રગટ કર. કહો સમજાય છે કાંઇ? આત્મા અંદર સચ્ચિદાનંદ મૂર્તિ સત્...સત્...સત્ જ્ઞાનનો આનંદ, જ્ઞાનનો આનંદ એવો જેનો અંતર સ્વભાવ જે ભગવાને પ્રગટ કર્યો તે ભગવાનની વાણીમાં એ જ ઉપદેશ આવ્યો. એના અનુસાર ''**પુરુષાર્થ પૂર્વક....**'' મોક્ષનું સાધન, ''**ઉપાય એટલે**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સાધન જે કરે છે એને તો સર્વ કારણો મળે છે....''** બધા કારણો હોય. કાળ પાકી જાય બધું જાય અને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે એવો નિશ્ચય કરવો. એવો નિર્ણય કરવો. એમ નહિ કે મારા પુરુષાર્થ વિના એની મેળે થયું છે એવો નિર્ણય ન કરવો. સમજાય છે કાંઇ ? બહુ અધિકાર ઊંચો છે નવમો તો.

કોઇ એમ કહે કે જે કોઇ આત્માનો પરમાનંદ સ્વભાવ એની રૂચિ, જ્ઞાન અને રમણતા કરે એને બધા કારણો મળે. કાળ લબ્ધિ, ભવિતવ્ય, કર્મનો ઉપશમ આદિ ક્ષય ત્યાં હોય એને કારણે. એક હોય અને આટલા બીજા કારણો ન હોય એમ બની શકે નહીં. (શ્રોતા : સમ્યક્ત્વમાં જ બધા કારણ મળે કે મિથ્યાત્વમાંય ?) મિથ્યાત્વમાંય ઊંધા કારણ મળે બધા. (શ્રોતા : દરેક સમયે ?) હા દરેક સમયે, આંહી તો કરવાની વાત લેવી છે ને ? ''**જે જીવ પુરુષાર્થ પૂર્વક મોક્ષનો ઉપાય કરતો નથી....''** દેખો, પોતાના આત્મસ્વભાવની રૂચિ, દૃષ્ટિ કર્તા થઇ કાર્ય કરતો નથી. પોતાનો આનંદ સ્વભાવ તે કર્તા થઇ પોતાના આનંદની રૂચિ, જ્ઞાન કરતો નથી આ ''**તેને તો કાળલબ્ધિ અને ભવિતવ્ય પણ નથી....''** (શ્રોતા : ઉપાય ?) એ ઉપાય એ પુરુષાર્થ. (શ્રોતા : ભવિતવ્ય, કાળલબ્ધિ ક્યૂં કહા ?) પુરુષાર્થ તેરા ક્યા ? પહેલે આયા થા ને કે કર્મ મંદ પડયા, અને કારણ મિલા, ને પુરુષાર્થ હુઆ ઐસા નહીં. ઉદ્યમ હુઆ ઐસા નહીં. વીર્યકી સ્ફુરણાસે ઉદ્યમ કિયા. અપના સ્વભાવમેં વીર્યકી સ્ફૂરણાસે ઉદ્યમ કિયા, કર્તાબુદ્ધિસે ઉદ્યમ કિયા. રાગમેં કર્તાબુદ્ધિ છોડકર સ્વભાવમેં કર્તાબુદ્ધિ હોકર ઉદ્યમ કિયા. સમજાણું કાંઇ ?

બહુ માર્ગ સ્પષ્ટ આ હુકમીચંદજી ! આ સબ મિલતે હૈ તો ઉસમેં પુરુષાર્થ નહીં. પુરુષાર્થ અપના બાહરમેં ક્યૂં કરતા હૈ. રાગ ઈત્યાદિ ''**તેને તો કાળ લબ્ધિ અને ભવિતવ્ય પણ નથી....''** દેખો, પુરુષાર્થ સ્વભાવ ઉપર જેની ગતિ, રૂચિ નથી આ એને પુરુષાર્થ નથી માટે તેને કાળલબ્ધિ અને ભવિતવ્ય પણ નથી. તેને કાળ પાક્યો નથી. ભવિતવ્ય અને કાળલબ્ધિ નથી, તેનું કારણ પુરુષાર્થ નથી કરતો માટે. ''**એને કર્મના ઉપશમાદિ થયા નથી....''** એને કર્મનો ઉપશમ અને ક્ષયોપશમ થયો નથી ''**તેથી તે ઉપાય પણ કરતો નથી. માટે જે પુરુષાર્થ પૂર્વક મોક્ષનો ઉપાય કરતો નથી....''** એ પુરુષાર્થ પૂર્વક મોક્ષનું કારણ સેવતો નથી. સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્ર મોક્ષનો ઉપાય. સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ પુરુષાર્થપૂર્વક મોક્ષના સાધનને કરતો નથી. મોક્ષના ઉપાયને પુરુષાર્થ પૂર્વક સેવતો નથી. ''**તેને તો કોઇ પણ કારણ મળતા નથી....''** એને એકેય કારણ હોતા નથી ''**તેથી તેને મોક્ષની પ્રાપ્તિ થતી નથી....''** કહો સમજાણું કાંઇ ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાળલબ્ધિ અને ભવિતવ્ય એ કાંઇ તારે કરવાના નથી. કર્મનો નાશ અને ઉપશમ એ તારે કરવાના નથી. તારું કાર્ય તો સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરવાનું કાર્ય છે. તે કાર્ય સ્વયં ત્રિલોકનાથે ઉપદેશમાં બતાવ્યું છે. અને તે કારણ બતાવ્યું અને તું બીજું કર અને કહે કે કાર્ય અમારે તો થતું નથી તો તું ઉપદેશને સમજતો નથી. વીતરાગના ઉપદેશને જ સમજતો નથી. ત્રિલોકનાથ પરમાત્મા એમની વાણીમાં સંયોગ અને નિમિત્ત એની રૂચિ કરી રહ્યો છે અનાદિકાળથી સ્વભાવની રૂચિ કર, વીતરાગભાવની રૂચિ કર, અકષાય સ્વભાવ આનંદરસ એની દ્રષ્ટિ કર. એનો પુરુષાર્થ કર, એનું જ્ઞાન કર, અને એમાં રમ. આ વ્યવહારના ઉપદેશનું તાત્પર્ય બતાવ્યું છે. મોક્ષનો ઉપાય કર એ ઉપદેશનું તાત્પર્ય છે. એમ વિચારી મોક્ષને હિતરૂપ જાણી એક મોક્ષનો ઉપાય કરે એ સર્વજ્ઞના ઉપદેશનું તાત્પર્ય છે. એ ક્રમબદ્ધમાં પણ એ છે. ક્રમબદ્ધમાં ભગવાનનો ઉપદેશ જ્ઞાતા આત્મા એ રાગ અને પરનો કર્તા જ્ઞાનનો હોઈ શકે નહીં.

ભગવાન પ્રજ્ઞાચક્ષુ આત્મા જ્ઞાન સ્વરૂપ એ રાગ અને પરનો કર્તા કેમ હોઈ શકે? સ્વભાવ એટલે કે પરનો કર્તા જે માને છે એને ... કે જ્ઞાતા રાગનો પરનો કર્તા નથી, એમ પુરુષાર્થ પૂર્વક નિર્ણય કર. કો દેવાનુપ્રિયા! છે કે નહીં? (શ્રોતા : ...) એ નિર્ણય કરવામાં અનંતો પુરુષાર્થ કરે છે કીધું ને આ, આગળ આવશે આગળ. (શ્રોતા : એવો નિશ્ચય કરવો) નિશ્ચય કરવો એટલે શું કહ્યું, નિર્ણયને બાદ કરવો શું કીધું એ. એવો નિશ્ચય કરવો. જુઓ હજી પણ આવશે એમાં કે ''**જે પુરુષાર્થ પૂર્વક મોક્ષનો ઉપાય કરતો નથી તેને તો કોઈપણ કારણ મળતા નથી....**'' કારણ મળતા નથી, સાધન થતું નથી. ''**તેથી મોક્ષની પ્રાપ્તિ પણ થતી નથી....**'' એવો જ ''**એવો નિશ્ચય કરવો....**'' એમાં તો આ આવ્યું કે એનો જ નિશ્ચય કરવો. આવ્યું છે કે નહીં? પહેલાં વાક્યમાં આવ્યું સાંભળ્યું શું?

''**જે પુરુષાર્થ પૂર્વક મોક્ષનો ઉપાય કરે તેને તો સર્વ કારણો મળે છે અને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે એવો નિર્ણય કરવો, એવો નિશ્ચય કરવો, અને જે પુરુષાર્થ સ્વભાવની રૂચિ કરતો નથી એને કોઈ કારણ મળતા નથી એમ નિશ્ચય કરવો....**'' કહો દેવાનુપ્રિયા! છે કે નહીં? આમાં કાંઇ હાલે(ચાલે) એવું નથી બચાવ. ઊંધુ ઘાલીને ગપ્પા મારે માળા સમજે નહિ ને શું ગપ્પા મારે તો હાલે(ચાલે) જ નહીં. ગપ્પામાં શું હાલે ઊંધુ જ હાલે બધું. વસ્તુ કહે છે કે તને રૂચે છે કે નહીં? શું રૂચે છે એ તારા આધીન છે કે કો'કને આધીન છે? કહો. વિકાર રૂચે, સંયોગ ગોઠયા એ પણ પરને આધીન થઈને રૂચ્યા છે ગુંથણી કરીને, એમ અત્યારે વીતરાગના ઉપદેશમાં એ રીતનું બતાવે? એ તો કરી રહ્યો છે અનાદિથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્રિલોકનાથના ઉપદેશમાં એ આવ્યું ભાઈ! અરે! તું કોણ છો પણ? તું સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ તું છો અમારી જાતનો તું છો. અમારી જાતનો અમારી નાતનો તું છો. અમારી હોડમાં નાતમાં બેસે એ તું છો. આહાહા! હુકમચંદજી! સિદ્ધની શ્રેણીમાં બેસે એ તું છો. આ સંસારની શ્રેણીમાં બેસે એ તું નથી એમ ભગવાને કહ્યું. શેઠ! બરાબર હૈ?

ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા, પરમેશ્વર એની વાણી જિનવાણી આવી, બોલી. અરે! આત્મા અમે જે સિદ્ધની શ્રેણીમાં આવ્યા એની જાતની નાત તારી છે. તું સિદ્ધની શ્રેણીમાં આવ એવી તારી જાત છે. સંસારની નાતમાં રહે એ પ્રભુ તારી જાત નાત નહીં. શેઠી! સર્વ શાસ્ત્રોનો ઉપદેશ વીતરાગ કહ્યું કે નહીં? તો વીતરાગનો અર્થ શું થયો? સર્વ શાસ્ત્રનું તાત્પર્ય આંહી કીધું ને, તાત્પર્ય શું કીધું? કે હિતરૂપ જાણતો નથી. હિતરૂપ જાણી મોક્ષનો ઉપાય કરવો. સમજાણું? હિતરૂપ જાણતો નથી ... એ બીજી વાત કરી પાછી. ઓલી કોર...ઓલી કોર...ઓલી કોર આવ્યું. આ પાનું પાછળ. આની કોરનું હાલે છે ને. ''**તેને પણ વિચારી મોક્ષને હિતરૂપ જાણી, એક મોક્ષનો ઉપાય કરવો એ જ સર્વ ઉપદેશનું તાત્પર્ય છે....**'' (પાનું ૩૨૦ પહેલા પેરેગ્રાફની છેલ્લી લીટી).

ઉપાય કરવો એટલે વીતરાગભાવ પ્રગટ કરવો એ એક જ ઉપાય છે એ સર્વ ઉપદેશનું તાત્પર્ય છે. ''**પંચાસ્તિકાયમાં કહ્યું સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા છે....**'' અહીં આ રીતે કહ્યું, ઉપાય કહો કે વીતરાગતા કહો. ''**મોક્ષને હિતરૂપ જાણી, એક મોક્ષનો ઉપાય નામ વીતરાગભાવ પ્રગટ કરવો....**'' કર્તા થઈને ''**એ સર્વ ઉપદેશનું તાત્પર્ય છે....**'' કહો સમજાણું કાંઈ? નિશ્ચય એમ કરવો કે જેને આ આત્મા સ્વભાવ શુદ્ધ ચૈતન્ય રૂચ્યો અને પુરુષાર્થ કર્યો એને બધા કારણો એ સમયે હોય જ છે. અને જેણે સ્વભાવનો પુરુષાર્થ ચૈતન્યમૂર્તિનો ન કર્યો, આ એને એકેય કારણો છે નહિ, મળ્યા નથી છે નહિ એમ નિર્ણય કરવો. કહો સમજાણું કાંઈ? ''**વળી તું કહે છે....**'' હવે, એમાં ઉપદેશની વાત આવી, ઓલી કાળલબ્ધિ, ભવિતવ્ય ને કર્મના ઉપશમની આદિની વાત તારા પુરુષાર્થને આધીન નથી આ પુરુષાર્થ કર તો બાકી બધું હોય છે. હવે તેં **પ્રશ્ન** કર્યો'તો કે ''**ઉપદેશ તો બધાય સાંભળે છે છતાં કોઈ મોક્ષનો ઉપાય કરી શકે છે અને કોઈ ન કરી શકે એનું શું કારણ?....**'' એમ તેં પ્રશ્નમાં મૂક્યુ હતું.

''**ઉત્તર : તેનું કારણ આ છે....**'' સાંભળ. ''**જે ઉપદેશ સાંભળીને....**'' સર્વજ્ઞનો સંતોનો મુનિઓનો ઉપદેશ સાંભળીને ''**પુરુષાર્થ કરે છે....**'' પુરુષાર્થ કરે છે, શુદ્ધ આત્મા ચિદાનંદની રૂચિ, જ્ઞાન ને રમણતાનો પુરુષાર્થ કરે છે ''**તે તો મોક્ષનો ઉપાય કરી શકે છે....**'' લ્યો,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પુરુષાર્થ કરે છે દેખો, દૃષ્ટિને ફેરવે છે. રાગ અને સંયોગ ઉપર દૃષ્ટિ છે એ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરાવવાનો જ ઉપદેશ છે એ ઉપદેશ સાંભળીને પુરુષાર્થ કરે તો... તો ઉપદેશમાં એ આવ્યું હતું કે સ્વભાવની રૂચિ કર. આનંદ આત્મા છે એની દૃષ્ટિ કર, વીતરાગી દૃષ્ટિ પ્રગટ કર. વીતરાગી જ્ઞાન પ્રગટ કર ને વીતરાગી લીનતા પ્રગટ કર. એ આ ''**સાંભળીને પુરુષાર્થ કરે છે તે તો મોક્ષનો ઉપાય**....'', સાધન, માર્ગ ''**કરી શકે છે**....'' એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને મોક્ષનો માર્ગ કરી શકે છે. ''**પણ જે પુરુષાર્થ નથી કરતો**....'' શેનો? કરે છે તો ખરો પણ બીજો કરે છે આ કરતો નથી એમ. (શ્રોતા : ઉપદેશ સાંભળીને પાછો આમ ...) આ પુરુષાર્થ કરતો નથી, ઉપદેશ સાંભળીને આ કરતો નથી એમ.

''**પણ જે પુરુષાર્થ નથી કરતો**....'' એટલે કે મોક્ષના ઉપાયનો અંદરમાં પુરુષાર્થ કરતો નથી ''**તે મોક્ષનો ઉપાય કરી શક્તો નથી**....'' તે મોક્ષના મારગનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો એ પ્રયત્ન અને સાધન કરી શક્તો નથી. કેમ? ''**ઉપદેશ તો શિક્ષા માત્ર છે**....'' નિમિત્ત માત્ર છે. કે એમ કર અરે આત્મા! અનંતકાળથી ભ્રમણામાં તું પડયો એ ભ્રમને ભાંગ અને સ્વભાવની ભગવાન મહિમા ભગવતી ચૈતન્ય પ્રભુ એની ભગવતી જ્ઞાન ચેતના પ્રગટ કર. સમજાય છે કાંઇ? એમ શિક્ષા આ તો ઉપદેશમાં, એ તો નિમિત્ત માત્ર શિક્ષા છે. ''**પણ ફળ તો...પણ ફળ તો જેવો પુરુષાર્થ કરે તેવું આવે**....'' દેખો! ઉપદેશ શું કરે અને નિમિત્ત શું કરે એ પણ આવી ગ્યું એમાં. હેં? ''**ઉપદેશ તો શિક્ષા માત્ર છે**....'' શીખવું કે ન શીખવું એ તો એને આધારે છે. ''**ફળ તો જેવો પુરુષાર્થ કરે**....'' જેઓ સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ જે પ્રમાણે જેટલો જેમ કરે, **તેવું** તેને ફળ **આવે** બીજો શું કરે? ઉપદેશકે શું કરે? અને શિક્ષા?

ભગવાનની વાણી તો અનંતવાર સાંભળી. જિનેશ્વરની વાણી સમોશરણમાં અનંતવાર ધોધમાર ઉપદેશ સાંભળ્યો. પણ ઉપદેશને અનુસાર જે કહેવા માંગે છે તે પુરુષાર્થ કર્યો નહિ તો એ ઉપદેશ તો શિક્ષામાત્ર થયો, ''**ફળ તો જેવો પુરુષાર્થ કરે તેવું લાગે**....'' ત્યારે **પ્રશ્ન** ઉઠાવ્યો કે આ પુરુષાર્થ-પુરુષાર્થ કરો છો તો ''**દ્રવ્યલિંગી મુનિ**....'' એ જૈન સાધુ થયો અગિયાર અંગ થોડું આવે છે એવું, દ્રવ્યલિંગી મુનિ ઓલાનો પ્રશ્ન ઉઠાવ્યો આંહીથી. ફળ તો જેવો પુરુષાર્થ કરે તેવું આવે એની સામે પ્રશ્ન ઉઠાવ્યો છે. પુરુષાર્થ...પુરુષાર્થ...પુરુષાર્થ કરો છો પ્રભુ પણ અમે એમ તમને કહીએ છીએ એક અમારી દલીલ સાંભળો કે ''**દ્રવ્યલિંગી મુનિ**....'' જૈનનો સાધુ દિગંબર મોક્ષના અર્થે એ દાખલો જુઓ. ''**મોક્ષના અર્થે**....'' પુણ્યના અર્થે નહીં, વ્યવહારથી નહીં, ગતિ સારી અર્થે નહીં. સમજાણું કાંઇ? ''**મોક્ષને અર્થે**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગૃહસ્થપણું છોડી**....'' હજારો રાણીઓનો ત્યાગ કરી, હજારો કુટુંબ કબીલા, લાખો કરોડોની પેદાશનો ત્યાગ કરી દિગંબર મુનિ ગૃહસ્થપણું છોડી એ તો નાસ્તિથી વાત કરી, કર્યું શું ત્યારે એણે ?

એ ''**તપશ્ચરણાદિ કરે છે**....'' મહામુનિપણું પાળે છે, પંચમહાવ્રત પાળે છે, અઠયાવીસ મૂળગુણ પાળે છે, મહિના-મહિનાના, બબ્બે મહિનાના અપવાસ કરે છે, બાર બાર મહિનાના અપવાસને પારણે એક સાધારણ લૂખો આહાર લે છે એવી ક્રિયાઓ અનંતવાર, શિષ્યનો પ્રશ્ન છે. હેં ? પુરુષાર્થ કરે છે અવળો. ખરેખર પુરુષાર્થ કરે તો ફળ આવે, તો કહે આટલો પુરુષાર્થ કરે છે, શિષ્ય પૂછે છે. જૈન દિગંબર મુનિ થઇ અને ગૃહસ્થપણું છોડી મોક્ષના અર્થે હોં. જુઓ કહે એમ કે મારે મોક્ષ જોઇએ છે, મારે કાંઇ જોઇતું નથી પણ ભાન ન મળે શ્રદ્ધાનું શું કરે એમ કહે છે.

''**મોક્ષને અર્થે ગૃહસ્થાશ્રમ છોડે છે**....'' કોઇ માન મળશે કોઇ સાધુ થઇશ તો આબરુ મળશે મોટા કહેવાશું ને પદવી મળશે આચાર્યની ઉપાધ્યાયની એમ નહીં. ''**મોક્ષને અર્થે**....'' એટલે ? એનો માનેલો મોક્ષ એટલે મોક્ષ ઓળખે છે ક્યાં ? ''**ગૃહસ્થપણું**....'' નામ ગૃહસ્થાશ્રમ ''**છોડી તપશ્ચરણ આદિ**....'' દેખો. પંચમહાવ્રત, મુનિપણાની ક્રિયા, ઇરિયા, સમિતિ, ગુપ્તિ, પાંચ સમિતિ જેટલો વ્યવહાર વીતરાગની આજ્ઞાનો વ્યવહાર તપસ્યાનો આદિ મુનિનો છે એ બધી તપશ્ચરણાદિ કરે છે. ''**ત્યાં તેણે પુરુષાર્થ તો કર્યો**....'' પુરુષાર્થ કર્યો છે ને ? આ કહે છે ''**છતાં કાર્ય સિદ્ધ ન થયું**....'' તમે તો કહો છો કે પુરુષાર્થ થાય તો કાર્યસિદ્ધ થાય. આવડો પુરુષાર્થ કરે તો પણ કાર્યસિદ્ધ તો કાંઇ થયું નહીં. શિષ્યનો પ્રશ્ન છે ''**માટે પુરુષાર્થ કરવાથી તો કાંઇ સિદ્ધિ નથી ?**....'' અમને તો લાગે છે કે કાંઇ પુરુષાર્થ કરવાથી સિદ્ધિ નથી. એ તો કાળલબ્ધિ અને ભવિતવ્ય અને કર્મ બર્મ મંદ પડી જાય ત્યારે થાય એવું લાગે છે. આમાં કાંઇ પુરુષાર્થથી લાગતું નથી. (શ્રોતા : મારગ આકરો લાગે છે) ધૂળમાંય માર્ગ આકરો નથી. તું માન આમ એટલે માર્ગ આકરો ? આ પડયો છે એનામાં.

અહીં કહે છે **પ્રશ્ન** કર્યો શિષ્યે હોં ! એના મુખમાં મૂકીને પોતે ને પોતે ઉઠાવ્યો પ્રશ્ન. ''**પુરુષાર્થ કરવાથી તો કાંઇ સિદ્ધિ નથી**....'' આટલું આટલું કરે બિચારા. કેટલો પુરુષાર્થ કરે ખખડધજ હેં ? શેનો પુરુષાર્થ એનો માનેલો. આહા ! આખા શરીર જીર્ણ થઇ જાય, પેટ વળી જાય, પાંસળા વળી જાય, હાડકાં જીર્ણ થઇ જાય. છ-છ મહિનાના અપવાસ, ભિક્ષા જાય તો તદન નિર્દોષ એના માટે નહિ બનાવેલો ચોકા-બોકા કરીને નહિ બનાવેલો. દાંત કાઢે છે. આ બધા તમે ગોટા વાળ્યા છે અત્યાર સુધી આ, ચોકા બનાવે ને આ બનાવે ને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પછી જય મહારાજ આજ આહારદાન દીધા. આ પાપ દાન દીધા. સમજાણું કાંઇ ? કેસરીચંદજી, કહે છે બધું કર્યું છે ને પહેલું ગોટા ઘણાંય ભાઇ ! આહાર ચોકા કરીને ન જોઇએ શેઠ ! એ ય પાછો કહે સૂઝતો છે. એણે માટે કર્યો ખબર પડી જાય કે એને ઘરે આ બશેર મોસંબીનું પાણી શી રીતે આમ ? એ તો બે જણા છે કીધું મોસંબી અત્યારે ? તમારે માટે કર્યું છે. પ્રાણ જાય તો પણ ન લે. હેં ? ... ભાન સહિત કર્યું છે એણે. સમજાય છે ?

પુરુષાર્થથી કર્યું છે અને ઓલાએ પણ દીધું એણે કરીને આપ્યું અને ખબર છે કે આ મારા માટે કર્યું છે ખબર છે. નથી ખબર એને ? આ ઉદ્દેશીક છે. ઉદ્દેશીક જ્યાં હોય ત્યાં ચાર છ સાધુ આવે ત્યાં ક્યાં એની વૈયાવૃત્તિ ? સવારથી ઉઠીને આઠ વાગે થી ઉઠે. કૂવાનું પાણી આમ ગળવું ને આમ કરવું ને આ બધું એને માટે છે. કેસરીચંદજી ! મોસંબી લાવો ને આટલા આમ લાવો ને આ કેળા લાવો ને આ ઢીકણું લાવોને સમજ્યાને ? સારા ઉનાળાના દિવસો છે ઠંડી ચીજ જરી થોડી બનાવો. શાક - બાક - વડીઓ અને પાપડ હોય ને એ માગે. બધું કરીને આપે. કાંઇ એનેય ખબર છે નહીં. એની તો વાત જ નથી આંહી. આંહી તો એવા મુનિ દિગંબર પ્રાણ જાય તો પણ એના માટે કરેલો આહાર ન લે. બનાવેલું ન લે, ચોકાના ન લે. પ્રભુ ! આટલો તો પુરુષાર્થ એણે કર્યો તો કાર્યસિદ્ધ તો થયું (નથી). શું બાકી રહ્યું છે ? શેઠી ! સાંભળ...સાંભળ ! શિષ્યને કહે છે કે સાંભળ અમે શું કહેવા માગીએ છીએ.

''**ઉત્તર : અન્યથા પુરુષાર્થ કરી ફળ ઇચ્છે**....'' કહે છે ઊંધો પુરુષાર્થ કર્યો. લ્યો, ગૃહસ્થપણું છોડી, અઠયાવીસ મૂળગુણ પાળે, પંચમહાવ્રત પાળે, પ્રાણ જાય પણ સદોષ આહાર લે નહિ આવી તપસ્યા, બાર બાર મહિનાના ઉપવાસ કહો ! ''**એ અન્યથા પુરુષાર્થ કરી ફળ ઇચ્છે**....'' એનો ખુલાસો કરશે હોં અન્યથા કેમ ? ''**પણ તેથી કેવી રીતે ફળસિદ્ધિ થાય ?**....'' અન્યથા કેમ કરે છે આગળ એનો ખુલાસો કર્યો છે એ તો આમાં સિદ્ધાંત કહ્યો છે. ''**અન્યથા પુરુષાર્થ કરી ફળ ઇચ્છે પણ તેથી કેવી રીતે ફળસિદ્ધિ થાય ? તપશ્ચરણાદિ વ્યવહાર સાધનમાં અનુરાગી થઇ પ્રવર્તવાનું ફળ તો શાસ્ત્રમાં શુભબંધ કહ્યું છે**....'' લ્યો ! એ તપસ્યા કરવી એટલે મુનિપણું, અઠયાવીસ મૂળગુણ પાળવા, પંચમહાવ્રત પાળવા, મહિના મહિનાના અપવાસ કરવા એવું વ્યવહારસાધન શુભરાગ એમાં અનુરાગી થઇ એ રાગના રાગી થઇને કામ કર્યું એણે. એ રાગ મારું કર્તવ્ય છે, એ મારું સાધન છે, મોક્ષમાં પહોંચાડશે.

''**તપશ્ચરણાદિ વ્યવહાર સાધનમાં અનુરાગી થઇ**....'' જે વ્યવહાર છે એ તો રાગ છે. એ તો રાગનો રાગ કરી, રાગની પ્રીતિ કરી, રાગના આશ્રયે ધર્મ માનીને એ દેવાનુપ્રિયા ! પંચમહાવ્રત ને અઠયાવીસ મૂળગુણ તે ખખડધજ આમ ઊભાઊભા આહાર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય તો ઠીક નહિતર લે નહિ. શરીરને બહુ તૃષા લાગી તો પાણી આદિ લે એવી ક્રિયા પણ કહે છે એ વ્યવહાર સાધન તો રાગ છે. એ પુણ્યબંધ છે. પંચમહાવ્રત ને અઠયાવીસ મૂળગુણ બધા શુભ ભાવ છે, ''**એમાં અનુરાગી થઈને પ્રવર્તવાનું ફળ તો શાસ્ત્રમાં શુભબંધ કહ્યું છે**....'' એનું ફળ તો પુણ્યબંધ છે. ધરમ-બરમ (નથી). ઓહોહો! કહો કેસરીચંદજી! હવે આમાં એકલા જોડા પહેર્યા વિના હાલે ને પછી મુનિ ઠરાવીને ક્યાં રહી ગયા આમાં, એમાં ક્યાંક ધર્મમાં ક્યાંય દોકડોય દેખાતો નથી આમાં. (શ્રોતા : શુભબંધે) શુભબંધે નહિ હા એમ કહોને! એનાય ઠેકાણા નથી. વ્યવહાર જે રાગની મંદતા એનાય ઠેકાણા નથી. કહે છે એને તો બધું જોયું છે ને ઘણુંય તે. કહો સમજાણું આમાં?

કહે છે કે અનંતવાર દિગંબર જૈન સાધુ થયો, ''**મુનિવ્રત ધાર અનંતબેર ગ્રીવક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો**....'' પંચમહાવ્રત તે પણ એવા નિરતિચાર હોં! આમ બરાબર. વસ્તુ ક્યાં છે તે નિર્વિકલ્પ થયો આમ. વ્યવહાર છે એ તો. વ્યવહાર સાધન છે એ નિશ્ચય સાધન નથી એમ કહે છે. નિશ્ચય સાધનેય નથી. પંચમહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ, રાગની મંદતાની ક્રિયાઓ એ મૂળ સાધન નથી. કહો સમજાણું આમાં? શું કીધું? એ વ્યવહાર સાધન - ઉપચાર સાધન ખરું સાધન (નહીં) અને ખરું નથી એમાં ખોટાનો રાગ થઈને પ્રવૃત્તિમાં ચડયો. ખોટા અહિંસા-સત્ય-દત્ત-બ્રહ્મચર્ય-મહાવ્રત-પંચમહાવ્રત એની ભાવનાઓ, પંચમહાવ્રતની ભાવનાઓ આવે છે ને પચ્ચીસ. સમજાણું? અઠયાવીસ મૂળગુણ એ ''**એના અનુરાગી થઈને પ્રવર્તવાનું ફળ તો શાસ્ત્રમાં પુણ્યબંધ કહ્યું છે અને આ એનાથી મોક્ષ ઇચ્છે છે**....'' લ્યો! એ પંચમહાવ્રત ને અઠયાવીસ મૂળગુણ ને પચ્ચીસ ભાવના પંચમહાવ્રતની આ એનાથી માને છે કે અમારો મોક્ષ થશે. આ એનાથી અમને સમ્યગ્દર્શન થશે. સમ્યગ્દર્શન તો મિથ્યાત્વથી મુક્ત મોક્ષ છે. સમજાણું કાંઇ? આવી ક્રિયાકાંડમાંથી એનો મોક્ષ થાશે એમ માને છે મિથ્યાદષ્ટિ ઊંધો પુરુષાર્થ છે કહે છે.

જુઓ આ ટોડરમલજી ગૃહસ્થાશ્રમમાં રહીને હજારો શાસ્ત્રોનો નિચોડ કરીને મૂક્યો છે. હવે તો આંહી પુસ્તક બહુ બહાર પડી ગયા છે. ચાર રૂપિયાની કિંમતે બે-બે વેંચાય છે આંહી. ભાઇ! આ નવું છે ને, નવું પુસ્તક છે ને! નવું...નવું, ચાર રૂપિયે એ પણ બે કોઇ પણ વાંચે વિચારે કે આ શું છે? એમ જરી જ્યાં કષાય મંદની ક્રિયા થઇ અને રાગ મંદ દેખાય તો આ પાત્ર થઈને કે એ મુનિ એ ગુરુ એ ધર્મ, ધૂળમાંય નથી ધર્મ. એના ફળમાં તો મિથ્યાત્વ સહિત પુણ્યબંધનો થાય છે અને આ માને છે કે એનાથી મોક્ષ ઇચ્છે છે એ અનુરાગ શુભરાગથી ''**મોક્ષને ઇચ્છે છે તે કેવી રીતે સિદ્ધ થાય?**....'' તે કેવી રીતે નક્કી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય અને એની સાબિત કાર્યસિદ્ધ શી રીતે થાય? "**એ તો એક ભ્રમ છે. એ તો એક ભ્રમ છે....**" એ પંચમહાવ્રત ને અઠયાવીસ મૂળગુણનું પાલન, વ્યવહારરત્નત્રય વ્યવહારાભાસ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતનું પાલન, બાર વ્રતનું પાલન આ એ તો રાગ છે. આ એનાથી મોક્ષ ઇચ્છે સમ્યગ્દર્શન માને એ તો ભ્રમણા છે. કહો સમજાણું કાંઇ?

(શ્રોતા : મુખ્ય ગૌણ...) મુખ્ય ગૌણ ક્યાં હતું હવે! એમ કે વ્યવહાર ગૌણ હતો અને આ મુખ્ય એમ કહ્યું. આંહી તો આપણી વાર્તા બરાબર આવે છે આમાં. એ તો અહીં સ્વભાવની દૃષ્ટિ થાય અને પછી રાગ મંદ હોય એને વ્યવહારનો આરોપ અપાય. આ તો ક્યાં એકલું રાગનું સાધન, વ્યવહારનું સાધન એને માનીને મોક્ષ માને છે, ભાનેય ક્યાં હતું એને? આત્મા જ્ઞાનાનંદ ને રાગની ક્રિયા રહિત સ્વભાવની દૃષ્ટિ કરી અને પુરુષાર્થથી સાધન કર્યું હોય તો પછી પંચમહાવ્રતના પરિણામ આદિ રાગને વ્યવહાર સાધનનો ઉપચાર થાય. આ તો એનાથી અમારે ધર્મ સાધન આ કહ્યા છે ને! ધર્મ સાધન કરીએ છીએ. નિવૃત્તિ લઇને બેઠા છીએ. બાયડી નહિ, છોકરા નહિ, કુટુંબ નહિ અહીં તો બાપા ઘણું અમારે... અમારે આહાર પાણી પણ અમારે માટે કરેલા નહિ નિર્દોષ આહાર હવે ઘણું કર્યું અમે. ઘણું કર્યું શું? મિથ્યાત્વ થયું કહે છે. એ શુભ ભાવની ક્રિયામાં સમ્યગ્દર્શન થશે કે મોક્ષનો માર્ગ પ્રગટ થશે એમ માને છે એણે મિથ્યા દૃષ્ટિનો પુરુષાર્થ કર્યો છે. શેઠી! (શ્રોતા : ...) એ તો પાકો મિથ્યાદૃષ્ટિ છે મૂંઢ! કહો સમજાણું?

મુંબઇ અને... નીલમણીમાં રહે પાકો છે એ. મુંબઇ...મુંબઇ મોહમયી છે મુંબઇ. કહે છે એ શુભક્રિયાઓ બધી વ્યવહાર સાધન નિમિત્ત છે. સ્વભાવનું સાધન કરતો હોય તો તેને નિમિત્ત કહેવામાં આવે છે. અહીં તો સ્વભાવ તો કાંઇ છે નહિ અને વ્યવહાર રાગની ક્રિયા આ પંચમહાવ્રતને આ આ કર્યું ને આ કર્યું, આ ખાધું ને આ પીધું ને આ વહોર્યું ને આ આગમની આજ્ઞા પ્રમાણે બરાબર આહાર નિર્દોષ લીધો ને એનો અનુરાગી થઇ, એનું ફળ તો પુણ્યબંધ છે. એ બંધ છે એને અબંધ પરિણામ બિલકુલ નથી. "**તેનાથી મોક્ષ ઇચ્છે છે તે કેવી રીતે સિદ્ધ થાય? એ તો એક ભ્રમ છે. 'એ તો એક ભ્રમ છે'....**" આ શબ્દ મૂક્યો એમાંથી ઉઠાવ્યું પાછું હવે પણ મહારાજ "**એ ભ્રમનું કારણ પણ કોઇ કર્મ જ છે ને!....**" એમાં શું કરે. એ ભ્રમણા રહે છે એ કર્મને લઇને છે. કહો! દર્શનમોહ હોય ત્યાં સુધી વિકાર ભ્રમણા થાય. એટલે ભ્રમણાનું કારણ તો કર્મ છે એમ શિષ્યને **પ્રશ્ન** થયો. "**ભ્રમનું કારણ પણ એમ કોઇ કર્મ જ છે ને!....**" કોઇક કર્મ એટલે દર્શનમોહ આદિ લ્યો "**પુરુષાર્થ શું કરે?....**" એમાં પુરુષાર્થ શું કરે? ભ્રમણા દર્શનમોહના કારણે થાય એમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પુરુષાર્થ આત્મા શી રીતે કરે? એમ શિષ્યના મુખમાં પ્રશ્ન મૂક્યો.

''**ઉત્તર: સાચા ઉપદેશથી નિર્ણય કરતાં**....'' દેખો! ''**સાચા ઉપદેશથી**....'' એકલા ઉપદેશથી અહીં શબ્દ નથી લીધો. ''**સાચા ઉપદેશથી**....'', જેને સત્ય ઉપદેશ મળ્યો. સત્ય ઉપદેશ એને કહેવાય કે પુણ્ય ને પાપ અને દેહાદિની ક્રિયા એ પર છે અને તારા સ્વભાવનું સાધન અંતઃમુખ થઈને વીતરાગ દ્રષ્ટિ જ્યાં અંદર આમ થાય, એવો ઉપદેશ એને મળ્યો. ''**સાચા ઉપદેશથી નિર્ણય કરતાં** દેખો **ભ્રમ દૂર થાય છે**....'' સાચા ઉપદેશ, નિમિત્ત, નિર્ણય કરવો એણે. ''**નિર્ણય કરતાં ભ્રમ દૂર થાય છે**....'' ઓલો કહે કે ભ્રમનું કર્મ કારણ પણ સાચા ઉપદેશથી નિર્ણય કરને! નિર્ણય, ઉપદેશ તો નિમિત્ત માત્ર છે. એ તો માથે કહ્યું છે. ઉપદેશક તો શિક્ષા માત્ર છે. આવ્યું છે ને માથે હેં! (શ્રોતા :...) તારા પુરુષાર્થને આધીન આ છે. સાચા ઉપદેશે નિર્ણય કરતાં ભ્રમ દૂર થાય. ''**આ તેવો પુરુષાર્થ કરતો નથી**....''

શું કહે છે? એ ભ્રમણા નાશ થાય તેવો પુરુષાર્થ કરતો નથી. એ મિથ્યા અભિપ્રાય નાશ થાય તેવો એ પ્રયત્ન કરતો નથી માટે ભ્રમણા રહે છે. આ તેવો પુરુષાર્થ... તેવો એટલે? નિર્ણય કરવાનો, ભ્રમ દૂર થાય તેવો નિર્ણય કરવાનો, ભ્રમણા દૂર થાય એવો નિર્ણય કરવાનો. જુઓ આ પુરુષાર્થ. શું કરવું કહે છે પહેલું પણ તારે? ''**આ તેવો પુરુષાર્થ કરતો નથી**....'' કે જેથી ભ્રમ દૂર થાય, અને ''**તેથી જ ભ્રમ રહે છે**....'' જુઓ અસ્તિ-નાસ્તિ કરી એવો પુરુષાર્થ કે જેથી ભ્રમ નાશ થાય તેવો કરતો નથી તેથી ભ્રમ દૂર થાય એવું કરતો નથી. એથી તે કારણે તેથી ભ્રમ રહે છે. ભ્રમણા તે કારણે રહે છે. દર્શનમોહના કારણે ભ્રમણા રહે છે એમ નહીં. સમજાણું કાંઈ? એ પુણ્યમાં મિઠાશ અને રાગની રૂચિ, એ એનો પોતાનો ભ્રમણાનો પોતે પોતાનો પુરુષાર્થ છે. પોતાનો પુરુષાર્થ છે તેથી ભ્રમ રહે છે અને ભ્રમ દૂર થાતો નથી.

''**નિર્ણય કરવાનો પુરુષાર્થ કરે**....'' એ નિર્ણય કરવાનો પુરુષાર્થ કરે. આ કહે છે એ ક્રિયા ને જાણીએ. (શ્રોતા : ... ક્રિયા નહિ હૈ) યે અસલ ક્રિયા તો યે હૈ જ્ઞાનમેં ''**નિર્ણય કરનેકા પુરુષાર્થ કરે તો ભ્રમનું કારણ**-નિમિત્ત **જે મોહ કર્મ તેનો પણ ઉપશમાદિ થતાં**....'' એનો પણ એમ. ભ્રમ તો નાશ થાય એમ. ''**નિર્ણય કરવાનો પુરુષાર્થ કરે તો ભ્રમ તો દૂર થાય**....'' પણ એનું કારણ મોહકર્મ તેનો પણ ઉપશમ આદિ થતાં એમ. સમજાણું કાંઈ? માથે કહી ગયા છે કે નહિ? કે ભ્રમ દૂર થાય છે નિર્ણય કરતાં અને એ ભ્રમ દૂર થાય સાથે કર્મનો પણ ઉપશમાદિ થાય. તેનો પણ ઉપશમાદિ થતાં ભ્રમ દૂર થઈ જાય છે કારણકે નિર્ણય કરતાં... એ જ્ઞાયક ચૈતન્ય આખો પુણ્ય-પાપના વિકલ્પ તે વિકાર છે,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવ પરિપૂર્ણ છે, વર્તમાન અવસ્થા અલ્પજ્ઞ આદિની છે એમ વિચારનું મંથન કરતાં ''**પરિણામોની વિશુદ્ધતા થાય. એ પરિણામોની વિશુદ્ધતા થાય તેથી મોહનાં સ્થિતિ - અનુભાગ પણ ઘટે છે**....'' લ્યો. તેથી મોહનાં સ્થિતિ અને અનુભાગ પણ ઉપશમાદિ તો થાય પણ પાછું બીજી કર્મની સ્થિતિ અનુભાગ પણ ઘટતા જાય. નિમિત્તનો સબંધ છે કે નહીં? જેટલો યથાર્થ નિર્ણય પૂર્વક અંદર રોકાય એટલો ભ્રમ તો દૂર થાય અને મોહના સ્થિતિ, અનુભાગ પણ ઘટી જાય. કહો સમજાણું કાંઇ?

આ કાર્ય તારે કરવાનું છે. કાળલબ્ધિ અને ભવિતવ્ય કાંઇ કરવાનું નથી અને કર્મનો ઉપશમાદિ કરવાના નથી, કરવાનું તો આ છે અને એ તું કરતો નથી અને તું કહે છે કે અમે પુરુષાર્થ ઘણો કર્યો. ઊંધો છે. શરીરની ક્રિયાને આવે છે ને આ પહેલાય આવી ગયું છે. શરીરની ક્રિયામાં રોકાણ કરે દ્રવ્યલિંગી છે ને દ્રવ્યલિંગી? ત્રણસોવીસ પાને છે, છે ને ઇ ત્રણસોવીસ પાને છે એ જુઓ. (૩૨૦)(૩૨૯) હવે આમાં આવી દ્રવ્યલિંગીની વાત જુઓ બીજો પેરેગ્રાફ જેમ કે ''**દ્રવ્યલિંગી મુનિ જિનવચનથી તત્ત્વોની પ્રતીતિ તો કરે છે**....'' (બીજા પેરેગ્રાફની ચોથી લીટી) ત્રીજીથી શરૂ.

''**દ્રવ્યલિંગી મુનિ જિનવચનથી**....'' તીર્થની પ્રવૃત્તિ ''**તો કરે છે પરંતુ શરીરાશ્રિત ક્રિયાઓમાં અહંકાર વા પુણ્યાશ્રવમાં ઉપાદેયપણું આદિ વિપરીત અભિપ્રાયથી મિથ્યાદ્રષ્ટિ જ રહે છે**....'' આ કારણે છે. શરીરની ક્રિયા હું કરું છું આ હાલું, આ ચાલું આ બરાબર હાથ જોડી ભગવાનને વંદન પગે લાગવા આ દેહની ક્રિયા મારી છે અને અંદર શુભભાવ થાય એને ઉપાદેય માને છે પુણ્યને. પંચમહાવ્રતના પરિણામ આદિ જે પુણ્ય છે એ તો શુભ છે એને તો આ ઉપાદેય માને એનાથી તો લાભ થાય એમ માને છે ''**માટે મિથ્યાદ્રષ્ટિ જ રહે છે**....'' મિથ્યાદ્રષ્ટિ જ રહે છે. દેખો મિથ્યાદ્રષ્ટિ જ રહે છે. કહો સમજાણું કાંઇ? ગૌણપણે એને માને તો? (શ્રોતા :...) મુખ્યપણે માને છે ને એમને ગૌણપણે નહિ પણ ગૌણનો અર્થ શો? પણ મુખ્યપણે માન્યું ત્યારે રાગ હોય એને ઉપચાર કહેવાય. એ જ્ઞાનના જ્ઞાતા ને જ્ઞેય રહી ગયું એટલી વાત છે ખરેખર. સાધન-ફાધન છે જ નહિ. નથી તેને છે એનું નામ વ્યવહારનયનું સાધન કહેવાય. વ્યવહારનયના લખ્ખણ જ એવા છે. વ્યવહારનયનું લખ્ખણ એટલે લખ્ખણ જ એવું છે એનું, ન હોય એને કહે એનું નામ વ્યવહાર, હોય એને કહે એનું નામ નિશ્ચય.

હા, પંચમહાવ્રતના સાધન કરો ભાઇ! કષાયમંદ કરો, કાંઇ નિવૃત્તિ કરો તો હળવે... હળવે... હળવે લાભ (થશે) એ મૂંઢ છે કહે છે. એ શુભરાગની ક્રિયાને ધર્મ માને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, પુણ્યને ઉપાદેય માને છે અને શરીરની ક્રિયા નગ્ન આદિ થઇ, જુઓ, આ નગ્ન કિતના સહન... આહાહા! આમાં ધર્મ કિતના કેટલું કરવું પડે છે આમાં? હવે એવું તો બોલ કે ધર્મ કરે છે કે મિથ્યાત્વ? આમ બોલતો નથી અને કહે કે રાગ મંદ છે. એમાં બીજું છે શું પણ? એ કાંઇ ધર્મ નથી. આહાહા! શેઠી! (શ્રોતા : ...) હા! મૂળ પુરુષાર્થ તો કિયા નહિ અને ઊંધા પુરુષાર્થ કિયા ને ફળ આવે મોક્ષમાર્ગની અંદર નહિ બને એમ કહે છે. ત્યારે એ પ્રશ્ન ઉપાડયો, ''**આ નિર્ણય કરવામાં, ઉપયોગ લગાવતા નથી તેનું કારણ પણ કર્મ છે ને!....**'' લ્યો! પણ અમારો ઉપયોગ ન લાગે નિર્ણય કરવામાં એનું કારણ પણ કર્મ છે ને! સાંભળ...સાંભળ.

''**એકેન્દ્રિયાદિકને તો વિચાર કરવાની શક્તિ નથી....**'' એથી એમને તો કર્મ જ કારણ, કયું કર્મ નિમિત્તપણે છે? કારકોની યોગ્યતા નથી એટલે કર્મ કારણ એને કહેવામાં આવ્યું, બાકી વાત તો એને એના પોતાના ભાવનું કારણ છે. એકેન્દ્રિયાદિકને ન આવ્યું चिरमइति નહોતું આવ્યું કળશમાં? અનાદિકાળથી પર્યાયબુદ્ધિ એનેય એકેન્દ્રિયથી માંડીને કહ્યું છે. પોતે કરી રાખ્યું છે ભાવકલંક પ્રચૂર પોતે કર્યો છે. કર્મ તો નિમિત્ત, પરદ્રવ્ય તો નિમિત્ત માત્ર ચીજ છે. પરદ્રવ્યને લઇને કોઇ બીજા દ્રવ્યમાં કાર્ય થાય (તો) વસ્તુ તૂટી જાય. વસ્તુનો સ્વભાવ સ્વયંસિદ્ધ સ્વતંત્ર રહે નહીં. સમજાણું કાંઇ? હેં! એમ કે આમાં લખ્યું છે શું? ''**એકેન્દ્રિયાદિક ને વિચાર કરવાની શક્તિ નથી તેમને તો કર્મ જ કારણ છે....**'' એટલે એને એ પુરુષાર્થ જ્ઞાનના-દર્શનના-વીર્યના ક્ષયોપશમનો નથી, તેથી એને કર્મ કારણ છે એમ કહેવામાં આવે છે. ''**પણ આને તો....**'' એટલે 'તારે તો' એમ. ''**જ્ઞાનાવરણાદિના ક્ષયોપશમથી નિર્ણય કરવાની શક્તિ પ્રગટ થઇ છે....**'' ઉઘાડ નથી તને? બીજા વ્યાપાર બીજા ધંધાનો નિર્ણય કેમ કરે છે. જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય એના ઉઘાડથી નિર્ણય કરવાની શક્તિ તને પ્રગટે છે, પ્રગટ થઇ છે.

હવે સિદ્ધાંત. ''**જ્યાં ઉપયોગ લગાવે તેનો નિર્ણય થઇ શકે છે, જ્યાં ઉપયોગ લગાવે એનો નિર્ણય થઇ શકે....**'' એ ઉપયોગ તારા અધિકારની વાત છે. સંસારના ધંધામાં ઉપયોગ કેમ લગાડે છે? ભાડામાં અને ફલાણામાં એકલો ઘરમાં આમ હોય તો ભાડે આવ્યા હોય તો નીકળ બહાર હજાર રૂપિયા આપીશ પણ બહાર નીકળ. ઉપયોગ લગાવે છે કે નહિ ત્યાં? શાંતિભાઇ! (શ્રોતા : લગાવ્યો હોય તો ને) ખાલી મકાન કરાવ્યું. હવે એકલા મારે રહેવું છે. તમે બધા જાઓ કઢાવ્યા, હજાર રૂપિયા દઇને પણ કાઢયા, કઢાવ્યા. ન્યાં ઉપયોગ લગાવે છે કે નહીં કહે છે. (શ્રોતા : ઉપયોગ ...) એ તો ભિન્ન ભિન્ન વ્યક્તિઓને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લઈને. એ તો બહાર થવાનું હતું તો થયું નહિતર એ તો ગયો શેરી બહાર એ તો વળી ન્યાં બીજા રહ્યા હશે કો'ક સમજાણું ?

હમણાં રાજકોટમાં બન્યું નહિ ભાડાનું કાંઇ. મારી નાંખી બાઈને. ભાડાવાળાને કહે નીકળો એમ કાંઇ કહ્યું હશે સાધારણ આહાહા ! શું નામ છે લુહાણા...લુહાણા હવે બાઈ બચારી એક હતી. ઘણી બાઈયું જંગલ જતી પહેલાં આ તલવાર મારી (ને) મારી નાંખી...મારી નાંખી ભાડાવાળાએ. મકાનના ધણીને, બાઈને મારી નાંખી આ રાજકોટમાં, પણ બનવાનું હોય ત્યાં જે આવા પરિણામ કરે શું ત્યાં ? કે આમ કરીએ તો આમ થાય ને આમ કરીએ તો, એ તો બનવાનું હોય તો બહારનું બને.

કહે છે કે ''**જ્યાં ઉપયોગ લગાવે તેનો જ....**'' એમ શબ્દ છે. ''**જ્યાં ઉપયોગ લગાવે તેનો જ નિર્ણય થઈ શકે છે....**'' જુઓ છે ? નિર્ણય તો થઈ શકે છે ''**પરંતુ આ અન્ય નિર્ણય કરવામાં તો ઉપયોગ લગાવે....**'' ધંધામાં, ઓલામાં વિષયમાં, કષાયમાં પુણ્યમાં, પાપના ભાવમાં બહારના બધા ભાવમાં લગાવે અન્ય નિર્ણય કરવામાં તો લગાવે. ધંધા આ કાપડના, આ વકીલાતના, આ શું કહેવાય બધાય જરી કરિયાણાના, આ કોથળું શું કહેવાય ? કંતાન...કંતાનના કોથળા, કોથળા શણ શણ એમ આ જુટ...જુટ, આમ કામ લાગશે અને આમ કામ આવશે અહીંથી આમ ફેરવે બધો ઉપયોગ લગાડે છે ન્યાં અને અહીં ઉપયોગ આત્માનો પ્રગટ નિર્ણય કરવામાં લગાડતો નથી. એ દોષ કોનો છે, તારો છે કે કર્મનો ? એમ કહે છે.

''**જ્યાં ઉપયોગ લગાડે તેનો જ નિર્ણય થઈ શકે છે પરંતુ આ અન્ય નિર્ણય કરવામાં ઉપયોગ લગાવે....**'' બે-બે ચાર-ચાર કલાક વિકથાઓ કરવી હોય બીજાના ઠઠ્ઠા સંસારના ભાવ કોઈ પસંદ કરે, એની પસંદગીને માન આપે, ત્યાં બસ એ ઉપયોગ ત્યાં જામી જાય હેં ? એનો તો એણે અભ્યાસ કર્યો છે ઊંધો. ''**અન્ય નિર્ણય કરવામાં તો ઉપયોગ લગાવે છે, અહીં ઉપયોગ લગાવતો નથી....**'' તું લગાવતો નથી આ આત્માનો નિર્ણય કરવામાં. આ જ્ઞાન શું ચીજ છે આ ? આ શું બહાર તરફ ઝુકાય છે એ ભાવ શું છે અને આ તે કેવડી કેટલી ચીજ છે કે આખો એમાંથી પ્રવાહ આવ્યા જ કરે છે પર્યાય, એમ અંતરમાં અંતર્મુખ થઈ નિર્ણય કરતો નથી. અંતર થઈને નિર્ણય કરતો નથી. સમજાણું કાંઇ ? ''**અન્ય નિર્ણય કરવામાં ઉપયોગ લગાવે અને અહીં ઉપયોગ લગાવતો નથી એ તો એનો પોતાનો જ દોષ છે....**'' હેં ? કે કર્મનો દોષ છે ? ''**ત્યાં કર્મનું તો કાંઇ પ્રયોજન નથી....**'' લ્યો અકિંચિત્કર કહ્યું. ઓલા કહે છે કે અકિંચિત્કર નહીં. ત્યાં કર્મનું કાંઇ પ્રયોજન નથી. કિંચિત્ હેતુ નથી. કાંઇ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણ નથી એનું કહો, છે કે નહિ દેવાનુપ્રિયા! કાંઇ પ્રયોજન નથી એમ કીધું. અકિંચિત્‌કર કર્મ છે. નિમિત્ત અકિંચિત્‌કર કર્મ છે? હા! લાખ વાર અકિંચિત્‌કર છે લે.

કર્તા હોય એક દ્રવ્ય બીજા દ્રવ્યનો એમ ત્રણકાળમાં બને નહિ. તું પોતે તારા દોષને સેવે છો તત્ત્વ નિર્ણય કરતો નથી. તત્ત્વ નિર્ણયની ભૂમિકા તો ચાલી જાય છે. આહા! આ તો આગળ આવશે હોં હજી. જે કરવાનું છે તે કરતો નથી અને બીજાને જોઇને ઉપયોગને લગાવી દે, વખત તો ચાલ્યો જશે તારો. '**ત્યાં કર્મનું તો કાંઇ પ્રયોજન નથી**' લ્યો, 'કર્મનું તો કાંઇ પ્રયોજન જરીય પ્રયોજન નથી' કર્મને કારણે તને નિર્ણય કરવામાં ઉપયોગ લાગતો નથી એમ જરીયે નથી. તારો પુરુષાર્થ જ ઊંધામાં જાય છે અને સવળામાં કરતો નથી. તારો વાંક પોતાનો છે એમાં.

હવે **પ્રશ્ન** બીજો ઉઠાવ્યો. ''**સમ્યગ્દર્શન અને ચારિત્રનો ઘાતક તો મોહ છે.** છે હોં....'' ઓલો કહે સમ્યક્‌ત્વનો ઘાતક તો મોહ છે. સમ્યગ્દર્શન ચારિત્રનો ઘાતક તો મોહ છે ''**એટલે તેનો અભાવ થયા વિના મોક્ષનો ઉપાય કેવી રીતે બને?....**'' શિષ્યે **પ્રશ્ન** કર્યો. અમે કરીએ પણ ઓલો દુશ્મન ખસે ત્યારે અમે ખાઇએ ને લાડવા કે કરેલા તૈયાર છે પણ ઓલા માથે તલવાર લઇને ઊભા છે, એમ દુશ્મન માથે કર્મ દર્શનમોહ અને ચારિત્રમોહ પડયા છે એ સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રનો ઘાતક. હવે એનો અભાવ થયા વિના (એનો એનામાં અભાવ થયા વિના) ''**એનો અભાવ થયા વિના અમે મોક્ષનો ઉપાય કેમ કરીએ?....**'' એમ શિષ્યનો પ્રશ્ન છે.

મુનિ આર્જિકા તો એની સામે રાખવા જેવું છે બધા એમ કહે છે, કર્મ...કર્મ. ''**ઉત્તરઃ તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગ લગાવતો નથી એ તો આનો દોષ છે....**'' તારો દોષ છે. તું વખત મેળવીને ટાઇમ કાઢીને સંસાર માટે કેમ વખત આપે છે તો તત્ત્વના નિર્ણય માટે તું વખત કાઢીને નથી કરતો નિર્ણય એ તારો જ દોષ છે. જુઓ આ નિર્ણય ઉપર વાત આવી. તત્ત્વ નિર્ણય કરવો એ તો કોઇ ચીજ જ નથી જાણે. અને આ કાંઇક રાગ મંદ કરીને કંઇ વ્રત પાળવા, ને દયાઉં પાળવા, અને પ્રશંસા કરવી એ કાંઇ કર્યું કહેવાય, અને આ તો કાંઇ નહીં. કિંમત જ એને નિર્ણય કરવાની નથી.

(શ્રોતા : તત્ત્વ નિર્ણયમાં કેટલો સમય કાઢવો?) એ અંતર્મુહૂર્ત કાઢવો પ્રગટ થઇ જાય તો. પણ ન પ્રગટ થાય તો તત્ત્વના નિર્ણય માટે જિંદગી કાઢવી. કહો શું છે? અંતર્મુહૂર્તમાં તત્ત્વનો નિર્ણય થઇને પૂરણ થઇ જાય તો બસ છે. પણ ન થાય તો જાવજીવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સુધી તેનો નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો. કરવાનું તો ઈ છે બીજું કરવાનું શું હતું? કાળ ક્યાં એને લાગુ પડે છે? કાળ લાગુ પડતો હશે? પણ ન્યાં હાલે છે તો બધું તત્ત્વનિર્ણય થઈ ગયો હવે જાઓ હવે ફરવાનો ક્યાં છે? (શ્રોતા : છ મહિના) હેં? છ મહિના એ તો ઉત્કૃષ્ટ વાત કરી છે. અંતર્મુહુર્તમાં તત્ત્વનો નિર્ણય થઈ શકે છે. ઓલું શિષ્યને લાંબુ ન લાગે એટલે જરી મધ્યમપણે છ મહિનાનું આ કહ્યું... છ મહિના... છ મહિનાનુંય અંતર. જેટલા પ્રમાણમાં નિર્ણય માટે પ્રયત્ન જોઈએ તેવો પ્રયત્ન કારણ આપે અને કાર્ય ન થાય એમ બને (નહીં). સમજાણું કાંઈ? બરાબર એને થઈ જાય. બરાબર એને તત્ત્વનો નિર્ણય જેટલા પ્રમાણમાં જે આ ઊંધા જોરમાં વીર્યને રોક્યું છે, એવું જ વીર્યને ગુલાંટ ખાઈને જ્ઞાનાનંદના નિર્ણયમાં રોકે અને જેટલું કારણ આપે તેટલું કાર્ય ન થાય (એમ) બને નહીં. કારણ આપવામાં કચાશ તેથી કાર્યની કચાશ દેખાય છે. એક જ સિદ્ધાંત છે. સમજાણું કાંઈ?

હિતરૂપ જાણી તેનો ઉદ્યમ ન કરે. શું કીધું? ''**પુરુષાર્થ પૂર્વક જો તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગને લગાવે તો સ્વયં જ મોહનો અભાવ થતાં....**'' લ્યો! ''**એ પુરુષાર્થ પૂર્વક જો તત્ત્વ નિર્ણય કરવામાં ઉપયોગને....**'' આત્મા તરફ લગાવે તો સ્વયં જ મોહનો અભાવ થાય. કર્મનો અભાવ તારે કરવો પડે નહીં. ''**સમ્યકત્વાદિરૂપ મોક્ષના ઉપાયનો પુરુષાર્થ બને છે....**'' લ્યો!

તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગને લગાવતો નથી. પણ ક્યાં નવરાશ ન મળેને બીજામાં નવરાશ. આ નવરાશ નહીં. હા, એને હવે અત્યારે આ લેવાય. એય ધમાધમ ધમાધમ ને સાભળે છે. શું આત્મા? શું સંવર? શું નિર્જરા? શું શાંતિ? ક્યાં છો? શું અશાંતિ? કેમ છે એનો નિર્ણય કરવામાં તું રોકાતો નથી એ તારો દોષ છે. ''**નિર્ણય કરવામાં લગાવે તો સ્વયં જ મોહનો અભાવ થાય તેથી સમકિત આદિ રૂપ....**'' એટલે ત્રણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર. ''**મોક્ષના ઉપાયનો પુરુષાર્થ બને છે. મોક્ષના ઉપાયનો પુરુષાર્થ બને છે. તેથી મુખ્યપણે તો તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગ લગાડવાનો પુરુષાર્થ કરવો....**'' જુઓ મુખ્યપણે કરવો. કર્મને લક્ષે કરવો (નહિ) કે કર્મ ટળી જાય સ્વયંમેવ તેથી મુખ્યપણે તો પુરુષાર્થની મુખ્યતા પાઠની અંદર છે ને ભાઈ! ''**તેથી મુખ્યપણે તો તત્ત્વ નિર્ણય કરવામાં ઉપયોગને લગાવવાનો પુરુષાર્થ કરવો અને ઉપદેશ પણ એ જ પુરુષાર્થ કરાવવા અર્થે આપીએ છીએ....**'' એ જ પુરુષાર્થ કરાવવા કે શું? એ તત્ત્વનિર્ણય અને તત્ત્વ સ્થિરતાને માટે જ ઉપદેશ આપીએ છીએ. હવે જે ઉપદેશ આપે એ અને ઓલો કરે નહિ અને વાંક કાઢે કર્મનો. સમય ક્યાં છે તારી પાસે? ત્યારે ઉપદેશ તો બધા સાંભળે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોઇ પુરુષાર્થ કરે અને કોઇ નથી કરતા એનું કારણ? કહે તારું કારણ, કર્મ-બર્મનું કારણ નથી.

બહુ અધિકાર સરસ છે આ. ''**ઉપદેશ પણ એ પુરુષાર્થ કરાવવા સાટુ....**'' (**અર્થે,** માટે, ખાતર) એ પુરુષાર્થ એટલે? અંદર સ્વભાવનો નિર્ણય કર. વિભાવનો નિર્ણય કર કે વિકાર છે તે પર છે. સ્વભાવ છે તે પરિપૂર્ણ છે. સંયોગ છે તે પૃથક છે એનો બરાબર અંતર્મુખ થઇને નિર્ણય કર. એને માટે ઉપદેશ આપીએ છીએ. ''**એ પુરુષાર્થથી મોક્ષના ઉપાયનો પુરુષાર્થ (સિદ્ધિ) આપોઆપ થઇ જાશે જાઓ....**'' નિર્ણય પછી જ્ઞાન અને ચારિત્ર. તે પુરુષાર્થથી મોક્ષના ઉપાયનો એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેનો પુરુષાર્થની સિદ્ધિ આપોઆપ થાય છે. કહો સમજાણું? આવે છે ને ઓલામાં ''**આત્મસિદ્ધિમાં....**'' પાંચે ઉત્તરથી થયું સમાધાન સર્વાંગ, થાશે મોક્ષ ઉપાયની, સહજ પ્રતીત એ રીત. એના પહેલા છે. શું પણ બધું યાદ રહે? પહેલા બે લીટી છે ને કાંઇ? સહજ પ્રતીત એ રીત પણ એના પહેલાની. થાશે મોક્ષ ઉપાયની સહજ પ્રતીતિ એ રીત. આમાં આવે છે મારે તો ઓલા સહજ ઉપર લેવું છે. સમજાણું કાંઇ? એમાં સંધિ છે, ક્યાં ગ્યા ભગત... પ્રતીત. હા બસ એ.

**પાંચે ઉત્તરથી થઇ આત્મા વિષે પ્રતીત,**
**થાશે મોક્ષ ઉપાયની સહજ પ્રતીત એ રીત.**

એમ સામે આવવું જોઇએ ને! પ્રતીત અને રીત! સહજ પ્રતીત એ રીત. સહજ...સહજ એ ''**પુરુષાર્થથી મોક્ષના ઉપાયનો પુરુષાર્થ** (સિદ્ધિ) **સ્વયમેવ થશે....**''

''**વળી તત્ત્વનિર્ણય (ન) કરવામાં કાંઇ કર્મનો તો દોષ છે નહીં....**'' તત્ત્વનિર્ણય કરવો એ તો તારા અધિકારની વાત છે. ઉપયોગ તારી પાસે છે, ઉઘાડ તારી પાસે છે. વીર્ય - ઉઘાડ તારી પાસે છે. હવે કેની કોર લગાવવો એ તારો અધિકાર છે. જ્ઞાનનો - દર્શનનો ને વીર્યનો વિકાસ તો છે હવે એને કેની કોર લગાવવો એ તો તારા અધિકારની વાત છે. શેઠી! ''**એમાં કાંઇ કર્મનો દોષ છે નહીં, પણ તારો જ દોષ છે. તારો 'જ' દોષ છે....**'' જોયું? હા! ઉપયોગ તારો, કાર્ય તારી પર્યાયમાં અને કેની કોર નિર્ણય કરવો એ તો તારું કામ છે. કારણ બીજાને માથે નાંખે છે દોષ તારો જ છે.

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૨૬
## અધિકાર ૯મો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૦૮.૧૨.૬૨ શનિવાર

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

શિષ્યનો **પ્રશ્ન** હતો કે ''**સમ્યગ્દર્શન-ચારિત્રનો ઘાતક તો મોહ છે....**'' અને સમ્યગ્દર્શન-ચારિત્ર પ્રગટ કરવાનો ઉપદેશ તમારો છે. જુઓ તમારો પ્રગટ કરવાનો ઉપદેશ છે ને! તો ''**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાતક તો મોહ છે એટલે તેનો અભાવ થયા વિના મોક્ષનો ઉપાય કેવી રીતે બને?....**'' કર્મનો અભાવ થયા વિના મોક્ષનો ઉપાય કેમ બને? એમ પ્રશ્ન છે. તેનો **ઉત્તર** કહે છે. જુઓ ક્યાં સુધી આવ્યું? કે ''**ઉપદેશ પણ એ જ પુરુષાર્થ કરાવવા અર્થે આપીએ છીએ**....'' શેનો? એ તત્ત્વનો નિર્ણય કરવા. તત્ત્વનો નિર્ણય કરવો એ ઉપયોગને આધીન છે, તેનો ઉપદેશ અમે આપીએ છીએ. એ પુરુષાર્થ કરી શકે છે એટલે આપીએ છીએ. ઉપયોગ તારો જે વર્તમાન જાણવું, દેખવું અને વીર્યનો વિકાસ દેખાય છે એ ઉપયોગમાં સ્વભાવનો નિર્ણય કરવાનો ઉપદેશ અમારો છે. સર્વજ્ઞનો એ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપદેશ છે. જે નિર્ણય તું રાગમાં અને અજ્ઞાનમાં અનાદિથી કરીને બેઠો છો, કેમે કરી મોક્ષનું હિતપણું લાગે, તો સ્વભાવ તરફનો પુરુષાર્થ જ્ઞાનાનંદ ચૈતન્ય છે, એનો નિર્ણય કરીને પુરુષાર્થ કરવો એમ ઉપદેશ અમારો છે.

''**એ પુરુષાર્થથી મોક્ષના ઉપાયનો પુરુષાર્થ**....'' દેખો. ભગવાન આત્મા પોતાનો વર્તમાન ઉપયોગ સ્વભાવનો નિર્ણય કરે એમાં વિભાવના અભાવનો નિર્ણય આવી જાય છે. એની અંદરમાં પુરુષાર્થની સિદ્ધિ ''**આપોઆપ થશે**....'' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉપાય અંદર તત્ત્વના નિર્ણયમાંથી તને ખબર પડશે આંહી, કે આ માર્ગથી આગળ વધતાં પુરુષાર્થ કરતાં ત્રણેનો ઉપાય હું કરી શકું છું. સમજાણું કાંઇ? ''**વળી તત્ત્વ નિર્ણય (ન) કરવામાં કાંઇ કર્મનો તો દોષ છે નહીં**....'' જુઓ પહેલું આવ્યું'તું કે કર્મનું તો કાંઇ પ્રયોજન નથી અહીં એમ આવ્યું કે કાંઇ કર્મનો તો દોષ છે? કાંઇ કર્મનો તો દોષ છે નહિ અહીં એમ કહ્યું છે આંહી 'કાંઇ' વજન છે. કહો દેવાનુપ્રિયા! કર્મનું કાંઇ કારણ ખરું કે નહિ એક દોકડો કે બે દોકડા? હેં? (શ્રોતા : ...) ... બે વાત આવી ગઇ જુઓ.

તારો આત્મા વીતરાગ સ્વરૂપ છે અને ઉપદેશમાં વીતરાગપણાનો નિર્ણય કરાવવા માટેનો છે. આખા ઉપદેશનો સાર કે આત્મા અવિકારી વીતરાગ સ્વભાવી અથવા વીતરાગ વિજ્ઞાનઘન છે. એ વીતરાગ વિજ્ઞાનઘનનો નિર્ણય કરાવવાનો ઉપદેશ ભગવાન ત્રિલોકનાથનો છે. એ નિર્ણય કરતાં, સ્વભાવ સન્મુખનો એ નિર્ણય કરતાં, દર્શન-જ્ઞાન-ચારિત્રનો ત્રણેનો નિર્ણય એમાં ઉપાય સિદ્ધ થઇ જશે. ''**ત્યાં તત્ત્વનિર્ણય (ન) કરવામાં કાંઇ કર્મનો, કરવામાં કાંઇ કર્મનો તો દોષ છે નહિ**....'' કિંચિત્ કર્મનો એમાં દોષ છે નહિ. કહો બરાબર હશે? આ બધા એમ કહે છે કે નહીં કર્મ પણ છે કર્મને લઇને થાય, કર્મને લઇને થાય છે. ઉપયોગ અમે નથી લગાવી શક્તા એ કર્મનું જોર માટે એમ. અહીં ના પાડે છે એમ ભગવાન કહેતા નથી. ભગવાન એમ નથી કહેતા.

આત્માના સ્વભાવની વીતરાગવિજ્ઞાન શક્તિ, એનો નિર્ણય એનું જ્ઞાન અને એમાં લીનતા એ કરાવવાનો ઉપદેશ છે અને એ તું કરી શકો છો, એમાં કાંઇ કર્મનો તો દોષ છે નહિ. કર્મનો કિંચિત્ પણ દોષ એમાં નથી ''**પણ તારો જ દોષ છે**....'' અસ્તિ-નાસ્તિ કરી. કર્મનું તો કાંઇ નથી અને તારો દોષ પૂરો છે એમ એનો અર્થ છે. 'તારો જ' એમ. કર્મનો કાંઇ દોષ નથી અને તારો જ દોષ છે. આ અનેકાંત કર્યું. થોડો કર્મનો દોષ અને થોડો મારો દોષ એમેય નહિ, એ અનેકાંત નહિ એમ કીધું. થોડો કર્મનો દોષ, થોડું એનું થોડું મારું એમ નહીં. કર્મનો કાંઇ દોષ નથી અને તારો જ દોષ છે એમ કીધું. હેં? જડ છે પણ એ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરદ્રવ્ય છે, અનાદિ સત્ (શ્રોતા : ...) એ પોતાનો વેરી પોતે જ હોય નિશ્ચયે. ચિદ્વિલાસમાં લખ્યું છે કે વેરી કોણ? કે પોતે જ પોતાના ભાવનો વેરી. આવે છે ને ભાઇ! ... એનો વેરી પરદ્રવ્ય હોય કાંઇ? એ પરદ્રવ્ય ત્રણકાળમાં ન હોય. એ તો શાસ્ત્રની ભાષાથી એમાં બહુ સરસ લખ્યું છે ચિદ્વિલાસમાં. નિશ્ચય કોને કહેવો? કે પોતે પોતાનો ભાવ તે વેરી તેને નિશ્ચય કહેવો એમ કહ્યું ત્યાં. કોણ વેરી? કર્મ અને પરદ્રવ્ય વેરી એમ હોઇ શકે નહીં. શેઠી!

(શ્રોતા : બીજા હેરાન કરે?) બીજા હેરાન કોણ કરે? બીજા એટલે વિભાવ ભાવનો આશ્રય અને વિભાવભાવને પોતાપણે માનવું એ જ હેરાન કરે છે. વિભાવભાવ ખરેખર સ્વભાવ નથી અને એને આશ્રયે અને એને લઇને અને એને જ્ઞાને એને અવલંબતા એ જ આનો વહેમ છે. એ જ એનો દોષ છે બીજો કોઇ દોષ છે નહીં. ''**તું પોતે તો મહંત રહેવા ઇચ્છે છે**....'' મફતનો માલિક મોટો જાણે હું કાંઇ ન કરું...હું કાંઇ ન કરું, ''**તું તો પોતે મહંત રહેવા ઇચ્છે છે, અને પોતાનો દોષ**....'' પાછો આમ કહે જુઓ. ''**પોતાનો દોષ, કર્માદિકમાં લગાવે છે**....'' દોષ તારો છે, તું ઉપયોગમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરતો નથી, ધર્મ શું છે એનો નિર્ણય કરવાનો પુરુષાર્થ કરતો નથી. જે તારો દોષ છે એ કર્માદિમાં લગાવે છે. દોષ છે તારો એ કર્મ આદિ...

કાં આ નિમિત્ત ખોટા મળ્યા અને કાં અમને સાંભળવા ન મળ્યું, કર્મનો ઉદય આકરો અને કાં આ કાળ નડયો ને આ પંચમકાળ નડયો ને એનો તું વાંક કાઢે છે. કહો શેઠી! શું કરીએ અમને કોઇ મળ્યા નહિ સાચા સમજાવનારા એટલે અમને ઊંધો પુરુષાર્થ હાલ્યો(ચાલ્યો) એ બધી વાતો કરે. (શ્રોતા : પંચમકાળ) પંચમકાળ હોય તો એને ઘરે રહ્યો. પંચમકાળ ક્યાં ગરી ગ્યો છે આત્મામાં? હુકમચંદજી ક્યા હૈ દેખો! (શ્રોતા : ...) હેં? મતલબ એમ મહંત બનતા હૈ ને કે અમે કુછ નહિ કરીએ તમે કરતા હશો. અમારે કાંઇ નથી. દોષ બધો કર્મનો. કર્મ ટળે તો દોષ ટળે અમારે કારણે નહીં. જુઓ આ દોષ બતાવ્યો આ હાલે છે આ. એ દેવાનુપ્રિયા! હજી તો પહેલું એને સરખું લાગે છે નિશ્ચયથી. લ્યો, કહે છે કે ''**તું પોતે તો મહંત રહેવા ઇચ્છે છે**....'' આ તો વાત છે સમજાવવાની ''**અને પોતાનો દોષ કર્માદિક**....'' કર્મના અને કાળના ને અમને સમજાવનાર ન મળ્યા, અમને સંગ ખોટો મળ્યો, અમને સંપ્રદાય એવો મળ્યો એટલે શું કરીએ? અરે! ''**પોતે મહંત રહેવા ઇચ્છે છે**....'' .'' જ્યાં-ત્યાં, એમ નહિ કે મારી પોતાની ભૂલ હતી માટે હું ત્યાં સલવાઇ ગ્યો હતો. કહો સમજાણું કાંઇ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**પોતે તો** કહે **મહંત રહેવા ઈચ્છે છે**....'' પણ જુઓ આ સિદ્ધાંત આવે છે જરી, ''**પણ જિનઆજ્ઞા માને**....'' અરે! જિનની આજ્ઞા તો જિન થવાની છે. જિનની આજ્ઞા વીતરાગ દૃષ્ટિ વીતરાગી જ્ઞાન, વીતરાગી વિજ્ઞાનઘન થવું એ આજ્ઞા છે. સમજાણું કાંઈ? પરમેશ્વર જૈન ત્રિલોકનાથ વીતરાગ દેવાધિદેવ એની આજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહીં. આવો અન્યાય દોષ કર તું, દોષ નથી ટાળતો તું, અને નાંખ કર્મ ને માથે, અને નાંખ સંયોગને માથે. ઘણું કર્યું આ અમારે માથે બોજો આવી ગયો માથે, ઘણું કામ. ઘરમાં પચ્ચીસ માણસ અને અમારે બધું કરવું પડે ભાઈ! આ બધું પરાધીનતા... પરાધીનતા એમાં અમે નથી કરી શક્તા. નાંખ દોષ કો'ક ઉપર, શાંતિભાઈ!

''**જિનઆજ્ઞા માને તો**....'' વજન આંહી છે. જિનઆજ્ઞા... વાતો કરે છે કે નહિ પુરુષાર્થી એ પુરુષાર્થ કરવા અર્થે આપીએ છીએ. તે તત્ત્વનો નિર્ણય જ્ઞાન અને રમણતા. જોર અત્યારે નિર્ણય ઉપર આપ્યું. નિર્ણય જ્યાં પુરુષાર્થનો યથાર્થ કરે સ્વભાવનો તો એની સાથે જ્ઞાન અને ચારિત્રનો પણ પુરુષાર્થ આવ્યા વિના રહે નહિ એમ વીતરાગની આજ્ઞા છે. વીતરાગ ત્રિલોકનાથ એમ 'લક્ષ થવાને તેહનો,કહ્યા શાસ્ત્ર સુખદાયી'. શ્રીમદ્‌માં આવે છે ને? 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી'.

ત્રિલોકનાથની વાણી સમોશરણમાં ઈન્દ્રની ઉપસ્થિતિમાં, ગણધરોની હાજરીમાં સંતોના ટોળા એવા કાળમાં એ વાણી નીકળી'તી. તારું લક્ષ પર ઉપર છે એ સ્વ ઉપર કર. એવી ભગવાન શાસ્ત્રની અને ભગવાનની આજ્ઞા છે. લક્ષ કર્યું છે **તેં** પરનું, તે લક્ષ કર તું સ્વનું. સમજાય છે કાંઈ? કોણે કર્યું છે લક્ષ પરનું? કોણે કરાવ્યું છે? રાગ અને પુણ્ય અને કર્મને નિમિત્તના સંગે કરીને થયું છે લક્ષ તે, **તેં** કર્યું છે. કર્તા તું છો, તારું કામ છે એ કર્તા થવું એ તારું કામ છે પર નહીં. એ જ પરલક્ષને છોડાવવાને કર્તા થઈને સ્વનું લક્ષ કર એ તારું કાર્ય છે, એ આત્મા કરી શકે છે એવો ઉપદેશ વીતરાગદેવે આપ્યો છે. શેઠ! કર્મ-બર્મ નડતે નહીં કહે છે, એમ કહે છે. રોગેય નડતો નથી એમ કહે છે. આહાહા! જિનઆજ્ઞા માને... જુઓને સિદ્ધાંત એને શું કહે છે? જિનઆજ્ઞા આ છે કે જિનઆજ્ઞા તારા લક્ષે પરમાં કરીને બેઠો છો એ તને ભૂલ પકડાવવાની ભગવાનની આજ્ઞા છે. ભગવાનની આ આજ્ઞા છે. કારણકે તે કરેલા કામ ઊંધા એને સવળું કરાવવાની આજ્ઞા ભગવાનની છે.

મોક્ષમાર્ગનું સ્વરૂપ છે ને આ! ભવનો અંત લાવવાની વાત છે એટલે ભવરહિત થશે ઓહોહો! થોડું ઝીણું કામ છે. ઝીણું તો છે હજી તો પીઠિકા બાંધી છે ત્યાં તો. સમજાણું? આત્મા નવરો બેઠો એ પરનું પરના લક્ષ અને પરના ધ્યેયને તારા ઉપયોગમાં લઈ, અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકલ્પોનો ખદબદાટ ઊભો કરે છો એ તારો દોષ છે. કર્મનો કાંઇ દોષ નથી અને ભગવાનની આજ્ઞાને માન તો તું કર્મનો દોષ ન કાઢ, કારણ ભગવાનની આજ્ઞા તારું કર્તવ્ય સ્વલક્ષ કરાવવાનું છે તે તું કરતો નથી અને દોષ નાંખે છે કર્મ ને કાળ ને બીજા માથે. ''**જિનઆજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહીં**....'' જુઓ હવે ન્યાય. ''**તારે વિષયકષાયરૂપ જ રહેવું છે**....'' જિનઆજ્ઞાનું લક્ષ, ચૈતન્ય શુદ્ધ વીતરાગ વિજ્ઞાનઘન ઉપર કરાવવાનું છે. એ પુરુષાર્થને તું કરતો નથી અને તને વિષય અને કષાય એટલે પરના કોઇના લક્ષમાં પાંચ ઇન્દ્રિયોના વિષય, ક્રોધ, માન, માયા, લોભ, ભ્રમણા એમાં તારે રહેવું છે. સમજાણું કાંઇ?

''**માટે આવું જૂઠ બોલે છે**....'' માટે કર્મના દોષ કાઢી... અમારે તો સમ્યગ્દર્શન, જ્ઞાન ઘણું અમારે પ્રગટ કરવું છે પણ મોહનો અભાવ થયા વિના શી રીતે થાય? માથે એને ભ્રમણા છે ને! મોહનો અભાવ ન થાય ત્યાં સુધી અમે શું કરીએ? કારણ કે મોહે એવી ફાંસી માથે મોટી બેઠી છે, એ ફાંસી છોડે ત્યારે થાયને અમારે, હેં? બીજા એમ કહે છે એની અંદરમાં વાસ્તવિક તત્ત્વનો નિશ્ચય અને વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન અને વાસ્તવિક તત્ત્વના જ્ઞાન પૂર્વકની ભિન્નભિન્નતા, કર્મ હટે તો દર્શન-જ્ઞાન-ચારિત્ર લ્યો. ભવનો અભાવ થાય. લ્યો, જૂઠ બોલે છે. તારો નિર્ણય તું કરતો નથી, તારામાં આવતો નથી એ તારો દોષ છે. તું વીતરાગની આજ્ઞા માનતો નથી, જૂઠ બોલે છે.

''**જો મોક્ષની સાચી અભિલાષાએ**....'' જો આંહીથી વાત છે આહીં. તું સાંભળવા આવ્યો છો પણ સત્ય ... કેમ કે તને છૂટવાની જિજ્ઞાસા છે કે નહીં? અને છૂટવાની જિજ્ઞાસા હોય તો બંધાવાની રૂચિનો પુરુષાર્થ તું કર અને છૂટવાની રૂચિનો ન કર એમ હોઇ શકે નહીં. સમજાણું કાંઇ? છૂટવાની સાચી અભિલાષા હોય... 'જો ઇચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ' આવે છે ને શ્રીમદ્‌માં. 'ભવ સ્થિતિ આદિ નામ લઇ છેદો નહિ આત્માર્થ'. આત્માર્થના પ્રયોજનને છેદ ન કરાવતો. ભવસ્થિતિ ને ભાવ ને કાળ પાકશે ત્યારે થાશે. બાપુ! તમે મોક્ષ ઇચ્છો છો. પરમાર્થની ઇચ્છા છે કે નહીં? પરમાર્થની ઇચ્છા છે કે નહીં? એક જ સિદ્ધાંત. જો ઇચ્છો પરમાર્થ. અરે! પરમપદાર્થ આત્મા શું છે એને મારે જાણવો, નિર્ણય અને અનુભવવો છે. એમ જો તારી ઇચ્છા પરમાર્થની હોય, કરો સત્ય પુરુષાર્થ! ઊંધો પુરુષાર્થ કર્યેથી નહીં. સાચો પુરુષાર્થ કર.

એ દેવાનુપ્રિયા! એમ અહીંયા આરોપ આપવામાં આવે છે કે તને નિમિત્તે મારામાં આમ કર્યું ને કર્મે મારામાં આમ કર્યું. અરે ભગવાન! ક્રમબદ્ધ કર્તાથી મેં તો આમ કર્યું અને ફલાણું કર્યું. પુરુષાર્થ નબળાઇ ગયો ને પુરુષાર્થથી આત્મા કર્મ ખપાવી શકે પણ બધું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજ તો ખરો! એ (અકર્તાપણાનો પુરુષાર્થ)... કર્તાપણાનો પુરુષાર્થ તું કરી રહ્યો છે અનાદિથી. ભગવાનની આજ્ઞા રાગ અને પરના અકર્તાપણાની આજ્ઞા છે તે જિનઆજ્ઞા છે. આહાહા! સમજાણું કાંઇ?

જિનઆજ્ઞા... કર્તાપણે આને કર્યું...આને કર્યું અનંતા દ્રવ્યની પર્યાય એના પ્રવાહ ચાલે છે કોને કરું? અને રાગ અને વિકલ્પ તેના કાળે જે તેના ગુણની દશા થાય એ એના કારણે થાય તેને રોકી ભગવાન કહે છે કે તું અકર્તા થા. એ બુદ્ધિ તો અનાદિની પડી છે. જિનઆજ્ઞા તેનું અકર્તાપણું બતાવી અને આત્માનાં જ્ઞાતાદ્રષ્ટાપણું બતાવી અને થતી વ્યવસ્થા તેને પરની તેનો જાણનાર બતાવી આ એ પુરુષાર્થ છે એમ સમ્યક્ વાળવા મગાવે છે - માગે છે. સમજાણું કાંઇ? આવું જૂઠ બોલે છે. ''**જો મોક્ષની સાચી અભિલાષા**....'' સાચી હોં, એમ કહે કે મોક્ષ જોવે છે...મોક્ષ જોવે છે એમ નહીં. ''**સાચી અભિલાષા હોય તો તું આવી યુક્તિ શા માટે બનાવે?**....'' એમ ન હોય કે મને કર્મના ઉદય આકરા ત્યારે આમ થાય, જુઓ અહીં નકાર કરે છે હોં. પછી પણ એ સિદ્ધાંતને રાખજે. કાંઇ મને આ કર્મને જોરે છે એ રીતે એમ નહીં. સમજાણું કાંઇ?

આવી યુક્તિ શા માટે બનાવે છે? અરે! તને મોક્ષની સાચી અભિલાષા - છૂટવું બંધાવું એ રીત ન હોય, અને છૂટવું એ રીત હોય, તો આવી કુયુક્તિ શેને બનાવે છે? શા માટે બનાવે છે? ''**સંસારના કાર્યોમાં પોતાના પુરુષાર્થથી સિદ્ધિ થતી ન જાણે**....'' દેખો વેપાર, ધંધા, આબરુ, કીર્તિ, છોકરા - છોકરીના લગ્ન પ્રસંગ એમાં સંસારના કાર્યોમાં ''**પોતાના પુરુષાર્થથી સિદ્ધિ થતી ન જાણે તો પણ ત્યાં પુરુષાર્થ વડે ઉદ્યમ કર્યા જ કરે**....'' કર્યા જ કરે છે. (શ્રોતા : હળવે હળવે) હેં? હળવે હળવે થાય છે લ્યો, થઇ રહ્યું શાંતિભાઇ! આ કરવું અને આ કરવું અને આ કરવું આમ ન થાય તો આમ થશે, પાંચહજાર આમાં રોકશું ને તો આમ થશે, નહિ રોકીએને તો આમ થશે ભલે પછી વ્યાજે ફલાણાના લાવીને પણ રોકો.

અલ્યા ન્યાં કાર્યસિદ્ધિ ન થાય તો પણ ''**પુરુષાર્થથી સિદ્ધિ થતી ન જાણે તો પણ પુરુષાર્થ વડે ઉદ્યમ કર્યા જ કરે છે**....'' તને ત્યાં રૂચ્યું છે, ગોઠયું છે, ગોઠે છે માટે. વળી સંસારના વિષયો ભોગ કીર્તિ, આબરુ, મોટપ અને મહત્તા એ તને રૂચે છે. એના કાર્ય સિદ્ધ ન થાય તો પણ ઉદ્યમ કર્યા જ કરે સિદ્ધિ કરવા માટે છતાં એ તો પૂર્વના પુણ્ય હોય તો થાય નહિતર થાય નહીં. ''**અને પોતાના પુરુષાર્થની સિદ્ધિ થતી ન જાણે તો પણ ત્યાં પુરુષાર્થ કર્યા કરે છે, અને અહીં પુરુષાર્થ ગુમાવી બેસે છે**....'' એ આત્મા હું ઘન શુદ્ધ ચૈતન્ય છું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનો નિર્ણય કરવો, એનું જ્ઞાન કરવું, એમાં લીનતા કરવી એમાં પુરુષાર્થ ગુમાવી બેસે છે એમ કહે છે. ત્યારે તને પુરુષાર્થ અને મોક્ષતત્ત્વ બેઠું નથી. તે તને હિતકર લાગ્યું નથી. બંધ તે હિતકર તને લાગ્યું છે. શું કહ્યું સમજાણું આમાં? કહો બરાબર હશે કાંતિભાઇ! ધંધા સજ્જનના કરે છે તો કેટલી મહેનતું કરે છે... શું કહેવાય ઓલો સૂકો મેવો, ન્યાં જાય વહાણ ઉતારે, આ કરે તે કરે ન્યાં તો કાર્ય સિદ્ધ ન થાય તો પણ પુરુષાર્થ કરે છે ''**અને અહીં પુરુષાર્થ ગુમાવી બેસે છે**....'' રૂચ્યું નથી તને ગોઠતું નથી.

ભગવાન અરે! હું તે કોણ? આ આત્મા શું ચીજ છે એવી તને જો રૂચિ હોય તો આવા ઊંધા પુરુષાર્થની વાત તું કર નહીં. કર્મે મને રોક્યો એવું જૂઠ બોલ નહીં. કહો સમજાણું આમાં? એ બધાના એ અર્થ થાય છે. ગોમ્મટસારના... ગોમ્મટસારના કરેલા છે. એ કર્મનો ઉદય થાય છે પણ એ ટાળે ત્યારે એ ઉદ્યમ હોય છે, પ્રગટ આકરો ત્યારે તેને કર્મનું નિમિત્ત કહેવાય છે. તારામાં પરને લઇને શું છે સમજાણું? ગોમ્મટસારમાં આવી હશે ભાઇ! આ ગોમ્મટસારના તો ભણેલા છે. એમાંથી તો આ કાઢે છે. ટીકા તો એણે કરી છે શું કહેવાય એ બધી. હેં? (શ્રોતા : ...) કરી નહિ શકે એવી તો ટીકા કરી છે ગોમ્મટસારની. એ તો તીવ્ર બુદ્ધિવાળા કરે. એટલી બુદ્ધિ એને ... ઓહોહો! એ એમ કહે છે કે તું કર્મના માથે દોષ નાંખે છે તને શુદ્ધતાની રૂચિ જ નથી. તને શુદ્ધ ભાવની રૂચિ નથી એમ કહે છે. ભગવાન ત્રિલોકનાથની આજ્ઞા શુદ્ધભાવ કરાવવાની છે. સમજાણું કાંઇ?

એ આવ્યું છે નહિ ઓલી સાતમી ગાથામાં? હે જિનેશ્વર! અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય પહેલા જાણ્યા'તા આત્માએ એને આત્મા સાથે અંદર મેળવી અને પર્યાયને ગુણમાં ભેળવી ગુણભેદને દ્રવ્યમાં ભેળવી અભેદ દૃષ્ટિ કરી, અને મોક્ષનો માર્ગ આ જ પદ્ધતિથી પ્રગટ કર્યો. અને પછી સ્વરૂપમાં ઠરી રાગ દ્વેષ ટાળ્યા તે રીતે ભગવાને ઉપદેશ કર્યો. ભગવાનની આજ્ઞામાં તો એ આવ્યું કે પરાન્મુખ થા. અનાદિનો સ્વભાવથી પરાન્મુખ તારા પુરુષાર્થથી છે એ વિભાવ અને સંયોગથી પરાન્મુખ થા એમ ભગવાનની આજ્ઞામાં આવ્યું છે. સમજાણું કાંઇ? ત્યાં પુરુષાર્થ વિના એ બેસે છે. નહિ, ન્યાં તો કર્મ હોય એ થાય. સંસારના કામમાં એમ નથી. સમજાણું. (શ્રોતા : ...) હેં? ધાર્યું થાય, કપાતી નથી અને બધું ખબર પડે તો કરે.

કો સ્વરૂપચંદભાઇ! આવું થતું હશે સંસારમાં! ધૂળમાં કાંઇ થાતું નથી. છોકરાનુંય થાતું નથી અને કોઇના બાપનુંય થાતું નથી. ભગવાનજીભાઇને ઘણો અનુભવ નથી આમાં? દુકાન એના નામની છે ન્યાં તો. કોણે પણ એ તારી ક્યાં છે? એ તો થડે જઇને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બેસી જાય એટલે તું કહે કે આમ કર્યું આણે. વિલાયતથી આમ માલ મગાવ્યો ને આમ કર્યું ને છોકરાને મોકલ્યોને મેં ઘણો અભ્યાસ કરીને આવ્યો. બધા ગોટે ગોટા. ગપ શેઠી! અરે ક્યાં પુરુષાર્થ તો જેથી કર્યા જ કરે કેમ કે ત્યાં રૂચિ છે. વિકારની તને રૂચિ છે, સંયોગની તને રૂચિ છે. સંયોગ વિનાનો સ્વભાવ એની રૂચિ નથી એટલે કે પવિત્રતાના પરિણામ આ કેમ પ્રગટ થાય એની તને દૃષ્ટિ નથી. ''**અહીંયા પુરુષાર્થ ગુમાવી બેસે છે તેથી જણાય છે કે તું મોક્ષને દેખાદેખી ઉત્કૃષ્ટ કહે છે**....'' તને મોક્ષ એટલે છૂટવું એ બેઠું(નથી) હિતરૂપ બેઠું નથી. બધા કહે કે મોક્ષ...મોક્ષ...મોક્ષ સારો, મોક્ષ સારો ભાઇ! ''**દેખાદેખી મોક્ષને ઉત્કૃષ્ટ કહે છે**....'' કહો સમજાણું? સર્વજ્ઞપદ મોક્ષ છે. એણે સર્વજ્ઞપદ એણે તો દેખાદેખીથી સર્વજ્ઞપદ આવું હોય સર્વજ્ઞપદ આમ હોય, પણ સર્વજ્ઞપદ જે નિર્મળદશા છે એ રીતે તને જો હિત ન બેસે, આમ ગુમાવી ન બેસ પુરુષાર્થ. દૃષ્ટિ આત્મા તરફ ગયા વિના રહે નહીં, છેલ્લી લીટી છે છેલ્લી લીટી. સમજાણું કાંઇ?

ભારે આકરી માળા! એવી સરસ વાત છે ને! લ્યો, ''**તું મોક્ષને દેખાદેખી ઉત્કૃષ્ટ કહે છે**....'' દેખાદેખી એટલે? મોક્ષ બહુ સારો હોં, મોક્ષ બહુ સારો, પણ મોક્ષ બહુ સારો તો મોક્ષ છૂટવાનો પુરુષાર્થ કર્યા વિના રહે નહિ એ. બંધ સારો તો બંધનો પુરુષાર્થ કર્યા વિના રહેતો નથી. ઝાવા નાંખે છે જ્યાં ને ત્યાંથી આમ થયું ને આમ થયું ને આમ. ''**પણ તેનું સ્વરૂપ ઓળખી**....'' કોનું? કે મોક્ષ સર્વજ્ઞ પદ લ્યો, આવ્યું ને ભાઇ સર્વજ્ઞનું આવ્યું. સર્વજ્ઞ કહો કે મોક્ષ કહો, આહાહા! એ સર્વજ્ઞ ને કેવળજ્ઞાન અને મોક્ષ આ એમ તને જે બેસે સમજાય છે? ''**સ્વરૂપ ઓળખી તેને હિતરૂપ જાણતો નથી. ઓળખીને હિતરૂપ જાણતો નથી**....'' બીજા કહે કે સર્વજ્ઞ આવા હોય...સર્વજ્ઞ આવા હોય, મોક્ષ જોઇએ સર્વજ્ઞપદ મોક્ષ જોઇએ. ભલે ચાર કર્મ બાકી રહ્યા પણ કેવળીને તો ભાવમોક્ષ થઇ ગયો, ભાવ મોક્ષ થઇ ગયો. ભાઇ! ભાવમોક્ષ થયો તને બેસે છે કે નહીં? એ ભાવમોક્ષ શી ચીજ છે. ભાવમોક્ષ રુચ્યો હોય, તો બંધની રૂચિ અને બંધના કાર્ય કરવાની રૂચિ તારી ફરી જાય અને કર્મના માથે દોષ નાંખવો નીકળી જાય.

ઓહોહો! મોટો વાંધો. આ કહે વિકાર સહેતુક છે. મોટો પ્રશ્ન ઉઠયો'તો. વિકાર સહેતુક છે લ્યો. ઓલો વિકાર પોતાના હેતુરૂપ થાય છે નિમિત્તની નિશ્ચયમાં અપેક્ષા છે નહીં. એ દેવાનુપ્રિયા! (શ્રોતા : તો સ્વભાવ થઇ જાય) હા, એમ છે. એ સ્વભાવ જ છે એનો વિભાવરૂપ સ્વભાવ છે...વિભાવરૂપ સ્વભાવ છે. ત્રિકાળસ્વરૂપ રૂપ સ્વભાવ નહીં. (શ્રોતા : ...) ઓલા કહે નિમિત્ત વિના થાય તો વિકાર સ્વભાવ થઇ જાય છે. સાંભળ્યું નથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એણે ? સાધન હોય ? મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો નથી લખ્યું. એણે લખ્યું છે પેલામાંય લખ્યું છે એણે પોતે તે આમાં આવ્યું છે. કહો સમજાણું કાંઇ ? એ તો ઉપાધિ ભાવમાં નિમિત્તનો આશ્રય લે છે તેથી બતાવ્યું છે. ઉપાધિભાવ સ્વઆશ્રયે થતો નથી એટલે રાગ કહે છે પણ વિભાવભાવ પરને લઇને થાય છે એમ કહેવું. નિશ્ચયથી પણ તેના પોતાના દોષને કારણે નિમિત્તની અપેક્ષા વિના નિશ્ચયથી. નિમિત્તની અપેક્ષા કહેવી એ તો વ્યવહાર છે. સમજાણું કાંઇ ? ''**તેથી જણાય છે કે તું તેનું સ્વરૂપ ઓળખી તેને હિતરૂપ જાણતો નથી**....''

અહો ? આત્મા ! 'તે દિવ્યશક્તિમાન જેથી જંજીરેથી નીકળે.' આવો દિવ્યશક્તિ પ્રભુ પરમાત્મા આનંદરસ અતીન્દ્રિય આનંદનો રસ એ વિકારની આડમાં રોકાઇ ગયો, વિકારની જાળમાં રોકાણો, એ પણ જે વિકારથી છૂટવું જેને ઠીક લાગે, આવો બચાવ ન હોઇ શકે. સમજાણું કાંઇ ? દોષ તો કર્મને લઇને થાય, દોષ તો કર્મને લઇને થાય. સહેતુક વિકાર કરે છે સમજ્યાને ! પર્યાય વિકારી થઇ છે અને પંચાધ્યાયીમાં તો કીધું છે કે એ વિકાર નિમિત્ત વિના તો થાય જ નહીં. પંચાધ્યાયીમાં એમ કહ્યું છે હોં. વિભાવ છે તે નિમિત્ત વિના થાય નહિ, કારણ કે વિભાવ નિમિત્તના આશ્રયે ન થાય, અને સ્વભાવના આશ્રયે થાય તો વિભાવ કહેવાય નહિ એમ વાત છે. પણ નિમિત્ત છે તો વિભાવ છે, બિલકુલ નહીં. વિભાવ છે ત્યારે સામાને નિમિત્ત કહેવામાં આવે છે.

આમ તને બંધનમાંથી છૂટવાનું જો ઠીક લાગ્યું હોય અને હિતરૂપ જાણતો હો તો આવો બચાવ હોઇ શકે નહીં. માટે અમે જાણીએ છીએ કે તને હિતરૂપ લાગ્યો નથી. મોક્ષ તને હિતરૂપ લાગ્યો નથી. સર્વજ્ઞપદ હિતરૂપ અને મોક્ષપદ હિતરૂપ જાણી તેને સર્વજ્ઞપદ, મોક્ષપદ ''**હિત છે એમ જાણે આ જેનો ઉદ્યમ બને તે ન કરે એ અસંભવિત છે**....'' લ્યો જેને હિતરૂપ જાણે, છૂટવાની દશા હિતરૂપ છે તેમ સર્વજ્ઞદશા એ જ આત્માને હિતરૂપ છે એમ જે જાણે અને જેને એ ઉદ્યમ બને તે ન કરે, અસંભવિત છે. સમજાણું ? હિતરૂપ લક્ષમાં હિતરૂપ તેને લાગ્યું નથી. મોક્ષ છે સુખમય હિતરૂપ લાગ્યું નથી, બંધાવું હિતરૂપ લાગ્યું છે એટલે જ્યાં ત્યાં કર્મને લઇને વિકાર થાય, કર્મને લઇને વિકાર થાય અમે શું કરીએ ? એમ કરીને તું કર્મને કિંચિત્કર બનાવી દે છે. સર્વથા કરનાર તું, સર્વથા અકિંચિત્કર એને કિંચિત્કર એ કરનાર છે...એ કરનાર છે ભલે પરિણમવું એને, પરિણમવું એને કર્તા તરીકે પરિણમવું એને મૂક્યું પણ થાય એ એ રીતે થાય. આહાહા ! લાકડા તો કર્મના ગરી ગયા છે એને ! સમજાણું કાંઇ ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાઇ! તને આનંદ સ્વરૂપમાં આવવું ગોઠતું નથી, અને દુઃખની વિકારી દશા તને ગોઠે છે. માટે ત્યાં પુરુષાર્થ સ્વીકાર ન થાય તો પણ કર્યા જ કરે છે અને આંહી કહે શું કરીએ? રામચંદ્રજી જેવા જુઓ આ દાખલો આપે છે. લક્ષ્મણજીને આમ કાંધે છ મહિના લઇ ગયા. રાખે દેહ ત્રણ ખંડના ધણી. ... ને ત્રણ અઢી દ્વીપમાં ન મળે. સમ્યગ્દષ્ટિ રામચંદ્રજી પુરુષોત્તમ પુરુષ એ ભવમાં મોક્ષ જનારા છેલ્લો દેહ, છેલ્લો દેહ ચરમ શરીર. કેવળજ્ઞાન પામવાના છે એને પણ એમ કે લક્ષ્મણજીને છ મહિના સુધી ચારિત્રમોહનો ... કરી નાંખ્યો એમ કહે છે લોકો. એ દેવાનુપ્રિયા! કહે છે કે નહીં? ... કર્મનો દોષ નથી તારો જ દોષ છે પોતાનો, એનો જ દોષ છે, ચારિત્રમોહનો દોષ છે નહીં. રતિભાઇ! શું હશે આ? કહે છે લોકો પત્રમાંય લખે છે.

રામચંદ્રજી જેવા મહાપુરુષ પુરુષોત્તમ પુરુષ જેની ત્રણ ખંડમાં એની છાપ કોઇ લોપી શકે નહીં. મહાલોકોત્તર નીતિ અને લૌકિક નીતિમાં પૂરા. એને આ છ મહિના સુધી કર્મ બાકાયિત કરવાના કામી છે એ તો ચારિત્રમોહનો દોષ છે. ચારિત્રમોહનો ધર્મ છે માટે ચારિત્રનો બંધ પડયો છે ફરી ગ્યા ... એમ કહે છે લોકો લ્યો. છ મહિના સુધી કર્મનું જોર રહ્યું અને જ્યાં કર્મનું જોર છૂટયું ઓહો! આ બંધવ અમારા નહીં. મરેલા ને જીવતા કેમ કહીએ? મારી વર્તમાન સ્થિતિની અસ્થિરતા છે. ઓહો! એ પુરુષાર્થી પુરુષ કર્મને લઇને નહીં. સમજાય છે કાંઇ?

''**હિતરૂપ જાણી જેનો ઉદ્યમ બને તે ન કરે....**'' જેની જરૂરિયાત જણાય તેનો પુરુષાર્થ ન કરે તે બને નહીં. ભગવાનજીભાઇ! જેની જરૂરિયાત જણાય એનો પુરુષાર્થ સંભવિત ન કરે...સંભવિત ન કરે, ''**અસંભવિત છે**....'' સંભવિત એટલે થતો પુરુષાર્થ એમ કીધું છે ને? (હિતરૂપ) જાણી જેનો ઉદ્યમ બને તે ન કરે એમ. સરસ વાત લીધી છે. સમજાય છે કાંઇ? આત્માની મુક્ત દશા સારી લાગતી હોય, હિત લાગતી હોય તો એ પ્રત્યે પુરુષાર્થ ન હોય એ અસંભવ છે...અસંભવ છે. સંધિ છે નહીં. ત્યારે હાલ્યું આવે છે હવે કર્મની શૈલીની વાત આવી.

શિષ્યે **પ્રશ્ન** કર્યો કે પ્રભુ! ''**તમે કહ્યું તે સત્ય છે**....'' એટલું બેઠું હોં, પરંતુ અમને એક મોટી શંકા છે પ્રભુ! ''**દ્રવ્યકર્મના ઉદયથી ભાવકર્મ થાય છે**....'' શાસ્ત્રમાં તો એવું લખાણ આવે છે પ્રભુ! આપે ભલે વાત કીધી સાચી છે પણ શાસ્ત્રમાં તો એવું આવે છે કે જડકર્મનો ઉદય આવે એટલે અહીં વિકાર થાય. ''**ભાવકર્મ થાય અને ભાવકર્મથી દ્રવ્યકર્મનો બંધ થાય**....'' અને જેવા વિકાર પાછા થાય એવું પાછું નવું બંધન થાય. જૂના બંધનના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉદય પ્રમાણે વિકાર, વિકાર પ્રમાણે બંધન. કહો આ ત્ર્યાંસીની સાલમાં મોટો પ્રશ્ન દામનગર ઉઠયો'તો. આ ધીરૂભાઇ છે ને શેઠિયા! વીસ શેઠિયા લઇને આવેલા. શું ગામ કીધું? દાહોદ એટલે એક જણાએ પ્રશ્ન કર્યો એ જ વાત ચાલી'તી અંદર. કે નહિ દ્રવ્યકર્મ પ્રમાણે ભાવકર્મ બિલકુલ નહીં. એટલે ઓલા વીસ જણાને પૂછ્યું કે કેમ ભાઇ! આ જડકર્મને લઇને દ્રવ્યકર્મને લઇને ભાવકર્મ અને ભાવકર્મને લઇને દ્રવ્યકર્મ...

આ જ પ્રશ્ન હતો. ત્ર્યાંસીની અંદર. સંવત ૧૯૮૩. બરાબર છે? ઓલા કહે બરાબર છે. શું કીધું બરાબર છે આ, તેમાં છૂટવાનું ટાણું કે'દી? દ્રવ્યકર્મનો ઉદય.... પછી તો ગયા. ધીરૂભાઇની તે'દી તો નાની ઉંમરને! આ તો વર્ષ થઇ ગયા કેટલા? છત્રીસ. છત્રીસ વર્ષ થઇ ગયા. ધીરૂભાઇ ત્યાં હતા ને એ વીસ શેઠિયા લઇને આવ્યા બધા બહારના. અગિયાર તો દર્શન કરવા આવેલા દામનગર. એટલે કહે અમારે ચર્ચા તો અંદર હાલતી'તી. બિલકુલ એક પૈસો કર્મનો દોકડો નહીં. એ કહે કે બહુ તો તમે કર્મના દોકડા ઓગણપચાસ રાખો અને આત્માના એકાવન દોકડા રાખો પુરુષાર્થના આમ પ્રશ્ન.

લોકો એમ તો કહે ને કે સરખુ રાખવું જોઇએ કારણ બેય બે સરખા છે એમ. પચાસ-પચાસ ટકા કરવા જોઇએ અત્યારમાં, પચાસ કર્મના ઉદયે અને પચાસ પુરુષાર્થે. બહુ તમે કરો તો એકાવન રાખો અને ઓગણપચાસ. કીધું એકેય દોકડો નહીં.

શેઠ! પછી ઇ શેઠે એમ પ્રશ્ન કર્યો તેમ અહીં પણ શિષ્યે પ્રશ્ન કર્યો. કેમ ભાઇ દ્રવ્યકર્મને લઇને ભાવકર્મ થાય તો કહે હા. એલા દ્રવ્યકર્મને લઇને ભાવકર્મ થયા કરે તો આત્માને પુરુષાર્થથી મોક્ષ થવાનો અવસર ક્યાં? ... એલા તમે બેમાં જે હા હા પાડી તો જડકર્મનો ઉદય આવે એટલે વિકાર થાય, વિકાર થયો એટલે બંધાય હવે એને વિકાર નહિ થવાનો અવસર, છૂટવાનો અવસર કે'દી આત્માને? જો એમ હોય તો કહે. શાસ્ત્રમાં લખ્યું છે ને! તે તો જે કર્યા કરે છે એને માટે કહ્યું છે. દ્રવ્યકર્મનો ઉદય અને એના નિમિત્તે પોતે ભાવકર્મ કર્મ કરે. કરનારો કરે ત્યાં સુધી ભાવકર્મ થાય ને એ બંધાય પણ છોડવાનો કામી જે છે એને કર્મના ઉદય પ્રમાણે વિકાર થાય એ બિલકુલ હોઇ શકે નહીં. સમજાણું કાંઇ? .....

''**દ્રવ્યકર્મના ઉદયથી ભાવકર્મ થાય છે**....'' ભાવકર્મ સમજાણું? આ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ, શુભ અને અશુભભાવ થાય એ કહે છે કે દ્રવ્યકર્મનો ઉદય હોય તો થાય કારણ કે નિમિત્ત વિના થાય તો નિમિત્તનો નાશ થઇ જાય છે, માટે એને લઇને થાય. દલીલ છે એની. ''**અને ભાવકર્મ**....'' જ્યાં પુણ્યપાપના જેવા ભાવ કરો એ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રમાણે નવું કર્મ બંધાય. વળી પાછા તેના ઉદયથી ભાવકર્મ થાય વળી કર્મનું બંધન જે થયું એનો જ્યારે ઉદય આવે ત્યારે આત્મામાં વિકારી ભાવ...ભાવ શબ્દે શુભ અશુભ બેય લીધાં છે હોં આમાં. એકલા અશુભની વાત નથી. શુભ અને અશુભ બેય ભાવ કર્મને લઈને થાય અને ''**એ ભાવને લઈને કર્મ બંધાય. એ પ્રમાણે અનાદિકાળથી પરંપરા ચાલે છે. એ પ્રમાણે અનાદિકાળથી પરંપરા (ચાલે છે) ત્યાં મોક્ષનો ઉપાય કેવી રીતે થઈ શકે?**....'' હવે આમાં છૂટવું ક્યાંથી અમારે? તમે કહો છો કે આમ કરવું ને આમ કરવું ને આમ કરવું એમ શિષ્યનો પ્રશ્ન છે.

(શ્રોતા : ...) હેં? કોણ કરે બીજું? એ દેવાનુપ્રિયા!જોજો આ તમારા દલાલ છે હોં. એક અમારા આ દલાલ છે આખી સભામાં. કહો સમજાણું આમાં? એને જ્યારે કહ્યું એનો **ઉત્તર** આપે છે હવે. શું પ્રશ્નનું રૂપ? કે ભલે અનાદિથી શાસ્ત્રમાં તો એવું આવે છે (એકેય સર્વ વિશુદ્ધ નહીં.) આત્મા કર્મને આશ્રયે ઉપજે અને કર્મ આત્માને આશ્રયે ઉપજે. આ અનાદિથી અજ્ઞાનથી આમ થયા કરે છે તો શાસ્ત્ર કહે વર્ણન છે શાસ્ત્રમાં અને તમે કહો કે ભગવાનની આજ્ઞા આમ છે અને તું મોક્ષને હિત માન તો પુરુષાર્થ કર્યા વિના રહે નહીં. લ્યો! સાચું તો આમ છે પણ આ શાસ્ત્રમાં આમ છે ને! એટલે તમે કીધું તો એમ છે એ વાત તો સાચી લાગે છે પણ ભાન છે એને એમ રહ્યું. (શ્રોતા : પરંપરાથી) એમ ન થાય એમ આવ્યું છે આમાં જુઓ. દ્રવ્ય અને ભાવકર્મની પરંપરામાં પુરુષાર્થનું ન હોવાનું ખંડન. દ્રવ્ય અને ભાવકર્મની પરંપરામાં પુરુષાર્થનું ન હોવાનું ખંડન. એમાં પુરુષાર્થ છે સાંભળ.

''**ઉત્તર: જો કર્મનો બંધ અને ઉદય સદાકાળ સમાન જ થયા કરે તો તો એમ જ છે**....'' તો તો એમ જ છે. કે કર્મના ઉદય પ્રમાણે વિકાર અને વિકારના ભાવ પ્રમાણે બંધન. કર્મનું બંધન અને ઉદય પાછો એનો ને એનો સદાકાળ સમાન જ થયા કરે તો તો એમ જ છે ''**પરંતુ પરિણામોના નિમિત્તથી દેખો! પૂર્વે બાંધેલા કર્મોનું પણ**....'' પૂર્વે બાંધેલું જે કર્મ હતું તેનું ઉત્કર્ષણ થઈ જાય, એ સ્થિતિ રસ વધી જાય અને સ્થિતિ રસ ઘટી જાય. સારા પરિણામ હોય તો સ્થિતિ રસ ઘટી જાય એનું છે તત્ત્વાનુયોગનું. સમજાણું? અને ''**સંક્રમણાદિ થતાં**....'' એક પ્રકૃત્તિ બીજામાં પલટી જાય. તારા પરિણામને આધીન છે...પરિણામને આધીન છે. ''**તેની શક્તિ હીન - અધિક થઈ જાય છે**....'' લ્યો! સંક્રમણ થતાં બાંધેલા કર્મ એની શક્તિ ઓછી અધિક પરિણામ જેવા થાય એના અનુસારે એના થઈ જાય છે. ત્યાં એના થયા એ વ્યવહારથી થાય છે હોં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અત્યારે એ સિદ્ધ નથી કરવું અહીં, ત્યાં એવા થવાને લાયક હોય ક્રમમાં, પણ આ પરિણામ પણ એના ક્રમમાં આવે અને એના પણ એ થવાને લાયક સ્થિતિ વધઘટ થઇ જાય. એના કથનની પદ્ધતિ એમ ન સમજે તો વિપરીત જાય. એટલેકે જડકર્મનો ઉદય હોય એટલે વિકાર કરવો જ પડે. હવે અત્યારે તો એ કહે છે ડીગ્રી ટુ ડીગ્રી કરવો પડે. કહો હુકમચંદજી સમજાણું? કર્મને લીધે હોય ડીગ્રી ટુ ડીગ્રી (શ્રોતા : ...) ભાવ વિકારી થાય છે એને તો કર્મ નિમિત્ત હોય તો એટલા પ્રમાણમાં આવે કે નહીં? પ્રશ્ન છે હોં, ખરેખર તો આવે નહીં. અહીં કહે છે કે જેવો કર્મનો ઉદય આવે એ પ્રમાણે વિકાર કરે. અરે! ભગવાન આ ક્યાંથી કાઢયું તેં આ? ભગવાને કીધું નથી અને તું શીખ્યો એ કર્મ ભગવાનને નામે. ભગવાનના ઉપદેશને નામે. ભગવાને એમ કહ્યું નથી ને લાવી ક્યાંથી આ વાત? સમજાય છે કાંઇ?

ડીગ્રી ટુ ડીગ્રી મોટો પ્રશ્ન ચાલ્યો ... અને કર્મોદયના નિમિત્તથી એટલે કર્મનો ઉદય આવે અહીં પરિણામનાં ફેરફારે એના બંધ સ્થિતિનું એવું ફેરફાર થઇ જાય અને કર્મોદયના નિમિત્તથી કર્મનો ઉદય આવે. સમજાણું કાંઇ? એટલે આત્માને થાય છે આત્માના ભાવમાં તીવ્ર અને મંદ પોતાની લાયકાતથી થાય એમ દર્શન-જ્ઞાન અંતરાય એમ જ્ઞાન દર્શનનો ઉપયોગ - ઉપયોગ ઓછો વધતો થાય છે પોતાના પુરુષાર્થ પ્રમાણે. ''**ત્યાં કોઈ વેળા રાગાદિ મંદ થાય છે**....'' જીવ નહિ હોં અને ''**કોઈ વેળા તીવ્ર થાય છે**....'' એમ છે અહીંયા. આત્મામાં કોઇ વેળા રાગ દ્વેષ, ક્રોધ, માન, મંદ થાય છે પોતાના યોગ્યતાના પ્રમાણે અને કોઇ વેળા તે તીવ્ર થાય છે શુભાશુભ ભાવ. ''**એ પ્રમાણે પલટના થયા જ કરે છે**....'' આત્માના પરિણામમાં પલટના થયા જ કરે છે અને બંધમાં પણ પલટના થયા જ કરે છે. કહો સમજાણું?

''**ત્યાં કદાચિત્ સંજ્ઞીપંચેન્દ્રિય**....'' પંચેન્દ્રિય ''**પર્યાપ્ત શરીર પામ્યો**....'' એ મનુષ્ય આદિ નારકી શરીર. કદાચિત્ મનવાળા પંચેન્દ્રિય, મન વિનાના પંચેન્દ્રિય થાય ત્યાં તો વિચાર શક્તિ જ હોતી નથી. પણ મનવાળા પંચેન્દ્રિય અને તે પણ પર્યાપ્તા કારણકે મનવાળા પંચેન્દ્રિય અપર્યાપ્તા તો મરી જાય છે, એટલે ''**પંચેન્દ્રિય પર્યાપ્તા**....'' મનવાળા **પર્યાય** એટલે એ શરીર **પામ્યો**. ''**ત્યારે મન વડે વિચાર કરવાની તેને શક્તિ પ્રગટ થઈ**....'' જુઓ આ તારામાં ઉઘાડ શક્તિ પ્રગટ થઇ એમ કહે છે. ત્યારે તેને મનવડે, સમજાણું? વિચાર કરવાની તેને શક્તિ પ્રગટ થઇ. જ્ઞાનનો ઉઘાડ છે, દર્શનનો ઉઘાડ છે એને વીર્યનો મન વડે વિચાર કરવાની શક્તિ પ્રગટ થઇ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



‘‘**વળી તેને કોઇ વેળા તીવ્ર રાગાદિક થાય છે અને કોઇ વેળા મંદ થાય છે....**’’ હવે આંહી બીજું કહે છે એની પલટના થયા કરે છે એમ કહેવું છે. કોઇ વેળા તીવ્ર અને કોઇ વેળા મંદ એમ કહેવું છે અહીં. હવે જો કોઇ વેળા તીવ્ર થાય છે, અને કોઇ વેળા મંદ થાય છે, ‘‘**ત્યાં રાગાદિકનો તીવ્ર ઉદય થતાં....**’’ હવે બીજી વાત કરવી છે ઓલી કલ્પનાની વાત કરી હતી. અહીં કહ્યું જ્યારે તીવ્ર રાગદ્વેષ થાય ત્યારે ‘‘**વિષય - કષાયાદિ કાર્યોમાં પ્રવૃત્તિ થાય....**’’ એમ. સમજાણું કાંઇ? જીવના પરિણામમાં જ્યારે અશુભ રાગાદિ તીવ્ર હોય ત્યારે એના પરિણામમાં તો વિષય કષાયના જોર આદિ હોય ન્યાં પ્રવૃત્તિ એની કોર હોય, કાંઇ ધર્મ સાંભળવામાં નવરો થાય નહીં. અશુભ પરિણામમાં એ ક્યાં નવરો થાય? સમજાણું? ‘‘**તીવ્ર ઉદય થતાં તો વિષય કષાયાદિ કાર્યોમાં જ પ્રવૃત્તિ થાય....**’’ પોતાના પરિણામની અને પોતે ... પણ રાગાદિનો મંદ ઉદય થતાં લ્યો.

પણ મંદ શુભરાગ કષાયની મંદતા થતાં પરિણામમાં બહારથી ઉપદેશ ‘‘**આદિનું નિમિત્ત બને....**’’ લ્યો! બહારથી સર્વજ્ઞનો ઉપદેશ એ પરમેશ્વરનો ઉપદેશાદિ સત્‌સમાગમ બને અને પોતે જો પુરુષાર્થ પૂર્વક જુઓ, ‘‘**પોતે પુરુષાર્થ પૂર્વક તે ઉપદેશાદિકમાં ઉપયોગને જોડે....**’’ લ્યો તો ‘‘**ધર્મકાર્યોમાં પ્રવૃત્તિ થાય....**’’ ઉપદેશાદિકમાં એટલે કે ઉપદેશમાં કહેવામાં આવ્યું, ઉપદેશમાં કહેવામાં આવ્યું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવ સન્મુખ થઇને પ્રગટ કર. સમજાણું? ઉપદેશમાં એ કહેવામાં આવ્યું એ ઉપદેશાદિકમાં એણે કહ્યું એમાં ઉપયોગને જોડે, તો ધર્મ કાર્યમાં પ્રવૃત્તિ થાય. કહો સમજાણું કાંઇ? સાંભળવા આવ્યો છે ત્યાં રાગ મંદ છે હવે આને ઉપદેશ મળ્યો, સત્સમાગમ મળ્યો, ઉપદેશમાં આવ્યું, સત્સમાગમમાં આવીને કહ્યું કે જો ભાઇ! તું આ આત્માનું હિત કર હિત. આત્માનું હિત સ્વભાવની દૃષ્ટિ, સ્વભાવનો નિર્ણય - જ્ઞાન અને રમણતા એમ કહ્યું. ‘‘**એમાં જે ઉપયોગને જોડે તો ધર્મકાર્યમાં પ્રવૃત્તિ થાય. અને (પણ) નિમિત્ત (ન) બને (વા) પોતે પુરુષાર્થ ન કરે....**’’ **તો** નિમિત્ત બધું એમ ને એમ રહેશે. કાંઇ પુરુષાર્થ નિર્ણય કરવાના ઠેકાણા કાંઇ ન મળે. સમજાય છે કે નહિ?

હવે બીજી વાત આવી સમજાણું કાંઇ? તથા નિમિત્ત તો બને છે કે અને રાગ મંદ પણ છે એમ બે વાત. શું કીધું? મંદ રાગ છે, ઉપદેશનું નિમિત્ત મળ્યું બેય વાત છે લ્યો! પણ પોતે પુરુષાર્થ ન કરે નિર્ણય કરવાનો. ભાઇ! રાગ મંદ ન થાય હાલ્યો જાય અને ઉપદેશ મળ્યો એ પણ ‘‘**પુરુષાર્થ ન કરે....**’’ દેખો! એ તત્ત્વના નિર્ણયમાં જ્ઞાન ને રમણતાનો પુરુષાર્થ કરે નહિ અને કોઇ ‘‘**અન્ય કાર્યમાં પ્રવર્તે....**’’ રાગ છે મંદ, ક્રિયાકાંડમાં પ્રવર્તે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાણું ? કાં કો'કની સેવા કરે અને કો'કનું આ કરે ને કો'કનું આ કરે અને જે કાળે એમાં મંદરાગ થ્યો એ ગ્યો તારામાં. વાસ્તવિક નિર્ણય કરીને સમ્યગ્દર્શન આદિનો અવસર ગુમાવ્યો. કહો સમજાણું કાંઇ ? પરંતુ અન્ય કાર્યોમાં...

''**પરંતુ મંદ રાગાદિ સહિત પ્રવર્તે**....'' કારણ કે રાગ તો મંદ છે. ક્રોધ, માન, માયા, લોભ એ મંદ થયા છે અને ઉપદેશ મળ્યો છે પણ ઉપદેશ મળ્યા છતાં પુરુષાર્થ કરતો નથી તો મંદરાગાદિનો કાળ બીજા કાર્યમાં ચાલ્યો જશે એમ ને એમ ચાલ્યો જશે. કો'કની પ્રકૃત્તિ કોમળ સુંવાળી આ ક્રિયાકર્મ, અમે આ કર્યું, અમે આ કર્યું અને અમે આ કર્યું એ એમને એમ ગયો વખત ચોર્યાશીના અવતારનો, રખડવાનો આવ્યો. નિર્ણય કરવાનો વખત ચાલ્યો ગયો. કહો સમજાણું આમાં ? ''**મંદરાગાદિ સહિત પ્રવર્તે એવા અવસરમાં ઉપદેશ કાર્યકારી છે**....'' લ્યો ! એ મંદરાગાદિ સહિત જ્યારે હોય એવા અવસરમાં તેને ઉપદેશ મળે તો તે પુરુષાર્થ કરવાને માટે કાર્યકારી છે, તો ઉપદેશ કાર્યકારી, નહિતર ઉપદેશ શું કરે ? ઉપદેશ તો નિમિત્તમાત્ર છે.

વિચાર શક્તિ રહિત એકેન્દ્રિયાદિક છે તેને તો ઉપદેશ સમજવાનું જ્ઞાન જ નથી. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌરેન્દ્રિય મન વિનાના પ્રાણી એમને તો બિચારાને કાંઇ એમ ને એમ પોતાની ઊંધી દશાથી પડયા છે. ''**તીવ્ર રાગાદિ સહિત જીવોને**....'' એક વાત. વિચાર શક્તિ રહિત એકેન્દ્રિય, બેઇન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય ને તો ઉપદેશ સમજવાનું જ્ઞાન જ નથી એક વાત. એટલે કે ત્યાં તો નિર્ણય કરવાનો ઉપદેશ એને હોય નહિ, અને બીજો તીવ્ર રાગાદિ સહિત જેનો રાગ જ બાયડી છોકરા કુટુંબમાં તીવ્ર રાગ અને મમતા...મમતા...મમતા લોટાય...લોટાય...લોટાય. સમજાય છે ?

લોટાયને શું હશે હિંદીમાં, આસક્તિ હેં ? રાગ આસક્તિ કહે છે ને ! વાસ્તવિક અર્થ તો એને ખબર. (શ્રોતા : લોલુપતા) લોલુપતા...લોલુપતા આ વ્યવહારમાં આ મારા દીકરા અને આ મારી દીકરી. પચ્ચીસ માણસ હોય તો આ દીકરીને સુવાવડ કરી, આ દીકરાના લગ્ન કર્યા આને સંગેતરું કર્યું આનું આ કર્યું. હાલ્યો ગયો એમ ને એમ. ભાઇ ! (શ્રોતાઃ ...) એને નથી તો એને મકાન છે. મકાનના ભાડા અને મકાનના ... અને ગામના કાકા એને કાકા અને કાકી છે બેય જીવ, હેં ? જોવાને ક્યાં છે ટાઇમ ? કહો મનુભાઇ ! હતા કે નહીં ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે એક તો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય પ્રાણીને બચારાને ઉઘાડ જ નથી. એને તો જ્ઞાનરહિતને શું કરવું? અને બીજા તીવ્રરાગવાળા જે જીવ છે ઉઘાડ છે પણ તીવ્ર રાગમાં જોડાઇ ગયા છે. તીવ્ર રાગ, દ્વેષ, માન, માયા, લોભ રળવું મોટપ કરવી આ કર્યુંને આ કર્યું, બીજા કરતાં અધિકે વધવું અને નોટોમાં, અમલદારમાં, દુકાનમાં, શેઠાઇમાં વિગેરે વિગેરે એ મોટપ...મોટપ...મોટપમાં મોહનભાઇ!

''**તીવ્ર રાગાદિ સહિત જીવોનો ઉપયોગ ઉપદેશમાં જોડાતો નથી....**'' હિતોપદેશ ભાઇ અમને તો કાંઇ પકડાતું નથી. ગોળીયું લઇને બેઠા હોય તીવ્ર રાગ ને દ્વેષની અંદર પછી કહે શું કહો છો તે પકડાતું નથી. શેનું પકડાય પણ? પકડાઇ ગયો છે કોઇ બીજો. હા ઉપયોગ પછી રાગ, દ્વેષ, તૃષ્ણા ને મમતાના ઊંધે આ દુકાનના ધંધાના વિચાર કરતો હોય લ્યો. હેં? હાલતું હોય અંદરથી. ધંધા આમ ને આમ ને આમ ને આમ ... એમ કોઇ કહી દે તો? એ હોળી હાલતી જ હોય તીવ્ર રાગ, તીવ્ર દ્વેષ, તીવ્ર ક્રોધ, તીવ્ર માન, તીવ્ર માયા, તીવ્ર લોભ, તીવ્ર પ્રશંસા ને તીવ્ર બંધ હેં? વિષય છે. કહો સમજાણું?

''**તીવ્ર રાગાદિ સહિત જીવોનો ઉપયોગ ઉપદેશમાં જોડાતો નથી....**'' અરે! ઉપદેશમાં જોડાતો નથી એમ કીધું ઓલામાં જોડાયા છે તેથી હિતકારી વાત કરી આમાં. તીવ્ર રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ તેથી ઉપદેશમાં જોડાતો નથી. આમ...આમ કરે. કાંઇ સમજાતું નથી. શું કહે હિતની વાત છે. કાં તો આમ જુએ ને કાં તો આમ જુએ અને લુખ્ખુ...લુખ્ખુ...લુખ્ખુ એમ કહે. ઓલો રાગ તીવ્ર છે ને! આ વીતરાગની વાત, વીતરાગની વાત લુખ્ખી લાગે આમ રસ વાળી ન લાગે. તીવ્ર રાગવાળાનો ઉપદેશ જોડાય નહીં. તીવ્ર રાગવાળો ઉપદેશમાં જોડાતો નથી. ઉપદેશ શું કરે છે એમાં ઉપયોગ જ લાગુ પડતો નથી એનો. એ તો હળાહળ હળાહળ બહારની વાતમાં. આમ રળવું અને આમ કરવું છોકરાનું આમ, બાયડીનું આમ, કો'કના સગપણ કરાવી દેવાને આમ કરાવી દેવું હોળી જ હાલતી હોય બધી. (શ્રોતા : વડિલો) હેં? વડિલો હોળીનો નારિયેળ થાય સમજાણું?

ક્યાંય મરીને હાલ્યો જશે ન્યાં ... જે કોઇ મળે ભેગો હાલ્યો જાય. અરે બાપા! ઘણું કરતા'તા અમારા સાટુ હોં! તારા સાટું હોં એના સાટુ કાંઇ નથી કર્યું એણે. ઘણું જોયું? ''**તીવ્ર રાગાદિ સહિત જીવોનો ઉપયોગ ઉપદેશ જોડાતો નથી....**'' એમ પહેલાં તો એમ કીધું. પણ બે વાત કીધીને! બેની વાત કરે છે વાત. જેને વિચાર શક્તિ નથી એ શું કરે છે બિચારો અને જેને તીવ્ર રાગવાળાને ઉપયોગ જોડાતો નથી ''**માટે જે વિચાર શક્તિ સહિત હોય....**'' ઉઘાડ કાંઇ મળ્યો છે. જ્ઞાન-દર્શન અને વીર્યનો ઉઘાડ છે, કહો સમજાણું?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અને જેમને રાગાદિ મંદ હોય** વર્તમાનમાં રાગ-દ્વેષ મંદ...મંદ...મંદ... ઓછા હોય તેમને ''**ઉપદેશના નિમિત્તથી**....'' તેમને ઉપદેશના નિમિત્તથી ધર્મની પ્રાપ્તિ થઈ જાય તો તેનું ભલું થાય. લ્યો! એવા વખતમાં એને જો ઉપદેશ મળે અને જો પુરુષાર્થ કરે એને ધર્મની પ્રાપ્તિ થઈ જાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની તો તેનું ભલું થાય. એ વખતે એને ઉપદેશ કાર્યકારી થાય અને ઉપદેશ મળ્યો પણ મંદરાગમાં વખત ગાળે કાં બીજા મંદરાગના કાર્યમાં ગાળે નિર્ણય તો કરે નહીં. વખત એનો ચાલ્યો જાય માટે પુરુષાર્થ કરવાના પ્રસંગમાં પુરુષાર્થ કરવો એમ કહે છે.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૨૭
## અધિકાર ૯મો
## સ્થળ:સુવર્ણપુરી તા.: ૦૯.૧૨.૬૨ રવિવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

આ મોક્ષમાર્ગ પ્રકાશક ચલતે હૈ. નવમા અધ્યાય. ટોડરમલજી કૃત હૈ. ઉસકા મોક્ષમાર્ગકા સ્વરૂપ ક્યા હૈ વો ચલતે હૈ. શિષ્યે **પ્રશ્ન** કિયા થા કિ ''**હમારે ધર્મકા પુરુષાર્થ હૈ, વો કોઇ કાળ આવે ભવિતવ્ય હોય તો પુરુષાર્થ હોગા કિ કર્મ આદિકી મંદતા હોનેસે હમારે ધર્મકા પુરુષાર્થ હોગા અને હમારા ધર્મકા પુરુષાર્થ હમારે સે હો તો ઉપદેશ તો સબ સાંભળતે હૈ. કોઇ પુરુષાર્થ કરતે નહીં. કોઇ પુરુષાર્થ કર સક્તે હૈ ઉસકા કારણ કૌન ?**....'' આ ઇસકા ઉત્તરમેં આ બાત ચલતી હૈ. સમજમેં આયા ? આ આત્મા હૈ આત્મા, યે અનંતકાલસે મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન-મિથ્યારાગદ્વેષ ઉસમેં પરિભ્રમણ કરતે હૈ. તો ઉસમેં અપના ધર્મકા પુરુષાર્થ કરનેમેં કોઇ કાલ પાક જાયે, ભવિતવ્ય હો જાય, કર્મકી મંદતા અભાવ હો જાય તો પુરુષાર્થ હોગા ? કે અપના પુરુષાર્થ કરતે હુએ ધર્મ હોગા ? અને પુરુષાર્થસે જો હો, ઉપદેશ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો સબ સુનતે હૈ કોઇ પુરુષાર્થ કરતે હૈ ને કોઇ નહિ કરતે ઉસકા કારણ ક્યા ? આ ઉસકા ઉત્તર ચલતે હૈ.

''**જો એકેન્દ્રિયાદિક પ્રાણી હૈ....**'' એકેન્દ્રિય, પૃથ્વી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, હરિતકાય **વો તો ''ધર્મકાર્ય કરને કો સમર્થ હિ નાહીં....**'' ક્યોંકી ઉસમેં વિકાસ, જ્ઞાન, દર્શનકા વિકાસ ભી નહીં, અને તીવ્ર કષાય ઉસમેં હૈ. ઉસમેં કોઇ સાધન મન આદિ તો હૈ નહીં. તો ત્યાં એકેન્દ્રિય પ્રાણી, એકેન્દ્રિય સમજતે હૈ? પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ ઔર વનસ્પતિ ''**એ તો ધર્મકાર્ય કરનેકો સમર્થ હી નાહીં. કૈસે પુરુષાર્થ કરે ? ઔર તીવ્ર કષાયી પુરુષાર્થ કરે....**'' મનુષ્યપણેમેં કોઇ પ્રાણી તીવ્ર કષાય હો, અશુભભાવ હો, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના બહોત પરિણામકી ક્રૂરતા હો, વો ''**પુરુષાર્થ કરે સો પાપ હી કાર્યકો કરે....**'' વો તો પાપકા હી પુરુષાર્થ કરે જિસકા પરિણામમેં તીવ્ર હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના હૈ વો તો પાપકા હી પુરુષાર્થ કરે. ઉસકો તો ધર્મકા પુરુષાર્થ હો સક્તા નહીં. ''**ધર્મકાર્યકા પુરુષાર્થ હોય સકે નાહીં....**'' અસ્તિ-નાસ્તિ કરી.

(શ્રોતા : ...) હા, આંહી કહ્યું. કહો સમજાણું? ૩૧૩ (૩૨૨) પાને છે રતિભાઇ! ૩૧૩ પાને જુઓ, બીજી લીટી. ૩૧૩ પહેલી લીટી. ''**તું તો મહંત રહેવા ઇચ્છે છે**....'' (પહેલી લીટી ત્રણસો તેર) ''**અને પોતાનો દોષ કર્મ આદિમાં લગાડે છે. છે? પણ જિનાજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નાહીં**....'' વીતરાગ કહે છે કે તારા ઊંધા પુરુષાર્થને કારણે થાય. અવળો પુરુષાર્થ પણ તું કરી શકે. ''**જિનાજ્ઞા માને તો કર્મને દોષ લગાડે એવી અનીતિ સંભવે નહીં. તું તો મહંત રહેવા ઇચ્છે છે**....'' અમારા જ કારણે નહિ જુઓ કર્મને લઇને ત્યાં છે. બિલકુલ જૂઠ છે. વીતરાગની આજ્ઞા માનતો નથી. કહો શાંતિભાઇ બરાબર છે? વાત તો ભાઇ જેમ હોય એમ એને માનવી જોઇએ કે નહીં? ઊંધો પુરુષાર્થ કરે તો ઇ, સવળો કરે તોય ઇ, કર્મ બિચારા કોણ? કર્મ તો નિમિત્ત છે. સમજાણું કાંઇ? સારું... (શ્રોતા : ...) હેં? હેં? કર્મ આગળ કરવું નથી, કર્મ એને કારણે. આંહી પોતામાં કરવાનું છે વાત. ઝઘડો બઘડો નથી. પુરુષાર્થ પોતાની હારે કરે ત્યારે કર્મ એની મેળે થઇ જાય. ઝઘડો કોઇની હારે કરવો નથી. કર્મો આત્માને ઝઘડો કરાવતો નથી અને આત્મા એ કર્મને ઝઘડો કરતો નથી. એ તો એની મેળાએ ખસી જાય ઇ. કહો સમજાણું કાંઇ?

દાખલો નહોતો આપ્યો? કોઇ મળવા આવ્યું હોય ને તમે બે ભાઇબંધ વાત કરતા હો, ઓલાને એમ કે ત્યાં મોઢું નથી આપતા માળા. હાલો... ભાગો, એમ આત્મા પોતાના પુરુષાર્થમાં રહે તો કર્મનો ઉદય ખરીને ચાલ્યો જાય. સામું ન જુએ અને જો પણ સામું જુએ પછી ક્યાંથી ખસે? માણસ નથી કહેતા કે મોઢું આપ્યું નહીં. શું કંઇ આપણને નહિ એ... હેં? મને દીધું નહીં. ગ્યા'તા પણ મને દીધું નહીં. બે જણા વાતો કરતા'તા તે બે કલાક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બેઠા પણ સામું મોઢું નહિ જોયું. અમે ઊઠીને ચાલ્યા ગયા. એમ આત્મા પોતામાં પરની સામું જુએ નહિ અને પોતાનો પુરુષાર્થ કરે તો કર્મ-બર્મ એને કારણે ખરી જાય. કહો સમજાણું કાંઈ ? ઘણે ઠેકાણે લખ્યું આ તો નવમાં આ તો દાખલો. પહેલે આંહીથી લખે, બીજે પાને પછી આ પાને પાછું બીજું લખે એમ હોઈ શકે ? ચોખ્ખી વાત. પહેલે પાને આમ લખે ને બીજે પાને આમ લખે તો ત્યાં સમજવું કે નિમિત્ત પ્રધાનથી એના ઊંધા પુરુષાર્થની ગતિ બતાવે છે બસ એટલી વાત છે. (શ્રોતા : ........) હેં ? એની હારે કરે તો એને પાછું રાખીને આનો અર્થ કરે તો મેળ ખાય, નહિતર તો મેળ ખાય નહીં. પહેલું કહીને એને ઉડાડીને બીજી વાત હોય ?

''**ત્યાં કર્મનો તીવ્ર ઉદય થાય....**'' કહો ઓળખ્યું ? ક્યાં ગયા મહાસુખભાઈ ? નથી ? પ્રસાદ લેવા ગયા હશે કહો સમજાણું ? કે હા જાય છે ને કોઈક વાર ક્યારેક જાય છે. હેં લ્યો આ..... ''**કર્મનો મંદ ઉદય હોય ત્યારે જો પુરુષાર્થ કરી મોક્ષમાર્ગમાં પ્રવર્તે તો એથી મોક્ષ પામે અને તેને જ મોક્ષમાર્ગનો ઉપદેશ આપીએ છીએ તથા તે મોક્ષમાર્ગમાં ન પ્રવર્તે....**'' ... દેખો... એ કિંચિત્ વિશુદ્ધતા પામી જો આંહી પાછું શું કીધું ? જો એ મોક્ષમાર્ગમાં ન પ્રવર્તે અને મંદરાગ છે ''**કિંચિત્ વિશુદ્ધતા....**'' થઈ એમ મંદરાગ છે, શુભભાવ છે કાંઈક વિશુદ્ધતા થઈ. પણ એવા શુભભાવને કાળે પુરુષાર્થ ન કરે કે મેં રાગરહિત આત્મા કોણ છું ? એવો નિશ્ચય ન કરે ''**પાછળથી તીવ્ર ઉદય આવતાં નિગોદ આદિ પર્યાયમાં ચાલ્યો જાય....**'' પાછળથી તીવ્ર વીતરાગભાવનો વિરોધી વિકારભાવ ઉત્પન્ન થતા નિગોદ... નિગોદ બટાટા... શક્કરકંદ, લીલફૂગમાં ચાલ્યો જાય. ક્યાંય પાછો પત્તો ખાય નહીં. ''**માટે આ અવસર ચૂકવા યોગ્ય નથી....**'' જુઓ હવે એમ કહે છે. સમજાણું કાંઈ ?

સાંભળવા આવ્યો, રાગની તને મંદતા છે એ વિના સાંભળવા શેનો આવે ? તીવ્ર હોય તો તો દુકાનમાંથી નીકળે નહીં. હોય ત્યારે એમ રાગનો નિશ્ચય કરવો કે રાગ એક વિકાર છે, અને નિશ્ચય કરવો કે આત્મા વિકાર રહિત છે. જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છે. રાગ આત્માના સ્વભાવમાં નથી. એ સ્વભાવથી પૃથ્થક છે. એની સ્વભાવમાં નાસ્તિ છે એવો નિર્ણય કરવો એ આત્માના આધીનની વાત છે. કહો સમજાય છે કાંઈ ? (શ્રોતા : ...) ઈ અંત:ક્રોડાક્રોડી પણ ક્યાંના પરિણામે થયા ? લ્યો સમજાય ને નવું લાવ્યા. અંત:ક્રોડાક્રોડી થાય ત્યારે એ પરિણામ સારા આવે એમ ઈ ઈ પ્રશ્ન છે. ઈ પરિણામ એવા કર્યા તો એ કે જેને લઈને કર્મ ક્રોડાક્રોડી નિમિત્તરૂપે થયા, એવાં પરિણામ જીવના થયા કે કર્મમાં અંત:ક્રોડાક્રોડીની સ્થિતિનું માપ રહે એને કારણે, એ આંહી નિમિત્ત પોતે થયું. સમજાણું કાંઈ ? બધી વાત... આ તો અમારે હાલે છે એકોતેરથી. એકોતેરની સાલથી હાલે છે આ વાત.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ આવ્યા'તા એક ફેરી ભાઈ એ અમરેલીવાળા એક્યાસીમાં ગઢડા જુઓ આમાં લખ્યું ભગવતી(સૂત્ર) માં પુરુષાર્થ કેવળીને બી થાય. કર્મનો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો જ્ઞાન થાય પણ ક્ષયોપશમનો પુરુષાર્થની આંહી જાગૃતિ વિનાના ક્ષયોપશમ થયો ક્યાંથી? ક્યાંથી થયો? પુરુષાર્થના પરિણામ જ્ઞાનના ઉઘાડના પોતે ન કર્યા હોય અને કર્મમાં ઉઘાડ થાય... લાવ્યો ક્યાંથી આ! ખોટો પુરુષાર્થ ... સમજાણું કાંઈ? ભાઈ! તને ખબર નથી એ તારા દોષને કારણે કર્મને આરોપ આપવામાં આવે છે, કર્મનો વાંક જરીએ નથી. રાત્રે ન કહ્યું? પહેલાય કહ્યું'તું ને! કે આવી યુક્તિ શા માટે બનાવે? તને પુરુષાર્થની સિદ્ધિ સંસારમાં પુરુષાર્થની સિદ્ધિ ન થાય તો કર્યા કરે છે એ તો કર્યા કરે છે અને મોક્ષમાર્ગમાં તો આવે ત્યારે કહે કે ભાઈ ઈ કર્મ માર્ગ આપે ત્યારે થશે. અમે જાણીએ છીએ કે તું મોક્ષને દેખાદેખી હિત જાણે છે. સમજીને જાણતો નથી. એટલે 'જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ'.

શ્રીમદ્‌માં આવે છે ને આત્મસિદ્ધિમાં! 'ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ'. આમ જ્યાં ભવની આ સ્થિતિ ને અરે આત્માના શુદ્ધ ચૈતન્ય મૂર્તિ એની શ્રદ્ધા જ્ઞાન કરવાને માટે વખત છે તને. હું આત્મા જ છું, સિદ્ધ ન કર. આવે છે ને ભાઈ આત્મસિદ્ધિમાં. કહો સમજાણું કાંઈ? ''**માટે આ અવસર ચૂકવો યોગ્ય નથી....**'' સમ્યગ્દર્શનને પ્રગટ કરવાનો પુરુષાર્થ કરો. શરીર, વાણી, કર્મ બધાં જડ-માટી-ધૂળ છે. એ મારામાં નથી અને એની દશાનો કરવાનો હું અધિકારી નથી. મારામાં જે પર્યાયની કમજોરીને લઈને પુણ્ય ને પાપના ભાવ થાય એ પણ વિકાર અને આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. એ વિરુદ્ધ ભાવથી એનાથી વિરુદ્ધ એ મારો સ્વભાવ જ્ઞાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એવો સમ્યક્ નિર્ણય પુરુષાર્થ કરવો, તો સમ્યગ્દર્શન થાય, નહિતર સમ્યગ્દર્શન થશે નહીં. કહો સમજાય છે કાંઈ? પણ દરકાર જ ન મળે કાંઈ એમ ને એમ... એમ ને એમ જ્યારે કહેવામાં આવે ત્યારે કર્મનો વાંક કાઢે ત્યાં તો એને નવરાશ નથી, મરવાની નવરાશ નથી, ફલાણું નથી ભાઈ હમણાં તો નહિ બને. સમજાણું? પછી બનશે ક્યારેક વૃદ્ધાવસ્થા થાય ત્યારે લ્યો! હેં? ખોટે ખોટા બહાના આપે માળા.

નવનીતભાઈ! ''**હવે સર્વ પ્રકારથી અવસર આવ્યો છે લ્યો....**'' પહેલો સામાન્ય ''**અવસર ચૂકવો યોગ્ય... ચૂકવો યોગ્ય નથી....**'' એમ કહ્યું. ''**હવે સર્વ પ્રકારથી અવસર આવ્યો છે....**'' લ્યો એમ તો કહે છે હવે. કહો સમજાણું? ઈ અવસર... અવસર છે ને એવા શબ્દ ઘણાં છે ભાઈ એમાં. સાતમા બોલમાં લખ્યું છે સમજાણું? છે ને ત્યાં ઉત્તર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુઓને ત્રણસોતેર પાને છે. ''**એવા અવસરમાં ઉપદેશ કાર્યકારી છે**....'' કાળ... કાળ લીધો ન્યાં ત્રણસોતેર પાને પહેલું બીજું... એ ''**એ જ અવસરમાં પુરુષાર્થ કાર્યકારી છે**....'' સમજ્યાને? એમાં પુરુષાર્થ લીધો છે પહેલો અને જુઓ ત્યાંય લીધું છે ત્રણસોચૌદ. ''**આ અવસરમાં પણ તત્ત્વનિર્ણય કરવાનો પુરુષાર્થ ન કરે, પ્રમાદથી કાળ ગુમાવે**....'' ત્યાંય પણ અવસર લીધો છે. સમજાણું? ચાર... પછી ''**વ્યવહાર ધર્મકાર્યમાં પ્રવર્તે તો અવસર તો ચાલ્યો જાય પછી**....'' બીજું આ અવસરમાં ત્રણસોચૌદની બીજા પારાની પહેલી લીટી. ઇ પુરુષાર્થ વડે તત્ત્વનિર્ણય... જો અવસર... અવસર પોકાર કર્યો છે બધે. સમજાણું કાંઇ?

''**આ અવસર ચૂકવો યોગ્ય નથી**....'' છઠ્ઠો બોલ આવ્યો. ''**સર્વ પ્રકારથી અવસર આવ્યો છે**....'' સાતમો બોલ આવ્યો. ''**આવો અવસર પામવો કઠણ છે**....'' આઠમો આવ્યો. મગનભાઇ! હેં? ... અવસર... અવસર, બાપા અવસર છે ભાઇ! તું આત્માની શ્રદ્ધા... જ્ઞાનની પિછાણ કર. એની ઓળખાણ અનંતકાળમાં કરી નથી. બાકી પુણ્ય ને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ અનંતવાર કરી ચૂક્યો છે પણ બંધન થયું, મિથ્યાદૃષ્ટિ થઇ ચાર ગતિમાં રખડયો, પણ પુણ્ય-પાપના ભાવ રહિત, શુભાશુભ ભાવરહિત મારી ચીજ બીજી છે એ શુભને આધીન પણ પ્રગટ થતી નથી એમ પુરુષાર્થ કોઇ દી' એણે કર્યો નથી. કહો રતિભાઇ બરાબર છે? આ તો સમજાય એવું છે, નથી સમજાય એવું નથી કાંઇ! એમ નહિ કાંઇ અમારા જેવા... અરે! બધામાં બુદ્ધિ છે, નથી એમ હોય? ક્ષયોપશમ છે ને ઉઘાડ નથી? કહો સમજાણું આમાં? અવસર આવ્યો... અવસર આવ્યો... અવસર આવ્યો આઠ વાર લખ્યું છે.

(શ્રોતા : પાણીમાં તરી શકે છે) પાણીમાં તરી શકે છે શક્તિથી. ઇ શક્તિ એ વખતે નથી માટે તરી શક્તો નથી પોતાની શક્તિને કારણે છે કહો, પાછું એમ કહે કે પાણીનું જોર હોય ત્યારે નથી તરી શક્તો? ઇ પાણીનાં જોર વખતે એની શક્તિ નથી માટે નથી તરી શક્તો, પાણીના જોરને કારણે નહીં. કહો સમજાણું કાંઇ? (શ્રોતા : ...) ઇ તરે ને ઇ જ પડે અંદર. પડે... અમે તો નાની ઉંમરમાં જોયું છે ને! અહીંયા કાળુભાર બે હવાડાના અંદરના કૂવા પાણી આવે ને બે કાંઠે પાણી બહુ જોર આવે. બહુ પાણી દરિયો કાળુભાર નદી મોટી ઉમરાળામાં મોટી નદી એ તો દરિયો આવે કાળ આવે છોકરા ત્રણ જુવાન ગ્યા ગામમાં પાણી જોયું આંહી સુધી ... એવું જોવા લઇ ગયા બધાને... એવું પાણી બ્રાહ્મણ પડયો'તો. બે પડયા'તા એમાં એક નીકળ્યો એક મસાણમાં સામું એક મસાણ ... જ્યાં હતું ત્યાં માંડ માંડ નીકળી શક્યો ત્યાંથી, ઘણાં વર્ષની વાત છે સાઠ-બાસઠ વર્ષ થયા સમજાણું કાંઇ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**હવે સર્વ પ્રકારથી અવસર આવ્યો છે....**'' લ્યો સાંભળો હવે બેઠા એને આ કહે છે ભાઈ હેં! કોને કહે છે? કોને સાંભળો એમ કહે છે? કાંઈ ઘરે સંભળાવા જાય છે એને? ''**આવો અવસર પામવો કઠણ છે તેથી શ્રીગુરુ દયાળુ થઈ દેખો મોક્ષમાર્ગને ઉપદેશે મોક્ષમાર્ગને ઉપદેશે....**'' ભાઈ, તું મોક્ષમાર્ગ પ્રગટ કર ભાઈ! એ પડવાના અવસર ગ્યા હવે. બૂડવાના રસ્તે તો અનંતકાળથી ગ્યો'તો. હવે બસ કર બાપુ! આત્માનો પહેલો નિર્ણય કર. હું આત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્ય છું. રાગ પણ મારી ચીજમાં નથી. પુણ્ય-પાપના ભાવ એ પણ પૃથ્થક ભાવ કર્યો થતો નથી પણ અંદર નબળાઈને કારણે બહાર આવે છે એવી ચીજ છે. મારી ચીજમાં ઈ છે નહીં. એવો નિર્ણય કર એવું જ્ઞાન કર અને એવો અનુભવ કર. એ તારા અધિકારની વાત છે કોઈના અધિકારની વાત નથી. (શ્રોતા : ....) હા થઈ રહ્યાં એ તો કહે છે ને, આવો ઉપદેશ મળે અને જે ન સાંભળે અને ન સમજે એના અભાગ્યની વાત શું કરવી એ તો પહેલી વાત થઈ ગઈ કે આવું પુસ્તક... કારણકે શૈલી છે ભાષામાં આ લખાયું અને ન વાંચે.

દરિદ્રીને ચિંતામણી રતન દેખવા મળે અને ન જોવે અને કોઢિયાને અમૃતપાન મળે અને ન પીવે એના અભાગ્યની વાત શું કરવી? એના અભાગ્યની વાત શું કરવી એમ. છે? પહેલા આવી ગયું છે પહેલા અધ્યાયમાં આવી ગયું છે એમ જેને આવી સુગમ શૈલી સરળ સીધી  વાત શાસ્ત્રમાં લખેલી સાંભળવા મળે અને સાંભળે નહીં, વાંચે નહીં અને વિચારે નહીં એના અભાગ્યની શું કહેવી... એના અભાગ્યની શું કહેવી! ભાગ્યવાનની તો ભાગ્ય ... હેં? (શ્રોતા : ...) ત્યાં ઈ જ કહે છે ને જુઓ આવ્યું છે ને પહેલા આવી ગયું છે ઈ. જુઓ એ ત્રેવીસ પાને, પાનું ત્રેવીસ બીજો પેરેગ્રાફ. બીજો પદ, દૂસરા ... માથે બીજો પેરેગ્રાફ. ''**જેમ કોઈ મહાન દરિદ્રીને અવલોકન કરવા... અવલોકન માત્ર ચિંતામણીની પ્રાપ્તિ થાય છતાં તે ન અવલોકે, જેમ કોઈ કોઢીયાને અમૃતપાન કરાવવા છતાં પણ તે ન કરે એમ સંસાર પીડિત જીવને....**'' આ સંસાર કોઢીયો છે, દરિદ્રી છે. સંસાર પીડિત પ્રાણી કોઢીયોને દરિદ્રી છે અને કરોડપતિ-અબજપતિ રાજા હોય તો ભિખારી દરિદ્રી છે. આત્માની શું ચીજ છે એની ખબર નથી. ''**સંસાર પીડિત પ્રાણી આ જીવને સુગમ મોક્ષમાર્ગના ઉપદેશનું નિમિત્ત બને છતાં તે અભ્યાસ ન કરે તો તેના અભાગ્યનો મહિમા કોણ કરી શકે?....**'' એ વળી ઓલી કોરની લીટી છે. ''**તો એના અભાગ્યનો મહિમા કોણ કરી શકે? તેનું તો ભાવિ જ વિચારી પોતાને સમતા આવે....**'' રતિભાઈ છે?

કોઈ છોકરાને કહે આઠ વર્ષનો હોય એને અલ્યા તારો બાપ કરોડ મૂકી ગયો છે લાવ ચોપડા લાવ તારા... ઈ ચોપડા તપાસવા ન આપે અને તપાસે એના ભાગ્યની શું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત કરવી એમ આ ચિંતામણિ રતન જેવા પુસ્તકો આમ મળ્યા એટલે જોવે નહીં, સાંભળે નહીં, વિચારે નહીં. સાંભળવા જ તૈયાર નહીં. હમણાં વખત નથી, બહુ સારું, ત્યારે રખડવાનો વખત છે ચાર ગતિમાં કહો હેં? થઇ રહ્યું. જીવ અરે આ દેહ છૂટશે બાપા! આ સાંધા હલવાઇ જશે એટલું યાદ રાખજે. આહાહા! આ નહિ હાલે... આ નહિ હાલે. એ છૂટી દૃષ્ટિ કર્યા વિના આ એકપણે પિડાઇ જઇશ. સમજાય છે? છૂટી દૃષ્ટિ એટલે તો સમ્યગ્દર્શન એ છૂટી દૃષ્ટિ છે ને સમ્યગ્દૃષ્ટિ છે. ભાઇ! મોક્ષનો માર્ગ છૂટો છે. છૂટો છે રાગથી ને પરથી, એવી દૃષ્ટિને પ્રગટ કર્યા વિના એ જે ટાણે હાલત કહો... હાલત કહો. એકત્વબુદ્ધિ ... વરસાદ થતાં અળસીયા મરે એમ મરીને હાલ્યો જાય શરણ કોઇ બહારમાં છે નહીં. કહો સમજાણું કાંઇ? ''**મોક્ષમાર્ગને ઉપદેશે તેમાં ભવ્ય જીવોએ પ્રવૃત્તિ કરવી**....'' આપણે પાઠ પહેલો છે. ''**હવે મોક્ષમાર્ગનું સ્વરૂપ કહીએ છીએ**....'' લ્યો! એટલું તો ઉપોદઘાત બધી કરી. હવે મોક્ષમાર્ગ સ્વરૂપ બતાવે છે.

## મોક્ષમાર્ગનું સ્વરૂપ

પરમાનંદરૂપી પૂરણ શુદ્ધ દશા એવો મોક્ષ એનું માર્ગ એટલે કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એના સ્વરૂપની વાત હવે કરે છે. ''**જેના નિમિત્તથી આત્મા અશુદ્ધ દશા ધારણ કરી દુઃખી છે**....'' દેખો, પાછી વાત આવી જુઓ ઇ. મોહાદિકર્મ તો નિમિત્ત છે એમ સ્પષ્ટ કરી દીધું. ''**નિમિત્તથી આત્મા અશુદ્ધ દશા ધારણ કરી દુઃખી રહ્યો છે**....'' અશુદ્ધ દશામાં, શુભ ને અશુભ બેય ભાવ આવી જાય છે. અનંતવાર જે નવમી ગ્રૈવેયકના અસંખ્ય મહાવ્રત પાળ્યા અઠયાવીસ મૂળગુણ પાળ્યા એ પણ અશુદ્ધ દશા છે. સમજાણું કાંઇ? અત્યારથી અનંતકાળ સુધીમાં ભૂતકાળમાં જેના નિમિત્તથી આત્મા અશુદ્ધ દશા ધારણ કરી. જુઓ... ''**નૈમિત્તિક અશુદ્ધ દશા**....'' એણે ધારણ કરી, મોહકર્મ તો નિમિત્ત છે. ''**નૈમિત્તિક એની અશુદ્ધ દશા ધારણ કરી**....'' આ અશુદ્ધ દશામાં નવમી ગ્રૈવેયક જૈન દિગંબર સાધુ થયો અઠયાવીસ મૂળગુણ પાળીને મિથ્યાદૃષ્ટિ એને અશુદ્ધ દશા છે એમ કહ્યું છે. નિગોદની પણ અશુદ્ધ દશા, ગ્રૈવેયકમાં ગયો એ અશુદ્ધ દશા... કહો સમજાણું? પંચમહાવ્રત પાળ્યા એ અશુદ્ધ દશા અને પાપના ભાવ થયા એ પણ અશુદ્ધ દશા.

જેના નિમિત્તથી... મોક્ષમાર્ગ બતાવવો છે ને! તો અશુદ્ધ દશા એ સંસાર છે એનાથી શુદ્ધતાને પ્રગટ કરે તેને મોક્ષમાર્ગ કહેવાય માટે બતાવે છે. સમજાણું કાંઇ? ''**જેના નિમિત્તથી**....'' નિમિત્ત એટલે કર્મ. ''**આત્મા અશુદ્ધ દશા ધારણ કરી દુઃખી થયો છે**....'' પોતાના ઊંધા પુરુષાર્થથી નિમિત્તના લક્ષે નિમિત્તને આશ્રયે અશુદ્ધ નામ શુભ અને અશુભ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવ અને મિથ્યા ભ્રમણા ... એ શુભ ભાવથી હિત થશે, અશુભ ભાવમાં સુખ છે એવી બુદ્ધિ એ બધી અશુદ્ધ દશા ધારણ કરી છે આત્માએ. એ કર્મે ધારણ નથી કરી. સમજાણું કાંઇ? અશુદ્ધ દશા ધારણ કરી, આત્માની પર્યાયની અવસ્થામાં અસ્તિત્વમાં અશુદ્ધ દશા છે. કાંઇ કર્મના અસ્તિત્વમાં અશુદ્ધ દશા નથી. સમજાણું કાંઇ? અશુદ્ધ દશા ધારણ કરી, ટકાવી રાખી દુ:ખી થયો છે. આહા! ભાષા જુઓ. સમજાણું કાંઇ?

શુભભાવમાં ધર્મ, અશુભભાવમાં મજા, નિમિત્ત અને અનુકૂળને મેળવું અને પ્રતિકૂળને દૂર કરું એવી તારી માન્યતાનો ભાવ તે બધો અશુદ્ધ દશા છે. સમજાણું કાંઇ? પંચમહાવ્રત ને બારવ્રતનાં વિકલ્પો કર્યા અનંતવાર, અઠયાવીસ મૂળગુણ પાળ્યા, ''મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'', તો મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો. નવમી ગ્રૈવેયક અનંતબૈર ગયો આત્મા. દિગંબર જૈન સાધુ હોકર પણ દૃષ્ટિ મિથ્યા, ઓ પંચ મહાવ્રત ઔર અઠયાવીસ મૂળગુણ પાળ્યા આ ઉસકો ધર્મ માન્યા. ઉસકો ધર્મ સ્વીકાર કિયા હૈ યે સ્વીકાર હમ ધર્મ કરતે હૈ. બારવ્રત પાળતે હૈ. અરે! બારવ્રત હો તો રાગ મંદ હૈ કો બારવ્રત કહેતે હૈ. ધર્મ ક્યાં ઓ વ્રત સમજમેં આયા? ઐસા સમ્યગ્દર્શન બિના મિથ્યાદૃષ્ટિ શુભાશુભ ભાવ અનંતબાર કરકે, અશુદ્ધદશા ધારણ કરકે દુ:ખી હો રહા હૈ, દુ:ખી થયો છે. આ ગુજરાતી ભાષા હિંદીકો પહેલા કહેગા. હા, થોડા થોડા હિંદી બોલના ગુજરાતી સમજવાળાકા હિંદી તો દરરોજ હિંદી આતા હૈ.

''**એવા જે મોહાદિકર્મ....**'' દેખો. અશુદ્ધ દશા આત્માએ ધારણ કરી હૈ. આત્મામેં અશુદ્ધ દશા હૈ. નિમિત્ત કર્મ હૈ. નૈમિત્તિક અપની પૂર્વ અશુદ્ધદશા હૈ. ઓ દોકો નિમિત્ત-નિમિત્ત સબંધ હૈ. કર્તા-કર્મ સંબંધ નહીં. કર્મ, કર્તા ને અશુદ્ધ દશા કાર્ય ઐસા નહીં. સમજમેં આયા? આહાહા! ''**એવા જે મોહાદિ કર્મ, તેનો સર્વથા નાશ થતાં....**'' જુઓ, આઠકર્મના નિમિત્તનો અહીંયા અશુદ્ધદશામાં અશુદ્ધતાનો નાશ થતાં નિમિત્તનો પણ (નાશ થાય છે). ''**સર્વથા નાશ થતાં કેવળ આત્માની....**'' ... મોક્ષદશાનું વર્ણન કરે છે. ''**કેવળ આત્માની જે સર્વ પ્રકારથી શુદ્ધ અવસ્થા થવી તે મોક્ષ છે....**'' અશુદ્ધ દશા હતી એ સંસાર છે. શુભ અને અશુભ ભાવ કિયા વો હી સંસાર હૈ. સમજાય છે કાંઇ? નવમી ગ્રૈવેયક અનંતબૈર ગયો ઓ, ઓ શુક્લલેશ્યા હોકર ગયે. શુક્લલેશ્યા દ્રવ્યલિંગી જૈન દિગંબર સાધુ. શુક્લલેશ્યા સંસારદશા, શુક્લ ભી લેશ્યા સંસારદશા હૈ. હાય હાય! કેમ કે શુક્લલેશ્યા બંધનું કારણ છે. છએ લેશ્યા શ્લેષ છે, શ્લેષ, શ્લેષ. લાકડાને કાગળ ચોડવો હોય તો શ્લેષ હોય છે ને? ગુંદર એમ આત્માને કર્મ ચોંટવામાં એ શ્લેષ છે. છ લેશ્યા પછી કૃષ્ણ, નીલ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કપોત હો કે તેજો, પદ્મ, શુક્લ હો. પંચમહાવ્રતના પરિણામ એ શુક્લલેશ્યા છે ધર્મ નહીં. આહાહા! સમજાય છે કાંઇ?

''**એવી અશુદ્ધ દશા ધારણ કરી, દુઃખી થયો એને સર્વથા કર્મનો નાશ થતાં સર્વ પ્રકારથી**....'' બે વાત લીધીને. સર્વથા નાશ થતાં, અને સર્વ પ્રકારથી શુદ્ધ એમ. ''**સર્વ પ્રકારથી શુદ્ધ અવસ્થા થવી તે મોક્ષ છે**....'' જુઓ, અશુદ્ધતાથી શુદ્ધ અવસ્થા થઇ ઓલામાં લીધું છે ને? કે અશુદ્ધ દશા ધારણ કરી રહ્યો છે એ નિમિત્ત... એ નિમિત્તનો નાશ અને આંહી સર્વથા અશુદ્ધ દશાનો નાશ, અને સર્વથા અશુદ્ધ દશાનો નાશ અને સર્વ પ્રકારથી શુદ્ધ અવસ્થાની ઉત્પત્તિ. અશુદ્ધ અવસ્થાનો નાશ-વ્યય અને સર્વથા શુદ્ધ દશાની ઉત્પત્તિ. એનું નામ ભગવાન મોક્ષ કહે છે. સમજાય છે કાંઇ? એ મોક્ષદશાને અંતર શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અંતર રમણતા દ્વારા પમાય તે માર્ગને મોક્ષનો ઉપાય કહેનેમેં આતા હૈ. સમજાય છે કાંઇ? ''**તથા તેનો જે ઉપાય**....'' દેખો શુદ્ધ અવસ્થાનો, ''**એનું જે કારણ, તે મોક્ષમાર્ગ જાણવો**....'' એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

હવે જુઓ આ મોક્ષમાર્ગ... માર્ગ છે ને માર્ગ એટલે કારણ ઉપાડયું માર્ગ કહો, ઉપાય કહો કે કારણ કહો. ''**હવે કારણ તો અનેક પ્રકારના હોય છે**....'' મોક્ષમાર્ગ યે કારણ હૈ કિસકા? મોક્ષકી પર્યાયકા. પૂરણ મોક્ષ પર્યાય એ કારણ. હવે કારણ હારે બીજા કારણ પણ અનેક હોય પણ કહે છે કે ''**કારણ તો અનેક પ્રકારના હોય છે**....'' આ કારણ મોક્ષમાર્ગનો પર્યાય પ્રગટ કરે, જરૂર મોક્ષ મળે એમ સિદ્ધ કરવું છે આંહી. સમજાય છે કાંઇ? ''**કારણ તો અનેક પ્રકારના હોય છે. કોઈ કારણ તો એવા હોય છે કે જેના હોવા વિના તો કાર્ય ન થાય જેના હોવા વિના કાર્ય ન થાય અને જેના હોવાથી કાર્ય થાય વા ન પણ થાય**....'' એક કારણ શું? ''**કે મુનિલિંગ ધાર્યા વિના તો મોક્ષ ન થાય**....'' દ્રવ્યલિંગ નગ્નદશા વિના કેવળજ્ઞાન ત્રણકાળમાં ન હોય. જ્યાં આત્માને સમ્યગ્દર્શન, ચિદાનંદ, મૂર્તિ, જ્ઞાતાદષ્ટાનું ભાન હુઆ ઔર ઉસમેં લીન... લીન આનંદકા ઊભરા અતીન્દ્રિય આનંદકા ભરતી આયે અંદરમેં તો ઉસકો વસ્ત્ર લેનેકા વિકલ્પ હી હોતા નહિ ઔર શરીર નગ્નદશા હુએ બિના રહેતે નહીં. સમજમેં આયા? ભારે ગરબડ ભારે!

ઓલા કહે કે વસ્ત્ર અને શરીર નગ્ન ન હોય તો ય કેવળ પામે. ત્રણ કાળમાં ન હોય. ઇ વાત આપણે નગ્ન નથી આનાથી મુનિ થયા કે ત્રણકાળમાં નહીં. બહારની દશા ઓ તો નિમિત્ત હૈ અંતરમેં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર પ્રગટ કિયે બિના એવા નગ્નદશામેં છએ મૂળગુણ કોઇ કાર્યકારી હૈ નહીં. સમજાય છે કાંઇ? આંહી માર્ગ છે ને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માર્ગ! માર્ગ એટલે ઉપાય અને કારણ. એ કારણમાં કયું કારણ હોય તો અવશ્ય મોક્ષ થાય અને કોઈ કારણ હોય ને ન હોય, એ ક્ષયોપશમ બતાવે છે અહીંયા. સમજાય છે કાંઈ? અપના સ્વરૂપ શુદ્ધ તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યક્ અનુભવ. રાગ, પુણ્ય અને નિમિત્તસે પર ઐસા અપના આત્માકા અનુભવ હુઆ તો ઓ આત્મા સમ્યગ્દ્રષ્ટિ એક રાગકી ક્રિયાકા કર્તા નહીં. પરમાણુ ઐસે હલતે-ચલતે મેરી ક્રિયા નહિ ઓ જડકી હૈ ઐસા સમ્યગ્દર્શન હુઆ, પીછે સ્વરૂપમેં લીનતા હુઈ આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદમેં લીનતા હુઈ તબ ચારિત્રદશા હોતી હૈ. ઓ ચારિત્રદશા હો તબ મુનિલિંગ દ્રવ્યલિંગ હોતા હોતા ને હોતા હી હૈ. સમજમેં આયા?

પણ દ્રવ્યલિંગ મુનિપણા હુઆ, ને અઠયાવીસ મૂળગુણ પાળતે હૈ તો એ મુનિ હૈ ઐસા નહીં. .... પ્રેમચંદજી! સમજાય છે કાંઈ? ''**મુનિલિંગ ધાર્યા વિના મોક્ષ ન થાય. પરંતુ મુનિલિંગ ધારતા મોક્ષ થાય અને ન પણ થાય....**'' કેમ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ વિના મુનિલિંગ અને અઠયાવીસ મૂળગુણથી પણ મોક્ષ હોતા નહીં. કહો બરાબર છે રતિભાઈ? આમાં મુનિલિંગ અઠયાવીસ મૂળગુણથી મોક્ષ નથી એમ કહે છે. (શ્રોતા : ...) તો કહ્યું નહિ પહેલું, દોલતરામ, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રિવક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. આતમજ્ઞાન સમ્યગ્દર્શન બિના તારા પંચમહાવ્રત કયા તોલે તોળાતા હતા. અઠયાવીસ મૂળગુણ ઓ તો રાગ, આસ્રવ, પુણ્ય હૈ, ધર્મ-બર્મ નહીં. આહાહા! સમજમેં આયા? પણ જબ આત્માકા દર્શન, જ્ઞાન ને ચારિત્ર હોતા હૈ, અંતર અનુભવકી દ્રષ્ટિ છઠ્ઠે ગુણસ્થાન, મુનિકી ચારિત્રદશા છઠ્ઠે ગુણસ્થાન તબ નગ્નદશા, અને કપડા વિનાની દશા હોયા વિના હોતી (નથી). એ તો દશા તો ઐસી હોતી હૈ. સમજમેં આયા?

તો કોઈ ઐસે કહે કે હમારે તો કેવલજ્ઞાન હો ગયા હૈ. વસ્ત્ર-પાત્ર હૈ ને મુનિપણા હો ગયા હૈ, મૂંઢ હૈ. ધર્મકો સમજતે નહીં. ધર્મ ક્યા ચીજ હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન હો સકે. રાજપાટ હો, સ્ત્રી-કુટુંબ હો તો પણ સમ્યગ્દર્શન-જ્ઞાન હો સકે પણ ચારિત્ર... ઓ સ્વરૂપકી રમણતા કરનેમેં જબ આયા, તબ શરીરકી નગ્નદશા હુએ બિના રહેતી નહીં. કરની નહિ પડતી એ તો જડની અવસ્થા હૈ માટીની. જડકી અવસ્થા હો જાતી હૈ. હો જાતી હૈ ઉસકો ધારણ કરના ઐસા વ્યવહારસે કહેનેમેં આયા હૈ. આહાહા! આત્મા કેવલ... સમજાય છે કાંઈ? ''**મુખ્યપણે તો જેના હોવાથી કાર્ય થાય અને કોઈને તે હોવા વિના પણ કાર્ય સિદ્ધ થાય....**'' બીજી વાત કરે છે હોં. એ વાત ત્યાં આગળ પૂરી થઈ. ''**હવે મુખ્યપણે તો જેના**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હોવાથી કાર્ય થાય. કોઈને તે હોવા વિના પણ કાર્ય સિદ્ધ થાય, જેમ કે મુખ્યપણે અનશન આદિ બાહ્યતપનું સાધન કરતાં મોક્ષ થાય...''** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંદર હો, બાહ્યતપનું સાધન પણ નિમિત્તરૂપે હોય ''**પરંતુ ભરતાદિને બાહ્યતપ કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ થઈ....**''

અંતરના અનુભવની ઉગ્રતાથી કાંઈ તપ નહોતું અનશન... એવું કાંઈ નિમિત્તપણું તપનું કાંઈ હતુ નહીં. અંદર આત્માના આનંદમાં ઉતરી આનંદની ખાણમેં અંતરમેં પ્રવેશ કરી સહજ જાનતે એકદમ કેવળ પ્રાપ્ત હુઆ. અંતર્મુહૂર્તમેં કેવલ. મુનિપણા લેકર અંતર્મુહૂર્તમેં કેવલ. તપસ્યા બપસ્યા હોઈ નહીં. હો ગયા. અંદર હો ગઈ અને કોઈને બાહ્યમાં નિમિત્તપણે અનશન આદિ હોય પણ સાધન તો અંદરમાં નિશ્ચયનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કરતો હોય તે. ત્યારે આ બાહ્યનિમિત્તને નિમિત્ત સાધન કહેવામાં આવે, પણ એ નિમિત્ત સાધન કોઈને ન પણ હોય, કોઈને હોય એ વાત કરે છે. સમજાણું કાંઈ? (શ્રોતાઃ ...) ક્યા? હેં? શું કહે છે? અચ્છા તો કોણ કહેતે હૈ અચ્છા? ઐસા નહિ હૈ. ધર્મ કિયા તો ખબર પડે. હેરાન થઈ જાય હેરાન... મફતના. એય કેસરીચંદજી! છે ને એ શેઠને કોણ કહે, તમારા જેવા ભાઈબંધ કોઈ એ ઉપાડીને લાવ્યા ખેંચીને. મૂલાચારમેં કુંદકુંદઆચાર્યે કહા હૈ કુંદકુંદઆચાર્યે. મૂલાચારમેં કહ્યા. અરે! ભાવલિંગ બિના એકીલા દ્રવ્યલિંગ મેરા શત્રુકો ભી ન હો.

મૂલાચારમાં ગાથા હૈ નવનીતભાઈ! ભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બિના એકીલા દ્રવ્યલિંગ મેરા વેરીને ન હોજો. (શ્રોતા : ...) ભાવ શુભ... ધર્મભાવ નહીં. એમકે ભાવ હુઆ થા ને મુનિ હોગા હી એ શુભભાવ હોયેગા રાગની મંદતા, ધર્મ બર્મ નહીં. જુઓ આ ઉત્તર દિયા તુમ્હારા. મૂલાચારમેં હૈં.

વિશેષ કહેશે.......

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
# પ્રવચન નં. ૨૯
# અધિકાર ૯મો
# સ્થળ:સુવર્ણપુરી તા.:૧૨.૧૨.૧૯૬૨ બુધવાર

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

આ મોક્ષમાર્ગ પ્રકાશક ટોડરમલ કૃત હૈ. વો ચલતા હૈ. નામ સુના હૈ? મોક્ષમાર્ગ પ્રકાશક. ડામરામેં નહીં? ઓ ટોડરમલ હૈ ને વો ટોડરમલજી હુઆ હૈ. મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર બનાયા હૈ. ઉસકી બાત મોક્ષમાર્ગકા સ્વરૂપ ડામરામેં. ચારસો સાત પાનું, ઉસમેં મોક્ષમાર્ગકા સ્વરૂપ દિખાતે હૈ. કે આત્મા જો અનાદિકાલસે કર્મકા નિમિત્ત હૈ અને અપની દશામેં મલિન દશા, અશુદ્ધ દશા, જો હો રહી હૈ, પુણ્ય અને પાપ, શુભ અને અશુભ ભાવ એ દોહી અશુદ્ધદશા આત્માકી અવસ્થામેં હૈ ઉસસે યે દુ:ખી હો રહા હૈ. કહો શેઠ! બરાબર હૈ? અશુદ્ધ દશાસે દુ:ખી હો રહા હૈ. આત્મા તો જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ હૈ. ઉસકા સ્વરૂપ પણ અનાદિકાલસે, અપની પર્યાય નામ દશામેં, શુભ પુણ્ય ને પાપભાવ, દો હી મલિન ભાવસે અનાદિસે દુ:ખી હો રહા હૈ. ઉસસે છૂટનેકા ઉપાય ભગવાન સર્વજ્ઞ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્રિલોકનાથ જૈન પરમેશ્વર ઉસકા મોક્ષકા માર્ગ બતાયા.

તો મોક્ષકા માર્ગ ક્યા હૈ? વો બાત ચલતી હૈ દેખો! ''**મોક્ષ તો આત્માકી પૂર્ણ પવિત્ર દશા હોના ઉસકા નામ મોક્ષ....**'' આત્માકી પૂર્ણ અરાગી, અવિકારી, વીતરાગી દશા પૂર્ણ હોના ઉસકા નામ મોક્ષ, ઉસકા માર્ગ, આંહી ગડબડ નહિ, ગડબડ નહિ ચલે, કથા વાર્તા હૈ નહિ, ઉસમેં તો શાંતિ હો તો કથા ચલે ઐસી બાત હૈ ને. (શ્રોતા : અશાંતિકા કામ નહીં.) આ આત્મા આ દેહસે તો ભિન્ન હૈ. આ આત્મા હૈ વહ દેહસે તો ભિન્ન હૈ પણ ઉસકી અપની પર્યાય નામ અવસ્થા દશામેં અનાદિકાલસે પુણ્ય ને પાપ, પાપભાવ હોતા હૈ. હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ, વાસના ઉસમેં ઉસકી રૂચિ હૈ ઓ મિથ્યારૂચિ હૈ ઔર ઉસમેં જો દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભક્તિ, જાત્રાકા શુભભાવ હોતા હૈ ઉસમેં ધર્મબુદ્ધિ હૈ વો ભી મિથ્યાબુદ્ધિ હૈ. સમજમેં આયા? ક્યોંકિ દો હી પુણ્ય ને પાપભાવ દો હી અશુદ્ધ મલિન ભાવ હૈ. વો પહલે સે ચલા હૈ ''**જિનકે નિમિત્તતૈ આત્મા અશુદ્ધ દશાકો ધારિ દુઃખી ભયા....**'' પહેલી લીટી હૈ. વહ પહેલે ચલ ગયા હૈ.

આત્મામેં શુભ ઔર અશુભ દોનો ભાવ મલિન હૈ, સમજમેં આતે હૈ? હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના, કામ, ક્રોધ ઓ પાપભાવ હૈ, ઔર દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, જાત્રા વો ભાવ શુભ પુણ્યભાવ હૈ.દો હી ભાવ હૈ વહ બંધકા કારણ હૈ, એ અશુદ્ધ હૈ તો ઉસસે છૂટનેકા ઉપાય ક્યા હૈ વો બતાતે હૈ. સમજાય છે કાંઇ? સમજાય છે એટલે સમજમેં કુછ આતે હૈ? આત્મ તત્ત્વ જરી સૂક્ષ્મ બાત હૈ. ઐસે અનાદિકાલ પરિભ્રમણ કરતે અનંત અવતાર સ્વર્ગમેં ભી અનંતબૈર હુઆ ઔર પુણ્ય કરકે તો અનંતબૈર સ્વર્ગમેં ગયે. પાપ કિયા તો નરક અને પશુ યોનિમેં ગયે. યે દો હી ચારગતિકા કારણ, જો ભાવ દો હી કો યહાં ભગવાન અશુદ્ધ કહેતે હૈ. અશુદ્ધ કહો કે સરાગ કહો. સરાગી ભાવ વો અશુદ્ધ ભાવ હૈ. ઉસસે દુઃખી હો રહા હૈ ચોરાસીકે અવતારમેં ઔ સરાગીભાવસે રહિત મોક્ષકામાર્ગ વીતરાગી ભાવ હૈ. શેઠી! વીતરાગી ભાવ મોક્ષમાર્ગ હૈ. કેસરીચંદજી! રાગ તો કહેતે હૈ ને પહેલે અશુદ્ધ દશાકી તો બાત કિયા.

અનાદિકાલ શુભ ને અશુભ શુક્લ લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા એ શુભભાવ. કૃષ્ણ, નીલ, કાપોત અશુભભાવ. દો હી રાગભાવ. પંચમહાવ્રતકા ભાવ ભી રાગભાવ, અવ્રતકા ભાવ ભી રાગભાવ. અવ્રતકા પાપ રાગ, વ્રતકા પુણ્યરાગ, પણ બેય રાગ હૈ. સમજમેં આયા? વો રાગકો યહાં અશુદ્ધ દશા કહનેમેં આતી હૈ. ઓહોહો! વીતરાગ માર્ગ, વો રાગ હૈ ઉસકી રૂચિ છોડકર અપના શુદ્ધ ચિદાનંદ, જ્ઞાનાનંદ સ્વરૂપ હૈ, ઉસકી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીતરાગ સ્વભાવ આત્માકા હૈ, ઉસમેં વીતરાગી દૃષ્ટિ કરના ઔર રાગકી રૂચિ છોડના, ઉસકા નામ પ્રથમ સમ્યગ્દર્શન વીતરાગકી પર્યાય મોક્ષકા માર્ગ હૈ. નવનીતભાઇ! આહાહા! ખબરની ખબર નહિ મળે કે કયા રાગ હૈ ને કયા આત્મા? આંહી મોક્ષમાર્ગ ચલતે હૈ. ''**મોક્ષમાર્ગ તો વીતરાગભાવ હૈ....**'' મોક્ષમાર્ગકા અર્થ જ વીતરાગ ભાવ હૈ ઔર બંધ માર્ગકા અર્થ હી રાગ ભાવ હૈ. કહો દેવાનુપ્રિયા!

(શ્રોતા : હવે કરવુ શું એ કહો) આ ક્યા કહેતે હૈ કે યથાર્થ વીતરાગ સ્વભાવ આત્માકા હૈ, વીતરાગ વિજ્ઞાનઘન આત્મા હૈ ઉસકો ભૂલકર વર્તમાનદશામેં જો રાગભાવ રાગકા પછી દો પ્રકાર. શુભ-અશુભ દો હી એ રાગભાવ હૈ ઉસકો હિત માનના, વો લાભકારક માનના વો મિથ્યાદૃષ્ટિ વિકારી રાગવાળી દૃષ્ટિ હૈ. વો મિથ્યાદૃષ્ટિ હૈ ઔર રાગભાવ હૈ શુભ કે અશુભ દો હી ઉસસે ઉદાસીન હોકર, મૈં જ્ઞાન સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ જ્ઞાતા હૂં. મેરી ચીજમેં રાગ નહિ ઔર રાગકી રૂચિ હટકર સ્વભાવ રાગ રહિત ત્રિકાળી ચૈતન્ય ભગવાન અપના સ્વરૂપ રખતે હૈ. આ ઉસકા અંતર સ્વભાવકી દૃષ્ટિ કરના વો વીતરાગી દૃષ્ટિ હુઇ. રાગસે તો દુઃખી હોતા હૈ વો દુઃખસે મુક્ત હોનેકા ઉપાય ક્યા? પૂર્ણ દુઃખસે મુક્ત હોના વહ મોક્ષ હૈ તો મોક્ષકા કારણ ક્યા? કે રાગસે મુક્ત હોના, પુણ્ય-પાપકા વિકલ્પ જો હૈ વૃત્તિ ઉઠતી હૈ ભાવ, ઉસકો હટાકર ઉસકી રૂચિ છોડકર, રાગસે રહિત મેરી ચીજ જ્ઞાન આનંદ શુદ્ધ હૈ ઐસી પ્રથમ દૃષ્ટિ વીતરાગ દૃષ્ટિ ઉસકો કહેતે હૈ. એ વીતરાગ દૃષ્ટિ કહો કે સમ્યગ્દૃષ્ટિ કહો. સમ્યગ્દૃષ્ટિ કહો કે સત્ય દૃષ્ટિ કહો કે મોક્ષકા માર્ગકા એક ભાગ કહો. સમજમેં આતે હૈ?

બાત બહોત અનંતકાલસે, મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયો. વો આતે હૈ વો દોલતરામ હૈ ને દોલતરામ! ઉસમેં છઢાળા આતી હૈ ને છઢાળા, છઢાળા ચલતી હૈ કી નહીં તમારા ગામડામેં? ઉસમેં વો આતી હૈ કે 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયો પણ આત્મજ્ઞાન બિન, આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. અનંતબૈર મુનિવ્રત ધારણ કિયા, અઠયાવીસ મૂળગુણ પંચમહાવ્રત પણ એ તો રાગ હૈ ઔર અવ્રત, હિંસા, જૂઠ્ઠું, વિષય, ભોગભાવ વો પાપ રાગ હૈ. દો હી રાગકી રૂચિ રખના વો મિથ્યાદૃષ્ટિકા બંધ માર્ગ હૈ ઔર દો હી પુણ્ય-પાપ રાગકી રૂચિ છોડકર, જ્ઞાયક ચિદાનંદ મૈં શુદ્ધ આત્મ તત્ત્વ હૂં ઐસી રાગકી રૂચિ છોડકર તો રાગકી રૂચિ છૂટી, તો વ્યય હુઆ તો વીતરાગ વિજ્ઞાનઘન, ચૈતન્યત્ત્વ અપના સ્વરૂપ શુદ્ધ હૈ ઉસકી દૃષ્ટિકા હોના વો દૃષ્ટિકા નામ સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્દર્શન અથવા વીતરાગ માર્ગકી દૃષ્ટિ. સમજાય છે કાંઇ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ વો ''તત્ત્વાર્થ શ્રદ્ધાન'' સમ્યગ્દર્શન ઉસકો કહતે હૈ તો કહતે હૈ કે બહુરિ...બહુરિ વો ઢુંઢારી ભાષા હૈ, જયપુરકી. **બહુરિ** નામ ''**ઔર કેઈ કારણ ઐસે હૈ જાકે ભયે કાર્ય સિદ્ધ હોય હી હોય**'' હૈ શેઠી! મોક્ષમાર્ગ પ્રગટ હો કારણ તો મોક્ષ હો હી હો, મોક્ષમાર્ગ અંતરમેં પ્રગટ કરનેસે મોક્ષ હો હી હોય. ''**જાકે ભયે કાર્ય સિદ્ધ હોય હી હોય, ઔર જાકે ન ભયે કાર્ય સિદ્ધિ સર્વથા ન હોય....**'' અપના આત્મા પૂર્ણ પરમાત્મા આનંદ દશાકો પ્રાપ્ત હો ઉસકા નામ મોક્ષ ઔર ઉસકા કારણ, જો કારણ પ્રગટ હો કાર્ય આયા બિના રહતે હી નહીં. વો કારણકો યહાં મોક્ષમાર્ગ કહેતે હૈ તો વો મોક્ષમાર્ગ વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન ને વીતરાગી ચારિત્ર હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ. અનંતકાલસે રૂચિ નહીં. અનંતકાલ હુઆ, મુનિ પણ અનંતબૈર દિગંબર હુઆ. વસ્ત્ર પાત્ર છોડકર, અટ્ઠાઇસ મૂળગુણ ધારા ઔર જંગલમેં રહા તો ભી વો મૈં પરકો ન મારું, પરકો દુઃખી ન કરું સુખી પરકો કરું. મેરેસે દુનિયા ધર્મ પામે ઐસે જો રાગ ઉઠતે હૈ વો વિકાર હૈ, અને એ રાગમેં ધર્મ માનના એ દૃષ્ટિ રાગવાળી દૃષ્ટિ એ તો મિથ્યાદૃષ્ટિ હૈ. ઓહોહો!

પણ વો રાગ રહિત મૈં આત્મા, અહો! જિસકો પહેલી ક્ષણમેં શુભ ને અશુભ ભાવસે ઉદાસ હોકર અપના ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવસે શુદ્ધ ભરા હૈ ઉસમેં એકાકાર હોકર સમ્યગ્દર્શન પ્રગટ કરના, વો સમ્યગ્દર્શન વીતરાગ માર્ગકા એક અવયવ હૈ. વીતરાગ ભાવ કહો કે મોક્ષમાર્ગ કહો ઉસકા એક ભાગ હૈ તો ઉસમેં વીતરાગ દૃષ્ટિ આતી હૈ. નવનીતભાઇ! સમજાય છે કે નહીં? આ તો હિંદી ભાષા ચાલે છે તમારે આહાહા! જુઓ ''**જૈસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી એકતા ભયે,** સમ્યગ્દર્શન અપના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જો પુણ્ય-પાપકા રાગ સે રહિત અપના ચૈતન આનંદકંદ કેવળજ્ઞાનકા પિંડ પ્રભુ આત્મા હૈ. આ ઉસકી અંતરમેં રાગકી રૂચિ છોડકર સ્વભાવકી રૂચિ વીતરાગી કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? આ તમારી ભાષા હૈ. હિંદી ચલતી હૈ ને હિંદી. ઔર સમ્યગ્જ્ઞાન. સમ્યગ્જ્ઞાનકા અર્થ અપના આત્મા પુણ્ય-પાપકા રાગસે રહિત ઐસા આત્માકા જ્ઞાન, વીતરાગી સ્વભાવ ઉસકા જ્ઞાન, ઉસકા જ્ઞાન વો વીતરાગી માર્ગકા એક અવયવ હૈ. યે વીતરાગી જ્ઞાન હુઆ. વીતરાગી દૃષ્ટિ વીતરાગી જ્ઞાન ઔર ચારિત્ર, ચારિત્ર ભી વીતરાગ ભાવ હૈ અંદર. ઓ આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ ઉસકી વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન ઔર વીતરાગી પરિણતિ લીનતા. વો પંચમહાવ્રત આદિ વિકલ્પ વો રાગ હૈ ઉસસે રહિત અપની પરિણતિ વીતરાગી હોના ઉસકા નામ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા ચારિત્ર કહતે હૈ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્યોં સુકનચંદજી! આ તમારા આસપાસસે આયા હૈ બોલતે હૈ સાગરકે આસપાસકા હૈ. હેં? ઓહો! માર્ગ તો... કાં રાગ માર્ગ, કાં શુદ્ધ માર્ગ, કાં અશુદ્ધ માર્ગ, કાં શુદ્ધમાર્ગ દો પ્રકાર. શેઠિયા! આંહી પહેલે અશુદ્ધતા લીધું છે ને ન્યાયથી ઉપાડી છે ને વાત. ઓહો! પ્રભુ આત્મા શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ નિર્મલાનંદ પ્રભુ આ ઉસમેં તો પુણ્ય-પાપકા રાગ અંતરમેં હૈ હી નહીં વસ્તુમેં. નયી પર્યાયમેં અવસ્થામેં હાલતમેં શુદ્ધને ભૂલી ઔર અશુદ્ધ દશા પુણ્ય-પાપકી ઉત્પન્ન કરતે હૈ ઔર વો મેરે હિત હૈ ઉસકા નામ મિથ્યાત્વભાવ, આ ઓ તરફકા અકેલા જ્ઞાન કરના કે ઠીક હૈ મિથ્યાજ્ઞાન ઔર રાગ-દ્વેષમેં એકાકાર હોકર માનના કે ઠીક મેરા વર્તન હૈ ઉસકા નામ મિથ્યાચારિત્ર. નવનીતભાઇ! લ્યો શેઠી! સમજમેં આયા? ક્યાં ગયું પણ આમાં વ્રત ને આ? કેસરીચંદજી! ભગવાન એ તેરી ચીજ તો શુદ્ધ જ્ઞાનાનંદ મૂર્તિ હૈ. વો જ્ઞાન પ્રકાશકા તેજ, પ્રકાશકા તેજ તેરી ચીજ હૈ. ઉસમેં તો રાગકા કણ નહીં. જિસ ભાવસે તીર્થંકર ગોત્ર બંધતે હૈ વો ભાવ ભી સ્વરૂપમેં નહીં. ક્યૂં? વો તો રાગ હૈ. આહાહા!

ષોડશ (સોલહ) કારણ ભાવના આતા હૈ ને ભૈયા! વો આસ્રવ હૈ, ને આસ્રવ હૈ તો બંધ પડતે હૈ. ધર્મસે બંધ ન હોય. પ્રકૃત્તિકા બંધ પડતે હૈ વો પુણ્યભાવસે પડતે હૈ. તો ષોડશ(સોલહ) કારણ ભાવના ભી રાગ ભાવ હૈ તો ઉસસે બંધ પડતે હૈ, તો આત્મા રાગ કો છોડકર જબ વીતરાગ હોગા તબ કેવળજ્ઞાન પાયેગા. એ રાગકો રખકર કેવળજ્ઞાન પાતા હૈ તીર્થંકર ગોત્ર બાંધનેવાલા વો ભી હોતા નહીં. સમજમેં આયા? આ વસ્તુ કાંઇ એવી નથી કે એકલું જાણપણું કરી લે કે એકલી આ વાત કરે કે આચરણ કરી દે રાગનું. વસ્તુ પૂર્ણાનંદ વીતરાગ વિજ્ઞાનઘનસે ભરા હૈ. દૂસરી ભાષાસે કહીએ સમરસ જ્ઞાન હૈ.

આત્માકા અંદર સ્વભાવ સમરસ જ્ઞાન હૈ. આ ઉસકી રૂચિ છોડકર અનાદિ રાગરસકી રૂચિ કિયા હૈ. વો મિથ્યા શ્રદ્ધા હૈ. પછી શુભ હો કે અશુભ હો. ઓ પુણ્ય શુભ હો પણ કે અશુભકા જ્ઞેય બનાયા સ્વકો સમરસ જ્ઞાનકા જ્ઞેય છોડ દીયા ઔર પુણ્ય-પાપ રાગ આદિકો જ્ઞેય બનાયા મિથ્યાજ્ઞાન હૈ. નવનીતભાઇ! અને સમરસ અપના સ્વરૂપ ચૈતન્ય હૈ, ઉસમેં લીનતા છોડકર, શુભાશુભ ભાવમેં લીનતા હુઆ વો મિથ્યાચારિત્ર હૈ. વો બંધકા કારણ હૈ. તો બંધકા કારણસે રહિત, મોક્ષકા માર્ગ જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર, ‘‘**એકતા ભયે**....’’ તીનોંકી એકતા અંતરમેં.

અહો! શાસ્ત્રકા જ્ઞાન થોડા હો, વિશેષ હો, ઉસકે સાથ સબંધ નહીં. કહો દેવાનુપ્રિયા, પણ વીતરાગી આત્મા સ્વભાવ અને પણ અંતર સ્વભાવ વીતરાગ ન હો તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જબ વીતરાગ હોગા વો વીતરાગ દશા આયેગી કહાંસે? કાંઇ બાહરસે આતી હૈ? હેં? સમજમેં આતે હૈ? જબ વીતરાગ દશા હોગી, અરિહંત પરમાત્મા હોતા હૈ, વીતરાગ તો વીતરાગ વો દશા હૈ. અવસ્થા હૈ એ કહાંસે આયી હૈ? ક્યા રાગમેંસે આયી હૈ? શરીરમેંસે આયી હૈ? એ આત્મામેં વો વીતરાગ શક્તિ પડી હૈ. સમજમેં આયા? જૈસે વો દૃષ્ટાંત દેતે હૈ ને હમ પીપરકા, વો છોટી પીપર નહિ હોતી હૈ? લીંડી પીપર ક્યા કહેતે હૈ તમારે? છોટી પીપર નહિ કહેતે? છોટી પીપર કહેતે હૈ ને વો ઘીસતે હૈ ને? ત્રેસઠ... ચોસઠ પહોરી હોતી હૈ ને ચોસઠ પહોરી બહોત ચરપરાઇ નહિ હોતી હૈ? ઓ બહોત શરદી ઉપર દેતે હૈ તો વો ચોસઠ પહોરી ચરપરાહટ પ્રગટ હુઇ કહાંસે હુઇ? ક્યા પથ્થરસે હુઇ હૈ? ઉસમેંસે હુઇ હૈ, એમેં(ઉસમેં) હૈ.

(શ્રોતા : ...) એક શેઠ હતા ને ત્યાં, ક્યાં ગ્યા'તા આપણે નહીં? કયું ગામ, ના, ના આપણે ઓલો જમાઇ એના શેઠના જમાઇને? પરતદ્વારા, પરતદ્વારામાં એક શેઠ સર હુકમચંદ ને શેઠ કોણ? ભાગચંદજીના જમાઇ હતા. પરતદ્વારા ઓલી મુક્તાગિરિ છે ને જાત્રા મુક્તાગિરિ પાંચ કોશ હૈ મુક્તાગિરિ. ત્યાં ગયે થે ન હમ જાત્રા તો ન્યાં પરતદ્વારા હૈ એક પહેલે પરતદ્વારા વ્યાખ્યાન હુઆ તો એ બેઠા'તા જમાઇ ગૃહસ્થ માણસ હૈ. બડા મકાન હૈ પરતદ્વારામેં. કીધું આ કહાંસે આયેગા ચોસઠ પહોરી ચરપરાઇ? માળે વાત તો સાચી છે. અંદરમાં હતી તો આવી. અંદરમેં હૈ તો આયી એમ અપના આત્મામેં વીતરાગ કેવળજ્ઞાન દશા પ્રાપ્ત હો, કહાંસે આતી હૈ? અંદરમેં હૈ પણ ખબર નહીં. વો તો રાગકી ક્રિયા મૈં કરું, નિમિત્તકો મૈં જુટાઉં તો ઉસમેંસે મેરી વીતરાગતાકા ઝરના હોતા હૈ, વીતરાગકી ઉત્પત્તિ હોતી હૈ, દૃષ્ટિમેં વિપર્યાસ હૈ. અપના સ્વભાવમેં વીતરાગ વિજ્ઞાનઘન હૈ જ્ઞાન વીતરાગ અકષાય રસકંદ હૈ.

ઓહો! ઐસા વીતરાગ વિજ્ઞાન. વીતરાગ કહો કે અકષાય જ્ઞાન કહો, એ સ્વભાવ જ વીતરાગ વિજ્ઞાન હૈ. ઉસકી દશામેં ઓ વીતરાગ વિજ્ઞાનઘનકી દૃષ્ટિ કરના, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ ઔર ઉસકા જ્ઞાન કરના ઉસકા નામ સમ્યગ્જ્ઞાન હૈ, આ ઉસમેં લીનતા હોના નામ ચારિત્ર હૈ અને ઓ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકા કારણસે પૂર્ણ વીતરાગ વિજ્ઞાનઘન કાર્ય આત્મદશા પ્રગટ હોગી. દૂસરા કોઇ ઉપાયસે હોગી નહીં. સમજમેં આયા? તો કહતે હૈ કે ''**જૈસે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી એકતા ભયે તો મોક્ષ હોય હી હોય....**'' પહેલે તો આ ગયા થા કે મુનિવ્રતકા દ્રવ્યલિંગ ધારણ કરે મોક્ષ જબ અપના હો, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી દશા, તબ તો દ્રવ્યલિંગ નગ્ન હો હી હો, તબ તક દ્રવ્યલિંગ હી હો નગ્ન પણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્યલિંગ ધારણ કિયે મોક્ષમાર્ગ અંદર પ્રગટ કિયા નહિ તો મુક્તિ ઉસસે નહિ હોતી. આહાહા! સમજમેં આયા?

વો પહેલે બાત આ ગઈ હૈ એક કારણમેં ઔર ભરત ચક્રવર્તી આદિ કો તપ કરના હી નહિ પડા બાહ્યતપ, અંતરકા આત્માકા ધ્યાનમેં આનંદકંદ વીતરાગ વિજ્ઞાનઘન ઓહો! સબસે ઉદાસ, રાગ સે ઉદાસ, સંયોગસે ઉદાસ, ઉચ્ચ આસન એનાથી ઉદાસ, સ્વભાવમાં આસન લગાયા. સ્વભાવ જ્ઞાયકમૂર્તિમેં આસન લગાયા દૃષ્ટિકા, લીનતા હુઈ, અંતર્મુહૂર્તમેં કેવળજ્ઞાન. અંતર્મુહૂર્ત, સમજે અંતર્મુહૂર્ત? થોડાકાળ. દો ઘડીકે અંદર, દો ઘડીકે અંદર કેવળજ્ઞાન. તો કોઈ કો બાહ્ય તપ ન ભી હો, કોઈકો હો, પણ દ્રવ્યલિંગ તો જબ કેવળજ્ઞાન પાનેકી ચારિત્રદશા પ્રગટ કરે તબ તો દ્રવ્યલિંગ નગ્ન હોતા હી હૈ. દૂસરા કોઈ લિંગ હો ને કેવળજ્ઞાન પાતે હૈ કે ચારિત્ર હોતા હૈ ઐસે બનતે નહીં. સમજમેં આયા? પણ દ્રવ્યલિંગ ધારણ કરે વો તો અનંતબૈર કિયા. આહાહા! પણ અંતરમેં વીતરાગ સ્વભાવ જચા નહિ. વો રાગકા વિકલ્પ ઉઠતે હૈ ઉસકી રૂચિ ઉસમેં જચ ગયા ઉસમેં દૃષ્ટિ લગ ગઈ. અપના ભગવાન આત્મા રાગ કા કણસે ભિન્ન ચૈતન્યકંદ હૈ. રાગકા કણસે ભિન્ન ચૈતન્યકંદ હૈ ઐસી દૃષ્ટિ કિયા નહીં. નવમી ગ્રૈવેયક મુનિવ્રત ધાર અનંતબૈર ગયે પણ જન્મ મરણકા અંત આયા નહીં. સમજમેં આયા?

તો કહેતે હૈ વો આત્મ સમ્યગ્દર્શન આત્માકા દર્શન, પ્રતીત, આત્માકા જ્ઞાન ઔર આહીં તત્ત્વાર્થ શ્રદ્ધાન લિયા. ''**ચારિત્રકી એકતા ભયે તો મોક્ષ હોય હી હોય. અર તિનકે ન ભયે સર્વથા મોક્ષ ન હોય....**'' લાખ દ્રવ્યલિંગ ધારણ કરે, અઠ્ઠાઈસ મૂળગુણ ભી પાળે, પુણ્ય હોગા. અંતરમેં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી પ્રગટ દશા કિયે બિના, ઉસે કભી મોક્ષ હોતા નહીં. ''**ઐસેં એ કારણ કહે, તિનવિષૈં અતિશયકરિ નિયમતૈં મોક્ષકા સાધક જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકા એકીભાવ....**'' ઘણાં કારણ કહ્યા'તા ને ઓલા તપને આદિ. ''**અતિશયકરિ નિયમતૈ મોક્ષકા સાધક જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકા એકીભાવ....**'' દર્શન જ્ઞાન ચારિત્ર એકરૂપ હો અંતરમેં તબ ઉસકો એકક્ષણમેં મોક્ષ હોગા ''**સો મોક્ષમાર્ગ જાનના. ઈન્હી સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રને વિષૈં એક ભી ન હોય તો મોક્ષમાર્ગ ન હોય....**'' એક ભી ન હોય અર્થાત્ રાગકી મંદતાકી ક્રિયા કરે પણ સમ્યગ્દર્શન જ્ઞાન ન હો તો ભી મુક્તિ નહીં ઔર સમ્યગ્દર્શન જ્ઞાન પ્રગટ કરે પણ રાગકા અભાવ કરે નહિ તબ ભી મુક્તિ નહીં. શેઠી! વીતરાગ ભાવ તીનોં કી એકતા એમ કહેતે હૈ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**સો હી તત્ત્વાર્થ સૂત્ર વિષૈ કહ્યા દેખો....**'' એ તત્ત્વાર્થ સૂત્ર દશ લક્ષણી પર્વોમેં બહોત વાંચતે હૈ. વાંચતે હૈ ને ઓ ઉમાસ્વામીકા તત્ત્વાર્થસૂત્ર ''**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ....**'' પહેલા સૂત્ર લિયા તત્ત્વાર્થ સૂત્રકા. જો ભગવાન કુંદકુંદઆચાર્યમુનિ દિગંબર હુઆ. જંગલમેં વસનેવાલે દો હજાર વર્ષ પહેલે, આ ઉસકા શિષ્ય થા ઉમાસ્વામી ઉસને તત્ત્વાર્થ સૂત્ર બનાયા જો દશ લક્ષણી પર્વમેં વાંચનેમેં આતે હૈ વો પહેલા સૂત્ર કહા દેખો. ''**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ઈસ સૂત્રકી ટીકા વિષૈ કહ્યા હૈ - જો યહાં મોક્ષમાર્ગઃ ઐસા એકવચન કહ્યા હૈ મોક્ષમાર્ગ એક હૈ એમ, મોક્ષમાર્ગ તીન નહીં. તાકા યહ અર્થ હૈ જો તીનોં મિલે એક મોક્ષમાર્ગ હૈ....**'' સમ્યક્ આત્માકા અનુભવ ને પ્રતીત, સમ્યક્ આત્માકા જ્ઞાન, ઔર આત્મામેં વીતરાગી ચારિત્રકી રમણતા. ''**તીનોં હોકર એક માર્ગ હૈ, જુદે જુદે તીન (મોક્ષ) માર્ગ નાહીં. યહાં પ્રશ્ન : જો અસંયત સમ્યગ્દ્રષ્ટિકૈ તૌ ચારિત્ર નાહીં....**''

ક્યા પ્રશ્ન કિયા? દેખો, શ્રેણિકરાજા ભગવાનકે વખતમેં થા, સમ્યગ્દ્રષ્ટિ થા પણ ચારિત્ર નહિ થા. ભગવાન મહાવીર પરમાત્મા ત્રિલોકનાથ ભગવાનકા સમોવસરણમેં રાજગૃહીમેં જ્યારે પરમાત્મા બિરાજતે થે ત્યારે શ્રેણિકરાજા વારંવાર સુનનેકો જાતે થે વો શ્રેણિકરાજા ક્ષાયિક સમકિતી થા ઔર ઉસે તીર્થંકર ગોત્ર બંધા હૈ. શ્રેણિકરાજા જો આગામી ચોવીસીમેં તીર્થંકર હોગા નરકમેંસે નિકલકર તો કહેતે હૈ કી ઉસકો મોક્ષમાર્ગી કહેના કે નહીં? ''**ઔર સમ્યક્ સમ્યગ્દ્રષ્ટિકો ચારિત્ર નાહીં....**'' આ તો દ્દષ્ટાંત કહે છે. શ્રેણીકરાજા સમ્યગ્દ્રષ્ટિ થા. ક્ષાયિક સમકિત થા, ચારિત્ર નહિ થા, વ્રત નહિ થા, તપ નહિ થા, ત્યાગ નહિ થા. ''**વાકૈં મોક્ષમાર્ગ ભયા હૈ કિ ન ભયા હૈ....**'' એને મોક્ષમાર્ગ હુઆ હૈ કે નહીં? આ પ્રશ્ન કિયા સમજમેં આયા? ''**તાકા સમાધાન - મોક્ષમાર્ગ વાકૈ હોસી યહ તો નિયમ ભયા....**'' જિસકો આત્માકા સમ્યગ્દર્શન હુઆ, મૈં શુદ્ધ ચિદાનંદ આનંદ હૂં. મેરેમેં આનંદ મેરા હૈ. મેરા આનંદ પુણ્ય-પાપકે ભાવમેં નિમિત્તમેં તીનકાલમેં નહીં. મેરા આનંદ મેરી આત્મદશામેં શ્રદ્ધા વસ્તુમેં હૈ. મેરા આનંદ નહિ પુણ્ય-પાપ કે ભાવમેં, નહીં નિમિત્તમેં. નિમિત્ત તો પર રહા. પણ અપની રાગદશામેં ભી મેરા આનંદ નહીં. ઐસા આનંદકી અંતર દ્રષ્ટિ હુઇ તો કહતે હૈ કી ઉસકો મોક્ષમાર્ગ હૈ કી નહીં?

કે ''**વાકૈ મોક્ષમાર્ગ હોંસી....**'' સમ્યગ્દર્શન હુઆ હૈ તો ચારિત્ર આયેગા, આયેગા ને આયેગા. ભવિષ્યમેં કેવળજ્ઞાન ને ચારિત્ર આયેગા. અભી તો પહેલી નરકમેં હૈ. યહાં સે પહેલા તીર્થંકર હોગા આવતી ચોવીસીમેં જબ ચારિત્ર અંતરમેં ચારિત્ર અંગીકાર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરેગા તબ કેવળજ્ઞાન હોગા. ચારિત્ર બિના કેવળજ્ઞાન નહિ પણ ચારિત્ર કોણ? બાહ્ય દ્રવ્યલિંગ ને અઠ્ઠાઈસ મૂળગુણ એ ચારિત્ર નહીં. અંતરકા શુદ્ધ સ્વભાવમેં વીતરાગી...વીતરાગી, રાગકી ઉપેક્ષા અને સ્વભાવકી અપેક્ષા ઐસી ચારિત્રકી દશા જબ હોગી તબ કેવળજ્ઞાન હોગા. જરૂર કેવળજ્ઞાન હોગા. વો અપેક્ષાસે ''**તાતૈં ઉપચાર તૈં વાકૈ મોક્ષમાર્ગ ભયા ભી કહીએ....**'' દેખો, સમ્યક્ આત્માકા ભાન હુઆ. ભલે ચારિત્ર ન હો, વ્રત તપ ન હો, વો તો આપણે છ ઢાળામેં આયા હૈ ને! 'લેશ સંયમ નહિ પણ સૂર જજે હૈ' છ ઢાળામેં હૈ, હૈં? ચારિત્ર મોહવશ લેશ સંયમ ન હો, તો પણ જેને દેવલોક સ્વર્ગના દેવ પણ પૂજતે હૈ સમ્યગ્દ્રષ્ટિકો. કહો સમજમેં આયા?

સમ્યગ્દષ્ટિ કૈસી ચીજ હૈ? બિલકુલ એક રાગકા અંશ જિસકો રૂચતે નહિ. ઓહો! આ કોઈ પણ નિમિત્તમેં સુખ હૈ ઓ રૂચતે નહીં. સુખ હૈ રૂચતે નહિ અંદરમેં. કરોડ માન સમ્માન હો, ભરત ચક્રવર્તીકા રાજ હો, અંશ ભી પરમેં સુખ હૈ ઐસી દૃષ્ટિ ઉઠ ગઈ હૈ. કહાં મેરા સુખ પરમેં હૈ? મેરા સુખ તો મેરી ચીજમેં હૈ. ઐસી દૃષ્ટિકા કરના તો કહેતે હૈ કી ઉસમેં ચારિત્ર ઉસકો આયેગા હી. હૈં? તો ઉસકો મોક્ષમાર્ગ કહેતે હૈ ઉપચારસે.યથાર્થમેં તો ચારિત્ર જબ આયેગા તબ હોગા. સમજમેં આયા? પણ સમ્યગ્દર્શન ક્યા? ચીજ કી કિંમત નહીં. રાગકા મહાત્તમ કરના, નિમિત્તકા મહાત્તમ કરના, બહુત અધિકાઈ નિમિત્તકો રાગકો દેના, વો તો મિથ્યાદષ્ટિ કી દૃષ્ટિ હૈ. શેઠી! એ સંયોગ ચીજ હૈ સબ ઉસકો અધિકાઈ દેના શ્રદ્ધામેં ઔર વિકલ્પ ઉઠતે હૈ રાગ ઉસકો અધિકાઈ દેના પાપ. ભગવાન વીતરાગ વિજ્ઞાનઘનકો નિંદા હૈ અને અપના સ્વભાવ જ્ઞાનમૂર્તિમેં આનંદ હૈ, મેરા આનંદ દયા-દાનકા વિકલ્પ મૈં નહિ મેરા આનંદ... ઓહોહો! શુભભાવ ઊઠતે હૈ મેરા આનંદ ઉસમેં નહીં. વો આનંદકા કારણ નહીં. ઉસમેં આનંદ નહીં. ઉસકા અવલંબનસે આનંદ પ્રગટ હોતા નહીં.

મેરા આનંદ મેરી ચીજમેં હૈ. મૈં શુદ્ધ આનંદસે ભરા હૂં ઔર રાગકા અધિકતા છોડકર રાગસે ભિન્ન અપના શુદ્ધ ચૈતન્ય ઉસકી અધિકતા હો ગઈ દૃષ્ટિમેં તો ઉસકો અલ્પકાલમેં ચારિત્ર આયેગા. વો અપેક્ષાસે સમ્યગ્દષ્ટિકો ઉપચારસે આવો વ્યવહારસે મોક્ષમાર્ગી કહનેમેં આયા હૈ. નવનીતભાઈ! સમજાય છે કાંઈ? આ બધું સમજવું પડશે. એમ ને એમ એક જ ચીજ પકડે એકાદ બે શબ્દ પકડે નહિ ચાલે. આહાહા! ન્યાં જઈને કહો શુભભાવ આમ છે ફલાણું આમ છે ત્યારે ઓલા કહે સમજતા નથી આ કાંઈ? એ ક્યાં ગયા મદનલાલજી! આ શુભભાવ હૈ નહીં, શુભભાવ જડનો છે, શુભભાવ એમ ન હાલે, જડના...જડના આહાહા! ઓલા તો કહે પાધરા સામું કે આ તે કંઈ આવું સોનગઢથી પકડીને આવ્યા છે? ઊંધુ. શુભ ને

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અશુભ ભાવ હૈ તો ચૈતન્યકી દશામેં પણ હૈ વો રાગ દશા માટે રાગ હિતકર નહીં, રાગસે આત્મા ઉપાદેય નહીં, આત્માકો ઉસમેં કલ્યાણ નહીં ઐસી માન્યતા કરના... સમજમેં આયા? ક્યાં સમજાય આ?

એક તો બહારમાં પૈસા, આબરૂ, કીર્તિ, ધૂળ ધમાહામાં ગુંચાઇ ગયો. કાંઇ ધૂળ મળે પાંચ પચ્ચીસ લાખની ત્યાં. ભગવાનજીભાઇ! અને આંહી જ્યાં બહારની ક્રિયા કરે તો થોડી ઘણી રાગની મંદ તો ત્યાં ગુંચાઇ ગયો અને એમાં બીજા કહે ભારે કર્યું. બહુત કરતે હૈ ભૈયા બહુત કરતે હૈ. અપવાસ કરતે, ઐસા કરતે, ઐસા કરતે, શરીર જીર્ણ હો ગયા હૈ શરીર જીર્ણ હો ગયા હૈ, પણ ઉસમેં શરીર જીર્ણ હો ગયા ઉસમેં ક્યા આયા? પણ ઉસમેં રાગકી જીર્ણતા ન હુઇ ઔર વીતરાગ વિજ્ઞાનકી પુષ્ટિ ન હુઇ. ક્યા જીર્ણમેં પડા હૈ? શરીર જીર્ણ હો કે ન હો. યહાં તો કહતે હૈ કી ''**સમ્યગ્દર્શન ભયા....**'' એ દેવાનુપ્રિયા! બહારમાં દેખાય કપડું છોડીને બેસે લૂગડું ઓઢીને એક ઓલા પણ કહે માળા ઠીક લાગે છે. (શ્રોતા : ...) શું કર્યે છૂટકો છે કે નવતત્ત્વ જેમ છે તેમ વિકલ્પથી શ્રદ્ધામાં લેવા. નય નિક્ષેપ પ્રમાણથી વસ્તુ છે એમ નક્કી કરવી. આ એ પાત્ર થવાનો પહેલો માર્ગ છે બીજો માર્ગ નથી. બોલો, આ શું સાંભળ્યું ત્યારે તેરમી ગાથામાં?

શેઠી! એ ક્ષેત્ર વિશુદ્ધિ. બીજ બોતે હૈ ને? બીજ, તો બીજ બોતે હૈ તો જમીન સાફ કરતે હૈ કી નહીં? કાંટા નિકાલ દેતે હૈ. ઇતના ઇતના ખોદકર બોરડીકા મૂળ ગાઢ દેતે હૈ ઐસે ભગવાન આત્મા ઉસકો નય પ્રમાણને નિક્ષેપસે બરાબર નક્કી કરના ઔર નવતત્ત્વકા વિકલ્પકા ભેદ સે નક્કી કરના પહેલે. અજીવ અજીવ હૈ પુણ્ય પુણ્યસે, આસ્ત્રવ આસ્ત્રવસે હૈ, સંવર સંવરસે હૈ, નિર્જરા નિર્જરાસે, બંધ બંધસે હૈ, મોક્ષ મોક્ષસે હૈ. ઐસા પહેલે નક્કી કરના ઉસકા નામ પાત્રતા. જો આગળ બઢે તો પાત્રતા કહનેમેં આતા હૈ. બીજ બોવાની અંતરદૃષ્ટિ કરે તો. નવનીતભાઇ! જમીન સાફ કરતે હૈ પણ બીજ બોયે નહિ તો? (શ્રોતા : મહેનત બેકાર) બેકાર ગયી ઉસકી. ખડ હોગા. ખડ કહતે હૈ ને ખડ, ઘાસફૂસ હોગા. પણ જબ બીજ બોના હૈ તબ ખેતર વિશુદ્ધિ હોતી હૈ. કાંકરા કાંટા નિકાલના પડેગા પહેલે. ઐસે પહેલે નવતત્ત્વ ક્યા હૈ?

સર્વજ્ઞ ભગવાન કિસકો નવ... પૃથ્થક-પૃથ્થક નવકા ભિન્ન ભિન્ન કાર્ય ક્યા હૈ ઔર ક્યા નયે આત્મા શુદ્ધ હૈ, કઇ નયે આત્મા અશુદ્ધ હૈ, પ્રમાણસે શુદ્ધાશુદ્ધ કૈસા હૈ ઐસા ઉસકો નક્કી કરના. ઉસકા નામ એ પાત્રતા આગળ બઢે તો કહનેમેં આતા હૈ. સમજાણું કાંઇ? શું કહ્યું આ તેરમી શું સાંભળી? (શ્રોતા : લૂગડાં ફેરવવા એને આવ્યુંને એમાં) લૂગડાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ફેરવવા ન આવ્યું એમાં? (શ્રોતા : કેમ ન આવ્યું, અજીવ આવ્યું એમાં). શું અજીવ આવ્યું? અજીવ જ્યાં છે તેમ તે રહે તેમ તેનું જાણવું એનું નામ અજીવનું જ્ઞાન. અજીવને આમ કરું, આમ કરું એ અજીવનું જ્ઞાન નથી. કહો સમજાણું? શેઠી! એ તો પ્રશ્ન ઐસા કરતે હૈ. ઐસા ઉશ્કેરણી કરતે હૈ. આંહી કહતે હૈ ''**મોક્ષમાર્ગ વાકૈ હોસે....**'' એ શ્રેણિકરાજા સમ્યગ્દષ્ટિ હુઆ, તો કેવળજ્ઞાન પાયેગા ભવિષ્યમેં. ચારિત્ર લેગા પણ મિથ્યાદષ્ટિએ બહારમાં પંચમહાવ્રત ને અઠ્ઠાઈસ મૂળગુણ ધારણ કીયા હૈ, હેઠે ઊતર જાયેગા. શુભમેં ધર્મ માનનેવાલા મિથ્યાદષ્ટિ ક્રમે ક્રમે નિગોદમેં ચલે જાયેગા. સમજમેં આયા?

એક વસ્ત્રકા ધાગા રખકર સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર નહિ હે ઔર મુનિપણા માનતે હૈ તો કહેતે હૈ આચાર્ય મહારાજ કે 'નિગોદ ગચ્છઇ', નિગોદમેં જાયેગા. જબ મુનિપણા આત્માકી સમ્યગ્દર્શન જ્ઞાન વીતરાગી દશા હો તબ તો મુનિપણાકી નગ્નદશા હુયે બિના રહેતી નહીં. ઐસી દશા ન હો ઔર દૂસરી દશામેં મુનિપણા માન લે, નિગોદ ગચ્છઇ એમ કહ્યું. તો પછી બાહ્ય ક્રિયામેં શુભરાગમેં ધર્મ હૈ ઐસા માનનેવાલા તો નિગોદ ગચ્છઇ. (શ્રોતા : પછી કાંઇ છે નહિ ને) એમ કે નિગોદથી પછી કાંઇ હેઠું નથીને? ઠીક પણ પ્રશ્ન કરે છે હોં! એનો અર્થ? એનો અર્થ શું છે ભાઇ! કે જે રાગ છે ને રાગ, શુભ હો કે અશુભ હો આ એની રૂચિ એના જ્ઞાનની દશાને હીણી પાડી દેશે. રાગની, રાગની રૂચિ, રાગનો વિશ્વાસ કે આનાથી ધર્મ થાય, એ એની જ્ઞાનની દશા હીણી કરીને નિગોદમાં જશે. એટલું પાપ છે અને રાગની રૂચિ છોડી એકલા જ્ઞાયકની રૂચિનું જ્ઞાન કર્યું એ ક્રમે ક્રમે જ્ઞાન વધીને કેવલ થઇ જશે. ઓલાને નિગોદ દશા થશે આને કેવલજ્ઞાન. વસ્તુ આમ છે. સમજાણું કાંઇ?

રાગની રૂચિવાળાને તો વિકારની રૂચિ છે અને વિકારની રૂચિની પુષ્ટિ થતાં થતાં નિર્વિકારી શક્તિ તો એમ ને એમ રહેશે, પર્યાયમાં હીણી દશા થતાં...થતાં...થતાં...થતાં નિગોદ, એક શરીરમેં અનંત આત્મા ત્યાં ચલા જાયેગા. અને રાગને પુણ્યની પાપની વૃત્તિ હોવા છતાં, રૂચિ છોડકર શુદ્ધતા વીતરાગી દષ્ટિ વીતરાગ સ્વભાવ જચ્યા, તો વીતરાગ ભાવકી પુષ્ટિ કરકે ચારિત્ર લેકર વીતરાગકી પુષ્ટિ કરકે એકીલા વીતરાગી વિજ્ઞાન કેવળજ્ઞાન હો જાયેગા. નવનીતભાઇ! આ બે ને બે ચાર જેવી વાત છે. આમાં ક્યાં કોઇ પ્રશ્ન સંદેહને સ્થાન નથી પણ હવે એને ન બેસે ત્યાં સુધી કાંઇ કોઇ પરાણે કેવળજ્ઞાની પણ આવે તો બેસાડી શકે નહીં.

ત્રણલોકના નાથ તીર્થંકર દેવ ઉસકા સમોવસરણમેં ભી અનંતબેર ગયે, સભામેં. ભગવાનકી સભામેં અનંતબેર ગયે. ભૈયા, ભગવાન બિરાજતે હૈ મહાવિદેહ ક્ષેત્રમેં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અભી. સીમંધર ભગવાન. આ દર્શન કિયાને વો સબ સીમંધર ભગવાન હૈ. માનસ્તંભ મેં, ઉસમેં સમોવસરણમેં, વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમેં મનુષ્યપણે બિરાજતે હૈ. પાંચસો ધનુષ્યકા દેહ હૈ, કરોડપૂર્વકા આયુષ્ય હૈ, કેવળજ્ઞાની તેરમે ગુણસ્થાને બિરાજતે હૈ. નમો અરિહંતાણં. અરિહંતપદમેં વર્તમાન બિરાજતે હૈ આ જમીન ઉપર હોં! હજી અરિહંત પદમેં બિરાજતે હૈ. બહુત કાલ રહકર પછી સિદ્ધ હોગા. ભગવાન મહાવીર તો સિદ્ધ અભી હો ગયે. ભગવાન બિરાજતે થે આમ અરિહંત થા અબ સિદ્ધ હો ગયે. મહાવિદેહ ક્ષેત્રમેં પ્રભુ બિરાજતે હૈ. અરિહંત હૈ પીછે સિદ્ધ હો જાયેગા. જો અરિહંત પદ સિદ્ધ પદ પર્યાયકી પ્રાપ્તિ હુઇ વો વીતરાગી વિજ્ઞાનઘનકા આશ્રય લેકર પ્રાપ્તિ હુઇ હૈ. ઉદાસ પહેલેસે. સમ્યગ્દર્શન જબસે હુઆ, તબસે રાગ, રાગ નહીં, આ નહીં, આ નહીં. અરે! મેરી ચીજમેં આ નહિ ઐસી અંતરદષ્ટિ જબ વીતરાગી ચૈતન્યકી હુઇ, અલ્પકાલમેં ચારિત્ર લેગા ઔર સમોવસરણમેં ઐસા ભગવાન પાસે અનંતબેર ગયે, પણ રાગ બિનાકી અપની ચીજ રૂચિ નહીં. જચી નહિ અંદરસે, જચી નહિ તો કૌન જચાયે? કૌન આપે?

ભગવાનકી વાણી તો નિમિત્ત હૈ વો સમજે તો, ન સમજે તો ભગવાન કોઇ પરાણે સમજા દે? પરાણે, ક્યા કહતે હૈ જબરજસ્તી...જબરજસ્તી. તીર્થંકર કોઇકો સમજા દે ઐસી તાકાત તીર્થંકરમેં ભી હૈ નહીં. સમજમેં આયા? ''**પરમાર્થ તૈં સમ્યગ્ચારિત્ર ભયે હી મોક્ષમાર્ગ હો હૈ....**'' દેખો સમ્યગ્દર્શન હુઆ પણ જબ ચારિત્ર સ્વરૂપમેં રમણતા વો ચારિત્ર હોગા તબ મોક્ષમાર્ગ હો હૈ. ''**જૈસે કોઇ પુરુષ કૈ કિસી નગર ચાલને કા નિશ્ચય ભયા....**'' કોઇ નગર ચલનેકા નિશ્ચય ભયા. જુઓ દષ્ટાંત ''**તાતૈં વાકૈ વ્યવહારતૈં ઐસા ભી કહીયે જો યહ તિસ નગરકૌં ચલ્યા હૈ....**'' એ નગરકો ચાલ્યા હૈ એમ કહીએ. મુંબઇકી ટિકિટ લેકર બૈઠે યહાં કહે ભૈયા મુંબઇ ગયે, હજી તો રાસ્તે મેં હૈ તો પણ મુંબઇ ગયે ઐસા કહનેમેં આતા હૈ. યહ નગર ચલે. ''**પરમાર્થ તૈં માર્ગ વિષૈ ગમન કિયે હી ચલના હોસી....**'' દેખો માર્ગમાં ગમન કરશે તબ પરમાર્થે ગમન કિયે હી ચલના હોસી.

એ દષ્ટાંત, ''**તૈસેં અસંયત સમ્યગ્દષ્ટિ કૈ....**'' દેખો આ મહાસિદ્ધાંત ''**તૈસેં અસંયત સમ્યગ્દષ્ટિ....**'' ચોથાગુણસ્થાનવાળા હજી શ્રાવક મુનિ થયા પહેલે શ્રાવક મુનિ આ સંપ્રદાયવાડાકા કી બાત નહિ હૈ. વાડાકા તો સબ કહતે હૈ કી હમ શ્રાવક ને મુનિ હૈ ઐસે નહીં. થેલીમેં કિરાતા ભરા હો, થેલી કહતે હૈ ને, ક્યા કહતે હૈ? બોરી ઔર ઉપર લિખે શક્કર તો ક્યા કિરાતા મીઠા હો જાતા હૈ? ઐસે હમ શ્રાવક હૈ મુનિ હૈ નામ ધરાવ પણ ઉસમેં અંતર ઝેરકી દૃષ્ટિ નિકાલે બિના રાગ અને પુણ્યકી રૂચિ નિકાલે બિના સમ્યગ્દર્શનકી અમૃત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચીજ પ્રગટ હોગા નહીં. સમજમેં આયા? લ્યો, હમ શ્રાવક હૈ એ બાત નહીં. કહેતે હૈ દેખો ''**અસંયત સમ્યગ્દષ્ટિ કે વીતરાગ ભાવરૂપ મોક્ષમાર્ગકા શ્રદ્ધાન ભયા....**'' શું કહ્યા? એ વીતરાગ ભાવરૂપ મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગ વીતરાગ ભાવ હૈ ઐસા શ્રદ્ધાન હુઆ. ''**પહેલે કોઈ નગરમેં ચલનેકા નિશ્ચય ભયા....**'' વ્યવહારથી કહીએ. ખરેખર તો નગરમેં ચલેગા તો ''**પરમાર્થે ગમન કરેગા તો ચલના હોંસે....**'' ઐસે ભગવાન આત્મા આ ઉસકી સમ્યગ્દષ્ટિકો વીતરાગ ભાવરૂપ મોક્ષમાર્ગકા શ્રદ્ધાન... દેખો મહાસિદ્ધાંત. એકલો નિશ્ચય મોક્ષમાર્ગ કહ્યો છે ભાઈ આંહી તો. વીતરાગ ભાવ તે જ મોક્ષમાર્ગ અને એની શ્રદ્ધા એમ. ઓલા વ્યવહાર રાગ છે એ મોક્ષમાર્ગ નથી એમ કહ્યું.

(શ્રોતા : ... છોડવા જેવું છે) પહેલું સાતમામાં કહી ગયા છે રાગને મોક્ષમાર્ગ કહા તો વ્યવહાર વો તો આરોપસે કહા હૈ. સમ્યગ્દષ્ટિ જીવકો, ચાહે તો ગૃહસ્થાશ્રમમેં હો, ચાહે તો સ્વર્ગમેં હો, ચાહે તો નરકમેં ભી હો સમ્યગ્દષ્ટિ ઔર ચાહે તિર્યંચ મેં ભી હો. તિર્યંચ પશુ ઉસમેં ભી સમકિત હોતા હૈ. સ્વયંભૂ રમણ સમુદ્રમેં એક હજાર જોજનકા મત્સ્ય હૈ ઉસકો ભી સમ્યગ્દર્શન હોતા હૈ, પણ વો સમ્યગ્દર્શન ક્યા? ક્યા શ્રદ્ધા હુઈ? વીતરાગ ભાવ રૂપ મોક્ષમાર્ગ દેખો આ મહાસિદ્ધાંત ઓહોહો! કેસરીચંદજી! ક્યા લિખા હૈ વો? વીતરાગ ભાવ રૂપ મોક્ષમાર્ગ વહ પંચમહાવ્રતકા રાગ મોક્ષમાર્ગ નહીં. દેખો, વાંચો. અસંયત સમ્યગ્દષ્ટિ કે ધર્મી જીવકો, પહેલે દરજ્જાકા ધર્મીકો, પહેલે દરજ્જાકા ધર્મી ''**અસંયત સમ્યગ્દષ્ટિ વીતરાગ ભાવ રૂપ મોક્ષમાર્ગ....**'' વીતરાગ ભાવ રૂપ મોક્ષમાર્ગ ઓ ''**ઉસકા શ્રદ્ધાન ભયા....**''

દેખો, ભગવાનજી ભાઈ! આ વીતરાગ ભાવ રૂપ (શ્રોતા : પાયો મંડાણો) પાયો મંડાણો. મૈં રાગને પુણ્ય પાપકા ભાવ રહિત વીતરાગ અકષાય ભાવ હૈ વો હી મોક્ષમાર્ગ હૈ. ''**ઐસા શ્રદ્ધાન ભયા....**'' કહો જગુભાઈ આ વીતરાગ ભાવ રૂપ મોક્ષમાર્ગ. ઔર કહેતે હૈ મોક્ષમાર્ગ દો હૈ એક વ્યવહાર ને નિશ્ચય. એક રાગ ને એક અરાગ. આ ટોડરમલજી તો ના પાડતે હૈ કે વીતરાગ ભાવ રૂપ હી એક મોક્ષમાર્ગ હૈ. એ દેવાનુપ્રિયા! સાંભળ્યો છે તે ન્યાં મોટો મોટો માર્ગનો શબ્દ આવ્યો કે વ્યવહાર મોક્ષમાર્ગ માર્ગ હૈ, એ વ્યવહાર પણ મોક્ષમાર્ગ હૈ, ઉપચારસે! શું નકામી ચીજ છે?

(શ્રોતા : સાંગડે ઊભા રાખ્યા) સાંગડે ઊભા રાખ, પડશે, સાંગડે ઊભા નહિ રહે. એ અમારે ગઢડામાં થયું હતું એક્યાસીમાં વરસાદનું. બહુ વરસાદની કમી હતી, વરસાદની કમી એક્યાસીની સાલમાં ગઢડે ચોમાસુ એણે શું કહ્યું સમજાણું? વો પશુ હોતા હૈ ને પશુ જ્યારે આ દુકાળ પડતે હૈ ન ઘાસ નહિ મિલતા તો બસી જાતે હૈ અંદર, નબળાઈ હો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હૈ ને બૈઠ જાતી હૈ તો પછી ઓ ચાંદા ન પડે ચાંદા તો મહાજન લોક આકર લાકડા નાંખકર ઊંચા કરે, પણ ઊંચા પણ કરતા'તા. વિપુલભાઇ ને તમારા કાકા ને બધા.

હું જોતો'તો ન્યાં એક્યાસીની વાત છે. ઓગણીસ ને ઓગણીસ, આડત્રીસ વર્ષ થ્યા, વરસાદની કમી હતી. પછી ત્યાં વંડામાં ઢોર પશુ ને નાંખતા, પણ કસ નહિ અંદર. ઘાસ મિલે નહિ એટલે આમ હેઠે બેસી જાય, પછી અથડાય, આ ચાંદા પડે ચાંદા સમજતે હૈ, વો ફોડા ફોડા. ઢોરકો ફોડા પડ જાય. (શ્રોતા : .......) પડે પડે ગલ જાય તો પીછે વો વાણીયા આવે ત્યારે જરી લાકડા નાંખીને સાંગડા એને કીધું સાંગડા...સાંગડા એટલે લાકડા. લાકડા બેય બાજુ કરી આમ ઊંચા કરે ઊંચા પણ એ જ્યાં જાય પાંચ મિનિટ ઊભા રહે ત્યાં પગમાં તો કસ હૈ નહીં. અનાજ હૈ નહીં, ઘાસ હૈ નહીં, ધબ દઇને પડે. એવી થપાટ લાગેને એ દેવાનુપ્રિયા! સાંગડા ક્યાં સુધી કામ કરતા હશે? સાંગડા સમજે? વો લાકડા નાંખ્યા ને (શ્રોતા : થાંભલા) ઊંચુ ઊંચુ તેડીને આમ ઊંચુ કરે પણ અંદર પગમેં તો કસ નહીં. ઘાસ મિલે નહીં, પાણી મિલે નહીં શરીર ગલ જાતે હૈ ઔર ઉસકો ઉઠનેકી શક્તિ નહીં. વાણીયા આકર લાકડા નાંખકર લકડી ઉસસે ઊંચા કરે, પાંચ મિનિટ ઊભા રહે ત્યાં, એવા પડે! અંદર તો તાકાત નહિ ઐસે રાગકા સાંગડા નાંખકર ઉસકો ઊંચા કરના એ મિથ્યાદૃષ્ટિ કહાં લગ ઊંચા હોગા? સમજાય છે કાંઇ? સાંગડાનો દાખલો અહીં આપ્યોને! એ પણ શીખી ગયા. ન્યાંનું(ત્યાંનું) આહીં દે ને આહીંનું ન્યાં(ત્યાં) દે બેય બાજુ. કહો સમજાણું કાંઇ? જુઓ મહાસિદ્ધાંત કહ્યો છે.

ઓહો! ''**અસંયત સમ્યગ્દષ્ટિ**....'' શ્રદ્ધાવંત સમ્યગ્દષ્ટિ આત્માકા નિર્વિકલ્પ પ્રતીતરૂપ સમ્યગ્દષ્ટિ ''**એ ઐસે માનતે હૈ કી વીતરાગ ભાવહી મોક્ષમાર્ગ હૈ**....'' જિસમેં રાગકા કણ આતે હૈ વો મોક્ષમાર્ગ નહીં. આંહી તો ઠેકાણા નહીં ને સાંગડા નાંખવા છે. શેમાં નાંખવા, પડશે સમૂળા એવા પડશે કે સાચાનું માનશે નહીં. (શ્રોતા : ...) છે ને પડશે શું? જાશે અશુભમાં, શુભની રૂચિવાળા સમ્યક્‌ના ભાન વિના, અશુભમેં જાના ચાહેગા શુભકો પલટકર અને અશુભમેં જાકર આયુષ્ય બાંધેગા નરક નિગોદકા, ક્યા કરે? કોણ સમજાવે કોને? કોણ સમજે કિસસે? વહ અપનેસે સમજે તો ચલે નહિ તો કોઇ સમજા સક્તે નહીં.

તીર્થંકર ભી અનંત હો ગયા, અનંત હો ગયા. સમોવસરણમેં ભી અનંતબાર ગયે. સાક્ષાત્ ભગવાનકા સમોવસરણમેં ઐસા કલ્પવૃક્ષકા ફૂલસે ભગવાનકી પૂજા કિયા સમોવસરણમેં, ક્યા હુઆ? આવ્યું હતુંને ભાઇ ભક્તિમાં? અરે પ્રભુ! નહોતું આવ્યું ભગવાનનું? કે ઇન્દ્રે આપકા અભિષેક કિયા તો ક્યા હુઆ? ઉસમેં ક્યા બડાઇ હૈ પ્રભુ!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઔર કમલકો હાથીને હિલાયા, કમલકો હાથીને હિલાયા તો ક્યા હુઆ નવનીતભાઇ! આવ્યું હતું બપોરે, કમલ હોતા હૈ ન કમલ! હાથી આકર હિલાયા તો ઉસમેં ક્યા હુઆ? ભગવાન આપકા અભિષેક ઈન્દ્રને કિયા તો ઉસમેં ક્યા હુઆ ઔર આપકી દીક્ષામેં ઈન્દ્ર આયે તો ક્યા હુઆ? આપકી વીતરાગી દ્રષ્ટિ ને ચારિત્ર ઉસમેં સમા ગયે. કમલકો હિલાયા હાથીને તો ઉસમેં હુઆ ક્યા? હાથી હલાવે તો, પૂંછડું હલાવે તો હલી જાય ન્યાં, હલાવું પડે નહિ, પૂછડું જ્યાં આમ પડે સૂંઢ પવન લાગે ત્યાં કમલ ઐસા હલે ઉસમેં હુઆ ક્યા?

એમ પૂર્વકા પુણ્ય પ્રકૃત્તિકે કારણ કોઇ અભિષેક હો, દુનિયામાં પ્રસિદ્ધિ હો ક્યા હુઆ? નવનીતભાઇ! ભક્તિમાં આવ્યું'તું પરમ દી' હતા? નહોતા? કમળને હિલાયા હાથી એ તો ક્યા હુઆ? આ ઈન્દ્રને ભગવાન આપકા અભિષેક કિયા તો ક્યા હુઆ? વહ તો પુણ્યબંધકા કારણ હૈ ઉસકો શુભ, પણ ઉસકી મહિમા ઉસસે તુમ્હારી નહીં. અભિષેકસે તમારી મહિમા નહીં. તમારી મહિમા તો વીતરાગી કેવળજ્ઞાન ઘનસે તમારી મહિમા હૈ. સમજમેં આયા? ઐસે પુણ્યસે અપની મહિમા નહીં. ભાગ્યોદયસે અપની મહિમા નહીં. વહ તો કહા ને, બનારસી દાસે તો કહા હૈ વિટ સમાન વિષ્ટા સમાન ભાગ્યોદય માનતે હૈ. વખત સમ્યગ્દૃષ્ટિ અપના વખત, વખત સમજતે હૈ ને! બહોત અનુકૂળતા હો આહાહા! આ શેઠિયાએ જેવી અનુકૂળતામાં ક્યાં બધે ક્ષેત્રે અનુકૂળતા નહિ ત્યાં પગમાં દુ:ખે છે ને આ દીકરો મરી જાય ને એમાં ક્યાં હતી અનુકૂળતા? હોય? પણ કોઇને બધી સરખાઇ હોય લ્યોને શેઠ, પણ ક્યા હુઆ? ઉસમેં અનુકૂળતા, સમ્યગ્દૃષ્ટિ જાનતે હૈ કે વો ભાગ્યકા ઉદય વીટ સમાન હૈ. વિષ્ટા સમાન હૈ.

બનારસીદાસ કહેતે હૈ, બનારસીદાસ હૈ ને વો સમયસાર નાટક, ઉસમેં લિખા હૈ. સમ્યગ્દૃષ્ટિ વિષ્ટા સમાન અપના ભાગ્યોદય માનતે હૈ આમ પ્રસંશા કરે દુનિયા. અરે ક્યા હૈ! વો તો પૂર્વકા પુણ્યકા ફળ હૈ. વો સમયસાર નાટકમેં હૈ ને! સમયસાર હૈ. (શ્રોતા : કાગ વિટ ........) નહિ એ વળી બીજું. વો દૂસરી બાત વો વિટ સો વખત માને વો બાત હૈ. વિટ સો વખત માને. વખત નામ ભાગ્યોદયકા કાલ હૈ. લાવો વો સમયસાર નાટક વો બનારસીદાસકા બનાયા હુઆ હૈ. એ ઓગણીસમું છે બંધ દ્વારમેં

**कीचसो कनक जाकै नीचसौ नरेस पद,**
**मीचसी मिताई गुरुवाई जाकै गारसी।**
**जहरसी जोग-जाति कहरसी करामाति,**
**हहरसी हौस पुद्गल-छबि छारसी ।।**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**जालसौ जग-विलास, भावसौ भुवन वास,**
**कालसौ कुटुंब काज लोक-लाज लारसी।**
**सीठसौ सुजसु जानै बीठसौ वखत मानै,**
**ऐसी जाकी रीति ताहि वंदत बनारसी ।। १० ।।**

એ કંચનકો કીચડકે સમાન જાને સમ્યગ્દ્રષ્ટિ. રાજપદકો નિતાંત દુઃખ જાને, સુખ સુખ રાજવિલાસ ધૂળમેં રાજ હમારા ક્યા હૈ? હમારા રાજ તો હમારે પાસ હૈ. લોગોંકી મિત્રતાકો મૃત્યુ સમાન માને, ઓ ક્યા સંગ કરના? રાગ હોગા મૃત્યુ સમાન હૈ. પ્રશંસાકો ગાલીકે સમાન પ્રેમચંદજી! એ પ્રશંસાકો સમ્યગ્દ્રષ્ટિ ગાળ ક્યા પ્રશંસા, અમારી પ્રશંસા તો અમારા અપનેમેં હૈ. તુમ પ્રશંસા કરતે હો તો પૂર્વકા પુણ્યકે કારણ હૈ. ગાલી સમાન જાનતે હૈ. કો સમજે? યોગકી ક્રિયાઓંકો ઝેર કે સમાન... એ યોગની ક્રિયા શુભ અશુભ ભાવની ક્રિયા ઝેર સમાન, મંત્રાદિ કરામતકો દુઃખકે સમાન લૌકિક ઉન્નતિકો અનર્થકે સમાન લૌકિક ઉન્નતિ હુઈ, પુત્ર હુઆ, પૈસા હુઆ, આબરૂ હુઈ, દુકાન હુઈ બહોત અનર્થ, શરીરકી કાંતિકો રાખકે સમાન. શરીરકી કાંતિ એ તો ધૂળકી કાંતિ હૈ, આત્માકી હૈ? આ તો માટી હૈ, ધૂળ હૈ રાખકે સમાન.

આ સંસારકી માયા કો જંજાળકે સમાન, મહેલકે નિવાસકો બાણકી નોંકકે સમાન છે? અને કુટુંબ કે કાર્યકો કાળકે સમાન આ લોક લાજકો લાળકે સમાન લાળ...લાળ અને સુયશકો નાકકે મેલકે સમાન,ભાગ્યોદયકો વિષ્ટા કે સમાન. સમયસાર નાટક તો હૈ તુમ્હારે ઘરે. ભાગ્યોદયકો વિષ્ટા સમાન. અરે! હમારા પવિત્ર ભાવ તો હમારે પાસ હૈ એ ભાગ્ય તો વિષ્ટા સમાન હૈ અને પછી તો પહેલા એમ જ લીધું પહેલે નહીં? सुवरको लायै जो पुरुष पकवान है સુવરને એ પુરુષનો વિષ્ટા તે પકવાન લાગે છે. मुरखके भाये शुभबंध निर्वान है।। અજ્ઞાનીને શુભબંધ હૈ તો નિર્વાણ માનતે હૈ. જ્ઞાની કહે અરે! શુભ પંથ તો રાગ હૈ, બંધકા કારણ હૈ. હમારા સ્વભાવ મોક્ષકા કારણ (હૈ) ઐસી સમ્યગ્દ્રષ્ટિકી રૂચિ હોતી હૈ.

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૩૦
## અધિકાર ૯મો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૧૫.૧૨.૧૯૬૨ શનિવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

આ મોક્ષમાર્ગ પ્રકાશક એનો નવમો અધ્યાય ચાલે છે. અહીં પ્રશ્ન. ફરીને પ્રશ્ન લઈએ હેં? વધારે છે? ક્યાં છે? (શ્રોતા : ...) એ તો છે ઈ તો આમાં છે ને આમાં પણ આપણે આ... પણ આમાં નવામાં નથી નાંખ્યુંને! નવામાં કેમ નથી નાંખ્યુ એમ. આમાં તો છે. મગજમાં હતું કાલે પણ હવે આ... આ કેમ ન આવ્યું? તત્ત્વાર્થશ્રદ્ધાનં... (શ્રોતા : ...) હેં? અહીંયા તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ એમ આચાર્ય મહારાજનું કથન છે તો તત્ત્વાર્થ શ્રદ્ધાન વિપરીત અભિનિવેશ રહિત થતાં સમ્યગ્દર્શન થાય. તો **અહીંયા શિષ્યનો પ્રશ્ન છે કે** તમે તો તત્ત્વાર્થ સાત કહ્યા. **તત્ત્વાર્થ તો અનંત છે** (પ્રશ્ન) **અને તે બધાં સામાન્ય અપેક્ષાએ સંક્ષેપમાં જીવ અને અજીવમાં બધાં ગર્ભિત થાય છે ત્યારે બે જ કહેવા હતા અથવા** વિશેષ કહેવા હોય તો **અનંત કહેવા હતા** એમ. ટૂંકામાં કહેવું હોય તો જીવ અને અજીવ બેમાં સાત

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમાઇ જાય... બધું સમાઇ જાય છે.

વિશેષ કહેવું હોય તો અનંત પદાર્થને અનંતપણે ભગવાને દીઠાં એમ અનંત કહેવુ હતું. **આસ્ત્રવ આદિ તો જીવ - અજીવના વિશેષો છે.** આસ્ત્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ તો જીવની પર્યાય અને અજીવની પર્યાય છે. એ કાંઇ જીવ - અજીવથી જુદાં નથી. **તો તેમને જુદાં જુદાં કહેવાનું શું પ્રયોજન ?** આ પ્રશ્ન.

**ઉત્તર : જો અહીં પદાર્થ શ્રદ્ધાન કરાવવાનું પ્રયોજન હોત...** પદાર્થ શ્રદ્ધાન કરાવવાનું પ્રયોજન નથી કે પદાર્થ છે એટલું નહીં, તો તો **સામાન્યપણે ને વિશેષપણે જેમ સર્વ પદાર્થનું જાણવું થાય તેમ જ કથન કરત પણ એ પ્રયોજન તો અહીં છે નહીં.** હવે અહીંયા મુખ્ય સાત કેમ કહ્યા ? સામાન્ય બે ન કહ્યા વિશેષ અનંત ન કહ્યા. સામાન્યમાં જીવ - અજીવ બે ન કહ્યા. વિશેષમાં અનંત ન કહ્યા અને સાત જ કહ્યા એનું શું કારણ ? **આંહી મૂળ તો મોક્ષનું પ્રયોજન છે.** આત્માની આનંદ.... પૂરણ આનંદ દશા પ્રગટ થાય તે પ્રયોજન છે.

જોયું ! પ્રયોજન એક છે. આત્માની પરમ પવિત્ર શુદ્ધ દશા; 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' પોતાનો શુદ્ધ સ્વભાવ એ વસ્તુમાં છે એવી જ જેની દશા... પર્યાય... હાલત અનંત અનંત પૂરણ શુદ્ધ પ્રગટ થાય એનું નામ મોક્ષ, **એમ મોક્ષનું પ્રયોજન અહીંયા છે.** તો તત્ત્વાર્થશ્રદ્ધાન કરાવવામાં. એકલું તત્ત્વાર્થ છે શ્રદ્ધા, પદાર્થ છે એટલું પ્રયોજન નથી. એક વાત. **તેથી જે સામાન્ય અથવા વિશેષ ભાવોનું શ્રદ્ધાન કરતાં** મોક્ષના પ્રયોજનમાં સામાન્ય... ટૂંકામાં સામાન્ય દ્રવ્ય તરીકે અને વિશેષ અવસ્થા **સામાન્ય અને જે વિશેષ દશાનું શ્રદ્ધાન કરતાં મોક્ષ થાય તથા જેનાં શ્રદ્ધાન કર્યા વિના મોક્ષ ન થાય તેનું જ નિરૂપણ અહીં કર્યું છે.** કહો બરાબર હૈ ? **જીવ - અજીવ એ બે તો ઘણાં દ્રવ્યોની એક જાતિ અપેક્ષાએ સામાન્યરૂપ તત્ત્વ કહ્યાં.** આત્મા અને શરીર આદિ જડ એ બે તત્ત્વો ઘણાં દ્રવ્યોની એક જાતિ અપેક્ષાએ સામાન્ય સંક્ષેપમાં બે કહ્યા. **એ બન્ને જાણતાં... એ બન્ને જાતિ જાણતાં આત્માને સ્વપરનું શ્રદ્ધાન થાય.**

**જીવ અને અજીવ જાણતાં, આત્માને સ્વનું અને પરનું શ્રદ્ધાન થાય, ત્યારે પોતે પોતાને પરથી ભિન્ન જાણી...** ભગવાન આત્મા પોતે સ્વ અને શરીર, કર્મ, વાણી, મન, કુટુંબ - કબીલો પર. એ બધા પોતે અને પોતાથી પર એને **ભિન્ન જાણી,** પોતાના હિતને અર્થે પોતે પરથી ભિન્ન છે, માટે મારા હિતને માટે પોતાનું હિત એને માટે મોક્ષનો ઉપાય કરે. મોક્ષનો ઉપાય કરે કહો કે મોક્ષનો મારગ કરે કહો. જુઓ મોક્ષ નામ છૂટવાનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપાય કરે જુઓ, સ્વ જીવ અને પર અજીવ. એમ બેને ભિન્ન ભિન્ન તરીકે જાણે તો સ્વ આત્માના હિતને માટે રાગ આદિ પુણ્ય પાપના વિકારી ભાવોથી છૂટવાનો ઉપાય કરે. કહો સમજાય છે કાંઇ ?

**મોક્ષને માટે મોક્ષનો ઉપાય કરે અને પોતાથી ભિન્ન પરને જાણે.** શરીર, કર્મ આદિ એ તો પરવસ્તુ સ્ત્રી કુટુંબ આદિ. ત્યારે પરદ્રવ્યથી ઉદાસીન થઇ પરદ્રવ્યમાં તો બધું આવ્યું હોં. શરીર, દેવ - ગુરુ - શાસ્ત્ર બધાં પરદ્રવ્ય છે. એ આત્માથી પરવસ્તુ ભિન્ન. જ્યારે **પરને પોતાથી ભિન્ન જાણે ત્યારે પરદ્રવ્યથી ઉદાસીન થઇ** પરદ્રવ્યથી મારે કાંઇ કામ નથી. એ પરદ્રવ્યથી મારે કાંઇ પ્રયોજન નથી એમ પરથી ઉદાસીન થઇ **રાગ આદિ છોડી,** દેખો... પરદ્રવ્યનાં લક્ષે પર દ્રવ્યના સબંધમાં અશુભ ને શુભરાગ જે પરદ્રવ્યના સબંધે થતાં તે રાગાદિ છોડી, એ અશુભ અને શુભ રાગાદિ છોડી, કેમ (કે) શુભ અને અશુભ રાગનું નિમિત્ત પરદ્રવ્ય છે. પરદ્રવ્યને જ્યારે પોતાથી ભિન્ન જાણ્યાં એટલે પરદ્રવ્યના સંબંધે થતાં શુભાશુભ રાગ એને ભિન્ન જાણ્યા એટલે એના તરફનો રાગ - દ્વેષ કરવો રહ્યો નહીં. (શ્રોતાઃ પરદ્રવ્યને છોડવાનું ક્યાંથી આવ્યું ?) એ પરદ્રવ્ય તો છૂટાં જ પડયા છે. છોડવું છે ક્યાં ! અહીં તો ભિન્ન જાણવું એટલું, એને છોડવું નથી. ભિન્ન વસ્તુ છોડવી નથી એ તો પર છૂટી જ પડી છે.

ભિન્ન દ્રવ્ય જાણે કે આ શરીર આદિ પર છે. દેવ - ગુરુ - શાસ્ત્ર પર છે. સ્ત્રી, કુટુંબ પર છે તો **પરથી ઉદાસીન થઇ,** પરથી લક્ષ છોડી, પરથી ઉપેક્ષા કરી... **રાગાદિ છોડી** જુઓ ભાષા ! શુભ અને અશુભ રાગાદિ છોડી પરદ્રવ્ય તરીકે પરને જાણે, સ્વદ્રવ્ય તરીકે સ્વને જાણે તો સ્વદ્રવ્યનાં આત્માના હિતને માટે રાગ-દ્વેષ આદિ છૂટવાનો ઉપાય મોક્ષનો કરે એમ કહ્યું અહીંયા, 'અને પરદ્રવ્યને પર તરીકે ભિન્ન જાણે ત્યારે પરદ્રવ્યના સંબંધે શુભ - અશુભ રાગ જે થતાં એ શુભાશુભ રાગ છોડી ... એકલો અશુભ રાગ છોડી એમ નહીં સમજાય છે કાંઇ ? એ દેવાનુપ્રિયા ! શું આ કહ્યું જુઓ ! રાગાદિ છોડી એટલે એમાં અશુભ છોડીને ને શુભને રાખીને એમ હશે ? (શ્રોતા : ...) ઇ ક્યાં પ્રશ્ન છે, છૂટવાની દૃષ્ટિમાં સમ્યગ્દર્શનમાં તો શુભાશુભ રાગ બેય છોડવા જેવા છે એવી પહેલી પ્રતીત થયા વિના એ છૂટે નહીં કોઇ દી'.

આત્મા જ્ઞાનમૂર્તિ છે. શુભ અને અશુભરાગ બેય હેય છે છોડવા જેવા છે, નાશ કરવા જેવા છે એવી દૃષ્ટિ ન થાય ત્યાં સુધી એને આસ્ત્રવની પણ શ્રદ્ધા નથી, એને આત્માની પણ શ્રદ્ધા અને મોક્ષની શ્રદ્ધા નથી. કહો સમજાય છે કાંઇ ? જુઓ પોતાના હિતને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણી, પોતાને પોતાનું સ્વરૂપ જાણી પોતાના હિતને અર્થે મોક્ષનો મારગ કરે, ઉપાય કહો કે મારગ કરે અને પોતાથી ભિન્ન પરને જાણે ત્યારે પરદ્રવ્યથી ઉદાસીન થઇ એમ કહ્યું છે. પરદ્રવ્યથી કંઈપણ મને લાભ થાય કે નુકસાન થાય એ વાત પરદ્રવ્ય ભિન્ન જાણ્યા એમાં રહેતી નથી. સમજાય છે કાંઇ ? આત્માથી પરવસ્તુ અનંત પદાર્થ બધા પર છે તો પરથી મને લાભ થાય કે પરથી નુકસાન થાય એ બુદ્ધિ રહેતી નથી, એટલે પરના કારણે જે લક્ષે - સંબંધથી શુભ અને અશુભ રાગ થતાં એ પરદ્રવ્યથી ઉદાસીન થઇ ભિન્ન જાણ્યા ત્યારે કહેવાય કે તેનાથી ઉદાસીન ઉપેક્ષા કરી, પુણ્ય પાપના ભાવ આદિ છોડી, એ મોક્ષમાર્ગમાં પ્રવર્તે... વીતરાગભાવમાં પ્રવર્તે. એ તો ઓલામાં એમ કહ્યું'તું મોક્ષનો ઉપાય કરે. અહીં **મોક્ષમાર્ગમાં પ્રવર્તે**. સમજાણું કાંઇ ?

જુઓ... સાત તત્ત્વની વાત બહુ યથાર્થ રીતે સિદ્ધ કરી છે. (શ્રોતા : પરદ્રવ્યને રાખીને ઉદાસીન થવું એટલે ?) રાખે કોણ ? પરદ્રવ્ય રાખવા છે એને ? એ તો પરમાં છે. કોને રાખવા છે ? ક્યાં રાખવા ? પર તો એને કારણે રહેલા છે. કોને રાખવા છે ? એને કારણે જાય છે કોને છોડવા છે ? મિથ્યાબુદ્ધિ છે. પરદ્રવ્યને રાખું... રાખું કહેતે હૈ ને ક્યા હૈ હિન્દીમેં ? અને પરદ્રવ્યને છોડું... મૂંઢ હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ. અજીવને અને પરને પર જાણી, પરથી ઉદાસીન થઇ, પરતરફનાં શુભાશુભ રાગને છોડી મોક્ષમાર્ગમાં પ્રવર્તે, એ ભિન્નને જાણ્યાનું પ્રયોજન. સમજાણું નહીં ? પરદ્રવ્યને આત્મા સિવાય...

(શ્રોતા : કપડા જ ક્યારે બદલવા એ તો વાત નથી કરી) કપડાની ક્યાં વાત છે આંહી ? પરવસ્તુને પરવસ્તુ આત્માથી ભિન્ન છે તેમ જાણી, તેના પ્રત્યે ઉદાસ થઇ, એનું કામ એનું કાર્ય મારું છે નહીં. એની કોઈપણ ક્રિયા પરદ્રવ્યની મારી નથી કેમ કે પરદ્રવ્યને પરદ્રવ્ય તો ભિન્ન જાણ્યું ત્યારે પરદ્રવ્યના દ્રવ્ય એટલે શક્તિઓનો પિંડ, એનો ગુણ અને એની દશા એ બધા મારાથી ભિન્ન છે પછી મારાથી એની પર્યાય ઉતરવાની, ચડવાની, પડવાની ભિન્ન છે પછી એના માટે મારે કાંઇ કરવું, એ ભિન્ન જાણ્યું એમાં રહેતું નથી. અરે ! એને વાત તત્ત્વની ખબર ન મળે અને શું કરે ? ક્યાં જાવું ?

ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ જ્ઞાન દર્શન ને આનંદથી ભરેલું સ્વથી, પરથી ભિન્ન છે. સ્વથી અભિન્ન છે. સ્વભાવથી આત્મા અભિન્ન છે. પરથી ભિન્ન છે. પરથી ભિન્ન પોતાને જાણે તો પોતામાં... પોતામાં વીતરાગપણાનો મોક્ષમારગ શ્રદ્ધા - જ્ઞાન - ચારિત્ર ત્રણે વીતરાગ ભાવ છે, એવા મોક્ષમારગમાં પોતે પ્રવર્તે સ્વભાવ સન્મુખ થઇને, અને પરને ભિન્ન જાણે તો પરદ્રવ્ય પ્રત્યે ઉદાસીન થઇ તેના પ્રત્યેનો સબંધથી જે રાગ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્વેષ શુભાશુભ થતા એને છોડીને મોક્ષમારગમાં પ્રવર્તે. હવે આમ ન સમજવામાં આવે તો કાંઇ કોઇ સમજાવી દે એવું... તીર્થંકરની તાકાત નથી કે પરને સમજાવે. અનંત તીર્થંકરો થયા સમોવશરણમાં અનંતબૈર ગયે, ક્યા કરે ભગવાન! તેરી સમજણ તેરેસે ન હો... એને ખ્યાલમેં ન આવે કે અરે! મૈં કૌન હૂં? મૈં કોન હૂં અને કોણ ચીજ આ છે? એ ચીજ તો પર છે. શરીર પર છે. પછી તો પરવસ્તુ સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ - ગુરુ - શાસ્ત્ર, પ્રતિમા અને ડુંગર સબ પર. આહાહા! પરને પર જાણી પોતાના... સમજે? જુઓ પર ને પરદ્રવ્યથી ઉદાસીન થઇ પરનું પછી કરવું - છોડવું ક્યાં રહે છે? શું કીધું? પરને પર જાણ્યા ત્યારે પરનું કાંઇ કરવું, છોડવું, ઉતારવું, મૂકવું એ રહેતું (નથી) તો શું છે?

આ સખનો રસ્તો તો આ છે. સખ એટલે સુખ. આત્મા જ્ઞાનમૂર્તિ એનું સ્વરૂપ પરથી ભિન્ન છે માટે મારા જ્ઞાનમાં આનંદમાં શુદ્ધતામાં એકાકાર થઇ અને શુદ્ધ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર પ્રગટ કરવું એ સુખનો ઉપાય છે. એ રાગ અને પુણ્ય ને દયા - દાનના વિકલ્પથી પણ મોક્ષમારગ થતો નથી અને પરદ્રવ્યનો સબંધ રાખીને પર દ્રવ્ય મારામાં નથી એમ માનતો છતાં એમ કહે કે પરદ્રવ્યની ક્રિયા મારાથી થાય, ઊતરે, છોડે,લઉં, મૂકું તો એણે પરદ્રવ્યને પોતાથી ભિન્ન જાણ્યો નથી. શું થાય? અરે! આ એના અણસમજણે ચડેલી રીત એના સમજણે ઊતરે એવી છે. બીજી કોઇ એમાં રીત છે નહીં. સમજાણું કાંઇ?

**તેથી એ બન્ને જાતિનું શ્રદ્ધાન થતાં જ મોક્ષ થાય.** જુઓ આ સાત તત્ત્વમાં બે સ્થાપ્યાં, જીવ અને અજીવ, **પણ એ બન્ને જાતિ જાણ્યા વિના**... હવે નકારથી વાત કરે છે, પહેલે હકારથી કરી. પણ એ **બન્ને જાતિ જાણ્યા વિના સ્વપરનું શ્રદ્ધાન ન થવાથી**... જુઓ હવે નકારથી વાત કરે છે. પર્યાયબુદ્ધિથી, ઓલો તો સ્વ ને પરને પરથી પોતાને ભિન્ન જાણતાં પોતાના જ્ઞાન, આનંદ સ્વભાવની શ્રદ્ધા એની જ્ઞાન ને રમણતામાં પ્રવર્તે; પણ સ્વ ને પર બેય એક જાણે અને ભિન્ન ન જાણે તો... સ્વ પરનું શ્રદ્ધાન ન થવાથી પર્યાયબુદ્ધિ... એ તો શરીરબુદ્ધિ રહી. શરીર... શરીર... શરીર તે હું, શરીરના સંબંધથી હું.

**તે સાંસારિક પ્રયોજનનો જ ઉપાય કરે.** ઓલો મોક્ષનો ઉપાય કરતો. પરથી પોતાને ભિન્ન જાણી મોક્ષના મારગમાં પ્રવર્તતો, ત્યારે સ્વ ને પરને ભિન્ન ન જાણ્યા એટલે પરમાં પોતે પ્રવર્તયો. **સાંસારિક પ્રયોજનનો ઉપાય**... શરીર કેમ ઠીક રહે, અને શરીર કેમ આમ રહે અને શરીરથી કામ લેવાય કારણકે પોતે પરથી પોતે ભિન્ન તો જાણ્યો નહીં. એટલે શરીરથી આમ કામ લઉં અને આમ ખવડાવું ને આમ પીવડાવું અને એનાથી આમ બોલવું, આ બધા કામ થાય શરીર હારા(સારા) હોય તો આમ થાય એ તો પર્યાયબુદ્ધિ...

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શરીરબુદ્ધિ... મિથ્યાબુદ્ધિ થઇ. **સાંસારિક પ્રયોજનનો** જ ઉપાય કરે મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનો. અને પરદ્રવ્યોમાં રાગ - દ્વેષરૂપ થઇ પ્રવર્તતા... લ્યો, પરદ્રવ્યોમાં... શરીરમાં આમ થાય, આનું આમ થાય, આનું આમ થાય. **પરદ્રવ્યોમાં રાગ - દ્વેષરૂપ થઇ પ્રવર્તતા તે મોક્ષમારગમાં કેવી રીતે પ્રવર્તે ?**

ત્યાં પરદ્રવ્યનું લક્ષ છે અને પરદ્રવ્ય તે હું... શરીર હું, એમાં તો રાગ-દ્વેષ થયા વિના રહે જ નહીં. તો રાગ-દ્વેષમાં પ્રવર્તે એથી તો આત્માનું મોક્ષમાર્ગનું સ્વરૂપ કેમ સાધે ? **માટે બન્ને જાતિનું શ્રદ્ધાન ન થતાં, મોક્ષ પણ ન થાય.** બન્ને જાતિનું શ્રદ્ધાન થતાં મોક્ષ થાય, **બન્ને જાતિનું શ્રદ્ધાન ન થતાં મોક્ષ ન થાય.** અસ્તિ - નાસ્તિથી વાત કરી, અનેકાંતથી વાત કરી બહુ સરસ વાત ! ટોડરમલજીએ તત્ત્વાર્થોને બહુ જ ટૂંકામાં સરસ રીતે શાસ્ત્રને જે કહેવું છે એ વાતને સાદી ભાષામાં ચાલતી ભાષામાં મૂક્યું. **તે પ્રમાણે એ બે સામાન્ય તત્ત્વો તો અવશ્ય શ્રદ્ધાન કરવા યોગ્ય કહ્યા.** લ્યો, બેની વાત છે એ સાતમાં. હું આત્મા એ જ્ઞાન - દર્શન સ્વભાવવાળો, એના સ્વભાવમાં એકાકાર થઇ મોક્ષમાર્ગનું પ્રવર્તન થાય માટે જીવની પોતાની જાત જાણવી. આ અજીવ અથવા બીજા જીવ, મારાથી જુદા પરદ્રવ્ય એનાથી મારે કાંઇ પ્રયોજન નથી કેમ કે તેના દ્રવ્ય, ગુણ ને પર્યાયો. પર્યાય એટલે હાલત, દશાઓ, એનાથી થઇ રહી છે. મારે એને કરવું કેમ કે ભિન્ન છે, તેમ એનાથી મારામાં કાંઇ કરવું કેમકે ભિન્ન છે એ રહેતું નથી. પરદ્રવ્યથી મારામાં કાંઇ થાય અને મારાથી પરમાં થાય, એવા જીવ અને અજીવ બે ભિન્ન જાત જાણતાં એ વાત રહેતી નથી. સમજાણું કાંઇ ?

હવે આવ્યા પાંચ, આસ્ત્રવ આદિ વિશેષ અવસ્થા, બહુ સરસ વાત છે જુઓ. **આસ્ત્રવ આદિ પાંચ તત્ત્વો કહ્યા,** સાત છે ને સાત ! તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. જીવ, અજીવ, આસ્ત્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ... સાત. તો બેની વાત તો કરી. સમજાય છે ને ? કાંઇ થોડું થડું સમજી લેવું ગુજરાતી. કહે છે કે આત્મા અને પર બેય ભિન્ન જાણ્યા એને આત્માનું અંતર્મુખ થઇને હિત કરવાનું પ્રયોજન સિદ્ધ થયું. પરને પર જાણ્યાં તો પરથી કાંઇ કામ લેવું કે પરને કાંઇ કામ કરવું એ વાત શ્રદ્ધાનમાં બે જાત ભિન્ન જાણી એમાં એ રહેતું નથી. કહો સમજાણું કાંઇ ?

કેટલી સાદી ભાષામાં મોક્ષમાર્ગ પ્રકાશક ઘણી સાદી ભાષામાં ચાલતી સરળ ભાષામાં અમે એને મૂકીને કહીએ છીએ લ્યો, સમજાણું ? જેમ મા એ આમ ગર્ભલો કરીને આપે કે નહીં ? ગર્ભલો શું આ રોટલાનો... બાજરાના રોટલાનો ગર્ભલો કરીને આમ ઝીણો ઝીણો નથી આપતાં ? શું કહેવાય ઇ તમારે હિન્દીમેં ક્યા કહેતે હૈ ? સમજતે નહીં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બીચકા ગર્ભ ઓ રોટીકા... રોટલાકા ભાગ ઓ ઉપરકો નહીં, હેઠે ને વચલો ગર્ભ. એમાં સાકર ને ઘી નાંખીને આપે એમ આપ્યું છે આ. ગર્ભલો કરીને આમ કાઢયું જુઓ ભાઈ! પ્રભુ તું તો જુદો છો ને ભાઈ! તારે અને પરને શું સંબંધ છે? ત્રણકાળ, ત્રણલોકમાં પરદ્રવ્ય અને તારે કાંઈ સંબંધ નથી. તો હવે તું તો આત્મા છો ને! અને તે આત્મા તો જ્ઞાન - દર્શન ને આનંદ સ્વભાવવાળી ચીજ છે. એ સ્વભાવનું અંતર સાધન, પુણ્ય-પાપનાં રાગ અને પરનું લક્ષ છોડી, સ્વભાવ શુદ્ધ ચિદાનંદનું સાધન કરવું એ પરથી જીવ જુદો પાડયાનું પ્રયોજન છે, અને પોતાથી જડ અને પર આત્માઓને જુદા જાણ્યા એનું ફળ પર પ્રત્યેના કાંઈપણ કાર્યને હું કરું નહીં અને પરપદાર્થથી મારે કાંઈ કાર્ય મારું લેવું નથી. પરથી મારે કાંઈ કામ નથી કેમ કે ઈ જુદા છે. જુદા જુદાનું કામ કરે, હું મારું કામ કરું. આહાહા!

કહો વોરા બરાબર છે આ? ભાઈઓ જુદે જુદા હશે? હેં? (શ્રોતા : ઓળખ્યા નથીને!) ઓળખેને! જુદા જાણ્યા નથી એણે. અરે! જુદા જાણે તો જુદાની ચિંતા શી? પરવસ્તુને જુદી જાણે તો એની ચિંતા શી? કેમ કે પરવસ્તુ જુદી, એની દશાઓના કાર્યો એનાથી થઈ રહ્યા છે એટલે મારાથી જુદા એની ચિંતાનું એને પ્રયોજન રહેતું નથી. આહાહા! સમજાણું કાંઈ? અને હું જ્યારે પરથી જુદો તો પરથી કામ લેવાનું મારે કાંઈ રહેતું નથી, મારું કામ મારાથી છે. હું તો જ્ઞાન - દર્શન ને આનંદ સ્વરૂપ છું એવો મારો સ્વભાવ, એ સ્વભાવનું પરથી ભિન્નપણું જાણ્યું તો સ્વભાવમાં એકાગ્રતાનું સાધન જેને આંહી મોક્ષનો ઉપાય કહ્યો એ પોતે ઉપાય કરે. આમ જાણે તો આમ યથાર્થ હોં, શબ્દોથી નહીં. અંદર ભાવમાં એમ ભાસન થાય તો સ્વનો ઉપાય મોક્ષનો કરે અને પર પ્રત્યેના રાગ-દ્વેષને છોડે, આ બે જાતને જાણવાનું ફળ. સમજાય છે કાંઈ?

હવે અહીંયા પાંચ આસ્ત્રવ આદિ પર્યાય પાંચ છે. ઓલા બે દ્રવ્ય હતા સામાન્ય, વસ્તુ બે જીવ ને અજીવ બે. હવે પાંચ છે એની દશા છે. આસ્ત્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ આદિ **પાંચ તત્ત્વો કહ્યા એ જીવ પુદ્‌ગલના જ પર્યાય છે**. જીવ અને જડની દશા છે. હાલત... હાલત... પાંચ પર્યાય છે. દ્રવ્ય નથી એમ એ ગુણ નથી. કોણ? એ આસ્ત્રવ એટલે પુણ્ય-પાપના ભાવ એ દ્રવ્ય નથી, ગુણ નથી, પર્યાય છે અવસ્થા છે. એમ સંવર એ ગુણ નથી, દ્રવ્ય નથી, વર્તમાન શુદ્ધિની એક દશા છે. શુદ્ધિની એક અવસ્થા છે. એમ નિર્જરા એ દ્રવ્ય નથી, ગુણ નથી પણ શુદ્ધિની વૃદ્ધિ એક આત્માની વીતરાગ પર્યાયની વૃદ્ધિ એ આત્માની પર્યાય છે. આ બંધ તે આત્મા સ્વભાવ શુદ્ધ છે એ રાગમાં અટકે એ બંધ પર્યાય છે, એ દ્રવ્ય ગુણ નથી. અને મોક્ષ શુદ્ધતા પૂરણદશા પ્રગટ થવી એ પર્યાય છે. મોક્ષ પણ કોઈ દ્રવ્ય અને ગુણ નથી. સમજમેં આયા?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભૈયા! ગુણ ને ગુણ તો ત્રિકાળી રહેતે હૈ અને પર્યાય તો નયી પ્રગટ હોતી હૈ તો પાંચ પર્યાય છે. ઓહોહો! મોક્ષ પણ પર્યાય છે. પર્યાય નામ અવસ્થા છે. અવસ્થા નામ હાલત... દશા છે કહો દેવાનુપ્રિયા! આહાહા! પાંચ પર્યાય... જીવ પુદ્ગલના પર્યાય. મેં અત્યારે જીવની વાત કરી એમ જડમાં, જડ રજકણો જે આવે આસ્ત્રવ તરીકે એ જડની પર્યાય છે. અટકે એ પણ જડની પર્યાય છે, બંધાય એ પણ જડની પર્યાય છે, છૂટે એ પણ જડની પર્યાય છે અને પૂરણ છૂટે એ પણ જડની મોક્ષ, દ્રવ્ય મોક્ષ જડની પર્યાય છે. સમજાણું કાંઇ?

પાંચ તત્ત્વો કહ્યાં તે જીવ - પુદ્ગલના જ પર્યાય છે. બેના કેમ કહ્યા સમજાણું? કે આત્મામાં જુઓ પુણ્ય - પાપના વિકલ્પ ઊઠે છે દયા, દાન, વ્રતનો એ પુણ્ય આસ્ત્રવ છે. એ આત્માની પર્યાય વિશેષ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગવાસના એ પાપ આસ્ત્રવ અશુભ પરિણામ છે. એ જીવની વિશેષ પર્યાય છે અને એ ક્ષણે જડના પરમાણુ આવવા એ જડની પર્યાય છે, અને જડના પરમાણુઓ ન્યાં(ત્યાં) બંધરૂપે ત્યાં થાય એ જડની અવસ્થા છે. ન્યાં(ત્યાં) સંવરરૂપે દશા થાય, રાગ-દ્વેષ રહિત શુદ્ધતાની આત્માની વીતરાગ પરિણતિ પ્રગટ થાય એ સંવર, જીવની પર્યાય છે. કર્મના ઉદયના રજકણો અટકી જાય આવવા એ જડની પર્યાય છે અને શુદ્ધિની વૃદ્ધિ આત્મામાં થાય એ જીવની નિર્જરા પર્યાય છે. કર્મનું ખરી જવું જડની પર્યાય છે. આત્મા રાગમાં અટકે કે દયા - દાનના વિકલ્પમાં અટકે એ પણ ભાવ બંધ જીવની પર્યાય છે, અને એને લઇને કર્મના પરમાણુ બંધાય એ જડની પર્યાય છે. આત્મામાં પૂરણ શુદ્ધતા થતાં મોક્ષ થાય એ જીવની પર્યાય છે. તે વખતે કર્મ પૂરણ છૂટી જાય એ જડની પર્યાય છે. સમજાય છે કાંઇ? શું કહ્યું? જીવ પુદ્ગલના જ પર્યાય એમ કહ્યું પાછું 'જ' એ પાંચ પર્યાયો આસ્ત્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ. એ પાંચ પર્યાય એક જીવની છે, એક અજીવની છે એમ પાંચ જીવ - અજીવની પર્યાયો છે. જીવ - અજીવ દ્રવ્ય નથી તેમ જીવ - અજીવના એ ગુણો નથી. સમજાણું કાંઇ?

આ તો બહુ સહેલી વાત સમજવા જેવી છે. આગળ આવશે હજી પાઠ. (શ્રોતા : ...) હેં! પણ આ... આ તો સમજાય એવી વાત છે ને! આ તો બાળકને સમજાય એવી છે કે એક જીવ અને અજીવ. અજીવ એટલે મારા સિવાય બધા મારે માટે તો અજીવ અને બધા જડ. આંહીથી પર એટલે પર અને સ્વ બે જુદાં એની વાત કહી ગયા. હવે આ પાંચ દશા જે તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ એની પાંચ જે ભાવ રહ્યા એ પાંચ છે શું? કહ્યા તો તત્ત્વ પણ છે શું? કે પર્યાય. પર્યાય એટલે હાલત. કોની? કે જીવની પાંચ હાલત... પર્યાય અને અજીવની પાંચ એમ એક જડની અને જીવની બેની એ પાંચ પર્યાયો છે. બે દ્રવ્ય કહ્યા એની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પાંચ પર્યાયો બેની છે, સમજાણું કાંઇ? **એ વિશેષરૂપ તત્ત્વો છે.** દેખો ઓલામાં બે સામાન્ય હતા. જીવ અને અજીવ એટલે પર, એ બે સામાન્ય હતા. કાયમ રહેનારા, એની આ દશાઓ ૫(પાંચ) સમજાણું કાંઇ?

હજી 'તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ સમ્યગદર્શનમ્' જે જૈનધર્મનો પહેલો પાયો. ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવ જેને તત્ત્વાર્થશ્રદ્ધાન કહે છે એ સાત કોણ અને કેમ એની ખબર વિના સમ્યગ્દર્શન થાય શી રીતે? અને સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર કોઇ દી' હોઇ શકે નહીં. આમાં બે કહ્યા સામાન્ય, પાંચ કહ્યા વિશેષ. એ વિશેષના બે પ્રકાર. એક જીવના પાંચ વિશેષ અને એક જડના પાંચ વિશેષ. **એ પાંચ પર્યાયોને જાણતાં...** હવે એનું પ્રયોજન સિદ્ધ કરે છે. એ તો સિદ્ધ કરી વસ્તુ, એ પાંચ શું છે? હવે એ પાંચ દશા... પર્યાય છે ને ઇ પર્યાય એટલે હાલત... અવસ્થા. જેમ સોનું કાયમ રહીને, સોનામાં પીળાશ - ચીકાશ કાયમ રહીને કુંડલ, કડા, વીંટી આદિ અવસ્થા થાય ને પર્યાય એમ આત્મા ને જડ કાયમ રહીને વસ્તુ તરીકે એની દશાઓ પલટે એ દશાનાં પાંચ પ્રકાર છે આસ્ત્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. કહો સમજાણું આમાં? કેમ આ બધાને સમજાય એવું છે, આ દવા બવા જાણે તે સમજાય એને દક્ષિણ ભાષા છે એ લોકોની.

સાતમા શું કહ્યું? ક્યા કહા સાતમે? કે 'તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્'. તત્ત્વાર્થ સાત એમાં જીવ અને પર, પરમાં બધા જીવ ને અજીવ બધા, મારાથી ભિન્ન. એમ જીવ ને અજીવ બે જાત સામાન્ય તરીકે દ્રવ્ય તરીકે કહેવામાં આવી અને પાંચ તેની દશાઓ - પર્યાયો - હાલત તરીકે કહેવામાં આવી. હવે ઇ શું છે પાંચ? એ તો જીવ - અજીવની પર્યાય એટલું કીધું પણ એનું સ્વરૂપ શું ત્યારે હવે? **એ પાંચ પર્યાયોને જાણતાં મોક્ષનો ઉપાય કરવાનું શ્રદ્ધાન થાય. જુઓ એ પાંચ પર્યાયોને જાણતાં મોક્ષનો ઉપાય** એટલે મોક્ષમારગ. આ મોક્ષમાર્ગ પ્રકાશક છે ખરું ને! મોક્ષમારગ **કરવાનું શ્રદ્ધાન થાય.** શું કીધું? પાંચ પર્યાયોને જાણતાં, ઓલામાં બેને જાણતાં શું હતું એમ આવ્યું'તું. માળે પણ શબ્દે પણ આમ તોળી તોળીને મૂક્યા છે ને! પહેલામાં બે જીવ અને અજીવને જાણતાં, પરથી હું જુદો અને મારા હિતને માટે મારા સ્વભાવનું સાધન મોક્ષનું કરવું. પર મારાથી ભિન્ન તો એનાથી ઉદાસ થઈને એ તરફના રાગ - દ્વેષને મારે શુભાશુભ રાગને છોડવા.

**હવે પાંચ પર્યાયોને જાણતાં મોક્ષનો ઉપાય કરવાનું શ્રદ્ધાન થાય. તેમાં મોક્ષને ઓળખે.** હવે મોક્ષ આવ્યું પહેલી પર્યાય, પહેલી ન્યાંથી(ત્યાંથી) કીધું હતું ને! અહીં તો મોક્ષનું પ્રયોજન છે પહેલું કહ્યું'તું સાત તત્ત્વમાં. ત્રીજી લીટી ઉત્તરમાં તેમાં હવે પાંચમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પહેલી લીધી મોક્ષ પર્યાય. **મોક્ષને ઓળખે.** મોક્ષ છે તો પર્યાય... હાલત... દશા. સિદ્ધની પણ એક દશા છે મોક્ષ. ઇ કાંઇ ગુણ દ્રવ્ય નથી જેમ સંસાર... સંસાર એ આત્માની દશા છે, પર્યાય છે. સંસાર કોઇ શરીર, વાણી, મનમાં નથી રહેતો. સંસાર આત્માની પર્યાયમાં પુણ્ય અને પાપ એ મારા હું એનો એવો મિથ્યાત્વભાવ અને રાગ - દ્વેષ ભાવ એ જીવની પર્યાયમાં સંસાર છે. સમજમેં આતા હૈ ભૈયા? સંસાર કોઇ દૂરમેં નહીં. સ્ત્રી, કુટુંબમેં સંસાર નહીં ઓ આયા કે નહીં? કે આસ્ત્રવ અને બંધ જીવની પર્યાય છે પણ આસ્ત્રવ બંધ કહો કે સંસાર કહો સમજાણું કાંઇ? આસ્ત્રવ એટલે પુણ્ય - પાપના ભાવ, અને બંધ એટલે ઇ આત્મા પોતાનો સ્વભાવ ચૂકીને એમાં રોકાઇ જાય, અટકે વિકારમાં એ બંધ. એ આસ્ત્રવ અને બંધ એ જીવની પર્યાય છે. આત્માની દશા છે. એટલે કે સંસાર આત્માની દશામાં છે. સંસાર કાંઇ કર્મમાં બાયડી, છોકરા, પૈસા, લક્ષ્મીમાં સંસાર નથી. સંસાર ક્યાં રહે છે એની ખબર ન મળે.

અહીં તો એ તત્ત્વને બતાવે છે. સમજાણું કાંઇ? કે જીવ અને અજીવની પાંચ પર્યાય - અવસ્થા કીધી, ત્યારે હવે એમાં આસ્ત્રવ, બંધ જીવની અવસ્થા. જડની જડમાં રહી, હવે ઇ તો આવે ને જાય પરમાણુ એને કારણે. આંહી આસ્ત્રવ અને બંધ એ જીવની પર્યાય કીધી. પર્યાય એટલે અવસ્થા. અવસ્થા એટલે દશા. તો એ આસ્ત્રવ, બંધ એ સંસાર દશા છે. સમજાણું? પણ એ આસ્ત્રવ, બંધને ભિન્ન જાણી, મારું સ્વરૂપ ભિન્ન છે એનાથી તો એટલો એને મોક્ષમારગનો સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર પર્યાય પ્રગટયો. આ એને સંવર, નિર્જરા ને સંવર, નિર્જરા અથવા મોક્ષનો મારગ કહે છે. સમજાણું કાંઇ?

જીવમાં પુણ્ય ને પાપના ભાવ એ એને અટકવું એ આસ્ત્રવ, બંધ એ જીવની પર્યાય. હવે એ જીવની પર્યાય આ છે એ સંસાર છે. હવે જેને મોક્ષમારગ કરવો હોય તો એ પુણ્ય - પાપ અને બંધમાંથી ખસી એકલો આત્મતત્ત્વ જ્ઞાતાદ્રષ્ટા છે એમાં એકાકાર થાય ત્યારે તેને મોક્ષમારગની પર્યાય... આસ્ત્રવ બંધ સંસાર પૂરણ પર્યાય હતી એમાંથી ખસીને સ્વભાવ... ખસીને સમજેને? હઠીને ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવની દ્રષ્ટિ, જ્ઞાન ને રમણતા કરે તો એને એટલો મોક્ષનો મારગ નિર્મળ પર્યાય એ પણ જીવમાં છે. હજી થોડો આસ્ત્રવ, બંધભાવ રહી જાય છે. પૂરણ જ્યારે સ્વભાવમાં સ્થિર થઇ જાય ત્યારે પૂરણ મોક્ષની દશા થઇ જાય ત્યારે સંસારનો આસ્ત્રવ, બંધનો પર્યાય જીવમાં બિલકુલ રહે નહીં. સમજાણું કાંઇ? જીવની અંદર આસ્ત્રવ અને બંધ એટલે મલિન પરિણામનું અટકવું... સ્વભાવ છોડીને અટકી જવું એ બંધ. અને મલિન પરિણામ એ પોતે આસ્ત્રવ. એ બેને ઓળખે તો એનાથી ખસી એને હેય જાણે. જો (જુઓ) ઇ કહે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આસ્ત્રવને હેય જાણે, બંધને અહિત જાણે તો એમાંથી ખસી, દૂર હઠી પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાકાર થાય તો તેટલો મોક્ષનો મારગ હજી પ્રગટે, અને તેટલો હજી જેટલો પુણ્ય ને પાપનું અટકવું બાકી રહી ગયું તેટલો હજી બંધ મારગ પણ હોય. પછી પૂરણ છૂટીને સ્વરૂપમાં ઠરે ત્યારે એકલો મોક્ષદશા થઇ જાય ત્યારે સંસારની આસ્ત્રવ, બંધ પર્યાય બિલકુલ રહે નહીં. સમજાણું કાંઇ? આમાં તો ઘણાં પ્રકાર આવે છે.

આ લોકો કહેને શુભથી ધર્મ થાય, ને પુણ્યથી એ બધું ઊડી જાય છે આમાં... આમાં દયા, દાન, વ્રત, ભક્તિ, શુભ પરિણામ પણ તો એ તો આસ્ત્રવ છે. એ તો સંસાર છે. ઉદયભાવ છે. જીવની મલિન પર્યાય છે. તારે મોક્ષમારગ કરવો છે કે નહીં? તો એ મલિન પર્યાયમાંથી ખસી, નિર્મળ જ્ઞાનાનંદ સ્વભાવ પોતાનો છે એની અંતરની રુચિ, જ્ઞાન કરી અને ઠરવું, એટલો મલિનથી છૂટો મોક્ષનો મારગ કહેવામાં આવે છે. અને જેટલો મલિનભાગ હજી રહી ગયો, ત્યાં સુધી એને બંધભાવ પણ એટલો કહેવામાં આવે છે. કહો સમજાણું કાંઇ? ઓછી મલિનતા રહી અને કેટલીક નિર્મળતા થઇ, ઓછી મલિનતા રહી અને કેટલીક નિર્મળતા થઇ એને મોક્ષમારગ અને જરીક અટકવું એવું બંધભાવ બેય સાથે રહેતો હોય છે. બે હારે(સાથે) હોય છે. પણ જેટલો પુણ્ય ને પાપનો ભાવ એ બંધ મારગ છે. એનાથી છૂટીને સ્વભાવમાં એકાકાર થવું એટલો મોક્ષનો મારગ એ જ સમયે બે હોય છે અધૂરું છે માટે ઇ કહે છે જુઓ.

તેમાં મોક્ષને ઓળખે તો તેને હિતરૂપ માની... તે પૂરણ છૂટવું **તેને હિતરૂપ માની તેનો ઉપાય કરે**... મોક્ષનો... એ છૂટવાનો ઉપાય કરે, મોક્ષને હિત માને તો. જુઓ આ એક તત્ત્વની વાત થઇ પાંચ પર્યાયમાં, **તેથી મોક્ષનું શ્રદ્ધાન કરવું... તેથી મોક્ષનું શ્રદ્ધાન કરવું.** પૂરણ નિર્મળતા એ મારું હિત છે. એ મારું હિત છે માટે તેનો ઉપાય કરવો, એ મોક્ષને જાણવાનું પ્રયોજન છે. આહાહા! સમજાણું કાંઇ?

હવે **મોક્ષનો ઉપાય સંવર, નિર્જરા છે.** જુઓ આવ્યું, એ પર્યાય છે એક. આસ્ત્રવભાવ ન આવ્યો મોક્ષના ઉપાયમાં. પુણ્યના પરિણામ દયા, દાન, વ્રતનાં મોક્ષનો ઉપાય એમ ન આવ્યું એમાં. આહાહા! અરે! સાત તત્ત્વની શ્રદ્ધાનીય ખબર ન મળે. આહાહા! મોક્ષનો ઉપાય... મોક્ષ તો પરમ નિર્મળતા છે, પૂરણ શુદ્ધતા છે તો એનો ઉપાય પણ અપૂર્ણ શુદ્ધતા તે તેનો ઉપાય છે. પણ અશુદ્ધતા તે તેનો ઉપાય છે એમ છે નહીં. આવી તો હજી તત્ત્વાર્થશ્રદ્ધાનમાં સમ્યગ્દર્શનમાં પ્રતીતિ આવી જાય. હવે એની ખબર ન મળે, શેઠી! મોક્ષ નામ આત્માની પરમ પવિત્ર આનંદ દશા એ પર્યાય છે, એને ઓળખે તો એને હિત જાણે,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એને હિત જાણે તો એનો ઉપાય કરે. ઇ એનો મોક્ષ થાય એવો ઉપાય કરે એક વાત. હવે એનો ઉપાય સંવર, નિર્જરા... આ કરે.

સંવર એટલે શુદ્ધતાનું ઉત્પન્ન થવું, અને નિર્જરા એટલે શુદ્ધતાની વૃદ્ધિ થવી. એમાં પુણ્ય - પાપ આસ્ત્રવ ન આવ્યા. એ દેવાનુપ્રિયા? (શ્રોતા : ...) હેં? એ તો સંવર થઇ ગ્યો(ગયો). આસ્ત્રવનો અભાવ એ સંવર છે. આસ્ત્રવ પોતે સંવરનું કારણ (નથી). વિકલ્પ એ વ્રત, નિયમ જે વૃત્તિ ઊઠે એ તો આસ્ત્રવમાં ગ્યા(ગયા) એ તો બંધનું કારણ છે સંવરનું કારણ નથી. મોક્ષનો ઉપાય... પૂરણ પવિત્રતાની પ્રાપ્તિનો ઉપાય એ સંવર, નિર્જરા એટલે સમ્યગ્દર્શન - જ્ઞાન ને ચારિત્ર, સમ્યગ્દર્શન - જ્ઞાન ને ચારિત્ર એ સંવર, નિર્જરાના અહીં શબ્દ લેવા, સાતમાંથી લેવા છે ને! બાકી સંવર, નિર્જરા એટલે આત્મા પુણ્ય - પાપ રહિત, પરથી રહિત એવા આત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા એનું જ્ઞાન અને એમાં રમણતા, એ દર્શન જ્ઞાન ને ચારિત્ર શુદ્ધ પર્યાય એ અવિકારી પર્યાય એને સંવર - નિર્જરા કહ્યું, એને મોક્ષમારગ કહ્યો, એ મોક્ષનો ઉપાય એને કહ્યો. સમજાણું કાંઇ?

આ તો બહુ સરસ વાત છે. આ તો હજી પહેલા એકડાની વાત છે. 'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્' એની વાત છે પણ હવે એમાં એ મગજ આપે નહીં, વિચાર કરે નહીં અને ઓઘે ઓઘે હાલે(ચાલે) તો અનંતકાળથી હાલે(ચાલે) છે બાપુ! એમાં કાંઇ પત્તો ખસે... ખાશે નહીં. **આ તેને ઓળખે**... કોને? મોક્ષના ઉપાયને. ઉપાય કહો, મારગ કહો કે સંવર-નિર્જરા કહો એક જ છે. **તો જેમ સંવર નિર્જરા થાય તેમ પ્રવર્તે તો સંવર નિર્જરા થાય તેમ પ્રવર્તે જુઓ**. એ શુભાશુભ ભાવથી રહિત શુદ્ધતામાં જેમ અવાય તેમ પ્રવર્તે, સંવર ને નિર્જરાનું શ્રદ્ધાન થાય તો. સમજાણું કાંઇ? સંવર નિર્જરાને ઓળખે તો જેમ સંવર એટલે શુદ્ધતા. નિર્જરા એટલે શુદ્ધતાની વૃદ્ધિ થાય એમ પ્રવર્તે તો એ તો શુદ્ધ ચિદાનંદ મૂર્તિ ભગવાન એના અંતરમાં એકાકાર થાય તે મોક્ષ મારગનો ઉપાય અને સંવર નિર્જરા છે. **માટે સંવર - નિર્જરાનું શ્રદ્ધાન કરવું. માટે સંવર નિર્જરાનું શ્રદ્ધાન કરવું**. એ ત્રણ પર્યાયો થઇ. પાંચ પર્યાયમાંથી ત્રણ થઇ મોક્ષ, સંવર ને નિર્જરા. હવે રહી બે આસ્ત્રવ અને બંધ. સાત તત્ત્વની મારગની અંદર વાત છે આ.

**વળી સંવર, નિર્જરા તો અભાવલક્ષણ સહિત છે**. અભાવ લક્ષણ સહિત છે ને? કોનો અભાવ? કે જેથી **તેથી જેનો અભાવ કરવાની જરૂર છે તેને પણ ઓળખવો જોઇએ**. સંવર, નિર્જરા તો અભાવ લક્ષણ સહિત છે. કોનો અભાવ? એમ કહે છે કે જેનો અભાવ કરવાની જરૂર તેને પણ ઓળખવો જોઇએ. જેમ કે દષ્ટાંત હજી આપ્યો છે આ તો.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ક્રોધનો અભાવ થતાં ક્ષમા થાય.** ક્રોધનો અભાવ થતાં ક્ષમા થાય. **હવે ક્રોધને ઓળખે તો તેનો અભાવ કરી ક્ષમારૂપ પ્રવર્તે. એ જ પ્રમાણે આસ્ત્રવનો અભાવ થતાં સંવર થાય.** જુઓ મહા સિદ્ધાંત. આસ્ત્રવ - દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઊઠે એ પુણ્યઆસ્ત્રવ, હિંસા, જૂઠું, ચોરી એ પાપ આસ્ત્રવ, મલિન બેય મલિન બે ભાવ છે. બહુ ઝીણું પણ માણસને! એ જે ભાવથી મલિનતા થાય એ પુણ્ય-પાપ છે. આ **એનો અભાવ થતાં... એનો અભાવ થતાં સંવર થાય.** આસ્ત્રવભાવ રાખીને સંવર નામ ધર્મ થાય... સંવર એટલે ધર્મ એમ હોઇ શકે નહીં. કહો સમજાણું કાંઇ?

આ તો હજી પહેલો પાયો... હેં! મકાન ચણવાનું... નીંવ... શું કહેવાય ઇ? પાયો... પાયો... એમ તત્ત્વાર્થશ્રદ્ધાન, ભાઇ એ સાત શું છે એને ઓળખ્યા? સાતને ઓળખ્યા? સાતને જો ઓળખે અને સાતનું પ્રયોજન જાણે તો એને સમ્યગ્દર્શન થયા વિના રહે નહીં. હવે પછી વળી જ્ઞાન વિશેષ અને ચારિત્રને પછી કેમ થવું એ તો પછી સ્વરૂપની રમણતા એ તો પછી. આંહી તો કહે છે **આસ્ત્રવનો અભાવ થતાં**... આસ્ત્રવ એટલે પુણ્ય ને પાપ, એનો **અભાવ થતાં સંવર થાય અને બંધનો એકદેશ અભાવ થતાં નિર્જરા થાય.** નવો બંધ એકદેશ... બંધનો એકદેશ અભાવ... સર્વથા બંધનો અભાવ થાય તો મોક્ષ થાય પણ એકદેશ બંધનો અભાવ... બંધનો અભાવ, જેનાથી બંધ પડે એમ નહિ એનો અભાવ એને નિર્જરા કહેવામાં આવે છે. પહેલી વ્યાખ્યા બીજી કરી હતી. ઓલે પણે છે. પહેલે આવી છે ને! કથંચિત્ કિંચિત્ પહેલા અધિકારમાં... નિર્જરા અધિકારમાં સત્યાસી પાને હતું. સમજાણું કાંઇ?

એ તો આંહી એકદેશમાં બધું આવી ગ્યું એકદેશમાં, એ સત્યાસી પાને હતું. એ તે દી' વાત થઇ ગઇ છે. સત્યાસી પાનું. ત્યાં એ બંધનો એકદેશ અભાવ તો નિર્જરા કીધું છે અને આ બાજુમાં... છે ને બીજો ભાગ... બીજો પેરેગ્રાફ કે બંધનો એકદેશ અભાવ તો કહે નિર્જરા... ન્યાં(ત્યાં) પણ એમ કહ્યું છે. બીજું... પાછું બીજું બંધ કીધું છે ને! કદાચિત્ કિંચિત્ એમ છે ને પાછું બીજે ઠેકાણે, હેં? ઇ પહેલે શરૂઆતમાં લખ્યું હતું ત્યાં પણ એ બધું ક્યાં... હા એ તો છે. ઇ તો ખબર છે. આ બાસઠ જુઓ અહીંયા બે લીટી છે ને બાસઠની છેલ્લી. વળી કદાચિત્ એ નહીં બ્યાસી છે આંહી બ્યાસી ઠીક. બાસઠ લખ્યું નથી મેં આંહી. આ સત્યાસી લખ્યું છે. એ પાંચમી લીટી. **કથંચિત્ કિંચિત્ કર્મબંધનો અભાવ કરવો તે નિર્જરા છે.** બ્યાસી પાનું નીચેની પાંચમી લીટી. સમજાણું?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સત્યાસી કહ્યું છે એકલું કહ્યું છે. ઠીક. ત્યાં એમ કહ્યું'તું **કથંચિત્ કિંચિત્ કર્મબંધનો અભાવ.** આંહી એકદેશ કર્મબંધનો અભાવ એમાં એ આવી ગઇ વાત. ન્યાં(ત્યાં) તો કથંચિત્ લેવાનું કારણ કે ઓલા પુણ્યનો રસ કાંઇ બિલકુલ નથી બંધાતો... પુણ્યનો રસ તો વધે છે એથી કથંચિત્ કિંચિત્ કર્મબંધનો અભાવ કીધો છે. સર્વથી બંધનો અભાવ એમ નહીં. એ શબ્દમાં આમ આવી ગ્યું(ગયું). બંધનો એકદેશ અભાવ કહેતાં નિર્જરામાં આવી ગ્યું(ગયું) ઇ. સમજાણું કાંઇ? શું કહે છે? નિર્જરા કોને કહેવી? કે અશુદ્ધતાનો અંશ ટળવો અને કર્મના અંશનું બંધનું અંશે ઘટી જવું એને નિર્જરા થાય. **હવે આસ્ત્રવ બંધને ઓળખે તો તેનો નાશ કરી સંવર - નિર્જરારૂપ પ્રવર્તે.** દેખો... એ આસ્ત્રવ ને બંધને ઓળખે... તો નાશ કરી... તેનો નાશ કરી, રાખવાને માટે રાખીને નહીં. (શ્રોતા : ...) એ પણ પ્રશ્ન જ ક્યાં છે ઇ? શુભ ને અશુભ પરિણામ બેય આસ્ત્રવ છે. શુભ અને અશુભ પરિણામ એ પંચમહાવ્રતના પરિણામ અને અવ્રતના પરિણામ બેય આશ્રવ છે.

**બેય આસ્ત્રવનો નાશ કરી, સંવર - નિર્જરારૂપ પ્રવર્તે.** આ મહાસિદ્ધાંત છે હવે એમાં શું થાય? પહેલેથી જ હજી તત્ત્વાર્થ શ્રદ્ધાનનું સ્વરૂપ શું છે એને ઓળખે નહીં. **આસ્ત્રવ અને બંધને ઓળખે તો આસ્ત્રવ અને બંધ તેનો નાશ કરી સંવર - નિર્જરારૂપ પ્રવર્તે.** એ આત્મામાં પુણ્ય - પાપનાં ભાવથી હટી, એ બંધના ભાવનો એક અંશ ઘટાડી અને સ્વભાવ તરફ પ્રવર્તે ત્યારે તેને આસ્ત્રવ અને બંધનું જ્ઞાન યથાર્થ થયું કહેવામાં આવે છે. સમજાણું કાંઇ? **માટે આસ્ત્રવ - બંધનું પણ શ્રદ્ધાન કરવું.** લ્યો, પાંચેય થઇ ગ્યાં(ગયા) **માટે આશ્રવ બંધનું પણ શ્રદ્ધાન (કરવું),** પાંચેય થઇ ગયા. જીવ - અજીવ, મોક્ષ, સંવર - નિર્જરા, આસ્ત્રવ બંધ આમ લીધું. જીવ, અજીવ, મોક્ષ, સંવર, નિર્જરા એનો અભાવ આસ્ત્રવ ને બંધ આમ થઇ ગયા સાતેય. **એ પ્રમાણે એ પાંચ પર્યાયોનું શ્રદ્ધાન થતાં મોક્ષમાર્ગ થાય.** છે ને! ઓલામાં કહ્યું'તું ને કે એ બેનું શ્રદ્ધાન કરવું જોઇએ. હેં?

**એમ આ પાંચ પર્યાયનું શ્રદ્ધાન થતાં જ** આ સીધી રીતે **મોક્ષમાર્ગ થાય.** આ **એને ઓળખે તો તે મોક્ષને ઓળખે.** હવે નકાર આવશે. **હવે એને ઓળખે તો તે મોક્ષને ઓળખે, પણ જો તેને ન ઓળખે તો તે મોક્ષની ઓળખાણ વિના...** ઓલામાં મોક્ષ સીધું ઉપાડયું'તું ને ઓળખાણમાં. ઓળખાણ એટલે પિછાણ... સમજણ. હવે **મોક્ષની ઓળખાણ વિના...** મોક્ષ એ શું છે ભગવાન જાણે. મોક્ષ એટલે ઓલામાં લટકવું જાણે સિદ્ધશિલામાં! ઉપર જઇને મોક્ષ હશે? મોક્ષ તો તારી દશા પૂરણ નિર્મળ એ તારી દશામાં મોક્ષ છે. એ તારી દશામાં મોક્ષ છે. મોક્ષ પૃથ્વીશિલામાં, મુક્તિશિલામાં કે ઉપર ક્ષેત્રમાં કાંઇ મોક્ષ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તારા આત્માની પૂરણ દશા પર્યાયમાં મોક્ષ છે અને અપૂર્ણદશા એટલે આશ્રવ - બંધ એ પોતે સંસાર દશા છે. તારી પર્યાયમાં બધુંય છે. બહારમાં તારું કાંઇ રહેતું નથી. આશ્રવ - બંધ બહારમાં નહીં, મોક્ષ બી બહારમાં નહીં અને સંવર નિર્જરા બી બહારમાં નહીં.

**તેનો ઉપાય કેવી રીતે કરે? મોક્ષની ઓળખાણ વિના તેનો ઉપાય કેવી રીતે કરે?** ઓલામાં કીધું... મોક્ષની ઓળખાણ કરે તો તેનો ઉપાય કરે, પણ આત્માની પૂરણ દશા પવિત્ર દશા પૂરણ શુદ્ધતા પ્રગટવી તે મોક્ષ. એને ન ઓળખે તો એનો ઉપાય કરે કેમ? **હવે સંવર - નિર્જરાની ઓળખાણ વિના...** જેવું હકારથી ઉપાડયું તેવું નકારથી... **સંવર નિર્જરાની ઓળખાણ વિના તેમાં કેવી રીતે પ્રવર્તે?** ભગવાન આત્મા પુણ્ય પાપના આસ્ત્રવથી મલિનથી રહિત છે. એને ન ઓળખે તો એ અંતરમાં શુદ્ધતામાં અને શુદ્ધતાની વૃદ્ધિમાં કેમ પ્રવર્તે? કહો બરાબર છે ? અને આસ્ત્રવ - બંધની ઓળખાણ વિના તેનો નાશ કેવી રીતે કરે? પુણ્ય પાપનાં ભાવ આસ્ત્રવ છે અને એનું બંધન ફળ છે એ બેયમાંથી ઘટાડવાનો, નાશ કરવાનો ઉપાય આસ્ત્રવ બંધને ન જાણે તો કેમ કરે?

કહો આ તો પહેલી હજી સાત તત્ત્વની વાત આવી છે પહેલી... આહાહા! કેમ રતિભાઇ! આ મુદ્દાની રકમ આવે છે પહેલી. **એ પ્રમાણે પાંચ આ પર્યાયોનું શ્રદ્ધાન ન થવાથી...** છે ને ઓલામાં એમ કહ્યુંને (શ્રદ્ધાન) થતાં મોક્ષમાર્ગ થાય છે પાંચનુ શ્રદ્ધાન થતાં, ત્યારે હવે પાંચ પર્યાયનું શ્રદ્ધાન... પર્યાય છે પાંચેય અરે! સંસાર પણ તારી દશામાં, આ બંધ પણ તારી દશામાં, આ ધર્મ પણ તારી દશામાં અને મોક્ષ પણ તારી દશામાં. પરને લઇને કાંઇ તારે સબંધ છે નહીં. સમજાણું કાંઇ? એ પાંચ દશાઓ... પાંચ હાલતો, **એનું શ્રદ્ધાન ન થવાથી મોક્ષ પણ ન થાય.** જોયું ને! **એવી રીતે જોકે તત્ત્વાર્થ તો અનંત છે** ન્યાં(ત્યાં) ભાઇ, આવ્યું પાછું. આવ્યું પણ ખ્યાલ છે મેં ચિઠ્ઠી કરીને ન્યાં કર્યું છે. **તત્ત્વાર્થ તો અનંત છે અને તેનું સામાન્ય વિશેષ વડે અનેક પ્રકારથી પ્રરૂપણ થાય છે.** અનંત તત્ત્વાર્થો છે એના સામાન્ય વિશેષના પ્રકારથી અનંત ભેદ પડે છે, **પરંતુ અહીં એક મોક્ષનું પ્રયોજન છે.** આંહી તો એક મોક્ષનું પ્રયોજન છે બાપુ! બંધનથી છૂટે અને પરમશાંતિની પ્રાપ્તિ પરમાત્મદશાની થાય એ પ્રયોજન છે. બીજું કોઇ અહીંયા પ્રયોજન નથી. **માટે જાતિ અપેક્ષાએ બે તો સામાન્ય તત્ત્વ** જાતિ છે ને બે જીવ ને અજીવ એમ સામાન્ય, બધા જીવ અને અજીવ બધા ભેગા **અને પર્યાયરૂપ પાંચ વિશેષ તત્ત્વ મળી સાત તત્ત્વ કહ્યાં.** કહો સમજાણું કાંઇ?

હવે આટલા આટલા વારથી સાંભળતા હોય તો એને પૂછે કે અલ્યા સંસાર ક્યાં રહેતો હશે? બાયડી છોકરામાં, આ ધંધા વેપારમાં. હવે એટલી એને ખબર ન મળે ઇ તે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્યાં આસ્ત્રવ - બંધને ક્યાં ગોતે ? સમજાણું કાંઇ ? ધરમ... હેં ? અલ્યા સામાયિક ક્યાં રહેતી હશે ? રતિભાઇ ! સામાયિક ક્યાં રહે એને પૂછે, તો (એને) આવડે નહીં (શ્રોતા : અપાસરામાં) અપાસરામાં ! કાં શરીર આમ બેહી(બેસી) રહે એમાં. અરે ભાઇ ! સામાયિક તો આત્માની દશામાં રહે છે. સામાયિક તો આત્મા પુણ્ય-પાપનાં ભાવ રહિત શુદ્ધ ચિદાનંદ છે એની શ્રદ્ધા - જ્ઞાન - રમણતામાં રહે એવી આત્માની દશામાં સામાયિક હોય છે. સામાયિક નથી રાગમાં, સામાયિક નથી મનમાં, સામાયિક નથી શરીરમાં, સામાયિક નથી અપાસરામાં, દેરાસરમાં. એનીય ખબરું ન મળે અને સામાયિક કરીએ અમે ! ઠીક, કોણ ના પાડે છે ? કહો સમજાણું કાંઇ ?

(શ્રોતા : ...) શું કરે છે ? મિથ્યાશ્રદ્ધા કરીને કંઇક પુણ્યના પરિણામ કદાચ કરતો હોય પણ મિથ્યાશ્રદ્ધાનું લાકડું તો અનંતુ ભેગું છે. (શ્રોતા : ...) પણ ઇ તો એના પરિણામને કાળે ઇ પરિણામ આવશે, પણ એની દૃષ્ટિમાં વિશેષતા ઝેર શું છેએ આંહી સમજાવામાં આવે છે એટલી વાત છે. (શ્રોતા : ...) ઇ તો પણ એનો દોષ છે. ગધેડો સાકર ખાતાં મરી જાય એટલે કાંઇ માણસને સાકર ન ખાવી ? ઇ દાખલો આપ્યો છે ટોડરમલે પોતે. અહીં દ્રવ્યાનુયોગમાં. સત્ય વાત આ છે. સામાયિક ક્યાં રહે ? બોલો, સામાયિક નિર્મળ હશે ? સામાયિક આસ્ત્રવ - બંધ હશે કે સંવર - નિર્જરા ? અને સામાયિક ક્યાં રહેતી હશે ? કયા ક્ષેત્રમાં કયા ગુણમાં કયા પર્યાયમાં કયા દ્રવ્યમાં ભગવાન જાણે ! કાંઇ આપણને કાંઇ ખબર છે ? સામાયિક કરીએ છીએ કહે.

ભાઇ ! સામાયિક તો સંવર - નિર્જરા સ્વરૂપ છે. એ સંવર - નિર્જરા ક્યારે થાય કે આસ્ત્રવ - બંધની ઓળખાણ હોય, એનાથી રહિત થવાનો આત્મામાં પ્રયત્ન કરે, ત્યારે એની દશામાં સામાયિક થાય અને એ સામાયિક નિર્દોષ વીતરાગી પર્યાય છે. વીતરાગી દશા છે સામાયિક એને સામાયિક કહેવાય. ઇ વીતરાગી દશા સંવર - નિર્જરા કહો, મોક્ષમાર્ગ કહો કે આત્માની નિર્મળ પર્યાય કહો કે મોક્ષનો ઉપાય કહો. સમજાણું કાંઇ ? **સામાન્ય તત્ત્વ ને પર્યાયરૂપ પાંચ વિશેષ તત્ત્વ મળી સાત તત્ત્વ કહ્યા લ્યો**, એ સાતનો મેળ લઇ લીધો **કારણકે એના યથાર્થ શ્રદ્ધાન આદિ મોક્ષમાર્ગ છે**. એ કેમ કે એના સાતના યથાર્થ શ્રદ્ધાનને આધીન મોક્ષમાર્ગ છે. સાતની જ્યાં યથાર્થ શ્રદ્ધા નથી ત્યાં મોક્ષમાર્ગ હોતો નથી. જુઓ આ સિદ્ધાંત. કારણ કે એ બે સામાન્ય જીવ અને અજીવ તત્ત્વો, પાંચ વિશેષ પર્યાયો, એનાં યથાર્થ શ્રદ્ધાને આધીન... એની જ્યાં શ્રદ્ધાનાં ઠેકાણાં નથી એને મોક્ષમારગ હોઇ શક્તો નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પણ એ વિના અન્ય પદાર્થનું શ્રદ્ધાન હો,** દેખો... અરે! બધાં જગતની વાતું... અત્યારે જુઓને ડહાપણ ને બધા ઘણી વાતું કરેને! **એ અન્ય પદાર્થનું શ્રદ્ધાન હો કે ન હો અથવા અન્યથા હો...** એની હારે શું કામ છે? બાહ્ય પદાર્થ સાધારણ ને એ આનું આમ હોય ને આનું આમ હોય, ફલાણું આમ થાય, રોટલી આમ થાય ને દાળ આમ થાય, ને શાક આમ થાય, ને વઘારાય આમ, ને કપડું આમ થાય, ને સોનું આમ થાય, ને વીંટી આમ થાય, ને મકાન આમ થાય, ને ફલાણું આમ થાય, ને કોળિયો આમ બહુ ખાઈએ ચાવી ચાવીને પચી જાય... હવે ઈ તો બધું અજ્ઞાન... સાંભળને! કોણ કરે ન્યાં(ત્યાં)? દાક્તર! કહો. **એ અન્યથા હો તો પણ કોઈને આધીન મોક્ષમારગ નથી એમ જાણવું.** બસ, લ્યો હવે પુણ્ય - પાપ બે જરી રહેશે.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગપ્રકાશક
## પ્રવચન નં. ૩૧
## અધિકાર ૯મો
## સ્થળ:સુવર્ણપુરી તા.:૧૬.૧૨.૬૨ રવિવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

આ મોક્ષમાર્ગ પ્રકાશકનો નવમો અધ્યાય. મોક્ષમાર્ગ નું સ્વરૂપ ચાલે છે. એમાં તત્ત્વાર્થશ્રદ્ધાન સાત તત્ત્વોની શ્રદ્ધાને આધારે મોક્ષનો માર્ગ છે. એ સાત તત્ત્વોનું સ્વરૂપ કહેવાણું. જીવ પોતે જ્ઞાયક સ્વરૂપ છે. એને જાણે તો પોતાનાં હિતને માટે અંતરનો મોક્ષનો ઉપાય સાધન કરે. જીવ સિવાય બીજા જડ પદાર્થો બીજા મારાથી જુદા છે, મારે ને એને કાંઈ પ્રયોજન નથી તો પર પદાર્થથી ઉદાસ થઈ, પોતાના અંદર પર પદાર્થને આશ્રયે થતા રાગાદિ ભાવો છોડીને મોક્ષમાર્ગ ના ઉપાયમાં પ્રવર્તે. પુણ્ય-પાપના ભાવ એને આસ્ત્રવ કહે છે આસ્ત્રવ, અહીંયા સુધી આવ્યું છે ને પુણ્ય-પાપ હવે લેશું. શુભ-અશુભ ભાવ તે આસ્ત્રવ છે એ દુ:ખદાયક છે, હેય છે. એમ જો જાણે તો એને છોડવાનો ઉપાય કરે અને બંધ ભાવ આસ્ત્રવનું નિમિત્ત પામી જડ બંધાય અથવા ભાવબંધ પર્યાય થાય એ પણ આત્માને હિતકર

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી એમ જાણે તો એ સ્વભાવનું સાધન કરવા મથે, ને પરને છોડવાનો પ્રયત્ન કરે. એનું મૂળ પ્રયોજન તો મોક્ષ છે.

આત્માનું મૂળ પ્રયોજન તો મોક્ષ પ્રયોજન છે. શુદ્ધ પૂરણ આત્માની આનંદદશાની પ્રાપ્તિ એ પ્રયોજન છે. એ પ્રયોજનમાં આ સાત તત્ત્વોની શ્રદ્ધા મોક્ષમાર્ગમાં એક જ કારણ કે આ કાર્યકારી છે ત્યાં સુધી આવ્યું જુઓ... ''**કારણકે એના યથાર્થ શ્રદ્ધાનને આધીન મોક્ષમારગ છે...**'' સાત તત્ત્વોને... બીજી કોઇની આંહી વાત નથી. કોઇને લઇને કે આને લઇને ઇ કાંઇ સ્વતંત્ર બધું છે. ''**બીજું અન્યપદાર્થનું શ્રદ્ધાન હો કે ન હો, વા અન્યથા હો પરંતુ કોઇને આધીન મોક્ષમારગ નથી...**'' આત્માને મોક્ષ નામ શુદ્ધ દશાનો ઉપાય... બીજું જ્ઞાન ઓછું હોય વધારે હોય એની સાથે સબંધ નથી. અરે! વિપરીત પણ હોય કોઇ, પણ આ યથાર્થ તત્ત્વો છે એની યથાર્થ અંતરમાં દૃષ્ટિ ને રુચિ થવી એ જ એક મોક્ષનો માર્ગ છે. ''**વળી કોઇ ઠેકાણે પુણ્ય-પાપ સહિત નવ પદાર્થ પણ કહ્યા છે...**'' એ સાતની વાત થઇ ગઇ અને બે વાત લેશે. ''**એ પુણ્ય-પાપ પણ આસ્ત્રવઆદિના જ ભેદો છે...**'' જુઓ... આંહી પુણ્ય... શુભભાવનેય પુણ્ય કહ્યું છે. સમજાણું? દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ આવે રાગ, શુભરાગ પુણ્ય છે, એ આસ્ત્રવ છે, આસ્ત્રવનો જ એ ભેદ છે. હેં?

(શ્રોતા : ...) હા તે બંધનો ભેદ છે ઇ આસ્ત્રવ એટલે (શ્રોતા : આદિમાં સંવર) આદિમાં સંવર ફંવરની ક્યાં વાત છે? આસ્ત્રવ અને બંધનો એ ભેદ છે એમ કહે છે આદિમાં. શુભભાવ... અહીંયા તો એ વાત લીધી છે ખુબીથી કે પુણ્ય પોતે મોક્ષમાર્ગ ન માને એટલે એ શુભભાવને લીધો છે. જડ રજકણો પુણ્યના આવે ઇ જડની પર્યાય છે પણ આત્મામાં શુભભાવ થવો... સમજાણું કાંઇ? આમ ઓરા (પાસે) આવો, થોડા ઓલા બેસી શકે. સમજાય છે કાંઇ? ન્યાં(ત્યાં) સાત તત્ત્વની અંદર પુણ્ય-પાપના ભેદ પણ આસ્ત્રવનાં જ ભેદ છે. એ શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો રાગ એ આસ્ત્રવનો જ એક ભાગ છે. શુભભાવ અને કાં એ બંધનો એક ભાગ ભાવબંધ અને એના કારણે દ્રવ્યબંધ થાય એનો એ ભાગ છે. સમજાણું કાંઇ? અને પાપ એ પણ ભાવ છે હિંસા, જૂઠું, ચોરી, વિષય પાપ એ આસ્ત્રવ જેનાથી નવા કર્મો બંધાય એનો એક ભાગ છે સમજાણું? ''**માટે એ સાત તત્ત્વોમાં જ ગર્ભિત થયા...**'' સાત કહ્યાને? જીવ, અજીવ, આસ્ત્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એમાં જ ઇ પુણ્ય-પાપ પેટામાં આવી ગયા.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**પુણ્ય-પાપનું શ્રદ્ધાન થતાં...**'' જુઓ ''**પુણ્યને મોક્ષમારગ ન માને...**'' પુણ્યનું શ્રદ્ધાન થતાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ એ પુણ્ય છે એની શ્રદ્ધા થતાં એ ''**પુણ્યને મોક્ષમારગ ન માને...**'' સમજાણું કાંઈ? (શ્રોતા : એક વાત રહી જાય છે) એક વાત રહી જાય છે એ તો નિમિત્તનાં કથન છે બધાં. એક વાત રહી જાય છે ત્યાં કહ્યું'તું મધુવનમાં. સમજાણું? આસ્રવની વ્યાખ્યા જ્યાં બોત્તેરમી ગાથા ચાલી, કે ભાઈ આસ્રવ જે પુણ્ય - પાપના ભાવ છે એ વર્તમાન દુ:ખરૂપ છે અને બંધના જે બંધ ભવિષ્યમાં દુ:ખના પરિણામનું કારણ એનું ઇ નિમિત્ત થાય છે શુભાશુભ ભાવબંધનું. માટે શુભાશુભ ભાવ એ દુ:ખનું જ કારણ છે એમ વ્યાખ્યા કહી એટલે એક જણાએ એમ કહ્યું, પણ એક વાત રહી જાય છે, શું કે બીજે ઠેકાણે ક્યાંક શુભભાવને સાધન કહ્યું... એ સાધન તો આરોપીત અભૂતાર્થ દૃષ્ટિએ કહ્યું છે. (શ્રોતા : એને સંવર પણ કહ્યો છે) સંવર ફંવર એ અભૂતાર્થ દૃષ્ટિએ કહ્યું છે. સમજાણું કાંઈ?

''**ઈ પુણ્યને મોક્ષમારગ ન માને...**'' કોઈ કહે છે ને કે ઓલા પુણ્ય-પાપના અધિકારમાં પુણ્ય જડને લીધું છે એમ કહે છે કેટલાક, પણ એના કારણરૂપ ભાવનેય પુણ્ય કહ્યું છે. આંહી શું કહ્યું? કે પુણ્યને મોક્ષ માર્ગ ન માને. જડના બંધનની આંહી ક્યાં વાત છે મોક્ષમારગની? શુભભાવ... આ થાય, હોય. વ્રત, દાન, ભક્તિ, પૂજા, વ્રત આદિ હોય પણ એ ભાવ મોક્ષમાર્ગ નથી. ધર્મનો માર્ગ નથી. આહાહા! જો પુણ્યની શ્રદ્ધા હોય તો એને મોક્ષમાર્ગ ન માને. શેઠ! (શ્રોતા : ઈસમેં તો ઐસા લિખા હૈ) લિખા હૈ ને... સામે પડયા હૈ કે નહીં નામા અને પાપની શ્રદ્ધા હોય, તો ''**સ્વચ્છંદી બની પાપરૂપ ન પ્રવર્તે...**'' એમ સાત તત્ત્વની અંદર બેને ભેળવ્યા કે ''**પુણ્યને મોક્ષમાર્ગ ન માને...**'' શુભભાવને મોક્ષમાર્ગ ન માને એને ''**બંધમાં...**''- બંધના માર્ગ માં માને, અને પાપની શ્રદ્ધા જો હોય તો ''**સ્વચ્છંદી બની પાપમાં ન પ્રવર્તે...**'' માટે સાત તત્ત્વની અંદર બે ભેળવીએ તો એને નવ પણ તત્ત્વ કહેવાય છે અથવા નવ પદાર્થ પણ કહેવામાં આવે છે, ''**તેથી મોક્ષમારગમાં એનું શ્રદ્ધાન પણ ઉપકારી જાણી...**'' કોનું? પુણ્ય ને પાપનું.

''**મોક્ષમાર્ગમાં એનું શ્રદ્ધાન પણ...**'' એટલે પુણ્ય-પાપની શ્રદ્ધા કરવી એનું પણ ''**ઉપકારી જાણી...**'' પુણ્યને મોક્ષમાર્ગ ન જાણે. પાપની શ્રદ્ધા હોય તો સ્વચ્છંદી થઈને પાપરૂપે પ્રવર્તે નહીં. ''**એ બે તત્ત્વો આસ્રવ વિશેષમાં મેળવી...**'' સાતમાં બે મેળવી નવ પદાર્થ કહ્યા ''**અથવા શ્રી સમયસાર આદિમાં તેને નવ તત્ત્વ પણ કહ્યા છે...**'' જેને બીજે ઠેકાણે નવ પદાર્થ કહ્યા, સમયસારમાં એને જ નવ તત્ત્વ તરીકે કહ્યા છે. કહો સમજાણું કાંઈ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પહેલા હજી સાત તત્ત્વો ને નવ તત્ત્વની શ્રદ્ધા જે મોક્ષમાર્ગ જેને આધીન, જેને આધીન મોક્ષમાર્ગ, એને આધીનની શ્રદ્ધા શું વસ્તુ છે આત્મા? આત્મા શું કરે? શું કરે! ખરેખર તો આસ્ત્રવના પરિણામ પણ આત્માના સ્વભાવના અસ્તિત્વમાં નથી. એ પર્યાય પર્યાયને મલિનકારણે નવી ઉત્પન્ન થાય છે એવી એક વાત છે. સમજાય છે કાંઇ?

શુભાશુભ ભાવ, પર્યાય પર્યાયને કારણે પર્યાય છે. જ્ઞાયક પ્રભુ આત્મા તો જાણનાર-દેખનાર સ્વભાાવ છે. એમાં સંવર-નિર્જરા શુદ્ધતા થાય એ પણ ખરેખર દેખીએ, તો એ પર્યાયને કારણે, સંવરને કારણે સંવર થાય, નિર્જરાને કારણે નિર્જરા થાય. આહાહા! (શ્રોતા : મોક્ષના કારણે મોક્ષ થાય) અને મોક્ષની પર્યાય પણ મોક્ષના પર્યાયને કારણે થાય. માર્ગને કારણે કહેવું એ પણ એક વ્યવહારના કથનની સિદ્ધિ સાધન છે માટે એ સાધ્ય આવું હોય એમ કહેવા માટે કહ્યું છે. સમજાણું કાંઇ? છોટુભાઇ બહુ ઝીણું! હજી 'તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્.' સાત તત્ત્વો શું છે એની ઓળખાણ ન મળે એની શ્રદ્ધા ન મળે અને અમે ધર્મ કરીએ અને મોક્ષમાર્ગનું... બાપુ! એ વસ્તુ કોઇ અલૌકિક છે. સમજાય છે? આત્મા જ્ઞાયકમૂર્તિ પ્રભુ પોતાથી સ્વયંસિદ્ધ વસ્તુ છે. એમાં પુણ્ય-પાપના પરિણામ મલિન શુભાશુભભાવ એ પણ સ્વયં તે કાળના યોગ્યતાથી તે પ્રગટ થયેલાં છે. સમજાય છે? એ બંધનું કારણ છે.

શુભ ને અશુભ બેય પોતે આસ્ત્રવ છે, બેયનું ફળ આમ જોઇએ તો બંધ છે ને આમ જોઇએ તો વર્તમાન કલુષિતતા છે. સમજાણું કાંઇ? અને સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણે દશા એ આત્માની નિર્મળ સ્વયંસિદ્ધ સ્વભાવને આશ્રયે થાય એમ પણ કહેવાય, અને તે તે પર્યાય તે તે પર્યાયને કારણે થાય એમ પણ એનું યથાર્થ સ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઇ? એમ જીવ ને અજીવ બે પદાર્થ અને પાંચ એની પર્યાયો, અવસ્થાઓ એ સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે અને દ્રવ્ય પણ સ્વતંત્ર બે છે, એમ સાતને બરાબર જેમ છે તેમ શ્રદ્ધે ત્યારે તે મોક્ષમાર્ગ એને આધીન છે એમ પ્રગટ થાય. અરે! પહેલી સાતની પણ એને ખબર નહીં. એ તો કાં કર્મને લઇને વિકાર ને પુણ્યને લઇને ધર્મ ને એકે એક તત્ત્વમાં ખોટા અર્થ. ભાઇ! તારી દશાને શાંતિ જોઇતી હોય તો આ સાત છે તેમ એને બરાબર માનવા પડશે એ વિના શાંતિ ક્યાંય નથી હોં! દુનિયામાં ક્યાંય શાંતિ નથી. સમજાણું કાંઇ?

એ પરદ્રવ્ય એને કારણે પ્રવાહે પરિણમ્યે જાય છે. તારે કારણે નહીં. તારી દશા તારે કારણે થયા કરે છે પરને કારણે નહીં. કોને તારે કોની સામે જોવું છે? સમજાણું કાંઇ? એ ભાવ પુણ્ય પાપનાં થાય એની સામું પણ જોવું નથી. જોવું છે તો જ્ઞાયક સ્વભાવ છે તે જ, પણ જ્ઞાનના લક્ષમાં એ આવે છે કે આ પુણ્ય-પાપ બે ભાવ છે. સમજાણું કાંઇ? જ્ઞાન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનું થાય આસ્ત્રવ અને બંધનું એવો જ્ઞાયકભાવ આત્માનો તેને જોતાં તેનું જ્ઞાન થઈ જાય છે. આસ્ત્રવ અને બંધનું જ્ઞાન થઈ જાય આત્મામાં, એને જોતાં નહીં ને આત્માને જોતાં. આહાહા! સમજાણું કાંઈ? જ્ઞાયકઆત્મા ચૈતન્યબિંબ પ્રભુ છે એમ જોતાં એને પુણ્ય - પાપનાં આસ્ત્રવ-બંધના ભાવ થાય એનું એમાં જ્ઞાન સ્વપરપ્રકાશક થઈ જાય છે. સમજાય છે કાંઈ? આમ સાત તત્ત્વને અને પુણ્ય-પાપ મેળવીને નવને તે નવ પદાર્થને બરાબર યથાર્થ અંતરભાનમાં શ્રદ્ધવા, એને મોક્ષના માર્ગની પહેલી દશા સમ્યગ્દર્શન કહે છે. કો સમજાય છે કાંઈ? ઓહો!

આ શાસ્ત્ર છે એ પણ પરમાણુનો પિંડ છે અને તે પણ મૂળ પદાર્થ નથી. આ કંઈ મૂળ પદાર્થ નથી. આ તો ઘણાં પરમાણુઓનો સંયોગ એટલે કે નજીક સબંધ... સંયોગ એટલે કે નજીક સબંધ એના પિંડની આ પર્યાય દેખાય છે એટલે ખરેખર આ અક્ષર છે એ પણ જડનો અભૂતાર્થ પર્યાય છે. ભૂતાર્થ દ્રવ્ય નથી. ભૂતાર્થ એક દ્રવ્ય હોય. આહાહા! સમજાણું કાંઈ? અને એની ભૂતાર્થ દ્રવ્ય એક એની પણ જે એક સમયની પર્યાય એટલું એ દ્રવ્ય નથી એમ ક્યારે ખ્યાલમાં આવે? કે પોતાનો પર્યાય જેટલો પણ આ દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? પોતાની વર્તમાન સંવર-નિર્જરાની પર્યાય જેટલું ય દ્રવ્ય નથી. એમ દ્રવ્યની દૃષ્ટિ થતાં બધાં પદાર્થોને જેમ રાગથી પોતાને ભિન્ન જ્ઞાયકમાં જાણે એ દૃષ્ટિએ બધા પદાર્થને સંયોગરહિત ભિન્ન ભિન્ન જાણે અને તેને અંશ તેટલા અંશ તેટલો પરને ન જાણે, એને આખું તત્ત્વ છે એવું જ્ઞાનમાં એને ઉપર જોયા વિના દ્રવ્ય તરફના જ્ઞાનમાં તેનું આ જાતનું જ્ઞાન ભેગું આવી જાય છે. આહાહા! સમજાણું કાંઈ? કેસરીચંદજી! હેં?

(શ્રોતા : શાસ્ત્રમેં જ્ઞાન કહાં હૈ) શાસ્ત્રમેં ક્યાં જ્ઞાન હૈ? જ્ઞાન તો આંહી હૈ. શાસ્ત્રમેં ક્યાં જ્ઞાન હૈ? (શ્રોતા : પઢતે હૈ ને) ના. કોણ પઢતે હૈ? શાસ્ત્ર હી નહીં હૈ. અક્ષરેય નહીં હૈ, કલ કહા થા ને! આ અક્ષર કાગળમેં હૈ બાત જૂઠી હૈ, ક્યા કહા? આ અક્ષર હૈ સમયસાર આદિમાં એને નવ તત્ત્વ કહ્યા. એ અક્ષરો કાગળમાં છે? કે ના. કાગળની પર્યાય કાગળમાં છે અક્ષરની પર્યાય અક્ષરમાં છે.

આ તો જુદી જાતની વાત શેઠ! હા, એ કોથળા તમારે ત્યાં સીવવાના હોય, જુદી જાતના સીવતા હશે. કોઈ ગોળ સીવે ને કોઈ આમ સીવે ને એક ફેરી જોયું'તું ઓલામાં ગ્યા'તાને! એમ ને એમ ગોળ કોથળો ભાઈ એમ ને એમ. આમ સીધો હોય છે ને! (શ્રોતા : ...) હેં? આમ ગોળ ગોળ, આમ બે સાંધીને નહીં? એક ફેરી ઓલા શાહુ શાંતિપ્રસાદનો દીકરો હતો ને.. હેં! દાલમિયા... કલકત્તા, એના મકાનમાં પગલા કરવા લઈ ગ્યા'તા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એના, એનો મોટો દીકરો છે ઇ. શાહુ શાંતિપ્રસાદ ત્યાં કહે, આ જુઓ મહારાજ આખો કોથળો આમ સિવ્યા વિનાનો આમ ને આમ ચારેકોરથી આમ ને આમ હતો. કેસરીચંદજી! સીવવો પડેને આમ પાર્ટ કરીને, પાછા સીવને કોથળો ઊભો થાય એમ નહીં. એમાંથી એમ ને આમ સીવવું નહિ એમ ઓલા વિના જ આમને આમ દોરીયું... હાલ્યું કોથળા ઉપરથી જાય એમ જોયું છે ને! ખબર છે ને અને એ પણ સ્વતંત્ર દશા! આહાહા! કેમ માણસને બેહે(બેસે)? કે ઇ સંચા વડે કોથળો થાતો નથી.

ભારે પણ કોણ માને? પણ ભાઇ જેનું જે હોવાપણું તેનું હોવાપણું પરના હોવાપણાને લઇને હોય તો એ હોવાપણું રહેતું જ નથી. સમજાણું કાંઇ? આમ અજીવ પદાર્થો મારાથી આ બધા ભિન્ન, એ એની દશાને કારણે એની દશા-હૈયાતિ ધરાવે છે. એની દશાને કારણે અહીં જ્ઞાનની દશા નહીં. સમજાય છે કાંઇ? આ વંચાય માટે આંહી જ્ઞાનની દશા થાય છે એમ નહીં. આવી વાત ભાઇ, બહુ આ આકરી.

સર્વજ્ઞ વીતરાગ... વીતરાગ સર્વજ્ઞ એ તો એક સ્વભાવ છે. એમ આ છ દ્રવ્યો એ સ્વભાવ વસ્તુ છે. સ્વભાવ છ પ્રકારનાં છે એમ ભગવાને જોયા, એમાં જોઇને સર્વજ્ઞ વીતરાગ સ્વભાવ પ્રગટ કર્યો. સ્વભાવ... સ્વભાવ. કહે છે કે અક્ષરનું વાંચન થાય, માટે જ્ઞાન થાય, તો ભગવાન એનું સામાન્ય જ્ઞાન જે અંદર વસ્તુ છે એનું એણે વિશેષ શું કર્યું? આનાથી વિશેષ દશા થઇ તો સામાન્ય જ્ઞાનગુણ એનું વિશેષ શું થયું? વિશેષ વિના સામાન્ય હોઇ શકે નહીં. જ્ઞાનગુણ જે ત્રિકાળ છે એની વર્તમાન વિશેષ અવસ્થા વિના, વિશેષ પર્યાય વિના, વિશેષ કાર્ય વિના એ સામાન્ય હોય નહીં. તો આ શાસ્ત્રના શબ્દથી આંહી કાર્ય થયું તો વિશેષ, સામાન્ય જ્ઞાન, એ વિશેષ વિના રહ્યું કઇ રીતે?

શેઠી! બાપુ આ તત્ત્વજ્ઞાન કંઇ બહુ અલૌકિક છે. એ એમ ને એમ જગત માની લે કે અમે આમ જીવને માનીએ છીએ અને જડને માનીએ છીએ એમ નથી. જીવને માનતાં એની વર્તમાન દરેક અવસ્થા પોતાથી પોતે થાય, પરથી ન થાય ત્યારે એને નિમિત્ત કહેવાય એનાથી થાય તો આનું અસ્તિત્વ આના અસ્તિત્વને લઇને, આનું હોવાપણું આના હોવાપણાને લઇને, બે હોવાપણા એક થઇ ગયા? સમજાણું કાંઇ? તેમ વસ્તુની સ્વયંસિદ્ધતા, કે દરેક વસ્તુ પોતાના કારણે પોતે પરિણમી છે. મારો આત્મા પણ મારે કારણે પરિણમે છે. કોઇને કારણે છે નહીં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે કે એમ નવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા અંતરમાં થવી આ એને મોક્ષનો માર્ગ એને આધીન છે એમ ભગવાન ફરમાવી રહ્યા છે. હવે ઈ પોતાને આગ્રહ છોડવો ન હોય અને અમે માન્યું ઈ સાચું, તો એને ફેરવવા કોણ સમર્થ છે? કોણ ફેરવી શકે? સમજાય છે? ત્રણલોકના નાથ તીર્થંકર પણ કહે છે. અરે! અમૃતચંદ્રઆચાર્ય કહે છે. અરે! આ ટીકા શબ્દોથી બની, અમે બનાવી એમ ન કહેશો હોં. આહાહા! આ સંસ્કૃત ટીકા સમયસારની એ રચાણી એ જડની દશાથી રચાણી છે. એ જડની પર્યાયમાં તાકાત છે શબ્દમાં, સ્વ-પર વાર્તા કહેવાની જડમાં તાકાત છે. ભગવાન! આત્મા એ વાર્તા કરે એમ ન માનીશ હોં. એ ગાળ દેવા જેવું આત્માને છે. સમજાણું કાંઈ?

આ એમ અજીવ તત્ત્વ જે જગતના છે એને કારણે પરિણમી રહ્યા. આંહી તો કહે કે આ ભાષા મારે લઈને થઈ. આ હું બોલવા માંગુ તો બોલું, મૌન રહેવા માંગુ તો મૌન. પ્રભુ! મોટો ભ્રમણા ભાવ છે. સમજાય છે કાંઈ? બહુ ઝીણું કંતાય છે ને હરખચંદભાઈ! વસ્તુ જ આ છે. સાંભળવામાં રસ. બાપુ, તારી ચીજની મર્યાદા જેવી વસ્તુની સ્થિતિ છે તેમ જાણવું. એ પણ તને જાણતાં જણાઈ જાય એવી કોઈ સ્થિતિ છે. આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે રાગરહિત તારો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે. એ રાગ પણ એક સંયોગી વિકાર છે. સ્વભાવ નથી. શુદ્ધ દયા, દાન, વ્રતનો વિકલ્પ પણ સ્વભાવમાં નથી. સ્વભાવ તે રાગને અડતો નથી. રાગ સ્વભાવને અડતો નથી, એમ સ્વભાવનું અંતરભાન થતાં રાગાદિની શ્રદ્ધા વ્યવહારે એને ખ્યાલમાં આવી જાય છે. વ્યવહારે કેમ કહ્યું? કે પર છે એ અપેક્ષાએ. આમ તો જ્ઞાનમાં સાતેયનું સ્વરૂપ જ્ઞાનની પર્યાયમાં આવી જાય છે. સમજાણું કાંઈ? એટલે કહે છે, ભારે કઠણ જગતને કોરું પડે લ્યો કહે છે ને! લ્યો, આ અક્ષર નથી? હવે અક્ષર ન હોય તો તો આમેય શું થાય જે અક્ષરેય ઓછા ન થવા જોઈએ. ભગવાન! એ સ્વભાવને જોવો ઝીણી વાત છે બાપુ! તું તો સંયોગ ઉપર જુઓ છો. તારી દૃષ્ટિ સંયોગ ઉપર છે. આ અક્ષર કાગળમાં છે એમ સંયોગ ઉપર છે તારી દૃષ્ટિ, પણ અક્ષરનો... અક્ષરનો પર્યાય અક્ષરની પર્યાયમાં છે કાગળમાં નથી. એમ સ્વભાવથી જો તો સ્વભાવનું સ્વરૂપ યથાર્થ જણાય.

તને પણ સ્વભાવથી જોવો તો વિભાવનું યથાર્થ જ્ઞાન થાય. સમજાણું કાંઈ? હવે એને શુભરાગ દ્વારા જોવો, શુભરાગ દ્વારા લાભ માનવો, ક્યાં અટકીને ઊભો છે, અને મિથ્યા શ્રદ્ધા કેમ ઘૂંટી રહ્યો છે ખબર નથી. ખબર નથી! કહે છે કે નવ પદાર્થ કહ્યા એ સમયસારમાં નવ તત્ત્વ પણ કહ્યા. નવ તત્ત્વ નવ રૂપ છે એના. જેવા નવે નવ છે તેમ તેને પૃથ્થક પૃથ્થક જ્ઞાનમાં યથાર્થપણે સ્વ પર પ્રકાશના ભાનમાં શ્રદ્ધવા, એનું નામ તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કહો સમજાણું કાંઈ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**પ્રશ્નઃ એનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન કહ્યું પણ દર્શન તો સામાન્ય અવલોકન માત્ર છે...**'' શાસ્ત્રમાં તો એક દર્શનની વ્યાખ્યા એવી આવે છે કે દેખવું... દેખવું... આમ દેખવું એવું આવે છે એમ શિષ્યનો પ્રશ્ન છે ''**શ્રદ્ધાન પ્રતીતિમાત્ર છે તો એને એકાર્થપણું કેવી રીતે સંભવે...**'' તો સમ્યગ્દર્શનને દર્શનપણે તમે કહ્યું કેમ સંભવે? દર્શનનો અર્થ તો દેખવું થાય અને આ સમ્યગ્દર્શનનો અર્થ પ્રતીતિ થાય, તો બેયનો એક ભાવ કેમ મેળ ખાઇ ગ્યો(ગયો)? એમ શિષ્યનો પ્રશ્ન છે.

''**ઉત્તરઃ પ્રકરણના વશથી ધાતુનો અર્થ બીજો પણ થાય છે...**'' ચાલતા અધિકારની અપેક્ષાએ જે ધાતુ એટલે શબ્દ જે હોય એનો મૂળ ધાતુ એનો અર્થ બીજો પણ થાય છે. અહીં મોક્ષમાર્ગનો અધિકાર છે. અહીં દેખવું એ અધિકાર નથી. મોક્ષમારગ આત્માને સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર થાય એનો આ અધિકાર છે તેથી તેમાં દર્શન શબ્દનો અર્થ સામાન્ય અવલોકન માત્ર ગ્રહણ ન કરવો. જોવું આમ દેખવું સામાન્ય ભેદ પાડયા વિના એને આમ ન કહેવું અહીં જાણવું. **કારણ કે ચક્ષુ-અચક્ષુ (દર્શન) વડે સામાન્ય અવલોકન તો સમ્યગ્દષ્ટિ મિથ્યાદષ્ટિને સમાન હોય છે.** જરીક ધ્યાન રાખજો... ચક્ષુ-અચક્ષુ વડેપરનું અવલોકન તો સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અભવ્યને પણ હોય છે. એ કાંઇ મોક્ષમારગ નથી. ''**તેથી એ વડે કાંઇ મોક્ષમારગની પ્રવૃત્તિ - (અપ્રવૃત્તિ) થતી નથી. (તથા) શ્રદ્ધાન હોય છે તે સમ્યગ્દષ્ટિને જ હોય છે...**'' જુઓ. ઓલો ઉપયોગ જાણવું - દેખવું ઉપયોગ તો બેયને હોય. દેખવું આમ વસ્તુને... આમ ને આમેય દેખવું એમ નથી. ખરેખર તો અભેદ ઉપયોગ છે. આ વસ્તુ એમ તો નથી પણ એ અભેદ ઉપયોગ દેખવું જે કહેવાય એ અને આ શ્રદ્ધા બે ચીજ જ બીજી છે.

દેખવા માત્રથી જ જો મોક્ષમાર્ગ હોય તો દેખવું તો સમ્યગ્દષ્ટિને, મિથ્યાદષ્ટિને, અભવ્યને પણ હોય દેખવું. પણ સમ્યગ્દષ્ટિને ''**જે શ્રદ્ધાન હોય છે એ સમ્યગ્દષ્ટિને જ હોય છે...**'' મિથ્યાદષ્ટિને હોતું નથી. ઓલું દેખવું બેયને હોય છે. સમજાણું? ''**અને એ વડે મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થાય છે...**'' સમ્યક્શ્રદ્ધાન દ્વારા એ મોક્ષમાર્ગની છૂટવાની અંદર પ્રવૃત્તિ નામ પરિણામ થાય. દેખવા માત્રથી કાંઇ મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થતી નથી ''**માટે દર્શનનો અર્થ અહીં દેખવું ન લેવો પણ દર્શનનો અર્થ અહીંયા પ્રતીતિ લેવો. સમજાણું કાંઇ? માટે દર્શન શબ્દનો અર્થ અહીં શ્રદ્ધાન માત્ર જ ગ્રહણ કરવો...**'' વચમાં જરી દર્શનની વ્યાખ્યા જરી કરી.

હવે પાછું મુદ્દાની વાત આવે છે. હવે મુદ્દાની પાછી વાત લે છે. અહીં વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન કરવું કહ્યું તેનું શું પ્રયોજન એમ કહી ગયા'તા. વિપરીત અભિનિવેશ, સમ્યગ્દર્શન સાચું લક્ષણ. શરૂઆત કરી હતી ત્રણસો સત્તર પાને. ''**વિપરીત**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અભિનિવેશ રહિત જીવાદિ તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ...**'' એમ પહેલી લીટીમાં કહ્યું'તું. શેઠી ક્યાં કહ્યું છે? ક્યાં કહ્યું'તું? ભૂલાઇ ગયા. એ પહેલે પાને હજી પણ એના પહેલે. ત્રણસો સત્તર પાને પહેલી લીટી. એ પહેલી એટલે ત્રીજા પેરેગ્રાફની. ''**વિપરીત અભિનિવેશ રહિત જીવાદિ તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ છે...**'' પહેલી લીટી ત્રણસો સત્તર પાને ઓલા મોટા અક્ષરની પછી(૩૨૬)... મથાળું સમજાણું કાંઇ? હવે શિષ્યે ન્યાં(ત્યાં) ''**પ્રશ્ન...**'' કર્યો કે ''**વિપરીત અભિપ્રાય રહિત...**'' અભિનિવેશ એટલે અભિપ્રાય, ''**એનું શ્રદ્ધાન કરવું કહ્યું તેનું શું પ્રયોજન...**'' મહાસિદ્ધાંત જુઓ શિષ્યનો પ્રશ્ન.

''**ઉત્તર: અભિનિવેશ નામ અભિપ્રાયનું છે...**'' અભિનિવેશ એટલે અભિપ્રાય છે. અભિપ્રાય એટલે આશયનું નામ છે. ''**જેવો તત્ત્વાર્થ શ્રદ્ધાનનો અભિપ્રાય છે...**'' જેવો સાત તત્ત્વનો અથવા નવનો કે નવ પદાર્થનો અભિપ્રાય છે ''**તેવો નહીં હોતાં અન્યથા અભિપ્રાય હોય એનું નામ વિપરીત અભિનિવેશ છે...**'' બરાબર છે? નવ તત્ત્વો જેવા છે એનાથી વિપરીત અભિપ્રાય છે, આ એનું નામ અભિનિવેશ કહેવામાં આવે છે. વિપરીત અભિનિવેશ. છે એનાથી ઉલટું માને છે. જડનો દ્રવ્ય-ગુણ-પર્યાય જડથી, જીવનો દ્રવ્ય-ગુણ-પર્યાય જીવ સ્વભાવથી, વિભાવ વિભાવને કારણે સ્વતંત્ર એ નિમિત્તને કારણે નહીં, વિભાવને કારણે સંવર-નિર્જરા નહીં એમ જે વિપરીત અભિપ્રાય રહિત જેવું એનું સ્વરૂપ છે એવું એ માનતો નથી. ''**અન્યથા અભિપ્રાય એ તેનું નામ વિપરીત અભિનિવેશ છે...**''

હવે સાતનો મેળ કરે છે જુઓ. ''**તત્ત્વાર્થ શ્રદ્ધાન કરવાનો અભિપ્રાય કેવળ તેનો નિશ્ચય કરવો એટલો જ માત્ર નથી...**'' પહેલું આમાં કહ્યું'તું ઓલીકોર... અહીં પદાર્થ શ્રદ્ધાન કરવાનું પ્રયોજન હોત તો સામાન્યપણે... પદાર્થ શ્રદ્ધાન કરવાનું જ પ્રયોજન નથી ત્રણસો અઢાર પાને ઉત્તરમાં પહેલી લીટી. સમજાણું કાંઇ? આ તો મુદ્દાની રકમની વાત છે હજી સમ્યગ્દર્શન અને તત્ત્વાર્થ શ્રદ્ધાન. આ વિના ન હોય એને ચારિત્ર, ન હોય એને વ્રત, ન હોય એને તપ, ન હોય એને સંયમ, ન હોય ઇન્દ્રિયદમન, કાંઇ ધૂળ હોય. સમજાય છે કાંઇ? તો કહે છે કે ''**તત્ત્વાર્થ શ્રદ્ધાન કરવાનો અભિપ્રાય કેવળ તેનો નિર્ણય કરવો એટલો જ માત્ર નથી...**'' વળી જુઓ, ઓલી પ્રતીતિ કીધી એટલે કે... એક હા નિર્ણય જ કરવો એ આશય આ છે એમ નહીં. તત્ત્વાર્થ શ્રદ્ધાન કરવાનો અભિપ્રાય કેવળ તેનો નિશ્ચય કરવો એટલું નથી. નિશ્ચય તો ખરો પણ કેવળ એનો નિર્ણય કરવો એટલું નહીં એમાં બીજો ભેદ છે થોડો. સમજાણું કાંઇ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્' એ ઉમાસ્વામીનું પહેલું સૂત્રનું પછી ખુલાસાનું બીજું સૂત્ર. હેં? (શ્રોતા : ...) "**તત્ત્વાર્થ શ્રદ્ધાન કરવાનો અભિપ્રાય અભિનિવેશ હતો ને! કેવળ તેનો નિશ્ચય કરવો એટલો જ માત્ર નથી...**" કેવળ એકલો નિશ્ચય હોં, નિર્ણય તો છે, પણ એ ઉપરાંત કાંઈક બીજી વાત છે. નિર્ણય ઉપરાંત બીજી વાત છે. "**એકલો નિર્ણય કરવાનું પ્રયોજન નથી. પરંતુ ત્યાં તો એવો અભિપ્રાય છે કે જીવ અજીવને ઓળખી...**" જીવ ને અજીવને ઓળખી, "**એ પોતાને અને પરને જેમ છે તેમ માનવા...**" શું કીધું? જીવ -અજીવને ઓળખી... પોતાને ને પરને જેમ છે તેમ... જેમ છે તેમ... જેમ છે તેમ પોતે અને જેમ છે તેમ પર, જેમ છે તેમ માનવા. અજીવ અજીવને કારણે પર્યાય થાય છે. એમ જેમ છે તેમ, આત્મા આત્માને કારણે એનો પોતાનો પર્યાય ને દ્રવ્ય-ગુણ એમ જેમ છે તેમ. સમજાણું કાંઈ? "**જીવ-અજીવને ઓળખી...**" પોતાને એટલે આત્માને, (વા) પરને એટલે આ શરીર, વાણી આદિ બધા જડ પદાર્થને "**જેમ છે તેમ માનવા...**" એક વાત આવી.

"**આસ્ત્રવને ઓળખી...**" એ આસ્ત્રવ, પુણ્ય ને પાપના ભાવ દયા, દાન, ભક્તિ, પૂજાનો ભાવ એ પુણ્ય આસ્ત્રવ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, પાપ આસ્ત્રવ... "**આસ્ત્રવને ઓળખી...**" નિર્ણય તો ખરો. પણ નિર્ણય ઉપરાંત "**હેય માનવો...**" (શ્રોતા : એ ઉપરાંત વાત...) આ ઉપરાંત વાત હેય માનવા આસ્ત્રવને હેય માનવું એ એમાં પ્રયોજન છે, આહાહા! હેં? કહો નેમીલાલભાઈ આહાહા! કેટલી વાત લીધી છે ને! એ શાસ્ત્રને સરળ રીતે કરીને મૂકવાનું કહ્યું કે ભાઈ, એકલા સાત પદાર્થનું પ્રયોજન નથી અહીંયા અને એનો નિર્ણયનું એકલું પ્રયોજન નથી. એના નિર્ણયમાં ભેગો એક આ ભાગ છે. (શ્રોતા : હેય-ઉપાદેય કરવા) હા હેય-ઉપાદેય કરવા. પુણ્ય-પાપના ભાવ થાય એને માનવું એ બરાબર છે, પણ હેય માનવું એમાં વિશેષણ છે ઈ ભેગું. સમજાણું કાંઈ? બાત મુદ્દાકી બાત હૈ. માનવું તો બરાબર હૈ. ઓલામાં શું કીધું? કે માનવું તો જીવ-અજીવને બરાબર છે પણ જેમ છે તેમ એમ બેય જેમ છે તેમ એમ પાછું એમ. એમ જુદે જુદા જેમ છે તેમ જીવ અજીવને માનવા એ એનું પ્રયોજન છે, અને આસ્ત્રવ પુણ્ય પાપના ભાવ થાય એ માનવા, પણ એ ઉપરાંત એને હેય માનવો પ્રયોજન છે. સમજાણું કાંઈ?

હેય એટલે સમજાય છે? છોડવાલાયક. એ શુભ ને અશુભ ભાવ પુણ્ય દયા, દાન. વ્રત, ભક્તિના પરિણામ થાય એ પણ છોડવા લાયક માનવા, એટલા ઉપરાંત છોડવા લાયક માનવા. સમજાણું કાંઈ? એ આદરણીય નથી. હવે એને પહેલેથી હજી આદરણીય માને, એના શ્રદ્ધાનનાં ઠેકાણાં નહીં અને પછી અમે વ્રતી છીએ અને સંયમી છીએ ને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પંચમહાવ્રત ધાર્યા છે, અદ્ધરથી લિખિતંગ છે, મફતલાલની સહી! મફતલાલ... મફતનો સહી કરનારો મફતલાલ અદ્ધરથી લિખિતંગ... ભગવાનથી લિખિતંગ નથી. સમજાણું કાંઇ? અથવા તત્ત્વના સ્વભાવથી લિખિતંગ એટલે જ્ઞાન થવું જોઇએ એ રીતે જડનો ઉઠાવગીર પોતાથી માને... અમે સાત તત્ત્વને માનીએ છીએ. બહુ સારુ! માને છે તો પણ એમ છે? કે જીવ ને જડ જેવી રીતે અસ્તિ ધરાવે છે હૈયાતિ ધરાવે છે. પોતાને લઇને પોતે અસ્તિ જડ ધરાવે છે. આ કાગળ કાગળને લઇને અસ્તિ ધરાવે છે. સમજાય છે? વાણી વાણીને લઇને અસ્તિ ધરાવે છે. કર્મ કર્મને લઇને અસ્તિ ધરાવે છે. અસ્તિ એટલે હોવાપણું. આ શરીર શરીરને લઇને અસ્તિ ધરાવે છે. આ એની અવસ્થા પણ શરીરને લઇને... અજીવને લઇને હૈયાતિ ધરાવે છે. આમ આ અવસ્થા થાય ઇ. આત્માને લઇને નહીં, અને આત્મામાં જે જ્ઞાન થાય છે, તે પોતે પોતાને લઇને હૈયાતિ ધરાવે છે. આ નિમિત્તો જણાય છે માટે એને લઇને અહીં જ્ઞાન હૈયાતિ ધરાવે છે એમ નહીં. સમજાણું કાંઇ?

''**તો જીવ અજીવ જેમ છે તેમ...**'' જેમ છે એમ પાછું ''**જેમ છે તેમ માનવા...**'' જોઇએ અને ''**આસ્ત્રવને ઓળખી તેને હેય માનવો...**'' પુણ્ય અને પાપ પછી શુભ હો કે અશુભ એમાં ભેદ પાડવા નહીં, કારણ કે એ તો આસ્ત્રવ છે બેય. ઓહોહો! આ જગતને કઠણ પડે છે ત્યારે લ્યો. પુણ્યભાવ હેય? અરે પણ કંઇક તો સાધન હશે કે નહીં શુભભાવમાં? સાધન ખરું બંધનું, બંધનું સાધન ખરું, એ મોક્ષમાર્ગનું સાધન નથી. આમ સાત તત્ત્વ... સાત તત્ત્વની શ્રદ્ધા કરે પણ વસ્તુની તો ખબર હોય નહીં. સમજાણું કાંઇ? (શ્રોતા : પરંપરાએ સાધન ...) પણ હોય નહીં. પરંપરા અથવા ઉસકા અર્થ કાંઇ નહીં. પરંપરાકા અર્થ કભી હૈ નહીં, પછી પણ નહીં. એટલે કે પછી પણ રાગને ઘટાડશે ત્યારે સ્થિર થશે એમ હૈ પરંપરાકા અર્થ. સમજાણું કાંઇ? આમાં તો આસ્ત્રવને ઓળખી માનવું તો બરાબર છે, પણ તેને હેય માનવો લ્યો, એકલું માનવું નહીં પણ હેય માનવો હેં? કહો સમજાય છે કાંઇ? પુણ્યનાં ભાવ થાય એ છોડવા લાયક છે. મને ઉપાદેય નથી, આદરણીય નથી, હિતકર નથી, લાભદાયક નથી ત્યારે તેણે આસ્ત્રવને હેય માન્યું તો માન્યું કહેવાય. આસ્ત્રવ છે ને આદરણીય છે એમ માને તો એણે આસ્ત્રવ માન્યો નથી. સમજાણું કાંઇ?

''**બંધને ઓળખી તેને અહિતરૂપ માનવો...**'' અહીં બંધ જડ લીધો છે. એ આસ્ત્રવનું ફળ જે બંધ છે ને એને અહિત માનવું અહિત. લ્યો, બંધ થાય તો ઠીક, શુભનો બંધ તો ઠીક ને! હેં? તીર્થંકર ગોત્ર બંધાય એ ઠીક ને! હેં? નહીં? શું નેમચંદજી! તીર્થંકર ગોત્ર બંધ પડે તો ઉસકો અહિત માનના? લો ભઇ! ષોડસકારણ ભાવના વો આસ્ત્રવ હૈ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હેય હૈ અને બંધ તે અહિત હૈ એમ માનવું. ભારે કઠણ જગતને! તકરાર એટલી હો જગતને! હેં? સોળ નહીં. જુઓ આસ્ત્રવમાં તો ષોડશકારણ ભાવના આવતી હશે. સમ્યગ્દ્રષ્ટિને ભાવ હોય ને પણ ઇ આસ્ત્રવ છે. હેં? (શ્રોતા : ...) કોણ છોડી દેશે? ધૂળ. છોડે કોણ અને મૂકે કોણ! એની દશામાં આવ્યા વિના તે કાળે રહેશે નહીં, છોડે કોણ ને મૂકે કોણ? ફક્ત એની દ્રષ્ટિ જ ક્યાં છે એટલી વાત છે, બાકી તો તેને કાળે તેને તે ભાવ આવ્યા વિના રહેવાનો નથી. સમ્યગ્દ્રષ્ટિને શુભને કાળે શુભ આવશે, મિથ્યાદ્રષ્ટિને શુભને કાળે આવશે. એની માન્યતામાં ફેર શું છે એટલી વાત આંહી જણાવે છે. બસ આવે, ન આવે ત્યાં છોડે કોણ ને મૂકે કોણ?

જે ગુણની જે સમયની જે વિપરીત પર્યાય થવાનો કાળ તે થયા વિના રહેશે જ નહીં. પણ વિપરીત પર્યાય છે આ એમ હેય તરીકે જાણે તેની દ્રષ્ટિ જ્ઞાયક ઉપર ગયા વિના રહે નહીં. સમજાણું કાંઇ? હેય એમ નહીં એકલું હેય. છોડી શક્તો નથી, પણ ભાવ આવ્યો તે હેય છે ત્યારે ઉપાદેય આત્મજ્ઞાન જ્ઞાયક ભાવ છે. એકલો આત્મા જ્ઞાયક ઉપાદેય છે અથવા એની દશા ઉપાદેય છે. સંવર નિર્જરા પ્રગટ કરવા અપેક્ષાએ એમ આવે. છોડે કોણ ને મૂકે કોણ શ્રદ્ધા છોડશે. આસ્ત્રવ છોડવા યોગ્ય હશે તો એની શ્રદ્ધા છોડશે કે આદરણીય નથી કે આદરણીય જ્ઞાયકભાવ ચેતન છે. સમજાણું કાંઇ? એ તત્ત્વાર્થ શ્રદ્ધાનની અંદર આ વાત હેય તરીકે માને તો એની અંદર આવે જુઓ.

''**બંધને ઓળખી તેને અહિતરૂપ માનવો...**'' બંધમાં કોઇ અપવાદ હશે? કે સર્વાર્થસિદ્ધનો બંધ પડે ઇ ઠીક, મનુષ્યપણાનો બંધ પડે ઇ ઠીક, દેવનો બંધ પડે તો ઠીક કે તેથી ભગવાન પાંહે(પાસે) જવાય. સ્વર્ગમાં જાઇએ તો. તીર્થંકર પ્રકૃત્તિની પહેલી લઇને પછી આ વાત માંડી. એ પ્રકૃત્તિ બંધ છે. એનો ભાવ તે આસ્ત્રવ છે. આસ્ત્રવ હેય છે. બંધ અહિત છે કેમ કે એ રાગ છે. રાગનું ફળ બંધ હોય, કાંઇ ધર્મ નું ફળ બંધ ન હોય, બંધ પડયો તો સમજવું કે એ ધર્મ નથી એટલે રાગ છે, અને રાગથી ભલે પ્રકૃત્તિ બંધાણી એમાં આત્માને શું લાભ? એ રાગનો અભાવ કરીને વીતરાગ થશે ત્યારે ઓલી પ્રકૃત્તિ બંધાયેલી તીર્થંકર ગોત્રની તેરમે ગુણસ્થાને ઉદય આવશે. આત્માને શું લાભ? સમજાણું કાંઇ? શું કહ્યું? કે સમ્યગ્દ્રષ્ટિને પણ... આ સાત તત્ત્વ શ્રદ્ધાન સમ્યગ્દ્રષ્ટિની વાત ચાલે છે કે નહીં કોની? એને શુભભાવ આવશે એ જાતના બંધનો પણ એ શુભભાવ હેય જાણશે... માને છે હેય સમજાણું?

અને એનું બંધ જાણે તે અહિત છે. કેમ? કે એ બંધનું ફળ કાંઇ આત્માને મળતું નથી. ઇ બંધનું ફળ તો સંયોગી બહાર ચીજ મળશે જ્યારે મળશે ત્યારે. પણ તે ક્યારે? કે જ્યારે આ રાગથી બંધ પડયો, એ રાગનો અભાવ કરી ચારિત્ર થઇ વીતરાગ થશે ત્યારે

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઓલી બંધ પ્રકૃત્તિનો પાક આવશે. તેરમે ગુણસ્થાને ઉદય, ત્યારે પાછો આવ્યો ઓલા સમવશરણ આદિની સામગ્રીનું સાધન એમાં એના આત્માને કાંઇ સાધન થયું નહીં. શેઠી! શું થાય પણ એમાં? આમ જ્યાં સાંભળે ને તીર્થંકર પ્રકૃત્તિ આવે... બાંધે... હોય, ભલે હોય એનો ક્યાં પ્રશ્ન છે પણ એ ભાવ હેય છે. એમ શ્રદ્ધા ન કરે તો દૃષ્ટિ એની સમ્યક્ રહેતી નથી અને એનું બંધપણું તે અહિત છે એમ ન માને તો એને હિતરૂપે માન્યું તો શ્રદ્ધા એની ખોટી થાય. સમ્યગ્દર્શન એને રહેતું નથી. કહો સમજાણું કાંઇ? કેસરીચંદજી! 'અજર પ્યાલા પીઓ મતવાલા' એવી વાત છે આ તો. હેં? લોકોને હજી સમ્યગ્દર્શન તત્ત્વાર્થ શ્રદ્ધાન શું ચીજ છે એની ખબર નહીં, એના મહાત્તમ નહીં, એનું શું સ્વરૂપ છે પિછાનમાં નહીં અને ક્યાં એ આગળ જશે?

અંતર વસ્તુ ચિદાનંદનો કંદ પડયો છે એવી અંતરદૃષ્ટિ થયા વિના, અંતરમાં આંહી વળવા જેવું છે એ નક્કી થયા વિના, એનું વલણ બહારથી ખસશે નહીં. સમજાણું કાંઇ? જુઓ કેટલી ચોખવટ કરી છે કે "**બંધને ઓળખી...**" કે બંધમાં કોઇ અપવાદ હશે? કે આ ફલાણો બંધ અહિત નહીં અને આ ફલાણો ભાવ હેય નહીં શુભ... શુભ, કોઇ ભેદ બેદ છે નહીં. આહાહા! એક જ, સબકે લિયે એક જ નિયમ હોય. "**સંવરને ઓળખી...**" દેખો સંવરને ઓળખી પર્યાય પ્રગટ થવી છે ને શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ...! એ પુણ્ય-પાપના પરિણામ રહિત, આત્માના શુદ્ધ સ્વભાવની એકતા થતાં, જે નિર્મળ દશા પર્યાય અરાગી વીતરાગી પરિણતિ થઇ "**એ સંવરને ઓળખી ઉપાદેયરૂપ માને...**" માને તો ખરો પણ ઉપાદેયરૂપ માને એ આદરણીય છે, એ પ્રગટ કરવા લાયક છે એમ માને... રાગ પ્રગટ કરવા લાયક છે એમ ન માને, આસ્ત્રવ પ્રગટ કરવા લાયક છે એમ ન માને, સંવર પ્રગટ કરવા લાયક છે એમ માને માટે તેને ઉપાદેય કહ્યો છે. સમજાણું કાંઇ?

માળે ભારે વાત મૂકી છે ને બધી જુઓ. "**સંવરને ઓળખી તેને ઉપાદેયરૂપ માનવો...**" એ જ આદરણીય છે. શુદ્ધતા પુણ્યના પરિણામ શુભથી રહિત ભગવાન આત્મા પવિત્રનો પિંડ એની એકતા થઇને નિર્મળ દશા શુદ્ધિની થઇ, એ જ ઉપાદેય અને પ્રગટ કરવા લાયક છે. "**નિર્જરાને ઓળખી તેને હિતનું કારણ માનવું દેખો...**" હવે, હા, બંધસે અહિત... બંધસે અહિત, એ બંધ છૂટે અને અશુદ્ધતા ટળે અને શુદ્ધતા વધે, એવા "**નિર્જરાને ઓળખી તેને હિતનું કારણ માનવું...**" નિર્જરાને હિતનું કારણ માનવું. બંધને અહિતનું કારણ માનવું... અહિત માનવું, એને અહિતરૂપ જ માનવું. એનું કારણ તો આસ્ત્રવ છે. બંધનું કારણ તો આસ્ત્રવ છે ને આમ સમજાણું કાંઇ? એને અહિતરૂપ માનવું બંધને અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિર્જરાને ઓળખી... નિર્જરા કઇ ? એ શુદ્ધતાની વૃદ્ધિ થાય, એ શુદ્ધતા અને નિર્વિકારી દશાની પરિણતિ અવસ્થા વધે આ એને હિતનું કારણ માનવું, કેમ કે પૂરણ હિત મોક્ષ છે એનું આ નિર્જરા કારણ છે, બંધ કારણ નથી. તીર્થંકર ગોત્ર બંધ થયું એ મોક્ષનું કારણ નથી.

આ નિર્જરા હિતનું કારણ છે એમ કહ્યું આંહી તો. સમજાણું કાંઇ ? (શ્રોતા : એ શાસ્ત્રમાં આવે છે) એ બધાં નિમિત્તના કથનનો પાર ન મળે વ્યવહારના. અભૂતાર્થનયના કથન જેનું, એમ માને તો ફળ સંસાર છે. સમજાણું કાંઇ ? (શ્રોતા : ...) હા એય લીધી છે, બધી લીધી બધી ખબર છે ને ! ઘણાં વર્ષથી બધી હાલે છે ઇ તો. ''**નિર્જરાને ઓળખી તેને હિતનું કારણ માનવું...**'' શું કીધું ? એ અશુદ્ધતા ટળે, શુદ્ધતા વધે અને બંધ ઘટે... બંધ ઘટે એક દેશ બંધ ઘટેને ! એને નિર્જરા કીધી છે ને ! બંધ ઘટે... અશુદ્ધતા ટળે... શુદ્ધતા વધે એને ઓળખી એને હિતનું કારણ માનવું. બંધને હિતનું કારણ નહીં, કે આ બંધ પડયો તો ભવિષ્યમાં આપણને એનું ફળ આવશે સારું, ત્યારે મોક્ષમાર્ગ આખો સૂઝશે. સમજાણું કાંઇ ? જુઓ, હજી તો આ નવતત્ત્વોને શ્રદ્ધવાની રીત કહે છે આહાહા ! સમજાણું કાંઇ આમાં ?

''**નિર્જરાને ઓળખી હિતનું કારણ માનવું...**'' બંધને ઓળખી કે સારો બંધ પડયો આ, તેથી હવે આપણે તીર્થંકર તો થાશું ને ! એલા એને લઇને થઇશ ? સમજાણું કાંઇ ? અરે પ્રભુ ! એ તત્ત્વો જેમ છે એમ તેની એને ખબર ન મળે ત્યાં સુધી એની સાચી શ્રદ્ધા થતી નથી, અને સાચી શ્રદ્ધા યથાર્થ શ્રદ્ધાન વિના સમ્યગ્દર્શન પ્રગટ થાય નહીં, ને એના વિના સાચું જ્ઞાન કે સાચું ચારિત્ર કે વ્રત નિયમ હોઇ શકે નહીં. કહો સમજાણું કાંઇ ? આ તો બહુ સરસ વાત આવી શેઠ ! તમે બરાબર આવ્યા'તાને અહીંયા બપોરે સવારે બધું. મુદ્દાની વાત હજી તો હાલે(ચાલે) છે, પહેલી વાત એ એકડાની... હેં ? (શ્રોતા : સાચી વાત) સાચી વાત... વાત સાચી ઇ (શ્રોતા : મુદ્દાની વાત છે) મુદ્દાની વાત છે આ. ''**નિર્જરાને ઓળખી તેને...**'' એ અશુદ્ધતા ટળે એટલે એમાં શુભભાવથી લાભ એમ ન આવ્યો અશુદ્ધતા ટળે એમ. શુભભાવ પણ ટળે એ હિતનું કારણ છે. શુદ્ધતા વધે એ હિતનું કારણ છે અને બંધનો અંશ ઘટે તે હિતનું નિમિત્ત કારણ છે. સમજાણું કાંઇ ? અશુદ્ધતા ટળે એ હિતનું કારણ... અશુદ્ધતા રહે એ તો હેય છે. એ તો હેય છે. છોડવા યોગ્ય છે, છૂટે એટલું હિતનું કારણ જાણવું. સમજાણું કાંઇ ? ''**નિર્જરાને ઓળખી તેને હિતનું કારણ માનવું...**''એમ આ રીતે એકલું માનવું... માનવું નહીં.

મોક્ષને ઓળખી...છેલ્લો બોલ ''**તેને પોતાનું પરમહિત માનવું...**''લ્યો ,પરમહિત... મોક્ષને ઓળખી હોં... ઓળખ્યો હોય કે આ મોક્ષ કેવળજ્ઞાન, કેવળદર્શન...

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાનંદ... ઓહોહો! પૂરણદશા જેની પરમઆનંદ... આનંદ... આનંદ પૂરણ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખ, અનંતચતુષ્ટય એવી પૂરણ શુદ્ધ દશા એને ઓળખી એને પરમહિત માનવું. પરમહિત એને માનવું, તો આ હેતુઓ મારા છે ને આ હેતુ છે ને બધા મીંડા વળે છે આંહી તો. રતિભાઈ, કેમ આ બધા હેતુ હશે કે નહીં મા બાપને દીકરાઓ ને બાપને ને બાપને દીકરાને? નહીં? અંગત માણસો તો હશે કે નહીં પોતાના અમારા હેતુઓ છે, અંગત છે, ધૂળમાંય નથી.

(શ્રોતા:પરસ્પર છે ને...) પરસ્પર છે. સબંધ નિમિત્તની સબંધ છે શું છે? દુ:ખના નિમિત્ત છે એમ કહ્યું છે. (શ્રોતા :...) અહીં કહ્યું છે ને! આમાંય આવ્યું'તું ને બધા દુ:ખના નિમિત્ત છે એમ છે બધા. સુખ સુખ કરે છે એને આશ્રયે અને એનાથી કોઈ સુખ થાય એવું નથી. કહો સમજાણું? ''**એ પ્રમાણે એ મોક્ષના સ્વરૂપને**...'' મોક્ષ એટલે કેવલજ્ઞાન... ઓહોહો! પૂરણદશા જેને ફરીને અપૂર્ણતા નહીં ને ફરીને અવતાર નહીં. કેવલજ્ઞાન આનંદ દશા જેમાં અપૂર્ણતા નહીં, અશુદ્ધતા નહીં અને ફરી અવતાર નહીં અને એ દશા ફરી ફરીને એવી ને એવી પ્રગટયા કરે સાદિ અનંતકાળ... મોક્ષની દશા સાદિ અનંતકાળ પ્રગટે એને પરમહિત માનવું. એકલું માનવું એમ નહીં, પરમહિત માનવું. ''**એ પ્રમાણે તત્ત્વાર્થ શ્રદ્ધાનનો અભિપ્રાય છે. લ્યો, તેનાથી ઉલટા અભિપ્રાયનું નામ વિપરીત અભિનિવેશ છે**...'' બરાબર છે?

''**સત્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન થતાં તેનો અભાવ થાય છે લ્યો**...'' એ સાચી તત્ત્વાર્થ શ્રદ્ધાન થતાં તેનું નામ વિપરીત અભિપ્રાયનો નાશ થાય છે, કે એમને તત્ત્વાર્થ શ્રદ્ધાન થયું, પણ હજી અભિપ્રાય તો વિપરીત રહ્યો છે. બની શકે નહીં. વિપરીત અભિપ્રાય છે ને તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય એમ બને નહીં. વિપરીત અભિપ્રાય રહિત તેને અભાવ થયો ''**માટે તત્ત્વાર્થ શ્રદ્ધાન વિપરીત અભિનિવેશ રહિત છે**...'' એમ અહીં કહ્યું. લ્યો એનો ઉત્તર કહ્યો. વિપરીત અભિનિવેશ રહિતનો ઉત્તર, વિપરીત અભિનિવેશ કેમ કહ્યું? કે આ જીવ છે અને અજીવ છે જેમ છે તેમ માનવા એનાથી ઉલટા ન માનો. માને તો કહે પણ એથી બીજી રીતે માને. આસ્ત્રવને હેય માનવો, સંવરને ઉપાદેય માનવો, બંધને અહિત માનવો, નિર્જરાને હિતનું કારણ માનવું અને મોક્ષને પરમહિત માનવું. આ રીતે વિપરીત અભિનિવેશ રહિતનું કારણ કહેવામાં આવ્યું.

''**અથવા કોઈને અભ્યાસમાત્ર તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય છે**...'' અભ્યાસ તો કરે પરંતુ અભિપ્રાયમાંથી વિપરીતપણું છૂટતું નથી. જુઓ આશયમાં તો વિપરીતનો કણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અંદર રહી જાય છે. કાંઇક ક્યાંક ઊંડે... ઊંડે... ઊંડે... કહે છે થોડો ખુલાસો. કોઇ પ્રકારથી પૂર્વોક્ત અભિપ્રાયથી અન્યથા અભિપ્રાય અંતરમાં હોય... કોઇ પ્રકારથી પૂર્વોક્ત... પૂંઠે કહ્યાને! આસ્ત્રવ હેય, બંધ અહિતનું કારણ, સંવર ઉપાદેય, નિર્જરા હિતનું કારણ, મોક્ષ પરમહિત અને જીવ ને અજીવ જેમ છે તેમ તેનાથી તેમ તે માનવા. એમાંથી ''**કોઈપણ પ્રકારથી પૂર્વોક્ત કહ્યા અભિપ્રાયથી અન્યથા અભિપ્રાય અંતરંગમાં હોય, તો તેને સમ્યગ્દર્શન થાય નહીં...**'' હેતુ આ છે. ઊંડાણમાં ક્યાંક ક્યાંક પણ એની લાળ વિપરીત આ કહેવા માંગે છે એનાથી ઊંધી હોય, સમ્યગ્દર્શન થાય નહીં.

હવે દાખલો આપે છે એનો, ''**જેમ કે દ્રવ્યલિંગી મુનિ...**'' જૈન સાધુ દિગંબર થાય છે. નવમી ગ્રૈવેયક જાય છે. અનંતવાર ગયો. 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો' કેમ કહે છે એનું દૃષ્ટાંત આપ્યું. શું કીધું? કે અભ્યાસ તો હોય એને, અગિયાર અંગ ભણ્યો'તો. દ્રવ્યલિંગી અગિયાર અંગનું ભણતર હતું અરે! નવ પૂર્વનું, પણ અભિપ્રાયમાંથી વિપરીતપણું મટતું નથી. કોઇપણ પ્રકારથી પૂર્વે કહેલા અભિપ્રાયથી અન્યથા અંદર શ્રદ્ધા અભિપ્રાય આશય રહી જાય છે. ''**દ્રવ્યલિંગી તત્ત્વોની પ્રતીતિ તો કરે છે...**'' દેખો જોયું?... જિનવચનથી એટલે પ્રતીતિ તો લીધી. જિનવચનથી અને પ્રતીતિ બે લીધી. ''**જિનવચનથી તત્ત્વની પ્રતીતિ તો કરે પરંતુ શરીર આશ્રિત ક્રિયાઓમાં અહંકાર...**'' એક એ તો અજીવની પર્યાય છે થાય એ, એને ઠેકાણે આ હું કરું છું. આ હલું છું હું, આ પૂજા કરવામાં આ હાથ હાલે(ચાલે) છે ઇ મારે લઇને. એવો શરીરની થતી અવસ્થામાં મારે લઇને થાય એવો મિથ્યાદૃષ્ટિનો અભિપ્રાય ત્યાં રહી જાય છે. સમજાણું કાંઇ?

''**શરીર આશ્રિત ક્રિયાઓમાં અહંકાર છે...**'' જુઓ, હાથ ઊંચો થાય આમ... આમ, તે મેં કર્યો. હું કરું તો હાથ થ્યો ને આમ... આમ... શું, પૂજામાં અષ્ટદ્રવ્ય મૂકાણા સ્વાહા! દયા પાળવામાં જરી હાથ ઊંચો કરીને આમ... આમ જીવ બચાવ્યો. જુઓ હાથ મારાથી ઊંચો થયો. એની વર્તમાન પર્યાયનું અસ્તિત્વ જેમ છે તેમ એનું એનામાં ન માનતાં, મારે લઇને થાય છે એવો અભિપ્રાય દ્રવ્યલિંગી મુનિને, જિનવચનથી તત્ત્વની શ્રદ્ધાન થયા છતાં, અભિપ્રાયમાં ઊંડાણમાં આ ભાવ વિપરીત રહી જાય છે, ''**અને પુણ્ય આસ્ત્રવમાં ઉપાદેયપણું...**'' લ્યો.

આ બે વાત લીધી મુખ્ય. આદિમાં પછી એને યોગથી જે વિપરીત ભાવ હોય એમ બે તો મુખ્ય લીધા. શરીરઆશ્રિત અને પુણ્ય આસ્ત્રવમાં ઉપાદેયપણું. પુણ્યભાવ છે વ્રતનો એ પંચમહાવ્રત પાળે, અઠયાવીસ મૂળગુણ પાળે, દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ બરાબર

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચોખ્ખા પાળે ત્યારે એને પુણ્ય આસ્ત્રવ શુભભાવ હોય આ એને ઉપાદેય માને. કહો જેને અહીંયા હેય કહ્યું એને ઉપાદેય માને છે એનાથી લાભ થશે. કરતાં... કરતાં... લાભ થશે એ ''**વિપરીત અભિપ્રાયથી તે મિથ્યાદષ્ટિ જ રહે છે**...'' લ્યો આવું અનંતવાર જૈન દિગંબર સાધુ થઈને મહાવ્રત આદિ અઠયાવીસ મૂળગુણ પાળ્યા. એને માટે કરેલા ચોકા પ્રાણ જાય તો લે નહીં એવું પાળે ત્યારે એને પુણ્ય આસ્ત્રવ થાય, નહીં તો ઓલો પાપ આસ્ત્રવ થાય. એવા પુણ્યના ભાવમાં પણ ઉપાદેયપણું માને, ''**આ આદિ વિપરીત અભિપ્રાય**...'' આદિમાં બધું એ ઊંડે ઊંડે ક્યાંક એનો પક્ષ રહી જાય વ્યવહારનો પક્ષ... એનો આ હોય તો ઠીક, આ હોય તો ઠીક અને આ હોય તો જ ઓલું અંદર હોય વિગેરે ઊંડો ઊંડો અભિપ્રાય થાય છે ''**માટે તે મિથ્યાદષ્ટિ રહે છે**...'' અને વિપરીત અભિનિવેશ ટળતો નથી. ટાળતો (નથી) એમ... ટળતો નથી એટલે અભિપ્રાય ઊંધો રહે માટે ટળતો નથી માટે તેને સાત તત્ત્વોનું વાસ્તવિક જે હેય-ઉપાદેય, હિત-અહિત આદિ જે કહ્યું એને એમ માનીને અંદર અભિપ્રાય ચોખ્ખો કરે તો તેને તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય.

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
# પ્રવચન નં. ૩૨
# અધિકાર ૧લો
# સ્થળ:સુવર્ણપુરી તા.:૧૧.૦૮.૫૪ બુધવાર

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

આ મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્રનું પાનું ચૌદમું (૩૧) છે. જુઓ અધિકાર શું ચાલે છે કે પ્રશ્નકારનો **પ્રશ્ન** છે કે ''**સાધારણ પ્રાણી પોતાના જ્ઞાનના ક્ષયોપશમના કારણમાં કોઈ શાસ્ત્રનો અન્યથા અર્થ ભાસે અને શાસ્ત્રમાં ગૂંથી નાંખે,તો એની તો પરંપરા ચાલે તો એનું શું સમજવું...**'' એવો પ્રશ્ન ઊઠયો એનો આ **ઉત્તર** ચાલે છે. શાસ્ત્રમાં ઓછા જ્ઞાનને લઈને, કોઈ અર્થ અન્યથા ભાસીને એની ગૂંથણી થઈ જાય, તો એની પરંપરા ચાલે એનું શું સમજવું? એમ પ્રશ્નકારે પ્રશ્ન કર્યો છે ત્યારે કહ્યું કે ભાઈ, એવું બને નહીં. જૈન શાસનમાં યથાર્થ શ્રદ્ધા જ્ઞાનના ધરનારા પરંપરાથી ચાલ્યા આવે છે તેથી એની પરંપરા સત્ય તૂટી નથી. હા, એટલું કે કોઈ એવા મિથ્યાદૃષ્ટિ જીવે અન્યથા સત્ય તત્ત્વને વિરુદ્ધ પ્રરૂપ્યું હોય અને ગૂથ્યું હોય તો ''**બીજો પુરુષ એવો નીકળે કે એની પરંપરા ચાલવા દે નહીં...**''

''**વળી આટલું વિશેષ જાણવું કે જેને અન્યથા જાણવાથી જીવનું બૂરું થાય.** હૈ ઉસમેં ? **જેને અન્યથા જાણવાથી જીવનું બૂરું થાય એવા દેવ-ગુરુ-ધર્માદિક એની અને જીવાદિક તત્ત્વોને તો શ્રદ્ધાળુ જૈની અન્યથા જાણે જ નહીં...**'' સાચો જૈની યથાર્થ શ્રદ્ધાવાળો હોય એને અંતર અભિપ્રાયમાં એમ છે કે વીતરાગ એ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર છે. વીતરાગી ભાવ એ જ મોક્ષનો માર્ગ છે એટલે એને સાચા દેવ-ગુરુ-ધર્મમાં ફેરફાર પડે નહીં અને જીવાદિ તત્ત્વો જીવ-અજીવ આદિ મોક્ષાદિ તત્ત્વો છે. મોક્ષ તો પૂરણ સર્વજ્ઞની દશા છે. એક સમયમાં ત્રિકાળજ્ઞાન હોય છે. સંવર, નિર્જરા એ ધર્મ છે. સંવર, નિર્જરાના ધરનારા સાચા ગુરુ છે અને દેવ અને ગુરુ અને ધર્મ અહિંસા છે એવા દેવ-ગુરુ-ધર્મમાં અને નવ તત્ત્વોને તો સાચો શ્રદ્ધાળુ જૈની અન્યથા જાણે જ નહીં. ''**એનું તો જૈન આગમમાં પ્રસિદ્ધ કથન છે...**'' અહીં આ વાત સિદ્ધ કરી છે. એનું તો જૈન આગમમાં પ્રસિદ્ધ કથન છે કે સર્વજ્ઞ દેવ કેવા હોય ? નિગ્રંથ સંતો ભાવલિંગ સહિત તેનું દ્રવ્યલિંગ કેવું હોય ? રાગ રહિત અહિંસા સ્વભાવ ધર્મ કેવો હોય અને નવ તત્ત્વની પ્રસિદ્ધિ કેવી હોય ?

જીવ-અજીવ, પુણ્ય-પાપ, આસ્ત્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એનું તો જૈન આગમ પરંપરા સત્ શાસ્ત્રો વીતરાગના કહેલા છે. એમાં તો પ્રસિદ્ધ કથન યથાર્થ છે. સમજાણું ? આ જૈન આગમની વ્યાખ્યા મૂકી છે. આહાહા ! વીતરાગના શ્રીમુખે નીકળેલા, ગણધરે તે અનુસાર ગૂંથેલા અને તે અનુસારે પરંપરા આચાર્યો આદિએ રચેલા તે જૈન આગમમાં દેવ કેવા ? ગુરુ કેવા ? ધર્મ કેવો ? જીવ કેવો ? સંવર કેવો ? નિર્જરા કેવી ? એનું તો પ્રસિદ્ધ કથન છે, પ્રગટ કથન છે. ક્યાંય એમાં ગૂઢ કથન નથી એ તો પ્રગટ વ્યક્ત નિર્મળ કથન ચાલ્યું આવે છે. એટલે એમાં તો જૈનને સાચી શ્રદ્ધા સમજવામાં કાંઈપણ ભ્રમણા થવાનું કારણ રહેતું નથી. શેઠી ! જુઓ, સાચા દેવ, કેવા સર્વજ્ઞ દેવ હોય, સાચા ગુરુ મુનિ અભ્યંતર ને બાહ્ય કેવા હોય ? સાચો ધર્મ કેવો હોય ? એ તો શાસ્ત્રમાં બધું પ્રસિદ્ધ અને પ્રગટ અને સ્પષ્ટ કથન છે, અનેક આગમોમાં એની સાખ મળે. અનેક આગમ જૈન આગમ વીતરાગના એમાં એની સાખ મળે છે એમાં કાંઈ વિરોધ અને ભ્રમનું કારણ રહેતું નથી. સમજાણું કાંઈ ?

આ જૈન આગમ એટલે સનાતન શાસ્ત્ર વીતરાગના ચાલ્યા આવે છે એને જૈન આગમ કહે છે. એમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું યથાર્થ સ્વરૂપ ચાલ્યું આવે છે. બીજા વચ્ચે કલ્પિત કર્યા ભગવાનને નામે એમાં તો દેવ-ગુરુ-ધર્મનો ગોટો ઊઠાવ્યો છે અને નવે તત્ત્વનો એમાં ગોટો ઊઠયો છે તેને જૈન આગમ કહેતા નથી. ષટ્ખંડાગમ, ધવલ, જયધવલ, મહાધવલ, સમયસાર, પ્રવચનસાર, નિયમસાર આદિ એમાં તો દેવ-ગુરુ-ધર્મ અને નવ તત્ત્વોનું પ્રસિદ્ધ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનેક આગમોમાં પૂર્વાપર વિરોધ રહિત બધે પ્રસિદ્ધ અને વ્યક્ત પ્રગટ કથન છે. એમાં તો જૈનના સાચા શ્રદ્ધાળુને ક્યાંય ભ્રમણા થવાનું કારણ રહેતું નથી. સાચા શ્રદ્ધાળુને!

''**તથા જેને ભ્રમથી અન્યથા જાણવા છતાં...**'' એટલી વાત. કોઈ એવો બોલ હોય કે સાચા નવ તત્ત્વો અને છ દ્રવ્યો અને પંચાસ્તિકાય અને દેવ-ગુરુ-ધર્મમાં મુખ્ય પ્રયોજનમાં તો ક્યાંય પ્રસિદ્ધ કથનો શાસ્ત્રોમાં છે એટલે ભૂલ થવાનો સંભવ નથી. ''**જેને ભ્રમથી અન્યથા જાણવા છતાં તેને જિનની આજ્ઞા માનવાથી જીવનું બૂરું ન થાય, એવા કોઈ સૂક્ષ્મ અર્થમાં...**'' છે પાઠ. આહીં જીવનું બૂરું ન થાય એવા કોઈ સૂક્ષ્મ અર્થમાં. ઓલામાં તો બૂરું થાય એમ આવ્યું'તું ભાઈ! જેને અન્યથા જાણવાથી જીવનું બૂરું થાય, ભૂંડું થાય, અહિત થાય એવા દેવ-ગુરુ-ધર્મ અને નવ તત્ત્વોનું તો પરંપરા સાચા આગમો સમયસાર આદિમાં સ્પષ્ટ કથન છે. અરે! શ્રાવક, રત્નકરંડ શ્રાવકાચાર લ્યો, ઈષ્ટોપદેશ આદિ શાસ્ત્ર લ્યો, કોઈપણ શાસ્ત્ર દિગંબર સનાતન જૈન દર્શનનું લ્યો, તેમાં બધું સ્પષ્ટ ચોખ્ખું કથન છે. હવે કોઈ બોલ એવો સૂક્ષ્મમાં ભૂલ આવી જાય, અન્યથા જાણવા છતાં તેને જિનની આજ્ઞા માનવાથી વીતરાગ એમ કહેતા હશે એમ જાણવામાં આવી ગયું. સાધારણ ધારણાના બોલમાં અને જીવનું બૂરું ન થાય એમાં કાંઈ જીવનું ભૂંડું થાય નહીં. કોઈ ધારણાના બોલમાં ફેરફાર પડી ગ્યો, એવા ''**કોઈ સૂક્ષ્મ અર્થમાં કોઈને...**'' કોઈને, એ પણ કોઈને એમ કહે છે અને તે ''**કોઈ અર્થ અન્યથા પ્રમાણમાં લાવે તો પણ તેનો વિશેષ દોષ નથી...**''

મૂળ તત્ત્વમાં ફેર પડે, એક હોય તો એને બૂરું આત્માનું થાય. એ મૂળ તત્ત્વ દેવ-ગુરુ-શાસ્ત્ર એની વાત તો અનેક શાસ્ત્રોમાં એકધારા પૂર્વાપર વિરોધ રહિત વાત ચાલી આવે છે. કોઈ પણ શાસ્ત્ર લ્યો, સનાતન જૈન આગમ વીતરાગના. સમજાય છે? નિગ્રંથ માર્ગ કહેલા સનાતન દિગંબર માર્ગ, એનો કોઈપણ ગ્રંથ અને શાસ્ત્ર લ્યો તો એમાં દેવ-ગુરુ-ધર્મ અને નવ તત્ત્વોનું પ્રસિદ્ધ પ્રગટ કથન પૂર્વાપર વિરોધ રહિત છે. પૂર્વાપર ક્યાંય વિરોધ છે એમ બનતું નથી. એમાં તો પૂર્વાપર વિરોધ ક્યાંય છે જ નહીં. ક્યાંક સહેજ ફેર તો કોઈમાં એમાં લખ્યું હોય કે ભાઈ, એકેન્દ્રિયને સાસ્વાદન સમકિત હોય. કોઈ વળી ગ્રંથ કહે કે ભાઈ એકેન્દ્રિયને સાસ્વાદન ન હોય, એમ કોઈ અન્યથા જાણવાથી કાંઈ બૂરું એમાં આત્માનું થતું નથી. એવા કથનો શાસ્ત્રોમાં આવે, એથી કરીને એમાં કાંઈ મૂળ વિશેષ દોષ નથી. સમજમેં આયા?

સાધારણ કોઈ એવા બોલ હોય પણ મૂળ દેવ-ગુરુ-ધર્મને નવ તત્ત્વોમાં ફેર પડે તો આત્માનું અહિત થાય. મોક્ષનો મારગ છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, અને સંસારનો માર્ગ છે મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર. એમાં જો જરી કાંઈ ફેર પડે તો એનું ભૂંડું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય પણ એ વાત... અહીં તો પ્રસિદ્ધતા છે. કોઈ શાસ્ત્રમાં એ વાતમાં મુખ્યતા છે નહીં એ તો પ્રસિદ્ધ પ્રગટ વાત છે. કોઈ આવો ગૂઢ અર્થ આદિ હોય ધારણાના વિષયનો (તો) એમાં કાંઈ વિશેષ દોષ છે નહીં. ''**શ્રી ગોમ્મટસારમાં પણ કહ્યું છે કે...**''

**सम्माइट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहदि ।**
**सद्दहदि असब्भावं अजाणमाणो गुरुणियोगा ।। २७।।** - જીવકાંડ

''**અર્થ-સમ્યગ્દષ્ટિ જીવ...**'' સાચું આત્મ જેને ભાન થયું છે તેને ''**ઉપદેશિત સત્ય પ્રવચનને શ્રદ્ધાન કરે છે...**'' એ બીજા ગુરુથી ઉપદેશાયેલો સાચા અર્થને સમકિતી શ્રદ્ધાન કરે છે. ''**તથા અજાણમાન ગુરુના યોગથી...**'' કોઈ ગુરુમાં કે ક્ષયોપશમમાં કાંઈક ફેર હોય, અને એ ક્ષયોપશમની કોઈ અન્યથા સાધારણ દેવ-ગુરુ-ધર્મ અને નવ તત્ત્વ અને મોક્ષમાર્ગ સિવાયની વાતમાં કોઈ ધારણામાં ફેર ગુરુનો હોય તો ''**અસત્યને પણ સમકિતી શ્રદ્ધાન કર...**'' કોઈ ધારણાના બોલમાં, સમજે શેઠી? ધારણા... ધારણા એટલે યથાર્થ મુખ્ય પ્રયોજનમાં નહીં. મુખ્ય પ્રયોજનમેં ભૂલ હોય તો તો મિથ્યાદષ્ટિ હો જાતા હૈ. દેવ-ગુરુ-ધર્મ, નવતત્ત્વ, મોક્ષ માર્ગ નિમિત્ત-નિમિત્તિક સંબંધ એની શ્રદ્ધાનમાં તો એનો ફેર જરીય હોય શકે નહીં. સમજાણું કાંઈ? આગળ છે ૨૨૧-૨૨૨ પાને, કહો સમજાણું કાંઈ?

એટલે કહે છે કે અજાણમાન ગુરુના યોગથી અસત્યને કોઈ સાધારણ ધારણામાં આવી જાય તો એમાં કાંઈ વિશેષ દોષ છે નહીં. પણ દેવ-ગુરુ-ધર્મને સમકિત દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જો વિપરીત ક્યાંય શ્રદ્ધા હોય, તો બૂરું એનું થાય! એ શ્રદ્ધાના કથનમાં પરંપરાના સત્ય આગમમાં ક્યાંય વિરોધ છે એ તપાસ કરે, તો એનો એક જ ન્યાય બધેથી નીકળે છે. ''**વળી મને પણ વિશેષ જ્ઞાન નથી...**'' હવે પોતે કહે છે. મને પણ કાંઈ વિશેષ જ્ઞાન નથી. હું ક્ષયોપશમજ્ઞાનવાળો છું **તથા જિનઆજ્ઞા ભંગ કરવાનો ઘણો ભય છે...**'' જિનઆજ્ઞા કેમ ભંગ ન થાય એમ ઘણો મને ડર છે. ''**પરંતુ એજ વિચારના બળથી આ ગ્રંથ રચવાનું સાહસ કરું છું...**'' એ વિચારના બળથી નામ વાસ્તવિક પ્રયોજન તત્ત્વનું તો મને શ્રદ્ધા અને ભાન છે. અન્યથા કોઈ વાત ધારણાના બોલમાં રહી જાય, તો એમાં કોઈ વિશેષ દોષ નથી. એવા સાહસથી, ''**એ જ વિચારના બળથી આ ગ્રંથ રચવાનું સાહસ કરું છું...**'' સમજાણું કાંઈ?

''**તેથી આ ગ્રંથમાં જેવું પૂર્વ ગ્રંથોમાં વર્ણન છે...**'' મહાસંતોએ પૂર્વે, પૂર્વાપર જે કથન અનાદિથી ચાલ્યું આવે, ભગવાનની વાણી સાથે મેળવાળું છે ''**તેવું જ વર્ણન કરીશ.** તેવું જ આમાં વર્ણન કરીશ. **અથવા કોઈ ઠેકાણે પૂર્વ ગ્રંથોમાં સામાન્ય ગૂઢ વર્ણન છે...**''

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આટલી વાત કરે છે. ''**કોઈ ઠેકાણે પૂર્વ ગ્રંથોમાં સામાન્ય ભાવ ગર્ભિત ગૂઢ અર્થ ભર્યો હોય, તેનો વિશેષ ભાવ પ્રગટ કરી...**'' કે એમાં આ કહેવા માંગે છે. એવો વિશેષ ભાવને પ્રગટ કરી ''**અહીં વર્ણન કરીશ...**'' એ મારા ઘરનું કરીશ નહીં. પૂર્વે ગ્રંથોમાં ગૂઢ હોય એ ગૂઢને ખોલી, અને એમાં શું અભિપ્રાય કહેવા માંગે છે, એને હું આ ગ્રંથમાં વિશેષ પ્રગટ કરીશ. ''**એ પ્રમાણે વર્ણન કરવામાં હું ઘણી સાવધાની રાખીશ...**'' જોયું ? જિનઆજ્ઞા ભંગ કરવાનો ભય છે અને આ પ્રમાણે વર્ણન કરવામાં હું ઘણી સાવધાની રાખીશ. ''**તેમ છતાં કોઈ ઠેકાણે સૂક્ષ્મ અર્થનું...**'' સૂક્ષ્મ અર્થ હો, પરમાર્થ તત્ત્વમાં ફેર નહીં, દેવ-ગુરુ-ધર્મ એમાં કાંઈ ફેર નહીં. સમજાણું ?

આગળ આવે છે ને ભાઈ બીજા, આમાં આવે છે ઘણાં. બસ્સો ચોસઠ એમાં આવે છે ને બધું કે ભાઈ ! આ તો એની મૂળ વિષય વસ્તુ હોવી જોઈએ. જુઓ ૨૬૪ પાનામાં છે. કેટલાક હેય ઉપાદેય તત્ત્વની પરીક્ષા તો કરવી યોગ્ય છે. જુઓ એ ૨૬૪ પાનું. છે ? એ લીટી ઉપરસે છઠ્ઠી... ઉપરસે છઠ્ઠી છઠ્ઠાનો છેલ્લો ભાગ. સમજમેં આયા ? એટલા માટે છેલ્લો ભાગ છઠ્ઠીનો. ''**હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા કરવી યોગ્ય છે. છાંડવા યોગ્ય કોણ છે ? આદરવા યોગ્ય કોણ છે ? એની પરીક્ષા તો જરૂર ધર્મી જીવોએ કરવી...**'' છે ? જુઓ, ૨૬૪ પાને. હેય મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર એને બરાબર પરીક્ષા કરવી. ઉપાદેય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એની બરાબર પરીક્ષા (કરવી). ત્યાં જીવાદિ દ્રવ્યો એની તો બરાબર પરીક્ષા કરવી. શાસ્ત્રમાં પ્રસિદ્ધ કથન છે.

''**તત્ત્વોને પિછાણવા...**'' જોયું ? જીવાદિ છ દ્રવ્યો, જીવાદિ નવ તત્ત્વો એને બરાબર પિછાણવા. ''**ત્યાગવા યોગ્ય મિથ્યાત્વ રાગાદિ અને ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ પિછાણવું...**'' ત્યાગવા યોગ્ય મિથ્યાશ્રદ્ધા કોને કહેવી ? રાગ વિકાર કોને કહેવો ? વ્યવહાર કોને કહેવો ? જે છોડવા યોગ્ય છે એને તો બરાબર પિછાણવું અને ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શન આદિનું સ્વરૂપ બરાબર પિછાણવું, ''**અને નિમિત્ત-નૈમિત્તિક આદિકને જેમ છે તેમ પિછાણવા...**'' લ્યો, નિમિત્ત કોને કહેવું ? નૈમિત્તિક સ્વતંત્ર કેમ છે એને તો બરાબર ઉપાદાન-નિમિત્ત, નિમિત્ત-નૈમિત્તિક એની તો બરાબર પરીક્ષા કરવી. શાસ્ત્રમાં એના કથન તો પ્રસિદ્ધ પ્રગટ છે એમાં કાંઈ ફેર છે નહીં. ગમે તે શાસ્ત્ર વીતરાગ દિગંબર સનાતન સત્ય જૈનદર્શનમાં લ્યો. એમાં ગમે તે ગ્રંથની અંદરમાં આ વાત પ્રસિદ્ધ અને પ્રગટ છે એમાં કોઈ ગૂઢતા કાંઈ છે નહીં. સમજાણું કાંઈ ? બીજે ઘણે ઠેકાણે પણ આ આમાં એ એક મુદ્દામાં આવી ગઈ વાત. કહો સમજાણું કાંઈ ? આ ઉસમેં તો બરાબર પરીક્ષા કરની, ઉસમેં જો ગડબડ ગોટા હૈ તો મિથ્યાદર્શન રહેતે હૈ. સમજાય છે કાંઈ ?

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ વાતમાં તો ક્યાંય ફેર છે જ નહીં એમ કહ્યું. એ તો ગમે તે શાસ્ત્ર જુઓ અત્યારે, એક સમયસાર લ્યો, એક સાધારણ ષટ્દ્રવ્યસંગ્રહ લ્યો, પરમાત્મપ્રકાશ લ્યો, ઈષ્ટોપદેશ લ્યો, ગમે તે ગ્રંથ એમાં નાનો મોટો લ્યો, છ ઢાળા લ્યો સમજાય છે? એમાં તો દેવ-ગુરુ-ધર્મ, નવ તત્ત્વો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છાંડવા યોગ્ય મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્રનું સ્પષ્ટ પ્રસિદ્ધ કથન છે. એમાં ક્યાંય ગોટો છે નહીં, એમાં ક્યાંય ગૂઢેય નથી એમ ગોટો તો નથી પણ ગૂઢેય (નથી), એ તો સ્પષ્ટ પરીક્ષા કરવા માગે તો થઈ શકે છે. (શ્રોતા : ...) ક્ષયોપશમ ન હોય ત્યાં સંસારનો ક્ષયોપશમ નથી. યથાર્થ રૂચિ હોય તો એ જાતનો ખ્યાલ આવ્યા વિના રહે જ નહીં. ક્ષયોપશમ ઓછાવત્તાનો પ્રશ્ન ત્યાં નથી, એની રૂચિ યથાર્થ થવી જોઈએ. યથાર્થ રૂચિ હોય તો સત્યની શોધમાં, સત્યમાં અસત્ય પાખંડ ટકે નહીં. પ્રભુ પાસે પાખંડ ટકે નહીં. એમ પ્રભુત્વ તત્ત્વ શું છે, સામર્થ્ય સમ્યક્નું જ્ઞાન-દર્શનનું, ચારિત્રનું, દેવ-ગુરુ ને ધર્મનું, પ્રભુતાનું સામર્થ્ય શું છે એવી જેને સત્યની રૂચિની શોધ હોય આ તેનામાં પાખંડ અને અજ્ઞાન ટકી શકે નહીં એને કોઈ ભરમાવી જાય એમ બને નહીં કહો સમજાણું કાંઈ?

શેઠી! ક્ષયોપશમ થોડા હો તો ઉસમેં પાખંડ ન ટકે. બુદ્ધિ થોડી હોય બાળકને પણ એને કોઈ આવીને કહે કે તારા બાપને મેં ઓલા ભવમાં પચ્ચીસ હજાર આપ્યા હતાં તો છોકરો શું કહે? અરે! ઓલા ભવની વાત શું? કે અમારી બુદ્ધિ થોડી ને શું કરવું એમ કહે? અમારી બુદ્ધિ થોડી એટલે હા પાડી દેવી? હવે હાલ, હાલ ઓલા ભવમાં પચ્ચીસ હજાર આપ્યા એ વાત તું કરે છે ખોટો માળો, આઠ વરસનો છોકરો પણ ના પાડે છે એમાં કાંઈ વિશેષ બુદ્ધિની જરૂર છે (નહીં). એમ સાચા દેવ-ગુરુ અને ધર્મ, સાચા નવ તત્ત્વો, એમાં મોક્ષતત્ત્વ કેવળજ્ઞાનવાળું કેવું તત્ત્વ હોય? સંવર, નિર્જરા કેવો સ્વભાવ હોય? આસ્રવ બંધ કેવા હોય? એને કારણે સંવર નિર્જરા ન થાય એવી વ્યાખ્યા તો સ્પષ્ટ છે, એમાં કોઈ ગડબડ કરાવવા જાય તો હાલે (ચાલે) નહીં કેમ કે શાસ્ત્રમાં એના કથનો તો બહુ સ્પષ્ટ પ્રસિદ્ધ અને પ્રગટ છે.

કોઈ સાધારણ ધારણાની વાતમાં ફેર પડે તો કહે છે કે એમાં પણ ''**હું તો સાવધાની રાખીશ. તેમ છતાં કોઈ ઠેકાણે સૂક્ષ્મ અર્થનું અન્યથા વર્ણન થઈ જાય તો વિશેષ બુદ્ધિમાન હોય તેઓ તેને બરાબર કરી શુદ્ધ કરે એવી મારી પ્રાર્થના છે...**'' લ્યો એમ વિનય દર્શાવે છે. સાધારણ બોલમાં કોઈ ફેર પડે, તત્ત્વોમાં તો ફેર છે નહીં, કેમ કે ગ્રંથમાં એ તો સ્પષ્ટ વાત છે. એ પ્રમાણે આ શાસ્ત્ર રચવાનો નિશ્ચય કર્યો આ પ્રમાણે શાસ્ત્ર રચવાનો મેં નિશ્ચય કર્યો. કેટલી વાત મૂકી આમ સંધિ વાળી. હવે કેવાં શાસ્ત્ર વાંચવા સાંભળવા યોગ્ય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે? કેવા શાસ્ત્ર સાંભળવા અને વાંચવા યોગ્ય છે? એમ કેવા શાસ્ત્ર જોડવા, શીખવા, શીખવાડવા, વિચારવા, લખાવવા, ધર્મકથા કરવી એ કેવા શાસ્ત્ર જોઇએ એની વ્યાખ્યા કરે છે. સમજાય છે કાંઇ? ભગવાનજીભાઇને આ જોઇતું'તું વધારે એટલે આ રેકર્ડમાં... કહો સમજાણું કાંઇ? કેવા શાસ્ત્ર વાંચવા, સાંભળવા, સંભળાવવા, જોડવા, ગૂંથવા, રચવા, શીખવા, શીખવાડવા, વિચારવા, લખવા અને લખાવવા. કેવા શાસ્ત્રો વાંચવા જે આ બોલ આટલા કહેવાય છે એ વાતની વ્યાખ્યા આમાં કરે છે કે જુઓ આ સમજવા જેવી મુદ્દાની રકમની વાત છે કહો સમજાણું?

એ નીચે શબ્દ છે બીજા માથે બોલ હાલે છે. એ નીચે બીજા શબ્દ છે નીચે. અહીં વાંચવા સાંભળવા પ્રમાણે જોડવા, શીખવા, શીખવાડવા, વિચારવા, લખવા, લખાવવા, આ સાચા શાસ્ત્રો આવા. આ તો અત્યારે મેળેય એવો નથી. જુઓ પંડિતોને કહે કે ભાઇ! આવા તત્ત્વો લખવા બીજા લખવા નહીં તો કહે ના, અમારે પગાર જ્યાં મળે ત્યાં ગમે તેવા લખવા ને ગમે તેવા...... કહો આ વાત. અહીં પરિષદ ભરાણી હતી. એમાં એક પ્રસ્તાવ મૂકવાનો હતો. કે ભાઇ! સત્ય શાસ્ત્ર હોય એ લખવા અને પ્રસિદ્ધ કરવા બીજાના લખવા નહીં, તો કહે ના, અમારે હાલે નહીં. પ્રસ્તાવ નીકળી ગયો. કાળ જો ને! આંહી કહે છે કે ધર્મના અર્થીઓએ વિદ્વાન હો કે સમકિતી હો કે જ્ઞાની હો કે ગૃહસ્થ હો કે મુનિ હો, કેવા શાસ્ત્ર એને વાંચવા, સાંભળવા, સંભળાવવા, સાંભળવા એ હરિભાઇ! કેવા શાસ્ત્ર સાંભળવા, વાંચવા, જોડવા, શીખવા, શીખવાડવા આહાહા! વિચારવા ને લખવા અને લખાવવા - જુઓ આવ્યું લખાવવા કહે છે ને ભાઇ જાતે લખે અને લખાવે પણ કેવા હોવા જોઇએ? હેં! બરાબર યથાર્થરૂપ હોય તે, કેવા શાસ્ત્ર એક પંક્તિમાં મૂકી દે છે.

''**જે આગમ મોક્ષમાર્ગનો પ્રકાશ કરે...**'' ઓહોહો! એક ટૂકડો મૂકી દીધો જરી. ''**જે આગમ મોક્ષમાર્ગનો પ્રકાશ કરે...**'' એટલે કે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર વીતરાગી પરિણામનો પ્રકાશ કરે. સમજાય છે કાંઇ? કેમ કે જગતને હિત તો કરવું છે, અને અહિતનો નાશ કરવો છે, તો જે શાસ્ત્ર, આગમ મોક્ષમાર્ગ આત્માનો છૂટકારો થાય, બંધનથી છૂટે. જે ભાવે બંધન થાય તે ભાવથી છૂટવાનું બતાવે અને જે ભાવથી અબંધ પરિણામ થાય એવો મોક્ષનો માર્ગ કહે, પ્રકાશ કરે, તે જ આગમ વાંચવા અને સાંભળવા યોગ્ય છે. કહો, આમાં તો ઘણું આવ્યું. (શ્રોતા : ...) આ શું આવ્યું આમાં ભાઇ સ્પષ્ટ. ''**જે આગમ...**'' આમ આત્મા પૂર્ણાનંદ કેમ? કે જે મોક્ષ કરવા માગે છે તે મોક્ષ એ કાંઇ બહારથી આવે એવી ચીજ નથી. મોક્ષ અંતરની શક્તિરૂપે આત્મા મોક્ષ છે અને પ્રગટરૂપે આત્મા એ શક્તિને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવલંબે. શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા વીતરાગી પર્યાય દ્વારા કરીને, જેને પૂરણ મોક્ષ થાય, એવું જે આગમમાં કથન હોય. સુમેરમલજી! બહોત આ ગયા ઉસમેં તો દેખો.

આગમની કસોટી વો સોનાકી કસોટી કરતે હૈ કે નહીં? હા આગમકી કસોટી. જે આગમ મોક્ષમાર્ગ... એમાં તો એમ પણ આવ્યું કે આત્મા છે એને અનાદિની અહિતપણાની માન્યતા છે એને હિતપણાની માન્યતા, હિતપણાનું જ્ઞાન અને હિતપણાની રમણતા બતાવે, અહિતના વિકારનો નાશ કરવાનું બતાવે. હિતપણાના માર્ગની ઉત્પત્તિનું બતાવે એનું નામ આગમ કહેવાય, બાકી આગમ કહેવાય નહીં. (શ્રોતા : ...) હેં? નવ તત્ત્વ આ ગયા. અહિતનો નાશ બતાવે. (શ્રોતા : ..) હા. આગમ વડે નક્કી તો કર કે પહેલું કે તારે હિત કરવું છે કે નહીં? તો હિત તો એ શાંતિથી થાય કે અશાંતિથી થાય? તો જે કોઇ અશાંતિ પુણ્ય, પાપ, આસ્ત્રવ ને બંધથી હિત બતાવે એ આગમ નહીં. જે કોઇ અરાગ પરિણામી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી મુક્તિનું કારણ બતાવે, અને મુક્તિ બતાવે એ જ મોક્ષમાર્ગ એ જ આગમ છે. આગમનો પહેલો ટૂંકો સીધો અર્થ.

હિત કરવું છે કે નહીં? કે હા, તો હિત કઇ રીતે? અનાદિકાળથી અહિત ચાલ્યું આવે છે. અનાદિકાળથી પુણ્ય, પાપ, આસ્ત્રવ, બંધની દશા ચાલી આવે છે. જીવ તો છે. પુણ્ય, પાપ, આસ્ત્રવ ને બંધ ચાલ્યા આવે છે, નથી શું? સંવર, નિર્જરા ને મોક્ષ. નથી શું? મોક્ષનો માર્ગ શું કહ્યું? અનાદિથી જીવ છે, જડ છે અને તેનામાં પુણ્ય-પાપ, આસ્ત્રવ અને બંધ આ છ તત્ત્વો તો અનાદિથી ચાલ્યા આવે છે. ભાઇ! કહો બરાબર છે આ સુમેરુમલ! કારણ એકલો જીવ હોય તો લક્ષ કોના ઉપર કરે? એટલે અજીવ પણ છે, જીવ પણ છે અને એ જીવને વર્તમાન શાંતિ હોય તો, તો એનામાં આસ્ત્રવ, પુણ્ય, પાપ અનાદિથી ચાલ્યા આવે છે, એમ હોઇ શકે નહીં તો અનાદિથી પુણ્ય ને પાપ, દયા ને દાન, ભક્તિ, વ્રત, કામ, ક્રોધ એવો વિકાર અને બંધભાવ અને એ પુણ્ય-પાપનું એમાં આસ્ત્રવમાં સમાઇ જાય.

એ અજીવ, પુણ્ય-પાપ આસ્ત્રવ, બંધ અને જીવ એ છ હાલ્યા આવે છે. જે જીવને શાસ્ત્ર શ્રવણ કરવા છે, સાંભળવા છે, વાંચવા છે કયા હેતુએ? કે હિતને માટે ત્યારે જે કરી રહ્યો છે એનાથી કાંઇ પલટો કરવા માટે જીવ છે એ અનાદિથી પુણ્ય-પાપ આસ્ત્રવ બંધની દશા કરી રહ્યો છે તેમાંથી પલટો કરવા માટે કે જે શાસ્ત્ર એ જીવને કાયમ બતાવે. એ જીવને જીવના આશ્રયે પુણ્ય-પાપ, આસ્ત્રવ-બંધનો વ્યય નામ નાશ બતાવે અને સ્વભાવને આશ્રયે મોક્ષનો મારગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બતાવે અને એનું ફળ પૂરણ જે મોક્ષ બતાવે એને આગમ કહેવાય છે. મગનભાઇ! બરાબર છે. આ આગમની... ઓહોહો!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યાખ્યા. કોને કહેવા આગમ? ભગવાનજીભાઇ! વાત તો બહુ સારી આવી ગઇ કે મારે ત્યાં સાંભળવા ન આવવું, સાદું હોય તો ઠીક પડે. છે તો બહુ સાદું અને સારું આ ઠીક છે? ભાઇ! આહીં તો સાદામાં સાદી એવી મીઠી વાત આવે છે . જરીક એના વીર્યમાં, જ્ઞાનમાં, જરીક મહાત્તમ લઇને જરી મૂકે અને ગોઠવે. ગોઠવે તો એને એવું લાગે કે આહાહા! આ તે કોઇ માર્ગ! પણ એને વિચારવું તો એણે જોઇએને? મનુભાઇ! કે આંહી ને આંહી ખંખેરીને હાલ્યા જાય જેમ બાયડીયું.

જે આગમ ઓહોહો! ''**જે શાસ્ત્ર...**'' જેના કથનો ''**મોક્ષમાર્ગનો પ્રકાશ કરે...**''આંહીથી વાત ઉપાડી છે. ત્યારે બંધમાર્ગનું જ્ઞાન, બંધમાર્ગના અભાવનું પણ જ્ઞાન, પણ અભાવનું મોક્ષમાર્ગના ભાવનું. જે શાસ્ત્ર ગમે તે રીતે ચારે અનુયોગ હો, કથાનુયોગ હો, ચરણાનુયોગ હો, દ્રવ્યાનુયોગ હો કે કરણાનુયોગ હો. મોક્ષમાર્ગ અહો! આત્મા! તને શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર જોઇતા હોય, તો આ વર્તમાન દશા ચાલી આવે છે, તું એની રૂચિ છોડ, એ રૂચિ છોડી નાંખ એ સીધી વાત તો કરે, પણ જો તને હિત કરવું છે શાંતિ જોઇએ છે, આનંદ જોવે છે, એટલે કે મુક્તિના રાહ-પંથ જોવે છે, તો મુક્ત સ્વરૂપ વસ્તુ તું છો એના અવલંબે તે મુક્ત સ્વરૂપનો-મોક્ષના કારણની દશા પ્રગટ થશે. કહો સમજાણું કાંઇ? આમ જે આગમ બતાવે, ''**મોક્ષમાર્ગનો પ્રકાશ કરે તે જ આગમ વાંચવા-સાંભળવા યોગ્ય છે...**''

શું કહે છે? ગમે એ આગમ વાત કરે, કરણાનુયોગની કરે, પ્રકૃત્તિની કરે, કોઇ આસ્ત્રવ, બંધની વ્યાખ્યા કરે પણ એનું પ્રયોજન શું? કે આ સ્વભાવવાન વસ્તુ છે એને પલટો માર. અનાદિથી પુણ્ય-પાપ વિકારની પર્યાય રૂપે, અવસ્થા રૂપે રોકાઇ ગયો છે, હવે સ્વભાવનો આશ્રય કરીને શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા પ્રગટ કર. બીજા આસ્ત્રવ બંધથીય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર થશે નહીં અને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કોઇ અજીવના નિમિત્તે કે ગુરુ મળ્યા માટે એને લક્ષે થશે નહીં. વાડીભાઇ! લ્યો, આમાં તો નિમિત્તે ઊડી ગયું અને વ્યવહારે ઊડી ગયો. જે આગમ વ્યવહાર અને નિમિત્તથી મોક્ષમાર્ગનો પ્રકાશ ન કરે તો અવલંબન? એ સ્વભાવના અવલંબને જ પ્રગટ થાય આવી જે વાત કરે તે જ આગમ. શેઠી! શું વાત મહેન્દ્રજી! શેઠી તો બહોત ખાનદાન હૈ તો ઉસે બડા અચ્છી લગતી હૈ. ઉસે ન્યાય આવે તો એને અંદર થાય ઓહોહો! માર્ગ તો આ છે કેમ શેઠી! માર્ગ તો ઐસા હો ભૈયા.

વસ્તુ, તારે નક્કી કરવું પડશેને? પ્રભુ! તું છો કે નહીં? તું હો કે નહીં? હૈ? તો હૈ તેરી હૈયાતિમેં કુછ વર્તમાનમેં કુછ વિરુદ્ધ હૈ કે નહીં? જો વર્તમાનમેં વિરુદ્ધ ન હો તો તેરે શાંતિ પ્રગટ હોની ચાહિયે. સુમેરમલજી! શરીરમેં રોગ આતે હૈ, પ્રતિકૂળતા આતી હૈ વો તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જડકી દશા હૈ. તેરા લક્ષ પર ઉપર જાતે હૈ. વો લક્ષ કરાતે નહીં. લક્ષ તેરા પર ઉપર જાતે હૈ તો તેરી દશામેં બંધભાવ હૈ કે નહીં? બંધભાવ હૈ વો ઉસકા નાશ કરનેકી અપૂર્વ દૃષ્ટિ બતાવે કે જે બંધકા અવલંબન નહીં, શરીરકા અવલંબન નહીં ઔર બંધનસે છૂટનેકા બતાવે તો બંધનસે છૂટનેકો (તો) શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ હૈ. ક્યોંકિ પ્રાપ્તકી પ્રાપ્તિ હોતી હૈ. વો આત્મામેં જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી નિર્મળ પર્યાયકા પિંડ જો ન હો તો કહાંસે આયેગા? એ જીવ તત્ત્વની એ વ્યાખ્યા કરે. ભગવાન! આગમ કે તારા તત્ત્વમાં પ્રભુત્વ પૂરણ પડયું છે. તારી વર્તમાન દશામાં અપ્રભુતા નામ પામરતા થઇ ગઇ છે, એ પામરતાને પ્રભુતાના અવલંબે પર્યાયમાં પ્રભુતા લાવી શકાય છે. સમજાય છે કાંઇ? સાંભળવામાં આવે છે ને? થોડા થોડા. સમજાય છે? હેં! આ મુદ્દાની વાત છે આ મુદ્દાની રકમ છે.

''**જે આગમ મોક્ષમાર્ગનો પ્રકાશ કરે...**'' આમ બંધનથી છૂટવાની રીત બતાવે. બંધનથી છૂટવાની રીત બતાવે એટલે કે પૂરણ મુક્ત થવાના રાહ બતાવે. પૂરણ મુક્ત થવાનો પંથ બતાવે તો, પૂરણ મુક્તમાં જેમ કાંઇ પણ અવલંબન નથી, એમ એના માર્ગમાં પણ પરનું અવલંબન કાંઇ છે નહીં. જે આગમ મોક્ષમાર્ગનો પ્રકાશ કરે કહો સમજાય છે? એ આગમ તે જ આગમ વાંચવા, બીજા આગમ વાંચવા નહીં. અસ્તિમાં આ ગયા કે નહીં? દૂસરા આગમ નહીં વાંચના. જિસમેં રાગસે ધર્મ બતાયા હો. પર હો તો મેરેકો લાભ હો ઐસા બતાયા હો. સમજાય છે? અને રાગ હોતે હોતે કભી સંસારકા નાશ હોગા ઐસા બતાયા હો ઐસા શાસ્ત્ર વાંચવા સાંભળવા યોગ્ય નથી. વાંચવામાં આ જ આગમ વાંચવા અને સાંભળવા યોગ્ય છે.

હરિભાઇ! આવા સાંભળવા યોગ્ય છે. (શ્રોતા : ...) કયા? પણ વો સચ્ચા શાસ્ત્ર પઢયા હી કહાં હૈ? વો તો કહેતા હૈ ને સચ્ચા શાસ્ત્ર પઢયા હી નહીં. સચ્ચા શાસ્ત્રમેં વો હૈ પઢયા ઉસકા નામ વો સચ્ચા શાસ્ત્ર પઢયા કહેતે હૈ, નહીં તો મિથ્યાશાસ્ત્ર પઢયા હૈ વો ભી. ઉસકી દૃષ્ટિમેં મિથ્યા હૈ ને? સચ્ચા શાસ્ત્ર, વો સચ્ચા શાસ્ત્ર કિસકો કહના વો તો... માનતે હૈ, કિ જિસમેં બંધ માર્ગ રહિતકી વ્યાખ્યા હો. વો સુને, ઔર ઉસમેં ઐસા કહા હૈ, ઉસમેં કહા હો ઐસા સુને (પર) ઉસમેં કહા હો ઐસા ન માનકર દૂસરા માને તો વે સચ્ચા આગમ વાંચતે હૈ નહીં. સચ્ચા આગમ વાંચતે અને સુનતે ભી નહીં. ભલે સમયસાર હો સમજેને? વો સમયસાર અહીં તો કહે છે, કોઇ પણ શાસ્ત્ર આગમનું એવું હોવું જોઇએ, કે એ જીવની કાયમી હયાતિ રાખીને, કાયમી હયાતિ ત્રિકાળ, ત્રિકાળ હયાતિ સત્તા મૌજુદ રખકર ઉસકી દશામેં જો વિકૃત, વિરૂપ, વિકાર હો ગયા હૈ, ઉસકો છુડાનેકા હી આ શાસ્ત્ર કહતે હૈ.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દૂસરા ક્યા કહના હૈ ઉસકો? તો જે શાસ્ત્રમેં ઐસા જે વાંચકર, સુનકર, સાંભળકર, વિચાર કરકે, વિકાર રહિત બતાયા હો ઐસા ઉસમેં હૈ ઐસી દૃષ્ટિસે વાંચે, સુને તો સચ્ચા આગમ વાંચ્યા-સુના કહેવાય, પણ સાચા આગમનું કહેલું કથન હોય પણ વિપરીત દૃષ્ટિસે વાંચે તો આગમ નથી વાંચ્યા, એની દૃષ્ટિ વાંચી છે. હેં? ઉસકી દૃષ્ટિ વાંચી હૈ. અપની દૃષ્ટિ મુખ્ય વાંચતે હૈ, વો ક્યા કહેતે હૈ ઐસા દૃષ્ટિમેં નિખાલસપનેસે વાંચતે, સુનતે નહીં.

વો પ્રશ્ન થા ભાઈ! એનો પ્રશ્ન એમ કે સાચા આગમમાં પણ આ ઊંધુ મતાર્થ ચાલે છે ને? પણ એ સાચા આગમ એને નથી. વાંચના તે સાચા આગમ હૈ (નહીં) વો તો આગમ સચ્ચા હૈ પર ઉસકી દૃષ્ટિમેં ફેર હૈ તો ઊંધા અર્થ સમજતે હૈ વો તો પહેલે કહ દિયા કે સાચા દેવ-ગુરુ-ધર્મ ઔર સાચા નવ તત્ત્વ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર, નિમિત્ત-નિમિત્ત સંબંધ એનું તો સ્પષ્ટ કથન શાસ્ત્રોમાં છે. એમાં જે વિપરીત કલ્પે એને શાસ્ત્ર વાંચવાની દૃષ્ટિ સાચી નથી એને સાંભળવાની પણ લાયકાત સરખી નથી. મહેન્દ્રકુમારજી કહો સમજાણું? ભાઈ ભગવાનજીભાઈને આવું ઉતારવું'તું. એમ કે નવરા હોય તો આપણને ઠીક પડે. બપોરનું બહુ ઝીણું પડે. સમજાય છે કાંઈ? વાત સાચી. બપોરનું ઝીણું, વળી આજ તો ઝીણું આવશે થોડું. કહો સમજાણું? આંહી કહે છે કે જે આગમ મોક્ષમાર્ગ નો ઓહોહો! છૂટવાનો માર્ગ, એના ભેગો બંધ બંધાવાનો બાંધવાનો માર્ગ ને બંધ. બંધ તત્ત્વને વર્ણવે, અને બંધના માર્ગને વર્ણવે, પણ એનું પ્રયોજન, છૂટવાના માર્ગનું પ્રયોજન એમાં છે.

બંધન અને બંધનના કારણ આસ્ત્રવને સમજાવે એ એટલા પૂરતું પ્રયોજન નથી, આસ્ત્રવ તે અહિત છે, હેય છે, બંધ તે અહિત છે એ સમજાવવામાં સંવર તે ઉપાદેય છે, નિર્જરા તે હિત છે અને મોક્ષ તે પરમહિત છે. એ સમજાવે તે આગમને આગમ કહેવાય છે. એવા આગમો વાંચવા સાંભળવા યોગ્ય છે. એવા આગમ જોડવા, શીખવા, આ આગમ શીખવા, બીજા વેદિયા શાસ્ત્રને શીખવા નહીં કહે છે. બીજાને શીખવાડવા હોય તો આવા શાસ્ત્ર શીખવાડવા. ભાઈ! બીજા કહે કે આ વાંચો, વ્યાખ્યાનમાં ફલાણું વાંચો ફલાણું... શીખવા, શીખવવા, વિચારવા, લખાવવા એ બધાં આવા શાસ્ત્ર હોય તે આત્માર્થીએ સાંભળવા અને વિચારવા અને લખવા અને લખાવવા. બીજાના પ્રવાહની પરંપરા ચાલી જાય એવી ભૂલ જ્ઞાની અને આત્માર્થી કરતા નથી. સમજાણું કાંઈ? (શ્રોતા : અમારા બાપદાદા...) બાપદાદા, ખોટા નથી? ત્યારે ઈ ખોટો હતો તો એના બાપદાદા ખોટા અને એના સ્વીકારે ઈ નિગોદમાં રખડતો હતો.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્રણ લોકના નાથ તીર્થંકર થયા તે તીર્થંકર પણ પહેલા પોતે પૂર્વે અનંતા તીર્થંકરના સમોવસરણમાં ગયેલ છતાં વિરુદ્ધ લઈને આવે. તીર્થંકર ખુદ તીર્થંકર નહીં થવા પહેલાં અનંતવાર સમોવસરણમાં ગયેલ પણ મિથ્યાદષ્ટિપણે પાછો આવ્યો એટલે શું થયું? વસ્તુ મોક્ષનો માર્ગ શાંતિ, આનંદ, પવિત્રતા, શુચિતા, શૌચતા, સત્યતા, અહિંસકતા, સ્વાભાવિક અહિંસકતા હોં સહજ અહિંસકતા, એ બધી વીતરાગી પર્યાય છે. અરાગી દશા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ અકષાય દશા છે. તે અકષાયદશાનું જેમાં સ્પષ્ટ કથન હોય, જેમાં ગડબડ ગોટો ન હોય એવા આગમ વાંચવા અને સાંભળવા તે યોગ્ય છે. એનો અર્થ કે એ સિવાયના બીજા સાંભળવા અને વાંચવા યોગ્ય નથી. કોઈ અર્થ જોવા વિચારવા કરે એ પ્રશ્ન કાંઈ રહેતો (નથી), એ આગમ તરીકે નહીં, આ આગમ છે માટે વાંચવું છે એમ નથી, એ તો કુઆગમ છે, પણ એમાં શું કહેવા માગે છે એમ જાણીને વાંચે.

''**કારણકે સંસારમાં...**'' જુઓ હવે ન્યાય આપે છે. ''**જીવ નાના (જુદાં જુદાં) પ્રકારના દુઃખોથી પીડિત છે...**'' એક વાત સિદ્ધ કરે છે. સંસારમાં ભગવાન આત્મા અનાદિનો અનેક પ્રકારના દુઃખોથી પીડિત છે. દુઃખથી પીડિત છે. દુઃખ નામ આકુળતા... આકુળતા... આકુળતા...(શ્રોતા : નરક, ઢોરમાં...) અરે! આકૂળતામાં નરક ઢોરમાં ક્યાં હતો? પોતાની દશામાં આકુળતા છે તેથી દુઃખી છે. શરીર દુઃખનું કારણ નથી. સંયોગ દુઃખનું કારણ નથી, પૈસા સુખનું કારણ નથી ને નિર્ધનતા દુઃખનું કારણ નથી. નિર્ધનતા તે દુઃખરૂપ નથી, સધનતા તે સુખનું કારણ નથી. સધનતા તે સુખરૂપ નથી. ફક્ત આકુળતા... આકુળતા... આકુળતા... એ જ કષાય તે દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? ''**જો શાસ્ત્ર રૂપી દીપક વડે...**'' જુઓ, દુઃખથી મુક્ત થવું. અને સુખની પ્રાપ્તિ થવી એ જ મોક્ષનો માર્ગ છે. આસ્ત્રવ અને બંધભાવ પણ દુઃખ છે. દુઃખ સંયોગમાં નથી. પુણ્ય અને પાપ અને વિકલ્પોનું ઊઠવું, શુભાશુભની વૃત્તિ ઊઠવી, વ્રત-અવ્રતના વિકલ્પો ઊઠે એ પણ દુઃખદાયક છે. સમજાય છે? વ્યવહાર વ્રત હોં, નિશ્ચય વ્રત તો સ્વરૂપની સ્થિરતા છે.

સંસારમાં જે અનેક પ્રકારના દુઃખોથી નાના પ્રકારની મોટી-નાની અનેક પ્રકારની આકૂળતા, આ તો નાની મોટી પણ આકુળતા પોતાના... સ્વર્ગમાંય પણ આકુળતા, નરકમાંય આકુળતા, મનુષ્યમાંય આકુળતા, દ્વેષમાંય આકુળતા અને રાગમાંય આકુળતા! કેમ કે જ્યાં આત્મા પરદ્રવ્યનો આશ્રય લઈને સુખ લેવા માગે છે એ બધી આકુળતા છે. અશાંતિ એટલે કે દુઃખ છે. શેઠી! ''**જો શાસ્ત્રરૂપી દીપક વડે...**'' શાસ્ત્રરૂપી દીવા વડે તે ''**મોક્ષમાર્ગને પામે...**'' શાસ્ત્રરૂપી દીવા વડે તે જો મોક્ષમાર્ગને પામે એટલે કે આત્માના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પવિત્ર આનંદ પૂરણરૂપદશા એ મોક્ષ. એને પામવાનો અંતરમાર્ગ રસ્તો પામે, **તો તે ''મોક્ષમારગમાં ગમન કરી...''** એ મોક્ષમાર્ગમાં અંદર પરિણમન કરી, ગમન કરી-નામ અંતરમાં પરિણમન કરી ''**એ દુઃખોથી મુક્ત થાય...**'' મોક્ષમાર્ગમાં ગમન કરી, જુઓ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ વીતરાગતાનું પરિણમન કરી અને જે મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર રૂપી આસ્ત્રવ બંધ ને આકુળતા છે. એવી આકુળતાના દુઃખોથી મુક્ત થાય. કહો સમજાણું કાંઇ ?

''**હવે મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ છે...**'' એમ ન્યાં(ત્યાં) સ્થૂળરૂપે વાત કરી હતી હવે સ્પષ્ટ ખોલી નાંખી વાત. ''**હવે મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ છે...**'' મોક્ષમાર્ગ કોઇ રાગ નથી, પુણ્ય નથી, વ્યવહાર નથી, મોક્ષમાર્ગ જ નથી. મોક્ષમાર્ગ તો એક જ પ્રકારનો અવિકારી પરિણામ છે હૈ શેઠી! પંદર પાને. ''**મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ છે...**'' ખલાસ હો ગયા. ઉસમેં જુઓ. વીતરાગભાવ રાગ, પુણ્ય, વ્યવહાર ઔર નિમિત્તકા લક્ષ છોડકર, ઉસ સ્વભાવકા આશ્રય પરમપારિણામિક, ચિદાનંદ સ્વરૂપ, એકરૂપ શક્તિ... શક્તિ... શક્તિ એ સ્વભાવને શક્તિરૂપ સત્ત્વનું તત્ત્વ એના અવલંબે જે વીતરાગ શ્રદ્ધા ને રાગ અને પુણ્યના અભાવવાળી જે જ્ઞાનદશા અને રમણતા થાય એ વીતરાગભાવ એ જ એક મોક્ષમાર્ગ છે. વચમાં રાગ આવે, દયા-દાન આવે, વ્રત આદિના પરિણામ આદિ એ મોક્ષમાર્ગ નથી. જુઓ, એક વીતરાગભાવ તે મોક્ષમાર્ગ છે.

મોક્ષમાર્ગ તે વીતરાગભાવ પણ છે અને વચ્ચે રાગભાવ આવે એ પણ મોક્ષમાર્ગ છે, એમ છે નહીં (શ્રોતા : ...) રાગ નહીં ઉલટા હૈ. રાગ જિતના આતા હૈ વો મોક્ષમાર્ગ હૈ હી નહીં. સમજાય છે કાંઇ ? ઓહોહો! પહેલેથી લખ્યું તે એક ધારા નવ અધ્યાય સુધી એકધારા લખી છે વાત પણ લોકો સમજવાને આ શાસ્ત્રના ઊંધા અર્થ કરે. આ વાંચીને પોતાની કલ્પના એમાં નાંખે. વાંચે મોક્ષમાર્ગ અને નાંખે કે ભાઇ વ્યવહાર તો કરના પડતા હૈ કે નહીં? વ્યવહાર બિના હોતા હૈ? વ્યવહારકા પેટમેં નિશ્ચય પડા હૈ! વો રાગકા પેટમેં મોક્ષમાર્ગ પડા હૈ! કહો આ અર્થ શું કરે ? (શ્રોતા : ...) મનકી કલ્પના. આગમ ઐસે કહેતે નહીં. દેખો! ''**મોક્ષમાર્ગ તો વીતરાગભાવ છે...**'' એક વીતરાગભાવ હૈ. પાછો મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ. એક વીતરાગભાવ એટલે બીજો રાગભાવ પણ મોક્ષમાર્ગ છે એમ નહીં. એક જ વીતરાગભાવ મોક્ષમાર્ગ.

હુંડાઅવસર્પિણી કાળ છે માટે ભાઇ આ માણસને, માણસના પેટમાં સ્ત્રીના પેટમાં એમ કે કૂતરા પાક્યા. હુંડાઅવસર્પિણી કાળ છે, બને નહીં ત્રણ કાળમાં સમજાય છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઇ ? અને મોક્ષમાર્ગમાં બંધમાર્ગ પાકે અને બંધમાર્ગની ડાળીએ મોક્ષમાર્ગ પાકે એવું હુંડાઅવસર્પિણીકાળમાં હોય નહીં. સમજાણું કાંઇ ? લીમડે કેરી પાકે ? કેરી. આંબો. એમ બંધમાર્ગે મોક્ષમાર્ગ પંચમહાવ્રતના થાય, એમ ત્રણ કાળમાં બને નહીં. (શ્રોતા : ...) કલ્પના હૈ, વસ્તુમેં નહીં. (શ્રોતા : કાળકા દોષ) નહીં કાળકા ભી દોષ નહીં. ચંદ્ર તો એક હી હૈ. અપની અંગુલિ ઐસે રખકર દો દેખતે હૈં તો ક્યા વહાં દો નહીં હો જાતા હૈ. ઐસે શાસ્ત્રમેં તો યથાર્થ બાત હૈ પણ અપની કલ્પના લેકર ઉસકો વાંચતે હૈ, દૂસરા મિથ્યા અર્થ હો જાતા હૈ. વ્યવહારસે હોતા હૈ ને બંધસે હોતા હૈ ને ઐસા ઐસા હોતા હૈ, એ તો એની દૃષ્ટિનો વિષય થયો, વસ્તુમાં નથી એમ. આ જ્ઞેય શાસ્ત્ર જ્ઞેય છે એ જ્ઞેયના વિષયમાં આવું જ્ઞાન હોય જ નહીં, કે બંધ એકને રાગથી ધર્મ થાય એ વિષયમાં હોઇ શકે નહીં.

વીતરાગ. એક વીતરાગ. એક જ વાત મોક્ષમાર્ગ છે. એ પછી અહીં તો એક માર્ગની વાત છે ને ? એક વીતરાગભાવ બસ. એક વીતરાગ દશા. પરનું અવલંબન છૂટીને શુદ્ધ ચૈતન્ય શક્તિનો પિંડ છે એમાંથી વીતરાગ શ્રદ્ધા-વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર, રાગની શ્રદ્ધા એથી ધર્મ, રાગના અવલંબે જ્ઞાન અને રાગથી ચારિત્ર એનો નાશ કરાવે અને વીતરાગભાવની ઉત્પત્તિ કરાવે તે જ એક મોક્ષમાર્ગ છે. કહો સમજાણું કાંઇ ? આ વાતને એને સરવાળે શાંતિ જોઇએ છે કે નહીં ? તો એના એકડામાં, શરૂઆતમાં શાંતિ હશે તો સરવાળે શાંતિ આવશે કે નહીં ? પહેલા મીંડા મૂક્યા અને સરવાળે સંખ્યા આવે. પહેલા મીંડા મૂક્યા એને સરવાળે સંખ્યા ક્યાંથી આવશે ? એમ પહેલા બંધભાવ થયો અને પછી આવશે મોક્ષનો માર્ગ ! ક્યાંથી આવશે ! શાસ્ત્ર એમ કહે નહીં. શાસ્ત્ર જેની સંખ્યા બતાવવી છે એના, એના આંક બતાવે.

મોક્ષની પર્યાય પ્રગટ કરવી છે તો એનું લક્ષણ બતાવે કે વીતરાગી શ્રદ્ધા, વીતરાગ જ્ઞાન, વીતરાગી ચારિત્ર એ મોક્ષમાર્ગનું લક્ષણ છે તેને તમે સમજો. પ્રગટ કરવો એ એક જ શાસ્ત્રનું કથન છે. બીજું બધું આવે એ એમાં આ જ્ઞાન થતાં જાણવાનો વિષય રહી જાય છે. ''**માટે જે શાસ્ત્રોમાં કોઇ પ્રકારે, જોયું ? માટે જે શાસ્ત્રમાં કોઇ પ્રકારે ગમે તે કથનમાં રાગ-દ્વેષ અને મોહભાવોનો નિષેધ કરી લ્યો**...'' ઓલાનો અભાવ બતાવી, વ્યય કરી, રાગ-દ્વેષ-મોહ, મોહ એટલે મિથ્યાત્વ અને રાગ એટલે પ્રીતિ, દ્વેષ એટલે અરૂચિ અણગમો એનો નિષેધ કરી, કોઇપણ રીતે રાગ-દ્વેષ-મોહનો નિષેધ, વ્યવહારકા નિષેધ, આ ગયા ભાઇ ! વ્યવહારકા નિષેધ આ ગયા કોઇપણ રીતે શાસ્ત્ર, વ્યવહાર આખો નિષેધ કરે. બપોરકા અધિકાર ચલતે હૈ વો બાત હૈ. વ્યવહારનો નિષેધ કરે અને નિશ્ચયનો આદર કરાવે તે શાસ્ત્ર. બીજા શાસ્ત્ર હોઇ શકે નહીં. સમજાણું કાંઇ ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



''**રાગ-દ્વેષ-મોહભાવોનો...**'' જુઓ એ ભાવની વ્યાખ્યા છે હો એ સંયોગની વાત નથી. સંયોગોનો નિષેધ કરે, અને સંયોગોનો આદર કરાવે એ વાત હૈ નહીં. અંતરમેં જો વિકારી રાગ-દ્વેષ-મોહ, રાગ-દ્વેષમેં શબ્દ દો હૈ, પરકી દયાના પરિણામ એ રાગ હૈ. પરકો મારના યે દ્વેષ-ભાવ હૈ ઔર દયામેં સમ્યગ્દર્શન માનના વો મોહ નામ મિથ્યાત્વભાવ હૈ. એવા ''**ભાવોનો નિષેધ કરી...**'' એવા રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવનો અભાવ કરાવી, '' ''**વીતરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય...**'' જેમાં એકલો વીતરાગભાવ પરના અવલંબન વિનાનો ચિદાનંદના અવલંબી ભાવ એવા વીતરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય, '' **તે જ શાસ્ત્રો વાંચવા ને સાંભળવા યોગ્ય છે...**'' સમજાય છે કાંઇ સુમેરમલજી! આ તે કેવા શાસ્ત્રો ભાઇ! એ શાંતિથી સાંભળે તો કામ, ઝઘડાં કરે તો બાપુ પાર આવે એવું નથી. વાદ -વિવાદ કરે તો પાર ન આવે એ તો ઘણાં કાળની એ જાતની કુયુક્તિ શીખ્યા હોય તો વાતમાં તો પાર આવે નહીં. તત્ત્વને જો સમજે તો ખરો!

પ્રભુ! આ તો બહુ ફેર સાચા શાસ્ત્રને બહાને પણ એના અર્થો ખોટા કરીને, કુશાસ્ત્રને પોષે છે. અને સાચા શાસ્ત્રનું લક્ષણ અનેકાંત છે આ આમ છે, ભાઇ! સાચા શાસ્ત્રનું લક્ષણ અનેકાંત છે. અનેકાંત એટલે કે રાગથી વીતરાગતા નહીં, વીતરાગતાથી રાગ નહીં. જીવથી જડ નહીં, જડથી જીવ નહીં. વ્યવહારથી નિશ્ચય નહીં અને નિશ્ચયમાંથી વ્યવહાર ફૂટે નહીં. બસ એ જ અધિકાર કહે છે આ કે ''**રાગ-દ્વેષ-મોહનો અભાવ કરી અને વીતરાગભાવનું પ્રયોજન...**'' જુઓ, અનેકાંત થઇ ગયું. રાગ-દ્વેષ અને અતત્ત્વ શ્રદ્ધાનો અભાવ, અને સત્ સ્વતત્ત્વની શ્રદ્ધાપૂર્વક અંદર વીતરાગતાના પરિણામની ઉત્પત્તિ એનું નામ અનેકાંત કહેવાય છે. આ અનેકાંત શાસ્ત્રનું લક્ષણ છે. સમજાય છે કાંઇ? એ આવ્યો તો ઠીક છે તમારે. ભગવાનજીભાઇ! જે શાસ્ત્રોમાં કોઇ પ્રકારે, કોઇ પણ પ્રકારે એમ કહે છે ક્યાંક આ કહે છે કે ભાઇ જુઓ! જ્ઞાની નિમિત્ત મળવા જોઇએ પહેલાં પણ એનો અર્થ એવો નથી કે એને ત્યાં રોકાવું પડે.

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૩૩
## અધિકાર ૭મો
## સ્થળ:સુવર્ણપુરી તા:૨૦.૦૮.૧૯૬૨ સોમવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

**આ પ્રવચન સીડી ડિફેક્ટ(બ્રોકન સીડી)ને કારણે અડધેથી છે.**

વો ચંપાકા ઝાડકા ફૂલ પવન હોય તો ઉસકે પડે ને ઉપર એ તો કુદરતી પણ લોગોકો ઐસી મહિમા હૈ કે કુદરતે પાંચ ચંપાના ઝાડકા ફૂલ વો પગ ઉપર પડતે હૈ. સમજમેં આયા? મેળા બહોત હોતા હૈ રવિવાર, રવિવારે અમુક માણસ આતે હૈ બાર મહિને એક દિવસ રહેતા હૈ. યે મેરે ખબર નહીં યે બહોત માણસ આતે હૈ, હમ તો પહેલે ગયે થે, કીધું વાત તો સચ્ચી લગતી હૈ યહાં ભગવાન પાસે ગયે થે વો બાત તો સચ્ચી હૈ. પણ આ લોકો

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



યહાંસે ગયે હૈ ઐસા કહા, પણ ક્યાંક સે તો ગયે થે કે નહીં? સાક્ષાત્ ભગવાન પાસે જાકર મુનિ ભાવલિંગી દિગંબર સંત થા. દો હજાર વર્ષ પહેલે સંવંત ઓગણપચાસમેં ત્યાં જાકર બહોત સુના આઠ દિન. ત્યાંકા ચક્રવર્તી થા ઉસને પૂછા, પ્રભુ આ કૌન? ક્યોંકી ત્યાં તો પાંચસો ધનુષકા દેહ બે હજાર હાથ. આ ચાર-ચાર હાથકા તીડ જેટલા લાગે તીડ, તીડ, તીડ સમજે? પતંગ પતંગ નરભેરામ ભાઇ! બે હજાર હાથને આ ચાર હાથ, કેટલામું થયું? (શ્રોતા : પાંચસો ગુના) પાંચસો ગણું, પાંચસો ગુણા. ભગવાનની સભા અત્યારે બિરાજે છે. મહા પરમાત્મા ચક્રવર્તી ભી ત્યાં હૈ.

આ દો હજાર વર્ષ પહેલેકી બાત હૈ ત્યાં તો આયુષ્ય ક્રોડ પૂર્વકા હૈ. ભગવાન તીર્થંકર દેવકા ક્રોડ પૂર્વકા આયુષ્ય હૈ. એક પૂર્વમેં સિત્તેરલાખ ક્રોડ છપ્પન હજાર વર્ષ ક્રોડ ચલા જાતા હૈ. એક પૂર્વમેં સિત્તેરલાખ ક્યા હૈ, વો બડી ચીજ નહીં હૈ યે તો. આહાહા! બડી લગતી હૈ. (શ્રોતા : પોતે અનાદિ અનંત છે) હવે અનાદિસે ચલે એમાં ઇતની ચીજ. એક પૂર્વની અંદર સિત્તેર લાખ ક્રોડ વર્ષ ને છપ્પન હજાર ક્રોડ વર્ષ એક પૂર્વમેં જાતે હૈ. ઐસા ક્રોડ પૂર્વકા ભગવાનકા આયુષ્ય વર્તમાન બિરાજે ઉસકા હૈ. ભગવાનકી વાણી નિકલતી હૈ સમવશરણમેં અભી. ઇન્દ્રો જાતે હૈ સમવશરણમેં દિવ્ય ધ્વનિ હોતી હૈ. ત્યાં આગળ ભગવાન પાસે કુંદકુંદાચાર્ય ગયે થે. ત્યાં આઠ દિન રહકર, ત્યાં રહ્યા ઔર પછી યહાં આકર સમયસાર, પ્રવચનસાર... ઓહોહો!

સર્વજ્ઞકા પંથ તો વો હૈ, માર્ગ વીતરાગકા આ હૈ ઐસે સમજે બિના અનંતકાલકી અપની કલ્પનાસે માન રખા હૈ મિથ્યાદૃષ્ટિ. સમયસાર, પ્રવચનસાર આદિમેં બહોત બહોત લેખ લિખા પણ મિથ્યાદૃષ્ટિકી ક્યા કિંમત હૈ ખબર નહીં, મિથ્યાદૃષ્ટિ... અરે! મિથ્યાદૃષ્ટિકા પાપ નિગોદમેં લે જાયેગા. સમજમેં આયા? નિગોદ એક બટાટા, સક્કરકંદ, એક શરીરમેં અનંત જીવ ઉસમેં ચલે જાયેગા પરંપરાએ કરી... કરકે. આત્માકા ક્યા ચીજ હૈ? નિર્મળ સમ્યગ્દર્શન ક્યા હૈ? ઉસકા વિવેક નહીં ઉસકા પરિણામ તો આચાર્ય મહારાજ નિગોદ કહેતે હૈ. ક્યા કહે! એની કિંમત ન મળે. મિથ્યાત્વ કિતના પાપ હૈ અને સમ્યગ્દર્શનમેં કિતના ધર્મ હૈ? તો કહેતે હૈ કિ નિશ્ચયકા કથન યથાર્થ હૈ. દેખો ઐસે જાનના **બહુરિ**(ઔર) **કહીં વ્યવહારનયકી મુખ્યતા લિયે વ્યખ્યાન હૈ તાકૌં ઐસે હૈ નાહીં**. ગોમ્મટસારમેં આયા. જ્ઞાનાવરણીસે જ્ઞાન રુકા, દર્શનાવરણીસે દર્શન રુકા ઐસા કથન આયા તો વ્યવહારનયકી મુખ્યતાસે કથન હૈ. સમજમેં આયા? તો કૈસે માનના? ઓહોહો!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

દેખો, ઘાતિકર્મસે જ્ઞાન-દર્શન-આનંદકા ઘાત હુઆ. વ્યવહારની મુખ્યતાસે કથન હૈ વસ્તુ ઐસી હૈ નહીં, કથનકી ખબર નહીં, કઇ નયકા કથન, એ આ લિખા હૈ, આ લિખા હૈ. સબ તકરાર કરતે હૈ. લિખા હૈ સબ હવે, સુનતો સહી. કઇ નયકા આશ્રયસે કથન ચલતા હૈ ઉસકો તેરે ભાન નહીં અને માન લે કે વો ભી સચ્ચા અને વો ભી સચ્ચા. વ્યવહારનયકા કથન ભી સચ્ચા અને નિશ્ચયનયકા કથન સચ્ચા, દો સચ્ચા હો સક્તે નહીં. કહેતે હૈ એ **તાકૌં ઐસે હૈ નાહીં**. આહાહા! આ વાત. વ્યવહારનયકા કથન પરદ્રવ્યકે આશ્રયસે પરમાં કુછ હોતા હૈ, ઐસા જહાં જહાં કથન ઉપદેશ ચલે, ઉસકા અર્થ ઐસા કરના. વો કહેતી હૈ વ્યવહારનય ઐસા હૈ નાહીં. શાસ્ત્રમેં લિખા હૈ વ્યવહારનયસે તો ઐસા ભી હૈ નાહીં. ઓહોહો! હવે આ તે ક્યાં નવરો છે ઇ? શેઠી! નવરા હૈ અભી તક હી નવરા હુઆ નહીં સમજનેકી ચીજ હૈ દેખો, મહેન્દ્રભાઇ નવરા કિયા તો હવે, નહીંતર તો નવરા ક્યાં? કહેતા'તા ઝવેરી લેના ને દેના ને જાના ને જાના ને. (શ્રોતા : ....) એમ કે જિંદગીભર તો કાંઇ કરના નહીં હૈ. નવરાશ નહીં સમજતે? ફુરસદ લેના લ્યો, તમારી ભાષા. સબ તો હમારે ભાષા તુમ્હારી આતી નહીં. આ તો હિન્દી, બહોત હિન્દી. થોડી-થોડી હિન્દી હોતી હૈ કઇ સબ નહીં આતી હૈ હમકો. સમજમેં આયા? કામ ચલે સાધારણ જનકો ઐસી હિન્દી હૈ. ક્યા કહેતે હૈ? ઓહોહો!

**ઐસે હૈ નાહીં**. વૈદરાજ! ક્યા કિયા(કહા)? **ઐસે હૈ નાહીં**. રુચે છે ને! સમજમેં આયા? જહાં જહાં વ્યવહારનયસે કથન ચલા હો, ઉસકે કારણ ઉસમેં પ્રભાવ પડા, ઉસકે કારણસે અસર આયા, અને કર્મકા અનુભાગકા પ્રભાવ જીવમેં આયા, ઉસકે કર્મકા અનુભાગ તીવ્ર થા તો આત્મામેં તીવ્ર પરિણામ વિકારકા કરના, કરના કિયા હુઆ ઐસે હૈ નહીં, ઐસે હૈ હી નહીં. તો હૈ ક્યા?

નિમિત્તાદિ અપેક્ષા નિમિત્ત આદિ અથવા સમજે? વ્યવહાર એ સંયોગ. નિમિત્તાદિ એટલે નિમિત્ત અને સંયોગકી અપેક્ષા ઉપચાર કિયા હૈ ઐસા જાનના. યે તો ઉપચાર કથન. આ બડી કથનીમેં વિરોધ વર્તમાન. પંડિતલોગ અને કેટલાક ત્યાગી લોગકી સાથમેં આ વિરોધ હૈ. સમજમેં આયા? ક્યોં પંડિતજી! (શ્રોતા : ...) વો તો આ વાત અનંતકાળથી સુની નહીં. અનંતકાળ ત્યાગી અનંતવાર હુઆ, મરી ગયો સંથારા કરીને દો - દો મહિનાના સંથારા, સંથારા સમજતે હૈ? (શ્રોતા : ...) દો માસ સાઠ દિન, સાઠ દિન તે કૈસા? જૈસા વૃક્ષકી ડાળ પડે. અંતરતત્ત્વકા ક્યા ચીજ હૈ ઉસકા ભાન નહીં, પતા નહીં. યે જ્ઞાનમૂર્તિ પ્રભુ યે રાગસે નિરાલા અને રાગ હોતા હૈ દયા દાનના વો ભી પુણ્યબંધકા કારણ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મેરી પર્યાયમેં મેરે કારણસે હોતા હૈ, પરકે કારણસે નહીં. સમજમેં ભેદજ્ઞાન કભી એક સમયમેં ભેદ કિયા(નહીં) અને ભેદજ્ઞાન બિના કભી આત્માકા કલ્યાણ હોતા નહીં. જુઓ વ્યવહારનય ભેદ નહીં કરાતી હૈ? એમ કહેતે હૈ. વ્યવહારનય તો દો કા અભેદ કથન કરતી હૈ, ઐસા નહીં હૈ ઐસા જાનના. આહાહા! **તાકૌ ઐસે હૈ નાહીં. નિમિત્તાદિ અપેક્ષા ઉપચાર કિયા હૈ** ઉપચાર - આરોપ કિયા હૈ સમજે?

ચોખાનું નહોતું કહ્યું કે બોરી હોતી હૈ ને બોરી, બોરી ચોખાની. ક્યાં ગ્યા(ગયા) અમારે કુંવરજીભાઇ! આ ચોખાની બોરી ચારમણ ને અઢી શેર, કહ્યું'તું ને એક ફેરી. તોળે - તોળે ચારમણ ને અઢી શેર. અમારી દુકાનની પાસે દુકાન હતી બીજા લોટીયા વોરાની. એ બોલે ઓલો, તોળે ઓલા કોળી તોળતા હોયને! એક કોળી હતો એ મોટો હતો તે દિ' તે દારૂ બહુ પીતો હતો. ચારમણ ને અઢી શેર, તે ચારમણ ચોખા અને અઢીશેર તો બારદાન છે. ચોખાની સાથે બારદાન તોલનેમેં આયા ઉસમેં નિકાલ દેના ચાહિયે અઢી શેર. ન્યાં(ત્યાં) ખૂટે તો કાંઇ બારદાન રંધાય નહીં કે ચારમણ ચોખા રાંધ્યા, અઢીમણ ખૂટયા વો તો ચારમણ અઢી શેર થા. (શ્રોતા : પૈસા ચોખાના) પૈસા ચોખા એ તો એ વખતે હારે(સાથે) ઇ જાતનું હોય ઇ તો પૈસા ચોખાના આપવા પડે. આ ઓલા શું કહેવાય,સિંગાપોરના ચોખા આવતાને મોટા આવડા લાંબા લીલા પટ્ટા નહીં પાંચ - પાંચ મણની ગુણી, તો ઇ ગુણી ચોખામાં તોળાય, ભેગી તોળાય પૈસા દેવા પડે પણ એ ખવાય નહીં.

દેવીદાસજી! એ આવે છે ઓલા, એ ચોખા આવતા સિંગાપોરના નહીં! મોટી પાંચ મણની ગુણ વચ્ચે પટ્ટો લીલો, લીલા પટ્ટા. સિંગાપોરથી ચોખા, સબ દેખા હૈ ને હમતો. હમતો કુલ્ફા દેખતે હમતો પહેલે ત્યાં કુલ્ફાના ચોખા અમારે ઘરે ખવાતા. કુલ્ફો કુલ્ફો ઇ હવે કુલ્ફો બુલ્ફો ભૂલી ગયા. કુંવરજીભાઇ ભૂલી ગ્યા હશે. કુલ્ફાના ચોખા થાતા ઝીણા. આ વાંસાવડ હવે થાય છે સમજાય છે? એ વખતમાં ઝીણા પાતળા કુલ્ફા એની ગુણો આવતી મોટી. એ તો બધા લોહવા થ્યાને એમાં ને એમાં ગુંચવાઇ જાય એટલે કાંઇ ખબર નહોય બહુ. સમજમેં આયા? ક્યા કહેતે હૈ કે વ્યવહારનયસે કથન કિયા મુખ્યતાસે હોં - વ્યવહારકી મુખ્યતાસે એમાં કે દેખો ભૈયા, ભગવાનકા દર્શન હુઆ. શ્રેણિક રાજાએ અંદર નરકકા આયુ તોડ દિયા, સમ્યગ્દર્શન પા લિયા, ભગવાનકી સમીપમેં પાયા. ભગવાન ન હોત તો પાત નહીં ઐસા કથની વ્યવહારકી મુખ્યતાસે કહેનેમેં (આયા હૈ) ઐસા હૈ નહીં. યે તો અપની પુરુષાર્થકી ક્રિયાસે સમ્યગ્દર્શન ક્ષાયિક પાયા હૈ. સમજમેં આયા?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ જહાં જહાં (શ્રોતા : ...) ક્યા પણ ત્યાં કરનેવાલા કૌન? અપની પર્યાયકા કર્તા અપને પર્યાયકા કામ આત્માકા હૈ, નહીં કે ભગવાનસે હુઆ હૈ. ભગવાનકે સમવશરણમેં તો બહોત સિંહ, વાઘ, ઈન્દ્રો ક્રોડો આતે હૈ ત્યાં, ક્યા સબ સમજતે હૈ? ઐસા ને ઐસા ચલે જાતે હૈ સમજે બિના. અનંતકાળ ઐસા હુઆ ક્યા કહેનેમેં આતા હૈ? ક્યા મર્મ હૈ? વો બાત પકડમેં ન આવે મિથ્યાદૃષ્ટિ લેકર ચલા જાય. ક્યા કરે કોઈ? સમજમેં આયા? કહેતે હૈ કે જહાં જહાં વ્યવહાર કા કથન ચલા હો ત્યાં વો નિમિત્તાદિકી અપેક્ષા ઉપચાર કિયા હૈ ઐસા જાનના. **ઈસ પ્રકાર જાનનેકા નામ હી દોઉ નયનિકા ગ્રહણ હૈ.** દેખો, પ્રશ્ન કિયા થા ને ઉસને, કે શાસ્ત્રમેં દો નયકા ગ્રહણ કિયા(કહા) હૈ. ગ્રહણ કરનેમેં કિયા(કહા) હૈ ગ્રહણ કરનેકો કિયા(કહા) હૈ, તો તુમ કહેતે હો કે નિશ્ચયનયકો ગ્રહણ કરો અને ઉપાદેયકી શ્રદ્ધા કરકે છોડ દો વો વ્યવહારકી શ્રદ્ધા કરો. નિશ્ચય ઉપાદેય. વ્યવહારકી શ્રદ્ધા હૈ ઈતના માનો છોડ દો - શ્રદ્ધા છોડ દો ઐસી બાત હૈ નહીં. હમને તો ઈતના સુના હૈ દો નયકા ગ્રહણ હૈ. ધન્નાલાલજી! ગ્રહણકા અર્થ દોયકા અંગીકાર કરના તો કહે નહીં, નહીં. ગ્રહણકા ઐસા અર્થ હુઆ નિશ્ચયસે કહા હોય ઐસા સત્યાર્થ માનકર માનના સચ્ચા, વ્યવહારકા કથન મુખ્યતાસે કહા, ઉપચારસે કહા ઐસા જાનના, ઉસકા જાનનાકા નામ ગ્રહણ કિયા હૈ, આદરના હૈ ઐસા કહેનેમેં આયા નહીં. આ જાનના ને આદરના ને શું હશે આ બધું? સમજમેં આયા?

અનંતકાળમાં કોઈ'દી સુના નહીં સત્ય. ઓહોહો! અપૂર્વ ધર્મ એક સેકંડ, એક સેકંડ સમ્યગ્દર્શન જન્મ-મરણકા અંત. ઐસી બાત કભી સુની નહીં, રૂચિ નહિ, અંદરમેં પરિણમી નહીં. (શ્રોતા : બેય સાથે રહે) બન્ને સાથ રહે અને બેય છે બીજી. એ તો કીધું ને બીજું છે જાણવું કે બીજી છે. આદરવા ક્યાં કહ્યું છે. એમાં તો સિદ્ધાંત એ નીકળ્યો કે પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય એમ છે નહીં. એ આત્મસિદ્ધિમેં નિકલા. વો તો ત્યાં અગાસમેં કહા થા. દેખો કીધું ક્યા કહેતે હૈ શ્રીમદ્જી. 'નય નિશ્ચય એકાંતથી એમાં નહીં કહેલ, એકાંતે વ્યવહાર નહીં, બન્ને સાથ રહેલ'. (શ્રોતા : ...) હાં, દોનો સાથ જુઓ, આપણે આયા ને દ્રવ્યસંગ્રહમેં સુડતાલીસ ગાથા. दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणि णियमा દ્રવ્યસંગ્રહકી ૪૭ ગાથા એક સાથ નિશ્ચય વ્યવહાર ધ્યાનમેં આતા હૈ. સમજમેં આયા? તો અહીંયા ભી કહા કે એક સાથ દો હૈ, પહેલા વ્યવહાર કરો અને પીછે નિશ્ચય હોતા હૈ વસ્તુમેં હૈ નહીં. લ્યો, શ્રીમદ્ પોતે કહે, એના અર્થ કરનારાને સમજાય નહીં. સમજાય છે? કે આ શું?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ બોલી ગ્યા'તા ખરા ઇ હો જરાક. એક જણો બોલી ગ્યા ત્યાં પાછળ વ્યાખ્યાનમાં કે વાત તો સૂક્ષ્મ બડી હૈ, યહાં તો સ્થૂળ ચલતી હૈ. ભાઇ શ્રીમદ્ કહે છે એની તમને ખબર ન મળે. નિશ્ચય એટલે આત્માના સ્વભાવનું ભાન. શુધ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાતા અને ઉસમેં રહે નહીં સકે, એટલે દયા-દાન-વ્રત-ભક્તિ-તપ-જપ-પૂજા-જાત્રાકા ભાવ આતા હૈ, ઉસકો જાનના ઉસકા નામ વ્યવહાર હૈ. હૈ ઉસકા નામ વ્યવહાર આદરણીય ઉસકા નામ વ્યવહાર ઐસા કહેનેમેં આયા નહીં. એક સાથ દો રહેતે હૈ. નિશ્ચય બિના વ્યવહાર કૈસા? ને વ્યવહાર બિના નિશ્ચય કૈસા? સમજમેં આયા? દો નયકા સાથમેં જ્ઞાન કરના હો ને પણ વો વ્યવહાર બિના નિશ્ચય કૈસા કા અર્થ કંઇ વ્યવહારસે નિશ્ચય હૈ ઐસા નહીં, અને નિશ્ચયસે વ્યવહાર હૈ ઐસા ભી એમ નહીં. સાથમેં દો હૈ. સ્વરૂપકા ભાન ભી હૈ ઔર રાગ આદિ ભી અંદર શુભ દયા આદિ ભક્તિ-પૂજાકા ભાવ ભી હૈ. વો દો નય સાથમેં રહેતી હૈ. ક્યું માણેકલાલજી! સમજમેં આયા?

**ઈસ પ્રકાર જાનનેકા નામ હી**, જો એટલામાં પાછું નાંખ્યું. **જાનનેકા નામ હી દોઉ નયનિકા ગ્રહણ હૈ.** (શ્રોતા : જાનના) હા, જાનના, દો નય જાનના, આદરના એક અને જાનના દોહી. આદરના એક. નિશ્ચય અને જાનના દો હી. એક નય ન જાણે, વો તો પહેલે આ ગયા. વ્યવહારને ન માને એકાંત મિથ્યાદષ્ટિ, વ્યવહારકો આદરણીય માને મિથ્યાદષ્ટિ. ધર્મકા મૂળકી ઉસકો ખબર નહીં. સમજમેં આયા? **બહુરિ** - વળી **દોઉ નયનિકે વ્યાખ્યાનકૌં સમાન સત્યાર્થ જાનિ, ઐસે ભી હૈ અને ઐસે ભી હૈ ઐસા ભ્રમરૂપ પ્રવર્તનેકરિ તો દોઉ નયનિકા ગ્રહણ કરના કહ્યા હૈ નાહીં.** ભગવાન સંતોએ અને ભગવાનોએ તીર્થંકરોએ દોય નયકા કથન વ્યાખ્યાનકો સમાન નિશ્ચય ભી સમાન, વ્યવહારભી સમાન દો કક્ષ ક્યા કહેતે હૈ? સમાનકક્ષી, સમકક્ષી દોઉ. નિશ્ચય ભી નય હૈ અને વ્યવહાર ભી નય હૈ, દો સમકક્ષી હૈ, દો કા પલ્લા સરખા હૈ. સમજમેં આયા? નહીં, ઐસા હૈ નહીં.

વો કહેતે હૈ કે દો કા પલ્લા હૈ ને? એકમાં ભલે માલ હોય અને એકમેં ભલે તોલા હો ઐસા યહાં દષ્ટાંત લાગુ પડતે નહીં. સમજમેં આયા? (શ્રોતા : ...) ઐસા હો ગયા લ્યો, ઐસા હૈ નહીં. અંતર ભગવાન આત્મા, જિસકો શાસ્ત્રમેં નિશ્ચય સત્ય સ્વરૂપ સ્વતંત્ર સ્વરૂપસે કથન કહા હો, વો હી સત્યાર્થ હૈ ઔર જહાં નિમિત્તાદિ પરાધીન વ્યવહાર આદિસે ઉપચાર કિયા હો, વો સત્યાર્થ નહીં. સચ્ચા નહીં. દો હી સચ્ચા માનના ભ્રમ હૈ, તેરી મિથ્યાદષ્ટિ હૈ. ઓહોહો! સમજમેં આયા? હા પાડી'તી કે નહિ તમે? બાલચંદજી! ઓ આયા થા ને કુછ પત્તા તુમ્હારે ભોપાલસે આયા થા. યહાં ભી પીછે તુમ્હારા નામસે યહાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિશેષ છપા થા વો. ભાવનગર જઈને વિશેષ છપા થા ઉસકા, કે જુઓ, અહીંયા ભોપાલસે આયા હૈ ને હૈ તો ટોડરમલજીકા, કોઈકા હૈ નહીં. આહાહા!

તો કહેતે હૈ ઐસી નિશ્ચયકા કથન ચલા એ એની ખબર ન મળે. વો ભી સચ્ચા, વ્યવહારસે કથન કિયા વો ભી સચ્ચા. **દોઉ ઐસે નયનિકે વ્યાખ્યાનકૌં સમાન**, સમાન એટલે સરખા **અને સત્યાર્થ જાનિ ઐસે ભી હૈ, ને ઐસે ભી હૈ, ઐસા ભ્રમરૂપ પ્રવર્તનેકરિ યે તો ભ્રમણા તેરી હૈ.** વ્યવહાર તો એક નિમિત્તકા જ્ઞાન કરાનેકો કહાથા ઉસમેં ઘૂસ ગયા તુમ? કે ઉસસે હોતા હૈ અને ઉસસે હોતા હૈ. પાળો સંયમ વ્રત પાળો ઉસસે કભી કલ્યાણ હોગા. મરી જાય તોય નહીં કલ્યાણ હો સુનને! (શ્રોતા : ...) હેં? મર જાતે હૈ નિગોદમાં જાતે હૈ ક્રમે ક્રમે. સમજમેં આયા? દૃષ્ટિકી ખબર નહીં, સમ્યગ્દર્શનકી ક્યા ચીજ હૈ? નિશ્ચયકી ચીજ ક્યા હૈ? ઉસકી પ્રતીતકા ઓળખાણ ભાન નહીં કહાં સે આયા? ભવભ્રમણમેં ચોરાશીકા પંથમેં જાકે ચલે જાયેગા એક પંથ ભી ઘટેગા (નહીં). સમજમેં આયા? ધરમચંદજી!

**દોઉ નયનિકા ગ્રહણ કરના કહ્યા હૈ નાહીં. ઐસે ભ્રમરૂપ પ્રવર્તનેકરિ તૌ દોઉ નયનિકા ગ્રહણ કરના કહ્યા હૈ નાહીં. બહુરિ પ્રશ્ન** બેય નયને ગ્રહણ કરવાનો અર્થ કે વ્યવહાર હૈ ઐસા જાનના. નિમિત્તકી અપેક્ષાસે કથન કિયા હૈ ઐસા જાનના, નિશ્ચય જે યથાર્થ વસ્તુ હૈ ઉસકો જાનકર આદરના. સમજમેં આયા? આદરના તો આત્માકી બાત હૈ. પરમેં નિશ્ચયકા કથન તો પરકા યથાર્થ હૈ વ્યવહારકા કથન પરમેં હો, વો ઉપચારસે ઐસા પરકો ભી જાનના. સમજમેં આયા? તો સ્વમેં આપણે વાત કરતે હૈ. અને સામાનો નિશ્ચય હૈ વો ક્યા અપનેકો આદરના હૈ નહીં. (શ્રોતા : વો જ્ઞેય) વો જ્ઞેય, વો જ્ઞેયકા યથાર્થ સ્વતંત્ર બાતકા કથન કિયા હો કે ઉસકી પર્યાય, ઉસકા દ્રવ્ય, ઉસકા ગુણ ઉસસે હુઆ વો સત્યાર્થ ઉસકા હૈ ઐસા તેરે જાનના, અને વ્યવહારસે કથન કિયા હો ઉસકો તો ઉપચાર હૈ નિમિત્તકી અપેક્ષા કથન કિયા ઐસા તેરે જાનના. સમજમેં આયા?

**દોઉ નયકા સમાન** અને સત્યાર્થ, વ્યવહારભી સચ્ચા હૈ કે નહીં? નહીં. વ્યવહાર તો નિમિત્તકી અપેક્ષાસે કથન કરનેવાલા હૈ. સચ્ચા હૈ (નહીં). બડી વો બનારસીદાસકે વખતમેં વો ચર્ચા હુઈ થી. બનારસીદાસે જબ નિકાલા કે વ્યવહારકી રુચિ કરનેવાલા મિથ્યાદૃષ્ટિ હૈ. ઈતના ... હુઆ સામે દૂસરા સંપ્રદાયમેં તો એક કોઈ નામ હતા, નામ ભી ખબર હૈ હમકો પણ ઉસને પછી એક બનાયા કે નહીં વો બનારસીદાસ કહેતે હૈ કે નિશ્ચય હી એક આદરણીય અને વ્યવહાર આદરણીય નહીં, એમ નહીં, દોય નય સમકક્ષી હૈ. પછી પુસ્તક બનાયા યુક્તિસે સમજમેં આયા? ઐસા હૈ નહીં. અભી ભી ઐસા નિકાલા થા થોડા વર્ષ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પહેલે નવ્વાણુકી સાલમેં. નિશ્ચય, નિશ્ચય હૈ વો સત્યાર્થ હૈ ને વ્યવહાર સત્યાર્થ નહીં, નહીં દોય નય સમકક્ષી હૈ. દો પલ્લા સરખા માનના.

(શ્રોતા : વ્યવહાર વ્યવહારકી જગહ તો સચ્ચા હૈ) તો વ્યવહાર સચ્ચા હૈ તો હૈ ઈતના, આદરણીય હૈ વો કોણે કહા? હૈ ઐસા જાનના વો સચ્ચા. (શ્રોતા : ...) યહાં આદરણીયકી બાત હૈ, સચ્ચા નહીં હૈ? (શ્રોતા : કુંદકુંદાચાર્ય ભગવાનકે પાસ ગયે થે) અરે! ઉસકે પાસ અપનેસે હુઆ. (શ્રોતા : ક્ષાયિક સમ્યક્ત્વ...) એ પણ અપની પર્યાયસે હુઆ કે પરસે હુઆ? તો ભગવાન પાસે તો બહોત માણસ હૈ સમોવશરણમેં. ભગવાનકે પાસ સમોવશરણમેં તો તિર્યંચ, પશુ, દેવ ક્રોડો માણસ હૈ, સબકો ક્યૂં ધર્મ નહીં હોતા? ભગવાનસે હો તો! અપની પર્યાયસે હુઆ, અપને કારણસે, પુરુષાર્થસે, તબ ઉસકો નિમિત્ત કહેનેમેં આયા. ક્યા કરે? સુના નહીં? એક મશ્કરી, મશ્કરીને! વો સાધુ હુઆ થા એક મશ્કરી સાધુ. અરે! પાર્શ્વનાથ ભગવાનકા સાધુ થા. વો ભગવાનકા સમોવશરણમેં ગયે, તો ગયે તો ઉસકો ઐસા થા કે મેરે ગણધરપદ મિલેગા, કે મૈં પુરાના સાધુ હૂં... પૂરાના સાધુ હૂં તો મેરેકો ગણધરપદ મિલેગા. તો ઉસકો તો મિલા નહીં, ઔર ગૌતમ બ્રાહ્મણ થા બડા વેદમેં પ્રવીણ અને સારીયે, વારીયે, ધારીયે, પારીયે સમજાય છે?

બધું બધું વેદાંતમાં બધુ ધારણામાં વારે, કોઇ ભૂલ કરે તો વારે. નહીં ઐસા નહીં. ઈતની તીક્ષ્ણ બુદ્ધિ, બહોત ઉઘાડ મિથ્યાત્વ થા, યે આયા, આમ ભગવાનકો દેખા. આહાહા! સમ્યગ્દર્શન, વગર વાણી સુને! કિસને કિયા? ભગવાનને તો ક્યા કારણસે કિયા? (શ્રોતા : ...) પણ આયા વિના રહે કહાંસે. એ તો પ્રશ્ન હુઆ થા. ઐસા પ્રશ્ન હૈ ધવલમેં, કે ગણધર તો હોનેવાલી યોગ્યતાકો વો કાળમેં ક્યૂં લાયા? પહેલે ક્યૂં ન લાયા? ઈન્દ્ર પહેલે ક્યૂં ન લાયે? ઈન્દ્ર હૈ ઉપર શક્રેન્દ્ર, વર્તમાન બત્રીસહજાર વૈમાનકા સ્વામી નાયક એકાવતારી રાણી એની સ્ત્રી અને પોતે એક ભવ કરનારા છે. આવતા એક મનુષ્યભવ કરીને મોક્ષ જનારા છે બેય, બિરાજે છે પહેલા સ્વર્ગમાં. શક્રેન્દ્ર અને શચિ સમજે? એ ક્યૂં ન લાયા ભગવાન પાસે પહેલે? વો ત્યાં છે ને રાજગ્રહી. કયો ડુંગર કહેવાય એ, વિપુલાચલ પર્વત નથી? આપણે ગયે થે ને જાત્રા.

એ વિપુલાચલ પર્વત ઉપર ભગવાન આયે છાસઠ દિન સુધી વાણી બંધ રહી. દો માસ ને છ દિન. વો જ્યાં ઈન્દ્રે વિચાર કિયા કે અરે! કોઇ આજ ક્યૂં ભગવાનકી વાણી નહીં ખીરી વો તો કેવળી હૈ. ઉસકો કોઇ કહ્યા હી નહીં કે મહારાજ! વાણી કરો. એ તો કેવળી વીતરાગ હૈ. એક સમયમેં તીનકાળ તીનલોક જાનતે હૈ. ક્યા હુઆ? ભગવાનકો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેવળજ્ઞાન હુઆ વાણી ન નિકલી. ઉપયોગ મૂક્યો અવધિજ્ઞાનમાં કોઇ પાત્ર જીવ નહીં દિખતે હૈ માટે વાણી નિકલતી નહીં. વો નિમિત્તસે કથન આયા ઔર ગણધરકો લે આયે, ગૌતમકો લાયા જહાં આયા સમ્યગ્દર્શન! ચાર જ્ઞાન, ચૌદ પૂર્વ, એક અંતર્મુહૂર્તમેં રચ્યા. વો બહાર નિકલા ઓલો મશ્કરી સાધુ કહે મૈં પુરાના સાધુ હૂં, મેરેકો ગણધરપદ ન દિયા ને ઉસકો ગણધરપદ મિલા. નક્કી વો સર્વજ્ઞ નહીં. જાઓ ઉડાઓ. ક્યા કરે? પોતાની વૃત્તિના પોષણ ન મિલા, સર્વજ્ઞ નહીં. હેં? વો સર્વજ્ઞ નહીં. અરે! સુન તો સહી. તેરી પદવીને લાયક તુમ હો તો ગણધરપદ મિલે બિના રહે નહીં, ઉસકી પાત્રતા થી, ભલે અન્યમતિ થા પણ ઉસકી યોગ્યતા થી ઐસી, આમ જ્યાં દેખા ઓહોહો!

આ ઉસકા બાહ્ય વૈભવ તો કાંઇ ઇન્દ્ર પાસ નહિ ઇતના તો બાહ્ય વૈભવ સમોવશરણકા, અંદરના વૈભવ દેખે કે આ તો બિંબ ઠરી ગયા છે આ તો. ઠરી ગયેલા બિંબ આમ પરમાત્મા. ભગવાનકો દેખા, વિપુલાચલ પર્વત રાજગૃહી નગરીમાં આ બાજુ પહેલા પર્વત હૈ વો. હૈ ના આ બાજુ! સમજેને? હમ દોય સબ ઠિકાણે ગયે હૈ ના, સબ દેખા હૈ ને ત્યાં રહે થે. સમજમેં આયા? વાણી નીકળી.ચૌદ પૂર્વ અને બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં ગૌતમે કિયા. ઓલો મશ્કરી ન કરી શક્યો, મિથ્યાદૃષ્ટિ બહાર આવી ને અંદર તો બોલાય નહીં. અંદર તો ઇતની નિર્માનતા હોય ને! ભગવાનકા અતિશય હૈ ને! ભગવાન પૂરણ સ્વરૂપ. બહાર નિકલકર કહે યે ભગવાન સર્વજ્ઞ નહીં લાગતે હૈ. ક્યું? તેરે વૃત્તિકો ઠીક નહીં પડા માટે? અચ્છા. શેઠી! સુના હૈ કે નહીં વો મશ્કરી સાધુ પાર્શ્વનાથકા થા, ભગવાનકા ત્રેવીસ તીર્થંકરમેં પૂરાના થા. તો વો કહે મૈં પૂરાના હૂં તો હમકો ગણધરપદ મિલેગા. ન મિલા, ગૌતમકો મિલા. એ કેવળી નથી લાગતા. હવે તારા ઘરમાં તને રુચ્યું નહીં એટલે કેવળી નથી? ઐસા અનાદિકાળસે અજ્ઞાનીએ અપના સ્વચ્છંદ છોડયા નહીં. સમજમેં આયા?

(શ્રોતા : દેશના લબ્ધિ) હેં? દેશના લબ્ધિ પૂર્વે હો ગયી હોગી, હુએ બિના હોય નહીં. વો તો ગણધર હોનેકી લાયકાત હૈ ને! સમજમેં આયા? **દોઉ નયનિકા વ્યાખ્યાનકૌં સમાન સત્યાર્થ ઐસે વૈસે નહીં**. ઔર વ્યવહારનય અસત્યાર્થ હૈ. હવે શિષ્યકા **પ્રશ્ન** વ્યવહારનયસે કથન શાસ્ત્રમેં ચલે વો જો જૂઠા હૈ **તૌ તાકા ઉપદેશ જિનમાર્ગ વિષૈ કાહેકૌં દિયા?** તો વીતરાગની વાણી અને મુનિઓના મુખમેંસે વ્યવહારના ઉપદેશ ક્યોં આયા? તુમ તો કહેતે હો કે વ્યવહાર અસત્યાર્થ હૈ તો ઉપદેશ ક્યોં આયા શાસ્ત્રકા મુખમેં? વીતરાગકી વાણીમેં? શિષ્યે પ્રશ્ન કિયા હૈ. પ્રશ્ન બરાબર હૈ એ તો ગોઠવ્યા છે ને પોતે. **તૌ યાકા ઉપદેશ જિનમાર્ગ વિષૈં કાહેકૌ દિયા. એક નિશ્ચયનયકા નિરુપણ કરના થા**. સચ્ચી બાત આત્મા, આત્માકી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય અપનેસે હૈ. અપનેસે ધર્મ, અપનેસે અધર્મ, પરકે, પરકે કારણસે ઐસા નિશ્ચયકા હી કથન કરના થા. વ્યવહાર અસત્યાર્થ હૈ, તો વ્યવહારકા ક્યું કથન કિયા? જિનાગમમેં આ કથન કિયા તો ભ્રમણા હો ગઈ હમને! સમજમેં આયા?

દોહી ને ભરમાયો તો દો હી નયસે ભરમાયા હૈ? તેરી દૃષ્ટિસે ભરમાયા હૈ. દો હી નયસે ભરમાયા તો જ્ઞાનીકો દો હી નયસે ભ્રમણા હોતી નહીં. નિશ્ચયકો નિશ્ચય જાનકર આદર કરતે હૈ ને વ્યવહારકો વ્યવહાર જાનકર જાનતે હૈ, ભ્રમણા હોતી નહીં. એનો ઉત્તર **તાકા સમાધાન. ઐસા હી તર્ક સમયસાર વિષૈ કિયા હૈ** તહાં વહ ઉત્તર દિયા હૈ.

**जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं। तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं।**

ગાથા આઠમી. સમયસારની ગાથા આઠમી. દાખલો દઈને વો બાત પ્રસિદ્ધ કરતે હૈ. સુન, **જૈસે અનાર્ય જો મ્લેચ્છ સો તાહિ મ્લેચ્છભાષા વિના અર્થ ગ્રહણ કરાવનેકૌં સમર્થ ન હૂજે**. સમજમેં આયા? મ્લેચ્છ હોય એની એને ભાષામાં એને સમજાવવું પડેને! લ્યો, એક ગોરો આવ્યો ગોરો દાખલો અને એને લૂગડું જોઈતું હોય. એલા મોજ કરવા બેઠો હોય ત્યાં અને સામે એક મહોતું(મસોતું) પડયું હોય મસોતું ઐસા બોલે મસોતું લાવજે મસોતું શું કહે છે? મસોતું સમજતે હૈ? (શ્રોતા : મેલા કપડાં) વો રસોડા વખતે વો હાથ બગડતે હૈ ને કપડા મેલા હોતા હૈ ઉસકો મસોતા કહેતે હૈ. હાથ મૈલા હો વો તાવડીકા કાળા હો ઐસા હોતા હૈ ને! કાળુંમશ કપડા. (શ્રોતા : ...) હેં? હા, પણ મસોતું કહે ને ક્યાં ઓલો સમજે? ક્યા મસોતુ શું કહે છે આ તે? (શ્રોતા :...) હેં? એને એમ કહેવું મસોતું એનો અર્થ કરવો પડે. સાહેબ! રસોડામેં હાથ બગડતે હૈ તો એક કપડા સાફ કરનેકો રખતે હૈ ઉસકો મસોતું કહતે હૈ. લાંબી લાંબી વાત હોય ત્યારે સમજાય અને આપણો આઠ વર્ષનો છોકરો સમજે કે મસોતું લાવજે એલા મસોતું સમજમેં આયા?

એમ મ્લેચ્છ માણસને ઉસકી ભાષાસે ન સમજે આ ભાષાથી તો ઉસકી ભાષામેં સમજાતે હૈ. સમજે? **એ મ્લેચ્છ ભાષા વિના અર્થ ગ્રહણ કરાવનેકૌં સમર્થ ન હૂજે** કહ્યું'તું ને એક ફેરી. અહીં ગોરો હતો અહીં. એક કોઈ ગોરો હતો પાલિતાણામાં હતોને જ્યારે દરબાર ગુજરી ગયા માનસિંહજી પછી આ બહાદુરસિંહજી હજી નાના હતા તે એક ગોરો હતો કોક એના ઉપર મેનેજમેંટ (શ્રોતા : ...) હા, મેનેજર માથે હતો એ બરાબર આવેલો ગારીયાધાર, ગારીયાધાર એનું મોટું છે ને તે આ બધા બોલેને! બાજરો, બાજરો બાજરો તો એ પણ બોલવા માંડયો. ભાષાની ખબર ન મળે એટલે શું કહે, બા...જ...રો,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કે...ટ...લો એમ બા...જ...રો આમ ત્રણ અક્ષર તોડી નાંખ્યા. આપણે તો આટલો છોકરો કહે બાજરો. આ બાજરો હોતે હૈ કે નહીં! ઓલો કહે કે બા...જ...રો, કે...ટ...લા... પા...ક્યા હૈ! વળી કો'ક હિન્દી આવી જાય ને કો'ક ગુજરાતી. એની ભાષા નહીં એની અંગ્રેજી એને, એમ અહીંયા કહે છે કે વ્યવહારથી સમજાવવામાં આવે છે.

વ્યવહાર વિના સમજાવી શકાતું નથી. **વ્યવહાર બિના પરમાર્થકા ઉપદેશ અશક્ય હૈ, તાતૈં વ્યવહારકા ઉપદેશ હૈ.** લ્યો, ઉપદેશમાં કરના ક્યા, વો તો સમજાના હો તો ક્યા સમજાવે? આત્મા જ્ઞાન હૈ, દર્શન હૈ, આનંદ હૈ તો ક્યા આત્મામેં ભેદ હૈ? આત્મા તો અખંડ વસ્તુ હૈ. ઉસમેંસે ગુણ જુદા કરકે બતાના (કે) જો ભૈયા વો જાનતે હૈ વો આત્મા, શ્રદ્ધા કરતે હૈ વો આત્મા, સ્થિર રહેતે વો આત્મા હૈ, રુકતે નહીં ક્યાં? વો આત્મા હૈ. એ દર્શન-જ્ઞાન-ચારિત્રકો પ્રાપ્ત હો એ આત્મા. વો તો ભેદ હોકર બતાયા. આત્મા તીન રૂપ નહીં. આત્મા તો દર્શન-જ્ઞાન-ચારિત્રકા એકરૂપ હૈ, પણ તીનકા ભેદ કિયે બિના નિશ્ચય સમજાનેમેં આતા નહીં. આહાહા! સમજમેં આયા? કહો **તાતૈં વ્યવહારકા ઉપદેશ હૈ. ઈસહી સૂત્રકી વ્યાખ્યા વિષૈ ઐસા કહ્યા હૈ** દેખો, એ આઠમી ગાથામાં કહ્યું ભગવાન કુંદકુંદાચાર્ય '**વ્યવહારનયો નાનુસર્તવ્યં**' વ્યવહારસે કથન કહેનેમેં આતા હૈ કે આત્મા શરીરવાલા હૈ, આત્મા વાણીવાલા હૈ, આત્મા ભેદવાલા હૈ ઐસે કથન કરનેમેં આતા હૈ. ઓકો સમજાનેકો પણ વ્યવહારનય અંગીકાર કરના નહીં. ક્યાં ગયા દેવીલાલજી! સુનનેવાલેકો ભી વ્યવહારનય અંગીકાર નહીં કરના એમ કહેતે હૈ. સમજાનેમેં આવે.

રાત્રિકા પ્રશ્ન થા ને તુમારા? કે ઐસા ઐસા પણ એ સમજાવે વ્યવહારસે પણ ઉસકો સમજાનેવાલેકો વ્યવહારકા અનુસરણ નહીં કરના. સમજનેવાલેકો ભી વ્યવહારકા અનુસરણ નહિ કરના. (શ્રોતા : ...) હેં? ઓલો પરમાર્થકો પકડનેકો વ્યવહારસે કથન હૈ. વ્યવહારસે વ્યવહારમેં અટક જાનેકો વ્યવહારકા કથન નહીં. ભેયા, તેરા ચીજ જ્ઞાતાદૃષ્ટા હૈ, જ્ઞાન પ્રકાશમય હૈ, તો ક્યા એ એકીલા જ્ઞાનમય આત્મા હૈ? આત્મામેં તો અનંતગુણ હૈ, અનંતગુણ હૈ પણ ક્યા કરે? ભેદ પાડે બિના સમજાયા જાતા નહીં, પણ ભેદકો અંગીકાર કરના નહીં. આ વાત ભારે કંઇ કોઇ દી' સાંભળી ન હોય હવે. આ તો આ દયાઉં પાળવી ને આ વ્રત પાળો ને આ અપવાસ કર્યા જાઓ જીંદગી, જીંદગી પૂરી. આંહી તો કહેતે હૈ કે વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. **યહ નિશ્ચયકે અંગીકાર કરાવનેકૌં વ્યવહારકરિ ઉપદેશ દીજિયે હૈ.** નિશ્ચયકા ભાન કરાને માટે વ્યવહારકા ઉપદેશ હૈ, વ્યવહાર આદરણીય હૈ નહીં. સમજમેં આયા?

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેરા આત્મા શરીરસે ભિન્ન હૈ. આ શરીર નહીં, એમ કે આ ગાય કા જીવ, મનુષ્યકા જીવ તો ગાયકા જીવ હૈ. જીવ તો જીવકા હૈ. મનુષ્યકા જીવ, પર્યાપ્તા જીવ, અપર્યાપ્તા જીવ, કાળા આ કાળી ગાયકા જીવ, આ ધોળી ગાયકા જીવ, તે કાળી ગાયકા જીવ હૈ ? જીવ તો જીવ હૈ પણ વો ઉસમેં સે સમજાનેકો જીવકો સમજાનેસે, શરીરકી અપેક્ષા લેકર સમજાયા હૈ, પણ શરીરકી અપેક્ષા લેકર અંદર સમજનેમેં આતા હૈ ઐસા નહીં. વ્યવહારસે સમજાયા કે તેરા આત્મા આ હૈ વો તો વ્યવહાર અંગીકાર નહીં કરના, નિશ્ચયકો અંગીકાર કરના વો ઉપદેશ વ્યવહારકા નિશ્ચયકો અંગીકાર કરનેકો દિયા હૈ, વ્યવહારકો અંગીકાર કરનેકો દિયા નહીં.

વિશેષ કહેશે.....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૩૪
## અધિકાર ૭મો
## સ્થળ:જયપુર તા. ૧૨/૦૩/૬૭ રવિવાર

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

સાતમોઅધિકાર. આ એક મોક્ષમાર્ગ પ્રકાશક ટોડરમલજી કૃત હૈ. આજ ઉસકા મંદિરમેં કળશ ચઢાયા તો આ નિશ્ચય-વ્યવહારાભાસકા અહીંયા શાસ્ત્રમેં કળશરૂપે હૈ, હમ તો પહેલેસે કહતે હૈ. આજ તો કળશકા દિન હૈ. આ નિશ્ચય-વ્યવહારાભાસકી જો કથનશૈલી ઉસમેં લિયા હૈ. સારા જૈન શાસનકા માથે મંદિરમેં કળશ હૈ. હમતો બહોતવારસે કહતે હૈ, ત્યાં ભી સોનગઢ આ...આ અધ્યાય ચોર્યશીકી સાલસે શુરૂ હુઆ થા લિખનકે. ઈસમેં મૂળમાર્ગ ક્યા હૈ દેખો. દો, ‘‘**મોક્ષમાર્ગ દો નહીં...**’’અહીંયાસે ઉપડતા હૈ ટોડરમલજી સમયસારકા સાર નિકાલકર અથવા સારા શાસ્ત્રકા સાર નિકાલકર મોક્ષમાર્ગ દો માનતે હૈ વો હૈ નહિ, ઐસા યહાં શાસ્ત્રકા આધાર દેકર સિદ્ધ કરતે હૈ. ‘‘**દો, સો મોક્ષમાર્ગ દો નહીં મોક્ષમાર્ગકા નિરૂપણ દો પ્રકારે હૈ...**’’ કથનકા દો પ્રકાર હૈ. વાસ્તવિક મોક્ષમાર્ગ તો એક હી

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હૈ પણ કથનકા દો પ્રકાર ચલતે હૈ આધાર આપેગા.

''**જહાં સચ્ચે મોક્ષમાર્ગકો મોક્ષમાર્ગ નિરૂપણ કિયા જાયે...**'' વ્યવહાર અભૂતાર્થ હૈ વો ગાથા લેતે હૈ. અગિયારમી ગાથા સમયસારકી. ભગવાન આત્મા એક સમયમેં સ્વભાવ, શુદ્ધ સ્વભાવકા સાગર પડા હૈ, ધ્રુવ. એક સમયમેં ધ્રુવ, સામાન્ય, અભેદ, ઉસકા આશ્રય લેકર જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વઆશ્રયસે ઉત્પન્ન હોતા હૈ, ઉસકા નામ સચ્ચા મોક્ષમાર્ગ કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? અગિયારમી ગાથાકા આધાર લેકર ઉસને વો સિદ્ધ કિયા હૈ કે વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય મોક્ષમાર્ગ દો નહીં. મોક્ષમાર્ગ તો એક હી હૈ પણ ઉસકા કથન દો પ્રકારે ચલતે હૈ. ક્યા કહેતે હૈ દેખો. ''**જહાં સચ્ચે મોક્ષમાર્ગકો મોક્ષમાર્ગ નિરૂપણ કિયા જાય વો નિશ્ચય મોક્ષમાર્ગ હૈ...**'' આ ટોડરમલજીકા શબ્દ હૈ. મહા અપૂર્વ શાસ્ત્રકા સાર નિકાલા હૈ ''**ઔર જ્યાં મોક્ષમાર્ગ તો હૈ નહિ પરંતુ મોક્ષમાર્ગકા નિમિત્ત હૈ...**''

અપના શુદ્ધ સ્વભાવ, અનાકુળ આનંદમૂર્તિ ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ નામ ચારિત્ર જો પ્રગટ હુઆ, વો હી એક મોક્ષમાર્ગ હૈ, પણ સાથમેં રાગકી મંદતા દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા વિકલ્પ રાગ, પંચમહાવ્રતાદિ અથવા શ્રાવકકા બાર વ્રતાદિ વિકલ્પકા રાગ ઔર શાસ્ત્રકા સન્મુખસે પઢનેકા વિકલ્પ વો વ્યવહાર. ત્યાં કષાયકી મંદતાકા વ્યવહારસે અનુકૂળ દેખકર ઉસકો નિમિત્તસે મોક્ષમાર્ગ વ્યવહારસે કહનેમેં આયા હૈ. ''હૈ'' નહીં, ''ઉસકો કહના ઉસકા નામ વ્યવહાર હૈ''. હૈ નહીં ઉસકો કહના ઉસકા નામ વ્યવહાર હૈ. ''હૈ'' ઉસકો યથાર્થ જાનના, માનના, અનુભવના ઉસકા નામ નિશ્ચય અને સત્ય હૈ'. તો કહતે હૈ મોક્ષમાર્ગકા નિમિત્ત ભગવાન આત્મા ! અંતરમેં આનંદકંદ ધ્રુવસ્વભાવ, સામાન્ય સ્વભાવ, અભેદ સ્વભાવ भूदत्थमस्सिदो खलु ભૂતાર્થ છતો પદાર્થ, જિસમેંસે એક સમયકી પર્યાય જિસમેંસે હોતી હૈ, પર્યાયમેંસે પર્યાય નહિ હોતી, રાગમેંસે નહિ હોતી. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાય વો દ્રવ્યમેંસે હોતી હૈ. સમજમેં આયા ?

એક સમયમેં દ્રવ્ય અનંત...અનંત સિદ્ધકી પર્યાયકા સમૂહ ઐસા અપને આત્મામેં આ દ્રવ્યસ્વભાવ પડા હૈ. સમજમેં આયા ? સિદ્ધ એક સમયકી પર્યાય હૈ, કેવલજ્ઞાન, કેવલદર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય, ઐસી ઐસી અનંત પર્યાય જબસે પ્રગટ હોતી હૈ, ત્યારસે અનંતકાળ રહેતી હૈ. ઐસી અનંતી સિદ્ધકી પર્યાયકા કાળકા સમૂહ લો, તો એ સબ પર્યાય આત્માકા શક્તિમેં સબ પર્યાય અભી પડી હૈ. ઐસા એક સમયકા દ્રવ્યસ્વભાવ, ભગવાન સ્વભાવ, પૂર્ણાનંદ સ્વભાવ ઉસકા આશ્રયસે ક્યોંકિ भूदत्थो देसिदो યે ભૂતાર્થ વસ્તુ હૈ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છતી વસ્તુ હૈ. કાયમ ટિકનેવાલી વસ્તુ હૈ, ઉસકો આચાર્ય મહારાજ નિશ્ચય કહેતે હૈ. ટોડરમલજી ઉસકો કહતે હૈ કે ઉસકા નામ નિશ્ચય મોક્ષમાર્ગ હૈ. સમજમેં આયા ?અપના ધ્રુવ સ્વભાવ ભગવાન સ્વરૂપ ચૈતન્યમૂર્તિ. મોક્ષ અને બંધ તો એક સમયકી પર્યાય હૈ. ક્યા કહા ? બંધ વો આત્મસ્વરૂપ પુરુષ આત્મા ઉસમેં બંધ જો ભાવ બંધ હૈ એક સમયકી યુક્તિ, ભાવબંધ એક સમયકી પર્યાય હૈ. મોક્ષ ભી એક સમયકી પર્યાય હૈ આહાહા ! મોક્ષ કોઈ ત્રિકાળી વસ્તુ નહિ હૈ. ત્રિકાળી વસ્તુતો આત્મદ્રવ્ય અને ઉસકી શક્તિયાં જો અનાદિ અનંત હૈ વો ત્રિકાળ હૈ.

મોક્ષ નામ પરમાત્મ દશા, એક સમયકી અવસ્થા હૈ, ઔર સંસાર ભી એક સમયકી અવસ્થા હૈ. મોક્ષ એક સમયકી અવસ્થા હૈ. દૂસરે સમય ભલે રહે, પણ એક સમયકી પર્યાય રહેતી હૈ. સિદ્ધકી પર્યાય ભી દ્રવ્યમેં એક સમય હી રહેતી હૈ. દુસરે સમયમેં વો રહેતી નહીં. દૂસરે સમયમેં ઐસી હી, પણ અન્ય હોતી હૈ ઐસા સિદ્ધપદ ને બંધભાવ, એક સમયકી અવસ્થા તે સિવાય કાયમ ત્રિકાળ રહનેવાલા ભગવાન યે સૂક્ષ્મ બાત હૈ પ્રભુ ! નિત્યાનંદ, સચ્ચિદાનંદ, સત્ શાશ્વત જ્ઞાન અને આનંદકા ભંડાર ઉસકા અંતર આશ્રય કરનેસે, સમ્યગ્દર્શન -જ્ઞાન-ચારિત્ર દ્રવ્યસ્વભાવકા આશ્રયસે પ્રગટ હોતા હૈ. પર્યાયસે પ્રગટ, પર્યાયકે આશ્રય કરનેસે નહિ હોતા, ક્યોંકિ પર્યાયમેં પર્યાય નયી ઉત્પન્ન હોનેકી તાકાત નહીં. રાગમેં પણ વિકલ્પમેં નયી નિર્મળ અવસ્થા પ્રગટ કરનેકી રાગમેં ભી તાકાત નહીં.

આ ક્ષાયિક સમકિત હુઆ હો. દ્રવ્ય સ્વભાવ ભગવાન આત્મા ઉસકે આશ્રયસે ક્ષાયિક સમકિત હુઆ હો, ક્ષાયિક સમકિતકે આશ્રયસે ભી નયી પર્યાય ઉત્પન્ન હોતી નહીં. સમજમેં આયા ? નયી પર્યાય ઉત્પન્ન શાંતિકી, આનંદકી, મોક્ષમાર્ગકી, ચારિત્રકી, વૃદ્ધિકી, શુદ્ધિકી જો પર્યાય ઉત્પન્ન હોતી હૈ વો અંતર દ્રવ્યકે સ્વભાવકે આશ્રયસે ઉત્પન્ન હોતી હૈ. આહાહા ! ઐસા દ્રવ્યકા સ્વભાવકા આશ્રય ઉસમેં અનંતકાળમેં એક સમય પણ કિયા નહિ, તો કહતે હૈ ''**મોક્ષમાર્ગ દો નાહીં...**'' ભગવાન આત્મા ! જિસમેં મોક્ષ પર્યાય અનંત પર્યાય ઐસા મોક્ષ સ્વભાવ ભગવાન આત્મા, ઉસકા અવલંબનસે જો નિશ્ચય હુઆ વો સત્ય હૈ, ''**ઔર નિમિત્ત સહચારી ઉસે ઉપચારસે મોક્ષમાર્ગ કહા જાય...**'' રાગકી મંદતા, દેવ-ગુરુ -શાસ્ત્રકી શ્રદ્ધાકા વિકલ્પ, પંચમહાવ્રતાદિકા વિકલ્પ, શાસ્ત્રકા પઢના આદિકા પરાલંબી જ્ઞાન એ ઉસકો નિમિત્ત દેખકર મોક્ષમાર્ગ કહા હૈ. હૈ નહીં, ઉસકો કહેતે હૈ ઉસકા નામ વ્યવહાર હૈ. વ્યવહાર મોક્ષમાર્ગ ક્યોં ?

હવે મહાસિદ્ધાંત કરતે હૈ. ''**નિશ્ચય વ્યવહારકા સર્વત્ર ઐસા હી લક્ષણ હૈ...**'' આ એક ટુકડા તો બેહદ કર દિયા હૈ. ક્યો ? આ ટોડરમલજીકા લખાણ હૈ. સમયસારકે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનુસાર અનંતજ્ઞાનીકે અનુસાર કથન હૈ. સમજમેં આયા? ટોડરમલજી તો ટોડરમલજી! હજારો શાસ્ત્રકા નિચોડ મોક્ષમાર્ગ પ્રકાશક બનાયા હૈ. જગતકો ન બેસે અપની કલ્પનાસે એથી કાંઈ સત્ય વો અસત્ય હો જાતા નહિ, અને અસત્ય હો વો કદિ સત્ય હો જાતા નહીં. ભગવાન આત્મા! એક સમયમેં સમજમેં આયા? આ એક શબ્દ હૈ આજ. નિશ્ચય સત્ય હૈ, ઔર વ્યવહાર રાગકી મંદતા દેખકર નિમિત્ત સે, સહચર દેખકર ઉપચારસે, કહા હૈ વો વાસ્તવિક મોક્ષમાર્ગ હૈ નહીં. ઐસે નિશ્ચય વ્યવહારકા સર્વત્ર ઐસા હી લક્ષણ હૈ. આ એક ટુકડા. મહાસિદ્ધાંત હૈ. ''**ઐસા હી નિશ્ચય વ્યવહારકા સર્વત્ર...**'' ક્યા કહતે હૈ? ક્યા ચલતે હૈ. સમજમેં આયા?

એક ઐસા નિશ્ચય-વ્યવહારકા સર્વત્ર ઐસા લક્ષણમેં તો કિતના ભર દિયા હૈ કે કારણ ભી એક હી હૈ યથાર્થમેં. નિમિત્તતો રાગકી મંદતા આદિ કો દેખકર, નિમિત્તકો કારણ વ્યવહારસે કહનેમેં આયા હૈ. સાધનભી એક હૈ સાધનકા કથન દો પ્રકારકા હૈ. મોક્ષમાર્ગ જૈસે કારણ, કારણકા જૈસે દો પ્રકારકા કથન હૈ. હૈ એક જ યથાર્થ, દો પ્રકારકા કથન નિમિત્તકો દેખકર કહા. ઐસે સાધન ભી એક હી હૈ. અપના શુદ્ધ આનંદ સ્વભાવ અંતરકા, ક્યોંકિ આત્મામેં કરણ નામકા ગુણ, શક્તિ અનાદિ અનંત પડી હૈ, યે કરણ નામ સાધન હૈ. એ અંતરકા સાધનકે આશ્રયસે, જો સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ પ્રગટ હો વો હી એક સાધન યથાર્થ હૈ, પણ સાધનકા નિરૂપણ દો પ્રકારકા હૈ. બિચમેં રાગકી મંદતા દેખકર, ઉસકો સાધન વ્યવહારસે કહનેમેં આયા હૈ. હૈ નહીં, ઉસકો કહના ઉસકા નામ વ્યવહાર હૈ.

ઐસે દર્શન ભી દો પ્રકારકા નહીં. સમ્યગ્દર્શન એક હી પ્રકારકા હૈ. યે આયાને દો પ્રકારકા મોક્ષમાર્ગ! સમ્યગ્દર્શન એક હી પ્રકારકા હૈ. સમ્યગ્દર્શન દો પ્રકારકા નહીં. સમ્યગ્દર્શનકા કથન દો પ્રકારકા હૈ. વાસ્તવિક એક જ સમ્યગ્દર્શન હૈ. ચિદાનંદ આત્મા, રાગકા લક્ષ છોડકર, વર્તમાન એક સમયકી પર્યાયકા આશ્રય લક્ષ છોડકર, ત્રિકાળી ભગવાન આત્માકા લક્ષ નામ આશ્રય કરકે, એકીલા આનંદકંદકો ઘૂસકર નિર્ણય અંતરમેં નિર્વિકલ્પ અનુભવ હોના, ઉસમેં પ્રતીત હોના, વો એક હી નિશ્ચય મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન હૈ. સમ્યગ્દર્શન એક હી હૈ, દો સમ્યગ્દર્શન નહીં. વર્તમાનમેં બહોત ઝઘડા ચલતે હૈ કે એક વ્યવહાર મોક્ષમાર્ગ હૈ. ચોથે, પાંચમે, છઠ્ઠે અને નિશ્ચય મોક્ષમાર્ગ હર સમય ચલતે હૈ ઐસા હૈ નહીં. ઐસા હૈ નહીં. તીનકાલ-તીનલોકમેં. સર્વજ્ઞ પરમેશ્વર ઐસા કહા અગિયારમી ગાથામેં ઐસા કુંદકુંદઆચાર્યે કહા. વો યહાં ટોડરમલજી આધાર આપતે હૈ. ववहारोऽभूदत्थो આ કહતે હૈ દો માર્ગ નહીં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉસમેં આધાર દેતે હૈ भूदत्थो देसिदो दु सुध्धणओ વ્યવહાર, કારણ, સાધન, સમિતિ, ગુપ્તિ, વ્રત જિતના વ્યવહાર હૈ સબ અભૂતાર્થ હૈ, વાસ્તવિક યે હૈ નહીં. भूदत्थो देसिदो दु सुध्धणओ ભૂતાર્થ ભગવાન આત્મા ત્રિકાળ સત્ વો હી શુદ્ધનય. ઉસકો નય કહો કે ભૂતાર્થ કહો, કે દ્રવ્યસ્વભાવ કહો, નય અને નયકા વિષય અધ્યાત્મમેં ભિન્ન હોતે નહીં. સમજમેં આયા? ભગવાન આ તો અંતરકી બાત હૈ ભૈયા. ઉસને કભી સુના નહીં. અંતરકી પ્રીતિસે કભી અંતરકી બાત સુની નહીં. આદત તો કહાંસે હો, અનુભવ તો કહાં સે હો, અનાદિકાળ અજ્ઞાનીકા અનુભવ રાગકી મંદતા કરકે હમ ધર્મ કરતે હૈ ઐસે માનકર અનાદિકાળસે ચલા આતા હૈ. આંહી આચાર્ય પોતે કહતે હૈ, અહીંયા વ્યવહાર સત્ય સ્વરૂપ નિરૂપણ નહિ કરતા વો આચાર્યે લિખા હૈ કે આચાર્યકા કથન હૈ કે નહીં? યે જૂઠા હૈ ઐસે કહતે હૈ લોગ. ભગવાન સુન તો સહી. પ્રભુકે નિમિત્તસે કથન આતે હૈ. વ્યવહારનયકા કથન નિમિત્તસે આતે હૈ. યહાં અપને ગાથા ભી વો ચલતી હૈ હોં. કર્તા-કર્મકી, કતા-કર્મમેં ભી વો ચલતે હૈ. આજ તો આ લિયા થોડા.

બોત્તેરમી ગાથામેં ભી લિયા હૈ, કે ભગવાન આત્મા ઐસા શબ્દ પડા હૈ બોત્તેરમેં. ભગવાન આત્મા! જૈસે જળમેં શેવાળ હૈ જળમેં જૈસે કાઈ હૈ, વો મેલપણાકા અનુભવ જળકો કરાતે હૈ, ઐસે ભગવાન આત્મા! ઉસમેં શુભ અને અશુભ રાગ હૈ આહાહા! ચાહે સો પંચમહાવ્રતકા રાગ હો, ચાહે સો દયા દાનકા રાગ હો, ચાહે સો પરભક્તિકા રાગ હો, આચાર્ય ભગવાન કહતે હૈ જળમેં કાઈ ઐસે ભગવાન આત્મામેં ઓ રાગ અશુચિ હૈ. આહાહા! સમજમેં આયા? અશુચિ હૈ અપવિત્ર હૈ ઐસા શબ્દ પડા હૈ દેખો. ઈસીલિયે અશુચિ હૈ અપવિત્ર હૈ. રાગકી મંદતા જિસકો વ્યવહાર મોક્ષમાર્ગકા નિમિત્ત દેખકર આરોપ દિયા, વો અશુચિ હૈ. આહાહા! સમજમેં આયા? ભાઈ! તેરી સ્વાવલંબી ચીજ ક્યા હૈ? ઉસકો એણે પતા કભી લિયા નહીં. પરાવલંબી મોક્ષ હોગા, ઐસે મોક્ષ હોગા, પરમેં આશ્રયસે મેરે સંવર નિર્જરા હોગી, ઔર ભવકા નાશ હોગા ઐસે માનકર અનંતભવ ચલે ગયા ભગવાન! અનંતભવ ચલે ગયા. આ ભી ભવ ઐસી દૃષ્ટિ કિયે બિના જાયેગા, તો ઉસકા કાંઈ લાભ હોગા નહીં. લાખ ક્રિયાકાંડ બહાર કરે, સમજમેં આયા? પણ અંતરકા સ્વભાવ અનુભવ આનંદસે સ્પર્શ કિયે બિના જનમ-મરણકા અંત કભી ઉસકા આતા નહીં. સમજમેં આયા?

તો કહતે હૈ કિસી અપેક્ષા ઉપચારસે... નિરૂપણ વ્યવહારકી અપેક્ષા દો પ્રકાર મોક્ષમાર્ગ જાનના, કથનની અપેક્ષાએ. બાકી વ્યવહાર અને નિશ્ચયકા સર્વત્ર લક્ષણમેં બહોત બાત કર દિયા હૈ. સમિતિ ભી દો પ્રકારકી નહીં. વ્યવહાર ને નિશ્ચય ઐસા કથન હૈ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિશ્ચય સમિતિ સ્વરૂપમેં સમ્યક્ પ્રકારે પ્રવર્તન અંદર આનંદમાં કરના, ઉસકા નામ સાચી સમિતિ હૈ, ઔર પરકો ન દુઃખ દેકર ઐસા વિકલ્પ કરકે જો સમિતિ વ્યવહાર કહતે હૈ યે વ્યવહાર સમિતિ હૈ નહીં, હૈ રાગ, ઉસકો વ્યવહાર સમિતિ કહના યે ઉપચારસે કથન કરનેમેં આયા હૈ. આહાહા! સમજમેં આયા? તો યહાં કહેતે હૈ ''**નિશ્ચય વ્યવહારકા સર્વત્ર ઐસાહી લક્ષણ હૈ...**'' સમ્યગ્દર્શન ભી એક હી પ્રકાર, સમ્યગ્જ્ઞાન ભી એક હી પ્રકાર, શાસ્ત્રકા પઢના આ જો જ્ઞાન યથાર્થમેં નહીં. આહાહા! ક્યોંકિ જિસમેં પરકા અવલંબન હોતા હૈ ઐસા જ્ઞાન વો પરાલંબી પરસત્તાલંબી જ્ઞાન હૈ. સમ્યગ્દ્રષ્ટિ પરસત્તાલંબી જ્ઞાનકો પરમાર્થ મોક્ષમાર્ગ કહતે નહીં. યે પરમાર્થ વચનિકામેં બનારસીદાસે લિખા હૈ. બનારસીદાસ પરમાર્થ વચનિકા કિયા હૈ ઉસમેં કહા હૈ. સમ્યગ્દ્રષ્ટિ જીવ શાસ્ત્રાદિકા પરસત્તાવલંબી જ્ઞાન, ઉસકો પરમાર્થસે મોક્ષકા માર્ગ કહતે  નહીં, ક્યોંકિ વો પરાલંબી બાત હૈ.

અપના આત્મા જ્ઞાનાનંદ પ્રભુ! આહાહા! આ ભવ અનંતભવકા અભાવ કરનેકે કારણ સમ્યગ્દર્શન પ્રગટ કરે તો હોતા હૈ. ભવ...ભવ વધારનેકે કારણ યે ભવ નહીં. પ્રભુ! આ ભવ ભવકા અભાવ કરનેકા કારણમેં નિમિત્ત હૈ, વો કબ હોગા? ભગવાન આત્મા! આઠ વર્ષકી બાલિકા ભી સમ્યગ્દર્શન પાતી હૈ, મેંઢક ભી સમ્યગ્દર્શન, મેંઢક કહતે હૈ ને વો? દેડકા... મેંઢક...મેંઢક ઇતના શરીર, શરીર ઇતના હો તો ક્યા હૈ? વો ક્યા આત્મા શરીરરૂપ હો જાતા હૈ? સમજમેં આયા? સોનાકી હજાર લગડી હો સોનેકી લગડી ઔર ઉપરમેં જીર્ણ કપડા, જાડા કપડા, સ્થૂળ કપડા, પતલા કપડા રંગવાળા ઐસે ઉપર લપેટ કરા દે, તો ક્યા સોનાકી લગડી કપડારૂપ હો જાતી હૈ? એમ ભગવાન આત્મા માથે આ ઉપર લપેટ હૈ ચમડાકા, કોઇ પુરુષકા લપેટ હૈ, કોઇ સ્ત્રીકા હૈ, કોઇ નપુંસક પાવૈયાકા હૈ, કોઇ ઢોર હૈ, કોઇ સ્વર્ગકા હૈ આ ઉપરતો ચમડાકા લપેટ હૈ. ભગવાન અંદર સત્ ચિદાનંદ પ્રભુ આત્મા એ પર રૂપે કભી હોતા નહીં. સમજમેં આયા? યે સોનેકી લગડી કપડાકા ઉપરસે લપેટ કરા તો કંઇ કપડા રૂપ હોતી નહીં.

ઐસે ભગવાન આત્મા! દેહમેં બિરાજમાન જ્ઞાનસાગર ભગવાન! જ્ઞાનસાગર કેવળજ્ઞાન જિસમેંસે પાકતે હૈ ઐસા જ્ઞાનસાગર ઐસા આત્મા, શરીરકા એક રજકણ રૂપે કભી તીનકાલમેં હુઆ નહીં. રજકણ રૂપે તો હુઆ નહિ, પણ પ્રશસ્ત રાગ રૂપે હુઆ નહીં. આહાહા! ક્યોંકિ વહ આસ્ત્રવ તત્ત્વ હૈ, અશુચિ હૈ, મેલ હૈ. ભગવાન આત્મા અમૃતચંદ્ર આચાર્ય કહતે હૈ હો, દેખો ઇ. ભગવાન આત્મા! ઐસે યહાં કહા. આત્માકો ભગવાન તરીકે બુલાયે હૈ. પ્રભુ! સમજમેં આયા? ક્યોં? કે સર્વજ્ઞ પરમાત્માએ ત્રિલોકનાથ વીતરાગદેવે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમાં તીન તત્ત્વ દેખા. શરીર અજીવ, કર્મકો અજીવ દેખા, શરીર અને વાણીકો અજીવ દેખા ભગવાને. પુણ્ય ને પાપકો ભગવાને આસ્ત્રવ દેખા ઔર આસ્ત્રવસે ભિન્ન ભગવાન આત્મા આનંદકંદકો આત્મા દેખા. સમજમેં આયા? સંવર નિર્જરા પીછે, મોક્ષ પીછે, યે તો તીન નિર્મળ પર્યાય હૈ.

શરીર, કર્મ, વાણી, અજીવ ભગવાને દેખા. અજીવ હૈ, જડ હૈ ઔર પુણ્ય-પાપભી ખરેખર તો વો બોત્તેર ગાથામેં આયેગા. શુભ રાગ ખરેખર તો જડ હૈ. ક્યા? ક્યોંકે જે કે શુભ રાગ... વો બોત્તેર ગાથામેં આયેગા, ઈસકો નિમિત્તરૂપે મોક્ષમાર્ગ કહના જડકો ઉપચારસે હૈ, વાસ્તવિક હૈ નહીં. આહાહા! એ શુભ ઉપયોગ, રાગકી મંદતાકા શુભ ઉપયોગ, જેને ભગવાન અમૃતચંદ્રઆચાર્ય કહતે હૈ, ચૈતન્યસે વિપરીત જડ હૈ. જડકા અર્થ ક્યા? રજકણ નહીં રંગ, ગંધ, રસ, સ્પર્શ નહીં, પણ વો રાગમેં ચૈતન્યકી શક્તિ જાનનેકી નહીં. ચૈતન્ય ભગવાન આત્મા, ઉસમેં ચૈતન્યકા કિરણ રાગમેં આતા નહીં. યે રાગ અપનેકો જાનતે નહીં. રાગ આત્માકો જાનતે નહીં, રાગ દુસરેસે જાનનેમેં આતા હૈ, ઐસા રાગકો પરમેશ્વરે જડ ને અજીવ કહા હૈ. આહાહા! સમજમેં આયા?

આ શુભ ઉપયોગકો જડ કહા. રાડ નાંખે અંદરથી. ભગવાન સુન તો સહી પ્રભુ! તેરા ચૈતન્ય આનંદકંદ ભગવાન ઉસસે વિરુદ્ધ ચાહે સો રાગ હો, ચાહે સો દોષ હો, ચાહે સો મંદ પરિણામ રાગકા હો, જિસકો મોક્ષમાર્ગ નિમિત્તસે કહો યે સબ રાગ હૈ, અચેતન હૈ, જડ હૈ. આહાહા! સમજમેં આયા? એ અહીંયા નાંખ્યા હૈ. વ્યવહાર, રાગકી મંદતા, ભગવાન ઉસકે રૂચિ નહીં હોતી હૈ, કંટાળા આતા હૈ. અરર! હાય હાય! પણ વો રાગ હૈ. ભગવાન તેરી ચીજમેં નહીં. સમજમેં આયા? અને હૈ ઉસમેં રાગ નહીં. તેરી ચીજમેં હૈ તો જ્ઞાન ને આનંદ હૈ ઉસમેં રાગ નહીં. રાગ હૈ ઉસમેં આત્મા નહિ. તો જિસકો નિમિત્ત તરીકે મોક્ષમાર્ગ કહા, નિમિત્ત તરીકે સમકિત કહા, નિમિત્ત તરીકે જ્ઞાન કહા, નિમિત્ત તરીકે વ્રતકો કહા, આ ઉસકો યહાં ભગવાન અચેતનને જડ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

અમૃતચંદ્રઆચાર્ય, કુંદકુંદઆચાર્ય અને અનંત સર્વજ્ઞ પરમેશ્વર જિસકો નિમિત્ત રૂપે વ્યવહાર મોક્ષમાર્ગ કહેતે હૈ, ઉસકો પરમાત્મા અજીવ અને જડ કહેતે હૈ, એ જીવ નહીં. ભગવાન જ્ઞાનાનંદની મૂર્તિ ઉસમેં વો રાગ નહી. રાગ અજીવ હૈ જીવ નહીં. ... ઔર રાગ અપને કો જાનતે નહિ માટે રાગકો ચૈતન્ય સ્વભાવસે વિપરીત જડ કહનેમેં આયા હૈ. આહાહા! તો અહીંયા કહતે હૈ મોક્ષમાર્ગ ટોડરમલજી ''**નિશ્ચય વ્યવહારકા સર્વત્ર ઐસા લક્ષણ હૈ...**'' વ્યવહાર સમિતિ, વ્યવહાર વ્રત, વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર ચારિત્ર વો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સબ રાગ અને રાગકો મોક્ષમાર્ગ કહના નિમિત્ત, અને વો રાગ અચેતન જડ હૈ. આહાહા! જડકો મોક્ષમાર્ગ કહના વો નિમિત્તકા કથન હૈ. ભગવાન આત્મા સત્‌ચિદાનંદ સ્વરૂપ અનંત આનંદકા ભંડાર, ઉસકા આશ્રય લેકર નિશ્ચય આનંદને શાંતિકી પ્રતીત લેકર અનુભવ હુઆ હો ઉસકા નામ સચ્ચા મોક્ષમાર્ગ કહનેમેં આતા હૈ, તે સિવાય મોક્ષમાર્ગ દુસરા હૈ નહીં.

''**સચ્ચા નિરૂપણ સો નિશ્ચય...**'' ટોડરમલજી કહતે હૈ ''**ઉપચાર નિરૂપણ સો વ્યવહાર. ઈસલિયે નિરૂપણ અપેક્ષા દો પ્રકાર મોક્ષમાર્ગ જાનના...**'' કથનની અપેક્ષાએ દો પ્રકાર હૈ. જિનકો એક નિશ્ચય મોક્ષમાર્ગ હૈ. ભાષા દેખો, એક મોક્ષમાર્ગ નિશ્ચય હૈ ઔર એક વ્યવહાર મોક્ષમાર્ગ ઐસા નહિ લિયા, કિંતુ નિશ્ચય મોક્ષમાર્ગ ને વ્યવહાર મોક્ષમાર્ગ ઐસા શબ્દમેં લિયા હૈ. ''**એક નિશ્ચય મોક્ષમાર્ગ હૈ ઔર એક વ્યવહાર મોક્ષમાર્ગ હૈ ઐસા દો હૈ નહીં...**'' આહાહા! બહોત સારા શબ્દ આ ટોડરમલજીકા કળશ ચઢા ઉસમેં હૈ. આ કળશ હૈ ઉસમેં. સમજમેં આયા? ભગવાન ઓ માનના પડેગા તેરે. યથાર્થ શ્રદ્ધા લિયે બિના તેરા સ્વભાવકા આશ્રય કભી હોગા નહીં. સત્યકા શરણ, જૈસા સત્ય હૈ ઐસા જ્ઞાન કરેગા તો સત્યકા શરણ મિલેગા, ઉસસે વિપરીત જ્ઞાન કરે અને સત્યકા શરણ મિલે ઐસા કભી હોતા નહીં. ''**કહતે હૈ કે એક નિશ્ચય મોક્ષમાર્ગ હૈ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ હૈ. ઈસ પ્રકાર દો મોક્ષમાર્ગ માનના મિથ્યા હૈ...**'' ગોદીકાજી આ ક્યા?

આ ભક્તિ આતી હૈ, શુભરાગ હૈ આદિ ક્યા? ઓ આતે હૈ પ્રભુ હોતા હૈ. જબ લગ આત્માકા સ્વભાવકા આશ્રય લિયા, તો હોને પર ભી પૂર્ણ વીતરાગતા ન હો ઐસા રાગ વ્યવહાર ભક્તિકા, પૂજાકા, દાનકા, દયાકા આયે બિના રહતે નહીં. દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ, શાસ્ત્ર પઢનેકા રાગ, પંચમહાવ્રતકા જે રાગ આયે બિના રહેતે નહિ પર વો બંધકા માર્ગ હૈ. આહાહા! સમજમેં આયા? આ અહીંયા કહતે હૈ. ''**ઈસ પ્રકાર દો મોક્ષમાર્ગ માનના મિથ્યા હૈ તથા નિશ્ચય વ્યવહાર દોનોંકો ઉપાદેય માનના...**'' ક્યા કહતે હૈ? ભગવાન આત્મા અપના રાગ રહિત ભગવાન સ્વરૂપકા શરણ લેકર, જો સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ મુક્તિકા માર્ગ આનંદકા માર્ગ જો મિલા, વો ભી એક મોક્ષમાર્ગ આદરણીય હૈ. ઔર બીચમેં રાગકી મંદતાકા મોક્ષમાર્ગ જો વ્યવહારસે કહનેમેં આતા હૈ, વો ભી ઉપાદેય માનના ભ્રમ હૈ. સમજમેં આયા?

આ સાતમા અધ્યાયકી બાત હૈ, સાતમા અધ્યાય ભિન્ન છપાણા હૈ, આ ટોડરમલજીએ આ લિખા હૈ. સમજમેં આયા? ટોડરમલજી યહાં શાસ્ત્રકા દોહન કરકે અપની કલ્પનાસે બાત નહીં. વો સબ શાસ્ત્રકા આધારસે લિખતે હૈ. શાસ્ત્રકા આધાર કોઈમેં લેતે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હૈ. કોઈમેં સામાન્ય લેતે હૈ પણ હૈ સબ શાસ્ત્રકા આધાર. અપની કલ્પનાકી બાત નહિ ઘરકી અંતરકી બાત હૈ. તો કહતે હૈ કે હે આત્માઓ ''**નિશ્ચય મોક્ષમાર્ગ દો કો માનના મિથ્યા હૈ અને મોક્ષમાર્ગ દોય ઉપાદેય હૈ આદરણીય હૈ અંગીકાર કરનેલાયક હૈ યે માનના ભ્રમ હૈ...**'' ગોદીકાજી ! ભારે ભાઈ ! એક કોર પાછા ઐસા લાખો રૂપિયાકા ખર્ચ અનેક લાખોકા ખર્ચ બડા મંદિર બનાવે મૂર્તિઆદિ... ભાઈ ! વો હોતા હૈ વો તો જડકી ક્રિયા હૈ. અજીવકા કાળમેં, ઉસકી પર્યાય હોનેવાલી, ભગવાન ઉસકા ક્રમમેં જડકા સંયોગમેં, જો હોનેવાલી વો હોગી, હોગી ને હોગી યે આત્માસે હોતી નહીં.

આત્મામેં શુભ રાગ આતા હૈ, જબલગ વીતરાગ ન હો તબ ઐસા ભાવ શુભ આયા બિના રહેતે નહીં, પણ ધર્મી ઉસકો પુણ્ય બંધકા કારણ જાનકર અપના મોક્ષમાર્ગમેં મિલાન કરતે નહીં. ગોદીકાજી ! બાત ઐસી હૈ હોં. આ પાંચ પાંચ-દસ દસ લાખ ખર્ચ ડાલે ફિર ઉસમેં મોક્ષ હો જાયે ઐસા નહિ, એમ કહતે હૈ. આંહી તો રોકડી બાત હૈ ભૈયા ! હેં ? કંઈ કોઈ દસ લાખ ખરચ ડાલે (શ્રોતા : કૌન ખર્ચ કરે ?) હેં ? અહીં તો પહેલે ભી કહા થા હોં, પહેલે ભી કહા થા કે કોમળ હૃદય હૈ ને ! સમજમેં આયા ? બહારથી ભગવાન એક પરમાણુ જો હૈ, પોઈંટ ભગવાન કહતે હૈ કે 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્'. એક પરમાણુમેં એક સેકંડકે અસંખ્યભાગમેં તીન અંશ હોતે હૈ. નયી પર્યાયકા ઉત્પન્ન હોના, પુરાની પર્યાયકા વ્યય હોના અને અપના સ્વરૂપમેં ટીકના. તો વો પરમાણુકી પર્યાયકા કરનેવાલા પરમાણુ હૈ, આત્મા કર્તા હૈ નહીં. આહાહા ! આ મંદિર બના ને ? આ બના ને ? આ બના આત્મા નહિ કરતે ? એમ કહતે હૈ, હેં ?

**थिरता एक समयमें ठाने, उपजे विणसें तबही;**
**उलटपलट ध्रुव सत्ता राखें, या हम सुनी न कबही.**
**अवधु नट नागरकी बाजी.**

જગતકે તત્ત્વ ચૈતન્ય હો કે જડ હો સ્થિરતા એક સમયમેં ઠાને. ઓ જડ હોય કે ચૈતન્ય એક સેકંડકે અસંખ્ય ભાગમેં સ્થિરતા ભી રખતે હૈ, સ્થિરતા એક સમયમેં ઠાનેં ઉપજે વિણસે તબહી. નયી અવસ્થાકા ઉત્પન્ન હોના અને પુરાની અવસ્થાકા વો હી સમયમેં વ્યય હોના,

**उलट पलट ध्रुव सत्ता रखें, या हम सुनी न कबही.**
**अवधु नट नागरकी बाजी, जाणें न बांमण काजी.**
**क्या जाणें बांमण काजी, अवधु नट नागरकी बाजी.**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રત્યેક આ ચૌદ બ્રહ્માંડમેં દ્રવ્ય જો આત્મા ને પરમાણુ હૈ અપની પર્યાયસે પરિણમ રહા હૈ, ધારાવાહી પરિણમ રહા હૈ ઉસકી પર્યાયકો કોઇ રોકે અને ઓ પર્યાયકો કોઇ બનાવે ઐસી ચીજ તીનકાલમેં કોઇ હૈ નહીં. જગતકી ચીજ જગતસે બનતી હૈ અને બિગડતી હૈ અપનેસે બને અને બિગડે ઐસા હૈ નહીં. અહીં તો ટોડરમલજીતો દૂસરા વિશેષ કહતે હૈ કે દો પ્રકારકા મોક્ષમાર્ગમેં શુભ રાગ આતા હૈ. સમજમેં આયા ? પણ ઉસકો ઉપાદેય માનના મિથ્યાભ્રમ હૈ. આહાહા! ''**વ્યવહાર મોક્ષમાર્ગ ભી આદરણીય હૈ ઔર નિશ્ચય મોક્ષમાર્ગ ભી આદરણીય હૈ ઐસા માનના વહ ભી ભ્રમ હૈ...**'' આહાહા!

આગમકા રહસ્ય ખોલકરકે બતાયા હૈ, વસ્તુકા સ્વરૂપ હી ઐસા હૈ હોં! ઉસકી કલ્પનાકી બાત કોઇ હૈ નહિ, ''**ક્યોંકિ નિશ્ચય વ્યવહારકા સ્વરૂપ તો પરસ્પર વિરોધ સહિત હૈ...**'' ભાષા દેખો ભાષા! ''**નિશ્ચય વ્યવહારકા સ્વરૂપતો પરસ્પર વિરોધ સહિત હૈ...**'' નિશ્ચય સ્વાશ્રય હોતા હૈ ઔર વ્યવહાર પરાશ્રય હોતા હૈ. નિશ્ચય શુદ્ધ હોતા હૈ, વ્યવહાર પરાશ્રય રાગ હોતા હૈ. નિશ્ચય મોક્ષકા માર્ગ સંવર નિર્જરા હૈ, વ્યવહાર બંધકા માર્ગ રાગ હૈ. દોયકો પરસ્પર વિરોધ હૈ. આહાહા! સમજમેં આયા ? કહતે હૈ નિશ્ચય વ્યવહારકા સ્વરૂપ તો પરસ્પર વિરોધ સહિત હૈ. આહાહા! જ્ઞાન મારગ રહ્યા દૂર, બાહર ધમાધમ ચલી. બહાર ધમાધમમેં મોક્ષમાર્ગ માની લિયા, અંતરમાર્ગ રહ્યા દૂર. ભગવાન જ્ઞાનાનંદકી ક્રિયા કરનેવાલા જ્ઞાન પણ એક સ્વભાવ હૈ ને! ગુણ હૈ ને! તો ઉસકી ક્રિયા કોઇ હોની ચાહિયે કી નહીં.

કોઇપણ પદાર્થ હો વો દ્રવ્યરૂપ હો કાં ગુણરૂપ હો કાં પર્યાયરૂપ હો, તો જ્ઞાન એ ગુણરૂપ હૈ તો ઉસકી કોઇ ક્રિયા હોતી હૈ કે નહીં? ક્રિયા જાનનક્રિયા હોના વો જ્ઞાનકી ક્રિયા હૈ. સમજમેં આયા? એ જાનન ક્રિયા પણ સ્વકા આશ્રયસે હો વો જાનનક્રિયા સમ્યગ્જ્ઞાન હૈ. સમજમેં આયા? ઐસે આત્મામેં શ્રદ્ધા નામકા ગુણ હૈ તો ઉસકી કોઇ ક્રિયા હૈ કે નહીં? શ્રદ્ધા, પ્રતીત યથાર્થ કરના વો શ્રદ્ધાગુણકી પર્યાય હૈ. વો પર્યાય સ્વકી શ્રદ્ધા કરનેસે ઉત્પન્ન હોતી હૈ, ઔર ચારિત્ર યે ગુણ હૈ આત્મામેં અનાદિ અનંત ચારિત્રગુણ હૈ અનાદિ અનંત સમરસ ભાવ...સમરસ ભાવ, વીતરાગ ભાવ. નિર્દોષ ભાવ, સામ્ય ભાવ ઐસા ત્રિકાળ સ્વભાવ હૈ, યે ગુણ હૈ તો ઉસકી કોઇ ક્રિયા હૈ કે નહીં? કે અપનેમેં સ્થિર, રાગ રહિત હોના વો ચારિત્રગુણકી ક્રિયા હૈ. સમજમેં આયા? વો ક્રિયા નિષેધ કરનેમેં આયી હૈ નહીં.

વો આપણે આ ગયા. (સમયસાર કર્તા-કર્મકા ઓગણસિત્તેર-સિત્તેર ગાથામેં આ ગયા). સ્વભાવ જ્ઞાન સ્વભાવભૂત ક્રિયા નિષોધ કરનેમેં આતી નહીં. વિભાવરૂપ ક્રિયા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જો અપનેમેં હો નહિ, ઔર રાગ આતા હૈ સ્વભાવકી અપેક્ષાસે નિષેધ કરનેમેં આતા હૈ, અને નિષેધ હો સક્તા હૈ, ક્યોંકિ રાગ હૈ છૂટ સક્તા હૈ. અપના ચૈતન્યભગવાન ઉસકી અંતરમેં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા વો તો સ્વભાવ સાથે પર્યાય નિર્મળ અભેદ હોતી હૈ...અભેદ હોતી હૈ, છૂટતી નહીં. ઉસકા નામ જ્ઞાન સ્વભાવ ક્રિયા ઉપાદેય હૈ, ઔર રાગકી ક્રિયા ઉપાદેય હૈ નહીં. આહાહા! આયા બિના રહતી નહીં. સમજમેં આયા? જબલગ પૂરણ વીતરાગ ન હો તબલગ વો ભાવ આતે હૈ, પરલક્ષી હૈ, પરાશ્રય હૈ, આદરણીય નહિ હૈ, ઉપાદેય નહિ હૈ, માર્ગ નહિ હૈ. આહાહા! વો કહતે હૈ દેખો નિશ્ચય - વ્યવહારકા સ્વરૂપ તો પરસ્પર વિરોધ સહિત હૈ, કારણકે સમયસારમેં ઐસા કહા હૈ ववहारोऽभूदत्थो, भूदत्थो देसिदो दु सुध्धणओ.

આચાર્ય, જુઓ આચાર્યકા આશ્રય લેકર ભગવાન કુંદકુંદઆચાર્ય ભી કહતે હૈ આશ્રય લેકર ભાઈ! ભગવાન સર્વજ્ઞ સર્વદર્શી ઐસે કહતે હૈ ને પ્રભુ! સર્વજ્ઞ ને સર્વદર્શી ઐસે કહતે હૈ. એમ સર્વજ્ઞકા આશ્રય લેકર કુંદકુંદઆચાર્ય કહતે હૈ. ટોડરમલજી પણ કુંદકુંદઆચાર્યકા આશ્રય લેકર કહતે હૈ. હમારા ઘરકી બાત કરતે હૈ નહીં. એક સેકંડભી અનંતકાળમેં અપની પ્રસન્ન ચિત્તસે આનંદસે, પ્રસન્ન ચિત્તસે કો ક્યોં લિયા હૈ? કે નિશ્ચયકી બાત સુને ઐસે કંટાળા લગે કે. આહાહા! બહોત સૂક્ષ્મ, બહોત સૂક્ષ્મ, બહોત સૂક્ષ્મ ઐસા કંટાળા લગે ને સુને, તો તો મિથ્યાત્વકા બંધ હોતા હૈ ઔર પુણ્યકા બંધકા અભાવ હોતા હૈ. પણ ચિત્તકી પ્રસન્નતાસે આહાહા! ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય, વો બંધન રાગમેં એકત્વ હૈ ભૂલ હૈ. રાગસે ભિન્ન પડકર અપના સ્વરૂપકા અનુભવ કરતે હૈ, વો હી સ્વરૂપકી શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ એક હી છૂટનેકા શાંતિકા એક હી માર્ગ હૈ, દૂસરા માર્ગ તીનકાળ તીનલોકમેં હૈ નહીં.

તો આચાર્ય અહીંયા આચાર્યકા આધાર દિયા. વ્યવહાર અભૂતાર્થ હૈ ત્યારે કોઈ કહતે હૈ કે અભૂતાર્થ હૈ તો ક્યા યે નય હૈ નહીં? હૈ નહીં? હૈ તો ખરા, વ્યવહારકા વિષય દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા, પંચમહાવ્રતકા પરિણામ, વ્યવહાર સમિતિ હૈ ખરી! પણ વાસ્તવિક તત્ત્વ નહિ. માટે ઉસકો અભૂતાર્થ કહનેમેં આયા હૈ. હૈ તો ખરી નહિ હૈ ઐસા નહીં. ન હોય તો વ્યવહારકા વિષય વ્યવહારનય હૈ. નય હૈ તો ઉસકા વિષય તો હોતા હૈ, પણ જો વિષય હૈ વો સત્યાર્થ નહિ માટે ઉસકો અભૂતાર્થ કહનેમેં આતા હૈ. ''**વ્યવહાર અભૂતાર્થ હૈ. શુદ્ધ સત્ય સ્વરૂપકા નિરૂપણ નહિ કરતા...**'' આહાહા! ''**કિસી અપેક્ષા ઉપચારસે અન્યથા અન્યથા વ્યવહારનય કથન કરતે હૈ. ઈતની તો અપેક્ષા લગા હૈ. વ્યવહાર કિસી અપેક્ષા ઉપચારસે અન્યથા નિરૂપણ કરતે હૈ...**'' રાગ વ્યવહાર સમકિતકા અર્થ ક્યા કે વ્યવહાર સમકિત તો રાગ હૈ. ક્યા યે શ્રદ્ધાગુણકી પર્યાય હૈ? વ્યવહાર સમકિતકા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અર્થ જ રાગ. દેવ - ગુરુકી શ્રદ્ધાકા રાગ, રાગ હૈ.

યે કોઇ સમ્યગ્દર્શનકી પર્યાય નહિ હૈ, રાગ હૈ. ઉસકો સમકિત કહના ઈસી અપેક્ષાસે ઉસકો નિમિત્ત દેખકર ઉપચારસે અન્યથા, રાગ સમકિત નહિ હૈ ઉસકો સમકિત કહના, ઐસા નિરૂપણ વ્યવહારનય કરતી હૈ. સમજમેં આયા? ''**તથા શુદ્ધનય જો નિશ્ચય હૈ.** આહાહા! **વહ ભૂતાર્થ હૈ. જૈસા વસ્તુકા સ્વરૂપ વૈસા નિરૂપણ કરતા હૈ...**'' નિરૂપણ કરતા હૈ ઉસકા તો કથન લિયા હૈ પણ ઉસકી ઐસી શ્રદ્ધા કરના વો યથાર્થ હૈ. ''**ઈસ પ્રકાર દોનોંકા સ્વરૂપતો વિરુદ્ધતા સહિત હૈ...**'' નિશ્ચય-વ્યવહાર દો હી દિશા ફેર, દો કા ફળ ફેર, દો કા ભાવ ફેર, દો કી એક ત્રિકાળી ચીજકા આશ્રય અને એક વર્તમાન રાગ હૈ. દોયકા વિષય ફેર, દિશા ફેર, દશા ફેર, ફળ ફેર. સમજમેં આયા? તો કહતે હૈ કે દો માર્ગ કૈસે હોગા? ઐસે દો માર્ગ હો સક્તે નહીં ત્યારે વો કહે કે ભાઇ! શુદ્ધાત્માકા અનુભવ મોક્ષમાર્ગ તો કહા હૈ શાસ્ત્રમેં. સમજમેં આયા?

ભલે કહા પણ ક્યા કહતે હૈ દેખો! ''**નિશ્ચયસે નિરૂપણ કિયા હો ઉસે તો સત્યાર્થ માનકર ઉસકા શ્રદ્ધાન અંગીકાર કરના, વ્યવહારનયસે નિરૂપણ કિયા હો...**'' આ ટોડરમલજી કહતે હૈ. અગિયારમી ગાથાકા આશ્રય લેકર ''**વ્યવહારનયસે નિરૂપણ કિયા હો ઉસે અસત્યાર્થ માનકર ઉસકા શ્રદ્ધાન છોડના...**'' વ્યવહારસે જો બાત કિયા હો ઉસકી શ્રદ્ધા છોડના. યે શ્રદ્ધા આદરણીય હૈ નહીં. આહાહા! રાડ...રાડ નાંખે. માણસને કંપારી છૂટી જાય છે. અરે! હમારા વ્યવહાર લોપ હો જાતા હૈ. ભગવાન! સુન તો સહી! એ વ્યવહારકા લોપ કરે બિના તેરે નિશ્ચય આયેગા નહીં લ્યે! સમજમેં આયા? રાગ ને રાગકી મંદતાકી રૂચિ છોડકર સ્વભાવકા આશ્રય કરેગા, ત્યારે તુમ સત્યકા આશ્રય ને સમ્યગ્દર્શન હોગા. એ પીછે રાગકી મંદતા આતી હૈ, પણ કહેતે હૈ આ ઉસકો મોક્ષમાર્ગ માનના નહીં. સમજમેં આયા? ''**નિશ્ચયકો નિશ્ચય સમજના વ્યવહારકા નિરૂપણ કિયા અસત્યાર્થ માનકર શ્રદ્ધા છોડના...**''

સમય હો ગયા વિશેષ કહેશે.....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
## પ્રવચન નં. ૩૫
## અધિકાર ૭મો
## સ્થળ:જયપુર તારીખ:૧૪.૦૩.૬૭ મંગળવાર

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

ક્યોંકિ શરીરાદિ ચીજ હૈ વો તો મૃત્યુકાલમેં છૂટ જાતા હૈ. જો શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા-લક્ષ્મી, મકાન, જેવર, કપડા વો સંસાર હો તો વો તો દેહ છૂટને કે કાલમેં યે ચીજ છૂટ જાતી હૈ. તો સંસાર હો તો વો છૂટનેસે ઉસકી મુક્તિ હોની ચાહિએ. સમજમેં આયા? યે સંસાર હો તો તો છૂટ જાતા હૈ, તો ઉસકી મુક્તિ હોની ચાહિયે. વો હી સંસાર નહીં. સંસાર ઈસકો કહતે હૈ ને ઐસા હૈ, કે ભગવાન આત્મા અપના શુદ્ધ ચૈતન્યધામ, આનંદકંદ, ઉસમેં સે હટકર અનાદિકાળકા પુણ્યપાપકા પરિણામ, વહી તો મૈં હૂં. યહ ''**પુરુષાર્થ સિદ્ધિ ઉપાય** હૈ...'' ઉસમેં અમૃતચંદ્રઆચાર્યને ચૌદમી ગાથા લિયા હૈ. સંસાર કિસકો કહતે હૈ? ચૌદમી ગાથા ક્યા કહેતે હૈ દેખો, સંસારકા મૂલ કારણ બતાતે હૈ

**एवमयं कर्मकृतैर्भावैरसमादितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम् ।।**

સંસાર પહેલા ક્યા હૈ નક્કી કરના ચાહિયે ને! કે સંસાર ક્યા? ને સંસારકા બીજ ક્યા? તો ભગવાન અમૃતચંદ્ર આચાર્ય કહતે હૈ કે આ આત્મા एवमयं कर्मकृतैर्भावैः કર્મકા સંગસે ઉત્પન્ન હુઆ વિકારભાવ વો આસ્ત્રવભાવ, ઉસે असमाहितो ઉસસે, ખરેખર આત્મવસ્તુ સંસાર કૃતભાવસે રહિત હૈ. સમજમેં આયા? एवमयं कर्मकृतैर्भावैर-समाहितो કર્મ બે પ્રકારકા હૈ. ઉસમેં અર્થ ભી કિયા હૈ भावै. ઘાતિ કર્મ હૈ ઔર અઘાતિકર્મ હૈ. ઘાતિકા સંગસે ઉત્પન્ન હુઆ મિથ્યાત્વ અને રાગદ્વેષકા પરિણામ ઔર અઘાતિકા નિમિત્તસે ઉત્પન્ન હુઆ સંયોગી શરીરાદિ બાહ્યકી ચીજ, વો આત્મા કર્મકા સંગસે ઉત્પન્ન હુઆ ઐસા વિકારી ભાવ કે સંયોગી બાહ્ય ચીજ ઉસસે असमाहितो. ઉસસે રહિત હૈ આત્મા. છતેં युक्तं इव प्रतिभाति આહાહા! સમજમેં આયા? युक्त इव प्रतिभाति. આ આત્મા કર્મોકા રચા હુઆ સ્વભાવસે રચા નહિ વો, કર્મસે બના હૈ ઐસા નહિ પણ સ્વભાવસે રચા હુઆ નહીં. જો કર્મકા નિમિત્તસે રચા હુઆ રાગાદિ ને શરીરાદિ દો લિયા. અંદરમેં ઘાતીકા સંગસે વિકાર ઔર અઘાતીકા નિમિત્તસે સંયોગ, ઉસસે અસંયુક્ત ન હોવા છતાં પણ આ ગુજરાતી હૈ ન હોવા છતાં  તમારી ભાષા સમજના થોડા.

અજ્ઞાની बालिशानां युक्त इव प्रतिभाति युक्त इव अज्ञानीको प्रतिभाति सप्रतिभास નિશ્ચયસે સંસારકા બીજરૂપ હૈ. સમજમેં આયા? હજી સંસાર કિસકો કહતે હૈ ઉસકા નિર્ણય નહીં. આંહી તો પરમેશ્વર ઐસા ફરમાતે હૈ, ભગવાન આત્મા! યે તો જ્ઞાયક સ્વરૂપ હૈ, સમરસ સ્વરૂપ હૈ, અવિકાર સ્વરૂપ હૈ, આનંદ સ્વરૂપ હૈ ઐસા સ્વભાવમેં વિકાર સહિત ઔર શરીરાદિ બાહ્ય પદાર્થ સહિત असमाहितोपि युक्त इव प्रतिभाति बालिशांना प्रतिभासः स खलु भवबीजम् યે પ્રતિભાસ એ સંસારકા બીજ વો મિથ્યાત્વભાવ વો સંસારકા બીજ સંસાર હૈ. આહાહા! સમજમેં આયા? પ્રભુ! ક્યા કહતે હૈ? આહાહા! યે સંસાર. ભગવાન આત્મા સંસારકી પર્યાયસે રહિત સ્વરૂપ હૈ એમ કહતે હૈ. સમજમેં આયા? ક્યોંકી... સાત તત્ત્વ હૈ કિ નહીં? 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' તો તત્ત્વ જ્ઞાયક-જીવ, પુણ્ય-પાપકા ભાવ આસ્ત્રવ, કર્મ શરીર વાણી અજીવ, તો અજીવ તત્ત્વ, આસ્ત્રવ તત્ત્વ ઉસસે રહિત જ્ઞાયક તત્ત્વ છતાં સહિત युक्त एव भासम्. ઐસા વિકાર અને શરીરકા સબંધ સહિત ભાસન હોના, વોહી મિથ્યાત્વભાવ સંસારકા બીજ હૈ.

સમજમેં આયા? વો બાત મોક્ષમાર્ગ પ્રકાશમેં કરતે હૈ. દેખો! ''**કહતે હૈ વિચાર કર મોક્ષકો હિતરૂપ જાનકર...**'' સંસાર અહિતકર હૈ. આહાહા! ''**મોક્ષકો હિતરૂપ**

**જાનકર મોક્ષકા ઉપાય કરના સર્વ ઉપદેશકા તાત્પર્ય વો હૈ...**'' સંસાર સહિત માન્યતા હૈ ઉસસે રહિત આત્માકો જાનકર, આત્માકો અનુભવકર, આત્મામેં સ્થિરતા કર,મોક્ષકા ઉપાય કરના યે શાસ્ત્રકા સર્વ શાસ્ત્રકા સાર હૈ. (અવાજ આતા હૈ અવાજ) ત્યારે પ્રશ્ન કિયા યહાં પ્રશ્ન હૈ, ટોડરમલજી **પ્રશ્ન** કરતે હૈ હવે સામાના મુખમેં. કે મહારાજ! ''**મોક્ષકા ઉપાય કાલલબ્ધિ આને પર ભવિતવ્ય અનુસાર બનતા હૈ...**'' આપ મોક્ષકા ઉપાય કહતે હો તો હમારે પ્રશ્ન હૈ કે આત્માકા મોક્ષકા જો ઉપાય, રાગ અજ્ઞાનસે છૂટનેકા ઉપાય, બંધનસે રહિત અને આત્માકી શાંતિકા ઉપાય ક્યા કાળલબ્ધિ આને પર હોતા હૈ? પ્રશ્ન હૈ ઉસકા. જબ કાળલબ્ધિ આ જાયેગી તબ ઉપાય હૈ ઐસા હૈ? ''**ભવિતવ્ય અનુસાર...**'' નિયતમેં હૈ? ભવ્યતા અનુસાર હૈ? ''**કે મોહાદિકે ઉપશમાદિ હોને પર બનતા હૈ...**''

પંડિતજીને રખા હૈ ખાનિયાતત્ત્વ ચર્ચામેં. વો તો હૈ હમારે પહલેકી ચર્ચા બહોત ચર્ચા ૮૩કી સાલસે ૮૩, ૮૦ ઔર તીન, કિતના બરસ હુઆ, ચાળીસ. વો આ પ્રશ્ન ચલતે થે. સંપ્રદાયમેં હમારે શેઠ થા દામોદર શેઠ થા, ગૃહસ્થ થા, પૈસાવાળા થા. પચાસ હજારની આમદની થી. દસલાખ થા પચાસ-સાઠ વર્ષ પહેલે તો ઉસકી સાથ આ પ્રશ્ન પહલે ચલા થા ૮૩કી સાલમેં. આ પ્રશ્ન મૂક્યા થા. અપના પુરુષાર્થસે આત્માકી મુક્તિ હોતી હૈ. સમજમેં આયા? ક્યોંકિ પ્રશ્ન હમારે બોત્તેરકી સાલસે ચલતા થા સીત્તેર ઔર દો. એક્યાવન વર્ષ હુઆ. સંપ્રદાયમેં હમારા ગુરુભાઇ સંપ્રદાયમેં થા, વો વારંવાર કહેતે થે ભગવાને દેખા હો તબ હમારા પુરુષાર્થ કામ કરેગા. સુનો હમારે આ પ્રશ્ન તો બોત્તેરકી સાલસે ચલતે હૈ, બોત્તેર સમજતે હૈ બોત્તેર, સિત્તેર ઔર દો. દીક્ષિત સંપ્રદાયમેં સિત્તેરમેં હુઆ દીક્ષિત ઔર બોત્તેરકા ફાગણસુદ તેરસકી બાત હૈ, આજ ફાગણસુદ બીજ હૈ. બોત્તેરકા ફાગણસુદ તેરસ, એક્યાવન વર્ષ હુઆ.

પ્રશ્ન ઐસા ખડા હુઆ કે સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમેં તીનકાલ તીનલોક દેખતે હૈ. કબ? બોત્તેરમેં. વો ભગવાને જબ દેખા હૈ તબ હમારા પુરુષાર્થ કામ કરેગા. સમજમેં આયા? ક્રિયા ચાહે હમ કરે કિતના ભી કરે પણ હમારા પુરુષાર્થ કામ કરેગા ઐસા ઉસમેં બહોત ચર્ચા હુઇ. મૂલચંદજી ઉસકા ગુરુ થા વો. મૈં ઐસા કહા કી ભગવાનકી વાણીમેં ઐસા નહિ આયા હૈ. ભગવાનકી વાણી તો ઐસી હૈ... મૈં વો સમય ભી પ્રવચનસાર દેખા નહિ થા પણ ઐસા અંદરમેંસેં આયા થા. ભગવાન સર્વજ્ઞ હૈ ને વીતરાગ હૈ, ક્યા કહા?, હેં? પાંચમા અધ્યાયમેં ટોડરમલજીને ઐસા પ્રશ્ન લિયા. ''**ધર્મકા અધિકારમેં ઐસા લિયા હૈ કિ મોક્ષકા ઉપાય પુરુષાર્થ કરનેસે હોતા હૈ કે કાલલબ્ધિ આતે હૈ તો હોતા હૈ કે જબ હમારા**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભવિતવ્ય હોતા હૈ તો હોતા હૈ...**'' અર્થાત્ કાં કર્મકા ઉપશમાદિ હોતા હૈ તો હોતા હૈ, કાં હમારા પુરુષાર્થસે હોતા હૈ? ઐસા શિષ્યે પ્રશ્ન શિષ્યકા મુખમેં ટોડરમલજીએ પ્રશ્ન મૂક્યા.

ઉસકા **ઉત્તર** ચલતે હૈ...ઉસકા ઉત્તર ચલતે હૈ. તો વો પ્રશ્ન હમારે બોત્તેરકી સાલ, બહત્તર.(ચલા થા) એક્યાવન વર્ષ હુઆ. સંપ્રદાયમેં વો પ્રશ્ન ચલતા થા કે જબલગ ભગવાન જ્યારે કેવળજ્ઞાનમેં દેખા હોગા તબ હમારા મોક્ષકા પુરુષાર્થ હોગા, તબલગ હોગા નહીં. ઐસા પ્રશ્ન ચલા. બહત્તર સાલ, એક્યાવન વર્ષ પહેલે, બહોત ચલા. ઉસમેં ઐસા ઉત્તર દિયા યે વાણી ભગવાનકી હૈ નહીં.ઐસી વાણી ભગવાનકી આતી નહીં. ભગવાનકી વાણી ઐસી નહિ હોતી. ક્યોં? પીછે તો હમને પ્રવચનસાર દેખા, પહલે તો નહિ દેખા થા. પ્રવચનસાર હૈ વો પીછે દેખા. બોત્તેર સાલમેં વો આયા થા, વો પ્રવચનસારમેં, બ્યાસીમી ગાથામેં હૈ, બ્યાસી.

**सव्वे वि य अरहंता तेण विधाणेणं खविदकम्मंसा ।**
**किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं ।। ८२ ।।**

ક્યા કહતે હૈ? આ પ્રશ્ન અંદરમેંસે આયા થા એક્યાવન વર્ષ પહેલે, કે ભગવાનકી વાણી, સર્વજ્ઞ ભગવાન હૈ ઔર વીતરાગ હૈ તો અજ્ઞાન અને રાગકા નાશ કરનેકા આપકા ઉપદેશ હોના ચાહિયે અને સર્વજ્ઞ અને વીતરાગતા પ્રાપ્ત કરનેકા આપકા ઉપદેશ હોના ચાહિયે. ઐસા ઉપદેશ વાણી તુમ નિકાલતે હો, ઐસી વાણી ભગવાનકી હોતી નહીં. સમજમેં આયા?

યહાં તો હૈ 'જો જાણદિ અરહંતં' ભગવાન કુંદકુંદઆચાર્યે કહા તબ તો હમ પ્રવચનસાર દેખા હી નહિ થા. ભગવાન કુંદકુંદઆચાર્ય કહતે હૈ -

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ।। ८० ।।**

જિસને અરિહંતકા દ્રવ્ય-ગુણ-પર્યાય જાના, અરિહંતકા દ્રવ્ય અનંત શક્તિવંત, ગુણ અનંત શક્તિયાં ઔર પર્યાય કેવળજ્ઞાન કેવળદર્શન અનંત આનંદ, અનંત વીર્ય ઐસા જિસ જીવને અરિહંતકા કેવળજ્ઞાન પર્યાય દેખા, માન્યા ઉસકા अप्पाणं जाणदि વો આત્મા જાને બિના રહેગા નહીં. સમજમેં આયા? કેવલજ્ઞાન એક સમયમેં તીનકાલ તીનલોક દેખતે હૈ ઐસી પર્યાય જિસકી પ્રતીતમેં આતી હૈ, અંતરમેં અપના જ્ઞાનકી પર્યાયમેં કેવલજ્ઞાન એક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમયકા તીનલોક તીનકાલ દેખતે હૈ ઐસા હોતા હૈ. ઐસા કેવલજ્ઞાનકી પર્યાય અપનેમેં પ્રતીતમેં આતી હૈ તો અપના દ્રવ્ય સન્મુખ ઉસકી દૃષ્ટિ જાતી હૈ. ક્યોં? કેવલજ્ઞાન અર્થાત્ મોક્ષતત્ત્વ... કેવલજ્ઞાન અર્થાત્ મોક્ષતત્ત્વ તો સાત તત્ત્વમેં આયા 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્'. ઉસમેં મોક્ષતત્ત્વ આયા. મોક્ષતત્ત્વમેં કેવળજ્ઞાન આયા તો મોક્ષતત્ત્વકી શ્રદ્ધા જબ હોતી હૈ તો એક સમયકી પર્યાયકી શ્રદ્ધા હુઇ, પણ યે પર્યાયકી શ્રદ્ધા પર્યાયકે આશ્રયસે નહિ હોતી હૈ. વો પર્યાયકી શ્રદ્ધા ત્રિકાળ જ્ઞાયકભાવ, અખંડાનંદ, પ્રભુ ચિદાનંદ, ધ્રુવ સ્વરૂપ ઉસકે આશ્રયસે (હોતી હૈ) પહેલી દ્રવ્યકી શ્રદ્ધા જબ હુઇ, તબ મોક્ષકી પર્યાયકી શ્રદ્ધા ઉસકો હોતી હૈ. ઉસકો દર્શનમોહકા નાશ હુએ બિના રહેતે નહીં. સમજમેં આયા?

ભગવાન ઐસે કહતે હૈ અને તુમ તુમ્હારી કલ્પનાસે (કહતે હો) ઐસી કોઇ વાણી ભગવાનકી આગમકી નહીં. આગમકી વાણી તો એમ કહતે હૈ વો યહાં ટોડરમલ લેતે હૈ. ટોડરમલ વો લેતે હૈ જો યહાં લિયા પહેલે વો લિયા એંસી ગાથામેં, પીછે લિયા जीवो ववगद मोहो (પ્રવચનસાર ગાથા ૧) અપના સ્વરૂપ સર્વજ્ઞકી પર્યાયકા નિર્ણય કરનેમેં જાતે હૈ, મૈં શુદ્ધ સર્વજ્ઞ હૂં. મેરા સર્વજ્ઞ સ્વભાવ હૈ ક્યોંકિ સર્વજ્ઞ સ્વભાવમેંસે સર્વજ્ઞપદ આયા હૈ. યે સર્વજ્ઞકી શ્રદ્ધા કરનેવાલા સર્વજ્ઞકી શ્રદ્ધા કૈસે કરતા હૈ? કે સર્વજ્ઞકી પર્યાય સર્વજ્ઞ આત્માકા સ્વભાવ ઉસમેંસે આયી હૈ. સમજમેં આયા?

યે દૃષ્ટાંત બહોત દેતે હૈ હમ ઘણીવાર વો લીંડીપીપરકા-છોટી પીપર હોતી હૈ ને છોટી પીપર! યે પીપરમેં ચોસઠપહોરી તીખાશ-તીખાશ તમારે શબ્દ ચરપરાઇ એક પીપરકા છોટા દાણામેં, કદ છોટા, રંગ કાળા પણ ઉસમેં ચોસઠ પહેરી ચરપરાઇ અંદર પડી હૈ ઔર હરા રંગ અંદર પડા હૈ. હૈ તો પ્રાપ્ત હોતા હૈ. અંદરમેં હૈ જિસમેંસે પ્રાપ્ત હો તો કોલસા ને કાંકરા, બાલુ ઘસનેસે ચોસઠ પહેરી ચરપરાઇ પ્રાપ્ત હોની ચાહિયે. વો હૈ(નહિ) કોલસા ને કાંકરામેં હૈ નહીં. એ પીપરકા છોટા દાના કદ છોટા રંગ કાલા અંદરમેં લીલા હરા રંગ અંદરમેં ચોસઠપહોરી ચરપરાઇ ભરી હૈ. ચોસઠ પહોરી સમજતે હૈ? યે તો અભી સો પૈસાકા રૂપિયા હુઆ. ચોસઠ પૈસાકા સોળઆના, રૂપિયો પૂર્ણ. ઇ ચોસઠમેં પૂર્ણ (રૂપિયા) આતા હૈ. જેમ યે ચરપરાઇ પૂર્ણ પડી હૈ તો પ્રાપ્ત હોતી હૈ ઐસે આત્મામેં ... વો ચરપરાઇકી પ્રતીત હોતી હૈ ઉસકો. સમજમેં આયા?

ઐસે આત્મામેં... ક્યા કહા સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ જરી,ગહરી, અપૂર્વ બાત હૈ. બાવનકી સાલ પહેલે વો ચર્ચા, બહોત હુઇ થી કે ભગવાનકી વાણીમેં सव्वे वि य अरहंता तेण विद्याणेणं खविदकम्मंसा(પ્ર.સાર ૮૨) સ્વરૂપકા અંતર અનુભવ કરકે, પુરુષાર્થ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરકે, આનંદકા શ્રદ્ધા કરકે સ્વરૂપમેં લીન હોકર, મુક્તિકો પાયા. सव्वे वि य अरहंता तेण विद्याणेणं તે વિધિસે खविदकम्मंसा અપના આનંદ સ્વરૂપમેં લીન હોકર આઠકર્મકા નાશ અથવા ચારકા નાશ હોકર किच्चा तथोपदेसं ક્યા કહતે હૈ ભગવાનકા ઉપદેશમેં ? ઐસા ઉપદેશ આયા, किच्चा तथोपदेसं લ્યો, બ્યાસી (૮૨) ગાથા હૈ.

ક્યા કહતે હૈ યે એકજ પ્રકારસે કર્મોકા સ્વરૂપ અપને અનુભવ કરકે પરમાત્મપણાકે લીધે ભવિષ્યકાળે ને આ વર્તમાનકાળે અન્ય મુમુક્ષુને પણ એ પ્રકારે ઉપદેશ કિયા હૈ तथो ઉપદેશ કિયા. ભગવાનકી વાણી ઐસી આયી કિ, અપના આનંદ શુદ્ધ પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ ભગવાન નિર્વિકલ્પ આનંદ હૈ, વો આત્મા, ઐસે પહલે સમ્યગ્દર્શન પ્રગટ કરો. સમજમેં આયા ? વો પુરુષાર્થસે હોતા હૈ, પુરુષાર્થ બિના હોતા નહીં. અપના સમ્યગ્દર્શન અંતરકા પુરુષાર્થસે પ્રગટ કરો ઔર જ્ઞાન ભી અપના સ્વસંવેદન પ્રયત્નસે પ્રગટ કરો ઔર ચારિત્ર ભી સ્વરૂપમેં લીનતા, સ્વરૂપ આનંદમેં લીનતા નામ ચરના, રમના આનંદમેં ઐસા પ્રયત્નસે પ્રગટ કરો, તો તુમ્હારા પણ મોક્ષ હોગા. ઐસા ઉપદેશ तथोपदेसं किच्चा એ પ્રકારકા ઉપદેશ ભગવાને વાણીમેં કિયા હૈ, વિશેષમેં પ્રાપ્ત હુઆ હૈ. અરિહંત લિયા હૈ. ઉપદેશ કરકે મોક્ષકો પ્રાપ્ત હુઆ, માટે નિર્વાણકાંડ માર્ગ નહીં. દુસરા માર્ગ કોઇ હૈ નહીં એમ નક્કી હોતા હૈ.

પ્રલાપસે બસ થાઓ, મેરી મતિ વ્યવસ્થિત હુઇ હૈ. ભગવંતોને નમસ્કાર. આ સંસ્કૃત ટીકા હૈ, ક્યા કિયા ? ભગવંત સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ અનંત હુઆ, વર્તમાનમેં મહાવિદેહ ક્ષેત્રમેં બિરાજમાન સર્વજ્ઞ પરમેશ્વર હૈ, બીસ તીર્થંકર બિરાજમાન હૈ લાખો કેવળજ્ઞાની બિરાજમાન હૈ. યે સબ તીર્થંકરો सव्वे वि य अरहंता અપના શુદ્ધ સ્વરૂપ કેવળજ્ઞાન જૈસા હૈ ઐસા અપનેકે સાથ મિલાકર અનુભવ કરકે, સ્થિરતા કરકે, વીતરાગી દશા જિસને પ્રાપ્ત કિયા ઐસા ઉપદેશ દિયા. ઐસા ઉપદેશ દિયા, દૂસરા ઉપદેશ ન દિયા. અપના પ્રયત્નસે કિયા ઐસા ઉપદેશ દિયા. હે આત્માઓ ! તુમ્હારે સંસાર, અહિતકા નાશ કરના હો, મોક્ષકી પરમહિત દશા પ્રગટ કરના હો તો અંતર આનંદ સ્વરૂપ ભગવાન આત્મા ઉસમેં ઘુસો, અંદરમેં જાઓ, પ્રયત્ન કરો. અંતરમેં પ્ર-યત્ન વિશેષે સ્વભાવમેં જાગૃતિ કરકે સ્થિર થાઓ ઐસા ભગવાને ઉપદેશ દિયા હૈ.

યે ઉપદેશ સે વિરુદ્ધ ઉપદેશ કરનારા, આગમકા વો ઉપદેશ હૈ નહીં. બાવન સાલ પહેલે વો પ્રશ્ન હુઆ થા ભગવાનકી વાણી ઐસી નહિ હોતી. ભગવાનકી વાણી ઐસી હૈ (નહીં), ક્યોંકિ ઉસને પુરુષાર્થ કરકે કેવળજ્ઞાન લિયા હૈ તો વાણીમેં ભી (ઐસા આયા) વિકલ્પ ઉઠા થા પહેલે મોક્ષ સાધતે થે તબ વિકલ્પ ઉઠા થા રાગ, મૈં પૂરણ હોઉં અથવા જગત

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધર્મ સમજે વો વિકલ્પમેં ભી ઐસા બંધ ગયા પરમાણુકે સ્વભાવ સન્મુખ હો વિભાવસે ઉપેક્ષા હો, ઐસા હી ઉસમેં ઉપદેશ આતા હૈ. સમજમેં આયા? કે જબ વો આત્માકા ધ્યાન કરતે થે, તીર્થંકર કેવળજ્ઞાન નહિ હુઆ તબ પૂર્વે તીર્થંકર ગોત્ર બાંધ્યા પૂર્વે તો આત્માકા સ્વરૂપકી દૃષ્ટિ પર ધ્યાન વિકલ્પ આયા કિ મૈં પૂરણ હો જાઉં, મોક્ષ હો જાય અથવા દુનિયાકો ધર્મ સમજે તો વિકલ્પમેં ઐસા પરમાણુ બંધ ગયા કે ઉસમેં સ્વભાવ સન્મુખકા ઉપદેશ વિભાવસે વિમુખકા હી ઉપદેશ નિકલતે હૈ. સમજમેં આયા?

દૂસરા ઉપદેશ હો તો વીતરાગકા ઉપદેશ નહીં. તો અહીંયા યે કહતે હૈ કિ ભગવંતે પુરુષાર્થ કરનેકા ઉપાય કહા હૈ. વો યહાં ટોડરમલજી યહાં લિયા હૈ ઉસમેં અઠયાસી ગાથામેં લિયા અહીંયા. દેખો અઠયાસી (૮૮) -

**जो मोहरागदोसे णिहणदि उवलब्भ जोण्हमुवदेसं ।**
**सो सव्वदुक्खमोक्खं पावदि अचिरेण कालेण ।। ८८ ।।**

ક્યા કહતે હૈ? મોહક્ષયકા ઉપાય જિનેશ્વરકા ઉપદેશકી પ્રાપ્તિ પ્રાપ્ત કર પુરુષાર્થ અસ્તિકા કાર્ય હૈ. અપના સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરના વો પ્રયોજન કાર્ય હૈ ઐસા યહાં ઉપદેશ દેનેમેં (આયા હૈ). અમૃતચંદ્રઆચાર્ય કહતે હૈ મૈં અપના શુદ્ધ સ્વરૂપમેં સન્મુખ હોકર, અપના સર્વ પ્રયત્નસે મોહકા ક્ષય કરને માટે મૈં પુરુષાર્થકો આશ્રય કરું છું. વો સંસ્કૃત ટીકા હૈ. વો સંસ્કૃત ટીકા હૈ અમૃતચંદ્રઆચાર્યકી. મેરા મોક્ષ નામ પરમહિત આનંદદશા ઉસમેં મૈં રહનેકો, અથવા મોહકા ક્ષય કરનેકો મૈં પુરુષાર્થકા આશ્રય કરતા હૂં. સમજમેં આયા? આશ્રય તો કરતે હૈ દ્રવ્યકા પર મૈં પુરુષાર્થસે કામ લેતા હૂં ઐસા કહનેમેં આયા.

મોક્ષકા ઉપાય જબ બનતે હૈ, તો ક્યા હૈ એસા પ્રશ્ન ટોડરમલજી નવમાં અધ્યાયમાં લિયા હૈ ઉસમેં સે નિકાલકર ઘરકી બાતકા પ્રશ્ન નહીં. પૂછા હૈ કિ મહારાજ આત્માકા વો પહેલે કહા સંસાર અહિત હૈ. સંસાર બહારમેં નહિ રહેતે વો પહેલે કહા. સંસાર સ્ત્રી કુટુંબ સંસાર નહીં. ભ્રાંતિ ભગવાન આત્મા કર્મકા સંગસે ઉત્પન્ન હુઆ પુણ્ય-પાપકા વિકાર ઔર કર્મકા અઘાતીસે હુઆ બાહ્ય સંયોગ. સંયોગી ભાવ, કર્મ અને સંયોગી ચીજ તીનોં આ ગયા. તીનસે રહિત આત્મા હોને પર ભી સહિત માનના વો મિથ્યાત્વ સંસારકા બીજ હૈ. આહાહા! સમજમેં આયા? વો પુરુષાર્થ સિદ્ધિ ઉપાયકી ચૌદમી ગાથા.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव ।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम् ।।१४।।**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા! હજી સંસાર કિસકો કહતે હૈ ખબર નહીં. સંસાર શરીર નહિ, કર્મ નહિ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, બંગલા-બંગલા સંસાર નહીં. સમજમેં આયા? સંસાર ઇસકો કહતે હૈ, ભગવાન આત્મા! શુદ્ધ જ્ઞાયક તત્ત્વ, વો વિકારી પરિણામ પુણ્ય-પાપકા શુભાશુભ ભાવ ઔર કર્મ, ઔર સંયોગી બહારની ચીજ સબસે રહિત હોને પર ભી असमाहितो पि युक्तइव प्रतिभाति અંતરમેં આ સહિત ભાસના, વો હી મિથ્યાત્વ ભાવ સંસારકા બીજ હૈ. આહાહા! ક્યોંકિ વિપરીત શ્રદ્ધા હુઇ. આત્મા જ્ઞાયકતત્ત્વ હૈ, પુણ્ય-પાપ વો આસ્રવ તત્ત્વ હૈ, કર્મ શરીર અજીવતત્ત્વ હૈ. ભિન્ન ભિન્ન તત્ત્વ હૈ. સાત તત્ત્વમેં 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં'કા અર્થ ભિન્ન ભિન્ન તત્ત્વ હૈ તો, આ અજીવ ભિન્ન હૈ. આસ્રવ ભિન્ન હૈ, ભગવાન ભિન્ન હૈ. ભગવાને પણ કૈસા દેખા હૈ? કેવળજ્ઞાનીએ આત્માકો? શરીર કર્મકો અજીવ દેખા. પુણ્ય-પાપકા ભાવકો ભગવાને આસ્રવ દેખા હૈ ઔર આત્માકો આસ્રવને કર્મ રહિત દેખા હૈ. સમજમેં આયા?

કહેતે હૈ ભગવાને ઐસા દેખા ને ઐસા હૈ. વો વિકાર ચાહે તો શુભ ઉપયોગ હો કે અશુભ હો અને ચાહે તો કર્મકા બંધન શાતા વેદનીય આદિ હો, કે તીર્થંકર ગોત્ર આદિ હો અને ચાહે તો બહારકી સામગ્રી ચક્રવર્તી અને તીર્થંકરના સમોસરણ હો, એ સબ સામગ્રી કર્મ ને વિકાર રહિત આત્મા હૈ. આહાહા! એ રહિત કો સહિત માનના વો મિથ્યાત્વ ભાવ હૈ. 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં વિપરીતમ્' એ તત્ત્વાર્થ શ્રદ્ધાસે વિપરીત અભિપ્રાય હૈ ઉસકા. સમજમેં આયા? વો મિથ્યાત્વભાવ વો હી સંસાર હૈ. વો મિથ્યાત્વ ભાવ સંસાર સહિત હૈ. ઉસકા નાશ કરનેમેં મોક્ષકા હિત ઉત્પન્ન કરનેમેં ઉપાય ક્યા? વો **પ્રશ્ન** કિયા કિ મહારાજ! ''**ક્યા કાળલબ્ધિ આને પર મોક્ષકા ઉપાય હોગા? ક્યા ભવિતવ્ય અનુસાર હોગા? ક્યા કર્મકા ઉપશમ અનુસાર હોગા કે ક્યા અપને પુરુષાર્થસે ઉદ્યમ કરને પર હોગા ઐસા પ્રશ્ન...**'' **હૈ** શિષ્યકા? ટોડરમલે બનાયા હૈ નવમા અધ્યાય. મોક્ષમાર્ગ પ્રકાશ આ માર્ગ ખુલા હુઆ ઉસકા હી પહલે વ્યાખ્યાન ઉપર કહા, અને પ્રથમ દોનોં કારણ મિલને પર બનતા હૈ?

શિષ્ય કહતે હૈ મહારાજ! કર્મકે કારણસે જો કર્મ ઉપશમાદિ હો તબ હો, તો હમકો તો પુરુષાર્થ ક્યું કહેતે હૈ? હમકો ઉપદેશ ક્યું દેતે હૈ? ''**અને કાળલબ્ધિ અને ભવિતવ્ય અનુસાર હો, તો હમકો પુરુષાર્થકા ઉપદેશ ક્યું દેતે હૈ?** અને **જો પુરુષાર્થસે બનતા હૈ તો ઉપદેશ સબ સુનતે હૈ, ઉનમેં કોઇ ઉપાય કર સક્તા હૈ ને કોઇ નહીં કર સક્તા ઉસકા કારણ ક્યા...**'' આ પ્રશ્ન કિયા. ટોડરમલજીએ આ મોક્ષમાર્ગ પ્રકાશ બનાયા. એ શાસ્ત્રકા રહસ્ય ખોલ દિયા હૈ, તો ઉસમેં આ પ્રશ્ન કિયા. પ્રશ્ન તો કરનાર પોતે ને પોતે હૈ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પોતે સમજતે હૈ ક્યા કહતે હૈ અપને આપ. ભાઈ, અમારી ભાષા સબ હિંદી નહિ આઈ ગુજરાતી આ જાય થોડી. અપને આપ પ્રશ્ન મૂક્યા હૈ શિષ્યકા મુખમેં. મહારાજ અપના સંસાર અહિતરૂપ ભાવ ઉસકો નાશ કરનેમેં અપના ઉપાય મોક્ષકા કરના વો ક્યા પુરુષાર્થ કર્મસે-કર્મ મંદ હો તો હોતા હૈ? કાલલબ્ધિ હોતી હૈ તો હોતા હૈ? ભવિતવ્ય અનુસાર હોતા હૈ? યા પુરુષાર્થસે હોતા હૈ?

પુરુષાર્થસે હો તો સુનતે સબ હૈ ક્યોં પુરુષાર્થ નહિ કરતે? ઐસા પ્રશ્ન કિયા. આ સમાધાન - ''**સમાધાન. એક કાર્ય હોનેમેં અનેક કારણ મિલતે હૈ**, સુનો, **એક કાર્ય હોનેમેં અનેક કારણ મિલતે હૈ.** એક કારણ નહિ અનેક કારણ સાથમેં હૈ એમ કહતે હૈ. **સો મોક્ષકા ઉપાય બનતા હૈ...**'' ભગવાન આત્મા! અપના શુદ્ધ સ્વભાવકા પ્રેમ કરતે હૈ વો સંવર અધિકારમેં આ ગયા, કર્તા કર્મમેં ભી આ ગયા કે અપના આત્મા આનંદ અને શુદ્ધ સ્વભાવ હૈ, ઉસકી જિસકો રૂચિ નહિ ઉસકો વિકારકી પુણ્ય-પાપકા પરિણામકી રૂચિ હૈ. ઉસકો આત્મા પ્રત્યે દ્વેષ હૈ ઐસા કર્તા-કર્મ અધિકાર, ઓગણસિત્તેર-સિત્તેરમેં લિયા હૈ ઐસા અધિકાર સમજમેં આયા? સંવર અધિકારમેં ભી લિયા હૈ ભેદજ્ઞાનકી જ્યાં શરૂઆત કિયા હૈ ત્યાં. સૂક્ષ્મ બાત હૈ ઔર આનંદઘનજીમેં યે લિયા હૈ. આનંદઘનજી હુઆ હૈ ને શ્વેતાંબરમેં ઉસને યે લિયા હૈ ત્રીજા તીર્થંકર સ્તુતિ કરતે હૈ, યહાં હૈ કે નહિ હૈ.

**સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ;**
**સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ।।૧।।**
**સંભવદેવ તે ધુર સેવો....**

હવે,

**ભય ચંચલતા જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;**

શુદ્ધ આનંદ સ્વરૂપકી રૂચિ નહીં. અરોચકતા હૈ આ ઉસકા નામ આત્મા પ્રત્યે દ્વેષ કહેનેમેં આયા હૈ. આહાહા! એ આ ભવબીજ કહાને (ચૌદમી ગાથા) વો ભાવ લિયા હૈ અહીં. અને આપણે સંવર અધિકારમેં ભી વો લિયા ઔર પહેલે ભી વો લિયા હૈ. સમજમેં આયા? કર્તાકર્મ અધિકારમેં. ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ પરમાત્મા ઉસકા હિત તો અંતરમેં સન્મુખ હોકર નિર્વિકલ્પ પ્રેમ નહીં, ઉસકો પુણ્ય ને પાપકા ભાવ પ્રત્યે પ્રેમ હૈ ઉસકો ભગવાન કહતે હૈ તેરે આત્મસ્વભાવ પ્રત્યે તેરેકો દ્વેષ હૈ. આહાહા! પંડિતજી! ભારે ઝીણી વાત હોં. વો લિયા હૈ આપણે સંવર અધિકારમેં સબ લિયા હૈ. વો દો વસ્તુ ભિન્ન

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લિયા હૈ. ક્રોધાદિ વસ્તુ ભિન્ન, આત્મવસ્તુ ભિન્ન દો વસ્તુ જ ભિન્ન લિયા હૈ, તો ક્રોધ શબ્દસે જ ઉપાડયા હૈ. વો હી શબ્દ આંહી લિયા હૈ ઈસમેં. દ્વેષ અરોચક ભાવ. ભગવાન, અહીં તો ભગવાન તરીકે બુલાતે હૈ આત્માકો હોં, બોત્તેર ગાથામેં. બોત્તેર ગાથા ચલેગી.

આજ તો હમણાં ટોડરમલ સ્મારક હૈને, બોત્તેર ગાથામેં, આત્મા, પહેલે બોત્તેરમેં લિયા હૈ કે પુણ્ય ને પાપ જળમેં શેવાળ હૈ, કાઈ હૈ ઐસા મેલ હૈ. ભગવાન આત્મા! પાઠમેં ખાલી અશુચિતં, વિપરીયં, દુઃખકારણં. પછી ઉસમેંસે નિકાલા અમૃતચંદ્રઆચાર્યે શુચિતં, ચેતનભાવ, સુખ કારણં ભગવાન આત્મા! શુભ અશુભ રાગ હૈ વો અશુચિ હૈ, મેલ હૈ, અપવિત્ર હૈ. ઉસસે રહિત ભગવાન આત્મા જ્ઞાનાનંદ નિર્મળાનંદ પ્રભુ હૈ. ઉસકો કહા ભગવાન આત્મા! ઐસા શબ્દ લિયા હૈ અમૃતચંદ્ર આચાર્ય મહારાજ ટીકામેં. ભગવાન આત્મા! ક્યોંકિ સર્વજ્ઞે ઐસા દેખા હૈ.

**પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ (૨)**
**નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.**

હે નાથ! હે પરમેશ્વર! હે વીતરાગ! આપ સર્વજ્ઞપદમેં હમારા સ્વરૂપ જૈસે આપ દેખતે હો 'નિજ સત્તાએ શુદ્ધ' એ શુદ્ધ આનંદ ઐસા આપ દેખતે હો, તીનકાલ તીનલોક આપ દેખતે હો જ્ઞાનમેં ઐસા, હમારા આત્મા નહિ પણ અનંત આત્મા, નિગોદમેં એક શરીરમેં અનંત આત્મા, પણ આત્મા કૈસે દેખતે હૈ ભગવાન? કે 'નિજ સત્તા એ શુદ્ધ' અપના હોનાપન શુદ્ધ ઈસ આત્માકો દેખતે હૈ. પુણ્ય-પાપકા ભાવ ભગવાન આસ્ત્રવતત્ત્વ દેખતે હૈ. કર્મ, શરીરકો ભગવાન અજીવ તત્ત્વ દેખતે હૈ. ઐસા ન દેખકર ભગવાન દેખતે હૈ ઐસા ન દેખકર વિપરીત દેખતે હૈ આસ્ત્રવતત્ત્વસે અપનેકો લાભ હો, આસ્ત્રવસે પુણ્યસે આત્માકો લાભ હો તો આસ્ત્રવસે રહિત ભગવાન હૈ ઉસે સહિત માને તો લાભ માનેગા વો મિથ્યાદષ્ટિ મિથ્યાભૂલ હૈ. સારા સંસારકા બીજ મિથ્યાત્વ વો બીજ હૈ. સમજમેં આયા? આજ સમજો, કાલ સમજો પીછે સમજો આ સમજે બિના ઉધ્ધાર ઉસકા નહીં. તીનકાલ તીનલોકમેં ઉપાય દૂસરા નહીં. સમજમેં આયા?

વો યહાં કહા, દ્વેષ અરોચકભાવ. પરમાનંદજી! તુમ્હારા સર્વજ્ઞ ઉપર આ ગયે સબ. વાંચ્યા હૈ પુસ્તક સર્વજ્ઞ ઉપર સબ નાંખ્યા ઉસમેં એક દો બાત... હૈ આ ઉસકે માથે આયી અને થોડી કૈલાશચંદજી ઉપર આયી હૈ. સમજમેં આયા? અરે ભગવાન! સુનો તો સહી પ્રભુ! સર્વજ્ઞ આહાહા! એક સમયમેં તીન કાલ તીનલોકને દેખે. ઐસે ક્રમસર જગતકી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવસ્થા હૈ ઐસે પ્રતીત કરનેવાલા એ સમ્યગ્દર્શન પ્રતીત કર સક્તે હૈ, ક્યોંકિ જિતના વ્યવસ્થિત પરમેં વ્યવસ્થિત અવસ્થા હોતી હૈ, અપનેમેં વ્યવસ્થિત હોતી હૈ ઉસકી દૃષ્ટિ પરકા કર્તા છૂટકર, અપના રાગકા કર્તા છૂટકર, અપના જ્ઞાયકભાવકા કર્તા હોતા હૈ. જ્ઞાતાદૃષ્ટા હોતા હૈ તો પરકા અકર્તા હોતા હૈ, તબ ક્રમબદ્ધકા તાત્પર્ય જ્ઞાતાદૃષ્ટા આતા હૈ. સમજમેં આયા? રાડ નાંખે અરે! નિયત હોગા. સુન તો સહી! તેરે નિયત ક્યા કહેતે હૈ? નિયત કિસકો કહતે હૈ? ખબર નહીં તેરેકો. સમજમેં આયા? ભગવાન સર્વજ્ઞ એક સમયકી પર્યાય તીનકાલ તીનલોક દેખતે હૈ ઐસે હોગા...ઐસે હોગા પણ હોગા નિર્ણય કોણે કિયા? પંડિતજી યે બાત હૈ? સમજમેં આયા?

વો તો આનંદઘનજીકી બાત મૈં કિયા થા. કલ નહિ કિયા થા નહીં? આ વો શીતલનાથકી સ્તુતિ હૈ ને કેટલામેં શીતલનાથ હૈ, દસમા શીતલનાથ ઉસમેં નહિ,... મેં હૈ? દેવચંદજી હૈ ને દેવચંદજી! એક દેવચંદજી હુઆ હૈ ખડતરગચ્છમેં ઉસને શીતલનાથકી સ્તુતિ કિયા હૈ, ઉસને ઐસા લિયા હૈ દેખો! શીતલનાથ હૈ કિતનામેં હૈ શીતલનાથ! દેખો આ ક્યા કહતે હૈ (ચોથી) - પાંચમી ગાથા હૈ...

**દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ રાજનીતિ યે ચારજી**
**ત્રાસ વિના જડ ચૈતન પ્રભુની કોઈ ન લોપે કાળ જી**

(કાળ એટલે આજ્ઞા)

ભગવાન આપ જ્ઞાનમેં જૈસે દિખતે હૈ, ઐસી દ્રવ્યકી પર્યાય તીનો કાલમેં ઐસી હોતી હૈ 'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ' રાજનીતિ એ ચાર જી. પ્રત્યેક પદાર્થ દ્રવ્ય હૈ ઉસકી ગુણ-શક્તિ હૈ, અવસ્થા કાળ હૈ, ભાવગુણ હૈ ને અવગાહના વો ક્ષેત્ર હૈ. ઐસા દરેક પદાર્થકા રાજનીતિ ચાર (હૈ). જગતના પદાર્થની નીતિકી રીતિ ઐસી હૈ. ત્રાસ વિના જડ ચૈતન પ્રભુની કોઈ ન લોપે કાળ જી! ઉસને અર્થ કિયા હોં. એ રીતે સર્વ દ્રવ્યની પરિણતિ માટે તમને કોઈ કહેતા નથી. કોઈને ત્રાસ કરતા નથી ભાઈ, કોના આજ્ઞાથી? પરંતુ તમારા જ્ઞાનની પરિણતિ લોકની ટાળતા નથી, આજ્ઞા લોપતા નથી. આપના જ્ઞાનમાં જૈસી જણાય તૈસી પરિણતિ હોતી હૈ. પંડિતજી! વો શીતળનાથ સ્તુતિમાં વો ઐસા યે લિયા હૈ પણ વો કેવળજ્ઞાન દેખે ઐસા હુઆ ઐસા નિર્ણય કિયા કિસને? આહાહા! કેવળજ્ઞાનકા નિર્ણય અર્થાત્ મોક્ષતત્ત્વકા નિર્ણય. મોક્ષતત્ત્વ તો આ પર્યાય હૈ ઉસકા નિર્ણય, દ્રવ્યકા નિર્ણય હોય તો પર્યાયકા નિર્ણય હોતા હૈ. સમજમેં આયા? તો અપના શુદ્ધ સ્વરૂપ એક સમયકી પર્યાયકા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લક્ષ છોડકર, રાગકા લક્ષ છોડકર, જ્ઞાયક ચિદાનંદ ભગવાન ચૈતન્યસૂર્ય હૈ, ઐસા નિર્વિકલ્પ શ્રદ્ધા કરકે આનંદકા અનુભવ કરકે સ્વસંવેદન કરકે આ આત્મા ઐસી પ્રતીત હોના, ઉસકા નામ સમ્યગ્દર્શન ભગવાને કહા હૈ. સમજમેં આયા?

યે યહાં કહેતે હૈ કે મહારાજ! હમારા મોક્ષકા પુરુષાર્થ કૈસે હો? કે ભગવાન! સુન તો ભગવાન હમેં તો કહનેકી મેરી પ્રતિજ્ઞા હૈ. આત્માકો ભગવાન હી કહતે હૈ. ''**એક કારણ હોનેમેં અનેક કારણ મિલતે હૈ...**'' અમૃતચંદ્રઆચાર્ય ઐસા બોલા હૈ બોત્તેર ગાથામેં સો ''**મોક્ષકા ઉપાય પરિણમતા હૈ તો પૂર્વ તીનો કારણ મિલતે હૈ...**'' ઉત્તર દિયા ટોડરમલજીને. અપના આત્મા ઉસકા જિસકો પ્રેમ લાગ્યા, રાગકા પ્રેમ જિસકો છૂટ ગયા, અજીવકા પ્રેમ જિસકો છૂટ ગયા. આહાહા! સમ્યગ્દ્રષ્ટિકો છનવેહજાર સ્ત્રી હો, ચક્રવર્તીકા રાજ હો ઔર ઈન્દ્રકા ઈન્દ્રાસનમેં ક્રોડો અપ્સરા હો સુખબુદ્ધિ નહીં, સુખબુદ્ધિ નહીં. સમજમેં આયા? વો કહા થા એકવાર નહીં! ''**ચક્રવર્તીકી સંપદાને ઈન્દ્ર સરીખા ભોગ, કાગવિટ સમ માનત હૈ સમ્યગ્દ્રષ્ટિ લોગ...**'' વો ત્યાં હૈ ને ઈંદોરમાં વો કાંચકા હૈ ને મંદિર ઉસમેં હૈ, લિખા હૈ. વો તો પુરાની પણ હૈ. ચક્રવર્તીકી સંપદા અને ઈન્દ્ર સરીખા ભોગ, કાગવિટ સમ માનત હૈ... અપના અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદકા અનુભવ કિયા તબ પ્રતીત હુઈ આત્માકી. તો અપનેમેં આનંદ જબ સમ્યગ્દ્રષ્ટિ દેખા, તો સમ્યગ્દ્રષ્ટિકો ચક્રવર્તીકા પદ ને ઈન્દ્રકા પદમેં સુખબુદ્ધિ રહતી નહિ અને પરમાં સુખબુદ્ધિ રહે ત્યાં લગ મિથ્યાદ્રષ્ટિ હૈ. સમજમેં આયા?

ઐસા સમ્યગ્દર્શન લ્યો, શ્રદ્ધા કરો એમ નહીં. અપના આત્મામેં અતીન્દ્રિય આનંદ ભરા હૈ ઉસકા અનુભવ કરકે, આ આનંદ હૈ ઐસી પ્રતીત હોના, તબ ઉસકી દ્રષ્ટિમેં પુણ્ય-પાપકા ભાવમેં આનંદ નહીં, ઉસકા બંધમેં આનંદ નહીં, ઉસકા ફલમેં આનંદ નહીં. આહાહા! સમજમેં આયા? લોકોએ સમ્યગ્દર્શનકી ચીજ કિતની હલકી બના દિયા હૈ. હૈ મહાન ચીજ. એક સમ્યગ્દર્શન હોતે અનંત સંસારકા નાશ હો જાતા હૈ ઔર એક બે ભવમેં મુક્તિ હોતી હૈ ઐસા ઉસમેં ભણકાર આતા હૈ. યે ક્યા ચીજ હૈ ચોથા ગુણસ્થાન! કહતે હૈ કિ સમ્યગ્દ્રષ્ટિ લોગ કાગવિટ સમ માનત હૈ. આહાહા! છનવેહજાર (સ્ત્રી) યે માંસ ને હાડકા હૈ વો કલ કહા થા રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમેં. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી પંડિત ટોડરમલજીકી... સમજમેં આયા? કે જબ સમ્યગ્દર્શન હોતા હૈ તો અનંત જિતના ગુણ હૈ, ઉસકા અંશે વ્યક્ત પર્યાયમેં સબગુણ આ જાતા હૈ. સબ ગુણ પર્યાયમેં વ્યક્ત ન આવે તો ઉસકો સમ્યગ્દર્શન કહેતે નહીં. આહાહા!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વો ટોડરમલકી ચિઠ્ઠીમેં લિયા થા ને કલ કહા થા, કલ આ ગયા થા અહિંયા આ ગયા દેખો. ચોથે ગુણસ્થાનમેં આ ટોડરમલજી કા સ્મારકકા હૈ ને દિન, તો ઉસમેં સે સબ આધાર દેતે હૈ. ચોથે ગુણસ્થાનમેં આત્માકે જ્ઞાનાદિ ગુણ એકદેશ પ્રગટ હુએ હૈ. ક્યા કહતે હૈ? ગંભીર બાત હૈ. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી હૈ. ભગવાન તેરી ચીજ રાગ પુણ્ય ને પાપકા ફલસે હટકર, પુણ્યકા વર્તમાન શુભ ઉપયોગસે દૃષ્ટિ હટકર, અંતર આનંદકંદ નિર્વિકલ્પ ભગવાન ઉપર દૃષ્ટિ પડનેસે, દ્રવ્યમેં - વસ્તુમેં જિતની સંખ્યાએ ગુણ હૈ, જિતની સંખ્યાએ કલ કહ્યા થા. બડી બાત હૈ થોડી. અનંતગુણ હૈ આકાશકા પ્રદેશ હૈ ઉસસે અનંતગુણા ગુણ હૈ એક આત્મામેં. સમજમેં આયા? આહાહા!એક આત્મામેં કિતના ગુણ સંખ્યાએ? સંખ્યા હોં. રહેનેવાલા ત્રિકાળ સંખ્યાએ ઇતના ગુણ હૈ આકાશકા પ્રદેશ અમાપ, ઉસકી સંખ્યાસે અનંતગુણા ગુણ હૈ એકએક દ્રવ્યમેં. ઐસા અનંતાગુણ (હૈ) અંતરકી દૃષ્ટિ કરનેસે અનંતગુણકી વ્યક્તતા - પ્રગટતા અનુભવમેં અંશમેં આતી હૈ. યે અનંતગુણકી વ્યક્તતા અંશમેં પ્રગટ હો, ઐસા પ્રતીત કરના ભાન - વેદનસે ઉસકા નામ સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા?

અહીં તો કહે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો ફલાણું કરો... અરે! હાલને... એવી તો અનંતવાર શ્રદ્ધા (કરી) રાગ વો તો રાગ હૈ, વો શ્રદ્ધા હૈ (નહીં). શ્રદ્ધા આત્માકી, અનંતગુણકા પિંડ ચિદાનંદ ભગવાન, ઉસકા જ્યાં અંતર અનુભવ કરકે પ્રતીત આયા તો આનંદ આયા. અતીન્દ્રિય આનંદકા સ્વાદ આયા. યે સ્વાદકે આગળ સમ્યગ્દષ્ટિ લોગ ચક્રવર્તીકી સંપદા ઇન્દ્ર સરીખા ભોગ, કાગવિટ સમ માનત હૈ. કાગકી વિષ્ટા ઐસે જાનતે હૈ. આહાહા! સમજમેં આયા? મુડદાકો... મુડદા હોતા હૈ ને મુડદા. મુડદા કહતે હૈ ને? ક્યા કહેતે હૈ? આ મડદા ઉસકો પાલિસ લાકડા, પાલિસ કરકે લાકડાસે બાળે, જલા દે ભાઇ, બધી ભાષા કઇ તમારી નહિ આતી, જલા દે તો રાજી હોતા હૈ વો? મુડદા રાજી હોતા હૈ? બરાબર પૉલીશ - પૉલીશ કરકે સાફ કરકે બાળે, જલાદે ઔર કોઇ લાકડા મણ મણ મૂકે ને માણસ મસાણમેં મૂકે ને માણસ (લાકડા) એક આંહી મૂકે, એક આંહી મૂકે કોઇ તૈસા મૂકે, તો યે મુડદા નારાજ હોતા હૈ ઐસે સમ્યગ્દષ્ટિ મોહસે મર ગયા હૈ. ઉસકો અનુકૂળ સામગ્રી મડદા કો જેમ અનુકૂલમેં રાગ નહિ હૈ એમ અનુકુળમેં ઉસકી રૂચિ નહિ હૈ, અને પ્રતિકૂળતામાં મડદાને જેમ દ્વેષ નહિ હૈ ઐસે પ્રતિકૂળતામેં પ્રતિકૂળતાકે કારણ દ્વેષ નહિ હૈ. જ્ઞાતાદષ્ટા તરીકે જ્ઞાની પરવસ્તુકો અનુકૂળ પ્રતિકૂળ જાનતે હૈ. સમજમેં આયા?

વો યહાં કહતે હૈ દેખો, યહાં કિ મહારાજ! ''**મોક્ષકા પુરુષાર્થ પુરુષાર્થસે હોતા હૈ કે કાળલબ્ધિ આદિસે હોતા હૈ...**'' તો કહા ''**એક કારણ બનતે હૈ તબ સબ**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**કારણ મિલતે હી હૈ...''** ભગવાને કહા સમ્યગ્દર્શન ઐસે હોતા હૈ. ઐસે 'ભૂયત્થં અસિદો ખલુ' ભગવાન આત્મા! સત્ ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત આનંદકંદ અનાકુળ આનંદકા પિંડ આત્મા ઐસા અનુભવમેં પ્રતીત હુઆ. એક કારણ આયે તો સબ કારણ સાથમેં હૈ હી. સમજમેં આયા? એક કારણ હો અને દૂસરા ન હો, તો ઉસકો કારણ કહતે નહીં. વહાં તીનો હી કારણ - પૂર્વોક્ત તીન કારણ કહે વહાં ''**કાળલબ્ધિ હોનહાર તો કોઈ વસ્તુ નહીં...**'' વસ્તુકા અર્થ કોઈ દુસરી ચીજ નહીં. અપના પુરુષાર્થસે આત્માકા અનુભવ કરતે હૈ વો કાલકો કાળલબ્ધિ કહા - સમજમેં આયા?

